પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૪

શતાબ્દી ગ્રંથ

૬

શ્રી મા

જન્મ
ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—


ભારતમાં આગમન
માર્ચ ૨૯, ૧૯૧૪


—

મહાસમાધિ
નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

જન્મશતાબ્દી
ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮





શ્રી માતાજી

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૪

શ્રી માતાજી

●

અનુવાદક

કે. પુ. કાપડિયા

●

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)

અમદાવાદ–૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ; શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર', પ્રીતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ–૩૮૦ ૦૦૬

શતાબ્દી ગ્રંથ ૬

પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) ડિસેમ્બર ૧૯૮૨

પ્રત : ૧૧૦૦

કિંમત : રૂ. ૪૫–૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રીતમનગર, પહેલો ઢાળ
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ
દાંડિયાબજાર, વડોદરા. ૩૯૦૦૦૧

૩ SABDA, AUROBINDO ASHRAM
PONDICHERRY 605 002

મુદ્રક :
હરેશ પટેલ
દર્શન પ્રિન્ટર્સ
સલાપસ રોડ, અમદાવાદ–૧

નિવેદન

શ્રી માતૃવાણી શ્રેણીના આ શતાબ્દી ગ્રંથ ૬માં શ્રી માતાજીએ આશ્રમના વિદ્યાર્થીઓ., શિક્ષકો અને સાધકો સમક્ષ ૧૯૫૪ની સાલમાં આપેલા "બુધવારના વર્ગો"ના વાર્તાલાપોનો સમાવેશ થાય છે. તેમાં શ્રી માતાજીનાં લખાણો અથવા શ્રી અરવિંદના લેખોનાં, તેમણે ફ્રેંચમાં કરેલાં ભાષાંતરોમાંથી એક વસ્તુના વાચનથી શરૂઆત થતી. પછી તેના ઉપર તેઓ વિવરણ આપતાં અથવા પુસ્તકો ઉપરથી અથવા બીજા વિષયો ઉપર પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપતાં. જન્યુઆરી ૨ થી એપ્રિલ ૧૪ સુધીના તેમના વાર્તાલાપોનો પાયો શિક્ષણ અને આત્મવિકાસ ઉપરના તેમના લેખો ઉપર છે. તેમના આ સંગૃહિત લેખો શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ 'કેળ-વણી'માં છપાયેલા છે. બીજા શ્રી અરવિંદના 'યોગ સાધનાનાં મૂળભૂત તત્ત્વો', 'મા', અને 'યોગ સાધનાના પાયા' ઉપરના તેમના વાર્તાલાપો છે.

ફ્રેંચ ભાષામાં અપાયેલા તેમના વાર્તાલાપોનું ટેપ–રેકર્ડિંગ થયેલું અમે જન્યુ-આરી ૨ થી સપ્ટેમ્બર ૧૫ સુધીમાં તેમના વાર્તાલાપોનાં ભાષાંતરો ત્રિમાસિક 'બુલેટિન ઑફ શ્રી અરવિંદો ઈન્ટરનેશનલ સેંટર ઑફ એજ્યુકેશન'માં એપ્રિલ ૧૯૭૩ થી ઑગસ્ટ ૧૯૭૮માં પ્રકટ થયેલાં, આ પુસ્તકમાં તે ભાષાંતરોમાં નજીવો એવો ફેરફાર કરવામાં આવ્યો છે. બાકીના વાર્તાલાપો પ્રથમ વખત જ અહીં છાપવામાં આવેલા છે.

અનુક્રમણિકા

૨૭ જાન્યુઆરી	શરીર વ્યક્તિના ચારિત્ર્યને અભિવ્યક્ત કરે છે?	૧
	બાળકો અને ચૈતસિક પુરુષ	૪
	નિરીક્ષણની શક્તિ	૮
૩ ફેબ્રુઆરી	ઈન્દ્રિયો અને પરાઈન્દ્રિય	૧૦
	બાળકોને ઘડી શકાય છે	૧૧
	વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવવી	૧૩
	છાયા	૧૬
૧૦ ફેબ્રુઆરી	વિવિધ વિષયોનો અભ્યાસ	૧૯
	સ્મૃતિ	૨૧
	પૂર્વજન્મોની સ્મૃતિ	૨૧
	અણગમતા વિચારોમાંથી મુક્તિ	૨૩
૧૭ ફેબ્રુઆરી	અનુભૂતિની અભિવ્યક્તિ જુદી જુદી રીતે	૨૫
	ચૈત્ય પુરુષનું મૂળ સ્રોત	૨૮
	રમતગમતોમાં પ્રગતિ	૨૯
	દરેક વસ્તુ ઉત્તમ માટે નથી	૩૦
૨૪ ફેબ્રુઆરી	આવિર્ભાવ પ્રગતિશીલ છે	૩૨
	વિષાદ	૩૩
	ચૈત્ય પુરુષનો સંપર્ક	૩૪
	મુક્તિ અને માનવજાતિ	૩૫
	શરીરના રૂપાંતર માટેના પ્રથમાક્ષરો	૩૬
૩ માર્ચ	ગુહ્યવાદ	૩૯
	ફ્રેન્ચ વૈજ્ઞાનિકનો પ્રયોગ	૪૫
૧૦ માર્ચ	મૃત્યુ	૪૭
	મૃત્યુ અને નિયતિ	૪૮
	ભીતિ	૫૦
	મૃત્યુનું સામ્રાજ્ય	૫૨
	શ્રી અરવિંદના મકાન ઉપર પથ્થરમારો	૫૮

૧૭ માર્ચ	ત્યાગીઓની સાધના	૬૪
	બે પ્રકારનું સમર્પણ	૬૪
	વિરમપટ્ટનમની કાલી	૬૬
	કાલી	૬૮
	ક્રૂરતા	૭૦
	રોડિન	૭૨
૨૪ માર્ચ	સ્વપ્નાંઓ અને હોજરીની પરિસ્થિતિ	૭૪
	તમાકુ અને દારૂ	૭૪
	નાડીયંત્રની શિથિલતા	૭૬
	કેન્દ્રો અને કુંડલિની	૭૭
	ઇંદ્રિયો ઉપરનો કાબૂ	૭૮
૩૧ માર્ચ	પ્રાણશક્તિના ત્રણ મૂળ સ્રોતો	૮૦
	ઇંદ્રિયોનું શિક્ષણ	૮૧
	વરુ દ્વારા ઊછરેલું બાળક	૯૦
૭ એપ્રિલ	શબ્દો વગર વ્યવહાર	૯૧
	અનિયમિત પ્રગતિ	૯૩
	શબ્દો અને મૂળ શબ્દ	૯૬
૧૪ એપ્રિલ	પ્રેમ	૯૮
	કોઈ એકબીજાને સાચી રીતે ચાહી શકે ?	૯૯
	મા–બાપનો પ્રેમ	૧૦૩
૨૧ એપ્રિલ	શારીરિક રૂપાંતર	૧૦૭
	સક્રીયતા અને નિષ્ક્રિયતા	૧૦૯
	શરીર : પૂર્ણતા માટે સૌથી શક્તિશાળી	૧૧૦
૨૮ એપ્રિલ	અભીપ્સા અને ગ્રહણશીલતા	૧૧૩
	પ્રતિરોધ	૧૧૫
	પુરુષ અને પ્રકૃતિ, પુરુષ અને સ્ત્રી નહિ	૧૧૬
૫ મે	શ્રદ્ધા, વિશ્વાસ, આત્મવિશ્વાસ	૧૧૮
	બિનસચ્ચાઈ અને અચેતનતા	૧૨૦
૧૨ મે	પુરુષ	૧૨૫
	સમર્પણ	૧૨૬
	જુદી જુદી અસરો વચ્ચે ભેદ પાડવો	૧૨૭
	પૂર્ણ સચ્ચાઈ	૧૨૮

૧૯ મે	શુદ્ધ આસક્તિ અને પ્રેમ	૧૩૧
	ચૈતસિક દર્શન	૧૩૧
	દિવ્ય પ્રેમ અને ગ્રહણશીલતા	૧૩૨
	અહંમાંથી બહાર નીકળો	૧૩૪
૨૬ મે	પ્રતીકાત્મક સ્વપ્નો	૧૩૯
	ચૈતસિક વિષાદ	૧૪૧
	સ્વપ્નાંઓ: વ્યક્તિ ભાગ્યે જ સુભાન હોય છે	૧૪૪
૨ જૂન	કઈ રીતે જીવવું તેનું શિક્ષણ	૧૪૮
	કાર્ય, અભ્યાસ અને સાધના	૧૪૯
	શક્તિ અને ચેતનાનો વ્યય	૧૫૧
૯ જૂન	સ્વપ્નાંઓ પ્રકૃતિમાં રૂપાંતર કરતાં નથી	૧૫૩
	આશ્રામમાં ખોરાકની ટેવો	૧૫૪
	પૃથ્વી અને ચૈતસિક પુરુષ	૧૫૬
	માતાજીની લોકો પ્રત્યે સજાગતા	૧૫૮
૧૬ જૂન	અસરો: દિવ્ય અને બીજી	૧૬૪
	વિરોધી બળો	૧૬૫
	ચાર મહાન અસુરો	૧૬૬
	અભીપ્સા સંજોગોને ગોઠવી આપે છે	૧૭૦
	ફક્ત પ્રભુની જ જરૂર	૧૭૨
૨૩ જૂન	માંસાહાર	૧૭૩
	માતાજીના શાકભાજીના બગીચાની વાત	૧૮૧
	વફાદારી	૧૮૧
	અચેતન ઊંઘ	૧૮૨
૩૦ જૂન	ગુહ્યવાદ	૧૮૩
	ધર્મો અને પ્રાણિક પુરુષ	૧૮૬
	આશ્રામમાં શું બને છે તે વિશે માતાજીની જાણકારી	૧૯૦
	માતાજીને પ્રશ્નો પૂછવા	૧૯૨
	માતાજીને ખેંચવા	૧૯૫
૭ જુલાઈ	આંતરિક યોદ્ધો	૧૯૭
	પ્રભુકૃપા અને જૂઠાણું	૧૯૯
	નીચે તરફથી ઉદ્ઘાટન	૨૦૩
	સમર્પણ અને અચેતનતા	૨૦૪

	કેવળ ગ્રહણશીલતા	૨૦૬
	પ્રભુકૃપા અને ગ્રહણશીલતા	૨૦૯
૧૪ જુલાઈ	દિવ્ય પ્રભુ અને દિવ્ય શક્તિ	૨૧૩
	અંગત પ્રયત્ન	૨૧૪
	બોલવું અને વિચારવું	૨૧૬
	શંકા	૨૧૭
	આત્માર્પણ, નિવેદન અને સમર્પણ	૨૧૯
	માતાજીનો ફૂલોનો ઉપયોગ	૨૨૨
	આભૂષણો અને રક્ષણ	૨૨૬
૨૧ જુલાઈ	ભૂલો	૨૨૯
	સફળતા	૨૩૧
	અસુરો	૨૩૨
	માનસિક દર્પ	૨૩૩
	મુશ્કેલીઓનું તકમાં ફેરવાઈ જવું	૨૩૪
	માતાજી વડે ફૂલોનો ઉપયોગ	૨૩૬
	વિરોધી બળો દ્વારા શાસન કરાતા માણસો વિશેની વાતચીત	૨૩૮
૨૮ જુલાઈ	પૈસો	૨૪૨
	અહંકાર અને વ્યક્તિગતતા	૨૫૦
	છાયા	૨૫૮
૪ ઑગસ્ટ	સેવક અને કાર્યકર	૨૫૯
	નબળાઈ માટે ન્યાયનાં બહાનાં	૨૫૯
	પ્રભુની લીલા	૨૬૦
	શા માટે તમે અહીં આશ્રમમાં છો	૨૬૪
૧૧ ઑગસ્ટ	વિભક્તતા અને સર્જન	૨૬૬
	દેવો અને માનવ રચનાઓ	૨૬૭
	લોકો તેમની કામનાઓ સાથે લઈને ફરે છે	૨૬૯
૧૮ ઑગસ્ટ	મહાલક્ષ્મી	૨૭૫
	માહેશ્વરી	૨૭૫
	મહાસરસ્વતી	૨૭૬
	નિયતિ અને મુક્તિ	૨૭૬
	વેદના અને જ્ઞાન	૨૭૯
	માતાજીનાં પાસાંઓ	૨૮૧

૨૫ ઑગસ્ટ	માતાજીનું આનંદનું પાસું	૨૮૩
	આશ્રમમાં પરિસ્થિતિઓનો ફેરફાર	૨૮૭
	ત્યાગીઓનું શિસ્ત	૨૯૨
	માતાજીનું શરીર	૨૯૩
૮ સપ્ટેમ્બર	વિરોધી બળો	૨૯૬
	પદાર્થ	૨૯૭
	એકાગ્રતા	૨૯૯
	વિચારોનું કેન્દ્ર ફેરવવું	૩૦૦
	શાંતિ	૩૦૩
૧૫ સપ્ટેમ્બર	સ્વરૂપના ભાગો	૩૦૬
	વિચારો અને આવેગો	૩૦૭
	અવચેતન	૩૦૯
	સ્પષ્ટ પરિભાષા	૩૧૦
	પ્રભુકૃપા અને મુશ્કેલીઓ	૩૧૧
૨૨ સપ્ટેમ્બર	અતિમાનસ સર્જન	૩૧૭
	રાજસિક તીવ્રતા	૩૧૭
	ઊર્ધ્વમાંથી ઊતરતી શાંતિ	૩૧૮
	અભીપ્સા અને ઇન્કાર	૩૧૯
	પ્રયત્ન, વ્યક્તિતા અને અહં	૩૨૨
	અભીપ્સા અને કામના	૩૨૬
૨૯ સપ્ટેમ્બર	સાચો જુસ્સો (ભાવના)	૩૩૦
	પ્રભુ પ્રથમ આવે છે	૩૩૧
	પ્રભુની શોધ	૩૩૨
	ભૂલો	૩૩૩
	આવેગોનો ઇન્કાર	૩૩૩
	ચેતનાને વિશાળ કરવી	૩૩૪
	દૃઢ નિશ્ચય	૩૩૬
૬ ઑક્ટોબર	જે બને છે તે ઉત્તમ માટે છે	૩૩૯
	પોતાની જાતને દોષિત ઠેરવવી	૩૪૦
	અનુભૂતિઓ	૩૪૧
	પ્રાણિક કામનામય આત્મા	૩૪૫
	આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરવું	૩૪૫

	વિચાર અને સત્ય	૩૪૬
૧૩ ઑક્ટોબર	સાક્ષીની સ્થિતિ	૩૫૦
	પ્રશાંત આત્મ-સ્વરૂપ	૩૫૧
	'સર્વ પ્રભુ છે'ની અનુભૂતિ	૩૫૪
	શરીર માંદગીની સ્મૃતિ રાખે છે.	૩૫૬
	અંગત સંઘર્ષો અને પ્રભુસંકલ્પ	૩૫૮
૨૦ ઑક્ટોબર	પાછા હઠવું	૩૬૩
	માતાજીને પ્રશ્નો પૂછવા	૩૬૪
	ધ્યાન દરમ્યાન દેખાતાં સ્વરૂપો	૩૬૬
	બરલીઓઝ	૩૬૮
	સંગીત	૩૬૯
	માતાજીનું ઓરગન સંગીત	૩૭૧
	નિયતિ	૩૭૪
૩ નવેમ્બર	શરીરનું પ્રભુ પ્રત્યે ખુલ્લાપણું	૩૭૬
	હૃદયમાં એકાગ્રતા કરવી	૩૭૭
	પ્રભુનું લશ્કર	૩૭૭
	અહંની ગ્રંથિ	૩૭૮
	પોતાની સંકલ્પશક્તિને મજબૂત બનાવવી	૩૭૯
૧૦ નવેમ્બર	આંતરિક અનુભૂતિ: કાર્યનો પાયો	૩૮૧
	પ્રભુના બલ પ્રત્યે ખુલ્લા રહેવું	૩૮૧
	અભીપ્સા દ્વારા શ્રદ્ધા	૩૮૨
	માતાજીનું પ્રતીક	૩૮૨
	મન અને પ્રાણની અનુભૂતિ ઉપરની પકડ	૩૮૪
	સચ્ચાઈની કક્ષાઓ	૩૮૫
	દિવ્ય બળ પ્રત્યે સચેતન બનવું	૩૮૬
૧૭ નવેમ્બર	વૈયક્તિક અને અવૈયક્તિક પ્રભુ	૩૮૮
	પોતાની જાત પ્રત્યે નજર	૩૮૯
	શ્રદ્ધા અને વિશ્વાસ	૩૯૦
	અભિમાન	૩૯૨
	શારીરિક વેદના	૩૯૩
૨૪ નવેમ્બર	કામના સાથે ભળેલી અભીપ્સા	૩૯૬
	સંકલ્પ અને ઇચ્છા	૩૯૭

	બાળકો અને કામનાઓ	૩૯૮
	અતિમનસ અને મનના ઉચ્ચતર સ્તરો	૪૦૨
	અતિમનસના આવિર્ભાવના જુદા જુદા તબક્કાઓ	૪૦૩
૮ ડિસેમ્બર	વૈશ્વિક ચેતના	૪૦૬
	"પકડ" (ખેંચવું)	૪૦૭
	સ્વરૂપનો કેન્દ્રવર્તી સંકલ્પ	૪૦૮
	તદ્રુપતાનું જ્ઞાન	૪૧૦
૧૫ ડિસેમ્બર	પોતાની અંદર રહેલા ઘણા સાક્ષીઓ	૪૧૩
	આશ્રમમાં બાળકો	૪૧૩
	સમાધિ અને જાગ્રત ચેતના	૪૧૪
	ત્યાગીઓની પદ્ધતિ	૪૧૫
	શિક્ષણ : સાહજિક પ્રયત્ન	૪૧૭
	આધ્યાત્મિક અનુભૂતિ	૪૧૮
૨૨ ડિસેમ્બર	વિરોધી બળોની માલિકી	૪૨૧
	પવિત્રતા અને નૈતિકતા	૪૨૫
	છેવટના વિજયમાં શ્રદ્ધા	૪૨૭
	રસ્તામાંથી પાછા હઠી જવું	૪૨૮
૨૯ ડિસેમ્બર	મુશ્કેલીઓ અને જગત	૪૩૩
	ચૈતસિક પુરુષને જરૂરી અનુભૂતિ	૪૩૪
	મૃત્યુ પછી	૪૩૫
	અજ્ઞાન	૪૩૬
૩૧ ડિસેમ્બર	૧૯૫૫–૧૯૫૬ : ચૌદ મુશ્કેલીના માસો	૪૪૦
	માનવ-સંકલ્પ અને પ્રભુ-સંકલ્પ	૪૪૧
	મુશ્કેલીઓ અને પ્રભુ	૪૪૭

૨૭ જાન્યુઆરી ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી માતાજીનો લેખ ''શારીરિક કેળવણી'' પર આધારિત છે.

માતાજી, કોઈ વ્યકિતની શરીર-રચના તેના ચારિત્ર્યને અભિવ્યકતકરે છે?

ના, ચારિત્ર્ય પોતે પણ સીધોસાદો બનાવ નથી, એટલે કે વ્યકિતનું ચારિત્ર્ય એ તેના સાચા સ્વરૂપની અભિવ્યકિત નથી પરંતુ ઘણી વસ્તુઓનું પરિણામ છે. દા. ત. તેની વંશાવલિની અભિવ્યકિત હોય, એટલે કે તેનાં પિતા, માતા અથવા બન્નેમાંથી સાથે આવીને કોઈક જુદું જ પરિણામ ઉત્પન્ન કરે; તેમની પહેલાં પણ જે ચાલ્યું ગયું હોય — ભૂતકાળનો ઈતિહાસ, દાદાઓ, વડદાદાઓ વગેરે અને તે ઉપરાંત તેમના સંજોગોમાંથી, જેમાં લોકો જીવ્યા હોય, જ્યારે તેઓ બિલકુલ નાના હતા અને તેમને કોઈ પ્રકારની સ્વતંત્રતા નહોતી તેમાંથી તે બધીની ચારિત્ર્ય ઉપર ઠીક ઠીક અસર હોય છે. અને આ ચારિત્ર્ય શરીરની રચનાને અસર કરે છે, એટલે કે ફકત કોઈકને જોઈને જ વ્યકિત બરાબર ન કહી શકે કે તેની કેવી પ્રકૃતિ છે. માણસ તેનાં વલણોનું વર્ણન કરી શકે, તેની તકલીફો જાણી શકે, તેની શકયતાઓ, પરંતુ તેની ચેતનાની વૃદ્ધિની સાથે જ, અને જેમ જેમ ચેતના વૃદ્ધિ પામતી જાય, સ્વૈચ્છિક અને વ્યવસ્થિત બનતી જાય ત્યારે જ શરીર વ્યકિતનું સાચું ચારિત્ર્ય અભિવ્યકત કરતું થાય.

અને જ્યારે શરીર માંદગીથી વિકૃત બની જાય ત્યારે?

તે અકસ્માત હોઈ શકે, તમે જાણો છો, અકસ્માત ઘણી વસ્તુઓને લઈને થાય છે, હકીકતમાં તો તેઓ પ્રકૃતિમાં રહેલાં બળોના સંઘર્ષનું પરિણામ હોય છે. વિકાસ અને પ્રગતિનાં બળો અને વિનાશનાં બળો વચ્ચેનો સંઘર્ષ. જ્યારે અકસ્માત બને છે, જેનાં પરિણામો લાંબો સમય સુધી ચાલે છે, ત્યારે તે કાયમ ઓછા કે વત્તા અંશે વિરોધી બળોના વિજયનું પરિણામ હોય છે એટલે કે વિઘટ્ટન અને અવ્યવસ્થાનાં બળોનું પરિણામ. આ વસ્તુઓનું નિરીક્ષણ કરવા જેવું હોય છે.

કેટલાક ઉપદેશો હોય છે, દાખલા તરીકે થિયૉસૉફી જેવાં તત્ત્વજ્ઞાનો, જેઓ કર્મને બિલકુલ સપાટી ઉપરના અને માનવીય અર્થમાં લે છે અને તમને કહે છે,

"ઓહ ! તમને આ અકસ્માત નડયો કારણ કે પૂર્વજન્મમાં તમે કોઈ દુષ્કૃત્ય કરેલું, અને તે અકસ્માતના સ્વરૂપમાં તમારા ઉપર પાછું ફરે છે." આ સાચું નથી, બિલકુલ સાચું નહિ. આ તો ફક્ત માનવનો ન્યાય છે, તે નથી પ્રકૃતિનો ન્યાય તેમ નથી પ્રભુનો ન્યાય.

કુદરતી રીતે જ શરીરની રચના આ અર્થમાં ઘણી અગત્યની છે, કે, જો, દાખલા તરીકે, વ્યક્તિ સતત વિષાદની, નિરાશાની અને નાહિંમતની અસર નીચે રહેતો હોય, અને તેનામાં શ્રદ્ધાનો અભાવ અને જીવનમાં અવિશ્વાસ હોય ત્યારે આ બધી વસ્તુઓ પ્રવેશ પામે છે એટલે કે એમ કહીએ કે તેના સત્ત્વમાં, અને પછી કેટલાક લોકો, જ્યારે અકસ્માતની શકયતા હોય છે ત્યારે તેને ગુમાવતા નથી. દરેક વખતે તેમને કાંઈક બનવાની તક હોય છે, તેઓ તેને પકડી લે છે, પછી તે માંદગી હોય કે અકસ્માત. અહીં નિરીક્ષણ કરવા માટે તમારે માટે વિશાળ ક્ષેત્ર છે – તે તે જ લોકો હોય છે જેમને અકસ્માત નડે છે. બીજાઓ તે જ વસ્તુઓ કરતા હોય, એટલા જ પ્રમાણમાં અકસ્માત બનવાની તેમનામાં તકો હોય, છતાં તેઓને તેમનો સ્પર્શ પણ થતો નથી. જો તમે તેમનું ચારિત્ર્ય નિહાળો તો તમે જોશો કે પહેલા પ્રકારના માણસોનું વલણ નિરાશાવાદ તરફનું હોય છે અને તેઓ ઓછા કે વત્તા અંશે તેમને કાંઈક ખરાબ બનશે એવી ધારણા રાખતા હોય છે. – અને તે વસ્તુ તેમને નડે છે, અથવા તેઓ ડરતા હોય છે. આપણે જાણીએ છીએ કે વ્યક્તિ જેની બીક રાખે તે વસ્તુને કાયમ ખેંચી લાવે છે. જો તમે અકસ્માતની બીક રાખશો, તો આ વસ્તુ લોહચુંબક માફક કામ કરે છે અને અકસ્માતોને તમારા તરફ ખેંચી લાવે છે. આ અર્થમાં, એમ કહી શકાય કે તે ચારિત્ર્યનું પરિણામ છે. અને માંદગી બાબતમાં પણ આ જ વસ્તુ બને છે. કેટલાક લોકો એવા હોય છે જે માંદા માણસો વચ્ચે અને જ્યાં ચેપી રોગો ચાલતા હોય તે જગાઓમાં ફરે છે અને તેમને કદી રોગ લાગતો નથી. બીજા એવા કેટલાક લોકો હોય છે – તેમને માંદા માણસ પાસે એક કલાક ગાળવો બસ છે, તેઓ માંદગીને ઝડપી લેશે. તે પણ તેઓ આંતરિક રીતે કેવા છે તેના ઉપર આધાર રાખે છે.

અને બાળકોની બાબતમાં પણ આ રીતે જ હોય છે ?

વ્યકિત તે વિશે કહી શકે નહિ. તે નૈતિક પ્રશ્ન છે. આ પ્રશ્નને નૈતિક દૃષ્ટિ-બિંદુથી તપાસવો ન જોઈએ. કોઈએ એમ ન કહેવું જોઈએ કે જેઓ કાયમ તંદુરસ્ત હોય છે અને જેમને કાંઈ આવું બનતું હોય છે તે "સારાં બાળકો" હોય છે અને જેમને અકસ્માતો અને કમનસીબીઓથી સહન કરવું પડતું હોય છે તે 'ખરાબ' હોય છે. તે સાચું નથી. કારણ કે હું કહેતી હતી તેમ, પ્રકૃતિનું તર્ક માનવના તર્ક

જેવું હોતું નથી અને તેની ન્યાયની ભાવના (જો કોઈ ન્યાય હોય તો) માનુષી ન્યાયની ભાવના નથી. તેના માટે આપણે જે સારું અને ખરાબ કહીએ છીએ તે ભાગ્યે જ હોય છે. તેના બદલે એમ કહી શકાય કે કયું રચનાત્મક છે અને કયું વિસર્જનાત્મક, કયું પ્રગતિકારક અને બીજું પાછળ ગતિ કરતું. તે ખરેખર ઘણું અગત્યનું છે. અને કેટલાક એવા હોય છે જેઓ પ્રકાશિત, આનંદી, સુખી અને હસતા હોય છે. જ્યારે બીજા ઉદાસ, નિરાશ, કૃપણ અને અસંતોષી હોય છે જેઓ અંધકારની છાયામાં જ હોય છે. પાછળના દુઃખદાયક વસ્તુઓને ગ્રહણ કરે છે. જેઓ આનંદી, જેઓ પ્રકાશિત હોય છે (તેઓમાં આધ્યાત્મિક પ્રકાશ વગરના પણ પ્રકાશિત હોઈ શકે છે, અને કદાચ તેમનામાં શુભભાવના, સમતુલા અને આંતરિક શ્રદ્ધા, જીવનનો આનંદ પણ હોઈ શકે) તેઓ જીવનનો આનંદ પોતાની સાથે વહન કરના હોય છે. આવા માણસો પ્રકૃતિની સાથે સંવાદિતામાં હોય છે અને પ્રકૃતિની સાથે સમતુલામાં હોવાથી ઘણે ભાગે અકસ્માતોને બાકાત રાખે છે. તેઓ રોગોમાંથી મુક્ત હોય છે અને તેઓનું જીવન, આ જગત જેવા પ્રકારનું છે તેવામાં પણ જેટલું શકય બને એટલા પ્રમાણમાં આનંદથી વિકસિત કરે છે. અને હવે ?

"એક ચાલુ માન્યતા છે કે નબળા શરીરવાળાઓમાં તેજસ્વી મન હોય છે". આ હું સમજ્યો નથી.

આ છેલ્લી સદીના જૂના ખ્યાલો છે. હવે તેઓ પ્રચલિત નથી, પરંતુ છેલ્લા સૌકામાં એવું કાયમ વિચારાતું કે જેટલા નબળા અને માંદા માણસો હોય તેટલા પ્રમાણમાં તેમનું મન તેજસ્વી હોય, તેઓ તેટલા વધારે બુદ્ધિશાળી હોય ! કેટલાક તો એમ પણ સમજાવતા કે તેમની બુદ્ધિનો વિકાસ એ હકીકત પર આધારિત હતો કે તેઓ તેમના શરીરમાંથી કોઈ પણ આનંદ ખેંચી શકયા નહિ – કારણ કે તેઓ પૂર્ણ રીતે જીવવા માટે અશકત હતા, એટલે તેમનું બધું જ ધ્યાન મન તરફ વળતું અને આ રીતે તેમની બુદ્ધિ–શકિત ખીલી હતી. એક એવો પણ સમય હતો જ્યારે થોડા માંદા દેખાવું તે એક ફેશન હતી. દાખલા તરીકે કવિઓ આ પ્રકારનો દેખાવ કરતા .... એક કલાકાર, તેણે થોડા માંદલા બનવું પડતું જેથી એવી છાપ પડે કે તેનું મગજ જવલંત છે ! પણ હવે તે બધું પૂરું થઈ ગયું છે. હું માનું છું કે તમે જન્મ્યા તે પહેલાં તેની પૂર્ણાહુતી થઈ ગઈ છે. તે રોમૅન્ટિક યુગ હતો, છેલ્લી સદીનો અંત ભાગ. દાખલા તરીકે મસેટ જેવા માણસો – મને ખબર નથી કે તમે મસેટની છબી જોઈ છે કે કેમ, પણ ખરેખર તેનામાં સંવેદનશીલ અને માંદી દષ્ટિ હતી, અને તેના પોશાકથી જેટલો તેમાં થઈ શકે તેટલો વધારો તે કરતો. એવું મનાતું કે તે વસ્તુ તેને એક કલાત્મક અને કવિનો દેખાવ આપતી. પણ હવે આ વસ્તુ ફેશન બહારની

છે. લોકો અત્યારે શરીરની સમતુલા, સારી તંદુરસ્તી અને મજબૂત શરીરને પસંદગી આપે છે અને તે બાળકોને શારીરિક તાલીમની તરફેણમાં છે.

મેં એક પ્રખ્યાત ફ્રેન્ચ નવલકથાકારની વાર્તા વાંચેલી (એ એક નવલકથા હતી), જે પૂર્વ ઐતિહાસિક સમય, પથ્થરયુગમાં મુકાયેલી, જ્યારે માણસ ગુફામાં રહેતો, પશુઓની ચામડી પહેરતો અને ખાવા માટે અને સ્વરક્ષણ માટે શિકાર કરતો.. હવે એવું બન્યું કે અકસ્માતથી એક લંગડા બાળકનો જન્મ થયો અથવા વિકૃત થયેલો અથવા ખૂંધવાળો અથવા તેવો કાંઈક. અને સામાન્યતયા તે દિવસોમાં (એ પ્રમાણે વર્ણન આપવામાં આવ્યું છે, હું જાણતી નથી) અપંગ બાળકોનો નાશ કરવામાં આવતો કારણ કે તેઓ તકલીફ રૂપ હતાં પરંતુ એક યા બીજા કારણસર તેની માતાએ તેને સંતાડી દીધેલું અને તે જીવંત રહ્યું હતું. અને પછી આ બાળક જેની પાસે શિકાર કરવાનાં સાધનો ન હતાં, દાખલા તરીકે, અથવા તેના સાથીદારો જે કામ કરતા તે કામ કરવા માટે, તેણે તેનો મનનો વિકાસ સાધવાની શરૂઆત કરી અને તે પ્રથમ કવિ બન્યો, કારણ કે બીજાઓ જે તેમની ક્રિયાઓથી કરતા તે શબ્દોમાં અભિવ્યકત કરતો. વારુ, આ પ્રકારના વિચારો આની લાગણીના મૂળમાં છે કે મન હોવા માટે વ્યક્તિને શરીર ન હોવું જોઈએ, અને જે માણસ વધારે રોગી તેટલી તેની બુદ્ધિ વધારે ? તે પૂર્ણ મૂર્ખાઈ નથી ?

એ સાચું છે કે એક પ્રકારની સ્વતંત્રતા છે. હું ધારું છું કે મેં ગયે વખતે એક ફ્રેંચ કવિ, સુબી ધુધોમ વિશે વાત કરેલી, જે બહુ ગંભીર દર્દથી પીડાતો હતો અને તેણે તેનાં સૌથી સુંદર કાવ્યો આ ગાળામાં લખેલાં અને તેના મિત્રોને શ્રેષ્ઠ વાતો કહેલી. તેનું મન, શરીરથી બિલકુલ સ્વતંત્ર હતું. પરંતુ તેમ છતાં આ નિરપેક્ષ નિયમ નથી.

બાળકોમાં ચૈત્ય પુરુષ પ્રદાય અગ્રભાગે હોય છે, ખરું ને ?

કાયમ નહિ. ચૈત્ય પુરુષ વધારે "અગ્રભાગે" પછીથી તેઓ મોટાં થાય છે અને મન વિકાસ પામે છે તેના કરતાં વધારે હોય છે પરંતુ એમ ન કહી શકાય કે બધાં જ બાળકોમાં ચૈતસિક હાજરી અનુભવાય છે અને આપણી પાસે અહીં જે વસ્તુઓ છે તેના ઉપરથી આપણે નિર્ણય ન કરી શકીએ, કારણ કે અહીંના પ્રવેશ માટે હું જે નિયમ બનાવું છું, જ્યારે બાળકોને મારી પાસે લાવવામાં આવે છે ત્યારે, તે આ પ્રમાણે છે : જો હું સપાટી ઉપર ચૈતસિક હાજરી જોઉં તો હું તેમને સ્વીકારું છું, પરંતુ જો તેઓ બધી પ્રકારની વિકૃત ક્રિયાઓથી ઢંકાયેલાં હોય તો હું તેમનો સ્વીકાર કરતી નથી. એટલે જેઓ અહીં છે તે એક અપવાદ છે. તે એક તેમનું સત્ત્વ છે, તે એક પસંદગી છે.

પરંતુ બાળકો શા માટે અકરાંતિયાં હોય છે?

અરે ભગવાન! ખોરાકની લાલસા, એ કાંઈ ગુનો નથી. કેટલાંક ખાવાનાં લાલચુ બાળકો હોય છે. કદાચ તેઓની પાચનશક્તિ ખરાબ હોય અને તેથી તેમને કાયમ ખાવાની ઇચ્છા હોય. તેઓ જે ખાય છે તેનાથી તેમને ફાયદો થતો નથી. આખું બાહ્ય સ્વરૂપ આ બધી પ્રકારની મુશ્કેલીઓથી ભરેલું હોય છે, દરેકમાં – બાળકોમાં પણ. તમે વધારે ન્યાયપુરઃસર મને પૂછી શકો છો, "શા માટે બાળકો આવાં ક્રૂર હોય છે?" તે સૌથી ભયંકર વસ્તુઓમાંની એક છે...પરંતુ તે અચેતનતાને લઈને હોય છે. એ હોય છે કારણ કે તેઓ તે વિશે સભાન પણ નથી હોતાં કે તેઓ બીજાને દુઃખી કરે છે. અને ઘણે ભાગે, જો તેમને સમજાવવાની દરકાર રાખવામાં આવે – દાખલા તરીકે અનુભવ મારફતે – તો તેઓ સમજી શકે છે. જે બાળકો પ્રાણીઓ સાથે ખરાબ વર્તણૂક કરે છે (આવાં તેમનામાં ઘણાં છે) – વારુ, તે એટલા માટે છે કે તેઓને ખબર પણ નથી કે પ્રાણીઓને પણ તેમની માફક લાગણી હોય છે. તેમને જ્યારે તે વસ્તુ સમજાવવામાં આવે છે કે જ્યારે તેઓ પ્રાણીઓને ચૂંટી ખણે છે અથવા તેમના વાળ ખેંચે છે અથવા તેમને મારે છે ત્યારે તેમને દર્દ થાય છે, અને જ્યારે તેમને તેમના પોતાના શરીર પરથી જ એમ બતાવવામાં આવે છે કે તે કેટલું દુઃખકર છે, તો પછીથી તેઓ તે પ્રમાણે કરતાં નથી.

કેટલાંક એવાં બાળકો હોય છે જેઓ બહુ દુષ્ટ હોય છે. આ બધાં કોઈ વિશ્વાસઘાતી બળોની અસર નીચે હોય છે. અને કેટલીક વખત આ વસ્તુ તેમની બાલ્યાવસ્થામાંથી જ જણાઈ આવે છે, અને આખા જીવન દરમિયાન તે પ્રકારનાં જ રહે છે. સિવાય કે તેમનામાં પરિવર્તન લાવવામાં આવે, જે સહેલું નથી.

શારીરિક અને ચૈતસિક વચ્ચે એક પ્રકારનો સહકાર હોય છે અને મનોમય અને પ્રાણમય પુરુષ વચ્ચે પણ, મનોમય પુરુષ ઘણી વખત ખૂબ પ્રાણમય પુરુષ પણ હોય છે. ચૈત્ય પુરુષ ઘણી વખત શારીરિક પુરુષ હોય છે. બાળકો – તેમનામાં આ ચૈતસિક ચેતના અગ્રભાગે હોવાથી – તેમના શરીરમાં સાથે જ રહે છે. પરંતુ જેવી વ્યક્તિ પોતાના મનનો વિકાસ સાધવાની શરૂઆત કરે છે કે તરત જ સહકાર સાધવા માટેનો રસ તેમનામાં વિકાસ પામે છે, અને તેની સાથે જ બધી વિકૃતિઓ દાખલ થાય છે. જે લોકો સ્ત્રી અને પુરુષ વચ્ચે ખૂબ કડક ભેદ રાખે છે (મને ખબર નથી પણ કેમ, કારણ કે એક બીજા જેટલું જ સારું હોય છે) તેઓ કહે છે કે પુરુષ મનોમય અને પ્રાણિક છે અને સ્ત્રી શારીરિક અને ચૈતસિક. તેમાં કાંઈક સત્ય છે. પણ કુદરતી રીતે જ તેમાં શકય એટલા અપવાદો અને જટિલતાઓ સમાયેલાં છે. આ બધી એકહથ્થુ સરલ કરવાની ક્રિયા છે. હકીકતમાં શારીરિક પુરુષમાં એક

સરળતા અને શુભ ભાવના હોય છે (જે કાયમ ઘણી પ્રકાશિત હોતી નથી, તેનાથી ઊલટી પણ), પણ તેમ છતાં એક સરળતા અને શુભ ભાવના છે, પ્રાણના આવેગો અને મનના દંભો કરતાં, તેને ચૈત્ય પુરુષના વધારે ગાઢ સંબંધમાં મૂકી આપે છે. અને કદાચ એટલા માટે જ બાળકોમાં ચૈત્ય પુરુષ વધારે સરળતા અનુભવી શકે છે, કારણ કે બાળકો માનસિક અને પ્રાણિક વિરોધોમાં સતત અથડાઅથડી ઓછી કરતાં હોય છે.

વ્યકિત કઈ રીતે જાણી શકે કે ચૈત્ય પુરુષ અગ્રભાગે છે કે નથી?

કોણ ? પોતાનું સ્વરૂપ !.... તેનો અનુભવ થતો નથી, નથી થતો ? તમને તેનો અનુભવ નથી થતો ? હું નાનાં બાળકો વિશે વાત કરતી નથી. કારણ કે તેની પાસે સંયમ અને નિરીક્ષણનાં સાધનો નથી, તેનામાં નિરીક્ષણશક્તિની ખામી હોય છે, પણ પછી જ્યારે વ્યકિત હવે પછીથી નાનું બાળક હોતી નથી ત્યારે તેને અનુભવ થતો નથી ? તેમાં કાંઈ ફેરફાર થતો નથી ?.... (બાળક હકારમાં માથું હલાવે છે) અહા !.... તમારામાંનો એક પણ એવો નથી જે હિંમતથી મને કહી શકે કે ચૈત્ય પુરુષ હાજર હોય ત્યારે કાંઈ ફેરફાર બનતો નથી, જ્યારે પોતાના સ્વરૂપમાં પોતાને વધારે સારું લાગતું હોય, જ્યારે વ્યકિત પ્રકાશથી, આશાથી, શુભ ભાવનાથી, ઉદારતાથી, જગત પ્રત્યેની સહાનુભૂતિથી ભરેલો હોય અને જીવને એક કર્મના ક્ષેત્ર તરીકે, પ્રગતિ અને સાક્ષાત્કારના ક્ષેત્ર તરીકે જોતો હોય. તે દિવસોની સાથે પણ ફેર પડતો નથી જ્યારે વ્યકિતને કંટાળો આવે, બબડે, જ્યારે બધું જ બેડોળ, દુઃખદાયક, દુષ્ટ લાગે, જ્યારે વ્યકિત કોઈને ચાહતી ન હોય, બધું જ તોડી નાખવાની ઈચ્છા કરે, ગુસ્સે થાય, અસ્વસ્થતાની લાગણી અનુભવે, બલહીન, શક્તિહીન, આનંદહીન ? તે તફાવત કરે છે, નથી કરતું ?

> **તે કદાચ તફાવત લાગે, પરંતુ વ્યકિતને એમ નથી લાગતું કે ચૈત્ય પુરુષ કોઈક બીજી જ વસ્તુ છે.**

સ્વાભાવિક રીતે જ, જો કોઈએ તમને ન સમજાવ્યું હોય કે ચૈતસિક અથવા પ્રાણ શું છે, તો તમને તે વસ્તુનો ખ્યાલ ન હોઈ શકે. તમે એમ કહો, "આજે મને સારું લાગે છે, કાલે લાગતું નહોતું." જ્યાં સુધી હું ચોવીસ વર્ષની થઈ ત્યાં સુધી આ બધી વસ્તુઓ વિશે મને ખબર નહોતી, અને તેમ છતાં આ બધી ક્રિયાઓની વચ્ચેનો ભેદ પારખી શકતી. આ બધી વસ્તુઓ વિશે કોઈએ મને શીખવેલું નહિ અને મેં કાંઈ વાંચેલું પણ નહિ, પરંતુ જુદી જુદી ક્ષણોએ મને તેના તફાવતનો સ્પષ્ટ અનુભવ થતો અને હું ચેતનાની કઈ અવસ્થામાં હતી તેનો પણ.

પરંતુ તમે જેઓ અહીં છો, અને છેવટે તમે જે કાંઈ સાંભળ્યું હોય અને

જે કાંઈ વાંચ્યું હોય અને મેં તમને જે કાંઈ સમજાવ્યું હોય, ત્યાર પછી તમારી અંદર રહેલી બધી ગતિઓની તમને જાણ હોવી જોઈએ અને તમે એક નાનું લેબલ લગાડી શકવા જોઈએ. આ – આ વસ્તુ છે. પેલી – તે વસ્તુ છે.

તમે કયા દિવસોએ તંદુરસ્ત હો છો અને કયા દિવસોએ તમે માંદાં હો છો તે જાણો છો? શારીરિક રીતે. તમે તે જાણો છો?

શારીરિક રીતે, હા.

શારીરિક રીતે, ખાતરીબંધ? જ્યારે સવારે તમે ઊઠો છો, ત્યારે તમે કહી શકો કે આજે સમતુલા સારી છે કે ખરાબ?

તે તો રોજે રોજ બદલાય છે.

એ સાચું છે, તે દરેક ક્ષણે બદલાયા કરે છે. તે જ દિવસ દરમ્યાન પણ. પરંતુ જ્યારે હજુ તમે ઊઠયા જ હો, અને જાગ્રત થઈને તમારા દિવસની શરૂઆત કરો છો ત્યારે તમે તમારા દિવસની શરૂઆત એક જ પ્રમાણે કરો છો?

ના.

અહા! કેટલાક દિવસો એવા હોય છે જે તમને સંવાદમય લાગે, અને એવા દિવસો હોય જ્યારે તમે ચક્કીના પૈડામાં હો. તમારી અંદર જાણે કે ચૂલો સળગતો હોય અને દિવસો ખસતા જ ન હોય. વારુ, વસ્તુઓ તે પ્રકારની હોય છે. જો તમે શારીરિક રીતે નિરીક્ષણ કરતા હો, તમારા શરીર માટે તો પાછળથી તમે તમારાં સંવેદનો અને તમારી લાગણીઓનું (એક પ્રકારની આંતરિક છાપ) પણ નિરીક્ષણ કરી શકો, અને પછી તમે તમારા મનનું પણ, કે મસ્તક સ્વચ્છ છે કે ધૂંધળું? બરાબર છે?

હા.

એટલે એ વસ્તુ તે પ્રકારની છે.

સ્વરૂપના કયા ભાગમાં નિરીક્ષણની શક્તિની વૃદ્ધિ કરી શકાય?

મને લાગે છે કે નિરીક્ષણની શક્તિનો સ્વરૂપના બધા જ ભાગોમાં વિકાસ સાધી શકાય. તમારામાં મનોમય અવલોકનની શક્તિ હોય, પ્રાણિક અવલોકનની શક્તિ હોય, શારીરિક અવલોકનની શક્તિ હોય. જ્યારે તમે તમારા વિચારોનું નિરીક્ષણ કરો છો, દાખલા તરીકે, વિચારોની હારમાળા, વિચારોની તર્ક-સરણી ત્યારે તે એક જ પ્રકારની નિરીક્ષણ-શક્તિ હોતી નથી, જેવી રીતે તમે તમારા મિત્રને કસરતો કરતો જુઓ અને તે તેની ક્રિયાઓ સાચી કરે છે કે ખોટી તેનું નિરીક્ષણ

કરતા હો . . . . એટલે કે ધ્યાન રાખવાની શક્તિ તો બન્નેમાં હોય છે, પરંતુ તે જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરે છે. તમે એમ ન કહી શકો કે સ્વરૂપનો એક ભાગ બીજા ભાગનું અવલોકન કરે છે; તે અવલોકનની શક્તિ સ્વરૂપના દરેક જુદા જુદા ભાગમાં વિકાસ પામે છે – એટલે કે એકાગ્રતા અને ધ્યાનની શક્તિ. કારણ કે અવલોકનની શક્તિને વિવેકની શક્તિ સાથે ભેળસેળ ન કરાય. વિવેક એક બુદ્ધિમત્તાની શક્તિ છે, તેમાં એક પ્રકારનો નિર્ણય પ્રવેશ કરે છે જેને આપણે 'ભેદની પરખ' કહીએ છીએ; તમે એક વસ્તુ અને બીજી વસ્તુનાં મૂળ વચ્ચેનો તફાવત પારખી શકો, અને આ વસ્તુઓનાં પરસ્પર મૂલ્યોના ભેદને પણ. પરંતુ તેનો સાચા અવલોકન પર પાયો બંધાવો જોઈએ. અવલોકનની શક્તિ પ્રથમ આવે છે, વિવેક પછીથી.

ચૈતસિક સ્વરૂપમાં નિરીક્ષણ-શક્તિ હોય છે ?

તેનાથી પણ વધારે ! તેમાં વસ્તુઓના સીધેસીધા દર્શનની શક્તિ હોય છે. તે એક અરીસા જેવું હોય છે. જેમાં બધી વસ્તુઓ પ્રતિબિંબિત થાય છે, પછી તે ગમે તે હોય. પરંતુ ઘણાંખરાં બાળકોમાં, જો તેઓ વિકૃત ન હોય તો, ખૂબ સ્પષ્ટ રીતે આ પ્રમાણેનું દર્શન હોય છે, ખૂબ તીવ્ર સંવેદનશીલ હોય છે. દાખલા તરીકે તેઓ જેમની પાસે જાય છે તે વાતાવરણમાં. કેટલાંક બાળકો કોઈ પણ જાતનાં દશ્યમાન કારણ ન હોય છતાં, કોઈ માણસ તરફ દોડી જાય છે અને બીજી વ્યક્તિ તરફથી ભયંકર ડરીને દૂર દોડી જાય છે. તમારા માટે તો બન્ને માણસો એકસરખા, સારા કે ખરાબ હોય છે, તમે કોઈ તફાવત કરતા નથી. પરંતુ એક પ્રસંગમાં બાળક તાત્કાલિક તેના તરફ આકર્ષાઈ જાય છે અને બીજામાં, તમે ગમે તેટલો પ્રયત્ન કરો છતાં, તે રડશે, તે બૂમો મારશે અથવા તે દોડી જશે, પરંતુ તેને તે માણસ સાથે કાંઈ લેવાદેવા હોતી નથી; અને આ બધું એક તરજુમો હોય છે, અજ્ઞાનની ચેતનામાં, એક ચૈતસિક ઘટનાની; તે માણસની ચૈતસિક ગુણવત્તાનું દર્શન.

કેટલાક લોકો બહુ ઝડપથી એકાગ્રતા સાધી શકે છે જ્યારે બીજાઓ તેમ કરી શકતા નથી.

કદાચ તેઓ તે પ્રકારના જ જન્મ્યા હોય, એક યા બીજા કારણસર, અથવા તેઓએ તાલીમ લીધી હોય અને છતાં તેઓ જાણતા ન હોય કે તેઓ શું કરતા હતા. હા, કેટલાંક એવાં બાળકો હોય છે જેઓ નાનાં હોય છે ત્યારથી જ ધ્યાનસ્થ હોય છે, અને બીજાંઓ એવાં હોય છે જેઓ વિક્ષિપ્ત હોય છે. પણ તે પ્રકારનું જુદા જુદા માનવીઓનું આંતરિક બંધારણ હોય છે. કોઈ પણ બે વ્યક્તિઓ એક

જ પ્રકારની હોતી નથી. કેટલાક ધ્યાનધરણી સાથે જન્મેલા હોય છે અને બીજા કેટલાકમાં તે હોતું નથી.

તેને વધારી શકાય?

વ્યક્તિ તેમાં વિકાસ કરી શકે છે, તે કરી શકે અને તે વિકાસ માટે કોઈ મર્યાદા નથી. અને તેની વૃદ્ધિ કરવા એ બિલકુલ અનિવાર્ય પણ છે.

૩ ફેબ્રુઆરી ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી માતાજીના લેખ, "માણની કેળવણી" ઉપર આધારિત છે.

> **"કેટલીક પ્રાચીન દીક્ષાવિધિઓમાં એમ કહેવાતું કે માણસની અંદર રહેલી ઈન્દ્રિયો જેનો વિકાસ સાધી શકાય તેની સંખ્યા પાંચ નહિ પરંતુ સાત હોય છે અને ખાસ સંજોગોમાં બાર પણ હોય છે. અમુક જાતિઓએ કેટલીક વખત આવી જરૂરિયાત ઊભી થતાં, એક યા બીજી પૂરક ઈન્દ્રિયનો વિકાસ સાધ્યો હતો. આ પૂરક ઈન્દ્રિયોનો વિકાસ સાધવા માટે અને તેમનાં પરિણામો પ્રાપ્ત કરવા માટે જેને સચ્ચાઈભર્યો રસ હોય તેઓ જો યોગ્ય નિયમન ખંતપૂર્વક જારી રાખે તો તેઓ આ ઈન્દ્રિયોને પ્રાપ્ત કરી શકે. જે અસાધારણ શક્તિઓનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાંની એક છે, દાખલા તરીકે, પોતાની શારીરિક ચેતનાનો વિકાસ સાધવો, પોતાની જાતમાંથી તેનો પ્રક્ષેપ કરવો જેથી તેને એક બિંદુ ઉપર એકાગ્રતા કરી ને આ રીતે તે વસ્તુ વિશે દૃષ્ટિ, શ્રાવણ, ગંધ અને રસ પ્રાપ્ત કરી શકે અને અમુક દૂર અંતરે તેમનો સ્પર્શ પણ કરી શકે."**
>
> **આ બાર ઈન્દ્રિયોનાં કયાં નામ છે?**

નામો? કાલ્ડિયન પ્રણાલિકામાં તે કાલ્ડિયન ભાષામાં હતાં. બીજી પરંપરાઓમાં, બીજી ભાષાઓમાં; ઈજીપ્તમાં તે ચિત્રલિપિમાં હતાં. દરેક પદ્ધતિમાં તેનાં પોતાનાં નામો હતાં. મારી પાસે નામોની યાદી હતી – ફક્ત નામોની જ નહિ પરંતુ તેની રજૂઆતના, કયા પ્રકારનો અર્થ તે રજૂ કરે છે — પરંતુ તે ઘણા લાંબા સમય પહેલાં હતાં, અત્યારે મને તે યાદ નથી. મેં કહ્યું તે પ્રમાણે તો એવું ક્ષેત્ર છે જેમાં ચેતનાનું પ્રક્ષેપણ કરીને વસ્તુઓને જોઈ શકાય, અનુભવી શકાય અને દૂરથી કરી શકાય. દા.ત. કોઈ એક ઓરડામાં વ્યક્તિ છે. અને માંદગી અથવા અકસ્માતને લઈને તે વ્યક્તિ હરીફરી શક્તા નથી. આ ઓરડાની પાસે એક બીજો ઓરડો છે; તેની પાસે એક પ્રકારનો સેતુ છે; સેતુ પછી કેટલાંક પગથિયાંઓ નીચે ઊતરે છે; અને આ પગથિયાં-ઓ એક બગીચાની મધ્યમાં રહેલા મોટા સ્ટુડિયોમાં નીચે ઊતરે છે. હવે જે

માણસ ઓરડામાં પડી રહેલો છે તેને સ્ટુડિયોમાં શું ચાલે છે તે જોવાની ઇચ્છા છે. તે તેની ચેતનાને એકાગ્ર કરે છે અને પછી તેને લંબાવે છે, તે એમ કહી શકાય (ખરેખર, તેણે જાણે કે લગભગ સ્થૂલ રીતે લંબાવેલી હોય છે), અને તે આખો રસ્તો પસાર કરીને સ્ટુડિયોમાં પહોંચે છે. જો તે આ વસ્તુ યોગ્ય રીતે કરે તો સ્ટુડિયોમાં શું છે તે જોઈ શકે, શું ચાલે છે તે સાંભળી શકે. ભલે પછી તે ત્યાં સ્થૂલ રીતે હાજર ન હોય. શરીર તો ઓરડામાં પથારીમાં પડયું છે પરંતુ ચેતનાનું પ્રક્ષેપણ થયેલું છે. તે એક શારીરિક ચેતના છે. તે એક આંતરિક અવસ્થા નથી. કારણ કે વ્યક્તિ શારીરિક રીતે જુએ છે, શારીરિક રીતે સાંભળે છે. જો તે ઓરડામાં માણસો હોય તો તેમને તે જુએ છે અને જો તેઓ વાતચીત કરતા હોય તો વ્યક્તિ તેમને વાતચીત કરતા સાંભળે છે. કુદરતી રીતે જ, તમે પહેલે દિવસથી જ આમાં સફળ થાઓ નહીં; તે બહુ કડક નિયમન માગી લે છે. રેડ ઇન્ડિયનોમાં તેમના જીવનની પરિસ્થિતિ પ્રમાણે જે શક્તિનો વિકાસ થયેલો તેના અલ્પ પ્રમાણમાં તેની સરખામણી કરી શકાય. અત્યારે શું છે તે હું જાણતી નથી પરંતુ પહેલાંના વખતમાં તેઓ પૃથ્વી ઉપર તેમનો કાન લગાડતા, અને તેમના કાન એટલા સરસ હતા કે, એક માઈલથી પણ વધારે અંતર સુધીના અંતરે પડતાં પગલાં પણ તેઓ સાંભળી શકતા. તેઓ જે લોકો બે કે ત્રણ કિલોમિટરથી પણ વધારે દૂર ચાલતા હોય તેમનાં પગલાંઓ પણ ફક્ત જમીન ઉપર તેમનો કાન મૂકીને સાંભળી શકતા. અથવા એક કૂતરાનો દાખલો લો. તેને કોઈ વસ્તુ સૂંઘાડવામાં આવે તો તે ગંધથી તેનું પગેરું શોધી કાઢે છે અને નાકની મદદથી તેની પાછળ જઈ શકે છે. વારુ, એ એક પ્રકારની પરાઇન્દ્રિય છે. એટલે કે, એક એવી ઇન્દ્રિય જેની તીવ્રતા અને સૂક્ષ્મગ્રાહીતા એટલી હદે પહોંચી હોય કે, તે ખરેખર જે સામાન્ય ઇન્દ્રિય સ્પર્શ ન કરી શકે કે દૂરથી જોઈ ન શકે તેને ખરેખર જોઈ શકે છે. દૂરના અંતરેથી શારીરિક રીતે જોઈ શકે છે અને દીવાલોની આરપાર પણ. એમ કહેવાય છે કે, આંધળા માણસમાં એક ઇન્દ્રિય એટલે સુધી વિકાસ પામે છે કે, તેઓ કોઈ વસ્તુનો દૂરથી પણ સ્પર્શ કરી શકે છે. તેઓ જોતાં નથી, અંધારી રાત્રિમાં જેવું અંધારું હોય તેવામાં તે ચાલે છે; પરંતુ તેમનામાં એક એવી દૂરગામી સ્પર્શશક્તિ હોય છે કે તેને લઈને દૂર રહેલી વસ્તુને અડક્યા વગર પણ સ્પર્શ કરી શકે છે અને તેને જાણી શકે છે, દા.ત. તેમના જવાના રસ્તામાં કોઈ ફરનિચર પડયું હોય તો તેની સાથે અથડાતાં પહેલાં દૂરથી તેનો અનુભવ કરી શકે છે.

બાળકોમાં જ્યારે તેઓ નાનાં હોય છે ત્યારે મનનો વિકાસ થયેલો હોતો નથી. તો પછી પ્રાણની બાબતમાં પણ આ વસ્તુ સાચી છે?

ના, મન કરતાં પ્રાણ ઘણો વધારે વિકાસ પામેલો હોય છે. તમે જાણો છો, મેં ત્યાં કહ્યું છે તે પ્રમાણે વસ્તુઓમાં ઘાટ ઘડાયેલા હોય છે, એટલે કે, એક વધુ નિશ્ચિત અને વધારે ને વધારે ચોક્કસરૂપ ઘડાયેલું હોય છે. (રૂપ જટલું વધુ નિશ્ચિત એટલા પ્રમાણમાં તેનો આકાર ચોક્કસ રીતનો હોય.)

કેટલાક પ્રસંગોમાં આ શિક્ષણ અમુક માણસોમાં પ્રકાશને પ્રકટ કરે તેવી ક્રિયાઓને પ્રોત્સાહિત કરે છે. જ્યારે બીજાઓમાં તેનાથી ઊલટી રીતમાં બને છે, તેમનામાં તે અંધકારને અભિવ્યકત કરે છે. જો સંજોગો અને પરિસ્થિતિ અનુકૂળ હોય તો પ્રકાશ વૃદ્ધિ પામે છે અને અંધકાર ઓછો થતો જાય છે; નહીં તો પછી તેની વિરુદ્ધનું બને. અને આ રીતે પ્રકૃતિની ધૂન પ્રમાણે વ્યકિતનું ચારિત્ર્ય ઘડાશે અને ભૌતિક અને પ્રાણિક જીવનનું પણ નિર્માણ થશે સિવાય કે, એક ઉચ્ચતર તત્ત્વ સમયસર આવે, એક સચેતન સંકલ્પશકિત જે, પ્રકૃતિને પોતાના ધૂની રસ્તાઓ પર આગળ ધપવાનો ઈન્કાર કરે અને એક સ્પષ્ટ દષ્ટિવાળી તર્કયુકત શિસ્તને તેની જગ્યાએ પ્રસ્થાપિત કરે. આપણે જેને શિક્ષણની બુદ્ધિયુકત પદ્ધતિ કહીએ છીએ તે આ સચેતન સંકલ્પશકિત છે. બાળકોમાં તે વસ્તુ વધારે પ્રમાણમાં પાણીની માફક હોય છે; તે હજુ સુધી સઘન અને નિશ્ચિતરૂપમાં નથી. તેથી કરીને માણસની તેઓના ઉપર વધારે અસર થઈ શકે છે કારણ કે, તે ઘણું મુલાયમ હોય છે. તે ઘડાયેલું હોતું નથી; વ્યકિત તેની નોંધ લઈ શકે છે : તે ઘાટ આપી શકાય તેવી કોઈક વસ્તુ છે જાણે કે માણસ માખણને ઘાટ આપતો હોય તેમ; તેમ છતાં, જેવા તેઓ આશરે વીસ કે પચીસ વર્ષના થાય છે કે તરત તેમનામાં એક વિશિષ્ટ પ્રકારનો સ્વભાવ અને ચારિત્ર્ય નિશ્ચિત થાય છે. અને તે ક્ષણે તેમના દોષોને અટકાવવાને બદલે તેમનું ઘડતર કરવું જરૂરી બનતું જાય છે. એ એક જુદી જ વસ્તુ છે. જો કોઈને એવું શિક્ષણ આપવું હોય જે તેમનામાં ખરાબ ટેવોને અટકાવે અથવા ખરાબ વલણોમાંથી બહાર કાઢે, એક એવું શિક્ષણ જે બાળકોને સતત સાચા રસ્તે દોરી જાય (જે પ્રમાણે તેમને દોરવા હોય તે પ્રમાણે). વારુ, તેઓ જ્યારે નાનાં હોય છે ત્યારે તે શકય હોય છે, જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે તો વસ્તુ મુશ્કેલ બને છે. તેમના ઉપર પડેલી છાપ સહેલાઈથી ભૂંસી શકાતી નથી. કેટલીક વખત તો તેમનામાં રહેલી કેટલીક વસ્તુઓને ભાંગી નાખવી જરૂરી હોય છે, જેથી કરી તેમનામાં પરિવર્તન આવે; કારણ કે જેઓ પ્રગતિશીલ નથી, જેઓ ઘડાયેલાં હોય છે અને ઘડાયેલાં રહે છે તેઓ તેમની ક્ષુદ્ર ટેવોને પોતાની પૂરી શકિતથી વળગેલાં રહે છે. જ્યારે નાનાં બાળકો મુલાયમ હોય છે, વ્યકિત તેમના અભિપ્રાયોમાં ફેરફાર કરી શકે છે, તેમની પ્રગતિ કરી શકે છે અને તેમને એવી સમજ આપે છે કે, આવતી કાલે જે કામ આજે કર્યું તેનાથી વધારે સારું કામ થવું જોઈએ.

બૂરી ટેવો દા.ત. વસ્તુઓને વ્યવસ્થિત ન રાખવી તે પ્રાણને લઈને હોય છે ?

તે પ્રસંગો ઉપર આધાર રાખે છે. દા.ત. જે બાળકો વ્યવસ્થા રાખતાં નથી; જેઓ તેમની વસ્તુઓને સંભાળપૂર્વક રાખતાં નથી અથવા બગાડી નાખે છે – તેના માટે ત્રણ કારણો હોય છે, ઘણીખરી વખત તે બાળક એવું હોય છે જેનામાં જીવન-શક્તિ ઓછી હોય છે. જ્યારે તે પ્રમાણે હોય છે ત્યારે, જ્યારે બાળક તેની વસ્તુઓ સંભાળપૂર્વક રાખી શકતું નથી અને તેની આજુબાજુ બધી વસ્તુઓ અવ્યવસ્થિત હોય છે ત્યારે કાયમ તે જીવનશક્તિની ખામીની નિશાની છે, બાહ્ય વસ્તુઓમાં રસ લેવાની શક્તિ તેનામાં પૂરતા પ્રમાણમાં હોતી નથી. બીજું કારણ એ છે કે, તેનામાં ભૌતિક જીવનનો રસ ઓછો છે. વસ્તુઓના જીવનનો અને ઉપરાંત તે બાળકમાં શિસ્ત નથી. તે પોતે જ શિસ્ત પાળતું નથી, દા.ત. જ્યારે બાળકો કપડાં બદલે છે ત્યારે તેમનાં કપડાં ચારે બાજુએ ફેંકી દે છે અથવા બીજું, જ્યારે તેઓ રમવાનું બંધ કરે છે ત્યારે તેમનાં રમકડાંઓ આજુબાજુ વેરવિખેર હોય છે. જ્યારે તેઓએ પોતાનું ગૃહકાર્ય લખી લીધેલું હોય છે, ચારે બાજુ ઉકરડાની માફક પડ્યું હોય છે, એક બાજુએ ફાઉનટન પેન, બીજી બાજુએ નોટબુક, પાઠ્યપુસ્તક ત્રીજી બાજુએ અને પછીથી આ બધી વસ્તુઓ ગુમ થઈ જાય છે. કમનસીબે અહીં રહેલાં શાળાનાં મોટાભાગનાં બાળકોમાં આ પ્રમાણે બને છે, તેઓ બધી વસ્તુઓ ખોઈ નાખે છે. મને એવી ચોપડીઓ પણ મળી છે, જે ભૂલો બની ગયેલી કારણ કે તે ચોપડીઓએ આખી રાત્રી દરમિયાન ફૂલના કૂંડા ઉપર સમય કાઢેલો અને સવાર સુધી વરસાદ વરસતો રહેલો ! જ્યારે તે મળી આવી ત્યારે તે રાબ જેવી બની ગયેલી. પણ આ વસ્તુ ભાગ્યે જ બને છે. પેન્સિલો પણ – મારી પાસે ફાઉનટન પેન અને પેન્સિલનો એક સંગ્રહ છે, જે આવી રીતે ગુમ થયેલો અને મળી આવેલો. આ બધાં બાળકોની પ્રકૃતિઓ કેવળ શિસ્ત વિહીન છે, જેમનામાં કોઈ પદ્ધતિ નથી. અને તેમની પોતાની અંદર પણ કોઈ પદ્ધતિ નથી. અને વધારામાં તો તેઓ વસ્તુઓને ધિક્કારે છે તેથી શ્રી અરવિંદ કહે છે તેમ તેઓ આ વસ્તુને મેળવવા લાયક નથી. જે લોકોને વસ્તુઓ સાથે સંભાળપૂર્વક વ્યવહાર કેમ કરવો તે જાણતા નથી તેઓ તે વસ્તુઓ મેળવવાને લાયક નથી. શ્રી અરવિંદે આ વિષય ઉપર તેમના પત્રોમાં વારંવાર લખેલું છે. તેમણે કહ્યું છે કે જો તમે સ્થૂલ વસ્તુઓની સંભાળ લેવાનું ન જાણતા હો તો તે મેળવવાનો તમને અધિકાર નથી. ખરેખર આ વસ્તુ માનવીની અંદર એક પ્રકારની સ્વાર્થવૃત્તિ અને ગૂંચવાડો છે. અને તે સારી નિશાની નથી અને પછીથી જ્યારે તેઓ મોટાં થાય છે, ત્યારે તેમાંના કેટલાક કબાટને અથવા ખાનાને પણ વ્યવસ્થિત રાખી શકતા નથી. તે લોકો એવા ઓરડામાં હોઈ શકે જે બહારથી સ્વચ્છ અને ચોખ્ખો દેખાય અને પછી તમે તેમનું ખાનું અથવા કબાટ ખોલો, એ જાણે કે, રણયુદ્ધનું મેદાન હોય !

દરેક વસ્તુ આડીઅવળી પડેલી હોય છે. તમે દરેક વસ્તુનું મિશ્રણ જોશો. કોઈ વસ્તુ ગોઠવાયેલી હશે નહીં. આ લોકોમાં નાનકડું એવું માથું હોય છે જેમાં વિચારો પણ તેવી સ્થિતિમાં પડયા હોય છે જેવી રીતે તેમની સ્થૂલ વસ્તુઓ પડી હોય છે તેમ. તેમણે તેમના વિચારોને વ્યવસ્થિત ગોઠવેલા હોતા નથી. તેઓ મગજના ગૂંચવાડામાં જીવે છે. અને એ ચોક્કસ નિશાની છે. આ નિયમના અપવાદરૂપ એક પણ માણસને હું મળી નથી; જે લોકો પોતાની વસ્તુઓને વ્યવસ્થિત રીતે કેમ ગોઠવવી તે જાણતા નથી તે જ પ્રમાણે કાયમ તેમના મગજમાં પણ અવ્યવસ્થા હોય છે. તેમના મગજમાં અસ્તિત્વ ધરાવે છે, ઊલટાસૂલટી વિચારો એકસાથે ગોઠવાયેલા હોય છે, અને કોઈ ઉચ્ચ પ્રકારના સમન્વયથી નહીં, તેવું માનશો પણ નહીં, કારણ કે, તેમના વિચારોને ગોઠવવાની તેમનામાં અશક્તિ હોય છે. તમારે માણસો સાથે દસ મિનિટ સુધી વાતચીત કરવાની પણ જરૂર નથી જો તમે તેમના ઓરડામાં પ્રવેશ મેળવીને તેમના ટેબલનાં ખાનાંઓ ખોલો અને તેમના કબાટમાં નજર નાખો. તમે જાણી શકો કે તેઓ કઈ સ્થિતિમાં છે. ખરું ને ?

બીજી બાજુએ, એક વ્યક્તિ એવી હતી (તે કોણ હતું તે હું પાછળથી કહીશ) જેમના ઓરડામાં હજારો પુસ્તકો હતાં, અગણિત કાગળો હતા, અનેક પ્રકારની વસ્તુઓની નોટબુકો અને જો તમે તેમના રૂમમાં પ્રવેશ કરો અને તેમની ચોપડીઓ જુઓ અને ચારેબાજુ કાગળો જુઓ – એક મોટો ઢગલો તો તે પૂરેપૂરો ભરેલો હતો. પરંતુ જો તમે એક નાના એવા કાગળના ટુકડાને પણ તેની જગાએથી ખસેડવા માટે કમનસીબ હો તો તેઓ તે તરત જાણી જતા અને તમને પૂછતા, "કોણ મારી વસ્તુઓને અડકયું છે ?" તમે જ્યારે અંદર આવો છો ત્યારે એટલી બધી વસ્તુઓ જુઓ છો કે તમે ખોવાઈ ગયેલા હો એવો અનુભવ તમને થાય. અને તેમ છતાં દરેક વસ્તુને તેની પોતાની જગા હતી. અને તે એટલું બધું સચેતન રીતે કરવામાં આવતું, હું તમને કહું છું કે, એક કાગળ પણ આઘોપાછો થયો હોય તો – દા. ત. એક કાગળ, તેના ઉપર નોંધ લખેલી હોય અથવા એક પત્ર અથવા બીજું કાંઈક જે એક જગ્યાએથી લઈને બીજી જગ્યાએ મૂકવામાં આવ્યું હોય, એવા વિચારથી કે, તેને વ્યવસ્થિત ગોઠવવું છે – તો તેઓ એમ કહેતા, "તમે મારી વસ્તુને અડકયા છો; તમે તેને ખસેડી છે અને મારી વસ્તુઓમાં અવ્યવસ્થા પેદા કરી છે." તે ચોક્કસ શ્રી અરવિંદ હતા ! તેનો અર્થ એ છે કે, તમારે વ્યવસ્થાને અને કંગાલિયત એ બે વચ્ચે ગોટાળો કરવો જોઈએ નહીં. સ્વાભાવિક રીતે તમારી પાસે એક ડઝન ચોપડીઓ હોય અને મર્યાદિત સંખ્યામાં વસ્તુઓ હોય તો તેમને વ્યવસ્થિત ગોઠવવી તે વધારે સહેલું છે પરંતુ માણસે જે વસ્તુ કરવામાં સફળતા મેળવવી જોઈએ, તે છે તેમને વ્યવસ્થિત ગોઠવવી – એક તર્કયુક્ત સચેતન અને બુદ્ધિશાળી

વ્યવસ્થા – અસંખ્ય વસ્તુઓને આ વસ્તુ વ્યવસ્થાની શક્તિ માગી લે છે.

ચોક્કસ જે કોઈ માંદું હોય, તેની પાસે પૂરતી શક્તિ ન હોય તો તે જુદી જ વસ્તુ છે. અને તેમ છતાં અહીં પણ કેટલીક મર્યાદાઓ છે. "હું એવા માંદા માણસોને જાણું છું કે જેઓ તમને કહી શકે." આ ખાનું ખોલો અને તેના ડાબા ખૂણામાં છેવટના ભાગમાં તમે ફલાણી વસ્તુ પેલી વસ્તુની નીચે શોધી શકશો. તે માણસ ખસીને પોતે જાતે લઈ શકતો નહીં. પરંતુ તે સારી રીતે જાણતો કે તે વસ્તુ કયાં છે ? આ વસ્તુને બાદ કરતાં પણ, આપણો આદર્શ સુવ્યવસ્થાનો છે, દા. ત. પુસ્ત-કાલય જેમાં હજારો ચોપડીઓ હોય છે અને દરેક વસ્તુઓનું વિભાજન હોય છે (સ્વાભાવિક રીતે જ ફકત એક જ માણસ દ્વારા આ બનતું નથી), પણ એ એવું કામ છે કે જેમાં દરેક વસ્તુનું એટલી બધી સારી રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું હોય છે કે, તેમ છતાં, તમે કાર્ડ લઈને આવો અને કહો, "મારે આ ચોપડી જોઈએ છે," તો પા કલાક પછી તમને તે ચોપડી મળી જાય છે અથવા કેટલીક વખત પાંચ મિનિટમાં. આનું નામ વ્યવસ્થા અને તેમ છતાં ત્યાં ચોપડીઓથી ભરેલા ઓરડા હોય છે. પરંતુ આ બધું મોટી સંખ્યાના માણસોએ પૂર્ણ કરેલા કામનું પરિણામ હોય છે, ધંધાકીય સુવ્યવસ્થાનું પરિણામ. વારુ, આપણે પોતાને માટે આપણે આપણી પોતાની વસ્તુઓને ગોઠવવી જોઈએ. અને તે જ સમયે પોતાના વિચારોને. તે જ પ્રમાણે, અને આપણે જાણવું જોઈએ કે વસ્તુઓ બરાબર કયાં રહેલી છે જેથી આપણે ત્યાં સીધા જ પહોંચી જઈ શકીએ. કારણ કે, વ્યકિતની વ્યવસ્થા એ તર્કયુકત હોય છે, તમે જાણો છો કે વસ્તુ કઈ જગાએ છે અને મેં કહ્યું તે પ્રમાણે જો તે વસ્તુને ખસેડવામાં આવે તો તમને તાત્કાલિક તેની જાણ થવી જોઈએ. અને જેઓ તે પ્રમાણે કરી શકે છે, જેઓ સામાન્યતયા એવા માણસો હોય છે જેઓ પોતાના વિચારોને સુવ્યવસ્થિત ગોઠવી શકે અને તેમના ચારિત્ર્યને પણ, અને તેઓ છેવટે પોતાની ક્રિયાઓ પર કાબૂ રાખી શકે. અને પછી, જો તમે પ્રગતિ કરો, તો તમારા શારીરિક જીવનના શાસનમાં પણ સફળ થાઓ; તમારી શારીરિક ગતિઓ ઉપર તમે કાબૂ રાખવાનું શરૂ કરો. જો તમે જીવનને આ રીતે સ્વીકારો, તો ખરેખર તે બહુ રસિક બની જાય છે. જો કોઈ ગોટાળામાં જીવે, એક આંતર અને બાહ્ય ગરબડ જેમાં દરેક વસ્તુનું મિશ્રણ થઈ ગયું હોય છે અને માણસ કોઈ વસ્તુ વિષે સચેતન હોતો નથી અને તેનાથી ઓછો પણ વસ્તુઓનો સ્વામી તો આ વસ્તુને જીવન કહી શકાય નહીં. આ વસ્તુ જીવન નથી. તે એક અચેતનના સમુદ્રમાં રહેલું પ્રાણી છે, એવું પ્રાણી જે મોજાંઓ ઉપર આમથી તેમ અથડાય છે, પ્રવાહોની પકડમાં આવે છે, ખડકોની સાથે ફંગોળાય છે, ફરીથી બીજાં મોજાં દ્વારા પકડાય છે અને બીજા ખડક ઉપર ફેંકાય છે; અને આ રીતે ઉઝરડાઓ

અને ફટકાઓ અને પછડાટો વડે જીવન ચાલ્યા કરે છે. અને પછી તમને જો કોઈ પૂછે, "આ વસ્તુ આમ કેમ છે?" – "મને ખબર નથી." – "તમે તે પ્રમાણે શા માટે કર્યું ?" – "મને ખબર નથી." – "તમે આ રીતે કેમ વિચારો છો ?" – "મને ખબર નથી." – "તમે એવી ક્રિયા કેમ કરી ?" – મને ખબર નથી." – બધા જ જવાબો છે "મને ખબર નથી."

ખાસ કરીને, જીવન જીવવા માટે આ એક જ સાચું કારણ છે; પોતાની જાતને ઓળખવી. આપણે અહીં ભણવા માટે આવ્યા છીએ, આપણે શા માટે અહીં છીએ અને આપણે શું કરવાનું છે. અને આપણે તે વસ્તુ જો ન જાણીએ તો આપણું જીવન આપણા પોતાના માટે અને બીજાઓના માટે બિલકુલ ખાલી-ખમ લાગે.

અને તેથી સામાન્યતયા આપણે વહેલી શરૂઆત કરવી સારી છે કારણ કે આપણે ઘણું શીખવાનું છે. જો જીવન જેવું છે તેવું આપણે જાણવું હોય, જગત જેવું છે તેવું અને આપણે ખરેખર જાણવું હોય કે જીવન શા માટે છે અને કેવું છે તો માણસે ઘણા નાના હોય ત્યારથી 'નાના' 'ઘણા નાના' જ્યારથી હોય ત્યારથી – પાંચ વર્ષની ઉંમર હોય તે પહેલાંથી જાણવું જોઈએ. અને પછી તમે જો સો વર્ષના થાવ તો પણ તમારે હજુ શીખવાનું બાકી રહે છે. એટલે તે ઘણું રસપ્રદ છે. અને બધો જ સમય માણસને આશ્ચર્યો થઈ શકે, જે પોતે જાણતા નહોતા તેવું કાંઈક કાયમ શીખી શકે, પહેલાં થયા નહોતા તેવા અનુભવો થઈ શકે. અને એવી વસ્તુ શોધી શકે જેના વિશે તે અજ્ઞાન હતો. તે ખરેખર ઘણું રસપ્રદ છે. અને વ્યક્તિ જેમ જેમ વધારે જાણે છે, તેમ તેમ તે વધારે સભાન બનતી જાય છે તેણે હજી દરેક વસ્તુ શીખવાની છે. ખરેખર, હું એમ કહી શકું કે, ફક્ત મૂર્ખાઓ જ માને છે કે તેઓ જાણે છે. તે ખરેખર ચોક્કસ નિશાની છે. જ્યારે કોઈ આવીને તમને કહે છે, "અહો ! હું તે બધું જ જાણું છું; અહો ! હું તે બધું જ જાણું છું;" તે માણસનું માપ તાત્કાલિક નીકળે છે !

> **તમે કહ્યું છે કે દરેક વ્યક્તિમાં ચારિત્ર્યનાં બે પરસ્પર વિરોધી પાસાં હોય છે, જાણે કે એક જ વસ્તુનાં પ્રકાશ અને છાયા જેવાં.***

---

*દરેક માણસના ચારિત્ર્યમાં બે ઊલટાસૂલટી વલણો, લગભગ સરખી રીતે હોય છે, જે એક જ વસ્તુનાં પ્રકાશ અને છાયા જેવાં હોય છે. અને અમુક અપવાદરૂપ વ્યક્તિમાં આ વસ્તુ વધારે સ્પષ્ટ હોય છે. આ રીતે જો કોઈ વ્યક્તિમાં અપવાદરૂપ ઉદારતાનો ગુણ હોય તો ઓચિંતા તેની પ્રકૃતિમાં એક મહા-

વસ્તુસ્થિતિ આમ શા માટે છે? વ્યક્તિને માટે ફક્ત પ્રકાશ જ કેમ ન હોય!

હા, જો વ્યક્તિ છાયાને નાબૂદ કરે તો. પરંતુ તેને નાબૂદ કરવી જોઈએ. તે પોતાની જાતે નાબૂદ થતી નથી. આ જગત કેવું છે – તે ઘણા મિશ્ર પ્રકારનું છે. તમારી પાસે એવી વસ્તુ ન હોઈ શકે જેના પર એક બાજુથી પ્રકાશ આવે અને તેની છાયા બીજી બાજુ પર ન હોય. અને ખરેખર છાયા છે તેથી જ તમે પ્રકાશને જોઈ શકો છો. આ જગત એવા પ્રકારનું છે. ફક્ત પ્રકાશને રાખવા માટે વ્યક્તિએ એક પૂર્ણ પ્રકારના નિયમનમાંથી પસાર થવું પડે જેથી છાયા નાબૂદ થાય. આ મેં વિસ્તૃત રીતે સમજાયેલું છે. મેં તમને કહ્યું છે કે આ છાયા એટલે તમારી પ્રકૃતિમાં રહેલી કોઈ વસ્તુ ઉપર વિજય મેળવવાની સંજ્ઞા, જેનાથી તમે શા માટે અહીં આવ્યા છો તેને તમે સમજી શકો. જો તમારે કોઈ ભાગ ભજવવાનો હોય, કોઈ ધ્યેય પૂર્ણ કરવાનું હોય ત્યારે તમારી પોતાની અંદર તમે કાંઈક એવું ધારણ કરો છો જે તેનો સાક્ષાત્કાર કરવામાંથી તમને અટકાવે છે. જેથી તમારે જે વિજય પ્રાપ્ત કરવાનો હોય તેને તમે પહોંચી શકો. જો આ જગત ઉપર સર્વત્ર વ્યાપેલી કોઈ મુશ્કેલી સામે તમારે યુધ્ધે ચડવાનું હોય, તો તેના ઉપર વિજય મેળવવો તમને બહુ મુશ્કેલ પડે. (તમારી પાસે વિશાળ બૃહદ્ ચેતના અને ખૂબ વિશાળ સામર્થ્ય હોવું જોઈએ) પરંતુ જો તમારી પ્રકૃતિમાં તે ખામી અથવા છાયા ઉપર વિજય મેળવવો હોય તો તેને, વારુ, એ ત્યાં જ અંદર છે – તમારી પહોંચની અંદર જ છે, આ વસ્તુની અસરોને તમે સતત જોઈ શકો અને તમે તેના પર સીધા તાત્કાલિક હુમલો લઈ જઈ શકો. તે ઘણું વ્યવહારુ સંચાલન છે.

બુલેટિનમાં આવેલો શ્રી અરવિંદના "દુષ્ટ વ્યક્તિત્વ"નો પત્ર તમે વાંચ્યો નથી? તે બુલેટિનમાં આપેલો છે. ત્યાં આ વસ્તુને ઘણી સાચી રીતે સમજાવેલી છે. *

* "દુષ્ટ વ્યક્તિત્વ"

તમે જે દુષ્ટ વ્યક્તિત્વ વિષે કહો છો તેમાં મને ખૂબ રસ પડે છે. મારો એક સતત અનુભવ છે કે જે માણસમાં કાર્યની મહાન શક્તિ રહેલી હોય છે તે

પ્રબળ લોભ જાગ્રત થાય છે. હિંમતવાળા માણસના સ્વરૂપના કોઈ ભાગમાં નામર્દાઈ અને સારા માણસમાં ઓચિંતા દુષ્ટ આવેગો. આ પ્રમાણે દરેક માણસમાં જીવનના આદર્શને પ્રકટ કરવાની ફક્ત શકયતા જ નહિ પરંતુ તેનાથી ઊલટું એવાં સઘન રીતનાં તત્ત્વોની રજૂઆત થાય છે કે જેનાથી તેને સાક્ષાત્કારના વિજયને શકય બનાવવા માટે કઈ લડાઈ લડવાની છે તેનો ખ્યાલ આવે છે. પરિણામે આખું જીવન એક શિક્ષણ છે અને તેને વત્તી કે ઓછી સચેતનતાથી ચાલુ રાખવાનું છે. વત્તી કે ઓછી સ્વૈચ્છિક રીતે જીવવાનું છે.

કાયમ અથવા લગભગ કાયમ – જો કે આ બાબતમાં સાર્વત્રિક અને રૂઢ નિયમ આવી વસ્તુઓ વિષે બનાવવો ન જોઈએ – તેની સાથે એક તત્ત્વ જોડાયેલું હોય છે, જે જાણે તેના એક ભાગરૂપ હોય અને જે તેણે કેન્દ્રવર્તી કાર્ય કરવાનું હોય તેના બિલકુલ વિરોધમાં કાર્ય કરતું હોય અથવા એમ બને કે જે તે પહેલેથી તેની સાથે હયાત ન હોય અથવા તેના વ્યક્તિત્વ જોડે બંધાયેલું ન હોય, તો એક પ્રકારની શક્તિ તેના સંજોગોમાં પ્રવેશ કરે છે, જે ક્ષણે તેની ક્રિયાઓનો સાક્ષાત્કાર કરવાની શરૂઆત કરે છે. તે તત્ત્વનો ધંધો જાણે કે તેનો વિરોધ કરવાનો હોય, ખોટા સંજોગો અને ઠોકરો ઉત્પન્ન કરવાનું ન હોય ! એક શબ્દમાં કહીએ તો જે કાર્યની તેણે શરૂઆત કરી છે તે સમગ્ર પ્રશ્ન તેની સામે મુકાઈ જાય છે. જાણે એમ લાગે છે કે વસ્તુઓની ગુહ્ય કરકસરયુક્ત ગોઠવણીમાં આ પ્રશ્ન પૂર્વનિર્મિત સાધન આ મુશ્કેલીઓને પોતાની ન બનાવે તો સમગ્ર પ્રશ્નનો ઉકેલ આવી ન શકે. આમ ઘણીખરી વસ્તુઓ જે સપાટી ઉપર મૂંઝવણ ઉત્પન્ન કરનારી લાગે છે તેનો ઉકેલ મળી જાય છે.

(યોગ ઉપરના પત્રો. શતાબ્દી વોલ્યુમ ૨૪. પાનું ૧૬૬૦)

૧૦ ફેબ્રુઆરી ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીનો લેખ
"મનની કેળવણી" પર આધારિત છે.

"વિકાસ અને વિશાળતાની શક્તિઓ"ની વૃદ્ધિ કરવા માટેની કઈ પદ્ધતિ છે ?

તે બાબતમાં હું કહું છું કે, વિવિધ વિષયોનો અભ્યાસ કરવો જોઈએ. હું માનું છું કે, એ જ હોવું જોઈએ. દા.ત. જો તમે નિશાળમાં હો તો જેટલા વિષયો શક્ય હોય તે બધાંનો અભ્યાસ કરવો જોઈએ. જો તમે ઘરે વાંચતા હો તો તમારે એક જ પ્રકારનું વાચન નહીં, પરંતુ જુદા જુદા વિષયોની જુદી જુદી વસ્તુઓ વિષે વાચન કરવું જોઈએ.

પરંતુ મધુર માતાજી, શાળામાં તો વધારે વિષયો લેવાનું શક્ય નથી. અમુક વિષયોમાં જ નિષ્ણાત થવાનું હોય છે.

હા, હા, મેં તે સાંભળ્યું છે. ખાસ કરીને તમારા શિક્ષકો પાસેથી. હું તેની સાથે સહમત નથી. હું બહુ સારી રીતે જાણું છું અને મને વારંવાર કહેવામાં આવ્યું છે કે, જો કોઈ વસ્તુને યોગ્ય રીતે કરવી હોય તો માણસે તેમાં નિષ્ણાત થવાનું હોય છે. તે જ બાબત રમતગમતને પણ લાગુ પડે છે. જીવનની દરેક વસ્તુઓમાં પણ તેમ જ હોય છે. તે વસ્તુ કહેવાઈ છે અને વારંવાર કહેવામાં આવી છે. અને કેટલાક લોકો એવા છે જે તેને સાબીત કરશે. દરેક વ્યકિતએ તે કરવું જોઈએ અને તેના પર એકાગ્રતા કરવી જોઈએ. જો કોઈએ સારા તત્ત્વજ્ઞાની બનવું હોય તો તેણે ફકત તત્ત્વજ્ઞાનનો જ વિષય ભણવો જોઈએ. જો કોઈએ સારા રસાયણશાસ્ત્રી બનવું હોય તો તેણે ફકત રસાયણશાસ્ત્ર જ શીખવું જોઈએ. અને જો કોઈએ સારા ટેનિસના ખેલાડી બનવું હોય તો તેણે ફકત ટેનિસ જ રમવું પડે. હું એ રીતે વિચારતી નથી એટલું જ ફકત તમને કહી શકું છું. મારો અનુભવ જુદો જ છે. બીજી કેટલીક આપણામાં સામાન્ય શક્તિઓ હોય છે અને કોઈ વિષયના નિષ્ણાત થવાને બદલે તે શક્તિઓને પ્રાપ્ત કરવી એ વધારે અગત્યની છે. સિવાય કે મિસ્ટર અને મેડમ કયૂરી જેવા જેમને એક વિશિષ્ટ પ્રકારના વિજ્ઞાનનો વિકાસ કરવો હતો જેથી કરીને તેમને કાંઈક નવીન શોધ કરવાની હતી એ વાત કાંઈક જુદી જ છે. તેમને તો વિજ્ઞાન ઉપર એકાગ્રતા કરવાની

ફરજ પડી હતી. પરંતુ તેમ છતાં તે વસ્તુ તેમણે શોધી કાઢી ત્યાં સુધી જ. એક વખત તેમની શોધ થઈ ગઈ પછી તેમના મનને વિશાળ કરવામાંથી કોઈ વસ્તુ તેમને રોકી શકી નહીં.

આ વસ્તુને હું મારા બાળપણથી સાંભળતી આવી છું. અને હું માનું છું કે, આપણા મહાન વડવાઓએ પણ આ જ વસ્તુ સાંભળી હશે. અને પહેલાંના સમયથી આપણને એવો ઉપદેશ આપવામાં આવે છે કે કોઈ વસ્તુમાં સફળ થવા માટે તમારે તેની તે જ વસ્તુ કરવાની રહે છે. મારા માટે તો એમ બનેલું કે મને વારવાર બધો જ સમય ઠપકો આપવામાં આવતો હતો કારણ કે હું ઘણી ઘણી જુદી વસ્તુઓ કરતી હતી !!! અને મને કાયમ એમ કહેવામાં આવતું હતું કે હું કોઈ વસ્તુની નિષ્ણાત થઈ શકીશ નહીં. હું અભ્યાસ કરતી, હું ચિત્રકામ કરતી, હું સંગીત શીખતી અને તે ઉપરાંત બીજી ઘણી વસ્તુઓ પણ કરતી, અને મને એમ કહેવામાં આવતું કે મારું સંગીત સારી કક્ષાએ પહોંચી શકશે નહીં, મારું ચિત્રકામ બહુ સંતોષપ્રદ થશે નહીં, અને મારો અભ્યાસ બિલકુલ અપૂર્ણ રહેશે. કદાચ તે સાચું હોઈ શકે, પણ તેમ છતાં મને તેના ફાયદાઓ તો રહ્યા જ છે. જે વિષયના ફાયદાઓ વિષે હું તમારી સાથે વાત કરી રહી છું, – વિશાળ થવાના, વ્યક્તિના મનને નમનીય બનાવવાના અને સમજ-શક્તિના. એ સાચું છે કે, જો મારે પ્રથમ વર્ગના સંગીતકાર બનવાની ઇચ્છા હોય અને સંગીત સંમેલનોમાં સંગીત વગાડવાનું હોત તો તેમણે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કરવું એ જરૂરી હોત. અને ચિત્રકામ વિષે જો મારે એ સમયના મહાન કલાકારોની વચ્ચે રહેવાનું હોત તો મારે ચિત્રકામમાં પણ એ પ્રકારે કરવાની જરૂરિ-યાત ઊભી થઈ હોત. આ બિલકુલ સમજાય તેવી વાત છે, પરંતુ આ ફક્ત એક જ દૃષ્ટિબિંદુ છે. મને સૌથી મોટા કલાકાર કે સંગીતજ્ઞ થવાની જરૂરિયાત હું જોતી નથી. મને તો તે એક પ્રકારનું મિથ્યાભિમાન જ લાગ્યું છે. બીજું તો એ પોત-પોતાનો અભિપ્રાય છે....

આમાં એક પ્રસંગ છે. તે છે કોઈને શોધ કરવી હોય તે સમય. એવા પ્રસંગે કુદરતી રીતે જ માણસે પોતાના બધા જ પ્રયત્નોને તે વસ્તુ તરફ જ વાળવા જોઈએ પરંતુ તેનો અર્થ એમ નથી કે જીવનભર એ જ પ્રયત્ન કરવો જોઈએ – સિવાય કે કયૂરી દંપતિઓ – જેમણે ઘણો જ કઠિન વિષય પસંદ કર્યો હતો. એક એવો સમય આવ્યો હતો જ્યારે તેમણે તેમની શોધ પૂરી કરી. પરંતુ તેઓ પાછળથી તેનાથી પણ આગળ જઈ શકયા હોત.

તેમ છતાં સાહજિક રીતે જ જે માણસોને સમતુલા રાખવી હોય તેમણે એક પ્રવૃત્તિમાં આરામ લેવો જોઈએ અને બીજી પ્રવૃત્તિ શરૂ કરવી જોઈએ. કેટલાક એવા

કાર્યસાધકો, મહાન કલાકારો અને મહાન વૈજ્ઞાનિકો વિષે દૃષ્ટાંતો અપાય છે કે તેમનામાં એક પ્રકારની ઘેલછા હતી અને તેઓ એક વિષય પરથી બીજા માર્ગ પર સહેલાઈથી સરી પડતા. તમે કદાચ ઈનગ્રીસના વાયોલીન વિષે સાંભળ્યું હશે. ઈનગ્રીસ એક ચિત્રકાર હતો, તેનામાં બુદ્ધિમત્તાનો અભાવ ન હતો. અને જ્યારે તેને ફુરસદનો સમય મળતો ત્યારે તે વાયોલીન વગાડવાનું શરૂ કરતો. અને તે કાંઈ બહુ સારું વાયોલીન વગાડતો નહીં, પણ તેને તે ક્રિયામાં વધારે રસ પડતો અને ચિત્રકામમાં તે ઘણો કુશળ હતો પરંતુ તેને તેમાં ઓછો રસ હતો. મને એમ લાગે છે કે તેનું સરળ કારણ એ છે કે તેને સમતુલાની જરૂર હતી. માણસના સામાન્ય વ્યવહારમાં માણસના મનને માટે, પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે કોઈ એક જ વસ્તુ ઉપર એકાગ્રતા કરવી એ ઘણું જરૂરી છે. તેમ છતાં કોઈ વ્યકિત એક વધારે સંપૂર્ણ રીતની, વધારે સૂક્ષ્મ રીતની એક જુદા જ પ્રકારની કાર્યપદ્ધતિમાં પહોંચી જઈ શકે છે. એ તો કુદરતી જ છે કે વ્યકિત શારીરિક શકિતઓમાં બંધાયેલી હોય છે, કારણ કે સ્થૂલ જીવનમાં વ્યકિતને સમય અને કાળના ઉપર આધાર રાખવો પડે છે અને ખાસ પ્રકારની એકાગ્રતા વિના મહાન વસ્તુઓનો સાક્ષાત્કાર કરવો એ ઘણી મુશ્કેલ વસ્તુ છે, પરંતુ જો કોઈને એક ઉચ્ચતર અને ગહન જીવન જીવવું હોય તો હું માનું છું કે વ્યકિત મર્યાદા અને સંકુચિતતાનાં સાધનો કરતાં અથવા બીજાં બધાં સાધનો કરતાં વધારે મહાન શકિતઓને પ્રાપ્ત કરી શકે છે. પોતાની મર્યાદાઓને ખંખેરી નાખવામાં એક મહાન ફાયદો રહેલો છે. કર્મના સાક્ષાત્કારના દૃષ્ટિબિંદુથી નહીં પરંતુ આધ્યાત્મિક સિદ્ધિના દૃષ્ટિબિંદુથી.

આપણે શા માટે વસ્તુઓ ભૂલી જઈએ છીએ ?

આહ ! હું માનું છું કે તેને માટે કેટલાંક કારણો છે. પ્રથમ તો વ્યકિત યાદ રાખવા માટે સ્મરણશકિતનો ઉપયોગ કરે છે. સ્મરણશકિત એક માનસિક સાધન છે અને તે મગજની રચના ઉપર આધાર રાખે છે. તમારું મગજ સતત વૃદ્ધિ પામતું હોય છે, સિવાય કે તે બગડવાની શરૂઆત ન કરે ત્યાં સુધી. પણ તેમ છતાં તેની વૃદ્ધિ તો ઘણા ઘણા લાંબા સમય સુધી ચાલુ રહી શકે. શરીરની વૃદ્ધિ કરતાં પણ ઘણા લાંબા સમય સુધી. અને આ વૃદ્ધિમાં એટલું તો ચોક્કસ છે કે બીજી વસ્તુઓને સ્થાને અન્ય વસ્તુઓ આવી જાય. અને જેમ જેમ માનસિક કરણ વૃદ્ધિ પામે તેમ તેમ જે વસ્તુઓએ તેમના સમય દરમિયાન અથવા વચગાળાની ક્ષણોમાં જે વૃદ્ધિ સાધી હોય તે વસ્તુઓ નવીન ફળને આપવાને માટે ભૂંસાઈ જાય એટલે તમે જે કાંઈ જાણી લીધું તેની ફળશ્રુતિ તો તેનામાં જીવંત રહે છે. પરંતુ જે માર્ગે તમે ત્યાં પહોંચ્યા તે બિલકુલ ઝાંખો થઈ ગયો હોય એટલે સ્મરણશકિતનું સુંદર કાર્ય

એટલે ફક્ત ફળશ્રુતિને યાદ કરવી જેથી કરીને આગળ પ્રગતિ અને નવા બંધારણનાં તત્ત્વોને સાધ્ય કરવાં. અને મનમાં જડ રીતે વસ્તુઓને સંગ્રહી રાખવી, તેના કરતાં તે વધારે અગત્યનું છે.

હવે આ વસ્તુની એક બીજી બાજુ પણ છે. માનસિક સ્મરણશક્તિ જે ખામી ભરેલી છે તેનાથી ઉપર ચેતનાની કેટલીક અવસ્થાઓ હોય છે. જે ચેતનાના સ્તરમાં માણસ રહે છે, તે દરેકમાં તે ક્ષણની ઘટના તે સંગ્રહે છે. પછી ભલે તે ગમે તે વસ્તુઓ હોય. જો તમારી ચેતના સ્વચ્છ, વિશાળ અને સામર્થ્યયુકત રહે, તમે કોઈ પણ પહેલાંના સમયે જે કાંઈ કર્યું હોય, જોયું હોય કે નિરીક્ષણ કરેલું હોય તેને તમે એકાગ્રતા કરીને સક્રિય ચેતનામાં દાખલ કરી શકો છો. તે સ્તરની ચેતનાને તમે તમારી અંદર આહૂવાન કરીને તમે આ બધી વસ્તુઓનું સ્મરણ કરી શકો છો. અને તેની કદી વિસ્મૃતિ થતી નથી. તમે હજારો વર્ષ જીવી શકો અને તમે તેને યાદ રાખી શકો. પરિણામ રૂપે જો તમારે વિસ્મરણ ન કરવું હોય તો તમારી ચેતના તે સ્મરણશક્તિને સંગ્રહી શકે, નહીં કે તમારી મનોમય યાદગીરી. તમારી માનસિક સ્મરણશક્તિ ચોક્કસ ભૂંસાઈ જશે, ધૂંધળી બની જશે અને જૂની વસ્તુઓનું સ્થાન નવી વસ્તુઓ લેશે પરંતુ જે વસ્તુ વિષે તમે સચેતન હો છો તેને તમે ભૂલતા નથી. તમારે ફરીથી તે જ ચેતનાની ભૂમિકાને સપાટી ઉપર ઉઠાવવાની રહે છે. અને આ રીતે હજારો વર્ષ પહેલાં જે સંજોગોમાં વ્યક્તિ જીવતી હોય તેને તે યાદ કરી શકે છે. ફક્ત માણસ ચેતનાની તે ભૂમિકામાં કઈ રીતે પહોંચવું તે જાણતો હોય તો. આ રીતે જ માણસ પોતાના પૂર્વજન્મોને યાદ રાખી શકે છે. આ વસ્તુ કદી ભૂંસાઈ જતી નથી. પરંતુ તમે શારીરિક રીતે બહુ નાનાં હતાં તે વખતે જે શારીરિક ક્રિયાઓ કરેલી તેની સ્મૃતિ તમને વધારે વખત યાદ રહેતી નથી. તમે અત્યારે યાદ ન રાખી શકયા હો તેવી ઘણી વસ્તુઓ વિષે તમને કહેવામાં આવ્યું હશે તે વસ્તુ ઘણી ઝડપથી ભૂંસાઈ જાય છે કારણ કે, મગજ તો સતત બદલાતું રહે છે, અને કેટલાક નબળા કોષો વધારે શકિતશાળી કોષો દ્વારા પ્રસ્થાપન થાય છે અને બીજી બધી વસ્તુઓના સંયોજનથી બીજા જ્ઞાનતંતુઓની વ્યવસ્થાશક્તિથી અને તેથી જે પહેલાં હતું તે કાં તો ભૂંસાઈ જાય છે અથવા તો વિકૃત થઈ જાય છે.

હજારો વર્ષ પહેલાં બનેલી હકીકતોને વ્યકિત યાદ રાખી શકે છે ?

હા, એમ બની શકે, જો હજારો વર્ષ પહેલાં હસ્તી ધરાવતા સ્થળમાં તમે પ્રવેશ કરવામાં અને સંપર્ક સાધવામાં સફળ થાવ તો. અને વધારામાં, (હું માનું છું કે બીજે કયાંક આ વસ્તુ વિષે મેં લખેલું છે.) પૃથ્વીની ચેતનાની નોંધ રહે છે અને જો તમે તે જગ્યાએ જવાનું જાણતા હો તો તમે તમારા પોતાના જીવન વિષે

જાણી શકો એટલું જ નહીં પરંતુ પૃથ્વી ઉપર જે કાંઈ વસ્તુ બની ગઈ તેને પણ જાણી શકો તેની ત્યાં નોંધ રહે છે અને તે ચેતનાની દશ્યમાન ઘટના હોય છે.

મધુર માતાજી ! જ્યારે માણસ શરીર અને મન પણ બદલી નાખે છે ત્યારે તે વસ્તુઓને કઈ રીતે યાદ રાખી શકે ?

મારા બેટા ! મેં તને આ વિષે હમણાં જ કહ્યું, કે કઈ રીતે. મેં જે કહ્યું તે તેં ધ્યાનપૂર્વક સાંભળ્યું નહીં. મેં કહ્યું કે આ તું જે કહે છે તે માનસિક સ્મરણશક્તિ છે અને તે ભૂંસાઈ જશે. હાલની તારી જિંદગીમાં પણ અગાઉનાં વીસ, ત્રીસ કે ચાળીસ વર્ષ પહેલાં જે બનાવો બનેલા, તે પ્રસંગોને તું યાદ રાખી શકે પણ નહીં. પરંતુ ચેતનાની અવસ્થા એ માનસિક અવસ્થા નથી. તેને અને મનને કાંઈ લેવા - દેવા નથી. ખરેખર ઘણાંખરાં મન, શરીરની સાથે પીગળી જાય છે. પરંતુ અપવાદરૂપ ખાસ વિશિષ્ટ બંધારણથી સુગઠિત હોય તેવું, જોડાયેલું અને સુવ્યવસ્થિત રચનાવાળું હોય તો, તે રચના પીગળી જતી નથી. પરંતુ આવું ભાગ્યે જ બને છે. આ તો અપવાદરૂપ દાખલાઓ કહેવાય. પણ ચેતના એ તો કાંઈ જુદી જ વસ્તુ છે. ચેતના એક શાશ્વત અવસ્થા છે. ચેતનાની અવસ્થા એક શાશ્વત સ્થિતિ છે. ચેતના દ્વારા જ સર્જન થાય છે અને જો ચેતનાને ખેંચી લેવામાં આવે તો ત્યાર પછી કોઈ પણ પ્રકારનું સર્જન થઈ શકે નહીં અને જો તમે ચેતના સાથેનો સંપર્ક સાધી શકો તો સર્જનના સમગ્ર ઈતિહાસનું સંશોધન કરી શકો કારણ કે ચેતના દ્વારા જ સર્જન થાય છે. ચેતના શાશ્વતી છે.

માતાજી ? કેટલીક વખત અણગમતા વિચારો આવે છે અને અમને અસ્વસ્થ બનાવે છે, આપણે તેનો પીછો કેવી રીતે છોડાવી શકીએ ?

તેના માટે કેટલીક રીતો છે. પરંતુ ઘણુંખરું માણસોના ઉપર પણ તે આધાર રાખે છે — સાધારણતયા તેના માટેનો સહેલો રસ્તો એ છે કે બીજી કોઈક વસ્તુનો વિચાર કરવો, એટલે કે તે વિચારની સાથે કાંઈ લેવાદેવા ન હોય તેવી અથવા સંબંધ ન ધરાવતી હોય તેવી કોઈક બીજી વસ્તુ ઉપર પોતાના ધ્યાનને કેન્દ્રિત કરવું. દા.ત. વાચન અથવા બીજું કોઈ કામ — ઘણે ભાગે કાંઈ સર્જનાત્મક કામ. દા.ત. જે લોકો લખે છે ત્યારે, જ્યારે તેઓ લખતા હોય છે ત્યારે (એક સાદો નવલકથાકારનો દાખલો લઈએ), જે સમય દરમિયાન તે લખતો હોય છે ત્યારે તેના બીજા બધા વિચારો ચાલ્યા ગયા હોય છે, કારણ કે તે જે કાર્ય કરે છે તેના ઉપર તે કેન્દ્રિત છે પરંતુ જો તેનામાં કાબૂ નહીં હોય તો જ્યારે તે લખવાનું પૂરું કરશે ત્યારે બીજા વિચારો પાછા ફરશે. પણ એટલું તો ચોક્કસ છે કે જ્યારે કોઈના ઉપર એક વિચારનો હલ્લો આવે ત્યારે તે કાંઈક સર્જનાત્મક કાર્ય

કરી શકે છે. દા.ત. કોઈ વૈજ્ઞાનિક કાંઈક સંશોધનનું કાર્ય કરી શકે, કાંઈક સંશોધનાત્મક વિશિષ્ટ પ્રકારનો અભ્યાસ, કાંઈક તેમને નિમગ્ન કરી દે તેવું. તે જ સહેલામાં સહેલો રસ્તો છે. કુદરતી રીતે જ, જેમણે પોતાના વિચારો ઉપર કાબૂ મેળવવાનું શરૂ કર્યું હોય ત્યારે તે પરિત્યાગની ક્રિયા કરી શકે છે. અને જેવી રીતે માણસ સ્થૂલ વસ્તુને ખસેડી નાખે છે તે રીતે તે વિચારને એક બાજુ ફેંકી દઈ શકે છે. પરંતુ તે વધારે કપરું છે. અને વધારે કાબૂ માગી લે છે. જો માણસ આ રીતે કરી શકે તો તે વધારે સક્રિય વસ્તુ છે, એ અર્થમાં, કે જો ગતિનો ઈન્કાર કરો તે વિચારનો સતત અને વારંવાર તે જતો હોય તેની પાછળ પડી તેને નસાડો તો છેવટે તે પાછો ફરતો નથી. પરંતુ બીજા પ્રસંગે તે પાછો ફરી શકે છે. આમ બે રીતો થઈ.

ત્રીજું સાધન એ છે કે ઊર્ધ્વમાંથી પૂરતો પ્રબળ પ્રકાશ નીચે ઉતારી લાવવો જે ઊંડા અર્થમાં પરિત્યાગ બનશે. જો જે કાંઈ વિચાર આવે તે અંધકારમય હોય (અને જો તે ખાસ કરીને અજાગ્રત અથવા અચેતન વૃત્તિ વડે ટકી રહેલો હોય) તો ઊર્ધ્વમાંથી સત્યનો જ્ઞાન પ્રકાશ અને ઉચ્ચતર શક્તિ માણસ નીચે ઉતારી શકે તો તેને વિખેરી નાખવા તે શક્તિમાન બને છે. પ્રકાશિત કરી શકે છે અથવા તેનામાં પરિવર્તન કરી શકે છે – આ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. આ તેનાથી પણ વધારે મુશ્કેલ વસ્તુ છે પરંતુ તે કરી શકાય છે અને જો તેમ કરવામાં આવે છે, તો માણસ મુક્ત બને છે – ફક્ત વિચાર પાછો ફરતો નથી એટલું જ નહીં પરંતુ તેનું મૂળ કારણ જ નાશ પામે છે.

પ્રથમ પગથિયું એ છે કે કોઈ બીજી જ વસ્તુનો વિચાર કરવો, પરંતુ આ પગથિયામાં તમે જાણો છો કે અસંખ્ય વાર પુનરાવર્તન કરવાનું રહે છે, બીજી રીત યુદ્ધ આપવાની છે અને ત્રીજી રીત પરિવર્તનની છે જ્યારે માણસ ત્રીજે પગથિયે પહોંચે છે ત્યારે માણસ મુક્ત બને છે એટલું જ નહીં પણ તેણે એક કાયમી પ્રગતિ કરી હોય છે.

૧૭ ફેબ્રુઆરી ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીનો લેખ ચૈતસિક કેળવણી અને આધ્યાત્મિક કેળવણી ઉપર આધારિત છે.

એક વખત આપણું સ્વરૂપ ચૈત્ય પુરુષની સાથે સંપર્કમાં આવે તો પછીથી શા માટે ચૈત્ય પુરુષ પોતાની જાતને ગુપ્ત રાખે છે?

ચૈત્ય પુરુષ સંતાઈ જતો નથી, પરંતુ જીવન પોતે જ પોતાની સામાન્ય ચેતનામાં સરી પડે છે. સૌથી ઊંચી ચેતનામાં રહેવું તે તેને માટે મુશ્કેલરૂપ છે. માણસ લપસી પડે છે, નીચે પડે છે પરંતુ બીજે સમયે તેની શોધ સહેલી બને છે અને દરેક વખતે રસ્તો સહેલો ને સહેલો બનતો જાય છે અને પછીથી પતન થતું નથી.

મધુર માતાજી, મને આ સમજાતું નથી. વ્યકિતમાં (પોતાનામાં રહેલાં શાશ્વત તત્ત્વની શોધ) એક પ્રકારની ગુહ્ય લાગણી અને ધાર્મિક જીવનની સાથે સાંકળી લેવામાં આવે છે કારણ કે, ધર્મોએ જ જીવનના આ પાસા વિશે સંબંધ રાખેલો છે. પરંતુ એ જ પ્રમાણે હોવું એ કાંઈ ખાસ જરૂરી નથી; પ્રભુ વિષેના ગુહ્ય વિચારને બદલે સત્યના દાર્શનિક વિચારને સ્થાન આપી શકાય અને તેમ છતાં તેની શોધ તો ખાસ કરીને એ જ પ્રકારની રહેશે. પરંતુ તેના પ્રત્યે દોરી જતો રસ્તો તો રૂઢ તત્ત્વજ્ઞાની પણ લઈ શકે છે.”

તમને શું સમજાતું નથી? હું એમ કહેવા માગું છું કે, કોઈ વ્યકિત વિચાર કરે તે બહુ અગત્યનું નથી. કારણ કે, પોતાના સંજોગો જેમાં તેનો જન્મ થયો હોય અને જેણે શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેમાંથી જ તેના વિચારો સ્વરૂપ લે છે. પરંતુ આ પણ વસ્તુઓને કહેવાની એક રીત છે અને તમે ઘણી રીતોથી આ વસ્તુને કહી શકો છો, માણસો તો જે હોય તેના તે જ રહે છે આમાં તને શું સમજાયું નહીં?

પ્રભુ વિશેના રહસ્યમય વિચારનું સ્થાન વધારે દાર્શનિક ખ્યાલથી લેવામાં આવે તો....

આ બધું તમે ‘પ્રભુ’ શબ્દમાં કયો અર્થ મૂકો છો તેના ઉપર આધાર રાખે છે. (આ વસ્તુ મેં તમને ઓછામાં ઓછી ચારથી પાંચ વખત કહી છે.) એ એક

ફક્ત શબ્દ જ છે જે કોઈ તત્ત્વની અભિવ્યક્તિ કરે છે જેને તમે જાણતાં નથી. પણ તમે તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરો છો. સારું, જો તમે ધાર્મિક શિક્ષણ લીધું હોય તો તમે આ વસ્તુને પ્રભુ તરીકે બોલવાની ટેવ પાડી હોય, જો તમે વધારે સ્પષ્ટ અને વધારે દાર્શનિક શિક્ષણ મેળવેલું હોય તો તમે કંઈ કંઈ પ્રકારનાં નામોથી તેનો નિર્દેશ કરવાને ટેવાયેલા હો. અને તેમ છતાં તમે તેને પરમ સત્ય તરીકે વિચારી શકો. જો કોઈને ભગવાન વિશે બોલવું હોય અને તેનું વર્ણન કરવું હોય તો પોતાની ચેતનાને પ્રાપ્ત થતી ન હોય તેવી વસ્તુઓનો ઉપયોગ કરવાની તેને ફરજ પડે છે અને આપણે જાણતા હોઈએ અને પકડી શકીએ અને હોઈએ તેનાથી પર રહેલા તત્ત્વને આપણે પ્રભુ કહીએ છીએ અને તે રૂપ બનીએ છીએ – આ બધી વસ્તુઓ જે આપણી સમજ બહારની હોય તેને આપણે પ્રભુ કહીએ છીએ, ફક્ત કેટલાક ધર્મો (એવા કેટલાક છે) પ્રભુને એક ચોક્કસ પ્રકારનું રૂપ આપે છે; અને કેટલીક વખત તે લોકો ઘણાં સ્વરૂપો આપે છે અને તે લોકો માટે ઘણા ભગવાન હોય છે; કેટલીક વખત તેમને એક જ સ્વરૂપ હોય છે અને એક જ પ્રભુ હોય છે; પરંતુ આ બધી માનસિક બનાવટ છે. એવું કાંઈક તત્ત્વ છે, એવી કોઈ શાશ્વત સતૂતા છે, જે આપણી અભિવ્યક્તિથી પર રહેલી છે પરંતુ જેને અમુક પ્રકારનો સંયમ કરવાથી સંપર્કમાં આવવાનું સફળ થઈ શકે છે. આપણે આપણી જાતને તેની સાથે તદ્રૂપ બનાવી શકીએ છીએ. જ્યારે માણસ તેની સાથે તદ્રૂપ થાય છે ત્યારે તે કયું તત્ત્વ છે તે જાણી શકે છે. પરંતુ તેને અભિવ્યકત કરી શકતું નથી. કારણ કે, શબ્દો તેનું વર્ણન કરી શકતા નથી, એટલે તમે એક પ્રકારનો શબ્દભંડોળ વાપરો તો તમારી એક પ્રકારની માનસિક દૃઢ માન્યતા બંધાઈ જાય છે અને તે માન્યતાને અનુરૂપ તમે શબ્દોનો ઉપયોગ કરશો. જો તમે બીજા કોઈ જૂથના હો, જેમની બોલવાની રીત જુદી હોય, તો તમે તેને તે પ્રકારની માન્યતાને આધારે બોલાવશો અથવા તેને વિશે તે જ રીતે વિચારશો. તમને સાચી છાપ આપવાને માટે આ હું કહું છું. ત્યાં કોઈક વસ્તુ એવી છે કે જેને પકડમાં લઈ શકાય નહીં – માનસિક વિચારોમાં ગ્રહણ કરી શકાય નહીં – પણ તે ખરેખર અસ્તિત્વ ધરાવે છે એટલે ફક્ત એટલી જ વસ્તુ કરવાની રહે છે કે તમારે તેનો સંપર્ક સાધી તેમાં પ્રવેશવું – તેને નામ પણ આપવું નહીં, તેમ વર્ણન પણ કરવું નહીં. સાચી બાબત એ છે કે નામ કે વર્ણન આપવાનો કોઈ અર્થ નથી. માણસે તેના સંપર્કમાં આવવા માટે પ્રયત્ન કરવો જોઈએ, તેના ઉપર એકાગ્રતા કરવી જોઈએ અને તે શાશ્વત તત્ત્વમાં જીવવું જોઈએ અને શાશ્વત બનવું જોઈએ. અને પછી તમે તેને ગમે તે નામ આપો તેની બિલકુલ અગત્ય નથી. એક વખત તમને તેની અનુભૂતિ થવી જોઈએ, ફક્ત અનુભૂતિની જ કિંમત છે. અને જ્યારે લોકો પોતાના અનુભવને અમુક

રીતની અભિવ્યક્તિ સાથે સાંકળે છે – અને આટલી બધી સંકુચિતતાની રીતે, એટલી બધી પોતાનામાં પુરાયેલી, કે તેમણે આપેલી મર્યાદાની બહાર તેમને કાંઈ સૂઝતું નથી – અને આ એક લઘુતાગ્રંથિ છે. લોકોએ આ વાસ્તવિકતાને, બધા બધા જ શકય માર્ગોમાં, સર્વ પ્રસંગોમાં અને સર્વ બંધારણોમાં, તે વાસ્તવિકતા જીવતાં શીખવાનું છે. દરેકે તે – મય બનવાનું છે. કારણ કે તે જ સત્ય છે. તે જ સર્વોત્કૃષ્ટ મંગલ છે, તે જ સર્વશક્તિમાન છે, તે સર્વજ્ઞ છે, તે. . . .હા, માણસ તે પ્રકારનું જીવન જીવી શકે છે પણ તે વિશે વાત કરી શકતો નથી. અને જો કોઈ બોલવા જાય તો તે ગમે તેટલું બોલે પણ તેની કોઈ અગત્ય નથી, તે એક પ્રકારની કહેવાની રીત છે. બસ, એટલું જ. કેટલાક દાર્શનિકોની સળંગ હારમાળા છે અને એવા લોકો છે જેમણે 'પ્રભુ'ના ખ્યાલને 'અવ્યકત બ્રહ્મ' અથવા સત્યના ખ્યાલમાં અથવા સિદ્ધાંતમાં કે પ્રગતિના ખ્યાલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે – કાંઈક એવી વસ્તુ જે સતત શાશ્વત પ્રગતિ કરે છે; પરંતુ જેનામાં પોતાને 'તે'ની સાથે તદ્રૂપતા સાધવાની શકિત હોય તેના માટે તો તેને વિશે જે કાંઈ કહેવાયું છે તેની ખાસ અગત્ય નથી. કેટલીક વખત વ્યકિત આખા તત્ત્વજ્ઞાનનું પુસ્તક વાંચી જાય છે અને એક પણ પગલું પ્રગતિમાં આગળ જતી નથી. કેટલીક વખત કોઈ વ્યકિત ધર્મનો ચુસ્ત ભકત હોઈ શકે અને છતાં પ્રગતિ ન કરે. કેટલાક લોકો એવા છે કે જે સમગ્ર જીવન દરમિયાન ધ્યાનમાં જ બેસી રહ્યા હોય અને કાંઈ પણ મેળવ્યું ન હોય. કેટલાક લોકો એવા હોય છે (આપણી પાસે પ્રખ્યાત દષ્ટાંતો છે) જેમણે સીધાંસાદાં મજૂરીનાં કામો કર્યાં હોય. દા. ત. જૂના બૂટ રીપેર કરનાર મોચી અને તેમને અનુભૂતિ થઈ હોય. કોઈ વિચારે કે કહે તેનાથી બિલકુલ પરની વસ્તુ છે. તે એક પ્રકારની બક્ષિસ છે અને એટલું પૂરતું છે અને જે વસ્તુની જરૂર છે તે તેના-મય બનવાનું છે – તેની સાથે પોતાની જાતને એકરૂપ બનાવવામાં સફળ થઈને તે જ જીવવું. કેટલીક વખત એક પુસ્તકમાં તમે એક વાકય વાંચો છો અને તે વાકય તમને ત્યાં દોરી જાય છે, કેટલીક વખત તમે તત્ત્વજ્ઞાનનાં અથવા ધાર્મિક પુસ્તકોનાં પુસ્તકો પૂરેપૂરાં વાંચી જાવ છો અને છતાં તમને તે કોઈ પણ જગ્યાએ પહોંચાડતા નથી, તેમ છતાં કેટલાક લોકોને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનું વાચન આગળ વધવામાં મદદ કરે છે પરંતુ આ બધી વસ્તુઓ ગૌણ છે. ખાસ અગત્યની વસ્તુ તો એક જ છે; તે છે એક સચ્ચાઈપૂર્વકની દઢ સંકલ્પશકિત. કારણ કે આ બધી વસ્તુઓ એક ઝબકારામાં બની જતી નથી. એટલે માણસે ખંતીલા બનવું જોઈએ. જયારે કોઈને લાગે કે તેની પ્રગતિ આગળ થતી નથી ત્યારે તેણે નિરાશ ન થવું જોઈએ. તેણે તેની પ્રકૃતિમાં વિરોધ કરતા તત્ત્વને શોધી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ અને પછીથી જરૂરી પ્રગતિ કરવી જોઈએ. અને ઓચિંતા એક દિવસ વ્યકિત આગળ ધસે છે અને જયારે તમે અંત સુધી પહોંચો

છો ત્યારે તમને અનુભૂતિ થાય છે અને અદ્ભુત વસ્તુ તો એ છે કે, જે લોકોએ જુદા જુદા ગંથોનું અનુસરણ કર્યું હોય છે, અને જેમનાં બિલકુલ વિભિન્ન માનસિક બંધારણો હોય છે, પૂરેપૂરા આસ્તિકથી માંડીને બિલકુલ નાસ્તિક સુધીના, અને કેવળ ભૌતિકવાદીઓ પણ, તેવા લોકો આ અનુભૂતિમાં પહોંચેલા છે. આ દરેક માટે એક જ વસ્તુ છે. કારણ કે તે સત્ય છે – કારણ કે તે વાસ્તવિકતા છે, કારણ કે તે કેવળ એક જ વાસ્તવિકતા છે. અને ફકત તે જ છે. આનાથી વધારે હું કહેતી નથી. કઈ રીતે તેના વિષે કહીએ તે બહુ અગત્યનું નથી. માર્ગનું અનુસરણ કરવું, તમારા માર્ગનું પછી ગમે તે માર્ગ હોય તેની ખાસ અગત્ય છે, હા, તમે તે માર્ગે ચાલ્યા જાવ.

> તમે ચૈત્ય પુરુષની સમજૂતી આપી તે મને સમજાયું નહિ. "દાખલા તરીકે કોઈ એમ કહી શકે કે પરમ મૂળભૂત તત્ત્વના અગણિત ગર્ભિત શકયતાઓમાંની એક અભિવ્યકિત આવિર્ભાવના સમય અને સ્થળમાં થયેલા પ્રક્ષેપના પરિણામ રૂપે વ્યકિતના સ્વરૂપનું સર્જન થાય છે આ આવિર્ભાવ, વ્યકિતગત અને વૈશ્વિક ચેતના મારફતે વ્યકિતના સત્ય અથવા ધર્મમાં સઘન સ્વરૂપ લે છે અને આ રીતે ક્રમિક વિકાસ દ્વારા તે તેનો આત્મા અથવા ચૈતસિક પુરુષ બને છે."

આ થોડું દાર્શનિક છે. . . .તમે સ્વલક્ષી અને બહિર્લક્ષીનો ભેદ જાણો છો ? તમે તે ચોક્કસ જાણો છો ! સારું, આપણે જે પરમ વાસ્તવિકતા વિશે વાતચીત કરીએ છીએ તેની ચોક્કસ કલ્પના કરો. આ વાસ્તવિકતા સર્વ વસ્તુઓનું મૂળ છે અને તે આત્મલક્ષી સ્થિતિ તરફથી બહિર્લક્ષી અવસ્થામાં જાય છે એટલ કે, જે તેની અંદર હતું તેનો જાણે કે બાહ્ય પ્રક્ષેપ થાય છે, આ તે જ વસ્તુ છે. ફકત તેની અવસ્થા જ બદલાય છે અને તેથી બહિર્લક્ષી અસ્તિત્વની બધી જ શકયતાઓ તેમાં અંતર્હિત હોય છે. અંતરમાં તે વસ્તુઓ અભિવ્યકત થતી નથી અથવા તેનો આવિર્ભાવ થતો નથી પરંતુ બહાર તેમનો પ્રક્ષેપ થાય છે. જેવી રીતે સિનેમાના પડદાના ઉપર ચિત્રનું નિદર્શન થાય છે; આપણે તેને આપણી સમક્ષ જોઈએ અને દરેક તત્ત્વ જેની શકયતા અંતરમાં રહેલી હતી, એક ધર્મ, તે સાક્ષાત્કારોનો ધર્મ બને છે. અને આ શકયતાઓમાંની દરેક સ્વરૂપની વાસ્તવિકતા બને છે, એક વૈયકિતતાની જો તમને એમ ગમે તો, બાહ્ય હસ્તી ધરાવતી કોઈ વસ્તુની વૈયકિતતા, અને તે ધર્મ જ ચૈતસિક તત્ત્વના કેન્દ્રનું મૂળ હોય છે. તે જ સ્વરૂપનું સત્ય હોય છે અથવા તો સ્વરૂપનો ધર્મ હોય છે.

બુધ્ધે તેને "ધર્મ" કહ્યો. તેણે ચોક્કસ ધર્મ વિશે વાત કરી. તે સ્વરૂપનું

સત્ય છે, તે જ તેને તેના મૂળની સાથે વિનાશ થયા વિના જોડાયેલું રહે છે અને તે જ ચૈત્ય પુરુષનું પ્રસ્થાપન બિંદુ હોય છે અને તેથી જેમ જેમ તે વિકાસ પામે છે, સિનેમાના પડદાના ચલચિત્રની માફક, તેમ તેમ તે વધારે ને વધારે જટિલ બને છે અને આવિર્ભાવમાં એક ચોક્કસરૂપ ધારણ કરે છે. પરંતુ તે રૂપની વાસ્તવિકતા તો એક જ છે, તે પરમ એકની સાથે જ સંકળાયેલું છે. અને બધા જ વિભાગો સાથે સંકળાઈ જઈને તે પરમ એકનો જ પ્રકટ કરે છે.

આ વસ્તુ વધારે સહેલી ન બની ? (બાળકની સામે જોઈને) તેમ છતાં તે ઘણું મુશ્કેલ છે ! પણ ખરેખર મેં જેમ અહીં કહ્યું છે, તેમ જ તે છે.

મધુર માતાજી ! તમે એમ કહ્યું છે : "સગવડ, સંતોષ, આનંદ અથવા સુખ માટેની અંગત પ્રાપ્તિનો તમે ત્યાગ કરો. પ્રગતિ માટેનો ફક્ત સળગતો અગ્નિ જ બની રહો, તમારા ઉપર જે કાંઈ આવે તેને તમારી પ્રગતિની સહાય તરીકે સ્વીકારો અને જે કોઈ પ્રગતિની જરૂર હોય તેને તાત્કાલિક સાધી લો."

હા, તે ઘણું જ સાદું છે ! તે ઘણું જ સ્પષ્ટ છે !

હા, પરંતુ મારે જો રમતોમાં પ્રગતિ કરવી હોય તો તે મારી અંગત પ્રગતિ જ થાય, ખરું ને ?

હેં ! શું ? રમતોમાં ? નહીં, તમારી ઈચ્છાશક્તિની કિંમત તમારા ધ્યેય ઉપર આધાર રાખે છે. તમે જો ફક્ત સફળ થવા માટે અથવા પોતાની જાત માટે, કીર્તિ મેળવવા અને બીજા બધા કરતાં વધારે સારા થવા માટે કરતા હો કે પછી એવા કોઈ પણ વિચારથી તો તે વસ્તુ ઘણી અહંકારયુક્ત બને, ઘણી અંગત વસ્તુ બની જાય અને તમે પ્રગતિ કરી શકશો નહીં — હા, તમે પ્રગતિ કરી શકશો પરંતુ તમને તે કોઈ પણ જગ્યાએ દોરી જઈ શકશે નહીં. પરંતુ તમે દિવ્ય પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લા થવાના વિચાર તરીકે કરતા હો, અને તમે પ્રભુના આવિર્ભાવના કરણ તરીકે કરતા હો, તો તે ઘણું સારું છે. હવે સ્પષ્ટ થયું ને ?

હા.

માનસિક કે પ્રાણિક વસ્તુઓ કરતાં શારીરિક વસ્તુઓ વધારે અહંકારયુક્ત નથી. પહેલાં કરતાં કાંઈ જુદું જ હોય છે તે વધારે ઓછી અહંકારયુક્ત હોય છે. અહંકાર તેમાં સમાયેલો નથી પરંતુ તે આંતરિક વલણમાં રહેલો હોય છે. તમે જે ક્ષેત્રમાં એકાગ્રતા કરો છો તેના ઉપર તેનો આધાર નથી. તમે કઈ રીતનું વલણ લો છો તેના ઉપર તેનો આધાર છે. તમે શું કરો છો તેના ઉપર તેનો આધાર

નથી, પરંતુ તમે કઈ રીતે કરો છો તેના ઉપર તે અવલંબે છે.

> મધુર માતાજી! તમે કહો છો: "ભૌતિક ઘટનાઓને સપાટી ઉપરની કિંમતથી આંકશો નહીં. તે વસ્તુઓ આપણી ઉપરછલ્લી સમજમાંથી છટકી જનાર જે સત્ય સ્વરૂપ છે તેનો આવિર્ભાવ કરવાનો વિકૃત પ્રયત્ન છે." પરંતુ માતાજી! એમ કહેવાય છે કે વ્યક્તિએ નિરાશાવાદી ન બનવું જોઈએ. અને અહીંયાં તમે એમ કહ્યું કે, આ બધી વસ્તુઓ કાયમ એક બેઢંગો પ્રયત્ન હોય છે. . . ."

આનો અર્થ એ થયો કે, આ ભૌતિક જગત જે રીતનું અત્યારે છે તે તેની પાછળ રહેલા સત્યને કઢંગી રીતે રજૂ કરે છે. આ વસ્તુ બિલકુલ સ્પષ્ટ છે, હું માનું છું કે, આપણે આ વિશે બહુ ઊંડાણપૂર્વક જોઈને વિચાર કરવાની જરૂર નથી સિવાય કે કેટલા માણસો એવા હોય. . . .હા, મેં "ચાર તપસ્યાઓમાં" એવા લોકોની વાત કરી છે કે જેઓ જીવનમાં પૂરેપૂરા ગોઠવાઈ ગયેલા હોય અને જેમને દરેક વસ્તુ અદ્ભુત લાગતી હોય પરંતુ મને એવા ઘણા માણસો નથી મળ્યા કે જેમણે આખા જીવન દરમિયાન એવી શ્રદ્ધા સાચવી રાખી હોય. હું આશાવાદીઓ વિશે વાત કરું છું – જ્યાં સુધી વ્યક્તિ તંદુરસ્ત અને યુવાન હોય ત્યાં સુધી તે આશાવાદી રહે છે, અને પછીથી, જેમ જેમ શક્તિ અને તંદુરસ્તી ઓછાં થતાં જાય તેમ તેમ આશાવાદ અદૃશ્ય થતો જાય પરંતુ જો કોઈનામાં થોડીઘણી પણ બુદ્ધિ અને સમજશક્તિ હોય તો એ સમજવું સહેલું છે કે આ શકય એટલા સૌથી સારા જગતમાં દરેક વસ્તુ સાદી નથી, કારણ કે જો તમે સુખસલામતીમાં હો અને તમારી બધી જરૂરિયાતો તમને મળતી હોય, જો આ જગતમાં તમારો સારી રીતનો વ્યવહાર ચાલતો હોય અને તમારે ચિંતાઓ ન હોય તો એનો અર્થ એવો નથી કે લાખો માણસો દર્દનાક અને દુઃખભરી સ્થિતિમાં ન હોય, ત્યાર પછી પોતાની જાત વિશે જ વિચાર કરવો તે સહેલું થઈ પડે છે પરંતુ તે સલાહકારક નથી. હું એવા માણસોને ઓળખું છું જેઓ ઘણા પૈસાદાર હતા અને જેઓને એવા માણસો, જેમને કાંઈ પણ હોય નહિ અથવા અપૂરતું હોય, તેવા માણસોના સંપર્કમાં આવવાનો કદી મોકો ન મળ્યો હોય અને તેથી તે માણસો માટે આ વસ્તુ વિચારમાં પણ ન આવી શકે. એક સ્ત્રીને હું ઓળખતી હતી (આવી ઘણી સ્ત્રીઓને હું ઓળખું છું). આ સ્ત્રી એક સુંદર મકાનમાં ઘણા નોકરો સાથે અને પૂરતી સુખસગવડ સહિત રહેતી હતી. તે સ્ત્રી આ રીતે જ જીવન વિતાવતી અને તેના સંજોગો ઘણા સરળ હતા અને એક દિવસે મેં કોઈક વ્યક્તિ વિશે તેને વાત કરી, એવી વ્યક્તિ જેનામાં ઘણી લાયકાત હતી, સદ્ગુણો હતા. પરંતુ તેની પાસે કાંઈ ન હતું, પૂરું ખાવાનું પણ નહિ અને મેં તે પૈસાદાર સ્ત્રીને પેલી બીજી સ્ત્રીને મદદ કરવાનું કહ્યું, પૈસાની

મદદ કરવાનું નહિ, કારણ કે તેણે તે સ્વીકાર્યું જ ના હોત, પરંતુ કોઈ કામ આપવા માટે અથવા તો તે સ્ત્રીને થોડો સમય પસાર થાય તેના માટે તેને ઘેર આમંત્રણ આપીને મદદ કરવા માટે (કારણ કે તેનું દાર્શનિક મન હતું અને તેને તે બૌદ્ધિક મદદ આપી શકી હોત) તેથી મેં તેને કહ્યું, "તમે જાણો છો કે તે સ્ત્રી (બીજી સ્ત્રી)ની પાસે પેટ ભરવા માટે પૂરતું નથી." મેં જોયું કે, તે સ્ત્રી સમજી શકી જ નહિ. તેથી મેં તેને કહ્યું, સારું, તેની પાસે ખોરાક ખરીદવાના પૂરતા પૈસા નથી. બ્રેડ ખાઈ લેવા માટે અથવા તો તેને ખાવાની જરૂરિયાત હોય તેને ખરીદવા માટે – "પરંતુ ચોક્કસ રસોડામાં તો કાયમ પૂરતી બ્રેડ અને ખોરક હોય છે !" (હાસ્ય) અને આ સ્ત્રી એટલી બધી સાહજિકતાથી આવું બોલી શકી.

૨૪ ફેબ્રુઆરી ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીના નિબંધ "ચૈતસિક કેળવણી અને આધ્યાત્મિક કેળવણી" ઉપર આધારિત છે.

મધુર માતાજી ! તમે કહ્યું છે : "રૂપોની સીમાની પેલે પારથી એક નવી શકિતનું આવાહન કરી શકાય છે, ચેતનાની આ શકિત હજી સુધી અભિવ્યકત થયેલી નથી અને તેના પ્રકટીકરણથી વસ્તુઓનો માર્ગ બદલી શકાશે અને નવું જગત જન્મ પામશે." તમે જે શકિતની વાત કરો છો તે વાત દિવ્ય પ્રભુની શકિત વિશે છે ?

તમે પ્રભુ કોને કહો છો ? તમે મને પ્રભુની વ્યાખ્યા આપો. આપણે આ વિશે અહીં એક વખત વાતચીત થઈ ગઈ છે.

જે કાંઈ આ પૃથ્વી ઉપર છે તે બધું દિવ્ય પ્રભુની જ અભિવ્યકિત છે ?

ના, હું તમને પૂછું છું કે તમે 'પ્રભુ' કોને કહો છો. તમને પ્રભુ વિશેનો ખ્યાલ છે, ખરું ને ? તમે 'પ્રભુ' શબ્દ બોલો છો, તમે તેનાથી શું કહેવા માગો છો ?

સર્જનહાર. . . .

તે ફકત એક શબ્દ જ છે. સર્જનહાર !!!

કઈ જગ્યાએ કહ્યું છે કે આપણી અંદર રહેલા પ્રભુની સાથે આપણે તદ્રૂપ બનવાનું જરૂરી છે !–મને લાગે છે કે તે બુલેટિનમાં કહેલું છે. તમને યાદ નથી ?

કોઈ પણ બાબતમાં મેં તમને ઘણી વખત કહેલું છે કે આવિર્ભાવ પ્રગતિકારક હતો અને કાયમ પ્રગતિકારક રહેશે અને જે કોઈ સમય દરમિયાન જે કાંઈ આવિર્ભાવ પામે છે તે, ભવિષ્યમાં બનનાર આવિર્ભાવની ફકત શરૂઆત જ હોય છે. એટલા માટે જયારે કોઈ સર્જનના શિખર ઉપર પહોંચે છે ત્યારે કોઈ એવી વસ્તુ ઉપર પહોંચે છે કે હજી બીજા આવિર્ભાવની શરૂઆત થશે કારણ કે, કાયમ નવાં તત્ત્વો આવિર્ભાવ થવાનાં જ છે. મેં આ પ્રમાણે જ બરાબર કહ્યું છે. મેં કહ્યું છે કે જો કોઈ ચેતનાના શિખરને પ્રાપ્ત કરે અને અત્યારે આવિર્ભાવ પામેલા રૂપોના જગતની પેલેપાર જાય, તો તે વ્યકિત એક એવી શકિત, એક એવી વાસ્તવિકતાના

સંપર્કમાં આવે, જે હજુ સુધી આવિર્ભાવ પામેલ નથી. પરંતુ આવિર્ભાવ પામશે. અને ચેતનાનું આ શિખર કદી છેવટનું હોતું નથી કારણ કે, એક દિવસ જે વસ્તુની પ્રાપ્તિ કરી હોય છે, જે છેવટની ચેતના દેખાતી હતી તે બીજા દિવસનું, બીજા સમય-ગાળાનું, બીજા યુગનું ફક્ત એક પગથિયું જ હશે. એવી કોઈક વસ્તુ આવિર્ભાવ પામે જે ઊર્ધ્વમાં રહેલું હોય પરંતુ તે હજુ આવિર્ભાવ પામવા તૈયાર નથી. આવિર્ભાવ પામવાના બિંદુ પર આવેલ નથી.

નિરાશાઓને કઈ રીતે કાબૂમાં રાખી શકાય ?

ઓહ ! તેને માટે એક બહુ સીધો સાદો રસ્તો છે. નિરાશા ઘણે ભાગે પ્રાણ જગતમાં બની આવે છે. અને વ્યક્તિ જ્યારે પ્રાણિક ચેતનામાં પોતાની જાતને રાખે છે, તેમાં જ જીવે છે, ત્યારે નિરાશા તેના ઉપર વિજય મેળવે છે. ઉચ્ચતર મન, પ્રકાશિત ઊર્ધ્વ મન, ઘણા ઉચ્ચ વિચારો પણ નિરાશાને હાંકી કાઢવાને શક્તિમાન છે. જો કોઈ વિચારની ઊંચી ભૂમિકામાં પહોંચી જાય તો ઘણે ભાગે નિરાશા અદશ્ય બને છે. પણ કોઈ પણ સંજોગોમાં જો કોઈ ચૈત્ય પુરુષનો આશ્રય લે તો નિરાશા માટે કોઈ પણ સ્થાન રહેતું નથી.

ગ્લાનિ બે કારણોને લઈને આવે છે. કાં તો પ્રાણના અસંતોષમાંથી અથવા શરીરમાં રહેલા જ્ઞાનતંતુઓના થાકમાંથી. શારીરિક થાકમાંથી ઉત્પન્ન થયેલી ગ્લાનિને સહેલાઈથી દૂર કરી શકાય છે; માણસે આરામ લેવો જોઈએ. વ્યક્તિ પથારીમાં પડે છે અને સારું લાગે ત્યાં સુધી ઊંઘી લે છે અથવા આરામ કરે છે, સ્વપ્નું જુએ છે અને પડી રહે છે. પ્રાણિક અસંતોષ સહેલાઈથી ઉત્પન્ન થાય છે અને ઘણે ભાગે તેનો સામનો પોતાની બુદ્ધિથી કરવો જોઈએ અને નિરાશા ઉત્પન્ન થવાના કારણને ખંખેરી નાખવું જોઈએ. જે કારણે પ્રાણિક સંતોષમાં ખામી ઉત્પન્ન કરેલી હોય તેને અને પછી માણસે તેની સામે સીધે સીધી નજર માંડવી જોઈએ અને પોતાની જાતને પૂછવું જોઈએ કે તે વસ્તુને પોતાની આંતરિક ઇચ્છા સાથે કાંઈ લેવાદેવા છે કે કેમ ? ઘણે ભાગે વ્યક્તિ શોધી કાઢે છે કે, આંતરિક ઇચ્છાની સાથે તેને કાંઈ પણ સંબંધ નથી અને તેના ઉપર સહેલાઈથી વિજય પ્રાપ્ત કરી શકાય છે અને પોતાની સામાન્ય ક્રિયાઓ પુનઃ ચાલુ કરી શકાય છે. જો તેનાથી સંતોષ ન થાય તો માણસે વધારે ને વધારે ઊંડાણમાં જવું જોઈએ. જ્યાં તેને ચૈતસિક વાસ્તવિકતાનો સ્પર્શ થાય અને પછી તો ચૈતસિક વાસ્તવિકતાનો સ્પર્શ આ નિરાશાની ગતિને કરાવવો જોઈએ અને પછી તે ગ્લાનિ પાતળી હવામાં અદશ્ય થઈ જશે.

અને પ્રાણની પોતાની ભૂમિકામાં યુદ્ધ કરવા માટે તો – વારુ, કેટલીક વ્યક્તિઓ સારા યુદ્ધનિષ્ણાત હોય છે, અને પ્રાણ-તત્ત્વની સાથે ઝઝૂમવાનું તેમને ગમે છે – પરંતુ

તમને સાચી બાબત કહું તો એ પ્રમાણે કરવું ઘણું વધારે અઘરું છે.

એક વખત ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે પછીથી તે પાછો ખસી જાય છે?

હા, ઘણે ભાગે વ્યક્તિને તેની સાથે એકરૂપ થવાની અનુભૂતિઓની હારમાળા સર્જાય છે, પહેલાં ખૂબ તીવ્ર, પછીથી તે પ્રસંગે ધીમે ધીમે ઓછી થતી જાય છે અને છેવટે એક દિવસ તમને લાગશે કે તે બધી અદૃશ્ય થઈ ગઈ છે, તેમ છતાં તમારે અસ્વસ્થ ન બનવું જોઈએ, કારણ કે તે સામાન્ય હકીકત છે. પરંતુ બીજે વખતે – બીજે પ્રસંગે તેનો સંપર્ક સહેલાઈથી સાધી શકાય છે. અને પછી એવી ક્ષણ આવે છે જે બહુ દૂર હોતી નથી, કે વ્યક્તિ જેવી એકાગ્રતા કરે અને અભીપ્સા રાખે કે તરત જ તે તેના સંપર્કમાં આવી જાય છે. તેને બધો જ સમય ટકાવી રાખવાની શક્તિ વ્યક્તિમાં કદાચ ન હોઈ શકે, પણ જ્યારે પોતાની ઇચ્છા થાય ત્યારે તેને તે મેળવી શકે છે. પછીથી તે ક્ષણથી વસ્તુઓ બહુ સહેલી બને છે જ્યારે કોઈને લાગે કે કાંઈક તકલીફ છે, અથવા કોઈ પ્રશ્ન હલ કરવાનો છે, અથવા કોઈને પ્રગતિ કરવી છે, અથવા કોઈ ગ્લાનિ ઉપર કાબૂ મેળવવાનો છે કે કોઈ તકલીફ ઉપર વિજય મેળવવો છે અથવા ફક્ત તદ્રૂપતાનો આનંદ લેવો છે (કારણ કે આ અનુભવ એવો હોય છે કે તે સઘન આનંદ આપે છે; તદ્રૂપતા વખતે ખરેખર ખૂબ ખૂબ તીવ્ર આનંદ આવે છે) તે વખતે, કોઈ પણ ક્ષણે, વ્યક્તિ જરા અટકીને થોડો સમય એકાગ્રતા કરે અને અભીપ્સા કરે ત્યારે કુદરતી રીતે જ સંપર્ક સધાઈ જાય છે અને જે જે પ્રશ્નોનો ઉકેલ લાવવાનો હતો તે બધા હલ થઈ જાય છે. ફક્ત એકાગ્રતા કરવાની – બેસી જવાનું અને એકાગ્રતા કરવાની – આ રીતે અભીપ્સા કરવાની – અને એમ કહીએ કે તાત્કાલિક સંપર્ક સધાઈ જાય છે.

મેં કહ્યું તે પ્રમાણે એક એવો સમય આવે છે, જ્યારે આ વસ્તુ ચાલી જતી નથી એટલે કે, તે તમારી ચેતનાનાં ઊંડાણોમાં રહેલો હોય છે, અને તમે જે કાંઈ કરો તેને આધાર આપતો હોય છે. અને તેની સાથેનો તમારો સંપર્ક કદી તૂટતો નથી. પણ ઘણી વસ્તુઓ અદૃશ્ય થઈ જાય છે. દા. ત. તેમાંની એક નિરાશા છે, અસંતોષ, બળવો, થાક, ગ્લાનિ આ બધી જ તકલીફો – અને જો કોઈ માણસ એક ડગલું પાછા હટવાની ટેવ પાડે, આપણે કહીએ કે પોતાની ચેતનામાં અને પોતાની ચૈતસિક ચેતનાના પડદા ઉપર નજર નાખે – બધા જ સાંજોગો, બધા બનાવો, બધા વિચારો અને બધું જ જ્ઞાન, બધું જ – જુએ, તો તે ક્ષણે તેને 'તે'નું દર્શન થાય. અને તેણે જે કોઈ વસ્તુ કરવી હોય તેનો માર્ગદર્શક બને છે, પરંતુ ચોક્કસ આ વસ્તુ ખરેખર, ઘણો ઘણો લાંબો સમય માગી લે છે.

પરંતુ એ જરૂરી નથી કે જીવનમાં પ્રાણમાંથી મુકત થવા માટે અને અવ્યકતની સાથે એકય સાધવા માટે સર્વ પ્રકારના અહંકારમાંથી મુકત થવું એટલું જ નહિ પરંતુ બિલકુલ અહંકાર જ ન રાખવો ?

સ્વાભાવિક રીતે જ.

પરંતુ આ પ્રકારનું વલણ રાખીને અવ્યકતની સાથે અદ્વૈત સાધવું અને દુનિયાને તેના દુઃખમાં રહેવા દેવી એ સ્વાર્થ નથી ?

હા, અને પછી જે બને છે તે ઘણું નોંધપાત્ર હોય છે. પરિણામ તેનું તે જ હોય છે. જેમણે તે પ્રમાણે કર્યું હોય છે તેમને છેવટની ઘડીએ એક પ્રકારનું એવું સૂચન આવે છે કે તેમણે જગતમાં પાછા ફરવું અને તેમનાં કાર્યો ચાલુ રાખવાં. એ જાણે એમ બને છે કે, તેઓ દ્વાર સુધી પહોંચી ગયા અને – "અરે ! નહીં, નહીં, હજુ નહીં. પાછા ફરો અને કામ કરો. જ્યારે જગત તૈયાર થઈ જશે ત્યારે આ બધું બરાબર થઈ જશે."

ખરેખર મુશ્કેલીઓની સામે લડતનું આવું વલણ એ પરમ સ્વાર્થ છે. તેમને એમ કહેવામાં આવે છે, "આ કરો અને તે કરો અને બીજાં બધાંએ આ કરેલું છે. આખી દુનિયા બરાબર ચાલશે." પરંતુ આ તો ફક્ત નાનો પસંદ કરાયેલો માણસોનો ઉચ્ચ વર્ગ છે જે આ પ્રમાણે કરી શકે છે અને ચોક્કસ આ પ્રકારના માણસો જગતને બહુ ઉપયોગી હોય છે. કારણ કે બીજાઓ કરતાં તેઓને વસ્તુઓ વિષે વધારે જ્ઞાન હોય છે. તેમણે મુશ્કેલીઓ ઉપર વિજય મેળવેલો હોય છે અને જ્યાં બીજાં બધાં કાર્ય કરી શકે તેમ ન હોય ત્યાં તેઓ અન્યને મદદરૂપ બને છે. પરંતુ આખો માનવ સમુદાય, આ વિશાળ માનવ સમુદાય .... કારણ કે જ્યારે કેટલાક માણસો સફળ થયા હોય – ફક્ત અમુક સેંકડો – ત્યારે વ્યક્તિ એમ વિચાર કરવા પ્રેરાય કે, તે 'માનવતા' છે, પરંતુ ખરી રીતે કહીએ તો એ અમુક પ્રકારના ચુનંદા માનવો છે. એ પસંદ કરાયેલા હોય છે, માનવોનો આ વિશાળ સમુદાય જે પૃથ્વી ઉપર ચારે તરફથી ફેલાયેલો છે, – ફક્ત ભારતમાં જ જે વિપુલ વસતિ – ભયંકર – જે ગામડાંઓમાં વસે છે તેમને માટે મુક્તિ માટેનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. તેમ આ જગતમાંથી બહાર આવીને આધ્યાત્મિક જીવન જીવવાનો પણ પ્રશ્ન નથી. તેમને પોતાની જાત વિશે પણ સભાન બનવાનો સમય નથી. તેઓ જાણે કે, હળની જોડે જોડાયેલા અશ્વોની માફક તેઓ પોતાના કામને જ વળગેલા હોય છે. તેઓ એક પ્રકારની ઘરેડમાં ચાલ્યા જ કરે છે અને ઘણે ભાગે તે તેમાંથી બહાર નીકળી શકતા નથી તેથી તેમને એમ ન કહી શકાય કે, "હું કરું છું તેમ તમે કરો અને બધું બરાબર થઈ જશે." કારણ કે " હું કહું તેમ તમે કરો" એનો કોઈ

અર્થ નથી. કેટલાક સો એક માણસો એવા હોઈ શકે જેઓ તે પ્રમાણે કરી શકે, તેનાથી વધારે સંખ્યામાં નહિ !

શા માટે શરીરને થાક લાગે છે ? આપણે ઓછી કે વત્તી નિયમિત પ્રવૃત્તિઓ કરીએ છીએ પરંતુ કોઈક દિવસ આપણે શકિતથી ભરપૂર હોઈએ છીએ, અને બીજે દિવસે બિલકુલ થાકેલા હોઈએ છીએ.

ઘણે ભાગે આવું એક પ્રકારની આંતરિક અસમતુલાને લઈને બને છે. તેના માટે ઘણાં કારણો હોઈ શકે, પરંતુ તેમાં આ પ્રકારનું જ બને છે : જીવનના જુદા જુદા ભાગોમાં આવી રહેલી એક પ્રકારની અસમતુલા. એવું પણ શકય બને કે કોઈ એક દિવસે માણસમાં પૂરતી શકિત હતી. તેનો તેણે ઘણો વ્યય કર્યો. જો કે બાળકોમાં આમ બનતું નથી; બાળકો શકિતનો ખર્ચ ત્યાં સુધી કરે જ્યાં સુધી તેની પાસે શકિત હોય. બાળકને આપણે પ્રવૃત્તિશીલ જોઈએ છીએ અને થોડા સમયમાં તે ધસઘસાટ ઊંઘમાં સરી પડે છે. હમણાં જ તે હરતું, ફરતું, દોડતું ત્યાં હતું અને ઓચિંતા જ બસ પૂરું થઈ ગયું, તે ઊંઘી જાય છે. અને આ રીતે જ તે મોટું થતું જાય છે, વધારે ને વધારે શકિતશાળી થતું જાય છે. પરિણામ રૂપે, શકિતનો વ્યય કરવો તે તેમને માટે નુકસાન કરતો નથી. શકિતના વ્યયને આરામ આપવાથી તેનો બદલો મળી રહે છે – તે બહુ સારું થઈ જાય છે. ના, આ એક પ્રકારની અસમતુલા છે : વ્યકિતમાં આવેલા જુદા જુદા ભાગોમાં આવેલી સંવાદિતતા યોગ્ય પ્રમાણમાં નથી.

માણસો ધારે છે કે તેમણે કાયમ માટે જે કામ તેઓ કરતા હોય છે તે ચાલુ રાખવાનું હોય છે અથવા જે ચેતનામાં તેઓ રહેતા હોય તેમાં જ રહીને દિવસ પછી દિવસ પોતાનું નાનકડું કામ કર્યે રાખવાથી બધું જ બરાબર ચાલશે. પરંતુ વસ્તુસ્થિતિ તે પ્રમાણે નથી. ઓચિંતા એક યા બીજા કારણસર, તમારી અંદરનો કોઈક ભાગ, – તમારી લાગણીઓ અથવા તમારા વિચારો અથવા તમારો પ્રાણ – પ્રગતિ સાધે છે, તે ભાગે કાંઈક શોધી કાઢયું છે, તેને કાંઈક પ્રકાશ મળ્યો છે, અને પ્રગતિ થઈ છે. પ્રગતિ માટે એક આગળ ઠેકડ મારે છે, અને બાકીનું બધું પાછળ રહી ગયું છે. આ એક અસમતુલા લાવે છે. તે તમને ખૂબ થાક લગાડવા માટે પૂરતું છે. પણ હકીકતમાં, તે થાક નથી : તે એવી વસ્તુ છે કે જે ઈચ્છે છે કે તમે શાંત બનો, એકાગ્ર થાઓ, તમારી પોતાની અંદર મગ્ન રહો, અને એ પ્રમાણે બનીને તમારી અંદર રહેલા સ્વરૂપના જુદા જુદા ભાગો વચ્ચે ધીરે ધીરે નવી સમતુલાનું સ્થાપન થાય અને અમુક ક્ષણે એક પ્રકારના આરામની ખાસ જરૂર હોય છે, કે જેથી પોતે જે કાંઈ મેળવ્યું હોય તેને પચાવી શકાય અને શરીરના જુદા જુદા ભાગોની અંદર સમતુલાનું સ્થાપન કરી શકાય.

હવે, તમે જાણો છો કે, શારીરિક દૃષ્ટિબિંદુથી માનવીઓ ભયગ્રસ્ત અજ્ઞાનમાં જીવે છે. તેઓ ચોક્કસ રીતે તે વિશે કહી શકતા પણ નથી .... દા.ત. તમે દરેક આણા વખતે ચોક્કસ કહી શકશો કે કેટલા પ્રમાણમાં અને કયા પ્રકારના ખોરાકની તમારા શરીરને જરૂર છે ? – ફક્ત આટલું જ, વધારે નહિ : તમારે કેટલું ખાવું જોઈએ અને કયારે ખાવું જોઈએ .... તમે તેને વિશે કાંઈ જાણતા નથી. તમને આછો પાતળો ખ્યાલ હોય છે, એક પ્રકારની કલ્પના અથવા અટકળ અથવા તારણ અથવા .... આવી ઘણી પ્રકારની વસ્તુઓ જેને જ્ઞાનની સાથે કાંઈ લેવાદેવા નથી. પરંતુ તે વિષેનું ચોક્કસ જ્ઞાન : મારે આ વસ્તુ જ ખાવી પડશે, મારે આટલા પ્રમાણમાં જ ખાવું પડશે અને પછી પૂરું થયું. "મારા શરીરને આ વસ્તુની ખરી જરૂર છે." સારું, તે થઈ શકે છે. એક સમય એવો છે કે જ્યારે માણસને તેની બહુ સારી રીતે ખબર હોય છે પરંતુ તે વર્ષોની મહેનત માગે છે. અનેક વર્ષો સુધી સખત કામ કરવું પડે છે, કોઈ પણ જાતના માનસિક નિયંત્રણ વગર. એવી ચેતનાથી જે એટલા પ્રમાણમાં સૂક્ષ્મ હોય કે તે રૂપાંતર અને પ્રગતિનાં તત્ત્વો સાથે એક સંબંધ સ્થાપી શકે. પોતાના શરીરને માટે ચોક્કસ પ્રમાણમાં કેટલો શારીરિક શ્રમ કરવો કે સ્થૂલ ક્રિયાઓ કરવી કે કેટલી શક્તિનો વ્યય કરવો અને શક્તિ પાછી મેળવવી તે નક્કી કરવાનું જાણી લેવું તે પણ જરૂરી છે. જેથી કરીને જે મેળવેલું હોય અને જેનો વ્યય કર્યો હોય તેનું પ્રમાણ જળવાઈ રહે, અને શક્તિઓનો ઉપયોગ જે સમતુલા ભાંગી ગઈ હોય તેના સમારકામમાં વાપરી શકાય. અને જે કોષો પ્રગતિની કૂચમાં પાછળ પડતા હોય તેને ઉત્પન્ન કરી શકાય, અને ઉચ્ચતર પ્રગતિની શકયતા માટે સંજોગો સર્જી શકાય વગેરે .... આ બધું એક ભયંકર કામ છે. અને તેમ છતાં, જો પોતાના શરીરનું રૂપાંતર કરવાની ઇચ્છા હોય તો તે વસ્તુ કરવી જ પડશે. પ્રથમ તો આંતરિક ચેતનાની સાથે તેને પૂરેપૂરું સંવાદમાં મૂકવું પડશે. અને તે કરવા માટે, દરેક કોષમાં તે કાર્ય કરવાનું છે અથવા એમ કહીએ કે, દરેક નાનામાં નાની ક્રિયામાં, અવયવની દરેક હિલચાલમાં, ફક્ત આ કરવા માટે જ માણસ બીજું કાંઈ પણ કર્યા સિવાય દિવસ અને રાત્રિ દરમિયાન કાર્યરત રહી શકે છે .... માણસને પ્રયત્ન ચાલુ રાખવો પડતો નથી અને, વધારામાં, એકાગ્રતા કે આંતર દર્શનની પણ જરૂર નથી.

મેં તો ફક્ત ઉપરછલ્લો પ્રશ્ન તમારી પાસે મૂકયો : તમને નવાઈ લાગશે કે માણસે કેટલા પ્રમાણમાં ખાવું જોઈએ. તેના વિશે તે બરાબર જાણી શકે છે એટલું જ નહીં પણ અમુક સમયે શું ખાવું જોઈએ અને કયા સમયે ખોરાક લેવો જોઈએ અને ફરીને ખોરાક લેવા માટે કયારે તૈયાર થઈ શકશે ? સારું, આ તો પ્રશ્નનો સાવ ઉપરછલ્લો ભાગ થયો, પરંતુ જો તમે કોષોના સંયોજનમાં પ્રવેશ કરો અને આંતરિક વ્યવસ્થામાં પ્રવેશો, જેથી કરીને આ બધી વસ્તુઓ અવતરણ

કરતી શક્તિને પ્રત્યુત્તર આપવા માટે તૈયાર થાય . . . . પ્રથમ તો તમે તમારા શારીરિક કોષો વિશે સભાન છો, તેમની જુદી જુદી ખાસિયતો, ક્રિયાઓ, ગ્રહણ-શીલતાની માત્રા વિશે સભાન છો, શું તંદુરસ્ત છે અને શું નથી ? તેને વિશે તમે ખાતરીથી એમ કહી શકો છો કે કયારે તમે થાકેલા છો અને શા માટે થાકેલા છો ? જ્યારે કોઈક જગ્યાએ કંઈક ખોટું હોય ત્યારે તમે કહી શકો, "મારે આને લઈને સહન કરવું પડે છે?" . . . શા માટે લોકો ડૉકટરો પાસે દોડી જાય છે ? કારણ કે તેઓ એવા ભ્રમમાં હોય છે કે ડૉકટરો તેમના કરતાં શરીરની અંદર તપાસવાનું અને અંદર શું ખોટી રીતે ચાલી રહ્યું છે તે તેમના કરતાં વધારે જાણે છે. આ કાંઈ બહુ બુધ્ધિયુકત લાગતું નથી. પણ તેમ છતાં તેની ટેવ પડેલી છે ! પરંતુ જે વ્યકિત પોતાની અંદર અને ચોક્કસ રીતે કોણ જોઈ શકે છે અને કઈ વસ્તુમાં ખલેલ પહોંચી છે તેને બરાબર જાણે છે ? શા માટે અને કઈ રીતે તકલીફ થઈ છે ? તે તમે જોઈ શકો છો. અને આ ફકત સરળ નિરીક્ષણનું જ કાર્ય છે; પછીથી માણસે તેને વ્યવસ્થિત પાછું કરી દેવા માટે જે વસ્તુની જરૂર હોય તે કરી લેવી જોઈએ. અને તે તો તેનાથી વધારે અઘરી વસ્તુ છે.

સારું, આ તો શરીરના રૂપાંતર માટેના પ્રથમાક્ષરો છે. Voila.

૩ માર્ચ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી માતાજીનો લેખ "મૃત્યુનો ભય અને તેના ઉપર વિજય મેળવવાની ચાર રીતો' ઉપર આધારિત છે.

મધુર માતાજી ! હું છેલ્લા ફકરાનો છેલ્લો ભાગ સમજ્યો નહીં : "મૃત્યુ ઉપર વિજય મેળવવાની એક બીજી રીત પણ છે, પરંતુ તે એટલા બધા ઓછા માણસોની પહોંચમાં હોય કે, અહીં મેં ફકત માહિતીના રૂપે જ ઉલ્લેખ કરેલો છે, જયારે માણસ જીવંત હોય છે ત્યારે જ તેણે જાણીબૂઝીને અને સચેતન રીતે મૃત્યુના પ્રદેશમાં પ્રવેશ કરવાનો હોય અને પછીથી તે પ્રદેશમાંથી પાછા ફરીને સ્થૂલ શરીરમાં પુનઃ પ્રવેશ કરીને પૂરા જ્ઞાન સહિત ભૌતિક અસ્તિત્વનું સંચાલન હાથમાં લેવાનું હોય છે. પરંતુ તેના માટે માણસે ગુહ્યવિદ્યાના સાધક બનવું જોઈએ."

તમારે શું કહેવું છે ? મારો કહેવાનો અર્થ તમને સમજાયો નથી ? મને તેનાથી આશ્ચર્ય થતું નથી ! કોઈને પણ આ બાબતમાં સમજાયું છે ? . . .

આ એવા પ્રકારનો પ્રદેશ છે કે જેના માટે તમારી સાથે વાત કરવા અત્યાર સુધી મેં મારી જાતને અટકાવી રાખી છે, કારણ કે તેમાં પ્રવેશ કરવાને માટે વ્યકિતએ પોતાની જાત વિશે ખૂબ સભાન બનવું જોઈએ, તેનામાં પ્રતિભાવો ઉપર સારો કાબૂ હોવો જોઈએ અને તેમાં પ્રવેશ કરવા માટે તેણે ભયની બધી જ શકયતાઓથી પર રહેવું જોઈએ. – આ જ્ઞાનને આધુનિક જગતમાં વૈજ્ઞાનિક જ્ઞાન તરીકે ભાગ્યે જ ઓળખવામાં આવે છે, પરંતુ ખરેખર તે વૈજ્ઞાનિક છે જ, એ અર્થમાં કે, તેને ચોક્કસ પ્રકારની પ્રક્રિયાઓ હોય છે, અને જો સંજોગોને બરાબર રીતે ઉત્પન્ન કરવામાં આવે તો તેમાં ધારેલાં પરિણામો લાવી શકાય છે. તે પ્રગતિ સાધતું વિજ્ઞાન છે અને માણસ પોતાની જાતને તેમાં સમર્પિત કરી દઈ શકે છે, ઠીક ઠીક પ્રમાણમાં નિયમિત પ્રગતિ સાધી શકે છે, અને આધુનિક સમયમાં જે સર્વ વિજ્ઞાનોને તર્કબદ્ધ ગણવામાં આવે છે તે રીતનું જ તે તર્કબદ્ધ જ્ઞાન છે. પરંતુ આ વિજ્ઞાન એક એવા પ્રકારની વાસ્તવિકતા સાથે સંબંધ ધરાવે છે કે જેને, સૌથી સ્થૂલ ભૌતિક

પ્રદેશ સાથે કાંઈ લેવાદેવા તથી. તે પ્રદેશમાં સચેતન બનવા માટે વ્યકિત પાસે વિશિષ્ટ પ્રકારની શકિતઓ અને વિશિષ્ટ પ્રકારનો વિકાસ સાધેલો હોવો જોઈએ કારણ કે આપણી સામાન્ય ઈન્દ્રિયોની પકડમાં તે વસ્તુ આવતી નથી.

આપણામાં સૂક્ષ્મ ઈન્દ્રિયો હોય છે; આપણે જેમ સ્થૂલ શરીર ધારણ કરીએ છીએ તેમ આપણાં બીજાં સૂક્ષ્મ શરીરો હોય છે, તેમને પણ ઈન્દ્રિયો હોય છે, આપણી શારીરિક ઈન્દ્રિયો કરતાં તે ઈન્દ્રિયો વધારે શુદ્ધ, વધારે ચોક્કસ અને વધારે શકિતશાળી હોય છે. પરંતુ એ કુદરતી છે કે, આધુનિક શિક્ષણમાં આ પ્રદેશોમાં કાર્યો કરવાની આદત ન હોવાથી આ વસ્તુઓ આપણા સામાન્ય જ્ઞાનની બહાર હોય છે. પરંતુ બાળકો સાહજિક રીતે આ પ્રદેશમાં ઘણો લાંબો સમય રહે છે. તેઓ આ વસ્તુને, ભૌતિક વસ્તુઓને આપણે જોઈએ તેટલી સાચી રીતે જ જુએ છે, અને તેમના વિશે વાતચીત પણ કરે છે – અને તેઓને ઘણે ભાગે એમ કહેવામાં આવે છે કે તેઓ મૂર્ખ છે, કારણ કે તેઓ એવી વસ્તુઓ વિષે વાત કરે છે જેને બીજાઓ જોઈ શકતા નથી પરંતુ તેમના માટે તો આ વસ્તુઓ બીજાઓ જે વસ્તુઓ જોઈ શકે તેવી જ સાચી, પ્રત્યક્ષ અને વાસ્તવિક હોય છે. તેમનાં સ્વપ્નાંઓમાં એક તીવ્રતા હોય છે અને તેમના જીવનમાં તે ખાસ અગત્યતા હોય છે. અને તેમના મગજના વધારે વિકાસની સાથે આ શકિતઓ ક્ષીણ થતી જાય છે. હવે કેટલાક લોકો એવા હોય છે કે જેઓ નૈસર્ગિક વિકાસ સાથે જ જન્મવાને ભાગ્યશાળી હોય છે, તેઓમાં આંતર ઈન્દ્રિયો હોય છે. અને તેમની જાગૃતિ ટકાવી રાખવામાંથી કોઈ વસ્તુ તેમને અટકાવી શકતી નથી. જો આવા માણસોને સમયસર કોઈ વ્યકિત પદ્ધતિસરના વિકાસમાં મદદ કરવા માટે મળી જાય, તો આ ગુહ્ય જગતના સંશોધન અને અભ્યાસ માટે આવા માણસો સારાં સાધનો બની શકે છે. દરેક યુગમાં કેટલીક દીક્ષા આપનારી સંસ્થાઓ હતી જેઓ પ્રતિભાશાળી લોકોને ખાસ કરીને ઉપાડી લેતી, અને આ પ્રકારના વિજ્ઞાનમાં શિક્ષણ આપતી આવી સંસ્થાઓ કાયમ ઓછા કે વત્તા અંશે ગુપ્ત અથવા છૂપી રહેતી, કારણ કે, સામાન્ય માણસો તેમનામાં પોતામાં રહેલી શકિતઓથી ઊર્ધ્વમાં રહેલી શકિતઓ વિશે અસહિષ્ણુ રહે છે – અને તેથી તેમને હેરાન કરે છે. પરંતુ માનવ-ઈતિહાસમાં કેટલાક સુંદર ગાળાઓ આવેલા છે જ્યારે આવી સંસ્થાઓ પ્રખ્યાત હતી. અને તેમની ઘણી પ્રશંસા થતી, તેમ જ તેમને માન મળતું. જેમ કે પ્રાચીન ઈજિપ્તમાં પ્રાચીન કાલ્ડિયામાં, પ્રાચીન ભારતમાં, અને અંશત: ગ્રીસમાં અને રોમમાં મધ્યયુગના યુરોપમાં પણ આવી દીક્ષા આપનારી સંસ્થાઓ હતી પણ તે સંસ્થાઓને સંભાળપૂર્વક ગુપ્ત રાખવામાં આવતી કારણ કે સત્તાધારી ક્રિશ્ચિયન ધર્મ તેમની પાછળ પડી જતો અને તેમને ત્રાસ આપતો અને જો નસીબજોગે આવા પ્રકારની ગુહ્ય વિદ્યાઓનું અનુસરણ

કરનારા અમુક અમુક પુરુષો અથવા સ્ત્રીઓ, તેમને મળી આવે તો તેઓને તેઓ થાંભલા સાથે બાંધીને જાદુગરોની માફક જીવતા સળગાવી દેતા ! હાલના સમયમાં આ જ્ઞાન લગભગ લુપ્ત થયું છે; આ જ્ઞાનને ધારણ કરનારા બહુ ઓછા છે; પરંતુ માનસિક વિકાસની સાથે આ અસહિષ્ણુતા ચાલી ગઈ છે. લોકોને આવી વસ્તુઓ બહુ પસંદ પડતી નથી, તેઓ તેનાથી હેરાન થાય છે અને તેમને ગુસ્સો આવે છે પણ તેમ છતાં તેઓ એટલું તો કબૂલ કરે છે કે આ વસ્તુઓ ગુનો નથી અને ગુહ્ય વિદ્યાનું આચરણ કરનાર લોકોને હવે થાંભલા સાથે બાંધીને બાળી નાખવામાં અથવા કારાવાસમાં પૂરતા નથી. ફકત ઘણા બધા માણસો આ વસ્તુઓના જ્ઞાનની જાહેરાત કરે છે, પરંતુ ખરેખર આવું જાણનારા બહુ ઓછા છે. કોઈ પણ રીતે આ અભ્યાસમાં પ્રવેશ મેળવતાં પહેલાં, મેં તમને પહેલાં કહ્યું તે પ્રમાણે માણસમાં ખૂબ આત્મ–પ્રભુત્વ હોવું જોઈએ, અને તેમનામાં પરિત્યાગ, આત્મ–વિસ્મરણ, અહંકાર વિમુકિત બિન–આસકિત અને સ્વાર્પણની ભાવના હોવી જોઈએ કે જેથી તે વ્યકિત કોઈ પણ જાતના જોખમ વગર આ વસ્તુનો અમલ કરી શકે, કારણ કે જો તમે બધી અહંકાર અને આવેગયુકત ગતિવિધિઓ રાખો જે કામના-યુકત હોય, તો એટલી ખાતરી રાખજો કે આ વિજ્ઞાનને અમલમાં મૂકવામાં તમને અકસ્માતો નડશે અને કદાચ વિનાશકારક પરિણામો પણ આવે; મેં શરૂઆતમાં કહ્યું કે, આને માટે એકમાત્ર અનિવાર્ય શરત એ છે કે તમારામાં એવા પ્રકારની બહાદૂરી હોવી જોઈએ કે તમે કોઈ પણ પ્રકારની બીકને તમારી અંદર પ્રવેશવા ન દો કારણ કે વારંવાર તમને કહેવામાં આવ્યું છે અને તે બિલકુલ સત્ય છે કે જ્યારે તમે આ અદશ્ય રાજ્યમાં પ્રવેશ કરો છો, ત્યારે તમને જે પહેલવહેલી વસ્તુઓનો ભેટો થાય છે, તે શબ્દશ: ભયજનક હોય છે. એટલા માટે કોઈ પણ માણસને આ વિજ્ઞાન શીખવા માટે દાખલ કરવામાં આવતો, તે પહેલાં એક ઘણો ઘણો લાંબો સમય સુધી, ઘણાં વર્ષો સુધી, નવીન સાધકને એક એવી શિસ્ત નીચેથી પસાર કરવામાં આવતો કે જે શિસ્ત તેને એવી ખાતરી આપતી કે કોઈ પણ જાતની ભીતિ અથવા જોખમ વગર તે તેનો અનુભવ કરી શકે. એટલા માટે, મારાં બાળકો, મેં તમારી સાથે આ વસ્તુ વિશે વાતચીત કરી નથી. આ લેખ ખાસ કરીને તમારા માટે ન હતો – 'બુલેટીન' આખા જગતમાં જાય છે અને તે અહીં અથવા ત્યાં જે માણસો તૈયાર હોય તેમને પહોંચી શકે છે. પરંતુ તેમ છતાં તે લખાયો છે તેથી, આજની સાંજે હું તમારી સાથે વાતચીત કરું છું અને તમને કહું છું કે તમારામાંના કોઈને આ વિશિષ્ટ પ્રકારનું વલણ હોય, તમે વિશિષ્ટ પ્રકારની શકિતઓ ધરાવતા હો, અને દરેક જાતની નબળાઈ, અહંકાર અને બીકના ઉપર વિજય મેળવવા માટે તમે કોઈ તૈયાર હો, તો તમારા રસ્તા ઉપર હું તમને મદદ કરવા

તૈયાર છું, હું તેવી વ્યક્તિને મદદ કરવા તૈયાર છું અને તેની પાસે આ રહસ્યોને ખુલ્લા કરવા માટે હું તૈયાર છું.

મારે માટે આ કાર્ય હાથ ઉપર લેવા માટે, તમારે થોડા વધારે પરિપકવ થવું પડશે.

અમે કયારે તૈયાર થઈશું મધુર માતાજી ?

મારાં બાળકો ! તે તમારા પોતાના ઉપર આધાર રાખે છે. હું જ્યારે બાર વર્ષની હતી ત્યારે ગુહ્ય વિદ્યાનો અભ્યાસ કરતી પરંતુ મારે એટલું કહેવું પડશે કે, મને કોઈ પ્રકારની બીક ન હતી, મને કોઈ વસ્તુની બીક ન હતી. માણસ પોતાના શરીરમાંથી બહાર નીકળી જાય છે, પરંતુ એક લગભગ અદૃશ્ય એવી દોરી સમાન વસ્તુથી બંધાયેલો હોય છે; જો તે દોરી કાપી નાખવામાં આવે, તો બધું પૂર્ણ થઈ જાય. જીવનનો પણ અંત આવી જાય. વ્યક્તિ બહાર જાય છે, અને જે વિશ્વમાં તે પ્રવેશ કરે છે તે જગતને જોવાની શરૂઆત કરે છે અને ઘણું ખરું જે વસ્તુઓને સૌથી પ્રથમ તે જુએ છે, તે, મેં કહ્યું તે મુજબ ભીતિજનક હોય છે. કારણ કે તમારા માટે, હવા ખાલી છે, તેમાં કાંઈ નથી – તમે, કાંઈક વાદળી અથવા સફેદ જુઓ છો, કેટલાંક વાદળો છે, સૂર્યકિરણો છે અને એ બધું જે છે તે ખૂબ સુંદર છે – પરંતુ જ્યાં તમને જુદી જ દૃષ્ટિ મળે, ત્યાં તમે જોશો કે ટોળાબંધ નાની નાની રચનાઓ જે બધી જ, ઇચ્છાઓ અને માનસિક વિકૃતિઓના અવશેષ છે, તે બધી જ ટોળાબંધ અંદર ધસી આવે છે. તમે સમજ્યા, એક સમૂહમાં, અને આ કાંઈ બહુ સુંદર હોતું નથી. કેટલીક વખત તો તે બહુ બેડોળ હોય છે. આ તમારા પર હુમલો કરે છે, તે આવે છે, તમારા પર દબાણ કરે છે, તમારા પર હલ્લો કરે છે; અને જો તમે ડરી જાઓ તો તે ભયંકર બીક લગાડે એવાં રૂપો લે છે. સ્વાભાવિક રીતે જ જો તમે થથરી ન જાઓ, જો તમે તેમના સામે તંદુરસ્ત જિજ્ઞાસાથી જુઓ, તો તમે જોશો કે તેઓ બિલકુલ ભીતિજનક નથી. તે બહુ સુંદર ન હોઈ શકે, પણ તે બહુ બિહામણું પણ હોતું નથી.

હું તમને એક નાની વાત કહીશ.

હું એક ડેનિશ ચિત્રકારને ઓળખતી હતી. જે ખૂબ બુદ્ધિશાળી હતો અને તેને ગુહ્યવિદ્યા શીખવી હતી. તે અહીં આવ્યો હતો, તમે જાણો છો, અને તે શ્રી અરવિંદને મળેલો; તેણે તેમનું ચિત્ર પણ બનાવેલું. તે યુદ્ધ દરમિયાન બનેલું, અને જ્યારે ફ્રાન્સમાં પાછો ફર્યો ત્યારે તેને મારી પાસેથી હું તેને થોડું આ ગુહ્ય વિજ્ઞાન શીખવું એવી ઇચ્છા હતી. મેં તેને શરીરમાંથી કઈ રીતે બહાર નીકળવું વગેરે અને કાબૂ કઈ રીતે રાખવો, અને એવું બધું શીખવ્યું. અને મેં તેને કહેલું કે, સૌથી

પ્રથમ વસ્તુ છે, કોઈ પણ પ્રકારની ભીતિ ન રાખવી. અને પછી એક દિવસ મને તે કહેવા આવ્યો કે તેને આગળની રાત્રિએ એક સ્વપ્ન આવ્યું હતું, પરંતુ તે સ્વપ્ન નહોતું, કારણ કે, મેં કહ્યું તે પ્રમાણે, કઈ રીતે તેણે શરીરમાંથી બહાર નીકળવું તે થોડું થોડું જાણતો હતો, અને તે સજ્ઞાન રીતે બહાર ગયેલો અને એક વખત જ્યારે તે શરીરની બહાર નીકળેલો અને જે જોવાલાયક વસ્તુઓ હતી તે ચારે બાજુ જોવા લાગ્યો ત્યારે, ઓચિંતા તેણે એક ભયંકર વાઘને તેની તરફ આવતો જોયો, અને તે બહુ ભયંકર વૃત્તિથી તેની પાસે નજીક આવતો હતો.... તેને મેં કહેલું તે યાદ હતું, કે તેણે ડરવું નહીં. એટલે તે પોતાની જાતને કહેવા લાગ્યો, "કોઈ ભય નથી, મને રક્ષણ છે, મને કાંઈ થવાનું નથી, હું રક્ષણની શક્તિથી આવરિત છું." અને તેણે વાઘની સામે તે રીતે, કોઈ પણ જાતની બીક વગર જોવાનું શરૂ કર્યું. અને જેવી તેણે વાઘ સામે દૃષ્ટિ કરીને જોયું તો તાત્કાલિક તે વાઘ નાનો, અને નાનો અને નાનો થતો ગયો – તે બિલકુલ નાની બિલાડી બની ગયો ! (હાસ્ય)

વાઘ શેનું પ્રતીક છે ?

તે કદાચ આવું હતું. તે દિવસે તે કોઈના ઉપર ગુસ્સે થયેલો, તેણે મિજાજ ગુમાવેલો, અને દુષ્ટ વિચારો સેવેલા; તેણે આશા રાખેલી કે પેલા સામા માણસને કશુંક ખરાબ બનશે. એ ગુહ્ય વિદ્યામાં એક "પ્રતિઘાત" હોય છે. તમે એક અશુભ વિચાર બહાર મોકલો અને તે તમારા તરફ હલ્લો કરતો પાછો ફરે છે. તે જ બરાબર કારણોમાંનું એક છે કે શા માટે તમારે તમારી લાગણીઓ, સંવેદનો, વિચારો ઉપર સંપૂર્ણ કાબૂ હોવો જોઈએ; કારણ કે જો તમે કોઈ ઉપર ગુસ્સે થાઓ અથવા તેના વિશે દુષ્ટ વિચારો કરો, અથવા જો, વધારે ખરાબ તો એ છે કે, તમે તે માંદો પડે તેમ ઈચ્છો, તો, વારુ, તમારા સ્વપ્નમાં તમે આ માણસને ખૂબ આક્રમક રીતે તમારા પર હલ્લો કરતો જોશો, પછી તમે જો આ વસ્તુઓ જાણતા ન હો તો તમે કહો, "બરાબર છે. હું આ માણસની વિરુદ્ધ ખરાબ વિચાર કરવામાં સાચો હતો !" પરંતુ હકીકતમાં, તે વસ્તુ તે પ્રમાણે બિલકુલ નથી. એ તમારો વિચાર જ તમારા તરફ પાછો ફરે છે. અને તે વ્યક્તિને જે વસ્તુ બની ગઈ તેનું બિલકુલ ભાન પણ ન હોય એવું બને, કારણ કે... આ ગુહ્યવિદ્યાના નિયમોમાંનો અને એક સાવ સામાન્ય નિયમ છે કે – જો તમે કોઈ રચના કરો, દાખલા તરીકે કોઈ માનસિક રૂપ કે કોઈ વ્યક્તિને એક અકસ્માત અથવા કાંઈક દુઃખદાયક બનાવ બને તેવી રચના ત્યારે તમારી આ રચનાને જ્યારે તમે બહાર બીજા માણસ પર મોકલો, જો તે માણસ ચેતનાની ઉચ્ચ સ્થિતિમાં હોય અને કોઈ પણ અનિષ્ટ

વસ્તુની ઇચ્છા ન કરતો હોય, બિલકુલ તટસ્થ હોય અને આ પ્રસંગ પ્રત્યે બેપરવા હોય, તો તે રચના તે માણસના વાતાવરણમાંથી પાછી ફરશે અને તેમાં પ્રવેશ કરવાને બદલે જેણે તેનું સર્જન કર્યું હશે તેના તરફ ઊછળીને પાછી આવશે. આ રીતે ગંભીર અકસ્માતો બનેલા છે. કેટલાક એવા ગુહ્યજ્ઞાનીઓ હતા જેઓ નિમ્ન વિકૃત પ્રકારની ગુહ્ય વિદ્યા, જેને ચમત્કાર કહેવાય એવી, આચરણમાં મૂકતા અને તેમણે જાદુ દ્વારા કોઈ વ્યક્તિની વિરુદ્ધ રચનાઓ કરેલી. પરંતુ આ માણસ આ વસ્તુથી ઘણો દૂર હતો અને રચનાઓ તેને સ્પર્શ પણ કરી શકતી નહિ. તેથી આ રચનાઓ, તે મોકલનારા માણસો પ્રત્યે વિઘાતક રીતે પાછી ફરેલી. જો તેઓએ મૃત્યુની રચના કરેલી હોત તો તેઓ પોતે જ મૃત્યુ પામ્યા હોત.

મને ખબર નથી કે તમે એ વાત જાણો છો કે કેમ, જેમાં શ્રી અરવિંદના મકાન પર પથ્થરો પડેલા. દરેક જણ જાણે છે, એટલે હું તેનું વર્ણન નહીં કરું.

આવી રચના બંધાઈ ગઈ હોય અને તેણે અનિષ્ટ સાજર્યું હોય પછી તેનું શું થાય છે? શું તે ચાલુ જ રહે છે?

ના, જ્યારે આવી રચના કાર્ય કરે છે, ત્યારે તેનો એક ખાસ વિશિષ્ટ પ્રકારનો હેતુ હોય છે. તેને વિશિષ્ટ હેતુ માટે જ બનાવવામાં આવી હોય છે, તે પોતાનું કાર્ય કરે છે અને તેનું કાર્ય પૂરું થાય પછી તે અદશ્ય થઈ જાય છે. તેને રહેવા માટે કોઈ પણ કારણ રહેતું નથી. ખાસ કાર્યને માટે તેનું બંધારણ થયેલું હતું અને જેવું કાર્ય પૂરું થયું કે તરત જ તે બંધારણ ઓગળી જાય છે. બીજાં આવાં કેટલાંય પ્રકારનાં સ્વરૂપો હોય છે જે થોડા કે વધારે સમય માટે ટકી રહે છે. હું તમને કહું છું કે તે એક વિજ્ઞાન છે – તમે કાંઈ રસાયણશાસ્ત્ર એક કલાકમાં શીખી ન શકો! પણ તેમ છતાં પેલા દાખલા પ્રમાણે, જે માણસે તેને સ્વરૂપ આપ્યું હતું તેના તરફ તે પાછું ફરે છે અને તેની સાથે અથડાઈને તેની પૂર્ણાહુતિ થાય છે. તેનું કાર્ય સફળ થયું અને તેનો અંત આવ્યો.

પથ્થરોની વાર્તા બધાં જ જાણતાં નથી.... તમે આ વસ્તુનું વર્ણન ફક્ત નાનાં બાળકો પાસે જ કર્યું છે, મધુર માતાજી.

મેં નાનાં બાળકો પાસે આ વસ્તુનું વર્ણન કર્યું છે...

હા. પરંતુ મોટાઓ ત્યાં હાજર ન હતા! (હાસ્ય)

હવે નવ વાગ્યા છે, તમારે બીજા કોઈ પ્રશ્નો નથી? જો હું તમને એક વાત કરું....

મધુર માતાજી, આજે સવારે તમે અમને કહ્યું હતું કે તમે વાર્તા કહેશો....

ધ્યાન રાખો, મારે બીજી વાર્તા કહેવાની હતી. હું તમને કેટલી વાર્તાઓ કહી શકું !

સારું, બીજી વાત બહુ ટૂંકી છે. તે ઘણી રમૂજી છે. તે પોતાની જાતને ભીતિમાંથી મુક્ત કરવા વિશે છે. (કદાચ પવિત્ર તેનું નામ જાણે છે !) "જાર્ડિન-ડ-પરેઈટ્સ" માં એક ફ્રેંચ વૈજ્ઞાનિકે એક પુસ્તક લખેલું છે. તેમાં તેને થયેલા અનુભવોનું વર્ણન કર્યું છે. તેને એ જાણવું હતું કે બુદ્ધિ પ્રતિભાવોની અસર ઉપર કેટલી હદ સુધી અસર કરી શકે છે. અત્યારે મને બરાબર યાદ નથી. વર્ષો સુધી હું તેનું નામ જાણતી હતી, હું અત્યારે તો ભૂલી ગઈ છું. પરંતુ તેની વાત યાદ રહી ગઈ છે. તે પ્રખ્યાત વૈજ્ઞાનિક હતો અને તેના પુસ્તકમાં તેના પ્રયોગ વિશે તેણે લખેલું છે તે વસ્તુને વારંવાર દૃષ્ટાંત તરીકે અપાય છે. તેને એ જાણવાનો ખાસ રસ હતો કે કયાં સુધી તર્કયુક્ત બુદ્ધિ અને સ્પષ્ટ જ્ઞાનવાળી બુદ્ધિ અંદરમાં ઉત્પન્ન થતા પ્રતિભાવો ઉપર, કેટલી હદ સુધી અસર કરે છે એટલે કે આપણા અજાગ્રત મનમાંથી ઉદ્ભવ પામતી સાહજિક ક્રિયાઓ ઉપર તેમની કેટલી અસર થાય છે, તેના વિષે તેણે પ્રયોગ કર્યો : તે પૉરિસમાં "જાર્ડિન-ડ-પરેઈટ્સ," – માં ગયો. ત્યાં ફક્ત વનસ્પતિ જ નહીં, પણ પ્રાણીઓને પણ રાખવામાં આવે છે. આ પ્રાણીઓમાં મોટા સાપ પણ હતા. ત્યાં એક સાપ હતો (હું તે સાપને જાણતી હતી), તે સાપનો ગુસ્સાબાજ સ્વભાવ પ્રખ્યાત હતો, તે સહેલાઈથી ઉશ્કેરાઈ જતો હતો. તે ખૂબ જ લાંબો સાપ હતો અને બહુ સુંદર હતો; અને કાળો હતો. રખેવાળે વિજ્ઞાનીને કહેલું કે આ સાપ હુમલાખોર છે. આ સાપોને મોટી કાચની પેટીમાં પૂરવામાં આવે છે અને તે કાચ પૂરતા પ્રમાણમાં જાડો હોય છે. એટલે તમે કલ્પના કરી શકો કે અકસ્માત અટકી શકે. તેથી, તે વિજ્ઞાની જ્યારે સાપ ગુસ્સામાં હતો ત્યારે પિંજરામાં ગયો. (તે સાપે કાંઈ ખાધેલું નહિ; તેઓ ખાય છે પછી ઊંઘે છે.) તેણે ખાધેલું નહીં એટલે તે સક્રિય હતો. તે પાંજરાની આગળ આવીને ઊભો રહ્યો, બિલકુલ કાચની નજીક, અને તેણે સાપને ઉશ્કેરવાનું શરૂ કર્યું – અત્યારે મને યાદ નથી કે તેણે શું કર્યું – અને સાપ ઉશ્કેરાયો. પછીથી તે સાપ ગૂંચળું વળીને જેમ સ્પ્રિંગ ઊછળે તેમ બંદૂકની ગોળીની માફક કાચની સાથે અથડાયો. અને બીજી બાજુએ ઊભેલા તે માણસના મોઢા સામે જ, અને તે માણસ – બહુ સારી રીતે જાણતો હતો કે વચ્ચે કાચ હતો, અને કાંઈ પણ બની શકે તેમ નથી – છતાં તે પાછળની બાજુએ કૂદ્યો ! આ પ્રયોગ તેણે વારંવાર કર્યો અને એક વખત પણ તે પાછા હઠવાની ક્રિયા પર કાબૂ મેળવી શકયો નહીં, તે પાછો હઠતો – દરેક

સમયે, જ્યારે જ્યારે સાપ ઠેકડો મારે ત્યારે ત્યારે તે પાછો ઠેકડો મારતો ! (હાસ્ય)

તેણે પોતાના પ્રયોગ વિશે વાત કરેલી છે પણ તેનામાં જ્ઞાનનું એક તત્ત્વ ખૂટતું હતું કારણ કે તે જાણતો ન હતો કે, સાપના જ્ઞાનતંતુઓમાં રહેલો પ્રાણિક પ્રક્ષેપ, શારીરિક ગતિમાં પણ સાથ આપતો હતો અને તે વસ્તુ તેના ઉપર અસર કરતી હતી. આને લઈને આમ બનતું હતું. તેણે મક્કમ રહેવા માટે નિષ્ફળ પ્રયત્ન કર્યો. તેણે પોતાની જાતને કહ્યું, "આમાં તો કોઈ જોખમ નથી. મને આવી કોઈ પણ અસર થવાની નથી. વચ્ચે કાચ તો છે, તેમ છતાં હું પાછો કેમ હઠું છું ?" (હાસ્ય) એ તો પ્રાણિક પ્રક્ષેપ તેના શરીર ઉપર થતો હતો જે તેને ધક્કો લગાડતો હતો અને તે પાછળ કૂદતો.

મારાં બાળકો .... Au Revoir ....પથ્થરો વિશેની વાત હવે આપણે બીજે દિવસે લઈશું. અત્યારે હવે ઘણું મોડું થયું છે.

૧૦ માર્ચ ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીનો લેખ "મૃત્યુનો ભય
અને તેના ઉપર વિજય મેળવવાના ચાર રસ્તાઓ"
ઉપર આધારિત છે.

શા માટે તમે અત્યારે જ "મૃત્યુનો ભય" લખ્યું છે?

કારણ કે આ વિશે કહેવાની જરૂર હતી.

અત્યાર સુધી તમે તે વિશે કહ્યું નથી, માતાજી, અત્યારે જ તમે શા માટે કહો છો?

અહા! મેં ઘણી વસ્તુઓ કહી નથી, અને કોઈક દિવસ તો તેની ખરેખર શરૂઆત કરવી જોઈએ. મને એવી કોઈ પ્રકારની લાગણી થયેલી નથી કે અત્યાર સુધી તેને માટે પ્રસંગ ઊભો થયો હોય. કદાચ તે કોઈ અનુભવના પરિણામે પણ બન્યું હોય.... શા માટે, હા, પાછળથી મને લાગ્યું કે તેમાં લોકો ખાસ સંકેત જોશે. પણ અત્યારે એવું કાંઈ નથી! (હાસ્ય) કદાચ તમારી અંદર કાંઈક છે, જેને લઈને હું વાત કરું છું.

મેં એક વસ્તુની નોંધ લીધી છે. જ્યારે જ્યારે આશ્રમમાં કોઈ મૃત્યુ પામે છે ત્યારે ત્યારે ઘણા માણસો ગભરાટથી ઘેરાઈ જાય છે. હું કાંઈ તેની પ્રશંસા કરી શકતી નથી! કદાચ તેને લઈને જ આ લેખ મેં લખ્યો હશે. કારણ કે હવે સમય ખરેખર પાકી ગયો છે, જ્યારે આપણે આ વસ્તુઓમાંથી મુક્ત થવું જોઈએ – એક પ્રકારની ધૂમરીથી મને યાદ છે કે જ્યારે પહેલવહેલા આશ્રમમાં કોઈ મૃત્યુ પામ્યું ત્યારે એક ભયંકર ત્રાસ થયો હતો. આવા સંખ્યાબંધ માણસોને હું ઓળખું છું જેમનાં નામ હું આપીશ નહીં; તેઓ અહીં આવ્યા (તેઓ ઠીક ઠીક ઉંમરના હતા) હતા અને એવો વિચાર લઈને આવેલા કે તેઓ અહીં રહેતા હોવાથી મૃત્યુ પામશે જ નહીં! આ વિચાર ઘણા સમય પહેલાંનો જૂનો વિચાર છે. અને પહેલું જ મૃત્યુ થયું ત્યારે તેણે શબ્દશઃ ત્રાસનું વાતાવરણ ઉત્પન્ન કરેલું. અમારી પાસે થોકબંધ પત્રો આવેલા જેમાં લખેલું કે, "આ કઈ રીતે શકય છે? તો પછી અમે પણ સલામત નથી!" મારે તેમને કહેવાની ફરજ પડી કે અમર જીવન ઘણા પ્રયત્નથી

જ મેળવાય છે અને કેવળ ઘણા પ્રયત્નો જ નહીં પરંતુ ઘણી બધી વસ્તુઓનો ત્યાગ પણ માગી લે છે, એટલી બધી કે, આ બધામાંનો એક પણ માણસ એવો નથી કે જે છાતી ઠોકીને કહી શકે કે અમર જીવન માટે બધી આસક્તિઓ તે છોડી દઈ શકે. એટલે કે તેઓ એવા માણસો છે જેઓ પોતાની જૂની ટેવો રાખીને અમરત્વ પ્રાપ્ત કરવા કરતાં, મૃત્યુ પામવું વધુ પસંદ કરે છે, કેટલી બધી વસ્તુઓ છોડી દેવી પડે છે.... આ રીતે તે લેખમાં આ વાત રજૂ કરી છે પણ તે ઉપરાંત પણ બીજી ઘણી વસ્તુઓ કહેવાની છે. આપણા બધા જ નાના અંગત સંતોષો, ઘણે ભાગે અદૃશ્ય થઈ જાય છે – બધા જ પ્રકારના સંતોષો. મને યાદ છે કે મેં કોઈને કહેલું કે – તેને ઘણો લાંબો સમય થયો,– શારીરિક રૂપાંતર સાધી શકાય છે. અને મેં તેને તે પણ કહેલું કે, તેના પરિણામ રૂપે માણસને પછીથી ખોરાકની જરૂર રહેશે નહિ. પરંતુ વૈશ્વિક બળોમાંથી અથવા દિવ્ય પ્રભુની શક્તિમાંથી વ્યક્તિ સીધે-સીધી જ શક્તિને પોતાની અંદર ઉતારશે. અને આ માણસે પૂરેપૂરા ગભરાટ સહિત મને પૂછેલું, "આપણે આ જે બધી જ સુંદર વસ્તુઓ ખાઈએ છીએ તે બધીને છોડી દેવાની; બધી જ !" (હાસ્ય) એટલે આ બધું આ પ્રમાણે છે.

જો આપણે અમરત્વ પ્રાપ્ત કરીએ તો સર્જન અટકી જાય ?

કયું સર્જન ?

માણસનો જન્મ.

ઓહ ! કુદરતી રીતે જ. કેમ, આ વસ્તુ તો અમરત્વ પ્રાપ્ત કર્યા પહેલાં પણ બંધ થવી જોઈએ. જો કોઈને પોતાનું રૂપાંતર સાધવું હોય તો આ તો પ્રથમ બંધ થવું જોઈએ. આ વસ્તુ મેં બીજી જગાએ કહી છે પણ ....

મૃત્યુનું કારણ ફક્ત બીક જ છે ?

અહો ! ના, બિલકુલ નહિ. ઉપરાંત મેં તેવું કહ્યું પણ નથી. મેં કહ્યું છે કે જો કોઈ વ્યક્તિને મૃત્યુ ઉપર વિજય મેળવવો હોય તો એ જરૂરી છે કે શરૂઆત કરવા માટે તેનો ડર રાખવો જ ન જોઈએ. પણ મેં એવું કહ્યું નથી કે બીક મૃત્યુને લાવનારી વસ્તુ છે.

તમે કહ્યું છે કે, "કોઈ મૃત્યુને વહેલું બોલાવી શકે નહીં કે મુલતવી રાખી શકે નહીં." પરંતુ જો કોઈ પ્રગતિ કરતું અટકી જાય તો મૃત્યુ આવે છે. તો પછી જો માણસ પ્રગતિ કરતો રહે તો તે મૃત્યુના સમયને લંબાવી શકે. કે પછી એમ માનવું કે માણસના જન્મથી જ મૃત્યુનો દિવસ અને સમય પૂર્વનિર્મિત છે ?

ના, આ કાંઈક જુદી જ વસ્તુ છે, બીજી ભૂમિકા ઉપરની. મેં બીજી જગાએ લખેલું છે કે જ્યારે માણસ મૃત્યુ માટે સંમતિ આપે ત્યારે જ તે મૃત્યુ પામે છે. અને અહીં જે મેં કહ્યું તેનાથી તે વિરોધી જેવું લાગે છે. આમાં બે દૃષ્ટિબિંદુ છે. અહીં મેં બિલકુલ સામાન્ય ભૌતિક દૃષ્ટિબિંદુથી શારીરિક ચેતનાનો મુદ્દો લીધો છે. મેં બીજી જગાએ સમજાવ્યું છે કે જાણે કે જુદા જ પ્રકારના "નિયતિના સ્તરો" આપણા સ્વરૂપમાં હોય છે. શારીરિક અસ્તિત્વને એક પ્રકારની 'નિયતિ' હોય છે; તે જ પ્રમાણે પ્રાણને પણ; માનસિક અસ્તિત્વને પણ 'નિયતિ' હોય છે, તેમજ ઊર્ધ્વ મન અને ચૈતસિક સ્વરૂપને પણ, અને પછી ઊર્ધ્વતર અસ્તિત્વોને પણ નિયતિઓ હોય છે – અતિમાનસને પણ એક નિર્માણ-શક્તિ હોય છે અને આમ દરેકની નિયતિ બીજી બધી નિયતિઓના મિશ્રણથી આવે છે. (મને લાગે છે કે આ વિશે મેં કોઈ જગાએ લખેલું છે) દાખલા તરીકે જો કોઈ ક્ષણે સમગ્ર શારીરિક નિયતિને ચોક્કસ રીતે મૃત્યુને લાવવાની ફરજ પડે ત્યારે જો તમે ઓચિંતા વધારે તીવ્ર અને ઉચ્ચ પ્રકારની નિયતિના સંપર્કમાં આવો, ઉદાહરણ તરીકે અતિમાનસની નિયતિમાં અને જો તમે બન્નેનું અનુસંધાન કરો તો તમે શારીરિક નિયતિને તે ક્ષણે પૂરેપૂરી ફેરવી શકો; શારીરિક નિયતિએ મૃત્યુનું જે નિર્માણ કર્યું હતું તે નાશ પામે છે, સંજોગો બદલાઈ જાય છે અને મૃત્યુ પાછું હઠાવાય છે.

આ વિશે તે લેખમાં મેં કહ્યું નથી; અહીં મેં કેવળ ભૌતિક દૃષ્ટિબિંદુ જ લીધું છે. મેં એવા પ્રકારના માણસોનો દાખલો આપ્યો હતો (અને તે માણસો કેવળ ભૌતિક ચેતનામાં જ રહેતા હોય, તેમની શારીરિક ચેતનામાં તમે સમજ્યાને, માનસિક, પ્રાણીક અને શારીરિકમાં) અને તે માણસોને પચાસ વર્ષના થયા ત્યારથી જ મૃત્યુ પામવાની તીવ્ર ઇચ્છા હતી – તેઓ સત્યાસી વર્ષ સુધી જીવ્યા ! મારી પાસે એવો દાખલો છે. મારી પાસે આનાથી ઊલટો દાખલો પણ છે, એવા કોઈ માણસનો, જેને ખૂબ ખૂબ દીર્ઘાયુ થવાની ઇચ્છા હતી, જેને એવું લાગતું હતું કે તેણે ઘણાં અગત્યનાં કાર્યો કરવાનાં બાકી છે અને તેને લઈને તે હરેક પ્રકારની સાવચેતી પણ રાખતો – તેમ છતાં તે વ્યક્તિ મૃત્યુ પામી. આ બધાં દૃષ્ટાંતો પરસ્પર વિરોધી લાગે પણ તે ઉપરછલ્લી રીતે વિરોધી લેખાય છે. આ બધી વસ્તુઓની સમજૂતીઓ છે, તે જુદા જુદા ધર્મો. કાયદાઓને – અધીન છે. અહીં મેં ફક્ત ભૌતિક દૃષ્ટિબિંદુ જ લીધું છે.

જો તમે ઉચ્ચતર નિર્ણાયક તત્ત્વને વચ્ચે નહિ પાડો તો તમે કાંઈ ફેરફાર કરી શકશો નહિ. એ એક જ એવો રસ્તો છે જે તમારી શારીરિક નિયતિમાં ફેરફાર કરી શકે. જો તમે શારીરિક ચેતનામાં જ રહો અને તમારી નિયતિને ફેરવવા માગો તો તમે તે પ્રમાણે કરી શકો નહિ .... પ્રથમ વિશ્વવિગ્રહ વખતે હું એક છોકરાને

જાણતી હતી. તેને એમ કહેવામાં આવ્યું હતું કે તે બંદુકની ગોળીથી મૃત્યુ પામશે. (તમે જાણો છો કે યુદ્ધમાં માણસ સહેલાઈથી મૃત્યુ પામે છે). અને તેને મૃત્યુ વિશેની લગભગ તારીખ પણ આપવામાં આવેલી. અને તે હકીકતે તેને એટલું બધું દુ:ખ ઉત્પન્ન થયેલું કે તે લાંબી રજા મેળવવામાં સફળ થયો. તે રજા ઉપર ઊતરીને પૉરિસ ગયો. તે ઑફિસર હતો અને તેના ખીસામાં તેની પિસ્તોલ પણ હતી. તેણે ટ્રામમાંથી કૂદકો માર્યો અને તે નીચે પડયો, પિસ્તોલ ફૂટી અને તે જ જગાએ તે મૃત્યુ પામ્યો. તે તેમાંથી બચી શકયો નહિ.

હું આવા ઘણા પ્રસંગો તમારી સમક્ષ રજૂ કરી શકું – પણ આ એક જ ભૂમિકાની – ભૌતિક ભૂમિકાની વાત છે – ફક્ત સ્થૂલ ભૂમિકાની – ભૌતિક, માનસિક અને પ્રાણિક ભૂમિકાની ઉચ્ચતર ભૂમિકાનું જ્ઞાન અને તેની સાથેનો સંપર્ક અને ઉચ્ચતર ભૂમિકાઓનું સ્થૂલ ભૂમિકામાં અવતરણ થવાથી સંજોગોમાં ફેરફાર થઈ શકે છે. તે જ પ્રમાણે જો કોઈ અતિમાનસ સ્તરને કાયમી ધોરણે ભૌતિક જીવનમાં ઉતારી શકે તો જ ભૌતિક જીવનમાં રૂપાંતર થઈ શકે છે. એટલે તેમાં સંપૂર્ણતયા ફેરફાર થઈ જાય. પરંતુ આ શરત છે : આ વસ્તુ વિશે તે લેખમાં હું કાંઈ કહેતી નથી. એ બીજો વિષય છે.

બીજું કાંઈ પૂછવાનું છે ?

શા માટે માણસને ભયની લાગણી થાય છે ?

મને કહેવામાં આવ્યું છે કે – આ બહુ પ્રાચીન પ્રણાલિનો ઉપદેશ હતો – પૃથ્વી ઉપર રહેલાં વિરોધી બળોની આ અસર હોય છે. તે બળો ભીતિ ઉત્પન્ન કરે છે, કારણ કે માનવી સાથે વહેવાર કરવાની તેમની આ રીત છે. પણ જોઈએ તો પ્રાણીઓને પણ બીક તો લાગે છે. એટલે આ દલીલ નિર્બળ બની જાય છે. કારણ કે હું માનતી નથી કે વિરોધી બળોને પ્રાણીઓમાં ભય ઉત્પન્ન કરવાનું કોઈ કારણ હોય.

ભય, એક અચેતતાનો દશ્યમાન વ્યાપાર છે. તે એક પ્રકારનું દર્દ છે જે અજ્ઞાનમાંથી જન્મે છે. માણસને કોઈ વસ્તુના સ્વભાવની જાણ નથી, તેની તેના પર શી અસર થશે અથવા તેનું શું થશે તેના વિશે તેને ખબર નથી, પોતે કરેલાં કર્મોનું શું ફળ આવશે તે જાણતો નથી, માણસ ઘણી બધી વસ્તુઓ વિશે અજાણ છે : અને આ અજ્ઞાન ભયને નોતરી લાવે છે. જે વસ્તુ વિશે માણસને જાણ નથી તેની તેને બીક લાગે છે. એક બાળકનું ઉદાહરણ લો. જો તેને કોઈ અજાણ્યા માણસ પાસે લાવવામાં આવે (હું એવા બાળક વિશે વાત કરતી નથી જેની ચેતના જાગ્રત હોય, હું સામાન્ય બાળક વિશે કહું છું), – તમે તે બાળકને કોઈ એવી વ્યકિત પાસે

લાવો જેને તે ઓળખતું ન હોય, તો તેની પહેલી ક્રિયા કાયમ ભીતિયુક્ત હશે. ફક્ત વિરલ બાળકો જ – અને તેમની જુદા પ્રકારની ચેતના હોય છે, – બહુ બહાદુર હોય છે. તે કદાચ કાંઈક અજૂગતું બનવાનું હોય એવું કોઈક મિશ્રણ, એક પ્રકારની સહજ પ્રેરણા પણ હોય. જ્યારે કોઈને સહજ રીતે એમ લાગે કે કોઈક વસ્તુ ભયજનક છે, અને તેનો ઉપાય કરવાનાં તેની પાસે સાધનો ન હોય, જ્યારે માણસને ખબર ન હોય કે તે વસ્તુથી પોતાનાં જાતનું કઈ રીતે રક્ષણ કરવું, ત્યારે તેને બીક લાગે છે – બીકને માટે અસંખ્ય કારણો હોય છે એમ હું માનું છું પરંતુ દરેક પ્રસંગમાં તે એક અચેતનતાની ક્રિયા છે.

જેને જ્ઞાન છે તેને કદી ભય હોતો નથી. જે પૂરેપૂરો જાગ્રત છે અને જે પૂરેપૂરો સચેતન છે અને જે જાણે છે તેને બીક હોતી નથી. જેમાં કંઈક તમસ હોય તેને જ ભીતિ લાગે છે.

જે વસ્તુની બીક લાગે તેનો બહાદુરીપૂર્વક સામનો કરી લેવો એ ભય ઉપર વિજય મેળવવાનો મહાન ઉપાય છે. તમને જે જોખમની બીક લાગે તેની સામે ખડા કરી દેવામાં આવે છે અને તે પછીથી તમારામાંથી તે વસ્તુની ભીતિ ચાલી જશે. તમારી બીક અદૃશ્ય થઈ જાય છે. યૌગિક દૃષ્ટિબિંદુથી, શિસ્તના દૃષ્ટિબિંદુથી, આ ઈલાજ સૂચવવામાં આવ્યો છે. પ્રાચીન દીક્ષાઓમાં, ખાસ કરીને ઇજીપ્તમાં, ગુહ્યવિજ્ઞાનની તાલીમ લેવા માટે, મેં તમને પહેલાં કહ્યું તે પ્રમાણે મૃત્યુની બીકને પૂરેપૂરી નાબૂદ કરવાનું જરૂરી હતું. આ દિવસોમાં એક તાલીમ એવી હતી કે નવીન સાધકને શબપેટીમાં પૂરીને થોડા દિવસ મૂકી રાખવામાં આવતો, જાણે તે મૃત્યુ પામ્યો હોય તે રીતે સ્વાભાવિક રીતે જ, તેને મરવા માટે છોડી દેવામાં આવતો નહીં, તેમ જ તેને ભૂખ્યો કે ગૂંગળામમાં પણ રાખવામાં આવતો નહીં. પરંતુ તે પેટીમાં જાણે મૃત્યુ પામેલો હોય તે રીતે જ પડી રહેતો. એવું લાગે છે કે આનાથી બધી બીક ચાલી જતી.

જ્યારે બીક લાગે ત્યારે જો કોઈ તેના ઉપર ચેતના, જ્ઞાન, શક્તિ, પ્રકાશ મૂકવામાં સફળ થાય તો માણસ તેનો સફળ ઈલાજ કરી શકે છે. ક્રિશ્ચિયન ધર્મ કહે છે કે આપણે એડનના બગીચાનું સફરજન ખાધું એટલા માટે બીક આવી છે – જ્ઞાનની સાથે ભીતિ આવી, અને પૃથ્વી ઉપર આ બીક જ આપણા જીવન ઉપર અને માનવ જાત ઉપર સામ્રાજ્ય ચલાવે છે. અહીં પણ હું ફરીથી મારી દલીલ ચાલુ રાખું છું કે પ્રાણીઓને પણ બીક હોય છે – પ્રાણીઓએ પાપ કર્યું નથી, તેમણે સફરજન ખાધું નથી એટલે તેમનામાં બીક ન હોવી જોઈએ ! તે એક પ્રકારની અર્ધજાગૃતિ છે અને એક પ્રકારની સહજ સ્ફુરણાનું તેની સાથે મિશ્રણ થઈ ગયું

હોય છે. તેને લઈને તે વસ્તુ જોખમ વધારે છે અને તે જ સમયે આવી ચેતનાને તેનો શો ઉપાય કરવો તેનું જ્ઞાન હોતું નથી. પરંતુ એટલું ચોક્કસ છે, એ હકીકત છે કે વિરોધી સત્ત્વો, પ્રાણિક જગતનાં સત્ત્વો દિવ્ય કર્મની સામે યુદ્ધ કરે છે અને તેમાં બીકનો પુષ્કળ ઉપયોગ કરે છે. તેની મારફતે જ તેઓ માનવીઓ ઉપર મહાન કાબૂ રાખી શકે છે. વળી તેઓ જ ફક્ત આમ કરે છે તેમ નહિ. તે ઉપરાંત રાજકીય અને ધાર્મિક સાંધનો પણ આ પ્રકારનાં હોય છે. કેટલાક ધર્મો હોય છે. જેમણે તેમનો શક્તિનો પાયો પોતાના અનુયાયીઓની અંદર મૃત્યુની બીક અને મૃત્યુ પછીની સ્થિતિની બીક ઉપર બંધાયેલો હોય છે અને જો તેઓએ ઠોકી બેસાડેલા સિદ્ધાંતોનું કોઈ વ્યકિત આંધળું અનુકરણ ન કરે તો મૃત્યુ પછી તેના માટે કેવી ભયંકર યાતનાઓ તમારે માટે રાહ જોઈ રહી હોય છે તેની બીકનું વર્ણન તેઓ કરે છે.

આ બીક તિરસ્કારમાંથી એટલે કે કોઈક વસ્તુ સાથે સહાનુભૂતિ ન હોય તો પણ આવે છે. કેટલાક લોકો ખાસ કરીને અગ્નિથી ડરે છે, કેટલાક ખાસ કરીને પાણીથી અને કેટલાકને તો એક યા બીજા પ્રાણીનો વિશિષ્ટ ડર હોય છે. તે ઉત્પન્ન થવાનું કારણ પ્રાણિક-આંદોલનમાં રહેલા વિસંવાદમાં હોય છે અને પછીથી તેનું અવતરણ શારીરિક અચેતનતામાં ભીતિ રૂપે થાય છે. શરીર એક ભયંકર અચેતન ચીજ છે. એક સહેજ જેટલી પણ ચેતના તેને આપવા માટે માણસે કેટલું બધું કામ કરવું પડે છે. તે તો યાંત્રિક રીતે ટેવોમાં જ જીવે છે. તે ખૂબ અચેતન છે.

અને તેને લઈને આવતું પરિણામ કેવું ભયંકર હોય છે !

> "મૃત્યુની ઘડી એટલા માટે નિષ્ઠુર રીતે નિશ્ચિત થયેલી લાગે છે, સિવાય કે અપવાદરૂપ બહુ ઓછી વ્યકિતઓ જેમનામાં કેટલીક શક્તિઓ હોય છે; પરંતુ સામાન્ય રીતે માનવજાતિનો તે શક્તિઓ ઉપર કાબૂ ચાલતો નથી."

આ મેં તમને હમણાં જ જે વસ્તુ સમજાવી તે પ્રમાણે છે. ઘણા ઓછા માણસો શારીરિક નિયતિમાં ઊર્ધ્વશક્તિની નિયતિ ઉતારી લાવી શકે છે. આવી વ્યકિતઓ મૃત્યુના સમયમાં ફેરફાર કરી શકે છે. આ વસ્તુ જ હું તમને વિસ્તૃત રીતે અત્યારે સમજાવી રહી છું. ઉચ્ચતર ચેતનાને ભૌતિક ચેતનામાં અવતરણ કરાવવાની આ શક્તિ છે અને ઉચ્ચતર ચેતનાની સાથે ઉચ્ચતર નિયતિ, ભૌતિક ચેતનાની નિયતિમાં ઊતરી આવે છે. અને આ શક્તિ ઘણા માણસોમાં હોતી નથી. મેં કહ્યું છે કે ઘણા ઓછા માણસો આ પ્રમાણે કરી શકે છે. સાચી રીતે તો ઘણા, ઘણા ઓછા માણસો.

> તમે કહ્યું કે છેલ્લી રીત એ છે કે માણસે મૃત્યુના પ્રદેશમાં ઈરાદાપૂર્વક અને સચેતન રીતે, તે પોતે જીવતો હોય ત્યારે જ, પ્રવેશ કરવો જોઈએ.

હા.

સભાન રીતે મૃત્યુમાં પ્રવેશ કરવો અને સભાન રીતે શરીરમાંથી બહાર નીકળી જવું એ બેમાં શો તફાવત છે ? ઘણા માણસો પોતાના શરીરમાંથી બહાર નીકળી શકે છે, નથી નીકળી શકતા ?

હા. પરંતુ તેઓ મૃત્યુના જગતમાં જતા નથી.

પોતાના શરીરમાંથી બહાર નીકળવાની રીત છે તેવી જ રીતે તેઓ જાય છે ?

હા. પરંતુ તે ફક્ત શરૂઆત જ હોય છે. પોતાના શરીરમાંથી બહાર નીકળવાની તે શરૂઆત કરે છે. ઘણા માણસો જ્યારે નિદ્રામાં હોય છે ત્યારે તેઓ તેમના શરીરમાંથી બહાર નીકળે છે – તેઓ વધારે કે ઓછી સચેતનતાથી તેમ કરે છે. તેઓ શરીરમાંથી બહાર નીકળી જાય છે પરંતુ ભૌતિક પ્રદેશમાં જ રહે છે. વધારેમાં વધારે તેઓ માનસિક પ્રદેશમાં જાય છે પરંતુ તેઓ મૃત્યુના પ્રદેશમાં જતા નથી.

કેટલાક લોકો ત્યાં મૃત્યુના પ્રદેશમાં જાય છે પરંતુ પછીથી તે પ્રક્રિયા પૂર્ણ કરવા માટે.... તમે જાણો છો કે જ્યારે કોઈ શરીરમાંથી બહાર નીકળે છે ત્યારે કેટલીક સાંકળની કડીઓથી તે પોતાના શરીર સાથે બંધાયેલો હોય છે – તેમને હું શું કહું ? – તે બધી પ્રાણની કડીઓ હોઈ શકે, મનની કડીઓ હોઈ શકે કે ચૈતસિક કડીઓ – માણસ જ્યારે શરીરની બહાર જાય છે ત્યારે ઘણા પ્રકારની વસ્તુઓ શરીરની બહાર નીકળી જઈ શકે છે. જે વસ્તુ બહાર નીકળે છે તે ઘણી સૂક્ષ્મ હોય છે, મનની માફક, અથવા ઉચ્ચતર પ્રાણની માફક અને ઘણું બધું શરીરમાં બાકી રહે છે, એટલા પ્રમાણમાં કે શરીર મૂર્છામાં ન પડી જાય – નિદ્રાધીન માણસોમાંના પણ કેટલાક નિદ્રા દરમ્યાન હરેફરે છે, તેમના સ્વરૂપનો એક ભાગ બહાર નીકળી જાય છે પણ પ્રાણતત્ત્વનો ઘણોખરો ભાગ શરીરમાં જ રહે છે અને જ્યાં સુધી તે ત્યાં રહે છે ત્યાં સુધી તે પ્રાણના સામ્રાજ્યમાં જ રહે છે. પ્રથમ તો એ કે મૃત્યુ વખતે જે ભાગ શરીરને છોડી જાય છે તેને શરીરમાંથી જુદો પાડવો સહેલું નથી. આ વસ્તુ ઘણા લાંબા સમય સુધી કઠિન શિસ્તનું આચરણ માગી લે છે. મૃત્યુ સમયે જે જે ભાગો બહાર નીકળી જાય છે તેમની પાછળ પાછળ સફળતાપૂર્વક જવું એ બાહ્ય નિર્ગમનની એક પ્રક્રિયા છે, અને આ સ્થિતિમાં શરીર જડ જેવી સ્થિતિમાં પ્રવેશ કરે છે. જ્યારે માણસ મૃત્યુ પામે ત્યારે તે જેવી સ્થિતિમાં હોય છે તેવી સ્થિતિ થાય છે. તે ઘણી ઝડપથી બિલકુલ જડ જેવું થતું જાય છે. ઠીક, આ એક એવી વસ્તુ છે જે માણસે શીખવી જોઈએ. પણ આ કાંઈ સહેલું નથી. અને આ પ્રક્રિયા જો પૂરેપૂરી સફળતાપૂર્વક કરવી હોય તો બીજું કોઈક એવું

માણસ તેની પાસે હાજર હોવું જોઈએ જે શરીરનું નિરીક્ષણ કરે. જેથી કાંઈ અયોગ્ય બને નહિ. માણસે એકલા એકલા આ પ્રયોગ ન કરવો જોઈએ. શરીરના રક્ષણ માટે બીજું કોઈ હાજર હોવું જ જોઈએ.

પરંતુ જો કોઈ વ્યક્તિ તે પ્રમાણે કરે, તો એ અનુભૂતિ હું જેના વિશે વાત કરું છું તે અનુભૂતિ નથી; હું જે અનુભૂતિની વાત કરું છું તે તો ઘણી મુશ્કેલ છે. માણસ તે પ્રમાણે એક વખત બહાર નીકળી જાય છે અને પોતાના શરીરને જડ-સ્થિતિમાં મૂકી દે તો, તે તેને જોડનારી સાંકળોને તોડી નાખે છે. તેથી, માણસ ખરેખર મૃત્યુ પામે છે, એટલે કે હૃદય પછીથી ધબકતું નથી. પરંતુ તેમ છતાં "પ્રાણનું સ્વરૂપ" ટકી રહેલું હોવાથી, અને માણસ અકસ્માતને લઈને પોતાનું શરીર છોડતો ન હોવાથી, પરંતુ આ કાર્ય જ્ઞાન અને શક્તિસહિત કરવામાં આવેલું હોવાથી, માણસ પોતાને રસ્તે બળપૂર્વક પાછો ફરી શકે છે. શરીર સાથેનો સંપર્ક પુનઃ સ્થાપીને તે પોતાના શરીરમાં બળપૂર્વક પાછો ફરી શકે છે. તે કાંઈ આરામ-જનક ક્રિયા નથી – આ આખી જ વસ્તુ ઘણી મુશ્કેલ છે. મેં કહ્યું તેની માફક તે મુશ્કેલ છે. કાગળ ઉપર વાંચવામાં તે સાવ સહેલી લાગે છે. પરંતુ તે સહેલી નથી.

> તમે અહીં કહ્યું : "ઘણા ઓછા માણસો તે જગાએ પહોંચી શકે છે." એટલે એનો અર્થ એ પ્રમાણે લઈ શકાય કે કેટલાક માણસો એવા છે જેમણે આ પ્રયોગ કરેલો છે. તેથી તેમણે અમૃતત્વ પ્રાપ્ત કર્યું છે, પરંતુ અત્યાર સુધી તો....

અમૃતત્વ ! ના, મેં એમ કહ્યું નથી કે આ અમૃતત્વ હતું. મેં એમ કહ્યું છે કે તે માણસો કોઈ પણ પ્રકારની મૃત્યુની બીકમાંથી મુક્ત થયા હતા.

અમૃતત્વ તો બિલકુલ જુદી જ વસ્તુ છે.

> પરંતુ તેઓ મૃત્યુના પ્રદેશમાં દાખલ થાય છે. નથી થતાં ?

હા, પણ તે ક્ષણે જ્યારે શરીર સારી સ્થિતિમાં હોય ત્યારે. શરીર સારી સ્થિતિમાં હોય છે, અને માણસ તેને ફરીથી પ્રાપ્ત કરી શકે છે. – બહુ લાંબો સમય બહાર રહેવાનો એ પ્રશ્ન જ નથી !

> પરંતુ તેઓને અનુભવ તો મળી ગયેલો હોય છે, તેથી જ્યારે તેઓ ખરેખર મૃત્યુ પામે છે ત્યારે તેઓ તે વસ્તુનો ફરીથી પ્રયત્ન કરે છે ?

જો તેમનું શરીર સારી સ્થિતિમાં હોય તો. પણ જ્યારે માણસ મૃત્યુ પામે છે ત્યારે, ઘણું ખરું, તમે જાણો છો કે શરીરને કાંઈક થયું હોય છે. શરીરમાં કોઈક

પ્રકારની ગંભીર ગેરવ્યવસ્થા થઈ હોય છે. પરંતુ હજુ સુધી એ નક્કી થયું નથી કે શરીરમાં ગેરવ્યવસ્થા થયા પછી પણ, તેને વ્યવસ્થિત કરવા માટે, શરીરમાંથી બહાર નીકળી ગયા પછી પણ માણસ શક્તિમાન છે કે નહિ, સિવાય કે શરીરમાં કોઈ ગંભીર વસ્તુ ન બની હોય. દા.ત. હૃદયમાં તીક્ષ્ણ હથિયારનો પ્રવેશ અથવા માથું કપાઈ ગયું હોય. તે ઘણું ગંભીર કહેવાય. પણ જો શરીર અકબંધ હોય અને તેમાં અસમતુલા થઈ હોય તો તેને ફરીથી જીવંત કરી શકાય છે.

માતાજી, જો જોડાણો તૂટી ગયાં હોય તો શું બને છે?

જો જોડાણો તૂટી ગયાં હોય તો? – વ્યક્તિ મૃત્યુ પામે છે.

પરંતુ જે ભાગ શરીરમાંથી બહાર નીકળી ગયો હોય તેનું શું થાય?

તે જો સચેતન હોય તો, તે પૂરેપૂરો સચેતન રહે છે. તેને પોતાનું સ્વતંત્ર જીવન હોય છે, અને તે પૂરેપૂરો સચેતન રહે છે. તે કપાઈ ગયેલો હોય અથવા ન હોય, તેના જીવનમાં કોઈ ફેરફાર થતો નથી, તેમાંથી તેને કોઈ વધારે ચેતના મળતી નથી તેમ જ તેમાંથી કાંઈ ઓછું પણ થતું નથી – તેનામાં જે ચેતના હોય, જ્ઞાન હોય, શક્તિ હોય, તે સર્વને પોતાનામાં તે ધારણ કરી રાખે છે. જે માણસ આ પ્રમાણે કરી શકે છે તે તેના શરીર ઉપર આધાર રાખતો નથી. એટલે કે સચેતન બનવા માટે વ્યક્તિને શરીર ઉપર બિલકુલ આધાર રાખવો પડતો નથી. તેને એક જુદી જ સ્વતંત્રતા હોય છે.

"મૃત્યુનું સામ્રાજ્ય"નો અર્થ શો?

દરેક ધર્મએ તેના વિશે જુદું જુદું કહ્યું છે. ગ્રીક લોકો તેને Elisium કહેતા, અને વ્યક્તિ હોડીમાં બેસીને સામે પાર જઈને પહોંચી જતી. ઘણી ઘણી જાતનાં સ્વર્ગો છે અને ઘણાં નરકો.

ના, ધર્મોની વિચારસરણી વિશે નથી પૂછતો.

ઘણુંખરું "મૃત્યુનું સામ્રાજ્ય" નામ એક એવા પ્રદેશને આપવામાં આવે છે જેમાં ખૂબ ભૌતિક-પ્રાણિક હોય છે અને જ્યારે કોઈ પોતાના શરીરને છોડી દે છે, ત્યારે વ્યક્તિને તેમાં ધકેલવામાં આવે છે. વારુ, તે સ્થૂલ પ્રાણનો પ્રદેશ ઘણો અંધકારમય હોય છે અને તે પ્રદેશમાં એવાં વિરોધી તત્ત્વો હોય છે, જેમના કેન્દ્રમાં કામનાઓ અને વિરોધી સંકલ્પ-શક્તિઓ હોય છે. અને આ બધાં સત્ત્વો બહુ પ્રાથમિક પ્રકારનાં હોય છે અને તે બધા ખંડિત જીવનવાળા હોય છે – તેઓ લોહી ચૂસનાર પ્રેતો હોય છે અને માનવીમાંથી જે વસ્તુઓ બહાર નીકળે છે તેમના ઉપર તેઓ ખોરાકની માફક પોષણ મેળવે છે. અને એટલે, તે ક્ષણે, મૃત્યુના આઘાતમાંથી –

કારણ કે ઘણા ઓછા આઘાત વગર મૃત્યુ પામે છે, સચેતન રીતે અને સજ્ઞાન રીતે પોતાના શરીરમાંથી બહાર નીકળી શકે છે. આવા માણસો કાંઈ બહુ હોતા નથી – આ એક અકસ્માત હોય છે; છેલ્લો અકસ્માત; વારુ આ મૃત્યુના આઘાત સમયે તે બધાં સત્ત્વો આ વસ્તુ ઉપર ધસી આવે છે અને જે જીવન-સત્ત્વો બહાર આવે છે તેના ઉપર ભોજન ઉડાવે છે. જ્યાં સુધી માણસ જીવંત હોય છે ત્યાં સુધી તેનો તેઓ સ્પર્શ કરી શકતા નથી. કારણ કે તમને બધાને રાત્રીના ભીષણ ઓથારનો અનુભવ થયો હશે કે જ્યારે પરિસ્થિતિ બહુ વિકટ બને છે ત્યારે તમે તમારા શરીરમાં પાછા ધસી જાઓ છો, કારણ કે શરીર તમારું રક્ષણ છે. સ્થૂળ શરીરમાં તમને તેઓ કંઈ કરી શકતા નથી અને તમે જ્યારે સ્થૂલ શરીરમાંથી બહાર નીકળો (અને મેં તમને કહ્યું તે પ્રમાણે આ જોડાણ પણ ઠીક ઠીક સમય સુધી, તમે બહાર નીકળો પછી પણ રક્ષણ કરે છે) પરંતુ જો જોડાણો તૂટી જાય અને તમે શરીરના બિલકુલ રક્ષણ વગરના હો અને જો કેટલાક વિશિષ્ટ સંજોગોનો લાભ ન મેળવી શકો, દા.ત. જ્યારે કોઈ માણસ ઉપર બીજા જીવંત માનવીનો અતિશય પ્રેમ હોય; અથવા તે ક્ષણે જે માણસો તેને ચાહતા હોય તેઓ મૃત્યુ પામતા માણસ ઉપર તેમના વિચારો અને પ્રેમ કેન્દ્રિત કરે ત્યારે તે મૃતકને તેનાથી રક્ષણ મળે છે. અને આ વસ્તુ તે વ્યક્તિને તે સત્ત્વોમાંથી પૂરેપૂરું રક્ષણ આપે છે; પરંતુ જે વ્યક્તિ પર બીજા કોઈની વિશિષ્ટ આસક્તિ ન હોય તેવી વ્યક્તિ મૃત્યુ પામે, એટલે કે તે એવા માણસોથી વીંટાયેલો હોય જેમનું તેણે નુકસાન કર્યું હોય અને તેઓ તેને ચાહતા ન હોય, અથવા એવા લોકો જેઓ ભયંકર રીતની અચેતન અવસ્થામાં હોય તો આવી મૃત્યુ પામતી વ્યક્તિ આ પ્રકારનાં સત્ત્વોને સોંપાયેલો શિકાર જેવો હોય છે. આ અનુભવ ખરેખર સહન કરવો બહુ મુશ્કેલ હોય છે. આ સત્ત્વો પોતાના સામ્રાજ્ય સિવાયની બીજી કોઈ વસ્તુને સ્પર્શી પણ શકતાં નથી, એટલે કે સ્થૂલ પ્રાણિક પ્રદેશ સિવાયની વસ્તુઓને – ઉચ્ચતર પ્રાણ તેમની પકડમાંથી છટકી જાય છે, એટલે તેઓ તેને કાંઈ કરી શકતાં નથી. એટલે કે આ સ્થૂલ પ્રાણ બહાર નીકળે છે પણ બીજો પ્રાણ રહે છે; અને ઉચ્ચતર પ્રાણ પર બીજાં જોખમો આવે છે. અને આવું બને છે અને જો તે પણ અદૃશ્ય થઈ જાય તો મન બાકી રહે છે. પરંતુ આ બધાની ચૈત્ય પુરુષ રહે છે જેને કોઈ સ્પર્શી શકતું નથી, અને તે બીજા બધા શક્ય હુમલાઓથી પર રહે છે અને તેને જ્યાં જવું હોય ત્યાં જવા માટે તે સ્વતંત્ર છે. ઘણે ભાગે જો તેને વિશિષ્ટિ તક ન સાંપડી હોય અને તે પૂરેપૂરો પરિપક્વ ન હોય તો એ ચૈતસિક જગતમાં આરામ કરે છે. તે એક પ્રકારની આનંદમય સમાધિમાં રહે છે, અને આ સ્થિતિમાં બધા અનુભવોને પચાવે છે. અને જ્યારે તે પચાવવાનું અને આરામનું કામ પૂરું કરે છે ત્યારે તે નવજીવન

માટે નીચે આવવાની તૈયારી કરે છે. તે સ્વરૂપને કોઈ વસ્તુ સ્પર્શ કરી શકતી નથી. પરંતુ એટલા બધા ઓછા માણસો પોતાના ચૈત્ય પુરુષ વિશે સભાન હોય છે કે ભાગ્યે જ તમે કહી શકો કે અમુક, અમુક આવા માણસોને તમે ઓળખો છો, કારણ કે આપણે જે માણસોને ઓળખીએ છીએ તે શેના બનેલા છે ? – તેમના શારીરિક અનુભવોના, તેમના પ્રાણિક આવેગોના, તેમની માનસિક રચનાઓના – એટલે કે તેમનું શરીર, ચારિત્ર્ય અને વિચારો – અને આ બધાનો સરવાળો એટલે માણસ ! વારુ, અને આ બધી વસ્તુઓ મૃત્યુ પછી હયાત રહેતી નથી, સિવાય કે તે બધું વ્યવસ્થિત રીતે ચૈત્ય પુરુષની આજુબાજુ ગોઠવાયેલું ન હોય અને ચૈત્ય પુરુષ સાથે તેની પૂર્ણ એકતા થયેલી ન હોય. નહિ તો આ બધું મિશ્રણ વેરવિખેર થઈ જાય છે અને ચૈત્ય પુરુષ એકલો જ બાકી રહે છે, કોઈક વખત માત્ર અગ્નિ-શિખા માફક અથવા કેટલીક વખત પૂરેપૂરા સજ્ઞાન સ્વરૂપે.

ચોક્કસ, આ સામાન્ય નિયમ છે. હવે કેટલાક પુલો હોય છે જાણે કે "રક્ષિત માર્ગો", પ્રાણ જગતમાં બધાં જોખમોને પાર કરવા માટે બંધાયેલા હોય છે. કેટલાંક એવાં વાતાવરણો હોય છે જે શરીર છોડનારા માણસોનો સ્વીકાર કરે છે, તેમને રક્ષણ આપે છે, આશ્રય આપે છે. બીજી પણ જુદી જુદી જાતની પરિસ્થિતિઓ હોય છે; મેં તમને જે હાલ કહ્યું તે મૃત્યુ પામનારા માણસો માટેની સામાન્ય અવસ્થા હોય છે, પણ જ્યારે આપણે ઉચ્ચતર પ્રકારના માનવો વિશે વાત કરીએ ત્યારે તેઓની પરિસ્થિતિઓ બદલાઈ જાય છે. આપણા સ્વરૂપમાં કોઈ વિશિષ્ટ ઉચ્ચતર વિકાસ થયેલો ન હોય તો પહેલાં કહ્યો તે સામાન્ય નિયમ પ્રવર્તે છે. કેટલાક લોકોમાં તેમના સમગ્ર સ્વરૂપમાં એક એવા પ્રકારનું સમગ્ર સંગઠન હોય છે કે તેઓ શરીર ઉપર આધાર રાખતા જ નથી – બિલકુલ નહિ – પછી તે શરીર ત્યાં તેના પ્રદેશમાં હોય કે ન હોય.

પરંતુ આ બધો વિકાસ, ફક્ત તેના વિશે વિચાર કરવાથી કે થોડો સમય માટે ઇચ્છા કરવાથી કે લગભગ બધાં વખત ભૂલી જવાથી, થતો નથી – નહીં એ રીતે બની આવે પણ નહીં. આ બધા નિયમનો છે, એમ મારે કહેવું પડે, એટલા જ પ્રયત્ન માગી લેનારાં, જેટલાં સૌથી કઠિન આધ્યાત્મિક શિસ્તો હોય. આપણે પૃથ્વી ઉપર એટલા માટે જ આવ્યા છીએ. સત્ય કહીએ તો માનવપ્રાણીનું સર્જન આ હેતુ માટે જ થયેલું છે; અને કદાચ તેઓ તે પ્રયત્ન કરવાનો ઈન્કાર કરે છે માટે જ આ જગતમાં આટલું બધું અંધેર છે. જો તેઓએ સચ્ચાઈપૂર્વક કામ કર્યું હોત તો જગતની વસ્તુઓ સારી રીતે ચાલતી હોત.

મારાં બાળકો, હવે ૯–૨૦ નો સમય થયો છે. હવે તમારી પાસે કોઈ રસિક પ્રશ્ન હોય તો પૂછો, ચાલો પૂછો જોઈએ !

તમે અમને કહેલું કે તમે પથ્થરોની વાત અમને કહેશો.

એ એક બીજા જ પ્રદેશની વાત છે. તે મૃત્યુનો પ્રદેશ નથી. તે પ્રદેશ સ્થૂલ પ્રાણિક અથવા ખૂબ ભૌતિક પ્રાણનો પ્રદેશ છે. તે સ્થૂલ ભૂમિકા ઉપર કાબૂ ધરાવે છે અને તેની નજદિક જ પાછળના ભાગમાં છે — તે સ્થૂલ પ્રાણનું જગત છે.

એક સમયે અમે ગેસ્ટ હાઉસમાં રહેતા હતા :* શ્રી અરવિંદ પ્રથમ માળ ઉપર, જે જમણા હાથે છેવટનો છે તેમાં રહેતા હતા. અત્યારે તે વિદ્યાર્થીઓની બોર્ડિંગનો ધ્યાનરૂમ છે. હું માનું છું કે બે રૂમો પાસે પાસે છે. તેમાંનો એક બાથરૂમ છે અને બીજો એક રૂમ છે. શ્રી અરવિંદ એક બાજુએ રહેતા હતા.

આપણામાંના કેટલા તે મકાનમાં હતા ? .... અમૃતા ત્યાં હતા. (સાધક તરફ ફરીને) અમૃતા, તમે નહોતા ? તમને તે દિવસ યાદ છે ? (હાસ્ય) અમારે એક વત્તોલ નામનો રસોઈયો હતો. આ રસોઈયો ગુસ્સાબાજ હતો અને તેના કામ માટે તેને ઠપકો મળે તો નારાજ થતો. વળી તે કેટલાક મુસલમાનોના સંપર્કમાં હતો અને એમ લાગે છે કે તેમનામાં કોઈક જાદુઈ શક્તિઓ હતી – તેમની પાસે જાદુ વિશેનું પુસ્તક હતું અને જાદુનો અમલ કરવાની શક્તિ પણ હતી. એક દિવસ આ રસોઈયાએ કાંઈક બહુ ખરાબ કર્યું અને તેને ઠપકો આપવામાં આવ્યો – મને ખબર નથી કે તમારામાંના કોઈ દત્તાને ઓળખો છો કે કેમ, પણ દત્તાએ તેને ઠપકો આપેલો – અને તે ભયંકર ગુસ્સામાં આવી ગયો. તેણે અમને ધમકી આપીને કહ્યું, 'તમે જોજો કે તમારે આ ઘર ખાલી કરવાની ફરજ પડશે !' અમે તેની વાત પર કાંઈ ધ્યાન આપ્યું નહિ.

બે કે ત્રણ દિવસ પછી, મને યાદ આવે છે કે કોઈએ આવીને મને કહ્યું કે આગળના ચોગાનમાં પથ્થરો પડયા હતા – થોડાક પથ્થરો, ત્રણ કે ચાર; ઈંટના ટુકડાઓ. અમને આશ્ચર્ય થયું કે કોણ બાજુના ઘરમાંથી પથ્થરો ફેંકે છે. અમે બાળકોને જેની મનાઈ કરતા હતા તે જ વસ્તુ અમે કરી; અમે દીવાલો આજુબાજુ અને છાપરા ઉપર ફરી વળ્યા કે કોઈ પથ્થર કે બીજું કોઈ મળી આવે છે કે કેમ – પણ અમને કાંઈ મળ્યું નહિ.

આ વસ્તુ બપોરે ચાર અને પાંચની વચ્ચે બની. સંધ્યાકાળ થયો ત્યારે પથ્થરોની સંખ્યા વધી. બીજે દિવસે સંખ્યામાં વધારો થયો – ખાસ કરીને તો રસોડાનાં બારણાંની સાથે તેઓ અથડાવા લાગ્યા અને તેમાંનો એક તો દત્તાના હાથ ઉપર, જ્યારે તે

---

*શ્રી અરવિંદ ૧૯૧૩ થી ૧૯૨૨ના સપ્ટેંબર સુધી ગેસ્ટ હાઉસમાં (૩૧, ફ્રાન્કોઈ માર્ટિન) માં રહેતા હતા. જે પ્રસંગનું માતાજી વર્ણન કરે છે તે અહીં ૧૯૨૧માં લગભગ ડિસેમ્બરની અધવચ્ચે બનેલો.

આગળના વરંડામાંથી પસાર થતી હતી ત્યારે વાગ્યો. પછીથી તો સંખ્યામાં ઘણો વધારો થયો. પછી રસ વધવા લાગ્યો. જેમ જેમ વધતો ગયો તેમ તેમ તેની સંખ્યામાં વધારો થતો ગયો. અને એક જ સમયે, જુદી જુદી દિશાઓમાંથી પથ્થરો પડવા લાગ્યા, એવી જગાઓ જ્યાં બારી કે બારણાંઓ ન હતાં; એક દાદર હતો અને તે દિવસોમાં તેના પર કોઈ ખાલી જગા ન હોતી. ફક્ત એક નાનું જાળિયું હતું અને દાદર પર પથ્થરો આ રીતે પડવા લાગ્યા (ઊભી સીધી દિશામાં બતાવીને); જો તેઓ બાકોરામાંથી આવતા હોત તો તેઓ આ રીતે આવતા હોત (આડી ગતિ દર્શાવીને), પરંતુ તેઓ તો સીધા જ નીચે પડતા. તેથી, મને લાગે છે કે દરેકને પૂરેપૂરો રસ જાગ્યો. મારે એટલું કહેવું પડશે કે વત્તોલે અમને જાણ કરેલી કે તે માંદો છે અને બે દિવસથી – જ્યારથી પથ્થરો પડવાની શરૂઆત થઈ ત્યારથી – તે આવ્યો નહોતો. પરંતુ તેણે તેના મદદનીશ રસોઈયાને અમારે ત્યાં મૂકેલો. તે તોરથી ચૌદ વર્ષનો નાનો છોકરો હતો. ઠીક ઠીક પ્રમાણમાં જાડો, થોડો જડ જેવો, અને થોડો શાંત, કદાચ થોડો મૂર્ખ. અને અમે નોંધ કરી કે જ્યાં જ્યાં આ છોકરો જતો હતો ત્યાં ત્યાં પથ્થરો વધતા જતા હતા. જે યુવાન માણસો ત્યાં હતા – તેમાંના એક અમૃતા હતા – તેમણે આ છોકરાને એક ઓરડામાં પૂરી દીધો અને બારીબારણાં બંધ કરી દીધા. તેઓ જાણે કે ભૂત-પ્રેતાદિકની ક્રિયાઓ કરનારની માફક પ્રયોગો કરવા લાગ્યા (હસતાં), "બધાં જ બારણાં બંધ કરી દો, બધી બારીઓ બંધ કરી દો." અને તે છોકરો તો ત્યાં અંદર બેઠેલો હતો અને બારીબારણાં બંધ હોવા છતાં પથ્થરો પડવા લાગ્યા! અને વધારે અને વધારે પડવા લાગ્યા, અને છેવટે છોકરાને પગમાં ઈજા થઈ. પછી તેમને લાગ્યું કે હવે તો વસ્તુની હદ થતી જાય છે.

હું શ્રી અરવિંદ પાસે હતી; અમે શાંતિથી કાર્ય કરતાં હતાં, સાથે ધ્યાન કરતાં હતાં. છોકરાઓએ એક છાની નજર જોવા માટે નાખી કે શું ચાલી રહ્યું છે અને અમને ચેતવણી આપવાની શરૂઆત કરી; અમને જાણ કરવા માટે પરિપકવ સમય થયો હતો કારણ કે હવે વસ્તુઓ વધારે ગંભીર સ્વરૂપ પકડતી હતી. હું તાત્કાલિક સમજી ગઈ કે શી બીના હતી.

મારે તમને કહેવું પડશે કે પહેલાં પણ સામાન્ય ભૌતિક ઉકેલ શોધવાની બધી શકયતાઓ તપાસી હતી. અમે પોલીસોને બોલાવેલા અને તેમને જાણ કરેલી કે કોઈ અમારા તરફ પથ્થર ફેંકે છે અને તેમને શું બની રહ્યું છે તે જોવાની ખૂબ ઇચ્છા હતી. એટલે એક સારા સમજદાર પોલીસે અમને કહ્યું, "અરે! તમારી પાસે રસોઈયા તરીકે વત્તોલ છે. હા, હા, અમે જાણીએ છીએ કે શું છે!" તેની પાસે ભરેલી બંદૂક હતી અને કંપાઉન્ડમાં તે રાહ જોઈને ઊભો રહ્યો. એક પણ પથ્થર પડ્યો નહિ! હું

શ્રી અરવિંદ સાથે અગાશીમાં હતી : મેં શ્રી અરવિંદને કહ્યું, "આ કાંઈક વધારે ખરાબ છે; આપણે પોલીસને બોલાવીએ છીએ અને તે જ વખતે પથ્થરનું પડવાનું બંધ થઈ જાય છે! પણ આ તો બહુ મૂંઝવે એવું છે, આ રીતે તો એમ માનશે કે આપણે સાચું કહ્યું નથી, કારણ કે પથ્થર પડતા નથી," અને તાત્કાલિક પથ્થરો પડવાની શરૂઆત થઈ. (હાસ્ય)

તમને એટલું કહું કે પથ્થરો અગાશીથી ઘણે ઘણે દૂર પડતા હતા અને તેમાંનો એક પણ પથ્થર અમારી પાસે પડેલો નહિ.

એટલે પોલીસે કહ્યું, "મારો અહીં રહેવાનો અર્થ નથી. હું જાણું છું કે વત્તેલે તમારી વિરુદ્ધ આ કામ કરેલું છે, હું જાઉં છું."

આ બન્યું ત્યાર પછીથી અમે છોકરાને ઓરડામાં બંધ કરવાનો પ્રયોગ કરેલો અને પથ્થરોએ તો બંધ ઓરડામાં પણ પડવાનું શરૂ કરેલું અને મને જાણ કરવામાં આવી કે છોકરાને ઈજા થયેલી. ત્યાર પછી મેં કહ્યું. "સારુ, છોકરાને તાત્કાલિક મકાનની બહાર મોકલી આપો. તેને બીજા મકાનમાં મોકલી આપો, ગમે ત્યાં, અને તેની સંભાળ લેતાં રહો, પણ તેને અહીં રાખો નહીં, અને બસ એટલું જ. તમે શાંત રહેજો અને ડર રાખશો નહીં. હું શ્રી અરવિંદ સાથે રૂમમાં હતી અને મેં વિચાર્યું, "ચાલો, જોઈએ આ શું છે." હું ધ્યાનમાં ઊતરી ગઈ અને મેં ધીરેથી કહ્યું. મેં ધીરેથી કહ્યું "ચાલો જોઈએ, અત્યારે કોણ આપણા તરફ પથ્થરો નાખે છે! .... મેં નાનાં પ્રાણ-જગતનાં ત્રણ સત્ત્વો જોયાં. એવાં નાનાં સત્ત્વો જેમનામાં પૂરી શક્તિ હોતી નથી, અને એક જ ક્રિયા કરવાની મર્યાદિત ચેતનાવાળાં – તેમનામાં કાંઈ હોતું નથી; પરંતુ આ સત્ત્વો જાદુ કરનારા માનવીઓની સેવામાં હાજર હોય છે. જ્યારે લોકો આ વિદ્યાનો ઉપયોગ કરે છે ત્યારે તેઓ આવાં સત્ત્વોને બોલાવે છે અને તેમની પાસે બળજબરીથી આજ્ઞા પળાવે છે. એમાં કેટલીક નિશાનીઓ હોય છે, કેટલાક મંત્રો, એટલે તેઓ આવ્યાં, તે બીધેલાં હતા – તેઓ ખૂબ ભય પામેલાં? મેં કહ્યું, "તમે શા માટે આ રીતે પથ્થરો ફેંકો છો? એનો અર્થ શો? આ તો ખરાબ રમત છે." તેમણે જવાબ આપ્યો, "અમને આમ કરવાની ફરજ પાડવામાં આવી છે, બળજબરીથી કરાવવામાં આવ્યું છે? (હાસ્ય) અમારો દોષ નથી, અમને ફરજ પાડવામાં આવી છે, અમારી ભૂલ નથી."

મને ખૂબ હસવાનું મન થયું, પણ તેમ છતાં મેં ગંભીર ચહેરો રાખીને તેમને કહ્યું, "આ બધું તમારે બંધ કરવું પડશે, તમે સમજો છો!" અને તેમણે મને કહ્યું, "તમારે અમને રાખવા નથી? તમે જે કહેશો તે અમે કરીશું." "આહ!" મેં વિચાર્યું, "ચાલો આપણે જોઈએ, આ કાંઈક વધારે રસપ્રદ બનતું જાય છે."

મેં તેમને કહ્યું, "પણ તમે કયું કામ કરી શકો ?"–"અમે પથ્થરો કેમ ફેંકવા તે જાણીએ છીએ." (હાસ્ય) – " મને તેમાં બિલકુલ રસ નથી, મારે કોઈના ઉપર પથ્થર ફેંકવા નથી .... પરંતુ ભાગ્યવશાદ્ તમે ફૂલો લાવી શકો ? તમે મને થોડાં ગુલાબ લાવી શકો ? પછી તેમણે એકબીજાની સામે ખૂબ ગ્લાનિથી જોયું અને જવાબ આપ્યો, "ના, અમને એ હેતુથી બનાવવામાં આવ્યાં નથી, અમે તે કેમ કરવું તે જાણતાં નથી." મેં કહ્યું, મારે તમારી જરૂર નથી, તમે ચાલ્યાં જાઓ, અને ખાસ ધ્યાન રાખજો કે તમારે ફરીથી પાછાં આવવાનું નથી, નહિ તો પછી તમારા માટે ભયંકર જોખમ થશે !" તેઓ દોડી ગયા અને પછી ફરીથી કદી પાછાં આવ્યાં નહીં.

મેં એક વસ્તુની ખાસ નોંધ લીધેલી : ફક્ત છાપરાની ઊંચાઈએથી જ પથ્થરો દેખાતા હતા – છાપરાથી નીચેની દિશામાં અમે પથ્થરો જોઈ શકતા હતા; ફક્ત છાપરાની ઊંચાઈ સુધી જ, તેનાથી ઊંચે પથ્થરો નહોતા. તેનો અર્થ એ કે તેમની સાહજિક રીતે જ રચના થતી. હવામાં કાંઈ પણ દેખાતું નહિ ; ઘરના વાતાવરણમાં તેઓ સ્થૂલીકરણ પ્રાપ્ત કરતા હતા અને નીચે પડતા હતા.

અને આ ગતિને પૂર્ણ કરવા માટે, બીજી સવારે – આ બધું સાંજે બનેલું – બીજે દિવસે સવારે હું રસોડાની મુલાકાતે ગઈ – રસોડામાં થાંભલાઓ હતા – એક થાંભલા ઉપર કોલસાના ટુકડાથી કેટલીક નિશાનીઓ અને આંકડાઓ ખૂબ કઢંગી રીતે ચીતરેલા હતા – અત્યારે મને એ સંકેતો યાદ નથી, અને તામીલ ભાષાના શબ્દો પણ હતા. પછીથી મેં ખૂબ સંભાળપૂર્વક તે બધું ભૂંસી નાખ્યું. અને મેં આહ્વાન કર્યું. અને તે બધું પૂર્ણ થઈ ગયું – આ રીતે તેનો અંત આવી ગયો. આ ફારસ બંધ થઈ ગયું.

હજુ બધી વાત પૂરી થઈ નથી. વત્તોલની પુત્રી કોઈ ઘરમાં આયા તરીકે કામ કરતી હતી, દાસી તરીકે તે વહેલી સાંજે ખૂબ ભીતિગ્રસ્ત આવી અને કહેવા લાગી, "મારા પિતા હૉસ્પિટલમાં છે અને તેઓ મૃત્યુ પામવાની તૈયારીમાં છે; આજે સવારે તેમને કાંઈક થયું છે, તે ખૂબ માંદા છે અને મૃત્યુ પથારી પર છે, તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને મને બહુ બીક લાગે છે." હું જાણતી હતી કે તે શું હતું. હું શ્રી અરવિંદ પાસે ગઈ અને મેં તેમને કહ્યું, "તમે જાણો છો કે વત્તોલ હૉસ્પિટલમાં છે. અને તે મરણપથારીમાં છે." પછીથી શ્રી અરવિંદે મારા તરફ જોયું અને હસ્યા : "અરે થોડાક પથ્થર માટે !" (હાસ્ય)

તે જ સાંજે વત્તોલ સામે થઈ ગયો. પણ પછી ફરીથી તેણે બીજુ કાંઈ કરવાની શરૂઆત કરેલી નહિ.

પથ્થરો કઈ રીતે દેખાતા હતા ?

તે ઘણું આશ્ચર્યજનક છે. કેટલાંક એવાં સત્ત્વો હોય છે જેઓ સ્થૂલ વસ્તુઓને વિખેરી છૂટી પાડી શકે છે અને ફરી પાછું તે વસ્તુઓનું સંઘટ્ટન કરી શકે છે. આ તો સામાન્ય ઈંટોના ટુકડાઓ હતા, પરંતુ આ ટુકડાઓ જેટલા ક્ષેત્રમાં જાદુવિદ્યા ચાલતી હતી તેટલામાં જ સ્થૂલીકરણ પ્રાપ્ત કરતા હતા. જાદુ આ મકાનને ઉદ્દેશીને જ કરવામાં આવેલું, ખાસ કરીને વરંડા માટે, અને પ્રાણિક શક્તિઓનું કાર્ય અહીં જ થતું હતું, એટલા માટે જ જ્યારે મેં તે છોકરાને બહાર મોકલી આપ્યો, તે જ્યારે બીજા મકાનમાં ગયો ત્યારે જ તેને એક પણ પથ્થર અથડાયો નહિ. જાદુઈ સંગઠ્ઠન આ મકાન માટે જ કરવામાં આવેલું અને વરંડામાં જ પથ્થરોની રચના થતી. અને ખાસ કરીને તો આ દત્તા તરફ જ વિશિષ્ટ રીતે મોકલવામાં આવતા અને તેના હાથ ઉપર ઈજા થઈ.

એક બીજું પણ આમાં કાંઈક હતું. ....હા, બરાબર! જે જાદુગર પાસે વત્તોલ ગયેલો તેના વિશે અમને પાછળથી ખબર પડી. તે એવા જાદુગર પાસે ગયેલો જે અહીં ખૂબ પ્રખ્યાત છે અને વત્તોલે તેને કહેલું કે તેની ઇચ્છા એવી હતી કે અમે મકાન છોડી દઈએ – કેમ એ મને ખબર નથી. તે ગુસ્સામાં હતો. અને તેણે જાદુગરને તે મકાન પર પથ્થર ફેંકવા માટે ક્રિયા કરવાનું કહેલું. તે જાદુગરે તેને કહ્યું, "પણ તે ઘરમાં તો શ્રી અરવિંદ રહે છે!" તેણે કહ્યું, "હા"– "અહા! નહિ, હું આ કામમાં પડવા માગતો નથી." પછી વત્તોલે ખૂબ આગ્રહ રાખ્યો; તેણે તેને વધારે બદલો આપવાનું વચન આપ્યું, થોડા વધારે પૈસા. જાદુગરે કહ્યું, "સારુ, આટલી વાત ધ્યાનમાં રાખ; અમે એક નિયમ બનાવવાના છીએઃ શ્રી અરવિંદની આજુબાજુ પચ્ચીસ મીટર સુધીની." મને લાગે છે કે તેણે કહેલું કે "શ્રી અરવિંદથી ૨૦ કે ૨૫ મિટર સુધી પથ્થરો પડશે નહિ. દરેક વખતે શ્રી અરવિંદ અને પથ્થર વચ્ચે ૨૫ મિટરનું અંતર રહેશે." અને તેણે તે રીતે આ જાદુની વ્યવસ્થા ગોઠવી. અને તેટલા માટે જ એક પણ પથ્થર અમારી પાસે પડયો નહિ. કદી નહિ. તે વરંડાના બીજા છેડા ઉપર જ પડતા.

તે બધા આમ કેવી રીતે કરવું તે જાણતા હોય છે, તેમનાં પુસ્તકોમાં તે વિશે લખેલું હોય છે. કેટલાક શબ્દો અને અમુક વિધિઓમાં અમુક શક્તિ હોય છે. કુદરતી રીતે જ જેઓ આ વસ્તુ કરે છે તેમનામાં પ્રાણિક શક્તિ હોવી જ જોઈએ. તેના માટે પ્રાણિક શક્તિ જરૂરી છે. થોડીક માનસિક શક્તિની પણ, બહુ નહિ, ઘણી થોડી – પરંતુ તેમનામાં આ નાનાં સત્ત્વોને કાબૂમાં રાખવા માટે સબળ પ્રાણશક્તિ હોવી જોઈએ જેથી તેમના ઉપર તેઓ શાસન ચલાવી શકે. અને આ લોકો તેમના

ઉપર બીક મારફતે શાસન ચલાવે છે. કારણ કે તેમનામાં તે તત્ત્વોને ઓગાળી નાખવાની શક્તિ હોય છે. પરંતુ આ બધી રચનાઓ ઉપર, આ બધાં સત્ત્વો ઉપર સત્યનું, શુદ્ધ પ્રકાશનું, શુદ્ધ સફેદ પ્રકાશનું એક બિંદુ જ મૂકવું બસ થઈ પડે – સત્યનો શુદ્ધ પ્રકાશ અને તે સર્જનના પરમ તેજમાંથી આવે છે – તમે તેનું એક બિંદુ જ મૂકો; અને તેઓ એવી રીતે વિખેરાઈ જશે જાણે કે કાંઈ હતું જ નહિ. અને તેમ છતાં આ કોઈ વિનાશની શક્તિ નથી; આ એક સર્જનની શક્તિ છે. પરંતુ તે તેમની પ્રકૃતિથી એટલી બધી અજાણી છે કે તેઓ અદૃશ્ય થઈ જાય છે, આ વસ્તુથી તેઓ ડરી ગયેલા કારણ કે મેં તેમને આ સફેદ પ્રકાશ બતાવીને બોલાવેલા; મેં તેમને કહેલું, "જુઓ અહીં આ વસ્તુ છે! આવો." પરંતુ તેમનું અર્પણ હૃદયસ્પર્શી હતું. "અમે તમે જે કહેશો તે કરીશું." મેં કહ્યું, "સારું, તમે શું કરી શકશો ?" "પથ્થર ફેંકીશું !" (હાસ્ય)

૧૭ માર્ચ ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીનો લેખ "ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ ભાગ ૧" પર આધારિત છે.

તમે કહ્યું છે, "આવું (ત્યાગીનું) આચરણ પાળવાનો નિર્વિવાદ હેતુ એ છે કે સર્વ લાગણીઓ નાશ પામે જેથી વ્યકિતના આત્મા તરફના ઉડ્ડયનમાં શરીર કોઈ બાધારૂપ ન થાય."

પ્રાચીન આધ્યાત્મિક સિદ્ધાંતોમાં, શરીરનું રૂપાંતર અશકય મનાતું અને તેને અચેતન અને માર્ગમાં અવરોધ કરનારું સાધન મનાતું – શરીરમાંથી આત્માને બહાર મુક્ત કરવાનો હતો જેથી કરીને, મુક્ત આત્મા બધી અનુભૂતિઓ પ્રાપ્ત કરી શકે, અને તેથી તેઓ શરીરની સાથે ખરાબ રીતે વર્તતા, જેટલી રીતે શકય હોય તેટલી, જેથી કરીને તેનામાંથી સ્ફૂર્તિ અને શકિત ચાલી જાય અને બિલકુલ નકામી વસ્તુ હોય તે રીતે શાંત પડયું રહે.

શારીરિક ચેતના તેમને માટે બાદ કરવાની વસ્તુ હતી.

આ પ્રમાણે તે હતું. હું તેઓ જે રીતે કહેતા એ રીતે બોલું છું. હું મારી જાતને તેમની જગાએ મૂકું છું.

ગઈ વખતે પુસ્તકમાં આ પ્રમાણે લખાણ હતું : "તેઓ (જેમને કોઈ ભગવાનમાં વિશ્વાસ હોય છે, તેમના ભગવાનમાં) તેના તે સમગ્ર રીતે બની રહે છે; તેમની જિંદગીના બધા જ પ્રસંગો દિવ્ય સંકલ્પશકિતની અભિવ્યકિત હોય છે, અને તેઓ બધા જ પ્રસંગોને સ્થિર આજ્ઞાંકિતથી સ્વીકારે છે એટલું જ નહિ પરંતુ કૃતજ્ઞતાથી સ્વીકારે છે, કારણ કે તેમને ખાતરી હોય છે કે તેમના માટે જે કાંઈ બને છે તે તેમના શ્રેય માટે જ બને છે."

સ્થિર આજ્ઞાંકિતતા અને કૃતજ્ઞતાપૂર્વકની આજ્ઞાધીનતા વચ્ચે શો ફેર છે?

સ્થિર અને કૃતજ્ઞ આજ્ઞાંકિતતા ? જ્યારે તમને કોઈ આજ્ઞા મળે છે ત્યારે તમે તેને અધીન થઈ જાઓ છો કારણ કે તમે નિશ્ચય કર્યો હોય છે કે આપણે તેને તાબે થઈ જવું; એટલે તમે આ આજ્ઞા પાળો છો, અને કોઈ પણ જાતના આનંદ

કે ખુશી વગર, બિલકુલ શુષ્ક રીતે અને ઉપરછલ્લી રીતે, અને તમે તમારી જાતને કહો છો, "મને આ કરવાનું કહેવામાં આવ્યું હતું અને હું તે પ્રમાણે કરું છું." આનો અર્થ એવો છે કે તમે સમજવા પ્રયત્ન કરતા નથી અને તમને જે કહેવામાં આવ્યું હોય તેને આનંદપૂર્વક વળગી રહેવા માટે કોઈ પ્રયત્ન કરતા નથી. આ ત્યાગની આજ્ઞાધીનતા છે. તમે તમારા નસીબનો સ્વીકાર કરી લો છો અને કદાચ તમે ફરિયાદ ન કરતા હો તો એટલા માટે કે તમે ફરિયાદ ન કરવાનો નિશ્ચય કર્યો છે, એટલે આ નિર્ણયને લઈને તમે ફરિયાદ નથી કરતા, નહીં તો તમે ફરિયાદ કરી હોત.

બીજું દૃષ્ટાંત, તમને શા માટે એ આજ્ઞા મળી તેને સમજવા માટેનું છે. તમારે તેનું આંતરિક મૂલ્ય સમજવું છે અને તમને જે કહેવામાં આવ્યું છે તે માટે પૂરેપૂરી શક્તિથી, પૂરેપૂરી સમજથી અને આનંદથી અભિવ્યક્તિ કરવી છે અને તે એવી વસ્તુ છે જે પ્રભુને તમારી નજીક લાવશે અને તમને પૂરેપૂરો સંતોષ આપશે. પછીથી તમે આનંદ અનુભવો છો, તમને સંતોષ થાય છે અને તમે સહકાર આપો છો. આ તો ઘણો નોંધપાત્ર તફાવત છે.

સ્થિર આજ્ઞાધીનતામાં માણસને સુખની લાગણી થતી નથી?

ઘણું ખરું વ્યક્તિ પોતાને વિશે ગર્વ લેતી થઈ જાય છે! વ્યક્તિ મિથ્યાભિમાની થાય છે, અને પોતાની જાતને કહે છે કે હું અદ્‌ભુત કાર્ય કરું છું. આમાં માણસ કોઈ પ્રશ્ન કરતો જ નથી, સમજવાનો પ્રયત્ન કરતો નથી. તે આજ્ઞા પાળે છે અને મુક્તિનો અનુભવ કરે છે. પોતાની જાતને પૂછતો પણ નથી કે તે સારું છે કે નથી; તે ઘણો ઉચ્ચ કક્ષાનો છે. વ્યક્તિ અભિમાનથી ફૂલી સમાતી નથી. અહીં આવા ઘણા માણસો છે.

તેથી આ ખરેખરી આજ્ઞાધીનતા ન કહેવાય, ખરું ને?

હું માનું છું કે બીજો પ્રકાર વધારે સારો છે. એમાં એક વસ્તુ તો છે જ કે તેમાં પોતે શા માટે વસ્તુઓ કરે છે તે સમજવાનો સંતોષ છે; વ્યક્તિ તેને આનંદથી કરે છે અને તે કરવાથી તેને તાકાત મળે છે એવો અનુભવ થાય છે. જ્યારે પહેલા દૃષ્ટાંતમાં માણસ વધારે ને વધારે નીચું માથું નમાવીને એમ અનુભવે છે કે જાણે તે પોતે કોઈ સત્તાધારી સરમુખત્યારનો તુચ્છ શિકાર તે બનેલો છે જે પોતાની સર્વ શક્તિમત્તાથી તેને કચડી નાખતો હોય.

મંદિરોમાં લોકો દેવને પ્રાણીઓનું બલિદાન આપે છે. આ પ્રસંગને ઘાતકીપણું કહી શકાય?

આ પ્રસંગ ઘાતકીપણાને બદલે અજ્ઞાન અને અચેતનતાની વધારે નજીક છે. તેઓ ઘાતકી છે માટે તેમ કરે છે એમ નથી – તેમાં અપવાદો છે, પણ તેમ છતાં સામાન્ય રીતે કહીએ તો તેમને બલિદાન આપવામાં ખાસ આનંદ આવતો નથી પરંતુ તેઓ કોઈ ખાસ દેવથી ડરે છે અને તેમના બલિદાનથી તેમને તેની ખાસ કૃપા મળશે એમ તેઓ માને છે.

અહીં નજીક જ, દરિયાકિનારા પાસે, એક માછીમારોનું મંદિર છે – વિરમ-પટ્ટનમ્ હું ધારું છું. તમે એરિયાનકુપ્પમ્ જેટલે દૂર જાઓ અને ત્યાંથી ડાબી બાજુએ વળીને દરિયા તરફ જાઓ ત્યારે રસ્તાને છેવાડે એક મંદિર છે. તે એક વિચિત્ર દેવીનું મંદિર છે – તે 'કાલી' દેવીઓમાંની એક છે. વારુ, આ કાલી માટે ઘણી અદ્‌ભુત વાતો કહેવાય છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં, રિવાજ એવો છે કે તેના માનમાં દરેક વર્ષે ઘણી રાંધ્યામાં મરઘીનાં બચ્ચાંઓને મારવામાં આવે છે. હું એક દિવસ ત્યાં નીચે જઈ ચડી. હું માનું છું કે ઉત્સવ ઉજવાઈ ગયો તેનો બીજો દિવસ હતો; આપણે જોઈ શકીએ કે રેતીની ઉપર ઘણાં પીછાં વિખરાયેલાં હતાં – અને તે ઉપરાંત એ જગામાં ભયંકર ધ્રુજારી ઉત્પન્ન થાય એવા પૂરેપૂરા અજ્ઞાનનું વાતાવરણ હતું અને વધારામાં (મને ત્યાંની વિધિની ખબર નથી – કોણ મરઘાંઓને ખાતું હશે ? કાં તો જે મરઘાંઓને મારે છે તેઓ અથવા પૂજારીઓ – પણ અહીં તો ઘણાં બધાં હતાં ! જો પૂજારીઓ તે બધું ખાતા હોય તો ખરેખર તેઓ માંદા જ પડી જાય એટલે જેમણે તેમને માર્યાં હશે તે માણસો પણ તેમાં હશે) ત્યાં લોભનું વાતાવરણ હતું, ફક્ત લોભનું જ નહિ પણ ખાઉધરાપણાનું પણ, એવા લોકો જેઓ તેમને ખાવાનો વિચાર કરતા હતા તેમનું. અને ત્યાં તે કાલી હતી જે આ બિચારાં નાનાં મરઘાંઓની પ્રાણશક્તિઓથી સંતોષ પામતી હતી; તેઓને હજારોની સંખ્યામાં મારી નાખવામાં આવતાં અને તે દરેકમાં જરા જેટલી પ્રાણશક્તિ બચી જતી, જ્યારે તેમનું ગળું કાપવામાં આવતું અને તે કાલી તે બધાના ઉપર પોતાનો ઉછેર કરતી ! તે ઘણી ખુશ હતી. અને એ સ્પષ્ટ છે કે – મને ખબર નથી કે તેને ક્રૂરતા કહેવાય કે કેમ, તે ઘણેભાગે લોભ હતો – પ્રાણશક્તિઓનો લોભ, ઘણી અચેતન પ્રાણશક્તિ, કારણ કે આ બીચારાં મરઘીનાં બચ્ચાંઓમાં કોઈ વસ્તુ બહુ સચેતન હોતી નથી. અને આ સમગ્ર વસ્તુ બહુ નિમ્ન પ્રકારનું, બહુ ભારેખમ, અચેતન અને દર્દમય વાતાવરણ પેદા કરતું હતું, પરંતુ તેમાં ક્રૂરતાની તીવ્રતા નહોતી. એટલે આપણે એમ ન કહી શકીએ કે આ રિવાજ ઘાતકીપણાને લઈને છે, હું એમ માનતી નથી. કદાચ આમાંના કેટલાક લોકોને જો તેઓ ચાહતાં હોય તેવાં બકરીનાં નાનાં બચ્ચાંને, નાનાં ઘેટાંનું બલિદાન આપવાનું હોત તો કદાચ તે લોકોને આ દુઃખદાયક લાગત. એ ઘણે ભાગે મહાન અચેતનતા છે અને મોટો

ડર છે. અહો, ભીતિ ! ધર્મોમાં એટલી બધી બીક હોય છે ! આ પ્રકારનો ડર : "જો હું આ કે તે વસ્તુ નહીં કરું તો, જો હું એકાદ ડઝન મરઘીનાં બચ્ચાંઓનું ગળું નહીં કાપું તો મારી સમગ્ર જિંદગી દરમિયાન ભયંકર બનાવો બનશે, અથવા આ આખા વર્ષ માટે મારાં બાળકો માંદગીમાં સપડાશે, હું ધંધો ખોઈ બેસીશ, મને મારી રોજી નહીં મળે, મારા માટે ઘણા ઘણા અનિષ્ટ બનાવો બનશે" .... અને તેથી, ચાલો એક ડઝન પીલ્લાંઓને વધેરી નાખીએ. પરંતુ આ મારી નાખવાની ઇચ્છામાંથી આ વસ્તુ આવતી નથી. તેને ક્રૂરતાનું કૃત્ય ન કહી શકાય; તે અચેતન અવસ્થામાંથી બને છે.

તમે જ્યારે તે કાલીને જોવા ગયેલા ત્યારે તે કાલી શું કરતી હતી ?

તમે તે વાત જાણો છો, નથી જાણતા ?.... મને તે જગાની ખબર નહોતી; પણ એરિયાનકુપ્પમ્ અને આ મંદિરની વચ્ચે એક રસ્તાનો ટુકડો છે અને તેથી અર્ધા રસ્તા સુધી, હું ખૂબ શાંતિથી મારી કારમાં બેઠેલી હતી અને મને આ વસ્તુની કાંઈ જાણ નહોતી – મને કોઈ જાણ નહોતી, કાલીની વાતની પણ નહિ તેમ જ મરઘીનાં બચ્ચાંની કે કોઈ પણ વસ્તુની – હું મારી કારમાં બેઠેલી હતી અને ઓચિંતા મેં એક કાળું સત્ત્વ આવતું જોયું, અને તેના વાળ વિખેરાયેલા હતા અને મને તેણે તેની સાથે કરાર કરવાનું કહ્યું. તેણે મને ખૂબ નમ્રતાથી કહ્યું, "જો તમારી ઇચ્છા હોય અને મારો અંગીકાર કરો અને મને મદદ કરવા આવો તો કેટલા બધા માણસો આવે અને આ જગ્યા કેવી ભવ્ય બને." તે એક નાની હાસ્યાસ્પદ પ્રાણી જેવી હતી. તે કાળી આકૃતિની, છૂટા વાળવાળી, બહુ જ પાતળી હતી અને તેની સમૃદ્ધિ વધતી હોય એવું નહોતું ! પાછળથી મને કહેવામાં આવ્યું – મને તે વાત બરાબર યાદ નથી એટલે હું કહી શકું નહીં – કે તેને કોઈ કમનસીબ બનાવ બનેલો; તેનું માથું છેદાઈ ગયેલું હતું. એવું જ હતું ને ? એવું કાંઈક (સાધક તરફ ફરીને) અમૃતા, તું વિરમપટ્ટનમ્‌ની કાલીની વાત જાણે છે ને ?... ના, તું જાણતો નથી ? કોઈએ મને આ વાત કરેલી. ગમે તેમ એ વાત રસિક નહોતી. તે કમભાગી કાલી હતી. મેં તેને શાંત રહેવાનું કહ્યું અને તેને મારી પાસેથી શું જોઈતું હતું તે મને સમજાતું નહોતું, અને હું આવી હતી .... તેથી જો તેની સચ્ચાઈપૂર્વકની અભીપ્સા હોત તો તેની અભીપ્સાને પ્રત્યુત્તર મળ્યો હોત. બીજી ક્ષણે અમે મંદિરમાં પહોંચ્યાં; પછી મને સમજાયું કે આ તો વ્યક્તિ હતી જેના માટે મંદિર બંધાયેલું હતું. પછીથી અમે દરિયા-કિનારે ફરવા ગયાં, કેઝોરીના વૃક્ષોની નીચે ગયાં અને ત્યાં ઘણાં પીંછાંઓ, લોહીનાં બુંદો અને થોડો બાકી રહેલો અગ્નિ જોયો, – એ અગ્નિના ઉપર સ્પષ્ટ હતું કે લોકોએ મરઘાંનાં બચ્ચાંઓને શેકેલાં,

અને મેં તે કાલીની વાત જાણી અને કેવી રીતે સંખ્યાબંધ મરઘાંઓને તે ઉત્સવ માટે હલાલ કરવામાં આવ્યાં હતાં.

એટલે આ વાત આમ છે. મને નથી લાગતું કે તે પ્રાણી (કાલી) તે મરઘાંઓનાં બચ્ચાંઓની કતલથી બહુ સંતોષ પામી હોય – મને તેના વિશે કાંઈ ખબર નથી, મેં કહ્યું તે પ્રમાણે, તેને જે કાંઈ ફાયદો થયો હોત તે બચ્ચાંઓમાંથી નીકળતી કોઈ પ્રાણિક શક્તિઓને પચાવવામાંથી થતો હશે, પણ એટલું ચોક્કસ કે મોટો માનવસમુદાય જોઈને તેને પુષ્કળ સંતોષ થતો હતો – જેટલા વધારે સંખ્યામાં માણસો આવે અને જેટલી વધારે સંખ્યામાં મરઘાંનાં બચ્ચાંઓની કતલ કરવામાં આવે એટલી મોટી સફળતાની નિશાની. આ સાબિત કરતું હતું કે તે (કાલી) ઘણી મહાન અગત્યની વ્યક્તિ બનતી હતી; અને તેથી તે કુશળતાથી મારી મદદ માગવા આવી. મને કહેવા લાગી કે મારે તેને મદદ કરવાની ઇચ્છા હોય અને મારી પ્રાણ-શક્તિ અને પ્રાણમય હાજરી ત્યાં આવે તો ઘણા વધારે માણસો અને ઘણાં મરઘીનાં બચ્ચાંઓ મળે ! અને તે ઘણી મોટી સફળતા લાવે. મેં જવાબ આપ્યો કે જે રીતે વસ્તુઓ છે તે પૂરતી છે અને તેણે મૂંગા રહેવું.

માતાજી, તે કાલી કઈ ભૂમિકાની હતી ?

સૌથી સ્થૂલ ભૌતિક પ્રાણની.

તે કાલી કેમ કહેવાય છે ?

મને ખબર નથી. તે કાલીમાંની એક છે – મને એક આછો ખ્યાલ છે કે તેનું માથું કપાયેલું હતું અથવા તે ગળા સુધી દટાયેલી હતી અથવા મને જાણ નથી કે તે શું હતી. કાંઈક એવું હતું. એક એવી પ્રચલિત વાત છે કે રેતીમાંથી ગળા સુધી દટાયેલું એક માથું બહાર આવે છે. પરંતુ આ વાત તો આ પ્રદેશની હરકોઈ વ્યક્તિ તમને કહી શકશે, મને યાદ નથી. એ એક કાલીનું સ્વરૂપ છે. – કાલીનાં અગણિત સ્વરૂપો છે. દરેક શ્રદ્ધાળુને પોતપોતાની પ્રતિમા હોય છે, દરેકને કોઈ ચોક્કસ કાલીની સાથે સંબંધ હોય છે; કેટલીક કૌટુંબિક કાલીઓ હોય છે. ઘણી કૌટુંબિક કાલીઓ. હું કેટલાંક કુટુંબોને જાણું છું જેમની કાલીઓ ઘણી ભયંકર હતી. તો તેની ઇચ્છાનુસાર ન કરવામાં આવે તો કુટુંબનાં સભ્યો ઉપર કમનસીબ તૂટી પડતું. કેટલીક શક્તિશાળી રચનાઓ હતી. હું માનું છું કે તે કાલી કરતાં કુટુંબના સભ્યો વધારે જવાબદાર હતા. અને એવા માણસોને પણ હું જાણું છું કે જ્યારે કુટુંબમાં કોઈ ખરાબ બનાવ બને, ખરેખર કમનસીબ બનાવ – કોઈક મૃત્યુ – ત્યારે તેઓ કાલીની પ્રતિમાને ઊંચકીને ગંગા નદીમાં પધરાવી દેતા.

આ કાલીને અને મહાકાલીને કોઈ પણ સંબંધ નથી ને? હોય છે?

ના. તેને માનવ-મન સાથે સંબંધ હોય છે. હું માનું છું કે આ બધી માનવ-મનની રચનાઓ હોય છે – પરંતુ મેં શોધ્યું છે કે ખરેખર ગણપતિ છે – આ વસ્તુમાં હું માનતી નહિ, હું કાંઈ તેને માનતી નહિ, હું એમ માનતી કે એ કેવળ માનવીય રચના હશે, તે હાથીના મસ્તકવાળી વસ્તુ – પરંતુ એ પ્રકારનું સ્વરૂપ છે. મેં તેને જોયું છે, તે બિલકુલ જીવંત છે, અને એ કોઈ રચના નથી. આ પ્રમાણે જ એક કાળી કાલી પણ છે, માનવખોપરીની માળાવાળી અને લાંબી લટકતી જીભવાળી – મેં તેને જોયેલી છે. મેં તેને મારા ઓરડામાં મોટી ખુલ્લી આંખોવાળી, પ્રવેશ કરતી જોઈ છે. તેથી મને ખાતરી છે કે તે હસ્તી ધરાવે છે. અને તે માનવીની કલ્પનાની રચના ન હતી. એ એક સત્ત્વ હતું – સાચું સ્વરૂપ. એટલું બની શકે કે માનવ-વિચારોએ કેટલીક વિગતો તેમાં ઉમેરી હોય. તે ફક્ત કલ્પના જ ન હતી.

તે કાળી કાલી શું કરે છે?

હું માનું છું કે ઠીક ઠીક પ્રમાણમાં તે અનિષ્ટ વસ્તુઓ કરે છે! એ સ્પષ્ટ છે કે તેને વિનાશમાં ખૂબ આનંદ પડે છે.

તે કાલી – તે સમય પ્રથમ વિશ્વયુદ્ધનો હતો, વિશ્વયુદ્ધના શરૂઆતના દિવસોનો. હું અહીં હતી. હું દુપ્લે સ્ટ્રીટ ઉપર આવેલા દુપ્લે હાઉસમાં રહેતી હતી. તે મકાનની અગાશીમાંથી શ્રી અરવિંદનો રૂમ દેખાતો હતો, ગેસ્ટ હાઉસનો એક રૂમ. શ્રી અરવિંદનો તેમાં નિવાસ હતો. તેમને બે ઓરડા અને એક નાની અગાશી હતી. અને દુપ્લે હાઉસની અગાશીમાંથી ગેસ્ટ હાઉસની અગાશી દેખાતી. મને ખબર નથી કે અત્યારે પણ દેખાય છે કે કેમ; તે વચ્ચે આવેલાં મકાનો પર તેનો આધાર છે, અને હું શ્રી અરવિંદના રૂમની સામે મોઢું રાખીને દરરોજ સવારે અગાશીમાં ધ્યાન કરતી. તે દિવસે હું મારા ઓરડામાં હતી. પરંતુ શ્રી અરવિંદના ઓરડા તરફ નાની બારી મારફતે જોતી હતી. હું ધ્યાનમાં હતી પરંતુ મારી આંખો ખુલ્લી હતી. હતી. મેં આ કાલીને મારા રૂમમાં બારણાંમાંથી પ્રવેશ કરતી જોઈ. મેં તેને પૂછ્યું, "તારે શું જોઈએ છે?" અને તે નૃત્ય કરતી હતી. સાચે જ જંગલી નૃત્ય. તેણે મને કહ્યું, "પૅરિસ જીતાઈ ગયું છે, પૅરિસનો વિનાશ થશે." અમારી પાસે કોઈ સમાચાર આવતા નહિ, અને વિશ્વયુદ્ધની શરૂઆત જ હતી. હું ધ્યાનમાં હતી. મેં તેની તરફ ફરીને કહ્યું, "નહિ, પૅરિસ જીતાશે નહિ, પૅરિસ બચી જશે." આ મેં ખૂબ શાંતિથી કહ્યું, આ રીતે, પણ તેમાં એક પ્રકારનું બળ હતું. તેણે મોઢું બગાડ્યું અને તે ઊપડી ગઈ. અને બીજે દિવસે અમારી પાસે "ખરીતો" આવ્યો. તે દિવસોમાં હજુ રેડિયો આવેલો નહિ, અમારી પાસે તારના સંદેશાઓ આવતા, ખરીતાઓ, જેમને

જાહેરમાં મૂકવામાં આવતા અને તેમને સરકારી ગૃહનાં બારણાં પર ચોંટાડવામાં આવતા. અમને સમાચાર મળેલા કે જર્મનોએ પૅરિસ પર કૂચ કરેલી, અને પૅરિસનું રક્ષણ કરનાર કોઈ ન હતું: રસ્તો ખુલ્લો હતો, થોડાક કિલોમિટર તેઓ આગળ આવે તો તેઓ પૅરિસમાં પ્રવેશી શકયા હોત. પણ જ્યારે તેમણે જોયું કે રસ્તો ખુલ્લો છે, અને તેમનો સામનો કરવા માટે કોઈ હાજર નથી ત્યારે તેમને લાગ્યું કે દુશ્મનો સંતાઈ ગયેલા છે અને તેમને માટે છટકું ગોઠવાયેલું છે. એટલે તેઓ પાછા ફર્યા; (હાસ્ય) અને જ્યારે ફ્રેન્ચ લશ્કરે તે જોયું ત્યારે તેણે તેમનો પીછો પકડયો અને યુદ્ધ થયું. તે નિર્ણાયક યુદ્ધ થયું; તેઓને અટકવું પડયું; સારું, આમ સ્પષ્ટ હતું. તેણે આ સ્વરૂપ પકડયું; મેં જ્યારે કાલીને કહ્યું, "નહીં," ત્યારે તેઓના શ્વાસ અધ્ધર થયેલા. તેઓ પાછા ફર્યા, નહીંતર જો તેઓએ આગેકૂચ ચાલુ રાખી હોત તો બધું ખતમ થઈ ગયું હોત.

મહાકાલી કેવી હોય છે ?

મારાં બાળકો, જ્યારે તમે તેને જુઓ ત્યારે મને કહી શકશો. તે પેલી કાલીની જેવી હોતી નથી. વધારેમાં વધારે એટલું કહી શકું કે તે કાળી નથી હોતી, તે એક લાંબી જીભ લટકાવતી નથી. અને તે માનવ-ખોપરીઓનો હાર પહેરતી નથી !

> અહીં તમે કહ્યું છે : "સાધુનું ખીલાની પથારી પરનું આસન અથવા ક્રિશ્ચિયન એન્કોરાઈટ (સાધુ), જેઓ ચાબુકનો આશ્રય લે છે અને વાળનું ખમીસ પહેરે છે, તેઓનામાં ઓછી કે વત્તી વેદનામાં આનંદ લેવાનું વલણનું પરિણામ અનિવાર્ય રીતે હોય છે તે એક બિનતંદુરસ્ત શોધ છે અથવા તો અવચેતનાની ઉગ્ર સંવેદનો માટેની માંગ છે."

અહા ! તમે જાણો છો કે કેટલાક તપસ્વીઓ ખીલાની પથારી ઉપર સૂએ છે. તમે તેમને કદી જોયા નથી ? મેં પોતે કેટલાક ફોટાઓ જોયા છે. આવી વસ્તુ કરવામાં આવે છે; તેઓ ખીલાઓની પથારીમાં સૂએ છે. મેં હમણાં જ એવું ચિત્ર જોયેલું છે. તે એટલા માટે કરે છે કે .... મને ખબર નથી કે તેઓ પોતાના સંતપણાને સાબિત કરવા માગે છે કે કેમ. તમે જાણો છો, જ્યારે તેઓ આવું જાહેરમાં પ્રદર્શન કરે ત્યારે લોકોને શંકા જાય કે તે વેદનાવિહીનતાના દંભનું નાટક છે. પણ છતાં એવા પણ હોય છે જેઓ હૃદયપૂર્વક તેમ કરતા હોય, એટલે કે તેઓ નાટક ન કરતા હોય. અને જો આપણે તેઓને પૂછીએ કે તેઓ આમ કેમ કરે છે તો તેઓ કહેશે કે તેઓ તેમની જાતને સાબીત કરવા માગે છે કે તેઓ શરીરથી ભિન્ન છે. અને બીજાઓ તેનાથી પણ આગળ જઈને કહેશે કે શરીરને સહન કરવું જોઈએ જેથી આત્મા મુક્ત થઈ શકે. સારું, જો તમે મને પૂછો તો કહીશ કે આની પાછળ

એક વેદના સહન કરવાનો પ્રાણનો આસ્વાદ છે. અને તે વેદના શરીર ઉપર લાદવામાં આવે છે કારણ કે પ્રાણને વેદનામાં એક વિકૃત આનંદ આવે છે. મેં એવાં બાળકો જોયાં છે જેઓ ઘવાયાં હોય અને જે જગાએ ઘા પડેલો હોય ત્યાં તેઓ વધારે ને વધારે દબાવે છે જેથી ત્યાં વધારે ઈજા થાય! અને તેઓને તેમાં આનંદ આવતો. મેં આવા મોટા માણસોને પણ જોયા છે. નૈતિક રીતે આ વસ્તુ ઘણી જાણીતી છે. હું લોકોને કહું છું કે, "તમે દુઃખી છો કારણ કે તમારે દુઃખી થવું છે. જો તમે સહન કરો તો એટલા માટે કરો છો કે તમને સહન કરવામાં મજા આવે છે, નહિ તો તમે સહન કરો નહીં." આવા પ્રકારની વસ્તુને હું બિનતંદુરસ્ત કહું છું, કારણ કે તે સંવાદિતા અને સૌંદર્યથી વિરુદ્ધ છે, તે એક પ્રકારની તીવ્ર સંવેદનોની વિકૃત જરૂરિયાત છે.

મને ખબર નથી કે તમે જાણો છો કે ચીન એક એવો દેશ છે જ્યાં ભયંકર પ્રકારની યાતનાઓની, વિચારી પણ ન શકાય તેવી, શોધ થઈ છે. જ્યારે હું જાપાનમાં હતી ત્યારે, મેં એક જાપાનીઝ જેને ચીનાઓ બહુ ગમતા (જે ભાગ્યે જ બને છે) અને તે તેમની ખૂબ પ્રશંસા કરતો. તેને મેં પૂછ્યું કે આ પ્રમાણે કેમ છે. તેણે મને કહ્યું, "તેનું કારણ એ છે કે દૂર પૂર્વના બધા લોકો, જાપાનીઝ સહિત જડ થઈ ગયેલા આવેગોવાળા હોય છે. તેઓને લાગણીની બહુ ઓછી અસર થાય છે. જ્યાં સુધી વેદના ખૂબ તીવ્ર ન થાય ત્યાં સુધી તેમને અસર થતી નથી અને તેથી તેઓની બુદ્ધિને ખૂબ તીવ્ર વેદના આપનારી રીતોની શોધ કરવાની ફરજ પડે છે. સારુ, આ બધા લોકો, જેઓ અચેતન હોય છે, તેઓ વધારે ને વધારે અચેતન થતા જાય છે અને વધારે ને વધારે તામસિક બનતા જાય છે; જેમ જેમ તેઓની લાગણીઓ વધારે કુંઠિત થતી જાય તેમ તેમ તેમને વધારે તીવ્ર આવેગોની જરૂર પડે છે જેથી તેઓને લાગણીઓની અસર થાય, અને ખાસ કરીને આ વસ્તુ માણસોને વધારે ઘાતકી બનાવે છે, કારણ કે ઘાતકીપણું ખૂબ તીવ્ર આવેગો આપે છે. આ રીતનો નાડીતંત્ર ઉપરનો બોજ, જે બીજાઓને વેદના આપીને મેળવાય છે તે તેમનામાં, તેઓને અસર કરે તેવા તીવ્ર આવેગોને ઉત્પન્ન કરે છે. અને એટલા માટે જ આવી જાતિઓ ઘણું ખરું જુલ્મી હોય છે. તેઓ બહુ જડ હોય છે – પ્રાણના સંવેદનવિહીન. માનસિક કે બીજી રીતે તેઓ જડ ન હોય, પરંતુ પ્રાણિક કે શારીરિક રીતે તેઓ જડ હોય છે, ખાસ કરીને શારીરિક રીતે.

જેઓમાં સૌંદર્યની ભાવના હોય છે તેઓ પણ ઘાતકી થઈ શકે છે?

તે તો માનસશાસ્ત્રીય પ્રશ્ન થયો. તેમની સૌંદર્યની ભાવના કયા પ્રકારની છે તેના ઉપર તેનો આધાર છે. કોઈમાં સ્થૂલ સૌંદર્યની ભાવના હોય, કોઈમાં પ્રાણની

અને કોઈમાં માનસિક. જો કોઈમાં નૈતિક સૌંદર્યની ભાવના હોય – એક નૈતિક ભાવના અને ઔદાર્ય – તો તે કદી ઘાતકી હોઈ શકે નહીં. આવી વ્યક્તિ કાયમ દરેક સંજોગમાં, ઉદાર અને વિશાળ હોય છે. પરંતુ માણસો ઘણા ઘણા છૂટા ભાગોના બનેલા હોય છે. દા.ત. હું જે બધા કલાકારોના પરિચયમાં હતી તેમના વિશે વિચાર કરતી હતી – હું છેલ્લી સદીના અથવા આ સદીની શરૂઆતના બધા કલાકારોને જાણું છું, તે બધામાં સૌંદર્યની સાચી ભાવના હતી. પરંતુ નૈતિક રીતે તેમાંના કેટલાક ઘણા જુલ્મી હતા. જ્યારે એ કલાકારને તમે કામ કરતા જુઓ ત્યારે તે ભવ્ય સૌંદર્યમાં રહેતો પણ તે માણસને પોતાના ઘરમાં જુઓ તો, પોતાની અંદરમાં રહેલા કલાકારના સંપર્કમાં ઘણો ઓછો હોય અને તે પોતે ઘણો અધમ, ઘણો સામાન્ય બની જતો. ઘણાખરા આવું કરતા. મને તેની ખાતરી છે. પણ જે કલાની સાથે એકતા ધરાવતા, એટલે કે તેઓ સાચી કલા જીવી જાણતા તેઓ માટે આ પ્રમાણે નહોતું. તેઓ ઘણા ઉદાર અને ભલા હતા.

રોડિને કહેલી એક રસિક વાત મને યાદ આવે છે. તમે રોડિનને જાણો છો? માણસ તરીકે નહીં, પણ તેણે શું શું કર્યું તે વિશે રોડિને મને એક દિવસ પ્રશ્ન પૂછ્યો, "કઈ રીતે કોઈ વ્યક્તિ બે સ્ત્રીઓને એકબીજાની ઈર્ષ્યા કરતી અટકાવી શકે?" (હાસ્ય) મેં તેને કહ્યું, "આહ, અહીં એક પ્રશ્ન ખરો! તું મને નહીં કહે કે કેમ?" પછી તેણે મને કહ્યું, "આ પ્રમાણે વાત છે, મારું ઘણુંખરું કામ હું માટીમાં બનાવું છું. કોઈ પણ પથ્થરના કે કાંસાના શિલ્પ બનાવતાં પહેલાં હું ઘણુંખરું કામ માટીમાં બનાવું છું. અને તેથી આ પ્રમાણે બને છે : હું મારા કામ અંગે એકાદ કે બે કે વધારે દિવસો બહારગામ જઉં છું. માટી-માટીના નમૂનાઓને હું ભીનાં કપડાંથી વીંટાળીને જઉં છું, કારણ કે જો તેઓ સુકાઈ જાય તો તેમાં તિરાડો પડે અને મારું બધું કામ નષ્ટ પામે અને મારે તે કામ ફરીથી કરવું પડે." બધા જ શિલ્પીઓ આ વસ્તુ જાણે છે. અને તે બિચારા પર આ પ્રમાણે બન્યું; તેને એક પત્ની હતી, અને તેને એક 'મોડેલ' પણ હતી.... તે ઘણી ઘરમાં નજીકની હતી. અને તેની ઈચ્છા થાય ત્યારે તે અંદર આવી શકતી – અને તેને તે પોતાના શિલ્પના મોડેલ તૈયાર કરવાના ઉપયોગમાં લેતો. હવે પત્નીને તો પત્નીપણું જોઈતું હતું. અને જ્યારે મોડેલ ગેરહાજર હોય ત્યારે તે વહેલી સવારે આવીને સ્ટુડિયોમાં બધાં કપડાં પર પાણી છાંટતી – બધાં મસ્તકો, શરીરો અથવા નમૂનાઓ ઉપર. તે બધાં ભીનાં કપડાંથી ઢંકાયેલાં હતાં. જેમ છોડવાઓ ઉપર આપણે પાણી છાંટીએ છીએ તે પ્રમાણે. એટલે તે આવતી અને પાણીનો છંટકાવ કરતી. અને પછી થોડા સમય પછી, બે ત્રણ કલાકે 'મોડેલ' આવતી જેની પાસે સ્ટુડિયોની ચાવી રહેતી. તે સ્ટુડિયો ખોલીને પાણીનો છંટકાવ કરતી. તે બરાબર જોતી કે આ બધું પાણીથી

છંટાયેલું છે. પરંતુ તેને પોતાના શિલ્પીના નમૂનાઓની સંભાળ લેવાનો હક હતો — અને તેથી તે પાણી છાંટતી. રોડિને મને કહ્યું, "આથી એનું પરિણામ એવું આવતું કે જ્યારે હું મુસાફરીમાંથી પાછો ફરું ત્યારે મારું બધું જ શિલ્પ વહેતું હોય અને મેં જે કાંઈ કરેલું હોય તે ત્યાં ન હોય!"

તે વૃદ્ધ માણસ હતો, તે સમયે વૃદ્ધ થયેલો. તે ઘણો ઉમદા હતો. તેને હરણનું માથું (faun) હતું. ગ્રીક હરણનાં જેવું. તે ટૂંકો, જાડા વાળવાળો અને સુગઠિત હતો; તેની આંખો વેધક હતી. તે અદ્ભુત કટાક્ષ કરી શકતો અને થોડો . . . .તે આ વાત પર ખૂબ હસ્યો પણ તેનું શિલ્પ અકબંધ રહ્યું હોત તો તેને વધારે પસંદ પડત?

અને તમારો પ્રત્યુત્તર શો હતો? (હાસ્ય)

મને અત્યારે યાદ નથી. (હાસ્ય) કદાચ મેં હાસ્યઠઠ્ઠાથી જવાબ આપ્યો હતો. નહીં, મને એક વસ્તુ યાદ છે. મેં તેને પૂછ્યું, "પણ તું કહેતો કેમ નથી: આ એક પાણીનો છંટકાવ કરશે?" તેણે તેના માથા પરના આછાને ખેંચ્યા અને કહ્યું, "પણ આ તો ખંજરનું યુદ્ધ ખેલાય." (હાસ્ય)

Voila, શુભ રાત.

૨૪ માર્ચ ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીનો લેખ, "ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિઓ, ભાગ ૧" પર આધારિત છે.

જો કોઈ ભારે ખોરાક ખાય તો તેની ઊંઘમાં ભયંકર સ્વપ્નો શા માટે ખલેલ પાડે છે ?

કારણ કે હોજરીની સ્થિતિ અને સ્વપ્ન વચ્ચે ઘણો ગાઢ સંબંધ છે. તેના ઉપર નિરીક્ષણો થયાં છે. અને એવું નોંધાયેલું છે કે જે પ્રકારનો ખોરાક લેવામાં આવે છે તે પ્રમાણે એક યા બીજા પ્રકારનાં સ્વપ્નો આવે છે. અને જો ખોરાકના પાચનમાં મુશ્કેલી પડે તો સ્વપ્નાંઓ ભયંકર બની જાય છે – આ રાત્રિ-સ્વપ્નો જેનું ખરેખર અસ્તિત્વ નથી, તેમ છતાં તેઓ ભયંકર ઓથારો જ હોય છે, અને ઘણાં દુ:ખદ હોય છે – વાઘ અને બિલાડીઓ જેવા વગેરે વગેરે .... અથવા તમને એવા અનુભવો થાય. દા. ત. તમારા માટે એક મહાન જોખમ ઊભું થયું છે અને તમારે ઉતાવળ કરવી જોઈએ, જલદી કપડાં પહેરીને બહાર જવાનું છે અને તમે કપડાં ગમે તેટલો પ્રયત્ન કરો છતાં પહેરી શકતા નથી, તમે તમારી વસ્તુઓ ધારણ કરી શકતા નથી. તમને વસ્તુઓ મળતી જ નથી. અને તમારે બૂટ પહેરવા હોય પણ તે તમને બંધબેસતા આવે જ નહિ, અને તમારે કોઈ જગાએ જવું છે અને તમારા પગ ઊપડતા જ નથી, જાણે કે તમને લકવા થયો હોય, અને તમે જગા પર જકડાઈ ગયા હો પછી ભલે તમે આગળ ખસવાના ભગીરથ પ્રયત્નો કરતા હો, છતાં તમે ચસકી શકતા ન હો, તમારી હોજરી ખરાબ હોય તો તમને આવા પ્રકારનાં ભયંકર સ્વપ્નો સતાવે છે.

તમાકુ અને દારૂ, સ્મૃતિ અને સંકલ્પશક્તિનો શા માટે નાશ કરે છે ?

શા માટે ? કારણ કે તે તેમ કરે છે માટે. તેના માટે કોઈ નૈતિક કારણ નથી. એ હકીકત છે. આલ્કોહોલમાં ઝેર હોય છે, અને તમાકુમાં પણ ઝેર હોય છે, અને આ ઝેર કોષોમાં જાય છે અને તેમને નુકસાન પહોંચાડે છે. આલ્કોહોલ કદી દૂર કરી શકાતો નથી એમ કહેવાય; જેનો મગજના એક ભાગમાં સંગ્રહ થાય છે અને સંગ્રહ થયા પછી આ કોષો બરાબર કામ આપતા નથી – અને કેટલાક માણસોને તેને

લઈને ગાંડપણ આવે છે તેને 'ડેલિરિયમ ટ્રીમેન્સ' કહેવાય. અને તે વધારે પડતો આલ્કોહોલ પીવાનું પરિણામ છે, જે આલ્કોહોલ મગજમાં સંગ્રહ થઈને પડેલો હોય છે અને એટલો બધો ફેલાયેલો કે .... દા.ત. ફ્રાંસમાં એક પ્રદેશ છે, જેમાં દારૂ ઉત્પન્ન કરવામાં આવે છે, એવો દારૂ જેમાં આલ્કોહોલના ટકા ઘણા ઓછા હોય છે. હું માનું છું કે ચાર કે પાંચ ટકા, ઘણા ઓછા ટકા, તમે સમજ્યાને; અને આ લોકો તેઓ પોતે જ બનાવતા હોવાથી તેઓ જેમ માણસ પાણી પીએ તે પ્રમાણે તે પીએ છે. તેઓ તે ચોખ્ખો જ પીએ છે અને પછી થોડા સમય પછી માંદા પડે છે. તેમને મગજની બીમારીઓ લાગુ પડે છે. આવા લોકોને હું ઓળખતી હતી જેમનું મગજ અસ્થિર હોય અને બરાબર કામ ન આપતું હોય, અને તમાકુમાં — નીકોટિન બહુ તીવ્ર ઝેર હોય છે. તે ઝેર એવું હોય છે જે કોષોને તોડી નાખે છે. મેં કહ્યું છે કે તે ધીમું ઝેર હોય છે અને તાત્કાલિક અસર કરતું નથી, સિવાય કે પ્રથમ વખત જ જ્યારે માણસ ધૂમ્રપાન કરે છે ત્યારે તે માણસને માંદો પાડી દે છે. આ ઉપરથી તમારે સમજવું જોઈએ કે આવું કદી કરવું જોઈએ નહીં. ફક્ત એટલું જ કે માણસો એટલા બધા મૂર્ખ છે કે તેઓ માને છે કે તેમનામાં નબળાઈ છે અને તેથી તેઓ તે ચાલુ રાખે છે અને પછી તેઓ ઝેરથી ટેવાઈ જાય છે. પછી શરીર તેનો પ્રતિકાર કરતું નથી અને તે પ્રતિકાર કર્યા સિવાય વિનાશ નોતરી લે છે; તમારો પ્રતિકાર બંધ પડી જાય છે.

જેમ શરીર માટે બને છે તે રીતે જ નૈતિક બાબતમાં, જ્યારે તમે ન કરવા જેવું કાંઈક કરો છો ત્યારે તમારો ચૈત્ય પુરુષ તેના ખૂબ ધીમા અવાજે તેમ નહીં કરવાનું તમને કહે છે. અને તેમ છતાં તમે તે કરવાનું રાખો તો થોડા સમય પછી તમને તે કાંઈ કહેશે નહીં. અને તમારાં ખોટાં કાર્યોમાં તમારા અંતરની કોઈ પ્રતિક્રિયાઓ આવશે નહીં, કારણ કે જ્યારે તમને તે કહેતો હતો ત્યારે તમે તેના અવાજને સાંભળવાનું બંધ કર્યું હતું. પછી તમારી સ્થિતિ વધારે ને વધારે ખરાબ થાય છે અને તમે ખાડામાં ગબડી પડો છો. સારું, તમાકુ માટે પણ આમ જ બને છે; જ્યારે પ્રથમ વખતે જ શરીર પ્રથમ પ્રતિકાર કરે છે ત્યારે તે ઊલટી કરે છે અને કહે છે; "મારે કોઈ રીતે આ ન જોઈએ." તમે તમારી પ્રાણિક અને માનસિક મૂર્ખાઈથી તેના ઉપર દબાણ લાવો છો, તમે તેના ઉપર બળજબરી કરો છો અને પછીથી તે વધારે પ્રતિકાર કરતું બંધ થઈ જાય છે, અને પોતાની જાતને ધીમે ધીમે ઝેરી બનવા દે છે, ત્યાં સુધીમાં તેનું વિઘટન થઈ જાય છે. તેનું કાર્ય નિમ્ન કોટિનું બનતું જાય છે; આમાં નાડીતંત્રને અસર થાય છે; તેઓ ઇચ્છાશક્તિનું વહન કરતી નથી કારણ કે તેમને ઈજા પહોંચેલી હોય છે, તેઓનું પ્રદૂષીકરણ થયેલું હોય છે. તેમનામાં ઇચ્છાશક્તિના વહનની શક્તિ જ હોતી નથી. અને પછી છેવટે

લોકો ધ્રૂજવા લાગે છે અને તેમની ક્રિયાઓ પણ ધ્રૂજે છે. આવા ઘણા ઓછા લોકો હોય છે પણ તેમને શોધવા દૂર જવું પડતું નથી અને તેઓ તેવા હોય છે કારણ કે તેમણે હદ ઓળંગી હોય છે; તેમણે પીધું અને ધૂમ્રપાન કર્યું. અને તેઓ જ્યારે કોઈ વસ્તુ ઊંચકે છે ત્યારે તેમના હાથ ધ્રૂજે છે (બતાવે છે). આવું કરવાથી લોકોને આ વસ્તુ સાંપડે છે.

કેટલાક લોકોનું શરીર સુંદર વિકાસ પામેલું હોય છે. તેમ છતાં તેઓ ખૂબ નિર્બળ નાડીતંત્રવાળા હોય છે. તો પછી આમ કેમ?

ઘણે ભાગે એમ જ હોય છે. કદાચ તેમનું નાડીયંત્ર બહુ નબળું હોય. તેમની નાડીઓ નબળી હોય, તેમનું નાડીયંત્ર ખૂબ દુર્બળ હોય. કદાચ એવું હોઈ શકે કે તેમના જન્મથી જ તેમનામાં અવ્યવસ્થા હોય પરંતુ કદાચ તે માનસિક નબળાઈ પણ હોય, કારણ કે એ સાચું છે કે તંદુરસ્ત શરીરમાં મજબુત નાડીઓ હોય. છતાં વધારે અગત્યનું એ હોય છે કે એ મજબુત નાડીઓ માટે તંદુરસ્ત વિચાર જોઈએ. જો તમારા વિચાર તંદુરસ્ત નહિ હોય તો તમારી લાગણીઓ અને વિચારો અશુભ હશે. તો તમારી નાડીઓ ઘણી ખરાબ થાય છે, એમ કહી શકાય, વધારે ખરાબ. દા.ત. જેઓ. બિનતંદુરસ્ત કલ્પનાઓ કરે છે, જેમનું નિમ્ન પ્રકારનું વાચન હોય છે. જેઓ હલકી વાતચીત કરે છે – આ પ્રકારના ઘણા માણસો હોય છે, મોટી સંખ્યામાં – તેઓ તેમની નાડીઓ ઉપરનો કાબૂ કદાચ ગુમાવે, તેઓ કદાચ નિર્બળ મનવાળા થઈ ગયા હોય તેમ છતાં તેઓનું શરીર સારી સ્થિતિમાં હોય છે અને ઘણા તંદુરસ્ત પણ હોય છે. બિનતંદુરસ્ત વાતચીત અને વાચન – હું એટલું કહી શકું કે તેનાથી વધારે અનિષ્ટ બીજું કાંઈ નથી; જ્યારે તમે સાચી સાધના કરતા હો છો, જ્યારે તમે પ્રગતિ માટે પ્રાર્થના કરતા હો છો, ત્યારે તમે નોંધ લેજો, કે જ્યારે તમે નકામા શબ્દો બોલો છો, પછી તે ગમે તેટલા ઓછા હોય, ત્યારે એક ભયંકર અસ્વસ્થતા તમારો કાબૂ લઈ લે છે; તમને એવું લાગે છે કે જાણે મસ્તકની બધાં નાડીઓ ખેંચાય છે, અને તમને અહીં કાંઈક વલોવાતું હોય એવું લાગે છે (ચેષ્ટા), અને તમને તમારી અંદર એક ખાલીપણું – શૂન્ય – લાગે છે અને તમને હૃદયમાં બળતરા થાય છે, જાણે કે તમે કાંઈક બહુ ખરાબ ખાધેલું હોય અને આ બધું ફક્ત નકામા શબ્દો બોલવાનું પરિણામ. વધારામાં, આ એક તમને ચોક્કસ સૂચના છે; જ્યારે તમારામાં અસ્વસ્થતા ઉત્પન્ન થાય ત્યારે તમારે બોલવાનું બંધ કરવાનું છે – "હવે બસ." ફક્ત ઘણાખરા લોકો એટલા બધા અચેતન હોય છે કે તેઓ તેની નોંધ પણ લેતા નથી, અને તેમની ગૂંચવાયેલી ઇચ્છા પ્રમાણે તેમના શરીરયંત્રને જે ન કરવું જોઈએ તે કરવાની ફરજ પાડે છે. એટલે તેમનું તંત્ર ઓછું કે વત્તું

આજ્ઞાંકિત હોય છે. આજ્ઞા પાળે છે, અને ધીરે ધીરે આ રીતે ઘસાતું જાય છે, અને પ્રતિક્રિયાઓ પણ બતાવતું નથી.

> મને પુસ્તકમાંથી નીચેનો ફકરો સમજાયો નહિ : "જેઓ પ્રગતિ માટે અભીપ્સા રાખે છે તેમણે બ્રહ્મચર્ય અચૂક પાળવું જોઈએ. પરંતુ ખાસ કરીને જેઓએ અતિમાનસ આવિર્ભાવ માટે તૈયાર થવાનું છે તેમને માટે તો તે નિયમને બદલે પૂરેપૂરું બ્રહ્મચર્ય પાળવાનું છે અને તે પણ જોર-જુલમ કે દબાણથી નહીં પરંતુ એક આંતરિક કીમિયાથી જેના પરિણામે જે શક્તિઓ સર્જનના કાર્યમાં વપરાય છે, તે શક્તિઓનું પ્રગતિમાં અને સમગ્ર રૂપાંતરમાં ઊર્ધ્વીકરણ થાય."

યોગની સાધનાઓમાં ભારતમાં આ બાબત સારી રીતે જાણીતી છે. જ્યારે કોઈને પોતાની શક્તિઓનું ભાન થાય છે અને તેમના ઉપર તે કાબૂ મેળવે છે. તમે બધા જુદાં જુદાં જે કેન્દ્રોમાં શક્તિઓ કેન્દ્રિત થયેલી છે તે કેન્દ્રોના સિદ્ધાંત વિશે જાણો છો, ખરું ને ? સામાન્યતયા એમ કહેવાય છે કે આવાં પાંચ કેન્દ્રો છે. પણ સાચો આંકડો તો સાત કે બાર કેન્દ્રોનો છે. ગમે તેમ, પણ આ બધાં કેન્દ્રો શક્તિઓને એકત્રિત કરનારાં કેન્દ્રો છે અને તે શક્તિઓ કેટલીક ક્રિયાઓનું નિયમન કરે છે. કામનાના કેન્દ્રમાં એક શક્તિ પ્રબળ રીતે કેન્દ્રિત હોય છે. તેમાં શક્તિનો ભંડાર હોય છે. અને જેઓ આ શક્તિઓના સ્વામી થવામાં સફળ થાય છે, તેઓ આ શક્તિઓને અહીં (માતાજી છાતીનો મધ્ય ભાગ બતાવે છે) મૂકે છે. અને અહીં પ્રગતિ માટેની શક્તિઓનું કેન્દ્ર હોય છે. આને અગ્નિનું સ્થાન કહેવાય છે. પણ તે પ્રગતિની શક્તિઓ છે, પ્રગતિ કરવાની તપ:શક્તિનું આ કેન્દ્ર છે. એટલે કે જે શક્તિઓ કામના કેન્દ્રમાં એકત્રિત થયેલી હોય છે તેમને ઊર્ધ્વમાં ખેંચવામાં આવે છે અને ત્યાં તેમનું સ્થાપન થાય છે. અને તેમનામાં ઘણી વૃદ્ધિ થાય છે, એટલે પછી કામનાકેન્દ્ર બિલકુલ શાંત, સ્વસ્થ અને સ્થિર થઈ જાય છે.

આ બધી શક્તિઓને કાબૂમાં રાખવા માટે, કરોડરજ્જુના મૂળમાં ગૂંચળું વાળીને પડેલી કુંડલિની છે તેને જાગ્રત કરીને, શક્તિઓને કરોડરજ્જુના જુદાં જુદાં કેન્દ્રોમાં ઊંચે ગમન કરાવીને, તેમને જાગ્રત કરીને ખુલ્લા કરવા. તેમને ગતિશીલ બનાવી એક પછી એક, છેક મસ્તકની ટોચ સુધી ખુલ્લા કરવા અને ત્યાંથી પણ બહાર નીકળવું. અને જ્યારે કોઈ આમ કરવામાં સફળ થાય છે (આ પ્રથમ અનુભવ જ છે), જ્યારે કુંડલિનીને જાગ્રત કરેલી હોય છે ત્યાર પછી તેના પર સ્વામીત્વ મેળવી, તેને દોરવણી આપી અને વિકાસ સાધી, તેને બધાં કેન્દ્રો તરફ દોરીને તે બધાં કેન્દ્રોને જાગ્રત કરાય છે. જ્યારે એક વખત આ પ્રમાણે બને છે ત્યારે માણસ તે

ક્રિયા કરવા માટે પ્રભુત્વ પ્રાપ્ત કરે છે – જ્યારે માણસને ક્રિયાનું પ્રભુત્વ આવે ત્યારે જે શક્તિઓની જ્યાં જરૂર ન હોય ત્યાં પડી રહેવા દેવાને બદલે, તે તેમને તે જગાએથી ખેંચીને વધારે ઉપયોગી જગાએ લઈ જાય છે અને આ રીતે પ્રગતિ અને રૂપાંતર માટે તેમનો ઉપયોગ કરે છે.

આ બધું પ્રકાશિત, પ્રયત્નશીલ અને ખૂબ ધૈર્યયુકત સાધનાનું પરિણામ છે: એ કાંઈ "આમ સહેજમાં બની જતું નથી." બીજી બધી વસ્તુઓનું ચિંતન કરતાં કરતાં અથવા રમત રમતમાં આ બધા સંયમો છે. એ સ્વાભાવિક છે કે આ કરવામાં માણસ પ્રભુત્વ મેળવે ત્યારે તે ઘણું રસપ્રદ બને છે. પણ આ કાંઈ એક ઝબકારામાં, જે કાંઈ વસ્તુઓ કરવાની જરૂર હોય તે કર્યા સિવાય, બની આવતું નથી.

એક વખત તમે કહેલું કે માનવપ્રેમ માણસો દ્વારા વિકૃત અને બેડોળ બની ગયેલો છે. તો મૂળમાં પ્રેમ કેવો હતો?

તમે શું કહ્યું?

માનવપ્રેમ.

માનવનો? કેમ, મેં તે વિશે કહેલું નથી? તે દિવ્ય પ્રેમ છે. તે જ્યારે માનવીય પ્રેમ બને છે ત્યારે તે મેં વર્ણન કર્યું તેવો હોય છે. પ્રેમ મૂળમાં તો દિવ્ય પ્રેમ છે. માણસમાં રહેલો આ પ્રેમ એટલે કે માનવીય બનેલો પ્રેમ, વિકૃત હોય છે. કઢંગો હોય છે. ફકત દિવ્ય પ્રેમ જ વિશુદ્ધ હોય છે.

આત્મ–વિકાસ માટે ઈન્દ્રિયોનો ઉપયોગ કઈ રીતે થાય?

ઈન્દ્રિયો મારફતે વિકાસ? તે હાલ બહુ પ્રચલિત છે.

હાલમાં તેની ઘણી ફેશન છે. અત્યારે શાળાઓમાં કેટલાંક નિયમનો શોધવામાં આવ્યાં છે. જેના દ્વારા બાળકોની નિરીક્ષણ-શકિત, ઝડપી નિર્ણય–શકિત, પસંદગી, આંખોથી ઝડપી રીતે માપ લેવું, વગેરે વગેરે વિકાસ પામે. બાળકોને આ બધું શીખવવા માટે ઘણા પ્રકારની રમતો શોધાઈ છે. શ્રુતિની ઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિ, દૃષ્ટિની ઈન્દ્રિય, બધાનો પદ્ધતિસર વિકાસ કરી શકાય છે. જો ફકત પોતાના આવેગોમાં જીવવાને બદલે – આ આનંદપ્રદ છે અને આ દુઃખદાયક છે, આ ગમતું છે અને આ અણગમતું છે, અને આવી બધી નકામી વસ્તુઓમાં રહેવાને બદલે જે પૂરેપૂરી નિષ્ફળ છે, અને તેને બદલે વ્યક્તિએ ગણતરીમાં, માપનમાં, સરખામણીમાં, નોંધ લેવામાં, અને બધાં આંદોલનોમાં, વિગતવાર અભ્યાસ કરવામાં રહેવું જોઈએ. તમે જુઓ છો કે માણસો આંધળાની માફક જીવે છે, કાયમ પૂરેપૂરા ચેતનહીન અને તેઓ આવેગો અને પ્રતિભાવોમાં જ ડૂબેલા રહે છે. – આ આનંદપ્રદ, આ

કંટાળાજનક, આ ગમે તેવું, આ અણગમો ઉપજાવે તેવું, અને આવા બધામાં. તો પછી આ બધું શું છે? આમાં કયાં કાંઈ અર્થ છે? – કાંઈ નથી. માણસે વૈજ્ઞાનિક રીતે આ બધાં આંદોલનોની પ્રશંસા કરવી, ગણતરી કરવી, સાચું ખોટું પારખવું, સરખાવવું, નોંધ લેવી અને બરાબર જાણવું જોઈએ, વસ્તુઓ વચ્ચેનો સંબંધ જાણવો જોઈએ અને બધાંનો અભ્યાસ કરવો જોઈએ, બધાનો – દા. ત. બધા ઈન્દ્રિયજન્ય આવેગોને, તેઓના જે ભાવ ઉત્પન્ન કરે તેની સરખામણી કરો, જે આવેગ ઉત્પન્ન થાય ત્યાંથી મગજ સુધી પહોંચે તેની ગતિનો અભ્યાસ કરો, અને મગજમાંથી આવેગની ગતિને પાછી ઈન્દ્રિયો સુધી પહોંચે ત્યાં સુધીનો અભ્યાસ કરો. અને આ રીતે વ્યક્તિ પોતાની ઈચ્છાશક્તિ અને આવેગોને કાબૂમાં રાખવામાં સફળ થાય છે. એટલે સુધી કે જો કોઈને કોઈ લાગણીનો અનુભવ ન કરવો હોય તો એ પોતાની સંકલ્પશક્તિથી તેને કાપી શકે છે. આવા પ્રકારની ઘણી તાલીમો હોય છે. આમાંની કેટલીક તાલીમો જીવનભર તમને કામમાં પ્રવૃત્ત રાખે છે અને જો તે અભ્યાસ સારી રીતે ચાલુ રાખવામાં આવે તો તમારી એક પણ ક્ષણ બગડતી નથી અને તમને ખૂબ રસ પડે છે. તમને લાગણી કે આવેગો માટે સમય પણ રહેતો નથી અને તમારા બધા આવેગો ચાલ્યા જાય છે. જ્યારે તમે આ અભ્યાસ વૈજ્ઞાનિક રીતે કરો છો ત્યારે તમે બૂચના જેવા થઈ જતા નથી. એક તરંગ આ બાજુ ફેંકે અને બીજું મોજું પેલી તરફ! પ્રકૃતિની ગતિ ચંચલ હોય છે. પ્રકૃતિ, ઓહ! તે માનવી સાથે કેવી લીલા કરે છે! ભલા ભગવાન, તમે જ્યારે જુઓ કે તે કેવી રીતે ગતિ કરે છે, ત્યારે તમને સાચેસાચ બળવો પુકારવા માટેનું પૂરતું કારણ મળે છે. મને સમજાતું નથી કે શા માટે માણસો બળવો કરતા નથી .... પ્રકૃતિ, એક કામનાનું મોજું બહાર મૂકે છે અને બધા માણસો તેમની પોતાની કામનાઓ પાછળ ઘેટાંઓની માફક દોડે જાય છે. તે એક હિંસાનું મોજું મોકલે છે અને તેઓ ફરીથી બીજાં ઘેટાંઓની માફક હિંસામાં જીવતા થઈ જાય છે. અને આ રીતે બધામાં બધું ચાલ્યા જ કરે છે. ક્રોધ – પ્રકૃતિ એક ફક્ત ફૂંક મારે છે, અને બધાં ક્રોધી બની જાય છે. તેને તો ફક્ત એક ઈશારો જ કરવાનો હોય છે – તેની ધૂનનો એક ઈશારો – અને માનવ-ટોળાંઓ તેની પાછળ પડે છે. અથવા તો તે એકમાંથી બીજા તરફ આગળ ધકેલાય છે, મેં કહ્યું તેની માફક; તેમને ખબર પણ પડતી નથી કે શા માટે આ રીતે બને છે. તેમને પૂછવામાં આવે કે, "કેમ આમ?" – "અરે, મને ઓચિંતાનો ગુસ્સો આવ્યો. ઓચિંતા મારામાં કામના સળગી ઊઠી." ઓહ? આ શરમજનક છે.

શુભ રાત.

૩૧ માર્ચ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી માતાજીનો 'ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિઓ, ભાગ ૧' લેખ પર આધારિત છે.

"....પ્રાણ ત્રણ દિશામાંથી પુષ્ટિ પામે છે. આમાંની સૌથી સહેલી દિશા તે નીચેની દિશા છે. તેમાંથી પ્રાણ ઈન્દ્રિયોના સંવેદનો મારફતે સ્થૂલ શક્તિઓની સામગ્રી બહુ સરળ રીતે મેળવે છે.

"તેનું બીજું દ્વાર તેની પોતાની ભૂમિકા ઉપર હોય છે. જ્યારે તે વિશાળ અને ગ્રહણશીલ હોય તથા વિશ્વરૂપ પ્રાણશક્તિઓ સાથે સંપર્કમાં હોય તો તેમાંથી પણ તે પુષ્ટિ મેળવે છે.

"તેનું ત્રીજું મૂળ ઉપરની દિશામાં રહેલું હોય છે. પ્રાણમાં જ્યારે પ્રગતિ માટેની મહાન અભીપ્સા જાગે છે ત્યારે તે આધ્યાત્મિક શક્તિઓ અને પ્રેરણાઓને ખાસ કરીને પોતાનામાં પ્રવેશવા દે છે અને તેમને પચાવીને પોતાની પુષ્ટિ મેળવે છે."

તમને શું સમજાયું નહિ ?

તેનો અર્થ, મધુર માતાજી.

તમે વાક્યને ખોટી રીતે વિભક્ત કરી રહ્યા છો. (માતાજી પુસ્તકમાં જુએ છે.)

તમે જાણો છો કે પ્રાણના ઉદ્ગમ સ્થાનની ત્રણ દિશાઓ હોય છે. ત્રીજી દિશા સામાન્ય માણસો માટે ખાસ કરીને બંધ હોય છે. જ્યારે તેમનામાં ઘણી મહાન અભીપ્સા હોય છે ત્યારે તે તેમનામાં આવે છે. અને તેઓ ઉચ્ચતર શક્તિઓ પ્રત્યે આરોહણ કરે છે તે વખતે પ્રાણ આ ઊર્ધ્વ શક્તિઓને પોતાનામાં ગ્રહણ કરે છે અને પછી તે પૂરતા પ્રમાણમાં શક્તિનું મૂળ બની જાય છે. અલબત્ત, જ્યાં સુધી તે રૂપાંતર ન પામે ત્યાં સુધી તેના સાધારણ સ્વભાવગત જીવનમાં એ શક્તિઓના સંપર્કમાં હોતો નથી. પરંતુ હું તો સામાન્ય પ્રાણની – સામાન્ય જીવનની વાત કરું છું. તે આ ઊર્ધ્વ બળો સામે ખુલ્લો હોતો નથી અને તેના માટે તેનું અસ્તિત્વ પણ હોતું નથી. મોટા ભાગના લોકોમાં તેમની બધી પ્રાણિક શક્તિઓ નીચેની દિશાઓમાંથી

આવતી હોય છે – પૃથ્વીમાંથી, ખોરાકમાંથી અને સંવેદનોમાંથી. ખોરાકમાંથી .... તેઓ પ્રાણિક શક્તિઓ ખોરાકમાંથી મેળવે છે અને તેઓ સ્થૂલ વસ્તુઓમાં રહેલી શક્તિઓનો – જોઈને, સાંભળીને, સ્પર્શ કરીને અને સંવેદન અનુભવીને .... આ શક્તિઓ મેળવે છે. અને આ રીતે તેને પોતાનામાં ગ્રહણ કરે છે. આ તેમનો રોજિંદો ખોરાક હોય છે.

હવે કેટલાક લોકોનો પ્રાણ ખૂબ તીવ્ર હોય છે. તેના ઉપર તેમણે નિયંત્રણ લાદેલું હોય છે. તેમનામાં તીવ્રતાની લાગણી હોય છે અને તેઓ વિશ્વ અને વૈશ્વિક શક્તિઓની ગતિવિધિઓના સંપર્કમાં રહેતા હોય છે જેથી તેઓ અભીપ્સાની ક્ષણોમાં વૈશ્વિક પ્રાણશક્તિઓને ગ્રહણ કરી શકે છે. આ પ્રાણશક્તિઓ તેમનામાં પ્રવેશે છે અને તેમને જરૂરિયાત મુજબનો શક્તિનો હિસ્સો મળી જાય છે.

બીજી કેટલીક બહુ ઓછી વ્યક્તિઓ હોય છે – અથવા એવું બને કે તેમના વૈયક્તિક જીવનની કિંમતી ક્ષણોમાં ઉચ્ચતર ચેતના ઊંચી શક્તિ અને ઊર્ધ્વજ્ઞાન પ્રત્યે તેમને અભીપ્સા જાગે છે – અને આવી વ્યક્તિઓના પુકારને લઈને ઊર્ધ્વ-સ્તરોની શક્તિઓને પોતાની અંદર ખેંચી લાવે છે. અને આ રીતે પણ તેમનામાં ખાસ વિશિષ્ટ પ્રકારની શક્તિઓ વિશિષ્ટ રીતે તેમનામાં સંચારિત થાય છે.

પણ જ્યાં સુધી વ્યક્તિ યોગ કરતી નથી, નિયમિત શિસ્તપાલન કરતી નથી ત્યાં સુધી ઘણે ભાગે આ સ્રોતના સંપર્કમાં આવતી નથી; તેમનો પ્રાણ, પ્રાણની ભૂમિકાના સ્તરોમાંથી અથવા તો નીચેની બાજુમાંથી શક્તિ ખેંચે છે.

> **તમે કહ્યું છે, "સંવેદનો જ્ઞાન અને શિક્ષણ માટેનાં સુંદર કારણો છે; તે કેવી રીતે ?"**

કેવી રીતે ? તમે સંવેદનો દ્વારા જ શીખો છો; જોઈને, નિરીક્ષણ કરીને, સાંભળીને. વર્ગોમાં તમારાં સંવેદનોમાં વૃદ્ધિ થાય છે, અભ્યાસ તમારાં સંવેદનોમાં પ્રગતિ કરાવે છે. મન સંવેદનો દ્વારા વસ્તુઓને ગ્રહણ કરે છે. ઇન્દ્રિયોના શિક્ષણથી માણસના સામાન્ય જ્ઞાનમાં મદદ મળે છે. જો તમે સારી રીતે, બરાબર ચોક્કસ રીતે જોતાં શીખો, જો તમે સારી રીતે સાંભળતાં શીખો, જો ઘ્રાણેન્દ્રિયથી વિવિધ ગંધો પારખતાં શીખો તો આ બધી વસ્તુઓનાં શિક્ષણ શક્તિશાળી સાધનો છે. તે બધાનો નિરીક્ષણ, સંયમ અને જ્ઞાનનાં સાધનો માટે ઉપયોગ થવો જોઈએ. જો વ્યક્તિએ પૂરતા પ્રમાણમાં વિકાસ સાધ્યો હોય તો દૃષ્ટિથી વસ્તુઓના હાર્દને જાણી શકે, ઘ્રાણેન્દ્રિય દ્વારા વસ્તુઓનું વિધવિધ મૂલ્ય આંકી શકે, સ્પર્શ દ્વારા વસ્તુઓની ઓળખ પામી શકે. આ શિક્ષણનો પ્રશ્ન છે અને દરેકે તેને માટે મહેનત લેવી જોઈએ.

દાખલા તરીકે સામાન્ય માણસના દૃષ્ટિબિંદુમાં અને કલાકારની દૃષ્ટિમાં ઠીક ઠીક પ્રમાણમાં સારો એવો ભેદ હોય છે. તેમની વસ્તુઓ જોવાની રીત સામાન્ય લોકો કરતાં ઘણી વધારે જાગ્રત અને સંપૂર્ણ હોય છે. જ્યારે કોઈની દૃષ્ટિ તાલીમ પામેલી હોતી નથી ત્યારે તે ઉપરછલ્લી રીતે ધૂંધળા દૃષ્ટિબિંદુથી અને અચોક્કસ રીતે જુએ છે અને ચોક્કસ દૃષ્ટિને બદલે માત્ર છાપ જ હોય છે. જ્યારે એક કલાકાર વસ્તુઓને જુએ છે અને તે પોતાની આંખોનો ઉપયોગ બરાબર કરતાં શીખેલો હોય છે – દા.ત. કોઈ આકૃતિને તે જુએ છે ત્યારે ફક્ત બાહ્ય સ્વરૂપ જોવાને બદલે - સામાન્ય છાપને બદલે – એટલે ધૂંધળી રીતે આ માણસની સરખામણી આની સાથે થઈ શકે અથવા પેલાની સાથે પોતાની દૃષ્ટિથી ન થઈ શકે – એમ જોવાને બદલે તે આકૃતિનું ચોક્કસ બંધારણ જુએ છે, જુદા જુદા ભાગોનું પ્રમાણ જુએ છે અને તે આકૃતિ સંવાદમય છે કે નથી અને છે તો શા માટે? અને તે કયા પ્રકારનું છે, કઈ કક્ષાનું છે અથવા કેવા રૂપનું છે; આ બધી વસ્તુઓ એક જ દૃષ્ટિમાં તે સમજી જાય છે જેવી રીતે જુદાં જુદાં રૂપોમાં કયો સંબંધ છે – તે જોઈ શકીએ તે પ્રમાણે.

જ્યારે તમે તમારી આંખોને આવી રીતે વસ્તુઓને બરાબર જોવાને કેળવો છો ત્યારે તમે પણ આ પ્રમાણે કરી શકો છો. આવી કસરત તમે સહેલાઈથી કરી શકો છો. દા.ત. તમારે એક પેટીમાં એક વસ્તુ અથવા સંખ્યાબંધ વસ્તુઓ મૂકવી છે. સામાન્ય માણસને માપપટ્ટી લઈને પેટી માપવી પડશે જેથી તે ચોક્કસપણે કેવી પેટીની જરૂર છે તે માપી શકે. જે માણસની આંખો કેળવાયેલી હોય છે તે, જે વસ્તુઓને અંદર મૂકવાની છે તે જોઈ લેશે અને એક જ દૃષ્ટિમાં કહી શકશે કે કઈ પેટીની જરૂર છે. એક બીજો દાખલો જુઓ – તમારે કોઈની આંગળીમાં વીંટી પહેરાવવી છે. સામાન્ય માણસ એક પછી એક વારાફરતી વીંટીઓ બદલાવીને સાચા માપની વીંટી શોધી કાઢશે. જેની આંખ કેળવાયેલી હોય તે આંગળી સામે જોશે અને પછી વીંટીઓ સામે જોશે; પછી ભૂલ વગર સાચી બંધબેસતી વીંટી તે ઉપાડી લેશે આવા પ્રકારની આંખ માટેની કેળવણી સાંભળવા માટે પણ કરી શકાય છે. તેનાથી જુદા જુદા અવાજોનો ભેદ પારખી શકાય છે અને ગુણવત્તા પારખી શકાય છે. ઘ્રાણેન્દ્રિયને પણ આપી શકાય જેથી જુદી જુદી ગંધો અને તેમના પ્રકારનો ભેદ જાણી શકાય. તે જ પ્રમાણે સ્વાદમાં.

અને આ વિચારથી તમે વસ્તુઓ પ્રત્યે અભિગમ રાખો, શિક્ષણની દૃષ્ટિએ, દર્શનની ચોકસાઈના વિકાસ માટે, અને વસ્તુઓના પરસ્પર સંબંધ માટે – તો ફક્ત લાગણીઓ માટે લાગણીઓમાં રહેવાને બદલે (એટલે 'અહો, આ સુંદર છે' અથવા 'આ સુંદર નથી'–'આ મને ગમે છે અને પેલું મને ગમતું નથી.' અને આવા પ્રકારની બધી મૂર્ખાઈઓ) તમે તમારી ઈન્દ્રિયોના અભ્યાસ દ્વારા વસ્તુઓની

ગુણવત્તા, તેમનો ઉપયોગ અને તેમનો આંતર સંબંધ જાણી શકો. આ વસ્તુ તમને વિશ્વના સચેતન સંપર્કમાં મૂકી આપે છે. દરેક વસ્તુ માટે – દરેક વિગતમાં....

ધારો કે તમારે માટે રસોઈ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે અને તમારે સારી વાનગી બનાવવી છે. વારુ, હવે તમારી ઈન્દ્રિયો કેળવાયેલી નહીં હોય તો તમારે આ પ્રયત્ન કરવો પડશે અને પેલો કરવો પડશે અને થોડું ચાખવું પડશે અને સુધારવું પડશે અને ગોઠવવું પડશે. જો તમારો સ્વાદ કેળવાયેલો હશે તો તમને સ્વાદ અને સુગંધની એકીસાથે સમજ પડી જશે – કારણ કે બન્ને સરસ સંકળાયેલાં હોય છે અને એકબીજાનાં પૂરક હોય છે — તમે જાણો છો કે તમે કયા પ્રકારની રસોઈ રાંધો છો. તમે જે વસ્તુ તૈયાર કરો છો તેની સુગંધ પણ જાણો છો અને પછી સુગંધ અને વસ્તુઓના પ્રકારના ગુણને લઈને બરાબર જાણી શકો છો કે તેમાં કઈ વસ્તુઓ પૂરા સ્વાદ માટે મેળવણી જોઈએ અને આ કે પેલી વસ્તુઓ કે મસાલાઓ નાખવા જોઈશે, તમે સમજ્યાને – કઈ કઈ વસ્તુઓનું મિશ્રણ કરવું જોઈએ – જુદાં જુદાં શાકભાજીની મેળવણી કરવી જોઈએ જેથી સંવાદમય પૂર્ણતા આવે અને પછી એવી વાનગી બનશે કે તમારે ત્રણ મિનિટે મીઠું નાખવું, કે મરી ભભરાવવાં કે માખણ નાખવું એ જાણવા માટે ચાખવું પડશે નહીં. – અને તમે બરાબર જાણતા હશો કે શું કરવું – અને તમે કોઈ પણ ક્ષતિ વગર કરી શકશો.

ગંધ માટે પણ આ પ્રમાણે જ બને છે. જો તમારી ઘ્રાણેન્દ્રિય કેળવાયેલી હશે તો તમે વસ્તુઓનું યોગ્ય પ્રમાણમાં મિશ્રણ કરી શકશો – તેમની જાતિ, કઈ જાતની સુગંધ સાથે મેળ ખાય છે. ફૂલોનો દાખલો લો – તમે તેમને સૂંઘો છો. વારુ, કેટલીક સુગંધીઓ સુમેળમાં – સંવાદમાં હોતી નથી. જો તમે તેમને એકઠી કરો તો ઘૃણાસ્પદ લાગે, મેળ – ઔકય ન લાગે. પરંતુ જો તમારી ઘ્રાણેન્દ્રિય કેળવાયેલી હોય તો તમે એક પ્રકારની સુગંધ સાથે કયા પ્રકારની સુગંધ સંવાદમાં હોય તે જાણી શકો. અને આવી વસ્તુઓને તમે સાથે રાખી શકો.

આવું જ રંગ બાબતમાં. રંગોની વિગત અને જટિલતામાં જોરદાર તાલીમની જરૂર છે. જો તમે બધા રંગોનો ભેદ પારખી શકો, કયા રંગના વર્ગનો તે રંગ છે, કયા પ્રકારનો સંવાદ તે સાધી શકે – તો આ તે પ્રમાણે જ છે. તમે જેમ રૂપને યાદ રાખી શકો તેમ રંગને પણ યાદ રાખી શકો. ધારો કે તમારે વસ્તુઓને એક-બીજાના સંવાદમાં લાવવી છે. દા.ત. બે વસ્તુઓ. તમારે નીચેનું સ્કર્ટ અને ઉપરના પહેરવાના વસ્ત્રના રંગનો મેળ બેસાડવો છે – અથવા કોઈ પણ બીજી વસ્તુ – કોઈ પણ કાપડ બીજા કાપડ સાથે મેળવી, ઘણા પ્રયત્નો કર્યા પછી જો તમે બહુ કઢંગા નહીં હો તો છેવટે તમે તમારું કાર્ય પૂરું કરશો. પરંતુ જો તમને રંગો વિશે

બરાબર પરખ હશે તો તમે એક રંગ લઈને સીધો જ બીજો કયો રંગ તેની સાથે બંધબેસતો આવશે તે કોઈ પણ જાતના ક્ષોભ વગર પસંદ કરી લેશો કારણ કે તમને આ રંગના વર્ગ સાથે બીજા કયા પ્રકારનો રંગ સંવાદમય આવે છે તે તમે બરાબર યાદ રાખી શકો છો.

તમે તમારી જાતને કેળવવા માટે પુષ્કળ, ખૂબ ખૂબ રમતોનો ઉપયોગ પણ કરી શકો છો. ખરું ને ? તમારી પાસે વસ્તુઓની આખી હારમાળા હોય છે તેમાંથી તમને પસંદ હોય તે લઈ જુઓ; કપડાંના ટુકડાઓ, ગમે તે વસ્તુ, રીબનના ટુકડાઓ, કાગળનાં નાનાં નાનાં પતાકડાં, ઘણા પ્રકારના જુદા જુદા રંગોનાં અને પછી તમે તેને સીડીમાં ગોઠવો અને તમે નક્કી કરો કે કયા ક્રમમાં તેમને ગોઠવવાં. આ કકડાની સાથે કયો ચાલી શકે ? અને એ પ્રમાણે, અને તમે એક એવી બિનતૂટક હારમાળા ગોઠવો – એવી રીતે કે તેમાં કોઈ બુમરાણ ન મચે, પણ સૌથી તીવ્ર રંગની પરાકાષ્ઠાથી છેક છેવટ સુધી પહોંચે.

આ રીતે વસ્તુઓ સાથે કામ લેવાની અસંખ્ય તકો હોય છે. પરંતુ તાલીમની દૃષ્ટિએ આ પ્રશ્નને જુઓ તો તમારી જાતને તાલીમ આપવા માટે તમારી પાસે અસંખ્ય તકો હોય છે. એમ લાગે છે કે કલાત્મક રસ બાબતમાં માણસો ભયંકર ભૂલો કરતા હોય છે. કલાત્મક સંવાદિતાના દૃષ્ટિબિંદુથી તમે ફક્ત ગોટાળામાં જ રહો છો. રંગોનો પરસ્પર સંબંધ જુઓ — બીજી અસંખ્ય વસ્તુઓ છે – રૂપોનો પારસ્પારિક સંબંધ જે એનાથી પણ વધારે જટિલ છે — પરંતુ રંગોના સંબંધમાં તમે એક રંગ લો અને બીજા રંગની સાથે મૂકો અને એવું બને કે આ બન્ને વર્ગો એકબીજા સાથે સુમેળમાં ન હોય, પછી તમને તાલીમ ન હોય અને તમે સભાન ન હો છતાં તમે બોલી ઊઠો છો, "અરે ! આ કાંઈ બહુ સુંદર લાગતું નથી; તમને તેના વિશે જ્ઞાન હોતું નથી કે તમે તેનાં કારણો વિશે સભાન હોતા નથી. પરંતુ તમને કેળવણી મળેલી હોય અને તમારી આંખ પરીક્ષણમાં કુશળ હોય ત્યારે સૌથી પહેલાં તો તમે આ પ્રકારની ભૂલ કદી કરતા જ નથી; તમે જે બે વસ્તુઓ એકસાથે ચાલી ન શકે તે કદી એકઠી કરતા જ નથી. અને ઓચિંતા બીજા કોઈએ એવી રીતે વસ્તુઓ મેળ વગરની કરેલી હોય તો તમને એવી ધૂંધળી લાગણી નથી થતી જે એમ કહે કે, "આ સુંદર નથી – સારી નથી – ઝાંખી છાપ કે અસર કે આ બરાબર નથી." આમ બનવાનું કારણ એ હોય છે કે એક રંગ એક વર્ગનો હોય છે અને બીજો બીજા વર્ગનો હોય છે. અને જો તમે આ બન્ને ભિન્ન વર્ગોના રંગોને એકબીજા સાથે સાંકળતા માધ્યમોના રંગોનો સુમેળ કરો નહિ તો બિન-સંવાદ ચીસ પાડે છે અને તમે તાત્કાલિક તેનો ઉપાય શોધી શકો છો કારણ કે તમે જાણો છો કે કયાં ક્ષતિ રહેલી છે.

રૂપેાનાં દૃષ્ટિબિંદુમાં પણ, તમે જાણેા છેા કે આ પ્રમાણે જ બને છે. તમે એક ઓરડાની ગેાઠવણી કરેા છેા. ગમે તે વસ્તુને ગમે તે સ્થળે ગેાઠવેા છેા અને કેાઈને સંવાદનું જ્ઞાન હેાય તેવી વ્યક્તિ એ ઓરડામાં પ્રવેશે છે ત્યારે તે અસ્વસ્થ બને છે. તેને એવું લાગે છે કે જાણે તેણે ગેાટાળામાં પ્રવેશ કર્યો છે. પરંતુ જો તમને રંગેા અને રૂપેાનું જ્ઞાન હશે તેા તમારે સંવાદ અને સુવ્યવસ્થામાં વધારેા કરવેા જોઈએ. પરંતુ સંવાદ અને વ્યવસ્થાના આવા ઉપયેાગિતાવાદ વિના પણ જો તમને રૂપેાનેા સાચેા ખ્યાલ હશે – એવાં રૂપેા અને રંગેા જે એકબીજાના સંવાદી હેાય – ત્યારે જો તમારે ઓરડાને સજાવવાનેા હેાય ત્યારે ભલે તમારી પાસે ફક્ત ત્રણ ફર્નિચરની વસ્તુઓ હેાય પણ તેમને તમે યેાગ્ય સ્થાને ગેાઠવશેા. પરંતુ ઘણાખરા માણસેા આ વસ્તુ જાણતા હેાતા નથી. તેઓ ફક્ત એક જ વસ્તુનેા વિચાર કરે છે, "આ વસ્તુને અહીં મૂકી હેાય તેા તે વધારે સગવડરૂપ બનશે," અને ત્યાં હેાય તેા વધારે સુગમ છે. કેટલીક વખત તેા તેઓ એવું પણ વિચારતા નથી અને વસ્તુઓને ગમે તેમ અને ગમે ત્યાં મૂકે છે.

જ્યારે આ માણસેા પેાતાના ઓરડામાં પ્રવેશે છે જ્યાં તેમને કલાકેા પસાર કરવાના હેાય છે ત્યારે તેઓ ગૂંચવાડા અને અવ્યવસ્થિતતામાં પ્રવેશ કરે છે. અને જો તેઓ સંવેદનશીલ ન હેાય તેા તેમને તેનું ભાન પણ થતું નથી અને તેમને બેચેની પણ લાગતી નથી, છતાં આ વસ્તુ તેમને આંતરસંવાદમાં મદદરૂપ થતી નથી. તમારે આવેા ઓરડેા હેાય. અમુક ક્ષેત્રફળવાળા આવા ઓરડામાં તમારે ચેાક્કસ સંખ્યામાં કેટલીક વસ્તુઓ મૂકવાની હેાય, વધારે પણ નહિ અને ઓછી પણ નહિ, અને તમારે તે બધી વસ્તુઓને ચેાક્કસ પ્રકારના સંવાદમાં ગેાઠવવાની હેાય — દા. ત. સમજો ને કે રેખાઓનેા સંવાદ, અને તમે આ સંવાદને લક્ષમાં લીધા વિના વસ્તુ-ઓને ગેાઠવેા તેા તાત્કાલિક તમને એવી અસર થશે કે કેાઈક બુમરાણ કરે છે. પણ જો તમે જાણેા કે કયાં વળાંક આપવાની જરૂર છે, કયાં ખૂણાની જરૂર છે, કયાં નાની ચીજે મૂકવાની જરૂર છે અને કયાં મેાટી – આમ વસ્તુઓને વ્યવસ્થિત ગેાઠવેા. . .. ફક્ત ચાર વસ્તુઓ લેા. તમે તેમને સાચી જગ્યાએ ગેાઠવેા છેા, અથવા તેા ખેાટી ચીજોને લેા છેા અને એવું બને કે, જો તમને સાચી રીતે કલાનું જ્ઞાન હશે અને તમે તાલીમ પામેલા હશેા, તેા તમારી ગેાઠવણી સંવાદમય હશે એટલું જ નહીં પણ સૌથી વધારે વ્યવહારુ હશે. કેટલાક લેાકેા, તમે જાણેા છેા કે ઘણી વસ્તુઓને એક નાની જગ્યામાં ખડકે છે અને તેમને તે બેડેાળ રીતે મૂકે છે અને તે એવી રીતે કે એકબીજાની સાથે અથડાયા વગર ખસી પણ શકે નહિ.

મને આવા પ્રકારના માણસેાનેા પરિચય છે. તેઓ તેમના ખંડમાં પ્રવેશે છે અને આ કે પેલી વસ્તુઓ સાથે અથડાતા અથડાતા સમય પસાર કરે છે અને

તેઓ આમથી તેમ ગોળ ગોળ ફરે છે અને જે વસ્તુની જરૂરિયાત હોય તે વસ્તુનો ઉપયોગ કરવા માટે અદ્ભુત ગતિવિધિઓ કરે છે અને તેના વિશે કાંઈ વિચારતા પણ નથી, અને આવું આવું બને છે. તેમને પૂછવામાં આવે કે આમ કેમ છે તો તે વિશે તેઓ જાગ્રત હોતા નથી, 'એ તે પ્રમાણે બની ગયું, એ એમ જ છે' તમે સમજ્યાને? એ અકસ્માતથી બની ગયું છે – વસ્તુઓ આ પ્રમાણે બને છે તો આ ચોક્કસ ઈન્દ્રિયોની કેળવણીનો અભાવ છે. ઈન્દ્રિયોને કેળવવામાં આવે તો આ અસહ્ય વસ્તુમાંથી તમે તાત્કાલિક મુક્ત થાવ. "એ રુચિકર છે, આ આનંદમય નથી, પેલું આનંદ આપે છે, આ સારું લાગતું નથી. . . ." આ કેવી કઢંગી લાગણી? આપણને ખબર પડતી નથી કે કેમ આમ થાય છે અને પછી ઓચિંતા લાગે છે, "અહા કેટલું આહલાદક છે!"

વળી તમે કોઈક વસ્તુ વધારે પડતી ખાવ છો કારણ કે તમને તે સરસ લાગે છે અને તમારી જાતે માંદા પડો છો. અથવા તમે તેનો ઉપાય—દવા—લઈ શકતા નથી કારણ કે તે સ્વાદિષ્ટ નથી, એટલે તમને સાજા કરે તેવી દવા લેતા જ નથી. મારે ઘણી વખત માણસોને કહેવું પડે છે, 'તમે શા માટે લેતા નથી?' – 'અહા તેનો સ્વાદ બહુ ખરાબ છે!' પણ જો તે તમને સારા કરે તેવું હોય તો તમને તે ખરાબ ન લાગવું જોઈએ. તમે સચેતન હો તો તે વસ્તુ તમને સારા કરે છે તેવી લાગણી થવી જોઈએ અને તેને લઈને તે તમને ખરાબ લાગે છે તે લાગણીમાંથી બચાવશે.

આવી લાગણીઓની ખામી ઈન્દ્રિયોના જ્ઞાનના અભાવથી ઉત્પન્ન થાય છે. તમે ઘણા નાના હો, સાવ નાના ત્યારથી જ આ કેળવણીની શરૂઆત કરી શકો છો, અને એક સૌકાથી પણ વધારે આ કેળવણી ચાલુ રાખી શકો છો; અને ખરી રીતે તમારા અંતરાત્મામાં તમે કદી વૃદ્ધ થતા નથી. કારણ કે તે બહુ રસપ્રદ હોય છે અને તમે કાયમ પ્રગતિ કરતા રહો છો. અને છેવટે થોડા સમય પછી, બહુ લાંબા સમય પછી નહીં – આશરે વીસ વર્ષમાં – અને એ બહુ લાંબો સમય ન કહેવાય – તમારી ઇન્દ્રિયોને તમે તર્કબદ્ધ બુદ્ધિ-યુક્ત, ઉપયોગમાં આવે એ રીતે વાપરવામાં સફળ થાઓ છો. વિશ્વ સાથેનો સચેતન સંપર્ક સાધવામાં આ વસ્તુ મદદરૂપ થાય છે, નહિ તો તમે અર્ધ–અંધ માણસોની માફક અંધારામાં ફાંફાં મારતા હો તેવું થાય છે – આ રીતે (શ્રી માતાજી ચેષ્ટા કરી બતાવે છે). તમે રસ્તો શોધતા હો છો અને દરેક પગલે અથડાતા હો છો અથવા એવું બને છે કે તમે રસ્તો ભૂલી જાઓ છો અને ફરીથી તમારે શરૂઆત કરવી પડે છે. તમે ભૂલ કરો છો અને તમારે તે સુધારવી પડે છે. અને હું તમને કહી શકું છું કે આ વસ્તુને તમે નાની કસરતની માફક કરી શકો છો, જે ગમે ત્યારે થઈ શકે. "આ વસ્તુ તે પ્રમાણે કેમ છે? તમે એ રીતે શા માટે કર્યું?"– "હું જાણતો નથી." તમે શા માટે આ રીતે ગોઠવણી

કરી ?– 'મને ખબર નથી.' જો તમે તમારી જાત પ્રત્યે સચ્ચાઈવાળા હશો તો તમારે દરરોજ સેંકડો વાર કબૂલ કરવું પડશે કે 'મને ખબર નથી.'

મને લાગે છે કે ભાગ્યે જ સેંકડોમાં એકાદ વ્યકિત પણ સભાન રીતે અને સમજપૂર્વક કલાત્મક અને સંવાદમય રીતે આંતરતત્ત્વના સંબંધમાં રહીને કાર્ય કરતા હોય. કેટલાક લોકો એવા હોય છે. પણ ઘણા નહિ – મોટી સંખ્યામાં નથી. અને જેમનામાં જન્મગત આંતરસૂઝ હોય (કેટલાક લોકોમાં આંતરસૂઝ હોય છે. તેમની ઈન્દ્રિયો જન્મથી જ સંસ્કારયુકત હોય છે. તેમણે તેમનાં માતાપિતાનો આભાર માનવો જોઈએ, કારણ કે ભાગ્યે જ આવું બને છે અને તેઓ ચોક્કસ શુભગ્રહમાં જન્મ્યા હશે. તેઓ પણ તાલીમ દ્વારા અદ્ભુત પૂર્ણતામાં પહોંચે છે. હમણાં હમણાં નિરીક્ષણ કરવાની શકિતનો વિકાસ સાધવા માટે લોકો કસોટીઓ કરે છે. મને ખબર નથી પણ હું ધારું છું કે તમારી પાસે પણ જાત જાતની કસોટીઓ કરાવવામાં આવતી હશે, દા.ત. એક મેજ પર કેટલીક ભિન્ન ભિન્ન વસ્તુઓ મૂકવામાં આવે છે. પછીથી વિદ્યાર્થીઓને અંદર બોલાવવામાં આવે છે. કેટલીક વસ્તુઓ અમુક જગાઓ પર મૂકવામાં આવે છે; વિદ્યાર્થીઓ અંદર આવે છે, થોડી સેકંડો માટે અંદર રહે છે અને પછી તેઓ બહાર જાય છે અને પછી તેમને પૂછવામાં આવે છે કે ટેબલ પર શું શું હતું ? હવે કોણે બરાબર જોયું હતું તે જાણવું બહુ રસપ્રદ હોય છે. તેઓ જાણે છે કે તેમને બધું જોવાનું છે; એ અંગે તેઓને પહેલેથી માહિતી આપવામાં આવી હોય છે અને તેમને ઓચિંતા જ આશ્ચર્યમાં મૂકવામાં આવતા નથી. તેમને જાણકારી હોય છે અને તેમને કહેવામાં આવ્યું હોય છે – 'તમારે નજર ફેરવવાની છે.'

અને પછી જેઓ કહી શકે કે કેટલી ચીજો હતી અને કયાં કયાં હતી, તેઓ પહેલાં વર્ગનાં બાળકો હોય – તમે પણ આ કસરત કરી શકો છો. તે ઘણી રસપ્રદ હોય છે. તમે કોઈ જગાએ જાઓ છો .... તમારા મિત્રને ત્યાં, અને થોડા વખત પછી તમે બહાર આવો છો અને તમારી જાતને પૂછો છો, "ફર્નિચર કયાં હતું ? કેવી રીતે ગોઠવાયેલું હતું ? ટેબલ પર કઈ કઈ ચીજો હતી ?" તમે તે વસ્તુઓ બરાબર યાદ રાખી શકો છો કે નહિ, – તમે તેમનું ચોક્કસ નિરીક્ષણ કર્યું છે કે નહીં તે તમે સમજી શકો છો. પરદાઓ કયા રંગના હતા ? ઓશીકાંઓ કયા રંગનાં હતાં ? – આવી બધી જુદી જુદી વસ્તુઓ વિશે .... આ અનંત ક્ષેત્ર છે.

જ્યારે ઈન્દ્રિયોમાંની કોઈ નિષ્ફળ હોય તો ?

વારુ, તમારે તેને કેળવવી જોઈએ.

હું એમ કહેવા માંગું છું કે તે બહુ સારી ન હોય તો ?

ભલે તમે તેને કેળવો, તમે તેનો વિકાસ સાધી શકો છો. દરેક વસ્તુનો પદ્ધતિસર વિકાસ સાધી શકાય છે. આ નસીબ ઉપર છોડી દેવાની વાત જુદી જ છે. "અહા મારી આંખો ખરાબ છે! અરે મારું નાક કામ બરાબર નથી આપતું. અરે મારા કાન નકામા થઈ ગયા છે." અને ખરાબ વસ્તુ તો એ છે કે માણસ વારંવાર 'મારી આંખો નબળી છે' એમ બોલી બોલી જેમ જેમ સમય બરબાદ કરે છે તેમ તેમ વસ્તુઓ વધારે ને વધારે ખરાબ થતી જાય છે. હા! જન્મથી જ જે લોકોને આંખો હોતી નથી તેમની વાત જુદી જ છે.... તેમના માટે આશા ન રખાય – તેમાં સુધારો ન થઈ શકે. પણ જે માણસની એકાદ ઈન્દ્રિય નબળી હોય, જેમને તેમનો યોગ્ય ઉપયોગ કરતાં ન આવડ્યું હોય, જેમણે જન્મથી જ પોતાની તે ઈન્દ્રિયને બરાબર ન કેળવી હોય – આવા દરેક કિસ્સામાં તાલીમ દ્વારા એટલી કેળવણી તો લઈ શકાય કે તે પૂરતી સંતોષકારક રીતે કામ આપી શકે.

તમે ચોક્કસ એમ કહેશો કે કેટલાક માણસોને પગ હોતા નથી, કેટલાકને આંગળીઓ હોતી નથી અથવા જેમને.... નથી હોતું. આવું બની શકે છે; તો તેવાઓને હું એમ નહીં કહું કે "તમારા પગનો અથવા આંગળીઓનો ઉપયોગ કરો." હું એવી વિવેક બુદ્ધિવિહીન નથી. પણ હું માનું છું કે બાળકોને નાનપણથી જ હાથ ઉપર લેવામાં આવે તો તેવાં ઘણાં ઓછાં બાળકો છે જેમને સામાન્ય પ્રકારના ન બનાવી શકાય – બહુ ઊંચા સ્તરનાં નહીં. કુદરતી રીતે અકસ્માત સર્જાય છે એ વાત જુદી છે, છતાં અકસ્માત હોવા છતાં પણ યોગ્ય સમયે યોગ્ય તાલીમ આપીને તેના સંજોગો અને પરિણામોની અગત્ય ઓછી કરી શકાય. કુદરતી જંગલ અથવા ઝાડી અને સુંદર બગીચા વચ્ચે તફાવત હોય છે તેની માફક. એ સ્પષ્ટ છે કે ઝાડી અથવા બિનવપરાયેલ જંગલની પણ સુંદરતા હોય છે પણ તેમાં આડેધડ ગોટાળો હોય છે. તે અવ્યવસ્થામાં પણ સુંદરતા હોય છે. બીજી બાજુએ તમે તૈયાર કરેલો બગીચો લો; તમને જેટલી જમીન મળેલી હોય તેમાં તમે જુદી જુદી જાતનાં ફૂલો ઉગાડી શકો અને સૌથી વધારે વસ્તુઓનું ઉત્પાદન લઈ શકો. માનવ-શરીરમાં પણ આ પ્રમાણે જ છે. તેની ઈચ્છા પ્રમાણે જો તે વિકાસ પામે તો તે ઝાડી જેવું, જંગલ જેવું થાય – પરંતુ તમે નાનપણથી જ તેને હાથ ઉપર લો અને તેની ખૂબ સંભાળ રાખો તો તે સુંદર બગીચો પણ બની શકે અને તેમ છતાં તેમાં મૂળભૂત વસ્તુઓ તો તેની તે જ છે. તમને જમીનનો પ્રકાર ફેરવવાનું કહેવામાં આવતું નથી તમને તેને પોતાની અવ્યસ્થિત રીતે ચાલ્યા કરવા બદલે તમને તેમને સંસ્કાર આપવાનું કહેવામાં આવે છે.

કેટલાક લોકો ચોક્કસ એમ કહેશે કે અરે જંગલો સુંદર હોય છે; અને બગીચા કરતાં પણ વધારે સુંદર હોય છે. ને વ્યક્તિ કેવી રીતે જુએ છે તેના પર

આધાર છે; તો પછી આપણે તાલીમ વિશે વધારે વાત કરવી જોઈએ નહીં – તેનો કાંઈ અર્થ સરશે નહીં – આપણે આત્મસંયમ વિશે ન બોલવું જોઈએ. તેનો પણ કાંઈ અર્થ નથી. આપણે સંયમ વિશે વધારે નહિ કહીએ; યોગ વિશે પણ નહિ બોલીએ. આપણે પ્રકૃતિને પોતાની ઇચ્છા મુજબ વર્તવા માટે છોડી દઈશું. તેને તે રીતે પસંદ પડશે. પણ કેટલાક માણસોને તે પસંદ નહિ પડે. એટલે આ લોકો બીજી રીતે કરવાનું વધારે પસંદ કરે છે. જે લોકોને જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવાનું રસદાયક લાગે તો ભલે તેઓ તેમ કરે પરંતુ જેમને તે રીતે પસંદ ન હોય તો તેમને તેમનામાં બીજી રીતે કરવા માટેની શક્તિ હોવી જોઈએ. કેટલાક એમ માને છે કે બધું બરાબર છે. જ્યાં સુધી કાંઈ અયોગ્ય નથી બનતું ત્યાં સુધી તેમને એવું જ લાગે છે અને તે જ વખતે તેમનો નાનકડો અહંકાર કહે છે અરે હા – હું જેવું ધારતો હતો તેવું સારું થયું નથી. તેમ છતાં થોડોક સમય સુધી તો કેટલાક લોકો એમ કહે છે, શા માટે? મારે દુનિયા સાથે કાંઈ વાંધાજનક નથી. તેમને તેમના વિશ્વનો આનંદ ભોગવવા દો, પણ જો તેમાંથી કાંઈ કરવાનું હોય તો આપણે આપણો બગીચો ઉછેરવો જોઈએ. આપણે અહીં છીએ.

મધુર માતાજી, ઘણા માણસો અમને કહે છે કે અમારે વર્ગમાં પ્રશ્નો પૂછવા જોઈએ. માતાજી, પ્રશ્નો અમારા ન હોય તો અમારે શું કરવું જોઈએ?

સારું, તમે એક પ્રશ્ન પૂછી શકો છો. જો મને તે રસપ્રદ લાગશે તો તેનો પ્રત્યુત્તર હું આપીશ. જો એમ નહિ હોય તો આપણે તેને છોડી દઈશું. કયો પ્રશ્ન છે. મને એક નમૂનો આપો.

આજે નહિ, મધુર માતાજી.

(બીજો બાળક) વારંવાર આવું બને છે.

(બીજો બાળક) ઉત્તર હિંદમાં એક બાળકનો ઉછેર વરુથી થયો.

શું – શું?

વરુ દ્વારા બાળકનો ઉછેર થયો.

અહો! બરાબર મેં ફોટાઓ જોયા છે, હા.

તે કેવી રીતે બન્યું?

તે કેવી રીતે બન્યું! પણ હું તે વિશે જાણતી નથી. આ સાહસ વિશે હું કાંઈ જાણતી નથી. મેં તસ્વીર જોઈ છે. બસ, મને તેમાં રસ પડે એવું કાંઈ ન લાગ્યું.

અને કોઈક બિનરસિક વસ્તુ વિશે તો ઘણો બધો શોરબકોર થયો. બાળક કદરૂપું હતું – નાનું – રાક્ષસી. એટલું જ બસ.

તેના જન્મ પૂર્વે જે ચૈત્ય પુરુષ તેમાં પ્રવેશ્યો તેને કાંઈક અનુભવ લેવો હતો – ખરું ને? પરંતુ તેના જન્મમાંથી બનેલો અકસ્માત – શું બનશે?

કદાચ તેને આ અકસ્માતની જરૂર હશે. તમે તેના વિશે શું જાણો છો? આવા પ્રકારના અનુભવની તેને ફક્ત ઇચ્છા થઈ હશે, હું જાણતી નથી. મેં તસ્વીર જોયેલી. મને તેમાં ચૈત્ય પુરુષ જેવું કાંઈ બહુ લાગ્યું નહીં .... (હાસ્ય) તે કાંઈક પ્રાથમિક અવસ્થાની વસ્તુ હતી – એક શકયતા જે સૈકાઓ અને સદીઓ પછી સિદ્ધ થાય. તેમ છતાં જો એક સચેતન ચૈત્ય પુરુષને અનુભવ લેવાની ઇચ્છા થઈ હોય, કદાચ તેને તેની જરૂરિયાત લાગી હોય, કદાચ તેણે પોતાને પૂછ્યું હોય; કોઈ સ્ત્રીના બદલે વરુ માદા ઉછેરે તો કેવાં સંવેદનો થાય? આ કાંઈ બહુ રોમાંચક અનુભવ નથી. કદાચ કોઈને રોમના સ્થાપનાના ઇતિહાસની ઓચિંતી અસર થઈ હોય અને જો એવું ખરેખર બને તો કેવી લાગણીઓ થાય? પણ કોઈ પણ રીતે એને સફળતા મળી નથી. આ સત્ય બીના કરતાં કીપ્લિંગની વાર્તા વધારે સારી છે. એક નાના બાળકને વરુએ ઊછેર્યું – તેનું નામ હતું — મોગ્લી — ખરું ને? પણ તે સારું બાળક હતું – સુંદર હતું; જ્યારે આ બાળક તો ભયંકર છે. તે રસપ્રદ નથી. આવી જાતના પ્રશ્નો લોકો તમને પૂછે છે? આવા પ્રકારના?

કાયમ આવા નહીં.

આના કરતા વધારે સારા પ્રકારના?

હા.

પણ તમારી પાસે તો આજે આવા પ્રશ્ના નથી – નથી ને? તો પછી આપણે અટકી જઈએ.

Au revoir.

૭ એપ્રિલ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી માતાજીનો લેખ "ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ" ભાગ ૨ ઉપર આધારિત છે.

જ્યારે વિચારને વાણીમાં વ્યકત કરવામાં આવે છે ત્યારે અવાજના આંદોલનને, વિચારની સાથે સૌથી ભૌતિક પદાર્થને સંપર્કમાં લાવવાની પૂરતી શકિત છે અને આમ તેને નકકર અને અસરકારક વાસ્તવિકતા આપે છે. એટલા માટે વ્યકિતએ કોઈ પણ માણસ માટે કે વસ્તુ માટે ખરાબ ન બોલવું જોઈએ, અથવા એવી વસ્તુઓ વિશે ન કહેવું જોઈએ જે આ જગતમાં દિવ્ય સાક્ષાત્કારની પ્રગતિના વિરોધમાં જાય. આ એક સંપૂર્ણ સામાન્ય નિયમ છે. અને તેમ છતાં તેમાં એક અપવાદ છે. તમારે કોઈ વસ્તુની ટીકા ન કરવી જોઈએ, સિવાય કે તમારામાં એવી સચેતન શકિત અને સકિય તપ:શકિત હોય, જે તમે જે વસ્તુની ટીકા કરો છો તેને ઓગાળી નાખે અથવા તેમાં પરિવર્તન કરી દે. કારણ કે આ સચેતન શકિતમાં અને સકિય તપ:શકિતમાં એવી શકિત હશે જે ભૌતિક વસ્તુમાં આવેલાં ખરાબ આંદોલનોનો વિરોધ કરીને તેની સામે પ્રતિકાર કરશે અને આમ તેમાં છેવટે સુધારો થશે, જેથી તેના ભૌતિક સ્તર ઉપર તે ખરાબ આંદોલનને પ્રકટ થવાનું અશકય બને.

કોઈ પણ જોખમ કે ભય વગર આ વસ્તુ તે જ વ્યકિત કરી શકે જે વિજ્ઞાનમય ભૂમિકામાં ફરી હોય અને તેની માનસિક શકિતઓમાં આત્માનો પ્રકાર અને સત્યની શકિત હોય.

"વિજ્ઞાનમય ભૂમિકા" એટલે શું ?

તે અતિમાનસ વિશે કહેવાની એક જુદા પ્રકારની રીત છે. વિજ્ઞાન – એટલે પરમ જ્ઞાન, પરંતુ ઋત-સત્ય. તે અતિમાનસ ભૂમિકાઓનું જ્ઞાનનું પાસું છે.

"તમે સતત મોટેથી બોલીને તમારી જાતમાંથી બહાર ન નીકળવાની ટેવ પાડો અને તમે જોશો કે ધીરે ધીરે તમારામાં અને બીજામાં એક આંતર-સમજ સ્થપાશે; પછીથી તમે એકબીજાની અંદરોઅંદર ઓછામાં ઓછા

શબ્દોથી અથવા શબ્દો વગર પણ વ્યવહાર કરી શકશો.”

દરેક પ્રસંગમાં, બે વ્યકિતઓ વચ્ચે આંતરિક સંબંધ સ્થાપી શકાય? ભૌતિક વસ્તુઓમાં પણ?

હમૂ! .... અને તેથી? તમારે શું જાણવું છે?

આ આંતરિક સમજનું સ્થાપન થઈ શકે કે કેમ?

હા, એક મન અને બીજા મન વચ્ચે વ્યવહાર કરવા માટે શબ્દો તો સાધન છે. આ જ તેમના માટે બચાવ છે. પરંતુ જો મન સ્પષ્ટ હોય અને પૂરતું શકિતશાળી હોય, વગર શબ્દોએ વહેવાર કરી શકે તેવું હોય તો તે વધારે સારી રીતે અભિવ્યકિત કરી શકે છે, વધારે સ્પષ્ટ અને ચોક્કસ રીતે અને વધારે યોગ્ય રીતે અને પછીથી શબ્દોની જરૂર પડતી નથી.

તદ્ન સ્થૂલ વસ્તુઓની બાબતમાં પણ?

હા, તમે પ્રયોગ કરી શકો છો. દા.ત. જ્યારે બે વ્યકિતઓએ પોતાના મનને સુમેળમાં રાખ્યાં હોય, અને જો કોઈ એમ વિચાર કરે, “શા માટે તે વસ્તુ ત્યાં હોવી જોઈએ, તેને બદલે અહીં પડી છે.” તો બીજી વ્યકિત કુદરતી રીતે જ તે વસ્તુ શોધીને તે જ જગાએ મૂકે છે, તે સમજી જાય છે. તેને કહેવાની જરૂર પડતી નથી. અથવા કોઈ એમ વિચાર કરે, “હવે બહાર જવાનો વખત થયો છે,” અથવા, “મારે આવા પ્રકારની ચીજ જોઈએ છીએ,” તો બીજી વ્યકિત સંપૂર્ણ રીતે તે સમજી જશે અને તેને તેમ કહેવાની જરૂર પડતી નથી. પરંતુ આટલે સુધી દૂર જતાં પહેલાં, કેટલીક વસ્તુ વારંવાર બને છે – હું એવા લોકોની વાત કરું છું, જેઓ પોતાની જાત પર કાબૂ ધરાવતા હોય છે, અને સાથે રહેનારા સચેતન લોકો હોય છે – એક વ્યકિત બીજાએ શબ્દોથી કહ્યો પણ ન હોય તેવા પ્રશ્નનો ઉત્તર આપે છે. પેલી વ્યકિતને મનમાં તે પ્રશ્ન હતો અને બીજી વ્યકિત પ્રત્યુત્તર આપે છે, “કેમ, હા, તે આ પ્રમાણે છે; ના, તે વસ્તુ નથી થઈ.” બીજા માણસે પૂછ્યું પણ નથી, પણ સાંભળ્યું છે. સમજ્યો છે અને તેને સંદેશ મળી ગયો છે. આવું વારંવાર બને છે, ખરું ને? અને એવી વસ્તુ જ્યાં શબ્દો બોલવાની જરૂર હોય ત્યાં પણ તમે દસ શબ્દોને બદલે એક જ શબ્દ બોલો, અને તે પૂરતું છે એને બાકીનું સમજાઈ જાય છે. અને આ સીધેસીધો આદાન-પ્રદાનનો વ્યવહાર એક અનુભવ છે જે સહેલાઈથી મેળવી શકાય છે, જો તમે અજાણ્યા માણસ સાથે વાતચીત કરો અને તમારે તેની સાથે પૂરતો માનસિક સંપર્ક ન હોય તો તે એવા શબ્દોનો ઉપયોગ કરશે જેને તમે અમુક વિશિષ્ટ અર્થમાં વાપરતા હો અને તમે તે બિલકુલ સમજી શકશો નહીં, જાણે

કે તમે તે ભાષા બોલતા જ ન હો. થોડા સમય પછી તમે વારંવાર મળતા રહો અને તમે કુદરતી રીતે માનસિક સુમેળમાં ગોઠવાઈ ગયા હો ત્યારે તમે બન્ને એક-બીજાને સમજી શકો છો.

ખરેખર, શબ્દો તો ફક્ત એવી વસ્તુઓના વાહક છે જે વસ્તુ શબ્દોથી પર છે અને જેમની પાસે પૂરતું વિકાસ પામેલું અને ચોક્કસ કરણ હોય તેમના માટે તેની અભિવ્યક્તિ શબ્દો વગર પણ થઈ શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ ખરેખર વિચારના પ્રદેશોમાં હોય છે ત્યારે શબ્દો, તેનો અર્થ ઓછો કરી નાખે છે. તેઓ તેનો અર્થ ઓછો કરીને તેને સંકુચિત, મર્યાદિત બનાવે છે, અને તેની શક્તિ લઈ લે છે, જે વિચાર સાંધેસીધો બહાર પ્રક્ષેપ કરવામાં આવે છે તે શબ્દો મારફત વ્યક્ત કરવામાં આવે તેનાથી ઘણો વધારે શક્તિશાળી હોય છે. શબ્દો શક્તિને ઘટાડે છે, મર્યાદિત કરે છે, સખત બનાવે છે અને તેની સાચી શક્તિને નરમ બનાવી દે છે – જીવનને. માણસોનું યંત્ર સુમેળમાં ગોઠવાયેલું નથી માટે જ આપણી પાસે શબ્દ સિવાયના તારસંદેશાઓ નથી. જો માણસોનાં યંત્ર સુમેળમાં ગોઠવાયેલાં હોય તો ભાગ્યે જ આખા દિવસ દરમિયાન માણસને દસ શબ્દો બોલવા પડે અને છતાં તમે એકબીજાને બધો જ સમય સમજી શકો.

> **મને આ સમજાતું નથી : તમે કહ્યું છે, "અહીં પણ, વિચારો અને જ્ઞાનના ધામમાં, માણસ પોતાની માન્યતાની ઉગ્રતા, ધર્મની અસહિષ્ણુતા અને પોતાની પસંદગીઓનો જુસ્સો લાવેલા છે."**

હા, આમાં એવું શું છે જે સમજી ન શકાય ? આ તો કાયમી બનતી વસ્તુ છે. બીજા કોઈ પ્રશ્નો નથી ? તમારામાં પૂછવાની હિંમત નથી ?

> **હા, મારામાં હિંમત છે, પરંતુ મારી પાસે પ્રશ્નો નથી !**
>
> **(બીજો બાળક) મધુર માતાજી, એવું બની શકે કે માણસ જો બહુ આગળ પ્રગતિ ન કરી શકતો હોય છતાં તે પાછળ પણ ન પડતો હોય એમ ન બને ?***

મેં ફક્ત એટલું જ કહ્યું કે માણસ સ્થિર રહી શકતો નથી. તેં કહ્યું, "બહુ આગળ પ્રગતિ કરતો નથી," – કોઈ વ્યક્તિ જરાક જેટલી જ આગળ પ્રગતિ કરે છે ! અને એ પૂરતું છે કે પાછળ જતી નથી. પરંતુ જો કોઈ બધો જ સમય બહુ સંભાળપૂર્વક ન રહેતો હોય, કારણ કે માણસ ઘણા બધા ટુકડાઓનો બનેલો છે,

---

* "પ્રકૃતિમાં દરેક વસ્તુ ગતિમાં હોય છે; આ પ્રમાણે જે વસ્તુ આગળ ગતિ કરતી નથી તે ચોક્કસ પાછળ પડે છે."

જો તેને જે ભાગો પાછળ રહેતા હોય તેની સાથે ઘસડાવાની ટેવ ન હોય તો, તે માણસ એક પક્ષે આગળ ગતિ કરતો હોય અને બીજી બાજુએથી પાછળ પડતો હોય. આવું બને છે. અને પછી તેનો પૂરેપૂરો સરવાળો બહુ સંતોષકારક હોતો નથી.

સામાન્ય જીવનમાં સાધારણ માણસો સાથે બધો જ સમય આવું બનતું હોય છે. દા.ત. કોઈનો એવો દાખલો લો. તે અભ્યાસ કરતો હોય; કામ કરતો હોય – એક વિજ્ઞાની સંશોધનો કરતો હોય છે, તે તેના અભ્યાસમાં આગળ પ્રગતિ કરતો હોય છે, તે વધારે ને વધારે જ્ઞાન મેળવતો હોય છે. પણ તે પોતાના આંતરજીવન વિશે અથવા ખાનગી જીવન વિષે, અથવા બાહ્ય જીવન વિશે જો કોઈ દરકાર નહીં રાખે તો તે વધારે ને વધારે પાછળ પડતો જશે અથવા અચેતન બનતો જશે અથવા અધમ અને બિનતંદુરસ્ત દોષોથી ભરેલો પણ થઈ શકે; વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી જો કે તે પ્રગતિ કરતો હોય, છતાં માનવી તરીકે એક પૂરેપૂરો દયાજનક માણસ થઈ શકે. આવું વારંવાર બને છે. અને પોતાને માટે જો માણસ સારી સંભાળ ન રાખે તો, પોતાનો એક ભાગ પ્રગતિ કરતો હોય અને એક બીજો ભાગ પાછળ પડતો હોય. જો માણસ સતર્ક નજર ન રાખતો હોય, પોતાની ગતિવિધિઓને કાબૂમાં ન રાખતો હોય, જો માણસ ખાસ વિશિષ્ટ ધ્યાન ન રાખતો હોય કે પોતાની મરજી મુજબ પ્રાણને ભટકવા ન દેતો હોય તો તેને એકાએક સમજ પડશે કે તેણે ખરાબ ટેવો પાડેલી છે અને એક અધમ રસ્તાનું અનુસરણ કરેલું છે, ભલે પછી આવા માણસના સ્વરૂપનો માનસિક ભાગ અભીપ્સાથી પૂર્ણ હોય, જ્ઞાનમાં પ્રગ્રતિ કરતો હોય યા તો આધ્યાત્મિક જીવનમાં પણ તે પ્રગતિ કરતો હોય. જો માણસ ધ્યાન ન આપે તો વસ્તુઓ ઘણી સહેલાઈથી ખાડામાં પડી જાય છે; કોઈ એક ખોટું પગલું ભરે છે, પછી લપસે છે અને ઓચિંતાના ખાડાના તળિયે અથડાય છે. પછીથી માણસ પોતાની જાતને પૂછે છે, "પણ આવું કેમ બન્યું? આ શું બની ગયું?" ફક્ત એક ખોટું પગલું, તમે બેદરકાર રહ્યા, તમારા સ્વરૂપના તે ભાગને, તમારી જાતને તે ક્ષેત્રમાં ઢસડી જવાની તમે અનુમતિ આપી; કારણ કે તમે તે ભાગને તેના રસ્તા ઉપરથી પાછો ખેંચી લાવ્યા નહીં, તમે તેને તમને અનુસરવાની ફરજ પાડી નહીં. હવે તે તમને બદલામાં પાછો ખેંચી જાય છે.

જો કોઈને આધ્યાત્મિક જીવન જીવનની ઈચ્છા હોય તો તેણે ત્રણ ચતુર્થાંશ ભાગ ઊંઘતા ન રહેવું જોઈએ. પૂરેપૂરા જાગ્રત અને સભાન રહેવાની જરૂર છે, નહિ તો તમે એક નહીં અથવા ભયંકર મોજાંવાળા મહાસાગર ઉપર નાનાં હોડકાં જેવા છો, અને જો તમે સજાગ નહીં હો તો, આ બધા પ્રવાહોનું ઝીણવટભર્યું ધ્યાન નહીં આપો તો, જો તમે આરામમાં રહેશો, અથવા તમારી જાગરૂકતામાં નરમ પડી જશો,

તો આચિંતા તમને લાગશે કે તમારે જ્યાં જવાની ઇચ્છા હતી તેના કરતાં તમે બીજે છેડે જઈ પહોંચ્યા છો ! તમે સ્વાભાવિક રીતે જ તે પ્રમાણે ઘસડાઈ જાઓ છો. "કેમ, હા, મારે જવાનું હતું ત્યાં અને હું આવી પહોંચ્યો અહીં."

તો એ આ પ્રમાણે બને છે.

સામાન્ય જીવનમાં આવું કાયમ બને છે. ફક્ત તમે જાણો છો કે સામાન્ય જીવનના માણસો એમ કહે છે, "એ તો સંજોગો એવા છે, તે નસીબ છે, તે મારું કમનસીબ છે, એ તે લોકોની ભૂલ છે," અથવા તો. "મારું નસીબ સારું નથી." આ તો ઘણું ઘણું ઘણું સગવડદાયક છે. દરેક માણસ દરેક વસ્તુનો ઢાંકપિછોડો કરે છે અને આશા રાખે છે. . . . હા, માણસ માટે કેટલીક સુખની ક્ષણો આવે છે અને કેટલીક દુઃખની ક્ષણો અને છેવટે – અરે હા, છેવટે માણસ ખાઈમાં જઈને પડે છે, કારણ કે દરેક માણસ ગબડે છે અને વહેલા કે મોડા એ પ્રમાણે આશા રાખે છે. તેથી વ્યક્તિ ચિંતા કરતી નથી અથવા તો બધો જ સમય ચિંતા કર્યા કરે છે – જેનો અર્થ એક જ છે. એટલે કે વ્યક્તિ અચેતન રહે છે, અચેતન રીતે જીવે છે અને જે કાંઈ બને છે તેનો દોષનો ટોપલો બીજાના માથા ઉપર અથવા સંજોગ ઉપર ઓઢાડી દે છે, પરંતુ તે કદી પોતાની જાતને કહેતો નથીઃ "કેમ ! આ તો મારી પોતાની જ ભૂલ છે." . . . આ વસ્તુની શરૂઆત કરવા માટે પૂરેપૂરી, વિશાળ સચેતનતાની જરૂર છે. જે માણસો સચેતન હોવાનો દાવો કરે છે, તેમાંના પણ કેટલાક આવા ઘણા માણસો નથી, જેઓ સચેતન બનીને સ્પષ્ટ રીતે જોઈ શકે કે જે કાંઈ બને છે તે તેઓ પોતે જે અવસ્થામાં છે તેમાંથી જ બની આવતું હોય છે અને બીજી કોઈ વસ્તુમાંથી નહીં. તેઓ કાયમ કહે છે કે " બીજો માણસ ખોટો છે; સંજોગો પ્રતિકૂળ છે, અરે ! એવું કેમ કરવામાં આવ્યું ?"–તમે જેવા અત્યારે છો તેવા ન હોત તો આ પ્રમાણે ન બનત. એ કાંઈ જુદી જ રીતે બન્યું હોત.

> ઘણી વખત આપણે આપણા સાચા આવેગો, આપણી લાગણીઓ આપણા ભાવો અને શુભ સંકલ્પોને શબ્દોમાં વ્યકત કરીએ છીએ. પરંતુ ખરેખર એ જરૂરી છે કે પોતાની જાતને શબ્દોમાં વ્યકત કરવી જોઈએ ? આપણને તેમ કરવાનું ન કહેવામાં આવ્યું હોય તો પણ ?

ના, એ બિલકુલ જરૂરી નથી, બિલકુલ નહીં, એ ઘણી કુટેવોમાંની એક છે. મેં પહેલી જાન્યુઆરીએ આ વર્ષે આવા પ્રકારનું લખ્યું છે, "આત્મસ્તુતિ ન કરો.

કોઈ પણ વસ્તુ માટે બડાઈ શેખી ન મારો. * તમારાં કાર્યોને જ જાતે બોલવા દો.” એ બરાબર તે પ્રમાણે છે. એમ કરવાનો કોઈ અર્થ નથી, “ઓહ ! મને તમારા માટે એટલી બધી શુભ લાગણી છે અને મારે તમારે માટે એટલું બધું કરી બતાવવું છે અને હું....” તમે કરી બતાવો. એટલું જ બસ છે.

માતાજી, જ્યારે અમે વિચારીએ છીએ, અમે કોઈ વિચારનું અનુકરણ કરીએ છીએ, ત્યારે અમે પોતાની અંદર બોલીએ છીએ. પણ જોરથી નહિ; પણ એનો અર્થ થાય કે વિચાર માટે આંતરિક શબ્દની આવશ્યકતા છે ? વિચાર શબ્દો વગર અસ્તિત્વ ધરાવે છે ?

આનો અર્થ એ છે કે વ્યક્તિએ વિચારની સાચી ભૂમિકાનો હજુ સ્પર્શ પણ કર્યો નથી. વિચારના પ્રદેશમાં શબ્દો હોતા નથી; ચેતનાની કેટલીક અવસ્થાઓ હોય છે.

પરમ શબ્દનો અર્થ ?

એ બીજી જ વસ્તુ છે. પરમ શબ્દ – તે બોલેલી વાણી અથવા શબ્દો નથી. કેટલીક જૂની પ્રણાલિકાઓ છે જે કહે છે, “પ્રકાશ થાઓ અને પ્રકાશ થયો.” પરમ શબ્દ (ૐ) મંત્ર છે. પણ તે બિલકુલ અપવાદ છે. જ્યારે આત્મામાં ઉત્પન્ન થયેલી તપઃશક્તિને ભૌતિક સ્તરમાં આવીને સ્થૂલ તત્ત્વ ઉપર કામ કરવું હોય છે ત્યારે તે અવાજનો ઉપયોગ કરે છે – ફક્ત શબ્દનો જ નહીં પણ તેના ધ્વનિનો, ધ્વનિનાં આંદોલનનો – તે પછી સીધો પૃથ્વી તત્ત્વ ઉપર કાર્ય કરે છે, સ્થૂલ તત્ત્વમાં-તે વિરોધી ગતિ છે. તમે શબ્દોમાં સાકાર પામેલા વિચારતા જગતમાં હો છો, ત્યાંથી તમે ઊંચે ચડો છો અને શાંત વિચારની અભિવ્યક્તિને પ્રાપ્ત કરો છો; વળી તમે ત્યાંથી પણ વધારે ઊર્ધ્વમાં ઊડો છો અને ઊર્ધ્વ બળને પ્રાપ્ત કરો છો. આ ચિતૂશક્તિ છે જે પેલા વિચારનું ઉદ્ગમ-સ્થાન છે, અને પછી તે સમગ્ર ચેતના બને છે, કોઈ રચના વગરની – અભિવ્યક્ત થયેલી અને રચાયેલી. એટલે કે તમે મૂળ સ્રોતમાં જ ચડી જાઓ છો. ત્યાંથી આગળ, આ પ્રકાશને તમે એક વખત ધારણ કરતા થાઓ, આ ચેતનાની અંદર, અને કોઈ સ્થૂલ વસ્તુ ઉપર કાર્ય કરી ફળ મેળવવું હોય તો આ તપઃશક્તિ એક પછી એક સ્તરમાંથી નીચે ઊતરી આવે છે અને પછી જેમ જેમ તે વધારે ને વધારે ભૌતિક બનતી જાય છે તેમ તેમ તે સ્પષ્ટ રીતે

---

*૧૯૫૪નો નૂતન વાર્ષિક સંદેશ : “મારા પ્રભુ, આ વર્ષે તારો ઉપદેશ સર્વને માટે આ છે : કોઈ પણ વસ્તુ માટે આત્મ-પ્રશંસા ન કરો, તમારા માટે તમારા કાર્યને જ બોલવા દો.”

શબ્દોમાં અથવા તો કેવળ એક જ શબ્દમાં અભિવ્યક્ત થાય છે અને જ્યારે તે સ્થૂલ વસ્તુનો સ્પર્શ કરે છે ત્યારે ફક્ત શાંત શબ્દને બદલે ધ્વનિયુક્ત આંદોલનોનો શબ્દ બને છે; એવું આંદોલન જે સીધેસીધું ભૌતિક સ્તર ઉપર અસર કરે છે. પણ વ્યક્તિએ પ્રથમ તો ઘણે ઊંચે ચડવું જોઈએ જેથી કરીને તે ફરીથી નીચે આવી શકે. વ્યક્તિએ શાંત સચેતનતામાં પહોંચવું જોઈએ જેથી કરીને તે નીચે ઊતરી આવીને આ રીતે કહી શકે. તે પરમ શબ્દ ઉપરથી જ આવવો જોઈએ. આ શબ્દનું મૂળ ત્યાં ઘણે ઘણે ઊંચે હોવું જોઈએ, નહિ કે કોઈ પણ નીચેની અંતરાલ ભૂમિકામાં. તો પછી તે પરમ શબ્દ છે અને મેં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે દરેકે કરવું જ જોઈએ. એ કાંઈ સહેલી વસ્તુ નથી.

મેં ત્યાં જે કહેલું છે (માતાજી "ચાર તપસ્યાઓ" બતાવે છે) તેનો અર્થ એ કે વ્યક્તિએ સાચું વલણ ટકાવી રાખવું જોઈએ અને માનસિક રીતે શાંત રહેવું જોઈએ; એવું વલણ શબ્દો મારફતે અભિવ્યક્ત થતું નથી અથવા ચડેલા વિચારો મારફતે, પણ ચેતનાની જીવંત અવસ્થા મારફતે થાય છે. એ એક અભીપ્સાનું વલણ છે, તમે સમજ્યાને? મને એ વસ્તુને શબ્દમાં મૂકવાની ફરજ પડી છે કારણ કે તેને કાગળ ઉપર છાપવાનું છે (આને લઈને આ બધું પોતાની ત્રણ ચતુર્થાંશ ભાગની શક્તિ ખોઈ બેસે છે) પણ તેમ છતાં પણ તમે તેને બિલકુલ સ્વીકારી શકો નહિ; જો તમને એક કોરો કાગળ આપ્યો હોય તો મેં તે કાગળમાં શું જણાવ્યું તે તમે જાણી શકો નહિ! મારે તેને શબ્દોમાં મૂકવાની ફરજ પડી છે.

જે કાંઈ પૂરેપૂરું સાચું, વાસ્તવિક અને પૂર્ણ છે તે સર્વ માટેની એક અભીપ્સા હોવી જોઈએ અને આ અભીપ્સા શબ્દોમાંથી મુક્ત હોવી જોઈએ. ફક્ત એક શાંત વલણ, પરંતુ ઘણું જ તીવ્ર અને સ્થિર. ત્યાં એક પણ શબ્દને પ્રવેશીને તેમાં ખલેલ પહોંચાડવાની રજા આપવી જોઈએ નહિ. અભીપ્સાનાં આંદોલનોમાં એક સ્તંભ જેવું તે હોવું જોઈએ જેને કોઈ પણ વસ્તુ સ્પર્શી શકે નહીં અને સંપૂર્ણ શાંતિમાં અને તેમાં કાંઈક વસ્તુ નીચે ઊતરી આવે. જે નીચે ઊતરી આવે છે (તેને શબ્દોનાં કપડાં તમારા મનની અંદર પહેરાવવામાં આવશે અને તમારા મોઢામાં દર્શન રૂપે આવશે). તે પરમ શબ્દ બનશે. પરંતુ આનાથી ઓછું કાંઈ પણ ચાલી શકશે નહીં.

તો આપણે તે સ્થિતિમાં છીએ. Au revoir, મારાં બાળકો, શુભરાત.

૧૪ એપ્રિલ ૧૯૫૪

આ વાર્તાલાપ માતાજીના લેખ "ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ" ભાગ ૩ ઉપર આધારિત છે.

મધુર માતાજી, આ મને સમજાયું નહિ, "આ આવિર્ભાવની શરૂઆતમાં તેના મૂળની પવિત્રતામાં, પ્રેમ બે ગતિઓનો બનેલો છે, એકબીજાનાં બે પૂરક ધ્રુવો, પરમ ઐકયતા પ્રાપ્ત કરવા માટેની તીવ્રતાવાળા, એક બાજુએ આકર્ષણની પરમ શકિત રહેલી છે અને બીજી બાજુએ સંપૂર્ણ આત્મ-સમર્પણની અવિરોધ્ય એવી જરૂરિયાત છે."

આમાં કાંઈ પણ સમજવાનું નથી; આ તો હકીકત છે. તમને ખબર નથી કે "આકર્ષણની શકિતનો" અર્થ શું થાય? "આત્મસમર્પણની જરૂરિયાત"નો અર્થ શો તે પણ તમે જાણતા નથી.... સારું, તમે બન્નેને સામસામે લાવીને મૂકો અને જયારે તે બન્નેનું ઐકય થાય છે ત્યારે તે ઐકય પ્રેમ ઉત્પન્ન કરે છે. આ તેના જેટલું જ સહેલું છે. આ એક સિક્કાની આગળ અને પાછળની બાજુ જેવું છે. પણ એ કાંઈ ચત્તી અને ઊંધી બાજુ નથી. આ બન્ને વસ્તુઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ઐકય પામવાને નિર્માયેલી છે અને તેમના મિલનને લઈને પ્રેમની બહિર્મુખ અભિવ્યકિત જન્મ પામે છે.

ત્યાર પછી તમે કહ્યું છે: "જે ક્ષણે વ્યકિતની ચેતના પોતાના મૂળમાંથી, દિવ્ય ચેતનામાંથી છૂટી પડી, અને અચેતન બની ત્યારે જે ખાઈ ઉત્પન્ન થઈ, તેના ઉપર બીજી કોઈ પણ ગતિઓ વધારે સારી રીતે સેતુ બાંધ્યો ન હોત."

હા, કારણ કે જે ક્ષણે વ્યકિતગત ચેતના દિવ્ય ચેતનામાંથી વિખૂટી પડી, ત્યારે તેણે વિરહની લાગણી ઉત્પન્ન કરી. જે ક્ષણે વ્યકિતગત ચેતનાનો પ્રવાહ જુદો પડયો, દિવ્ય ચેતનાની ગતિની સાથે એકતામાં ન રહી, ત્યારે તેણે વિરહ ઉત્પન્ન કર્યો. દિવ્ય ચેતના પોતાની ગતિનું અનુસરણ કરે છે અને વ્યકિતગત ચેતના જયારે ઐકયતામાં રહેતી નથી અને તેને અનુસરતી નથી, અથવા બીજી દિશામાં ગતિ કરે છે અને મંદ પડે છે ત્યારે આ વિરહ ઉત્પન્ન થાય છે અને આ વિરહાવસ્થા જ બધા દુઃખનું મૂળ છે. આ જગતનાં બધાં જ દુઃખોનું પરિણામ આ વૈયકિતક

ચેતનાનું છૂટા પડવાનું પરિણામ છે. આ વૈયક્તિક ચેતના કોઈ પણ કારણસર પ્રથમની મૂળભૂત ચેતનામાંથી છૂટી પડી, અને તે ઐકયમાં ન રહી શકી, વિભકત થઈ ગઈ .... તે જાણીબૂજીને છૂટી પડી નથી પણ ઐકયતામાં રહી શકી નહિ; તેથી અદ્વૈતમાં ન રહેવાને લીધે, જયારે દિવ્ય ચેતના એક ખાસ ગતિનું અનુસરણ કરે, ત્યારે તે બીજી ગતિનું અનુસરણ કરે અને તેને લઈને તે બન્ને એકબીજાથી દૂર સુદૂર થતી ગઈ. આપણે એક દષ્ટાંત લઈએ, કોઈ અમુક ગતિથી આગળ જાય છે અને બીજી વ્યકિતનું તેની સાથે ઐકય ન હોવાથી તે તેનું અનુસરણ કરતી નથી અને પરિણામે ધીરે ધીરે તે પાછળ અને પાછળ પડતી જાય છે, ઘણે ઘણે દૂર; પ્રથમ માણસ ઘણો આગળ નીકળી જાય છે અને બીજો પાછળ પડે છે. તે લંઘાતો, લંઘાતો, અટકતો પાછળ પડે છે જયારે બીજો માણસ આગળ ઝડપથી જાય છે, જયારે તે એક ડગ ભરે છે ત્યારે બીજો ઠેકતો ઠેકતો આગળ ચાલ્યો જાય છે – અને આ રીતે વધારે અને વધારે બીજી વ્યકિત જુદી પડે છે. અને આ છૂટાપણું વધારે વિખૂટાપણું લાવે છે અને તેને લઈને વૈશ્વિક દુઃખ ઉત્પન્ન થાય છે. – અથવા આ પૃથ્વી ઉપરનું દર્દ, જેને આપણે જાણીએ છીએ. તેણે ચેતનાની વિભાજનની ગતિથી તેની શરૂઆત કરી અને જગતોમાં અને ભૌતિક સ્થૂલ તત્ત્વોમાં તેનો અંત આવ્યો. તેની શરૂઆત ચેતનાની વિભાજનથી થઈ અને આપણે જોઈએ છીએ તે અને તેનું વિભાગીકરણ થયું (માતાજી પોતાની આજુબાજુ રહેલા બધાને બતાવે છે). હજારો વસ્તુઓ, એકબીજાથી આ રીતે ભિન્ન થઈ છે અને આ કારણને લઈને જ આ બધાં દુઃખો છે. જો તે બધા ચેતનામાં એક રહ્યા હોત તો કોઈ પણ જાતનું દુઃખ ન હોત. પણ ચેતના ભિન્ન થઈ ગઈ, તેનું અલગપણું રૂપોની ભિન્નતામાં પરિણમ્યું અને સ્વરૂપોનું જુદાપણું આ બધાં દુઃખોમાં પરિણામ પામ્યું.

જો ઐકયની ભાવનાનું ફરીથી સ્થાપન થાય તો આ જગતનાં બધાં જ દુઃખો અદશ્ય થઈ જાય.

આપણી પ્રકૃતિમાં રૂપાંતર તે પહેલાં કોઈ વ્યકિત બીજાની સાથે સાચો પ્રેમ કરી શકે ?

બીજાને પ્રેમ કરવો ? મેં ત્યાં તમને કહ્યું છે કે એ અશકય છે. મેં તમને કહ્યું છે કે, જો કોઈને જાણવું હોય કે પ્રેમ શું છે તો તેણે દિવ્ય પ્રભુને જ પ્રેમ કરવો જોઈએ....તો જ પ્રેમ શું છે તે જાણવા મળે. મેં કહ્યું છે કે જે જેને ચાહે, તેના જેવા બને છે, એટલે જો કોઈ પ્રભુને ચાહે તો ધીરે ધીરે, આ પ્રેમના પ્રયત્નમાંથી તે વધારે ને વધારે પ્રભુ જેવો બનતો જાય છે અને પછી તે પ્રભુના દિવ્ય પ્રેમ સાથે ઐકય સાધે છે, અને તેને તે શું છે તે જાણી શકે છે, નહીં તો વ્યકિત જાણી શકે નહીં.

એ સ્પષ્ટ છે કે, બે માનવી વચ્ચેનો પ્રેમ ગમે તે પ્રકારનો હોય તો પણ તે અજ્ઞાન, સમજનો અભાવ, નબળાઈ અને વિરહની તીવ્ર ભાવનાનો બનેલો છે. એ જાણે એવું છે કે, કોઈને એક પરમ ભવ્યતાની હાજરીમાં પ્રવેશ કરવો હતો અને તેણે પ્રથમ વસ્તુ એ કરી કે વચ્ચે એક પડદો, બે પડદાઓ, ત્રણ પડદાઓ પોતાની જાત વચ્ચે અને પેલી ભવ્ય પ્રતિભા વચ્ચે મૂકયા અને પછી પોતાને પૂરેપૂરું આશ્ચર્ય થાય છે કે કાંઈક ઝાંખી વસ્તુ દેખાય છે અને તે વસ્તુનું પૂરેપૂરું દર્શન થતું નથી. સૌથી પ્રથમ વસ્તુ તો પડદાઓને ખસેડી નાખવાનું છે. તેમને ઉઠાવી લેવાના છે, આરપાર જવાનું છે અને તે ભવ્ય પ્રતિભાની હાજરીમાં પોતાની જાતને મૂકવાની છે અને પછી તમે જાણશો કે તે પરમ ભવ્યતા શું છે. પરંતુ જો તમે તમારી જાત અને તેની વચ્ચે એક પછી એક પડદા મૂકતા જશો તો તેનું તમને કદી દર્શન થશે નહિ. તમને એક પ્રકારની અસ્પષ્ટ લાગણી થઈ શકે છે, જેવી કે "અહો ! અહીં કાંઈક છે," બસ એટલું જ.

સ્વાભાવિક રીતે જ, આ બધા માણસો જેઓ ભવ્ય પ્રભુનાં દર્શન કરવાની દરકાર કરતા નથી, જેઓ તેની સામે પીઠ ફેરવે છે અને પોતાની સહજવૃત્તિઓમાં જીવે છે તેઓ થોડાક પૂર્ણ બનેલા ફક્ત પ્રાણીઓ જ છે. આપણે તેમના વિશે વાત નહિ કરીએ. આપણે તેમને તેમના રસ્તે જ જવા દઈશું. તેઓ ગમે તે કરે, તેની આપણા માટે કોઈ અગત્ય નથી. તેઓ આપણને અસર કરતા નથી. મેં આ બધી વસ્તુઓ તેઓના માટે લખેલી નથી.

સાચો પ્રેમ કેમ કરવો તે જાણવા માટે પ્રકૃતિનું રૂપાંતર થવું જ જોઈએ?

પ્રેમની ગુણવત્તા તમારી ચેતનાના રૂપાંતરના પ્રમાણ ઉપર હોય છે.

મને સમજાયું નહિ.

આ તો બાળક પણ સમજી શકે એટલું સહેલું છે. જો તમારામાં પ્રાણીની ચેતના હશે, તો તમે પ્રાણીની માફક પ્રેમ કરતા હશો. જો તમારી ચેતના સામાન્ય માણસની હશે તો તમે સામાન્ય માનવી જેમ પ્રેમ કરશો. તમે ઉત્તમ વ્યક્તિની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ ઉત્તમ વ્યક્તિ જેવો હશે અને જો તમે દેવની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ દેવના જેવો હશે. તે સહેલું છે ! મેં આ પ્રમાણે કહ્યું છે. અને તેથી જો પ્રગતિ અને આંતરિક રૂપાંતર માટે પ્રયત્ન કરવામાં આવે અને અભીપ્સાથી વિકાસ સાધવામાં આવે તો તમે એક ચેતનામાંથી બીજી ચેતનામાં પસર થાઓ અને તમારી ચેતના વધારે ને વધારે વિશાળ થાય અને તમે જે પ્રેમનો અનુભવ કરો છો તે પણ વધારે ને વધારે વિશાળ થતો જાય. હવે બરાબર સ્પષ્ટ થયું !

તમે શુદ્ધતમ જળ લો છો. સ્ફટિક જેવા પારદર્શક પહાડોમાંથી, તમે એક મોટા

વાસણમાં તેને એકઠું કરો છો અને તમારા વાસણમાં થોડો કે વધારે કાદવ હોય, કે વધારે જથ્થામાં અને પછી તમે એમ કહી શકતા નથી કે જે પાણી નીચે આવ્યું તેનું તે જ પાણી તે છે. તેમ છતાં તે પાણી તો તે જ છે. પરંતુ તમારા પાત્રમાં રહેલી ઘણી બધી વસ્તુઓ સાથે તમે તેનું એટલું બધું મિશ્રાણ કરેલું છે કે તે પાણીની સાથે હવે તેની સરખામણી પણ થઈ શકે નહીં ! વારું, પ્રેમ તેના મૂળતત્ત્વમાં પૂરેપૂરો પવિત્ર સ્ફટિક જેવો સ્વચ્છ અને પૂર્ણ વસ્તુ છે, પરંતુ માનવચેતનામાં ઠીક ઠીક પ્રમાણમાં કાદવની સાથે તે ભેળસેળ થઈ જાય છે. એટલે જેટલા પ્રમાણમાં કાદવનો જથ્થો હોય તેટલા પ્રમાણમાં તે કાદવયુક્ત મલિન બની જાય છે.

એમ કહેવાય છે કે વાઘની ભક્ષણ કરવાની જરૂરિયાત આ જગતમાં પ્રેમની પ્રથમ અભિવ્યક્તિ હતી. મને એમ લાગે છે કે વાઘની પહેલાં પણ દરિયામાંનાં પ્રાથમિક અવસ્થામાં રહેલાં પ્રાણીઓનું પણ પ્રથમ કાર્ય હતું : જઠર. તેઓ ફક્ત જઠર ઉપર જ અસ્તિત્વ ધરાવતા હતા. અને તેથી તેઓ તે ગળી જતા હતા – એ જ તેમનો એકમાત્ર ધંધો હતો. એ પુરવાર કરે છે કે પ્રેમની શક્તિનાં પરિણામોનું આ પ્રથમ પગલું હતું. સ્થૂલ વસ્તુમાં પ્રેમની શક્તિનું ક્રમિક પ્રસરણ હતું, કારણ કે આની પહેલાં કાંઈ પણ નહોતું : એક પૂરેપૂરું અચિત હતું, પૂરેપૂરું અસલ, કોઈ પણ પ્રકારની ગતિ નહિ. પ્રેમની સાથે ગતિની શરૂઆત થઈ. ચેતનાની જાગૃતિ અને રૂપાંતરની ગતિ. વારુ, સૌથી પ્રથમનાં રૂપો, એમ કહી શકાય કે, સ્થૂલમાં પ્રેમની પ્રથમ અભિવ્યક્તિ હતી. એટલે આપણે ગળી જવાની જરૂરિયાતથી શરૂઆત કરી શકીએ જે તે વખતની એકમાત્ર ચેતના હતી – ગળી જવાની જરૂરિયાત, એટલે ઐક્ય સાધવાની જરૂરિયાત – છેક છેવટ સુધી . . . . મને માફ કરશો, આપણે એમ કહીએ છીએ કે દિવ્ય પ્રેમ જગતની એક શક્તિ છે. એ એક વસ્તુઓને સાંધી આપતી પ્રાથમિક રીત છે, પરંતુ તે સીધેસીધી રીત છે. માણસ ગળી જાય અને તે વસ્તુને આત્મસાત્ કરી દે છે. વારુ, વાઘ ભક્ષણ કરવામાં ખૂબ આનંદ મેળવે છે. એટલે કે ત્યાં આનંદ રહેલો છે, અને તે પ્રેમનું ઘણું ઊંચું સ્વરૂપ છે. તમે હજુ વધારે ઊંચે જાઓ અને માનવીઓમાં રહેલી સૌથી ઊંચા પ્રકારની પ્રેમની અભિવ્યક્તિઓમાં પૂર્ણાહુતિ કરો; જે વસ્તુ ઉપર પ્રેમ હોય તેના માટે પૂરેપૂરું આત્મ-સમર્પણ, એટલે કે, દેશના માટે બલિદાન માટે આપવું અથવા કોઈ વ્યક્તિનું રક્ષણ કરવા માટે, પોતાના જીવનનું અર્પણ કરી દેવું અને આવી આવી વસ્તુઓ. તે ખરેખર ઘણી ઊંચી વસ્તુ છે. તેમ છતાં તેમાં થોડુંક કાદવનું મિશ્રણ છે. તે સૌથી ઊંચા પ્રકારનું રૂપ નથી પણ તે કાંઈક સારું છે. અને તમે આ બધાં પગથિયાં જુઓ છો, ખરુંને, સારું, આમાંથી વ્યક્તિએ હજુ ઘણું ઘણું ઊર્ધ્વમાં ચડીને સાચી અભિવ્યક્તિમાં પહોંચવાનું છે. જે વસ્તુનું મેં વર્ણન કર્યું તેમાં પહોંચવાનું છે. જે ચઢાણની ટોચ છે – હું મારા પોતાના

શબ્દોનું ગંભીર શબ્દોમાં હાસ્યાસ્પદ વર્ણન કરવા માગતી નથી (માતાજી "ચાર તપસ્યાઓ" પુસ્તક હાથમાં લે છે અને વાંચે છે.)

> **"પ્રેમ મૂળતત્ત્વમાં અદ્વૈતનો આનંદ છે; તે તેની અભિવ્યકિત એકતાના આનંદમાં પામે છે."**

પ્રથમ તો પ્રેમની ઉત્પત્તિ થાય તે પહેલાં કોઈ એવી વસ્તુ છે, જેને આપણે કઢંગી રીતે "એકત્વનો આનંદ" કહી શકીએ. આનો વિચાર કરવો એ ઘણી અઘરી વસ્તુ છે, કારણ કે માનવનો વિચાર વસ્તુઓ વિશે તેનાથી વિરોધી વસ્તુ સિવાય સમજી શકતો નથી જ્યારે પરમોચ્ચ સ્થિતિ તો ત્યારે આવે છે જ્યારે પ્રેમ આખા વિશ્વમાં ફરતું ચક્કર મારી, ફરીને પોતાના મૂળમાં ઊંચે ચડવાની તૈયારી કરે છે. પછી તેણે જે અનુભવો મેળવ્યા હોય તેનું પરિણામ લઈને તે તેના મૂળબિંદુ, જ્યાંથી તે આવે છે ત્યાં પાછો ફરે છે, ને પોતાના શરૂઆતના બિંદુએ પાછો પહોંચે છે ત્યારે તેની પાસે કાંઈક વધારે હોય છે, જે તેણે ગમનની શરૂઆત કરી ત્યારે તેની પાસે નહોતું, વિશ્વનો અનુભવ. મૂળભૂત હકીકતમાં તે જ સર્જનનો મૂળ હેતુ છે કારણ કે જો ચેતનાએ પોતે જે છે તેને સર્જનમાં અભિવ્યકત કરી ન હોત તો તે જે છે તે નહોત. સારું, સર્જનમાંથી પાછા ફરવું – જે, ખાસ નોંધ લો, સમયમાં બનનાર વસ્તુ નથી – તેના વિશે વિચાર કરવો એ બહુ અઘરું છે કારણ કે આપણને સમય અને અવકાશનો જ ખ્યાલ છે, અને આપણા માટે વસ્તુઓ એક પછી એક એમ ક્રમમાં જ હોય છે, એક વસ્તુ પછી બીજી વસ્તુ બને છે. પરંતુ જો સમગ્ર ગતિનો ખ્યાલ કરવાનું શકય બને, જે સમગ્ર પૃથ્વીને ફરી વળે અને જે એક જ સમયે શરૂઆત અને અંત હોય, અને જે દરેક વસ્તુને પોતાનામાં ધારણ કરી શકે, તો આ પુનરાગમન, જે પુનરાગમન સમયમાં નહીં પરંતુ ચેતનાનું પુનરાગમન હોય – તે હું કઈ રીતે સમજાવું ? – પ્રેમનું પોતાના મૂળમાં પુનરાગમન, ફકત અદ્વૈતના આનંદને બદલે જોડાણનો પરમાનંદ બની જાય છે – અને સ્પષ્ટ છે કે જો કોઈ ફકત માનસિક દૃષ્ટિબિંદુથી જુએ તો ચેતનામાં એક સમૃદ્ધિ આવે છે, જે વિશ્વમાંથી પ્રાપ્ત કરેલા અનુભવથી સમૃદ્ધ થયેલી હોય છે, એટલે કે એક સંતોષની સમૃદ્ધિ હોય, અને ચેતનાની વિપુલતા હોય છે, જેની આવિર્ભાવ પામેલું વિશ્વ ન હોત તો હસ્તી જ ન હોત. અને તે જ ખૂબ સ્પષ્ટ તાર્કિક સમજ છે, સર્જન માટેનું સૌથી વધારે તાર્કિક કારણ.

> **આ વાકયનો શો અર્થ થાય, મધુર માતાજી : દરેક વખતે જ્યારે વ્યકિત પોતાની સાંકડી મર્યાદાઓ ઓળંગે છે, અને જેમાં તે પોતના અહંથી કેદી બનેલો છે તેમાંથી ખુલ્લી હવામાં આત્મત્યાગ દ્વારા બહાર આવે છે, પછી તે આત્મત્યાગ ભલે બીજા માનવ માટે હોય કે પોતાના કુટુંબ માટે હોય કે દેશ**

માટે કે ધર્મ માટે હોય, ત્યારે તે પોતાની આત્મ-વિસ્મૃતિમાં એક પ્રેમના અદ્‌ભુત આનંદનો આસ્વાદ લે છે અને તેના ઉપર એવી છાપ પડે છે કે તે પ્રભુના સંપર્કમાં આવ્યો છે. પણ ઘણી વખત તે ફકત ઊડતો જ સંપર્ક હોય છે કારણ કે માનવનો પ્રેમ તાત્કાલિક નિમ્ન પ્રાણની ક્રિયાઓ સાથે મિશ્રિત થઈ જાય છે અને તેને લઈને તે હલકી કોટિનો બની જાય છે જે તેની પવિત્રતાની શકિતને લૂંટી લે છે પણ તેમ છતાં જો તે પવિત્ર રહ્યો હોત તો પણ, દિવ્ય અસ્તિત્વ સાથેનો આ સંબંધ કાયમ માટે ચાલુ રહી શકયો ન હોત કારણ પ્રેમ દિવ્ય પ્રભુનું એક જ પાસું છે જે પાસું આ પૃથ્વી ઉપરની બધી વસ્તુઓની વિકૃતિઓની માફક જ તેણે સહન કરેલું છે.''

તે શું છે, તેમાં તને શું ન સમજાયું ? કે આ વિશ્વ અને જગત હાલ જેવાં છે તે દિવ્ય પ્રભુનાં વિકૃત સ્વરૂપો છે ? આ જગત જેવું છે તેવું, ચેતનાની જે સ્થિતિમાં તે રહે છે તે, દિવ્ય પ્રભુની વિકૃતિ છે. એટલે જો તમારો પ્રેમ પણ આ આવિર્ભાવ પામેલા જગતમાં જેટલો શકય રીતે શુદ્ધ રહી શકતો હોય તો પણ જ્યાં સુધી બીજી બધી વસ્તુઓ રૂપાંતર ન પામે ત્યાં સુધી તે તમને પ્રભુના સંપર્કમાં સતત રીતે રાખી શકે નહીં. કારણ કે તે પણ બીજી બધી બાકીની વસ્તુઓની માફક વિકૃત થઈ ગયેલો છે : કારણ કે ખરેખર એમ કહેવું જોઈએ કે આ પૃથ્વી ઉપરનો શુદ્ધતાનો જે ખ્યાલ છે તેને પ્રભુની શુદ્ધતા સાથે કાંઈ લેવાદેવા નથી. વધારેમાં વધારે તમે તેનો અંદાજ મેળવી શકો.

ન સમજાયું ? એક દિવસ તો તે અહીં આવશે.

મધુર માતાજી, માબાપોના પોતાનાં બાળકો પર કેવા પ્રકારનો પ્રેમ હોય છે ?

કયા પ્રકારનો ? માનવનો પ્રેમ, કેમ તેવો નથી હોતો ? બીજા બધા માનવ પ્રેમ જેવો. ભયંકર મિશ્રાણવાળો, બીજી બધી વસ્તુઓથી ભળેલો. માલિકીની જરૂરિયાતવાળો, એક ભયંકર અહંકારયુક્ત પ્રથમ તો મારે તને કહેવું પડશે કે એક અદ્‌ભુત ચિત્ર દોરાયું છે.... ઘણાં પુસ્તકો લખાયેલાં છે, માતાનો બાળકો માટેના પ્રેમ વિશે ઘણી આશ્ચર્યજનક વસ્તુઓ કહેવાયેલી છે. હું તને ખાતરી આપું છું કે, સુંદર શબ્દોમાં આ વિશેની બોલવાની શકિત સિવાય ઉચ્ચ પ્રકારનાં પ્રાણીઓનો પ્રેમ, સ્તનપાન-કરનારાં પ્રાણીઓનો તેમનાં બચ્ચાંઓ માટેનો પ્રેમ તેમના જેવો જ હોય છે, તેમનામાં પણ તે જ ભકિત, તે જ પ્રકારનો સ્વાર્થત્યાગ તે જ પ્રકારનું આત્મ વિસ્મરણ, તે જ માટે કેળવણી માટેની સંભાળ, તે જ પ્રકારની ધીરજ, તે જ પ્રકારનું .... મેં ઘણી ઘણી અદ્‌ભુત વસ્તુઓ જોઈ છે, અને જો તે બધી લખાઈ હોત, અને તે બધી બિલાડીને

બદલે સ્ત્રીને માટે લાગુ પાડી હોત તો ઉત્તમ પ્રકારની નવલકથાઓ બની હોત. લોકોએ એમ કહ્યું હોત : "કેવી વ્યક્તિ ! આ સ્ત્રીઓ માતૃપ્રેમમાં કેટલી બધી અદ્‌ભુત રીતે સમર્પિત છે !" બરાબર તે જ વસ્તુ ફક્ત બિલાડીઓ પુષ્પિત વાચા વાપરી શકતી નથી. એટલું જ. તેઓ ચોપડીઓ લખી શકી નહીં તેમ જ ભાષણો કરી શકી નહીં એટલો જ ફેર છે. પરંતુ પૂરેપૂરી અદ્‌ભુત વસ્તુઓ જોઈ છે અને એવા પ્રકારનો આત્મત્યાગ અને આત્મ-વિસ્મૃતિ – જેવી પ્રેમની શરૂઆત થાય છે કે તુર્ત જ આવે છે. પણ માણસો . . . . હું ખરેખર માનું છું, મેં જે કોઈ અભ્યાસ કર્યો તેના ઉપરથી કે કદાચ પ્રાણીઓમાં વધારે પવિત્રતા છે, કારણ કે તેઓ વિચારતા નથી, જ્યારે માનવીઓ પોતાની માનસિક શક્તિને લઈને, કલ્પના-શક્તિને લઈને, તર્ક, પૃથક્કરણ અને અભ્યાસને લઈને, આ બધી વસ્તુથી, ઓહ ! તેઓ સુંદરમાં સુંદર ક્ષણને બગાડી નાખે છે. તેઓ ગણતરી કરવા બેસે છે, તર્કશક્તિ ચલાવે છે, શંકાકુશંકાઓ રાખે છે અને વ્યવસ્થા ગોઠવે છે.

મા-બાપનો દાખલો લો. તમારી ચેતનામાં રહેલા ઘણા ભ્રમોને દૂર કરવાના જોખમે મારે તમને માતાના બાળક માટેના પ્રેમના મૂળ વિશે કહેવું પડશે. એ એટલા માટે છે કે, આ બાળક તેના પોતાના પદાર્થમાંથી જ બનેલું છે, અને ઘણો લાંબો સમય સુધી, ઠીક ઠીક લાંબા સમય સુધી, આ સ્થૂલ કડી, આ ભૌતિક પદાર્થની કડી, માતા અને બાળકની વચ્ચે ઘણી ગાઢ રીતે સંકળાયેલી હોય છે — એ જાણે કે તેના માંસનો એક ટુકડો હોય, તેને બહાર કાઢવામાં આવ્યો હોય અને તેને થોડે દૂર મૂકવામાં આવ્યો હોય — અને પછીથી ઘણે સમયે તે બન્નો વચ્ચેનું બંધન પૂરેપૂરું કપાઈ જાય છે. એમાં એક પ્રકારની ગાંઠ હોય છે, એક સૂક્ષ્મ સંવેદન, એવા પ્રકારનું, જે લાગણી બાળકને થાય છે તે જ પ્રકારની લાગણી માતાને થાય છે અને માતા તેને પોતાની અંદર અસર કરતી અનુભવે છે અને આ જ બાળક માટેની આસક્તિનો ભૌતિક પાયો છે. એ એક ભૌતિક એકતાનો પાયો છે. બીજું કાંઈ નથી પણ તે જ છે. લાગણી પછીથી, ઘણે વખતે આવે છે (કદાચ વહેલી પણ આવે, પણ એ માણસોના ઉપર આધાર રાખે છે) પણ હું તો મોટા સમૂહની વાત કરું છું. લાગણી ઘણે લાંબે સમયે આવે છે અને તે શરતી હોય છે. આવી બધી ઘણી વસ્તુઓ હોય છે . . . . આ વિષય ઉપર હું કલાકો સુધી તમને કહી શકું છું પણ તેમ છતાં આને પ્રેમની સાથે મિશ્રણ ન કરી શકાય. એક ભૌતિક એકતા છે. તેથી કરીને માતાને અંગત લાગણી થાય છે. બાળકને જે લાગણી થાય છે તે સઘન રીતે અને વાસ્તવિક રીતે માતા અનુભવે છે; જો બાળકને કોઈ આઘાત લાગે તો માતાને પણ તેની અસર થાય છે. આ વસ્તુ ઓછામાં

ઓછી બે માસ સુધી ચાલે છે.

આ તેનો પાયો છે. બીજું બધું માણસોના સ્વભાવમાંથી, તેમના વિકાસની અવસ્થામાંથી, તેમની ચેતનામાંથી, તેમના શિક્ષણમાંથી અને લાગણીની શક્તિમાંથી આવે છે, આ બધું પહેલાંની સાથે જોડાઈ જાય છે અને પછી સામૂહિક સૂચનાઓ આવે છે, જે નવલકથાઓનું સર્જન કરે છે – કારણ કે લોકો નવલકથાની રચના કરવામાં ખૂબ અદ્ભુત હોય છે. તેઓ દરેક બાબત વિશે નવલકથાઓ લખે છે. તેમનાં મગજ કલ્પનાઓ બાંધવામાં ટેવાયેલાં હોય છે અને આ કલ્પનાઓ વાતાવરણમાં ફરતી હોય છે અને તેઓ તેની પકડમાં આવી જાય છે. આમાંથી કેટલાક એક પ્રકારની કલ્પના પકડી લે છે અને બીજા બીજી પ્રકારની, અને પછીથી કલ્પના એક આગળ ધસતી શક્તિ હોવાથી, તેને લઈને માણસ કાર્ય કરવાની શરૂઆત કરે છે અને છેવટે તે તેના જીવનમાં નવલકથા જીવે છે. જો તે થોડોઘણો પણ કલ્પનાશીલ હોય તો.... આ વસ્તુને અને સાચી ચેતનાને, ચૈતસિક પુરુષ સાથે કાંઈ પણ લેવાદેવા નથી, બિલકુલ નહીં, પરંતુ લોકો તમારી પાસે આવીને એક સુંદર શૈલીમાં વાતચીત કરે છે અને વાર્તાઓ કહે છે – આ બધું આશ્ચર્યજનક કલ્પનાઓ જ હોય છે. જો કોઈ જોઈ શકે, એટલે કે, જો તમે આ માનસિક વાતાવરણ જોઈ શકો, એટલે કે સ્થૂલ મનનું, જે દરેક જગાએ ગતિમાં ફરતું હોય છે, અને તમને ગતિમાન કરે છે, લાગણીઓનો અનુભવ કરાવે છે અને કાર્ય કરતા કરે છે તો અરે ભગવાન! તમારા વ્યક્તિત્વ વિશેના ઘણાખરા ભ્રમો તમે ભૂલી જાઓ. પરંતુ ખરેખર તો તે મેં કહ્યું તેવા પ્રકારનું છે. માણસો તે વિશે જાણે કે નહિ, તે એવા પ્રકારનું છે.

આ પૃથ્વી ઉપર એવા ઘણા આત્માઓ છે, માનવીઓ.... સ્પષ્ટતયા, જેમનામાં અમુક પ્રકારના સંસ્કાર છે, અમુક વિકાસ છે, અમુક વૈયક્તિકતા છે, તેઓ ખાસ કરીને એકઠા થાય છે, સહજ પ્રેરણાથી તેઓ સાથે મળે છે અને જૂથો બનાવે છે. એટલે કોઈ વ્યક્તિ સ્થળ અને સમયમાં કેટલાક માણસોનો સમૂહ – બહુ ધ્યાનપાત્ર નહિ, પણ ઠીક ઠીક પ્રમાણમાં મોટી સંખ્યામાં – એવા જોડાયેલા સંસ્કારી માણસો, પરંતુ કોઈએ એમ ન માનવું જોઈએ કે સંખ્યાના પ્રમાણમાં તે માણસોના સંસ્કાર અને વિકાસ હોય છે. તે એક પ્રકારના ઊભરા જેવું હોય છે જેને સપાટી ઉપર લાવવામાં આવે છે. પરંતુ આ બીજા માણસો કહ્યા તેમાં પણ એક પ્રકારની પસંદગી હોય છે, એક હજારમાં ભાગ્યે જ એકાદ વ્યક્તિ એવી હશે જે ખરેખર વ્યક્તિગત અસ્તિત્વ ધરાવતી હશે, જે સભાન હશે, જે પોતાના ચૈત્ય પુરુષ સાથે ઐક્યમાં હશે, જે પોતાના આંતરિક ધર્મથી સંચાલિત થતો હશે અને પરિણામ રૂપે જો પૂરેપૂરો મુક્ત નહિ હોય તો બાહ્ય અસરોમાંથી લગભગ ઘણો-

ખરો મુક્ત હશે; કારણ કે તે સચેતન હોવાથી જ્યારે આ બધી અસરો તેના તરફ આવે છે ત્યારે તે તેમને જુએ છે; જે વસ્તુઓ પહેલાં આંતરિક વિકાસની સાથે સંવાદમાં હોય, અને તેનો વિકાસ સાધે એવી હોય, તેને જ તે સ્વીકારે છે; જે તેની વિરુદ્ધની હોય તેનો તે બહિષ્કાર કરે છે અને તેથી એક ગોટાળો બનવાને બદલે – એક ભયજનક મિશ્રણ બનવાને બદલે – આ માણસો સંગઠિત વ્યકિતઓ હોય છે, વ્યકિતત્વવાળી હોય છે, પોતાની જાત વિશે સભાન હોય છે અને તેમને કયાં કઈ દિશામાં જવું છે, અને તેમને શું કરવાનું છે તે જાણતાં જાણતાં પોતાના જીવનનો માર્ગ પસાર કરે છે.

આવી વ્યકિતઓને, તમને ગમે તો, આપણે કહી શકીએ કે તેઓ માણસો છે. એટલે કે તેઓ માનવીના સંબંધમાં પ્રકૃતિનું સારામાં સારું સર્જન છે – તેમ છતાં તેઓ માનવીઓ છે. પરંતુ માનવની આ ટોચ છે. તેઓ કાંઈક બીજું જ બનવાને માટે તૈયાર થયેલા છે. પરંતુ જ્યાં સુધી વ્યકિત તે બને નહીં ત્યાં સુધી ઘણેખરે અંશે પ્રાણી જ છે અને માનવીની બિનનોંધપાત્ર શરૂઆત જ છે. ફકત તેને જ માણસ કહી શકાય. તો પછી તમે તે સ્થિતિમાં છો અને તમારે તમારી પોતાની અંદર નજર નાખવી જોઈએ અને જાણવું જોઈએ . . . . કે તમે માનવીઓ છો કે નહિ.

Au revoir.

હું તમને આ આશામાં કહું છું જેથી તમે તે બનો.

૨૧ એપ્રિલ ૧૯૫૪

આ તારીખે માતાજીએ શ્રી અરવિંદનું પુસ્તક "યોગસાધનાના પાયા" વાંચવાનું શરૂ કર્યું. આ પુસ્તકમાં યોગ વિશેના ૧૯૩૩થી ૧૯૩૬નાં વર્ષો દરમ્યાન પુછાયેલા પ્રાથમિક પ્રશ્નો છે.
નીચેનો વાર્તાલાપ "પુકાર અને યોગ્યતા" પ્રકરણ ૧ અને "યોગસાધનાનો પાયો" પ્રકરણ ૨ ઉપર આધારિત છે.

તમે કેટલાક પ્રશ્નો પૂછ્યા છે. હવે તમારા પ્રશ્નો ઉપર તમે બીજા પ્રશ્નો પૂછવાના છો. હા, તો ચાલો (શરૂ કરો).

માતાજી ! અહીં લખવામાં આવ્યું છે "આપણા યોગમાં (દિવ્ય પ્રભુની સાથે) સ્થૂલ શારીરિક ચેતનામાં તેમ જ અતિમાનસની ભૂમિકા ઉપર અદ્વૈત સાધવાનું આપણું ધ્યેય છે;" તો પછી જ્યારે સ્થૂલ ચેતના દિવ્ય પ્રભુની સાથે અદ્વૈત સાધે છે ત્યારે પછી રૂપાંતર ચાલુ રહે છે.

હા, ચાલુ રહે છે, પરંતુ તાત્કાલિક નહીં. તેને સમય લાગે છે. જો પ્રભુ સ્થૂલ ચેતનામાં નીચે ઊતરી આવે તો વધારે સ્પષ્ટ રીતે કહીએ તો જો શારીરિક ચેતના દિવ્ય પ્રભુ પ્રત્યે પૂરેપૂરી ગ્રહણશીલ હોય તો, સ્વાભાવિક રીતે જ રૂપાંતર ચાલુ રહે છે. પરંતુ રૂપાંતર કાંઈ એક જાદુઈ લાકડી ફેરવવાથી આવી જતું નથી. તેને સમય લાગે છે અને તે ધીરે ધીરે સધાય છે.

એક વખત શારીરિક ચેતના તેની સાથે જોડાઈ જાય પછી તે ચોક્કસ આવશે જ, એ તે પ્રમાણે નથી?

હું તમને થોડા સમય પછીથી આ વિશે કહીશ.

કારણ કે જો એમ હોય તો તે અંતિમ* નથી-જો કદાચ રૂપાંતર તેમ છતાં પછીથી ન થાય તો!

નહીં, આપણે જેને છેવટનું ધ્યેય કહીએ છીએ તે વસ્તુ તે નથી. રૂપાંતર તો ચાલુ જ રહેવું જોઈએ. તે સાહજિક રીતે જ થવું જોઈએ પરંતુ હું એમ કહેવા

---

* "દિવ્ય પ્રભુની સાથે પૂર્ણ અદ્વૈત સાધવું એ આપણું અંતિમ ધ્યેય છે."

માગું છું કે, રૂપાંતરની પૂર્ણતાની અથવા સમગ્રતાની ખાતરી નથી કારણ કે રૂપાંતરમાં ઘણી બધી કક્ષાઓ હોય છે. આપણે રૂપાંતર વિશે બહુ અસ્પષ્ટ ખ્યાલ રાખીને બોલીએ છીએ. તે આપણને એવી છાપ આપે છે કે જાણે રૂપાંતર પોતે જ પોતાની જાતને સંભાળી લેશે અને બધું જ સરસ થઈ જશે – હું વિચારું છું કે આપણો આશરે આવો ખ્યાલ છે. જો આપણને મુશ્કેલીઓ હશે તો તેઓ અદશ્ય થઈ જશે; માંદા માણસોની માંદગી ચાલી જશે, જો શારીરિક ખામીઓ હશે તો તેઓ અદશ્ય જઈ જશે વગેરે વગેરે આવી આપણી બહુ અસ્પષ્ટ છાપ રૂપાંતર વિશે છે.

એક વસ્તુ ખૂબ આશ્ચર્યજનક છે : ભૌતિક ચેતના, શારીરિક ચેતના, કોઈ પણ વસ્તુને ચોક્કસાઈથી, બધી વિગતોમાં જાણી શકાતી નથી. સિવાય કે જે ક્ષણે તેનો સાક્ષાત્કાર થવાનો હોય અને આ ચોક્કસ નિશાની છે. જ્યારે વ્યક્તિ પ્રગતિને સમજી શકે છે; કઈ ગતિવિધિએ અને રૂપાંતર દ્વારા પૂરેપૂરું રૂપાંતર સાધી શકાશે, કયા રૂમમાં, કઈ રીતે, એમ આપણે મૂકી શકીએ. પહેલાં શું બનશે ? પછીથી શું બનશે ? આ બધું, પૂરેપૂરી વિગતમાં. દરેક સમયે જ્યારે ચોક્કસ વિગત તમે જુઓ ત્યારે તેનો અર્થ એ કે હવે તેની સિદ્ધિનું બિંદુ આવી ગયું છે.

વ્યક્તિને સમગ્રનું પણ દર્શન થઈ શકે છે. દા.ત. એ ચોક્કસ છે કે શારીરિક ચેતનાનું રૂપાંતર પ્રથમ થશે; શરીરની બધી ક્રિયાઓ ઉપર સ્વામીત્વ અને કાબૂમાં પછીથી પ્રગતિ થશે, આ સ્વામીત્વ ધીરે ધીરે ફેરફાર પામશે (અહીં તે વધારે અસ્પષ્ટ થાય છે), ધીરે ધીરે એક પ્રકારની ગતિમાં રૂપાંતર; ફેરફાર અને રૂપાંતર – બધું જ ચોક્કસ છે. પછીથી છેવટમાં શું બનશે, જેના વિશે શ્રી અરવિંદે છેલ્લા લેખોમાંના એકમાં * કહ્યું છે, જેમાં તેઓ કહે છે કે બધા અવયવોમાં પણ રૂપાંતર થશે, તેમની જગાએ શક્તિઓનાં એકાગ્રતાનાં કેન્દ્રો લેશે. (શક્તિઓનાં એકાગ્રતા અને કાર્ય) આ શક્તિઓ જુદી જુદી જાતની અને જુદા જુદા પ્રકારની હશે અને તેઓ શરીરના બધા અવયવોનું સ્થાન લેશે – અને તે, મારાં બાળકો, ઘણું ઘણું દૂરનું છે, એટલે કે એ એવી વસ્તુ છે જે હજુ સુધી તેને કેમ કરવી તેનાં કરણો ઉપર કોઈની પકડ નથી. દા ત. હૃદયનું દષ્ટાંત લો. હૃદયનું આ કાર્ય જેને લઈને આખા શરીરમાં લોહી ફરતું રહે છે, તેનું સ્થાન કઈ રીતે શક્તિઓની એકાગ્રતા લેશે ? કયાં સાધનો દ્વારા આ ફેફસાંઓનું સ્થાન બીજી શક્તિઓની એકાગ્રતા દ્વારા લેવાશે ? અને કયાં કયાં બળો અને કયાં કયાં આંદોલનો આ સ્થાનો લેશે અને કયા પ્રકારથી ? . . . . આ બધું પાછળથી આવશે. તેને અત્યારે સિદ્ધ કરવું શકય નથી. વ્યક્તિને તેનું સૂચન

---

* 'દિવ્ય શરીર' સેન્ટીનરી વૉલ્યુમ ૧૭, પૃ. ૨૦ થી ૪૦.

કે ઈશારો મળી શકે છે, તેનું ભવિષ્ય જોઈ શકે, પણ....,

શરીરના માટે, જાણવું એટલે તે કરવાની શક્તિ હોવી. હું અત્યારે હાલ આપણી પાસે જે દાખલો છે તે તમને આપીશ. જ્યાં સુધી તમે કસરતની ક્રિયા કરો નહીં ત્યાં સુધી તમે જાણતાં નથી. જ્યારે તમે તેને સારી રીતે કરી શકયા હો ત્યારે તમે તેને જાણો છો અને તેને તમે સમજો છો, પણ તે પહેલાં નહીં. શારીરિક જ્ઞાન એટલે કરવાની શક્તિ સારું, આ વસ્તુ દરેક બાબતને લાગુ પડે છે, રૂપાંતર સુધ્ધાંને પણ.

આ વસ્તુ કઈ રીતે બનશે તે સજ્ઞાન રીતે કહેતાં પહેલાં ઘણાં વર્ષો પસાર થશે; પરંતુ અત્યારે એટલું કહી શકું કે તેની શરૂઆત થઈ ચૂકી છે. જો તમે ધ્યાન-પૂર્વક હવે પછીના બુલેટીનના અંકને વાંચશો, જે બુલેટીન તમને ૨૪મી એપ્રિલે મળશે, તો તમે જોશો કે તેની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ હકીકતમાં તો આપણે પછીથી જોઈશું. જો હું તમને તેનો અર્થ સમજાવી શકું તો. Voila.

બીજો કોઈ પ્રશ્ન ?

મધુર માતાજી, 'પછીથી' એટલે કયારે ? તમે કયારે સમજાવશો ?

કયારે સમજાવીશ ? મારાં બાળકો હું જાણતી નથી !

"મને બહુ સારી રીતે સમજાયું નહીં" સાધનામાં રહેલી સક્રિયતા અને નિષ્ક્રયતાનો સાચો અર્થ.

તમે સક્રિયતા અને નિષ્ક્રિયતા શું છે તે જાણતા નથી ? બન્ને શબ્દોનો શો અર્થ થાય છે તે ?

હા.

હા ! હું જાણું છું. જ્યારે તમે સક્રિય હો તો તેનો અર્થ શો ?

જ્યારે હું કાર્ય કરું છું.

કાર્ય ? સારું ? અને જ્યારે તમે નિષ્ક્રિય હો ત્યારે, જ્યારે તમે ઊંઘતા હો ત્યારે ? (હાસ્ય)

જ્યારે હું આળસુ હોઉં છું ત્યારે કામ કરી શકતો નથી.

ના, મારા બાળક, હકીકતમાં નહીં. નિષ્ક્રિયતા એ આળસ નથી. સક્રિય ક્ષણ તેને કહેવાય. જેમાં વ્યકિત પોતાની શક્તિ બહાર ફેંકે છે, એટલે કે તમારામાંથી કોઈક બહાર આવે છે – ગતિમાં, વિચારમાં, લાગણીમાં – તમારામાંથી કાંઈક નિષ્ક્રિયતા

એટલે તમે તમારી અંદર જ રહો છો, ખુલ્લા અને બહારથી તમારામાં જે આવે છે તેને તમે સ્વીકારો છો. કોઈ હરેફરે અથવા તો શાંત બેસી રહે તેના ઉપર તેનો બિલકુલ આધાર નથી. તે એ પ્રમાણે છે જ નહિ. સક્રિય થવું એટલે તમારામાંથી તમે ચેતના, બળ અથવા ગતિને બહાર ફેંકો છો. નિષ્ક્રિય રહેવું એટલે સ્થિર રહેવું અને બહારથી જે આવે તેને ઝીલવું. એટલા માટે અહીં કહેવામાં આવ્યું છે મને ખબર નથી શું લખ્યું છે, (માતાજી – પુસ્તકનાં પાનાં ફેરવે છે) આ તો ઘણું સ્પષ્ટ છે! 'અભીપ્સામાં સક્રિયતા' એનો અર્થ છે કે તમારી અભીપ્સા તમારામાંથી બહાર જાય છે અને દિવ્ય પ્રભુ પાસે ઊંચે ચડે છે – તપસ્યામાં, તમે જે સંયમ પાળો તેમાં, અને જ્યારે તમારી સાધનામાં આવતાં વિરોધી બળોનો તમે ઈન્કાર કરો તેમાં, આ સક્રિયતાની ગતિ છે.

હવે જો તમારે સાચી અભીપ્સા મેળવવી હશે, આંતરિક માર્ગદર્શન, સાચો માર્ગદર્શક અને જો તમારામાં તમારે શક્તિ જોઈતી હશે જેથી કરીને તમને એવી શક્તિ મળે જે તમને તમારે જે રીતે વર્તવું જોઈએ તે રીતે તમને માર્ગદર્શન આપીને કાર્ય કરાવે, તો પછી તમે વધારે ગતિ કરતા નથી – એટલે, મારા કહેવાનો અર્થ એવો નથી કે શારીરિક રીતે ગતિ કરતા નથી, પરંતુ તમારામાંથી એવું કશું બહાર ન આવે અને ઊલટું તમે બિલકુલ શાંત રહો, પરંતુ ખુલ્લા, અને તમે શક્તિ પ્રવેશે તે માટે રાહ જુઓ, અને તમારી જાતને જેટલી ખુલ્લી કરી શકાય, તેટલી ખુલ્લી કરીને જે તમારામાં આવતું હોય તેને અંદર સમાવી લો. અને હું આ ગતિની વાત કરું છું : બહાર ફેંકાતાં આંદોલનોને બદલે એક પ્રકારની સ્થિરતાની શાંતિ હોય છે, પરંતુ પૂરેપૂરું ખુલ્લાપણું જાણે કે તમે તમારાં છિદ્રોને તે શક્તિ પ્રત્યે ખુલ્લાં કરો છો, જેને તમારી અંદર નીચે ઊતરીને તમારા કાર્યનાં અને ચેતનામાં રૂપાંતર કરવા દો.

ગ્રહણશીલતા એક સુંદર સ્થિરતાનું પરિણામ છે.

પરંતુ માતાજી, સ્થિર બનવાને માટે પ્રયત્ન તો કરવો જ જોઈએ, કરવો જોઈએ ને?

જરૂર નથી; તેનો આધાર લોકો ઉપર છે. પ્રયત્ન? કરવો જ જોઈએ, હા, માણસમાં તે હોવો જ જોઈએ. પરંતુ સંકલ્પશક્તિ એ પ્રયત્ન છે!... સ્વાભાવિક રીતે માણસે તેના વિશે વિચારવું જોઈએ, તેની જરૂર હોવી જ જોઈએ. પણ બન્ને વસ્તુઓ એકીસાથે રહી શકે છે, તમે સમજ્યા એ એક એવી ક્ષણ હોય છે જ્યારે બન્ને – 'અભીપ્સા અને સ્થિરતા' – વારાફરતી ઊલટસૂલટ રહેવાને બદલે સાથોસાથ રહી શકે છે. તમે એકીસમયે અભીપ્સાની, સંકલ્પ શક્તિની અવસ્થામાં રહી શકો,

જે કાંઈક નીચે ઉતારી લાવે છે — બરાબર પોતાની જાતને ખુલ્લી કરવાની અને ગ્રહણ કરવાનું – અને તે જ સમયે પૂર્ણ સ્થિરતાની અવસ્થામાં રહી શકે. જે પૂરેપૂરો પ્રવેશનો માર્ગ કરી આપે છે, કારણ કે આ અચલતામાં જ વ્યક્તિ ભેદાઈ જાય છે, અને તે શક્તિથી ભરપૂર બને છે. વારુ, આ બન્ને વસ્તુઓ એકબીજાને ખલેલ પહોંચાડયા સિવાય પણ એકસાથે ચાલી શકે છે, અથવા વારાફરતી એટલી નજીકથી ચાલે છે કે ભાગ્યે જ તેનો ભેદ પરખાઈ શકે. પરંતુ વ્યક્તિ તેવી બની શકે, ઊંચે ઊઠતી અભીપ્સાની મહાન જ્યોતિ જેવી અને જાણે કે તે શિખા, જાણે કે એક પાત્ર. એક વિશાળ પાત્ર ન બની હોય, જે ખુલ્લું થઈને જે કાંઈ બધું નીચે ઊતરી આવે છે તેને નીચે ઝીલતી હોય.

અને બન્ને સાથે સાથે પણ ચાલી શકે છે, અને જ્યારે કોઈ વ્યક્તિ બન્નેને સાથે રાખવામાં સફળ થાય છે, ત્યારે તે ગમે તેમ કરતો હોય છતાં તે બન્નેને સાથે જ રાખી શકે છે. તેમાં ફક્ત એક નજીવો, બહુ નજીવો ચેતનાનો ફેરફાર થાય છે, જે ધ્યાનમાં પણ આવે નહિ, જે પહેલાં શિખા વિશે સભાન બને છે અને પછીથી ગ્રહણ કરવાના પાત્ર વિશે – જેને ભરાવાનું છે, અને શિખા જે ઊંચે ચડે છે અને જે વસ્તુથી પાત્રને ભરવાનું છે તેને નીચે આવવા પુકારે છે – બહુ જ નજીવી લોલક જેવી ગતિ અને એટલી બધી નજીકની કે તે એવી છાપ આપે કે બન્ને એકી જ વખતે વ્યક્તિની પાસે છે.

(મૌન)

જેમ જેમ શરીર રૂપાંતર માટે તૈયાર થતું જાય તેમ તેમ ધીરે ધીરે વ્યક્તિને આ બેમાંથી એક વસ્તુની જાણ થાય છે. તે એક અદ્ભુત સાધન છે, એવા અર્થમાં કે, બે વિરોધી વસ્તુઓને એક જ સમયે વ્યક્તિ અનુભવી શકે છે. શારીરિક ચેતનાની એક એવી અવસ્થા હોય છે જે વસ્તુઓને એકત્રિત કરે છે, એવી વસ્તુને સમગ્ર રીતે એકઠી કરે છે, જે ચેતનાની બીજી અવસ્થાઓમાં ઊલટસૂલટ હોય અથવા વારાફરતી ચાલતી હોય પણ જો કોઈ ત્યાં પ્રાણ અને મનસમાં પહોંચે, જ્યાં એટલો વિકાસ થયો હોય કે વિરોધોને પૂરતા સંવાદમાં લાવે (એ ખાસ આવશ્યક છે), અને જ્યારે તે કરવામાં સફળ થવાય, ત્યારે એવી ક્ષણો આવે છે જેમાં તે વારા-ફરતી આવે છે, એક પછી એક, જ્યારે આશ્ચર્યજનક બાબત તો એ છે કે શરીરની ચેતનામાં લાગણીનો અનુભવ થઈ શકે છે — "અનુભૂતિ" – સભાન થાય છે. (શબ્દ સૌથી સારી રીતે અભિવ્યકત કરે છે.) બધી વસ્તુઓનો એકીસાથે, જાણે કે તેને ગરમ અને ઠંડા એકીસમયે હો, જાણે કે તમે સક્રિય અને નિષ્ક્રિય એક જ સમયે હો, અને બધું આ રીતે બની આવે છે, પછીથી તમે તમારા કોષોમાં ગતિની

સમગ્રતાને સમજતા થાઓ છો. એ કાંઈક વધારે સઘન છે. અને આપણા સ્વરૂપના કોઈ પણ બીજા ભાગ કરતાં વધારે સંપૂર્ણ હોય છે. એટલે કે જો વસ્તુઓ આ રીતે ચાલુ રહે, તો એ સાબિત થઈ જશે કે શારીરિક સાધન, ભૌતિક સાધન બધાં કરતાં સૌથી પૂર્ણ છે. એટલા માટે જ કદાચ તેનું રૂપાંતર કરવું, તેને પૂર્ણ કરવું સૌથી કઠિન છે. પરંતુ બધી વસ્તુઓમાં પૂર્ણતા માટે તો એ સૌથી વધારે શક્તિશાળી છે.

આજને માટે આટલું પૂરતું છે, ખરું ને?

એટલે, મારાં બાળકો, જો આપણે આ ગતિએ ચાલીએ, તો આ પુસ્તક ત્રણ કે ચાર પાઠોમાં પૂરું કરી શકીશું, અને હવે પછીથી આપણે શું લઈશું તેનો અત્યારથી જ વિચાર કરવો જોઈએ.

'મા', મધુર માતાજી.

અહા! તમારે 'મા' પુસ્તક લેવું છે? સારું, હવે આપણે 'મા' પુસ્તક વાંચીશું. એ નક્કી છે.

શુભ રાત!

૨૮ એપ્રિલ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના 'યોગનાં મૂળતત્ત્વો, પ્રકરણ ૩, અભીપ્સા' ઉપર આધારિત છે.

માતાજી, "તીક્ષ્ણ વિરોધ" એટલે શું ?

તીક્ષ્ણ ? તીક્ષ્ણ શબ્દ આલંકારિક અર્થમાં વપરાયો છે. તીક્ષ્ણનો અર્થ કાંઈક અણીદાર, તમે નથી જાણતા ? અને કદાચ આનો અર્થ હુમલાખોર, અણીદાર વિરોધ, જે પંજાની માફક ઊંડો ઊતરી જાય છે.

આ પ્રશ્નનો પ્રત્યુત્તર મને બહુ સારી રીતે ન સમજાયો: "સાધકોની પ્રકૃતિ અનુસાર જુદા જુદા સાધકોમાં અભીપ્સાની શક્તિ જુદી જુદી હોય છે ?" *

હા, સરસ.

તમે સમજ્યા, મને લાગે છે કે પ્રશ્ન ખોટી રીતે મુકાયો છે. હું માનું છું કે જેણે આ પ્રશ્ન પૂછયો તેને એમ કહેવાની ઇચ્છા હતી, "અભીપ્સાની અસર" અને તેણે શબ્દ મૂકયો "શક્તિ" એટલે કે દરેકમાં અભીપ્સાની શક્તિ એક જ હોય છે પછી તે ગમે તે વ્યક્તિ હોય. પરંતુ આ અભીપ્સાની અસર જુદી જુદી હોય છે. કારણ કે અભીપ્સા એ અભીપ્સા જ છે; જો તમારામાં અભીપ્સા હોય, તો તેનામાં પોતાનામાં જ શક્તિ હોય જ. ફકત, આ અભીપ્સા એક પ્રત્યુત્તર લાવે છે, અને આ પ્રત્યુત્તર, આ અસર, જે અભીપ્સાને લઈને થઈ હોય છે, તે દરેકના ઉપર આધાર રાખે છે, કારણ કે તે તેની ગ્રહણશીલતા ઉપર આધાર રાખે છે. હું આવા ઘણા માણસોને જાણું છું : તેઓ કહે છે, "અરે ! હું તો સમગ્ર સમય અભીપ્સા કરું છું અને છતાં મને કાંઈ મળતું નથી." તેમને કાંઈ પણ મળતું નથી એ અશકય છે, એ અર્થમાં કે પ્રત્યુત્તર ચોક્કસ આવશે જ. પરંતુ તેઓ જ તેને ગ્રહણ કરતા નથી. - પ્રત્યુત્તર તો આવે છે, પણ તેઓ ગ્રહણશીલ નથી માટે જ તેમને કાંઈ મળતું નથી.

---

* શ્રી અરવિંદનો જવાબ : "ના, અભીપ્સા સર્વમાં એક જ પ્રકારની શક્તિ છે; તે ફકત શુદ્ધિમાં, તીવ્રતામાં અને પાત્રમાં જ જુદી હોય છે."

તમે જાણો છો કે કેટલાક એવા માણસો છે જેમનામાં પુષ્કળ અભીપ્સા હોય છે. તેઓ શક્તિને બોલાવે છે, બળ તેમનામાં આવે છે – તેમનામાં ઊંડે ઊંડે ઊતરે છે – પરંતુ તેઓ એવા અચેતન હોય છે કે તેમને તેને વિશે ખબર પણ પડતી નથી. ચોક્કસ આવું વારંવાર બને છે. તેમની અચેતન સ્થિતિ તેમનામાં પ્રવેશતી શક્તિનો અનુભવ કરવાનું અટકાવે છે. તે તેમનામાં પ્રવેશ કરે છે, અને તેનું કાર્ય કરે છે. હું એવા માણસોને જાણું છું જેઓ ધીરે ધીરે રૂપાંતર પામતા હતા છતાં તેઓ એવા અચેતન હતા કે તેમને તે વિશે ભાન પણ નહોતું. ચેતના પછીથી આવે છે – ઘણી વધારે મોડી. બીજી બાજુએ એવા માણસો હોય છે જેઓ બિલકુલ નિષ્ક્રિય હોય, એમ કહીએ – ઘણા ખુલ્લા, ઘણા સાવધાન હોય અને એક જરા જેટલી પણ શક્તિ પ્રવેશ પામે તો તેના વિશે તાત્કાલિક સભાન બની જાય છે અને તેનો પૂરેપૂરો ઉપયોગ કરે છે.

જ્યારે તમારામાં અભીપ્સા આવે, ખૂબ સક્રિય અભીપ્સા, ત્યારે તે અભીપ્સા તેનું કાર્ય કરવાની જ. તમે જે પ્રત્યુત્તરની ઝંખના રાખો, તેને તે નીચે બોલાવી લાવે જ. પરંતુ પછીથી તમે બીજી બધી વસ્તુઓના વિચાર કરો, અથવા તમે સાવધાન કે ગ્રહણશીલ ન રહો, અને તમને ખબર પણ ન પડે કે તમારી અભીપ્સાનો જવાબ આવી ગયો છે, આવું વારંવાર બને છે. એટલા માટે લોકો કહે છે : "હું અભીપ્સા કરું છું પણ મને જવાબ મળતો નથી." હા, તમને જવાબ તો મળેલો છે પણ તમે તેના વિશે સભાન નથી કારણ કે તમે એક સતત ફરતી ઘંટીની માફક સક્રિય હો છો.

માતાજી, પ્રકૃતિની માફક પુરુષ ભૂલો કરતો નથી ?

તેનો આધાર કયું દૃષ્ટિબિંદુ તમે લો છો તેના પર છે.... હું જાણતી નથી !

માતાજી, કોઈની પ્રકૃતિમાં એક ભાગ એવો હોય જે ખુલ્લો ન હોય, તો અભીપ્સા કરવાની એવી કઈ રીત છે, જેથી તે ભાગ ખુલ્લો થાય ?

તમે અભીપ્સા કરી શકો કે તે ભાગ ખુલ્લો થાય. જે ભાગ ખુલ્લો થાય તે બીજા ભાગને ખુલ્લો કરવાની અભીપ્સા કરે. તે થોડા સમય પછી ખુલ્લો થશે; વ્યક્તિએ તેને ચાલુ રાખવું, ખંતપૂર્વક કર્યે જ જવું. ફક્ત એ જ વસ્તુ કરવાની છે. કોઈ એવી વસ્તુ છે જેને તેની જરૂર નથી, ત્યાં એક તીવ્ર વિરોધ, જેને તેની જરૂર નથી લાગતી. તે એક જિદ્દી બાળક જેવું છે. "મારે તેની જરૂર નથી, હું જે છું તે જ રહેવા માગું છું, હું ચસકવા માગતો નથી." તે એમ નહિ કહે કે, "હું

મારી જાતથી ખુશ છું.” કારણ કે તેનામાં હિંમત નથી; પરંતુ સત્ય એ છે કે તેને પૂરેપૂરો આત્મસંતોષ છે, તે જરા પણ ચસકતો નથી.

પરંતુ જ્યારે કોઈને અભીપ્સા કરવાની ઈચ્છા હોય ત્યારે તેણે જાણવું ન જોઈએ કે તે કયો ભાગ છે ?

અહા ! હા, પણ જો કોઈ વ્યક્તિ સચ્ચાઈવાળી હોય તો તે જાણી જશે. જો માણસ પોતાની જાતને સચ્ચાઈથી જુએ તો તે ચોક્કસ જાણી લે છે. જ્યારે વ્યક્તિ ઑસ્ટ્રિચની રમત રમે છે ત્યારે જ તે જાણી શકતો નથી; વ્યક્તિ પોતાની આંખો બંધ કરી દે છે, પોતાનું માથું બીજી બાજુ ઢાળી દે છે, જોતી નથી અને કહે છે, “તેનું અસ્તિત્વ નથી.” પરંતુ જો કોઈ હિંમતપૂર્વક સામનો કરે, તો તે ઘણી સારી રીતે જાણી શકે કે તે છે – કોઈ ખૂણામાં ગુપ્ત રીતે સંતાયેલું, પોતાની અંદર જ મગ્ન, બંધ બારણાંવાળું, ટૂંટિયું વાળેલું, પરંતુ પછીથી તમે જઈને સીધે સીધો તેના પર પ્રકાશ ફેંકો, ત્યારે અરે ! તે એકાએક અંજાઈ જાય છે, ખરું ને ?

માતાજી, ગ્રહણશીલતા કઈ વસ્તુ પર આધાર રાખે છે ?

સૌથી પ્રથમ તો તે દિલની સચ્ચાઈ ઉપર આધાર રાખે છે. વ્યક્તિને ખરેખર ગ્રહણ કરવું છે કે કેમ ? અને બીજું એક .... હા, હું માનું છું કે તેનાં મુખ્ય તત્ત્વો છે હૃદયની સચ્ચાઈ અને નમ્રતા. તમને દંભ જેવી કોઈ વસ્તુ બંધ કરી દેતી નથી. જ્યારે તમે આત્મસંતોષી બનો છો, ત્યારે તમારામાં એક પ્રકારનું મિથ્યાભિમાન આવે છે કે તમારામાં જે ખામી હોય, તમે જે ભૂલો કરો, તમારામાં અપૂર્ણતા હોય, તમારામાં ન્યૂનતા હોય તો તે બધું કબૂલ કરવા તમે તૈયાર નથી. તમારી પ્રકૃતિમાં એવું કાંઈક છે, તમે જાણો છો, કે તે આ રીતે અક્કડ બનતું જાય છે, જેને કબૂલાત કરવી નથી. અને આ વસ્તુ તમને ગ્રહણશીલ બનવામાં બાધારૂપ હોય છે. તમારે આ વસ્તુનો તમારી જાતે પ્રયત્ન કરવો જોઈએ, અનુભવ મેળવવો જોઈએ. જો તમે એકાદ પ્રયત્ન દ્વારા તમારી જાતના એક નાનકડા ભાગને પણ એટલું કબૂલ કરાવી શકો, – “અરે, ખરેખર મારી ભૂલ થઈ, મારે તેવા ન બનવું જોઈએ, મારે તે ન કરવું જોઈએ, અને તેના વિશે લગાડવું ન જોઈએ, હા, તે ભૂલ છે.” જો તમે તેની પાસે કબૂલ કરાવો – મેં પહેલાં કહ્યું તે પ્રમાણે, ત્યારે તે તમને દુઃખી કરવાની શરૂઆત કરે છે, પણ જો તમે મક્કમ રહો, જ્યાં સુધી તેની કબૂલાત થાય ત્યાં સુધી, તો તાત્કાલિક તે ખુલ્લું થાય છે – તે ખુલ્લું બને છે અને નવાઈની રીતે એક પ્રકાશનું પૂર તેમાં ઊતરે છે, અને પછી તમને ખૂબ આનંદ આવે છે. અને તમે એટલા બધા ખુશ થાઓ છો અને તમારી જાતને પૂછો છો, “શા માટે મારી મૂર્ખાઈથી આટલો બધો લાંબો સમય મેં તેનો પ્રતિકાર કર્યો ?”

પરંતુ જ્યારે કોઈ આવી રીતના આત્મસંતોષી હોય, તેમ છતાં તે અભીપ્સા કરી શકે ?

વ્યકિત સમગ્ર એક જ એકમની બનેલી નથી, તે તમે જાણતા નથી ? સ્વરૂપમાં કોઈક ભાગ એવો હોય છે જે અભીપ્સા કરી શકે છે, સ્વરૂપમાં કાયમ એવો ભાગ હોય છે. ન હોય તેના વિશે સચેતન હોય છે કે તેમાં કાંઈક એવું છે જે બરાબર નથી. કેટલીક વખત અસ્પષ્ટ રીતે, અચોક્કસ રીતે અને તેમ છતાં પૂરતું ચેતનાવાળું કે છેવટે, માણસ પૂર્ણ નથી. તમે સમજો, કે વસ્તુઓ હાલ જે પરિસ્થિતિમાં છે તેનાથી વધારે સારી હોઈ શકે – અને આટલું પૂરતું છે ! તે ભાગ અભીપ્સા કરી શકે છે.

પુરુષ અને પ્રકૃતિનું શું કાર્ય છે ?

અહા ! મારે ફરીથી તમને ખ્યાલ આપવો પડશે કે હું જાણતી નથી. (માતાજી નલિની તરફ ફરે છે) નલિની, તું આ સમજાવ. (હાસ્ય) મારા માટે તો હું આમાંનું કાંઈ સમજતી નથી, મારા આંતરિક અનુભવમાં આને લગતો કોઈ અનુભવ નથી, મને આવો કોઈ અનુભવ થયો નથી; પરિણામે, હું તેના વિશે કાંઈ કહી શકું નહીં.

જો માતાજી એમ કહે છે કે માતાજી જાણતાં નથી, તો મારે એમ કહેવું જ પડે કે હું અજ્ઞાની છું ! (હાસ્ય)

ભારતીય વિચારસરણીને સૈદ્ધાંતિક રીતે હું જાણું છું અને તે જાણવા માટે પુસ્તકો વાંચ્યા એ પૂરતું છે – તેને હું જ્ઞાન કહેતી નથી. હું તમારી સાથે એવી વસ્તુઓ વિશે જ વાત કરી શકું જેનો મને અનુભવ હોય. સારું, મારી અંદરની વસ્તુ સાથે આને કોઈ અનુરૂપ નથી. મને એવો અનુભવ થયો નથી. મને સાક્ષી વસ્તુઓ તરફ ટગર ટગર જોતો; એનો સ્પષ્ટ અનુભવ થયેલો છે – દરેક વસ્તુથી પૂરેપૂરો અલિપ્ત જે સર્વજ્ઞ છે અને અચલ છે. જે દરેક વસ્તુને બનવા દે છે અને જે.... મને એક એવી સંકલ્પશકિતનો પણ અનુભવ છે જે નિર્માણ કરે છે. કુદરતી રીતે જ દરેકને એક ગતિ કરતી શકિતનો અનુભવ છે – પ્રકૃતિમાં રહેલી શકિત, તેની તમોગ્રસ્તતામાં, અને આ બધું – દરેકને આ અનુભવ થયેલો છે – પરંતુ આ રીતનું સ્પષ્ટ વિભાગીકરણ કરવું, અને એકને પુરુષ કહેવો, પુલ્લિંગ અને બીજીને પ્રકૃતિ, સ્ત્રીલિંગ, ના, હું તે કરવાને ઈન્કાર કરું છું – મેં તેનો કાયમ વિરોધ કરેલો છે. અને કાયમ તેનો વિરોધ કરીશ. અને એટલા માટે જ તેના માટે ન કહેવાનું હું વધારે પસંદ કરું છું.

મને આ એશિયાની વિચારસરણીનું દષ્ટિબિંદુ લાગે છે અથવા ખાસ કરીને

ભારતીય. મને ખાસ ખબર નથી, કે પછી ખાલ્ડિયાની એક પુરુષ ભગવાનની વિચાર-સરણી : તમે ક્રિશ્ચિયન ભગવાન વિશે જાણો છો મને લાગે છે, (મને માફ કરશો) કે આ પુરુષના માનસમાંથી કાંઈક ભ્રમજનક આવેલું છે. મને આ વિષય માટે એવું લાગે છે. હવે જો તમે મને પૂછયું ન હોત તો મેં તમને આ વિશે કહ્યું જ ન હોત !

માતાજી, તમે સ્પષ્ટ રીતે કહ્યું કે તમને આ અચલ સાક્ષીનો અનુભવ થયો છે, અને તે જ પુરુષ છે !

અહા ! મને ખબર નથી. (હાસ્ય) તમને પસંદ હોય તો તે પુરુષ છે. પરંતુ મને ખાસ કરીને તે પુલ્લિંગ લાગ્યો નથી. તમે સમજ્યા, જે .... હું જેનો વિરોધ કરું છું તે પુરુષ - તત્ત્વ અને સ્ત્રી-તત્ત્વનો. સારું, મને લાગે છે કે તે સાચું નથી. એક તત્ત્વ આ પ્રકારનું છે અને બીજું તે પ્રકારનું (માતાજી પોતાનો હાથ એક બાજુ-એથી બીજી બાજુ ફેરવે છે) એક ક્રિયા આવી છે અને એક પેલા જેવી છે. પણ આ શેતાની વસ્તુ તમારે કેમ જોઈએ છે કે એક પુરુષ છે અને બીજી સ્ત્રી છે ? તે તે પ્રમાણે છે જ નહીં. આ, આ નરનારીનો વહેવાર એ પ્રકૃતિનો ખેલ છે, તેણે અહીં વસ્તુઓની ગોઠવણી એવી કરી છે. તેથી, તમે સમજ્યા ને ? હું તમને કહું છું; જ્યારે એક વસ્તુ ઉપરથી નીચે ત્યાં ઊતરી આવે છે ત્યારે કોઈને પુરુષ કે સ્ત્રીનો ખ્યાલ આવતો નથી અને આવી બધી મૂર્ખાઈનો; જ્યારે તમે નીચે અહીં આવી પહોંચો છો, ત્યારે તે ખરેખર સાચું બનવાની શરૂઆત કરે છે. એટલે તમે તમારી જાતને કહો છો, "બરાબર, આ રીતે પ્રકૃતિએ વસ્તુઓની ગોઠવણી કરેલી છે." સરસ ! પણ હું એમ કહું છું કે આ ખ્યાલો, આ બધી વિચારસરણીઓ જે એક તત્ત્વને પુરુષ બનાવે છે અને બીજાને સ્ત્રીતત્ત્વ – એ ખ્યાલ નિમ્નમાંથી આવેલો છે એટલે કે પુરુષના મગજમાંથી, જે પુરુષ અને સ્ત્રી – સિવાય બીજું વિચારી શકતો જ નથી, કારણ કે તે હજુ પ્રાણી જ છે. એટલે તમે આ સ્થિતિમાં છો. અને મને તેમ લાગે છે – મને કાયમ આવું જ લાગ્યું છે, મને કાયમ આવો જ ભાવ થયેલો છે, તે મેં શરૂઆતથી જ કહેલું છે અને છેક છેવટ સુધી હું એમ જ કહીશ, અને તમારે મને ન સાંભળવી હોય તો તમે તે પ્રમાણે કહી દો, મારી સાથે એના વિશે વાત ન કરો ! (હાસ્ય) બસ એટલું જ.

શુભ રાત.

૫ મે ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના 'યોગનાં મૂળતત્ત્વો' પ્રકરણ ૪, "સચ્ચાઈ" અને પ્રકરણ ૫, 'શ્રદ્ધા" પર આધારિત છે.

પ્રશ્ન : આ માર્ગને મક્કમ રીતે વળગીને જ્યાં સુધી અતિમાનસ સત્યનો સાક્ષાત્કાર થાય ત્યાં સુધી કયા પ્રકારનું સાચું વલણ રાખવું જોઈએ ?
ઉત્તર : એ ચૈતસિક અવસ્થા છે, હૃદયની સચ્ચાઈ છે અને માતાજી પ્રત્યે ભક્તિનું વલણ જોઈએ.

"ચૈતસિક અવસ્થા" એટલે શું ?

ચૈતસિક અવસ્થા ? તેનો અર્થ એ કે પોતાના ચૈત્ય પુરુષ સાથેના સંબંધમાં રહેવું, હું ધારું છું કે પોતાના ચૈત્ય પુરુષથી દોરાવું.

મધુર માતાજી, મને શ્રદ્ધા, ભરોસો અને આત્મવિશ્વાસ વચ્ચેનો તફાવત બરાબર સમજાતો નથી.

પણ શ્રી અરવિંદે તો તેની પૂરેપૂરી સમજૂતી અહીં આપેલી છે. જો તું ન સમજે તો....

તેમણે લખેલું છે કે "શ્રદ્ધા એટલે સમગ્ર સ્વરૂપમાં થતી લાગણી."

સમગ્ર સ્વરૂપ, હા. શ્રદ્ધા, એ સમગ્ર સ્વરૂપ એકીસાથે છે, તેઓ કહે છે કે 'belief – વિશ્વાસ (ભરોસો) એક એવી વસ્તુ છે જે મગજમાં ઉત્પન્ન થાય છે અને શુદ્ધ માનસિક સ્થિતિ છે; અને આત્મશ્રદ્ધા (Confidence) એ તો તદ્દન જુદી જ છે. આત્મશ્રદ્ધા – માણસને જીવનમાં આત્મશ્રદ્ધા હોય. પ્રભુમાં વિશ્વાસ હોય, બીજામાં વિશ્વાસ હોય, પોતાના ભાગ્યમાં વિશ્વાસ હોય, તેમાં વ્યક્તિને એવી લાગણી થાય છે કે તેને દરેક વસ્તુ મદદગાર થશે, અને પોતાને જે કરવાની ઇચ્છા હોય તેમાં પોતાને આત્મવિશ્વાસ છે.

શ્રદ્ધા એટલે કોઈ પણ જાતની સાબિતી વગરની ખાતરી.

માતાજી, શ્રદ્ધાનો આધાર શેના ઉપર હોય છે ?

કદાચ પ્રભુની કૃપા ઉપર. કેટલાક લોકોમાં તે સ્વયંસ્ફુરિત હોય છે અને

બીજા એવા છે જેમને તે મેળવવા માટે મહાન પ્રયત્ન કરવો પડે છે.

શ્રદ્ધામાં કઈ રીતે વધારો થાય ?

હું ધારું છું, અભીપ્સા મારફતે. કેટલાકમાં તે સ્વયંસ્ફુરિત હોય છે. તમે જાણો છો કે જો કોઈને શ્રદ્ધા ન હોય તો પ્રાર્થના કરવી મુશ્કેલ બને છે. પણ જો કોઈ શ્રદ્ધા વધારવા માટે પ્રાર્થનાને સાધનરૂપ બનાવે અથવા શ્રદ્ધા માટે અભીપ્સા કરે. . . . આ બધા ગુણો પ્રયત્ન માગી લે છે. કોઈની પાસે કોઈ વસ્તુ ન હોય અને તેને મેળવવાની ઇચ્છા થાય, તો તેના માટે ઘણા, ઘણા, ઘણા સતત પ્રયત્નો કરવા પડે છે. એક સતત અભીપ્સા, અખૂટ સંકલ્પશક્તિ, દરેક ક્ષણે સચ્ચાઈ, તો માણસને ખાતરી થાય છે કે કોઈક દિવસ તે આવશે – એક ક્ષણમાં પણ આવી શકે છે. કેટલાક લોકોમાં તે હોય છે. અને પછી તેમનામાં ઊલટસૂલટ ગતિઓ આવીને તેમના પર હલ્લો કરે છે. આ લોકોની સંકલ્પશક્તિ જો સચ્ચાઈભરી હશે, તો તેમની શ્રદ્ધાનું તેઓ રક્ષણ કરી શકે છે અને હલ્લાઓને પાછા હઠાવે છે. બીજા કેટલાક એવા હોય છે જે શંકાને ફળવા દે છે કારણ કે એ એક પ્રકારનું પ્રસરણ હોય છે – અને આનાથી વધારે જોખમકારક બીજું કાંઈ હોતું નથી. આ જાણે કે કીડાને ફળમાં રહેવા દેવા જેવું હોય છે : તે કીડો ફળને પૂરેપૂરું ખાઈ જાય છે. એટલે કે આવા પ્રકારની ક્રિયા થાય – આ પ્રથમ મનમાં પ્રવેશ કરે છે – ત્યારે સૌથી પહેલું તો એ કરવું, તેને ખેંચી કાઢીને નકારવું; ચોક્કસ તે સમયે શું બનશે તે જોવા માટેનો આનંદ ન લેવો જોઈએ; એવા પ્રકારની જિજ્ઞાસા ભયંકર જોખમી હોય છે.

જે લોકોમાં સરળ, સચ્ચાઈભર્યું અને નિખાલસ હૃદય હોય છે, અને બૌદ્ધિક જટિલતા હોતી નથી, તેના કરતાં જે બુદ્ધિવાદીઓ હોય છે તેમને માટે કદાચ શ્રદ્ધા રાખવી અઘરી હોય છે. પરંતુ હું ધારું છું કે, બુદ્ધિશાળી માણસને શ્રદ્ધા હોય તો તે વધારે શક્તિશાળી બને છે, ખૂબ શક્તિશાળી વસ્તુ, જે ખરેખર અદ્ભુત કાર્યો કરે.

માતાજી, નિશ્ચયબળ ક્યાંથી આવે છે ?

ઘણે ભાગે જેઓમાં સંકલ્પશક્તિ હોય છે, જેઓ તેને પોતાનાં કાર્યો ઉપર કામ કરવા દે છે તેઓમાં નિશ્ચયાત્મક બળ આવે છે.

જો કોઈને પ્રભુમાં શ્રદ્ધા પણ હોય, અને વિશ્વાસ પણ હોય તો શ્રદ્ધા અને વિશ્વાસ વચ્ચે કયો તફાવત છે ?

શ્રદ્ધા એ વધારે પૂર્ણ છે – એમ શ્રી અરવિંદે લખ્યું છે – વિશ્વાસ કરતાં ઘણું વધારે સંપૂર્ણ – તમે જુઓ, તમને પ્રભુમાં વિશ્વાસ છે, એ અર્થમાં કે તમને ખાતરી છે કે તેના તરફથી જે કાંઈ આવે છે તે તમારા સારામાં સારા માટે છે.

પ્રભુનો જે કંઈ નિર્ણય હોય, અને તે જે કોઈ સંજોગોમાં તમને મૂકે, તે બધું તમારા સારામાં સારા માટે છે આ વિશ્વાસ છે. પણ શ્રદ્ધા – એ એક પ્રકારની પ્રભુના ખાસ અસ્તિત્વની ખાતરી – શ્રદ્ધા તમારા આખાયે સ્વરૂપને પકડી લે છે. તે ફક્ત મનોમય, ચૈતસિક કે પ્રાણમય નથી; તે તમારું આખું યે સ્વરૂપ છે, પૂરેપૂરું, તેને શ્રદ્ધા છે. શ્રદ્ધા સીધેસીધી અનુભૂતિમાં દોરી જાય છે.

વિશ્વાસ સમગ્ર અને સંપૂર્ણ ન હોઈ શકે?

ચોક્કસ નહીં. ઠીક, તેમાં તફાવતની છાયા છે – તેમ છતાં મને ખબર નથી, તે એક જ વસ્તુ નથી.

કોઈએ સંપૂર્ણ રીતે પોતાની જાતને દિવ્ય કર્મમાં અર્પણ કહી દીધી છે, તને તેમાં શ્રદ્ધા છે. પણ શ્રદ્ધા કે તે જ વસ્તુ છે જે સત્ય છે અને તે થવી જ જોઈએ, અને પોતે સમગ્ર રીતે અર્પણ થઈ જાય છે અને કાંઈ પૂછતો પણ નથી કે શું બનશે. તેની અંદર કે તેના ઉપર એક ખાતરીની કલમ ચડે છે, એવી ખાતરી કે તે પોતે તેને સફળ કરી શકશે એટલે કે તેમાં ભાગ લઈને અને તે કરીને – કારણ કે વ્યક્તિએ પોતાની જાતને અર્પણ કરી દીધી છે – એક આત્મશ્રદ્ધા કે પોતે જે કાંઈ કરવાનો છે, પોતાને જે કાંઈ કરવું છે, તે પોતે કરી શકશે; અને આ સિદ્ધિ તેને મેળવવી છે અને તે મેળવશે. પહેલો કોઈ પ્રશ્ન પૂછશે નહીં, પરિણામો શું આવશે તેનો વિચાર પણ થશે નહીં, તે સંપૂર્ણતયા અર્પણ થઈ ગયેલ છે – તે પોતાનું અર્પણ કરે છે અને એટલામાં બધું જ આવી જાય છે. તે એવી વસ્તુ છે કે માણસને પૂરે-પૂરો નિમગ્ન કરી નાખે છે. બીજી વસ્તુની પણ તેના ઉછેરની કલમ કરી શકાય. આત્મ-શ્રદ્ધા કહે છે, "હા, હું ભાગ લઈશ, મારે તે સિદ્ધ કરવાનું છે તે કરીશ, હું આ કાર્યમાં ચોક્કસ ભાગ લઈશ." બીજા માણસો માટે તેને પ્રભુમાં શ્રદ્ધા છે, કે પ્રભુ જ સર્વસ્વ છે, અને સર્વ કરી શકે છે અને સર્વ કરે છે .... અને તે પ્રભુ જ સાચું અસ્તિત્વ છે –અને વ્યક્તિ આ સંપૂર્ણ શ્રદ્ધાને પોતાનું અર્પણ કરે છે, પ્રભુને પસંદ કરે છે, એટલું બસ છે. વ્યક્તિને પ્રભુના અસ્તિત્વમાં શ્રદ્ધા છે અને પોતાની જાતને અર્પણ કરે છે; અને આના ઉપર એક બીજી વિશ્વાસના ઉછેરની કલમ પણ મૂકી શકાય કે પ્રભુ સાથેનો પોતાનો સંબંધ, પ્રભુ પોતાને જે શ્રદ્ધા છે તે એવી રીતે કાર્ય કરશે કે તેના માટે જે કાંઈ બને – પછી તે ગમે તે હો, જે કાંઈ તેના પ્રત્યે બને છે – તે ફક્ત પ્રભુની સંકલ્પશક્તિની અભિવ્યક્તિ હશે જ, એટલું જ નહીં, (એ સમજી જ લેવાનું) પણ જે બની શકે તે સારામાં સારું હશે, કે તેનાથી વધારે સારું બની શકત નહીં, કારણ કે પ્રભુ જ તેના માટે કાર્ય કરી રહેલા છે. આ વલણ કાંઈ શ્રદ્ધાનો જરૂરી ભાગ નથી, કારણ કે શ્રદ્ધા કોઈ વસ્તુનો પ્રશ્ન કરતી નથી,

તેમ તે પૂછતી પણ નથી કે તેના આત્મત્યાગનું શું પરિણામ આવશે – તે પોતાની જાતનું અર્પણ કરી દે છે – એટલું બસ છે; જ્યારે આત્મશ્રદ્ધા આવીને એમ કહે છે, "આ પ્રમાણે જ પરિણામ આવશે." અને આ બિલકુલ હકીકત છે કે જે ક્ષણે વ્યક્તિ પ્રભુને પોતાની જાત સંપૂર્ણ અર્પણ કરી દે છે, કોઈ પણ જાતની ગણતરી કર્યા વિના પૂર્ણ શ્રદ્ધાથી કોઈ પણ જાતના સોદા વગર – પોતે પોતાની જાત સમર્પી દે છે પછી ગમે તે થાય ! "મારે તેની સાથે કાંઈ લેવાદેવા નથી, હું તો મારી જાતનું અર્પણ કરું છું" – કુદરતી રીતે જ તમારા માટે બધા જ સંજોગોમાં, દરેક ક્ષણે સારામાં સારું જ બનશે .... તમે જે રીતે વિચારો તે રીતે નહીં; (સ્વભાવિકંતયા, વિચાર કોઈ વસ્તુ જાણી શકતો જ નથી) પણ હકીકતમાં તમારા માટે સારામાં સારું હશે. ઠીક, સ્વરૂપનો એક ભાગ આ વસ્તુ વિશે સભાન બને છે અને તેને આ આત્મશ્રદ્ધા થાય છે. આ કોઈક વસ્તુ શ્રદ્ધામાં વધારો કરે છે, એક તાકાત આવે છે – હું કયા શબ્દોમાં સમજાવું ? – સમગ્ર સ્વીકૃતિની અને જે બને છે તેનો સારામાં સારો ઉપયોગ.

એક એવી અવસ્થા આવે છે જેમાં વ્યક્તિને લાગે છે કે વસ્તુઓની સંજોગોની, જીવનની ક્રિયાઓની અને કાર્યોની ચેતના ઉપરની અસર, વ્યક્તિ આ બધી વસ્તુઓની સાથે કેવું વલણ રાખે છે તેના ઉપર જ સમગ્ર રીતે આધાર રાખે છે. એક ક્ષણ એવી આવે છે જ્યારે માણસ પૂરતો સભાન થાય છે અને અનુભવે છે કે વસ્તુઓ પોતે ખરેખર સારી પણ નથી હોતી, કે ખરાબ પણ નથી હોતી; તે વસ્તુઓ આપણા સંબંધમાં તેવી લાગે છે, તેમની અસર આપણે તેમના તરફ કેવું વલણ રાખીએ છીએ તેના જ ઉપર પૂરેપૂરી અવલંબે છે. એક જ વસ્તુ, એકની એક જ, જો આપણે તેને ભગવાનની ભેટ તરીકે સ્વીકારીએ, પ્રભુની કૃપા તરીકે, પૂર્ણ દિવ્ય સંવાદના પરિણામ રૂપે, તો તે આપણને વધારે સચેતન, વધારે શક્તિશાળી અને વધારે સાચા બનવામાં મદદરૂપ થાય છે. પરંતુ જો આપણે એવું વલણ લઈએ – બરાબર તે જ પ્રસંગને – ભાગ્ય તરફના ફટકા તરીકે, એક દુષ્ટ શક્તિ આપણને અસર કરે છે તે રીતે, તે આપણને બાંધી દે છે, આપણને દબાવી દે છે, અને આપણામાંથી બધી ચેતના, શક્તિ અને સંવાદને હરિ લે છે, તો તે સંજોગ તો બરાબર તેનો તે જ છે – આ વિશે હું ઇચ્છું છું કે તમને બધાને અનુભવ થાય, કારણ કે જ્યારે તમને તે અનુભવ થશે ત્યારે તમે તમારા પોતાના સ્વામી હશો, અને આ બધું તમે કેવું વલણ લો છો તેના ઉપર આધાર રાખે છે; એ અનુભવ કાંઈ મસ્તકમાં બની આવતો નથી, જો કે તેની શરૂઆત ત્યાંથી થાય છે, પણ તે અનુભવ તમારા ખુદ શરીરમાં પણ બની શકે છે. એટલો બધો કે, એ સાક્ષાત્કાર સ્વાભાવિક રીતે જ ખૂબ કાર્ય, એકાગ્રતા, આત્મનિર્ભરતા અને જડતત્ત્વમાં પ્રવેશેલી ચેતના માગી લે

છે; પણ તેના પરિણામે એ રીતે શરીરને જે રીતે બહારથી આઘાત ગ્રહણ કરવાના હોય છે તેની અસર જુદી જુદી પણ થાય. હું આશા રાખું છું કે, આ બનશે – એ શકય છે. તે ફકત શકય છે એટલું જ નહિ તે ચોકકસ છે. ફકત તે એક અગત્યનું પગલું છે એટલે કે તમારી પાસે જે આ શકિત છે – હાલમાં જ પૂરેપૂરી અને અજબ રીતની, મનમાં સાક્ષાત્કાર પામેલી – આ શકિત જે તમારા સંજોગોને પૂરેપૂરા ફેરવી નાખી શકે એટલી હદ સુધી કે તમારાં કાર્યોમાં પણ બદલાઈ જાય. તે શકિત જડતત્ત્વમાં પણ ઊતરી શકે છે, સ્થૂલ તત્ત્વમાં પોતાનામાં, શરીરના કોષોમાં. અને આજુબાજુ જે વસ્તુઓ હોય તેના સંબંધમાં શરીરને પણ એટલી શકિત આપી શકે.

આ એક શ્રદ્ધા નથી, એ એક ખાતરી છે જે અનુભવમાંથી આવે છે.

અનુભવ સમગ્ર નથી, પણ તે ત્યાં ચોક્કસ છે.

આ તમારા માટે નવી ક્ષિતિજો ખોલે છે; એ એકમાત્ર તમારો માર્ગ છે, એ એક રૂપાંતર તરફ દોરી જનાર માર્ગ પરનું એક પગલું છે.

અને તાર્કિક ઉપસંહાર છે કે કોઈ પણ વસ્તુ અશકય નથી. આપણે પોતે જ મર્યાદાઓ મૂકીએ છીએ. દરેક સમયે આપણે કહીએ છીએ, "તે વસ્તુ શકય છે, બીજી અશકય. આ વસ્તુ, હા, થઈ શકે, તે વસ્તુ ન થઈ શકે, પેલી થઈ શકી પણ પેલી તો અશકય." આપણે પોતે જ આપણી જાતને કાયમ આપણી મર્યાદાના કારાગારમાં ગુલામો તરીકે નાખીએ છીએ અને આપણી મૂર્ખ સંકુચિત અને અજ્ઞાન ઈન્દ્રિયો જીવનના ધર્મોને જાણતી પણ નથી. તમે વિચારો કે સૌથી બુદ્ધિશાળી માણસો ઘોર એવા જીવનના ધર્મો બિલકુલ નથી. તે બિલકુલ ભિન્ન છે. એક ડગલું ભરીને, ખાસ કરીને આ માર્ગે ફકત એક ડગ ભરીને .... વ્યકિત શોધવાની શરૂઆત કરે છે. માતાજી, અહીં લખ્યું છે :

"પ્રશ્ન : પ્રભુ પાસે અને બીજાઓ પાસે પોતાની નબળાઈઓ અને ક્ષતિઓની કબૂલાત કરવી એ સચ્ચાઈની નિશાની છે ?

"ઉત્તર : શા માટે બીજાઓ તરફ ? વ્યકિતએ પ્રભુ પાસે કબૂલ કરવાની છે.

"પ્રશ્ન : પણ જો કોઈ માણસ બીજાનું અહિત કરે તો એ જરૂરી નથી કે તેની સમક્ષ કબૂલ કરવું ? પ્રભુ પાસે કબૂલ કરવું એટલું જ બસ છે ?

"ઉત્તર : જો એ બીજા માણસોને અસર કરતું હોય તો કરી શકાય."

તે નિર્દોષ છે. તમને જો એ આનંદ આપે તો તમે કરી શકો છો ! મૂળભૂત રીતે જો તમને તે શાંતિ આપે અને પ્રગતિ કરવા દે, જો તમને લાગે કે તમારી

પ્રગતિ માટે તમારે કરવું જ જોઈએ તો તે ઘણું સારું છે.

મધુર માતાજી, એવું બની શકે કે માણસ ઘણો દંભી હોય પણ તેના દંભ વિશે તે સભાન ન હોય ?

મને લાગે છે કે, આવા દૃષ્ટાંતમાં તે હવે દંભી જ નથી પણ દુષ્ટ છે; કારણ કે જો વ્યકિત જાણે કે તે દંભી છે અને તેના દંભમાં આગળ ચાલ્યે જાય છે તો તે દુષ્ટતા છે, ખરું ને ? તેનો અર્થ એ છે કે તે વ્યકિતમાં ખરાબ હેતુઓ છે. નહિ તો શા માટે તે તેનો દંભ ચાલુ રાખે ?

મેં કહ્યું : જો તે અચેતન હોય તો.

તો પછી માણસ કઈ રીતે સચેતન અને અચેતન એકીસાથે રહી શકે ? આ વસ્તુ જ અશકય છે. જો કોઈને પોતાના દંભ વિશે ભાન હોય, તો તે તેના વિશે અભાન ન હોઈ શકે. તે અશકય છે. બન્ને વસ્તુ એકીસાથે હસ્તી ધરાવી ન શકે.

પણ કોઈ દંભી હોય અને તેને ખબર પણ ન હોય કે કયાં તેનો દંભ છુપાયેલો છે તો ?

અહા ! માણસો જાણતા નથી.... તેનો અર્થ કે તે પૂરતો સચ્ચાઈવાળો નથી અને પોતાનું બરાબર નિરીક્ષણ કરતો નથી, કારણ કે હું તમને ખાતરી આપું છું કે જો તમે તમારામાં દંભ છે એવું તમને ભાન હોય, તો તમે તેને જાણો છો કે તે કયાં છે. નહિ તો તમને તમારા દંભ વિશે ભાન ન થાય. દા.ત. કોઈ પ્રસંગમાં વ્યકિત જાણે કે તેણે આ પ્રમાણે કરવું જોઈએ. "મારે આ કરવું જોઈએ." અને તે જ વખતે તેને તેમ કરવાની ઇચ્છા ન હોય ! અને પછી, પોતાની અંદર વ્યકિત બહાનું શોધી કાઢે છે, એક પ્રકારની પોતાની જાત સાથેની છેતરપિંડી તે કરતો નથી કારણ કે તેને તેમ કરવું નથી – અને અહા, અને આ તો વારંવાર બને છે ! (હાસ્ય) અને પછી તે ક્ષણે, જ્યારે તમે આ નાનકડું આંતરિક કાર્ય કરતા હો છો ત્યારે, તમારે જે ન કરવું હોય, તે ન કરવા માટેનું બહાનું શોધવાનું કાર્ય, અને જો તમે તે ક્ષણે સભાન બનો કે તમે દંભ કરો છો અને તેમ છતાં તમે તે પ્રમાણે કરવાનું ચાલુ રાખો, તો એનો અર્થ એ કે તમે વિકૃત છો. જો તમે મને પૂછો તો આ વસ્તુને હું દુષ્ટ, અધમ કહું છું પણ તમને ભાન થાય કે તમે દંભી છો ત્યારે તમે કઈ રીતે કહી શકો કે, "હું મારા દંભ વિશે અભાન છું...." સોમાંથી નેવું વખત માણસ જાણ્યા વગર તે પ્રમાણે કરે છે. અને તે જ દુઃખી અવસ્થા છે. બાબત એ છે કે, માણસ પોતાની જાતને એટલી સિફતથી છેતરે છે, માણસને જે ન કરવું હોય તેના માટે એવી સુંદર તરકીબો શોધી કાઢે છે અથવા એનાથી

ઊલટ પક્ષે : માણસ જ્યારે બરાબર જાણે છે કે જે ન કરવું જોઈએ અને તે કરવાની તેને ઇચ્છા હોય તો તેને કરવા માટે પણ — આમ જ બને છે. એટલે તમે તમારી જાતને સારાં કારણો બતાવો છો અને એ દુઃખદાયક છે કે, મેં કહ્યું તે પ્રમાણે ઘણાખરા માણસો એટલા બધા અચેતન હોય છે કે તેઓ સમજ્યા વગર આમ કરે છે. તેઓ માને છે કે, તેઓ ઘણા સચ્ચાઈવાળા હોય છે. "નહીં, સાચા હૃદયથી કહું છું કે મેં તેમ કરવાનું વિચાર્યું હતું. — આ રીતે, બિલકુલ નિર્દોષતાથી. કારણ કે તેઓ સચ્ચાઈવાળા નથી, નહિ કે તેઓ બિલકુલ અચેતન છે. પણ જો કોઈ થોડાઘણા પણ અંદર શું ચાલી રહ્યું છે તેના વિશે સચેતન બને તો, પોતે જે નાની રમત રમી ગયા તેનું સાચું દર્શન થાય છે. અને કઈ રીતે પોતે શોધી કાઢ્યું — કેટલી હોશિયારીથી તેઓ બહાનાને શોધી બહાર કાઢતા હતા, પોતાને જે કરવાની ઇચ્છા હતી, તે કરવાના સુંદર બહાનાને. તેમ છતાં વ્યક્તિ બરાબર જાણે છે કે તેણે તેમ ન કરવું જોઈએ. આ બે વસ્તુઓ છે તમે સમજ્યા ! એક અચેતનતા અને બિનસચ્ચાઈ વચ્ચેની રમત અને બીજી વખત બિનસચ્ચાઈ અને અચેતનતાની રમત — આમ બન્ને વચ્ચે રમત ચાલ્યા કરે છે. પરંતુ તમે મને એમ કહો કે હું મારી બિનસચ્ચાઈ માટે સચેતન છું તો તે ક્ષણે જ આ વસ્તુ તમારી સામે આવીને ઊભી રહેશે કે તમે તમોગ્રસ્તતામાં રહેવાનું નક્કી કર્યું છે કે તમારે પ્રગતિ કરવી છે? ત્યાં આ પ્રશ્ન આવીને ઊભો રહે છે. જો તમારા દંભ વિશે તમે સભાન હો તો તમારે એક જ વસ્તુ કરવાની છે : તમારે એક લાલચોળ ગરમ લોઢું તેના ઉપર મૂકવાનું, તમારી જાતને સચ્ચાઈપૂર્વકની બનાવવા તે પ્રકારનો અનુભવ લેવો જોઈએ; તમારે ગરમ લાલચોળ લોખંડ લેવું જ જોઈએ; તે સરસ બાળે છે, અને પછી... છમ્મ.... આ રીત છે.

થોડો વખત તે બળતરા આપે છે પણ પછીથી માણસ શાંતિમાં રહે છે.

મધુર માતાજી, તમે લખ્યું છે : "સચ્ચાઈ દિવ્ય દ્વારોની ચાવી છે" આનો અર્થ શો ?

એ સાહિત્યની કલ્પના છે, મારા બાળક, એક કલ્પના, એક અલંકાર, સત્ય વસ્તુને રજૂ કરવાને માટે સાહિત્યની ભાષા કે સચ્ચાઈથી દરેક વસ્તુ પ્રાપ્ત થાય છે. પ્રભુ પણ. જો કોઈને બારણું ખોલવું હોય તો ચાવીની જરૂર પડે, ખરું ને ? સારું, તમને અને પ્રભુને છૂટા પાડનારા બારણા માટે, સચ્ચાઈ ચાવી તરીકેનું કાર્ય કરે છે, અને બારણું ખોલી આપે છે, અને તમને દર્શન કરાવે છે, બસ એટલું જ.

શુભ રાત.

૧૨ મે ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના 'યોગનાં મુળતત્ત્વો' પ્રકરણ-૬, 'સમર્પણ' ઉપર આધારિત છે.

પ્રશ્ન : મા ભગવતીની કૃપાના કાર્યને પુરુષ સંમતિની મહોર ન મારે તો બીજાં સ્વરૂપોને રૂપાંતર કરવા માટે તેની કૃપાને ગ્રહણ કરતા અથવા અનુભવતા તે અટકાવે છે ?

ઉત્તર : ના, પુરુષ ઘણી વખત પાછળ રહે છે, અને બીજાં સ્વરૂપોની તેની જગ્યાએ. સંમતિ આપવા અથવા અનુભવવા સંમતિ આપે છે.''

તે પુરુષ માટે ખરેખર શું સમજે છે ? .... અહંકાર ?

(નલિની) ના, તે સચેતન સ્વરૂપ છે. એક સત્ છે અને સંભવત્, સચેતન સતૂતા પુરુષ છે. પ્રકૃતિ સંભવત્,

તો પછી દરેક આંતરિક સ્વરૂપને તેનો પુરુષ હોય છે ? કે પછી બધાં સ્વરૂપોમાં એક જ પુરુષ હોય છે ?

(નલિની) સ્વરૂપના દરેક ભાગમાં, એટલે કે એક પ્રાણમય પુરુષ છે, એક મનોમય પુરુષ, એક શારીરિક ....

આપણે તેને ચેતના કહીએ છીએ ?

હા. સચેતન સ્વરૂપ.

સચેતન સ્વરૂપ તેના સાતત્યમાં ?

હા.

પણ અંદરનું સચેતન સ્વરૂપ મંજૂરી ન આપે તો માણસ કઈ રીતે સાધના કરે, કારણ મને એ લાગે છે કે આ સ્વરૂપે જ શરૂઆત કરવાનો નિર્ણય કરવો જોઈએ.

હા.

(બાળકોને) હું તમને પ્રશ્નો પૂછું છું !

(બાળક) મધુર માતાજી, નીચેનો પ્રશ્ન અહીં પુછાયો છે : એવી કઈ નિશાની છે જે એમ દર્શાવે કે પ્રભુને સમર્પણ કરવાનો સાધકનો નિર્ણય તેના જીવનમાં કાર્યદક્ષ રીતે અસર કરે ? અને શ્રી અરવિંદ ઉત્તર આપે છે : એ નિશાની કે તેનામાં પૂરેપૂરી આજ્ઞાધીનતા હોય, જેમાં કોઈ પ્રશ્ન ન હોય, બંડ ન હોય, અથવા માગણી ન હોય અથવા શરત ન હોય અને તે દિવ્ય અસરોને પ્રત્યુત્તર વાળે છે અને પ્રભુ તરફ જે કાંઈ ન આવતું હોય તે સર્વનો ઈન્કાર કરે છે.''

આ ત્યાગનું સમર્પણ નથી ?

ત્યાગનું ? તમે ત્યાગનું કહીને શું કહેવા માગો છો ?

નિષ્ક્રિય !

તમે શું કહેવા માગો છો તે હું જાણતી નથી. તે એવી નિશાનીની માગણી કરે છે જે દર્શાવે કે તેનું સમર્પણ પૂર્ણ છે. તેમાં સક્રિય કે નિષ્ક્રિય સમર્પણનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તે કહે છે કે સમર્પણનો નિશ્ચય કેટલાંક પરિણામો લાવે છે. પહેલું પરિણામ એ કે, કોઈ પણ જાતના પ્રશ્ન વગરની આજ્ઞાધિનતા. અને બીજું પ્રભુના સિવાયની બીજી બધી અસરોમાંથી મુક્ત થવાની શક્તિ. આ ઘણાં મહાન પરિણામો છે. જ્યારે વ્યક્તિ આ વસ્તુઓને પ્રાપ્ત કરે છે, ત્યારે તેણે ઘણી પ્રગતિ સાધી હોય છે.

તમને પ્રભુ તરફથી આવતી અસર અને બીજી બાજુએથી આવતી અસર વચ્ચેનો ભેદ કેમ જાણવો તે ખબર છે ?.... જ્યારે તમારામાં કોઈ પ્રેરણા આવે ત્યારે તમે કહી શકશો કે તે પ્રભુમાંથી આવે છે અથવા બીજી કોઈ જગ્યાએથી ?

અલ્પાંશ.

અલ્પાંશ ! અહો ! તે સારું છે, અને અમને કહો કે કેમ અને કેવી રીતે ?... આ ખરેખર રસપ્રદ છે.

કેટલીક વખત, જ્યારે હું સવારમાં અથવા બપોરે ઊઠું છું ત્યારે મને કોઈક વસ્તુ એમ કહેતી હોય તેમ લાગે છે; "સમય પસાર થઈ રહ્યો છે, તારે ઉતાવળ કરવી જોઈએ."

અને પછી ?.... કોઈ ?.... તેનો અર્થ એવો કે કોઈ વ્યક્તિ મને કહે છે : "જલ્દી ઊઠ અને ઝડપથી તારે કામે લાગી જા ?"

ના, કોઈ માણસ નહિ.

કોઈ અસર ?

હા.

તને ખબર છે કે તે અસર કયાંથી આવે છે? તું જાણે છે કે તે કયાંથી આવે છે?

તે ખરાબ નથી. હું માનું છું કે તે અનિષ્ટ અસર નથી, એટલે તે પ્રભુ તરફથી આવે છે.

અહો! આ તો તારી પોતાની સમજૂતી છે, દા.ત. જો કોઈ તારા મગજમાં રચના થયેલી હોય, કોઈ વિચાર કે તારે આળસુ ન બનવું જોઈએ અને કાર્ય કરવું જોઈએ – તારે સમયપાલન કરવું જોઈએ અને ઊંઘવામાં સમય બરબાદ ન કરવો જોઈએ – તો આ વિચાર કે રચના જાગૃતિ વખતે ઉપર આવે છે એવી અસર કરે છે (કારણ કે તારા મગજનો એ એક ભાગ છે અને તે જાગ્રત રહેલો છે) જાણે કે અસર કહેતી હોય, "ઉતાવળ કર, ચાલો જઈએ, જા અને કામ કર, આળસુ ન બન!" પણ કદાચ તારો પોતાનો એક ભાગ બીજા ભાગ પર કાર્ય કરવા પ્રયત્ન કરતો હોય, અથવા તો તારે વર્ગમાં જવાનું હોય અથવા કોઈ કામ કોઈની સાથે કરવાનું હોય, ત્યારે તે માણસનો આ વિચાર સક્રિય હોય અને તે કહેતો હોય: "તે કદાચ હજુ ઊંઘતી હોય અને મોડી નહિ પડે?" – એટલું જ બસ છે. એટલે આ કદાચ એવી વસ્તુ છે જેને સારી બાજુ છે અને તમારી ક્રિયાઓ ઉપર એક દેખરેખ હોય, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રભુ તરફથી જ તે વસ્તુ ખરેખર આવે છે. કોઈ પણ વસ્તુ પ્રભુ તરફથી આવે છે એવો નિર્ણય લેવો કારણ કે તે તમને સારી વસ્તુ લાગે છે, એ તમને ગંભીર ભૂલો તરફ કદાચ દોરી જાય.

આ રીતે વસ્તુઓ વિશે લાગણી ન સેવવી જોઈએ. આ રીતે ચેતનાનું દર્શન કરી શકતા નથી, આ રીતે નહીં. એ ત્યારે આવે છે, જ્યારે વ્યકિતમાં ખૂબ મુલાયમપણું અને સંસ્કારી લાગણીશીલતા આવે અને આવેલા આંદોલનની સ્પષ્ટ કિંમત આંકી શકે; બધાં જ આંદોલનો જે બાહ્ય રીતની ક્રિયાઓમાંથી આવે છે, પછી તે માનસિક હોય, પ્રાણિક હોય કે શારીરિક હોય, અથવા ભલે તે ચૈતસિક હોય, તેમનો એક ખાસ ગુણ હોય છે, પણ જે પ્રભુની અસરમાંથી આવે છે એ બિલકુલ જુદા જ પ્રકારનું અને જુદા સ્વભાવનું જ હોય છે.

આ વસ્તુનો ભેદ પારખવા માટે માણસે બન્નેની અસર અનુભવેલી હોવી જોઈએ; અને ભલે વ્યકિતએ બન્નેની અસર અનુભવેલી હોય છતાં વ્યકિતએ ખૂબ શાંત, ખૂબ ધ્યાનયુકત, ખરેખર ખૂબ અંતરમાં સ્થિર રહેવું જોઈએ; જેથી કરીને

બન્નેનો ભેદ પરખી શકાય. અને ભૂલ થાય નહીં. જો તમારો સક્રિય વિચાર વચ્ચે પડે તો ખેલ ખલાસ; તમે બન્નેનો ભેદ સ્પષ્ટ રીતે પારખી શકો નહીં; તમે પ્રશ્નો પૂછવાની શરૂઆત કરો અને પછી તમે તમારા સારા-ખરાબ ખ્યાલોનો ઉપયોગ કરો છો અને નિર્ણય કરો છો કે આ વસ્તુ પ્રભુ પાસેથી આવી છે કે પ્રભુ પાસેથી નથી આવી. આ તો મૂર્ખાઈ છે. આ જાણવું અશકય છે.

કોઈને આવો દ્વિવિધ અનુભવ થયો હોય, અને તે બન્નેનો ભેદ પારખે. તેમ છતાં કેટલીક સાવચેતીઓ રાખવાની છે. અને નજર રાખવાની છે કે જેથી ભૂલમાં ન રહેવાય. ફકત જ્યારે કોઈએ ચૈત્ય પુરુષનાં દ્વાર વિશાળ રીતે ખુલ્લાં કરેલાં હોય, તેમાં સચેતન પ્રવેશ કરેલો હોય અને તેણે સમગ્ર રીતે, સંપૂર્ણ અને પૂરેપૂરો પ્રભુની સાથે સંપર્ક સાધેલો હોય, જ્યારે કોઈને એમ લાગે છે તેને નવજન્મ મળેલો છે, જ્યારે તે જુદી જ વ્યકિત બનેલી હોય, ત્યારે. હવે પછી તેની પહેલાંની જેવાની રીત રહી નથી, પહેલાં જે રીતની લાગણી થતી હતી તે રીતની થતી નથી – ત્યારે વ્યકિતને આંતરિક રીતે, ઊંડાણથી અને સંપૂર્ણ રીતે ખબર પડે છે કે દિવ્યજીવન શું છે. અને પછીથી પણ જો દ્વાર બંધ થઈ જાય, તો વ્યકિત ચોક્કસ રીતે તેને સ્મૃતિમાં રાખી શકે. અને આ રીતે તેને જોઈ શકાય છે. તેમાં ભૂલ કરવી અશકય છે, તે સાવ જુદું જ છે તેની કોઈની સાથે સરખામણી ન થઈ શકે – તે અજોડ અને નિરપેક્ષ છે એટલા માટે મેં તમને પૂછેલું, "તમે તફાવત કરી શકો છો ?" કારણ કે તમારામાંના કોઈને પણ અનુભવ થયો હોય, તો તેને આ રીતે ખબર પડે છે કે પ્રભુ તરફથી શું આવે છે, અને જો તે નિરપેક્ષ રીતે જાણે કે પ્રભુ તરફથી શું આવે છે, તો તે પ્રભુ તરફથી કાંઈ પણ નથી આવતું તેને પણ અનિવાર્ય રીતે જાણે છે. એટલે મેં તમને ત્યાં પ્રશ્ન પૂછેલો, કારણ કે મને ખૂબ આનંદ થયો હોત જો તમારામાંના એક પણ સચ્ચાઈથી કહી શકે, "મને અનુભવ ચોક્કસ થયો છે અને હું જાણું છું." પણ આ અનુભવ થયા પછીથી જ માણસ જાણી શકે છે, પહેલાંથી નહીં. તેથી જો કોઈને સચ્ચાઈપૂર્વક પ્રગતિ કરવી હોય તો દરેક પગલે તમારે તપાસ કરવી જોઈએ કે તમારામાં અસર કયાથી આવે છે. "આ સૂચન મને કોણે આપેલું છે ? મારા પોતાના કયા ભાગે ? તે બાહ્ય અસર છે ? તે પ્રભુ તરફથી આવેલું છે ? "

પરંતુ આ અનુભવ લેતાં પહેલાં પોતાની જાતનો નિર્ણય બાંધવા માટે માણસ શકિતમાન નથી. સ્વાભાવિક રીતે જ કોઈનું સમર્પણ સાચેસાચ હૃદયપૂર્વકનું હોય અને તેના સ્વરૂપમાં પ્રભુ પ્રત્યેનું આ પ્રકારનું વલણ સતત રહેલું હોય, તો પ્રભુ પ્રત્યે તેનો આત્મત્યાગ સંપૂર્ણ હોય, "તારી ઈચ્છા સિદ્ધ થાવ." તો આ રીતે વ્યકિત જાણ્યા સિવાય, સમજ્યા સિવાય, સહજ સ્ફુરણાથી જે વસ્તુને કરવાની હોય તેને જ પસંદ કરી શકશે. અને જે વસ્તુને પસંદ કરવાની નથી તેનો તે ઈન્કાર

કરશે. પરંતુ આ વસ્તુ સહજ પ્રેરણાથી બની જાય છે, એક પ્રકારની સ્વાભાવિક ક્રિયા બને છે, તમારું સમર્પણ પૂરેપૂરું હોય તો. અને સમર્પણનો આ એક ખાસ ફાયદો છે, કારણ કે તમને જ્ઞાન થાય તે પહેલાં તમે સાચી વસ્તુને સહજતાથી કરી શકો છો.

પરંતુ અહીં શ્રી અરવિંદ કહે છે તે પ્રમાણે, તમે સમજી શકો છો કે, માણસે પૂરેપૂરી આજ્ઞાધીનતાની અવસ્થામાં રહેવું જોઈએ, જેમાં પ્રશ્ન ન હોય, જેમાં ચર્ચા ન હોય, અને સાહજિક રીતે આજ્ઞાધીનતા હોય. અને જે પ્રમાણે તેને માર્ગદર્શન મળે, તે જ પ્રમાણે સાચી રીતે કાર્ય કરે. તમારા વિચારમાં કે, તમારા પ્રાણમાં કોઈ વસ્તુએ બળવો કરવો ન જોઈએ, અથવા વિરોધ કે પ્રશ્ન કે પોતે સાચા છે તેવું ઠસાવવાનો પ્રયત્ન કરવો ન જોઈએ. તેમ જ પોતાની જાતને સાચી સાબિત કરવાની વૃત્તિ ન હોવી જોઈએ (કેટલીક વખત પ્રભુ પ્રત્યે પણ) પોતે સાચા છે અને પોતે સાચી જ વસ્તુ કરેલી છે – તેવું સાબિત કરવા પ્રયત્ન ન કરવો જોઈએ. આ બધું જ નીકળી જવું જોઈએ.

મૂળભૂત રીતે જે કોઈ રસ્તાને માણસ અનુસરે - પછી તે રસ્તો સમર્પણનો હોય, નિવેદનનો હોય, અર્પણનો હોય કે જ્ઞાનનો હોય. જો વ્યક્તિએ તેને પૂર્ણ કરવો હોય તો, તે એટલો જ કઠિન છે. તેમાં ફક્ત એક જ રસ્તો છે, એક જ, હું ફક્ત એક જ જાણું છું : અને તે છે પૂર્ણ સચ્ચાઈનો, પરંતુ પૂરેપૂરી હૃદયની સચ્ચાઈ !

તમે જાણો છો કે પૂર્ણ સચ્ચાઈ શું છે ?....

પોતાની જાતને છેતરવા માટે કોઈ પ્રયત્ન ન કરવો, પણ તમારા સ્વરૂપના કોઈ પણ ભાગને બીજાને સમજાવી દેવાની રીત શોધી કાઢવા માટે રજા ન આપવી, પોતાને જે કરવું હોય તે કરવા માટે બીજાને સાનુકૂળતાથી સમજાવવા માટે બહાનું તૈયાર ન રાખવું, જ્યારે કોઈ વસ્તુ અણગમતી બને ત્યારે પોતાની આંખોને બંધ ન રાખવી, કોઈ પણ વસ્તુને એવી રીતે ધ્યાન બહાર ન જવા દેવી, એમ કહીને કે, "આ કાંઈ બહુ અગત્યનું નથી, હવે પછીના સમયે તે વધારે સારું થશે."

અરે ! તે ઘણું મુશ્કેલ છે. તમે ફક્ત એક કલાક પ્રયત્ન કરી જુઓ અને તમે જોશો કે તે કેટલું કઠિન છે. ફક્ત એક કલાક તમારે પૂરેપૂરો સમગ્ર રીતે દિલમાં સચ્ચાઈ રાખવાની. કોઈ પણ વસ્તુને તમારી આંખ તળેથી પસાર ન થવા દેવી. એટલે કે વ્યક્તિ જે કાંઈ કરે, જે કાંઈ અનુભવે, જે કાંઈ વિચારે, જે કોઈ વસ્તુની માગણી કરે તે કેવળ પ્રભુ જ છે, બીજું નહીં.

"મારે પ્રભુ સિવાય કાંઈ પણ જોઈતું નથી. હું પ્રભુ સિવાય કાંઈ પણ વિચાર

કરતો નથી; જે પ્રભુ પ્રત્યે મને દોરી જશે તેના સિવાય હું કાંઈ કરીશ નહીં અને પ્રભુ સિવાય હું કોઈને ચાહીશ નહીં."

પ્રયત્ન કરો – યત્ન કરો, ફકત જુઓ, અર્ધો કલાક પ્રયત્ન કરો, અને તમે જોશો કે આ કેટલું કઠિન છે ! અને એ સમય દરમિયાન, ખાસ સંભાળ રાખશો કે પ્રાણનો, મનનો કે શારીરિક સ્વરૂપનો કોઈ પણ ભાગ ગુપ્ત રીતે, પાછળના ભાગમાં સંતાયેલો નથી ને. — જેથી કરીને તમે તેને જોઈ ન શકો. (માતાજી પોતાની પીઠ પાછળ પોતાના હાથ સંતાડી દે છે) અને તે ભાગ જે સહકાર આપ્યા વગર શાંતિથી ત્યાં બેસી રહ્યો છે જેથી તમે તેને બહાર ન કાઢો તે તમારા ધ્યાન બહાર જતો નથી ને ? તે કાંઈ કહેતો નથી પણ તે પરિવર્તન પામતો નથી. તે પોતાની જાતને ગુપ્ત રાખે છે. આવા કેટલા બધા ભાગો છે ? કેટલા બધા ભાગો પોતાની જાતને સંતાડી રાખે છે ? તમે તે બધાને ખીસામાં સંતાડી રાખો છો, કારણ કે તમારે તેને જોવા નથી અથવા તે તમારી પીઠ પાછળ ચાલ્યા જાય છે અને સારી રીતે સંતાયેલા રહે છે, તમારી પીઠની બરાબર મધ્ય ભાગમાં, જેથી કરીને તેઓ દષ્ટિમાં ન આવી જાય. જ્યારે તમે તમારી બેટરી લઈને જાઓ – તમારી સચ્ચાઈની બેટરી – ત્યારે તમે બધા ખૂણાઓ શોધી વળો છો, દરેક જગ્યાએ, બધા જ નાના ખાંચાઓ જે સંમત થતા નથી, તે વસ્તુઓ જે કહે છે "ના" અથવા તો જે બિલકુલ ચસકતી નથી. "હું બિલકુલ ખસીશ નહીં, હું મારી પોતાની જગાએ ચીટકાઈ બેસી જઉં છું અને મને કોઈ ખસેડી શકશે નહીં." .... તમારી પાસે તમારી બેટરી હોય છે અને તમે તે વસ્તુ પર પ્રકાશ નાખો છો, દરેક વસ્તુ પર તમે જોશો કે ત્યાં ઘણા બધા છે, તમારી પીઠ પાછળ સારી રીતે ચીટકેલા.

પ્રયત્ન કરો, ફકત એક કલાક માટે પ્રયત્ન કરો !

હવે વધારે પ્રશ્નો નથી ને ?

કોઈને કાંઈ કહેવાનું નથી ને ?

તો પછી, Au revoir, મારાં બાળકો !

૧૯ મે ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક 'યોગનાં મૂળતત્ત્વો' પ્રકરણ ૭, 'પ્રેમ' પર આધારિત છે.

પ્રભુ માટે એક શુદ્ધ આસક્તિ હોય છે અને શુદ્ધ પ્રેમ હોય છે. તેમાં શો ભેદ ?

તમે તમારા શબ્દોનો શો અર્થ આપો છો તેના પર તેનો આધાર છે. તમે કોને આસક્તિ કહો છો તેના પર આધાર છે. મને ખબર નથી પણ ઘણે ભાગે કાંઈક અંગત, અને બાહ્ય વસ્તુ છે અને થોડી ઉપરછલ્લી. આ બધાનો આધાર તમે તમારા શબ્દોનો શો અર્થ આપો છો તેના પર છે. ઘણે ભાગે જ્યારે કોઈ કહે છે, "અરે, મને તેના પર ખૂબ આસક્તિ છે." તેનો અર્થ એ છે કે તેને સારી લાગણીઓ છે, એક પ્રકારની મિત્રાચારી, પણ તેમાં બહુ ઊંડાણ હોતું નથી; પણ માણસ તેને વધારે ઊંડા અર્થમાં પણ વાપરી શકે છે. શબ્દો વચ્ચેનો ભેદ પારખવો ઘણો અઘરો છે, સિવાય કે માણસે પોતાના શબ્દકોશની ખૂબ ચોકસાઈપૂર્વકની વ્યાખ્યા આપી હોય. બોલતી વખતે જ્યારે માણસને કાંઈક કહેવું હોય, જો તમે કોઈ વિચારમાં, દર્શનમાં, જ્ઞાનમાં એક પ્રકારની તીવ્રતાવાળા શબ્દો મૂકો તો જ તે જ શબ્દોની સાથે શબ્દોની આત્માવસ્થાની ભૂમિકાને તમે પ્રાપ્ત કરી શકો છો. પરંતુ જો શબ્દોને ફક્ત બુદ્ધિથી વાપરવામાં આવે અને મરજી મુજબ, તો તેમનો ઉપયોગ કરતાં પહેલાં માણસે કહેવું જોઈએ, "જ્યારે હું આ બોલું છું" . . . . અને પછી તેને વ્યાખ્યા અને લાંબી સમજૂતી આપવી પડે છે – વ્યાખ્યા.

"ચૈત્ય દર્શન"નો શો અર્થ ?

દર્શન ? તમે જાણો છો કે શારીરિક દૃષ્ટિ એટલે શું, નહીં ? – શારીરિક, તમે જાણો છો ? એ જ પ્રમાણે ચૈતસિકમાં પણ બને છે. એનો અર્થ એ કે સ્થૂલ અવયવોથી જોવાને બદલે તમે ચૈતસિક અવયવોથી જુઓ છો. તમારે આ આંખો અહીં છે. છે કે નહીં ? વારુ, આ પ્રમાણે ચૈતસિક સ્વરૂપને મણ આંખો છે જે ચૈતસિક રીતે જુએ છે. તે દૃષ્ટિની ગુણવત્તા ઉપર આધાર રાખતું નથી. તે સ્વરૂપની અવસ્થા, જે જુએ છે, જે અવયવો જુએ છે, કાં તો ચૈતસિક અવસ્થામાં અગર ચૈતસિક પ્રદેશોમાં અથવા ચૈતસિક પુરુષમાં, માનસિક દૃષ્ટિ મનમાં શું ચાલી રહ્યું છે : તે જુએ

છે. તે જોવાનું શારીરિક દષ્ટિ માફક જ હોય છે, ખરેખર શારીરિક દષ્ટિ જેવું.

તમારી સ્થૂલ આંખો વડે તમને ચૈતસિક દર્શન ન થઈ શકે; ફક્ત તમારા ચૈતસિક પુરુષને જ ચૈત્ય દષ્ટિ હોઈ શકે. તમારે તમારા ચૈત્ય પુરુષ સાથે પૂરતો ગાઢ સંબંધ હોઈ શકે જે યાદ રાખી શકે કે તેણે શું જોયું, તેણે જોયું હોય તે વિશે તે સચેતન બની શકે, પરંતુ શારીરિક પુરુષ તે રીતે જોતો નથી જે રીતે તમારો ચૈત્ય પુરુષ જુએ છે. તમારો શારીરિક પુરુષ જુદી રીતે જુએ છે એમ નથી, તે તમારો ચૈતસિક પુરુષ છે જે આ રીતે જુએ છે.

માતાજી, અહીં લખ્યું છે, "પ્રભુના પ્રેમની તીવ્રતા નમારા સ્વરૂપના કોઈ પણ ભાગમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરતી નથી."

હા.

પણ જો કોઈનું શરીર નબળું હોય, તો દિવ્ય પ્રેમની તીવ્રતા તેમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરતી નથી?

શરીરમાં? શા માટે દિવ્ય પ્રેમ શરીરમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરે?

પણ તે તેની તીવ્રતા સહન ન કરી શકે તો?

તો પછી તે કદાચ દિવ્ય પ્રેમ ન હોય. હું સમજતી નથી. કુદરતી રીતે જ જે જેટલું સહન કરી શકે તેટલું જ ગ્રહણ કરી શકે છે, અને ખાસ કરીને તો જ્યારે તે પ્રભુ-પ્રેમનો પ્રશ્ન હોય ત્યાં.

પ્રભુનો પ્રેમ તો કાયમ જ તેની પૂર્ણ તીવ્રતા સાથે હોય છે જ, પ્રચંડ શક્તિ પણ ઘણાખરા માણસોને – નેવું ટકાને – તેની બિલકુલ અસર થતી નથી. તેમને જેટલો અનુભવ થાય તે, જેટલા પ્રમાણમાં તેઓ ગ્રહણ કરી શકે એટલી શક્તિના પ્રમાણમાં હોય છે. દા.ત. તમે કલ્પના કરો કે પ્રભુના દિવ્ય પ્રેમથી રણઝણતા વાતાવરણમાં તમે નહાઓ છો કે તમે તેના વિશે બિલકુલ સભાન નથી. કોઈક વખત, ભાગ્યે જ, થોડી સેકંડો માટે તમને 'કોઈક' વસ્તુની અસર થાય છે. પછી તમે કહો છો, "અહા, પ્રભુનો પ્રેમ મારી પાસે આવ્યો છે!" કેવી મજાક! એ તો ફક્ત એટલું જ છે કે, તમે કોઈ એક બીજા કારણસર. એક જરા જેટલા ખુલ્લા થયા અને તેથી તમને અસર થઈ. પણ તે તો ત્યાં કાયમ જ દિવ્ય ચેતનાની માફક હાજર છે જ: સર્વ સમયે. તેની પૂર્ણ તીવ્રતા સહિત: પણ વ્યક્તિ તે વિશે સભાન નથી. અથવા આ રીતની તૂટક તૂટક સભાનતા હોય છે; ઓચિંતા કોઈ સારી અવસ્થામાં હોય છે. અને તેને કાંઈક અનુભવ થાય છે, અને બોલી ઊઠે છે, "અહો! દિવ્ય ચેતના, દિવ્ય પ્રેમ મારા તરફ વળ્યા છે, અને મારી અંદર આવ્યા છે!" એ એવું

બલકુલ નથી. કોઈને એક સહેજ નાનું છિદ્ર ખુલ્લું થાય, ઘણું નાનું, કોઈક વખત ટાંકણીના માથા જેટલું અને સ્વાભાવિક રીતે જ તે શક્તિ અંદર ધસી આવે છે. કારણ કે તે એક સક્રિય વાતાવરણ જેવું છે; એક સહેજ જેટલી પણ ગ્રહણશીલતાની શકયતા ઊભી થાય કે તે ગ્રહણ થાય છે, પણ બધી દિવ્ય વસ્તુઓ માટે આમ જ બને છે. તે બધી ત્યાં છે, ફકત વ્યકિત તેને સ્વીકારતી નથી કારણ કે પોતે બંધ હોય છે, અટકી જાય છે અને તેઓ બીજી બધી વસ્તુઓ ઘણોખરો સમય વ્યસ્ત છે. ઘણોખરો સમય માણસ પોતાની જાતથી જ સભર હોય છે. અને જ્યારે માણસ પોતાનામાં જ વ્યસ્ત હોય છે ત્યારે બીજી વસ્તુઓ માટે જગ્યા રહેતી નથી. માણસ બહુ સક્રિય રીતે (હસતાં હસતાં) બીજી વસ્તુઓથી વ્યસ્ત છે. માણસ વસ્તુઓથી ભરેલો હોય છે, પ્રભુ માટે ત્યાં જગ્યા જ નથી.

પણ પ્રભુ તો ત્યાં છે જ.

તમારી આજુબાજુનાં બધાં આશ્ચર્યોની માફક તે છે; તમે તેમને જોઈ શકતા નથી. તમે તેમને જુઓ છો ? .... ના. કોઈક વખત, કોઈક ક્ષણે જ્યારે તમે સહેજ જેટલા ગ્રહણશીલ હો છો, અથવા તમારી ઊંઘમાં જ્યારે તમે તમારી નાનકડી બાબતોમાં પ્રમાણમાં ઓછા વ્યસ્ત હો છો, ત્યારે તમને કાંઈક વસ્તુની ઝાંખી થાય છે અને કાંઈક જુઓ છો અને અનુભવો છો, પણ ઘણે ભાગે જોવા તમે ફરીથી જાગ્રત થાઓ છો, ત્યારે આ બધું ભૂંસાઈ જાય છે – પ્રથમ તો તમારા પ્રચંડ અહંકારથી, જે પોતાનામાં જ સંપૂર્ણતયા વ્યસ્ત હોય છે અને આખું વિશ્વ તમારા અહંકાર પ્રમાણે ગતિ કરે છે; તમે કેન્દ્રમાં હો છો અને આખું જગત તમારી આસપાસ ફરે છે. જો તમારી જાત પ્રત્યે તમે ધ્યાનપૂર્વક જુઓ, તો તમે જોશો કે, તે આ પ્રમાણે છે. તમારી વિશ્વ વિશેની દૃષ્ટિ – એટલે કે તમે કેન્દ્રમાં અને વિશ્વ તમારી આજુબાજુ. એટલે બીજી કોઈ વસ્તુ માટે ત્યાં જગ્યા નથી. તમે વિશ્વને જોતા નથી; તમે વિશ્વમાં તમારી જાતને જુઓ છો.

એટલે પ્રથમથી શરૂઆત કરીએ તો વ્યકિતએ પોતાનામાં અહંમાંથી મુક્ત થવું જોઈએ. પછીથી તમે સમજો છો કે તેણે એક અસ્તિત્વવિહીન સ્થિતિમાં રહેવું જોઈએ. પછીથી તમે જરા વધારે ઊંચાઈએથી વસ્તુઓને જે રીતે છે તે રીતે જોઈ શકો છો. પરંતુ જો તમારે વસ્તુઓ ખરેખર જે રીતે છે તે રીતે જોવી હોય તો, તમારે બિલકુલ અરીસા જેવા બનવું જોઈએ, નિરવ, શાંત, સ્થિર, તટસ્થ, રાગદ્વેષ વગરના અને પૂરેપૂરી ગ્રહણશીલ અવસ્થાના. અને જો તમે તેવા હશો તો તમને દેખાશે કે એટલી બધી વસ્તુઓ હસ્તી ધરાવે છે જેના વિશે તમે સભાન નથી, અને તેઓ તમારામાં સક્રિય બનવાની શરૂઆત કરશે.

પછી તમે જે ફક્ત વિશ્વનું નાનકડું બિંદુ છો તેમાં પૂરેપૂરા બંધાયેલા રહેવાને બદલે તે વસ્તુઓની અંદર રહેવાને શક્તિમાન બનશો.

તમારી જાતમાંથી બહાર નીકળવા માટે ઘણા પ્રકારના રસ્તાઓ છે. પણ વસ્તુઓ જે પ્રકારે છે તે પ્રકારે જાણવાની શરૂઆત કરવી આવશ્યક છે અને નહિ કે તમારી પોતાની શરતો પ્રમાણેની.

અહંમાંથી મુકત થવા માટે માણસે કેવું વલણ રાખવું જોઈએ?

વલણ? ખરું જોતાં સંકલ્પશક્તિ, ખરું ને? તમારે તેના માટે સંકલ્પ કરવો જોઈએ.... તમારે શું કરવું જોઈએ, તમે તેમ પૂછો છો ને?

સૌથી ચોક્કસ સાધન છે, પ્રભુને સમર્પિત થવું, પ્રભુને પોતાની જાત પ્રત્યે ખેંચવાના નહીં પણ પ્રભુને પોતાની જાત અર્પણ કરવી. તો શરૂઆત પૂરતું તમને તમારી જાતમાંથી બહાર નીકળવાની ફરજ પડે છે. ખાસ કરીને તમે જાણો છો જ્યારે લોકો પ્રભુ વિશે વિચાર કરે છે ત્યારે, તેઓ પ્રથમ વસ્તુ એ કહે છે કે તેમના પોતાનામાં તેઓ જેટલું બને તેટલું 'ખેંચે' છે. અને પછી તેમને કાંઈ મળતું નથી. તેઓ તમને કહે છે, "અરે! મેં પુકાર કર્યો, મેં પ્રાર્થના કરી અને મને પ્રત્યુત્તર ના મળ્યો. મને કાંઈ જવાબ ન મળ્યો, કાંઈ આવ્યું નહીં." પણ પછી, તમે પૂછો કે, "તમે તમારી જાતને અર્પણ કરેલી?" – "ના, મેં ખેંચેલું —" "અહો, હા. તેને લઈને જ તે ન આવ્યું, એનો અર્થ એમ નથી કે તે નથી આવ્યું, પણ જ્યારે તમે ખેંચો છો ત્યારે તમે તમારા "અહં"માં એટલા બધા બંધાયેલા હો છો. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે, તે તમારી અને જે વસ્તુને ગ્રહણ કરવાની છે તેની વચ્ચે દીવાલ બની જાય છે, તમે તમારી જાતને કારાગારમાં પૂરો છો અને તમે આશ્ચર્ય અનુભવો છો કે તમારી જેલમાં તમને કોઈ અનુભવ થતો નથી.

જેલ ખરી પણ તેમાં વધારામાં શેરી તરફ કોઈ બારી નહીં.

તમારી જાતને બહાર ફેંકી દો (માતાજી પોતાના હાથ ખુલ્લા કરે છે) કાંઈ પણ શેષ રાખ્યા સિવાય તમારી જાતનું અર્પણ કરી દો, ફક્ત, તમારી જાતના અર્પણના આનંદ માટે અર્પણ કરો તો કાંઈક અનુભવવાની તમને તક મળે.

પણ જો કોઈ અનુભવવા માટે પ્રયત્ન કરે તો....

જો કોઈ અનુભવવા પ્રયત્ન કરે તો? શું આ એક પ્રકારનો અહં નથી? અનુભવવાનો પ્રયત્ન કરવો? જો કોઈને અહંકારયુકત રહીને અહંમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા હોય તો તે ઘણું દુષ્કર છે, ખરું ને? આ બન્ને સારી રીતે વિરોધમાં છે.

"અનુભવવા માટે પ્રયત્ન કરવો" – શા માટે ? તમારા પોતાના સંતોષ માટે ?

જો કોઈ આવો અનુભવ કરવા પ્રયત્ન કરે કે પોતે હસ્તી ધરાવતો નથી, ફક્ત પ્રભુ જ હસ્તી ધરાવે છે તો એ રસ્તો અહંમાંથી બહાર નીકળવાનો ખરો ?

વ્યક્તિ હસ્તી ધરાવતી નથી. — મને નથી લાગતું કે આવા મનોમય પ્રયત્નથી કોઈ સફળ થાય, કારણ કે આ માનસિક પ્રયત્ન છે. એટલે વ્યક્તિ માનસિક રચનાઓ રચે છે અને બહુ નોંધપાત્ર વસ્તુ મેળવી શકતી નથી. ના, એક સહજ, તીવ્ર સળગતી શિખાની, પોતાના સ્વરૂપમાં જ જરૂર છે, એક અભીપ્સાની જ્યોત .... મારે તેને કેમ મૂકવી તે હું સમજતી નથી.

જો વસ્તુ મસ્તકમાં ચાલ્યા કરે તો કાંઈ પણ, કાંઈ પણ બનતું નથી.

જે પ્રયત્ન વ્યકિત કરી શકે તે ફકત માનસિક હોઈ શકે, તો વ્યકિત તેને સ્વયંસ્ફુરિત કરવા માટે શું કરી શકે ?

ઈહ !

પ્રયત્ન જે કોઈ ....

તમારો પ્રશ્ન મેં સારી રીતે સાંભળ્યો. પણ શા માટે તમે ઠસાવો છો કે માણસ જે કોઈ પ્રયત્ન કરે છે તે ફકત માનસિક જ હોઈ શકે ?

પણ તેને સહજસ્ફુરિત કરવા માટે શું કરવું જોઈએ ?

હું માનું છું કે રૂપાંતર માટેનો પ્રયત્ન ચોક્કસ વ્યકિતના ચૈતસિક કેન્દ્રમાંથી આવે છે. અને કોઈક વસ્તુ પ્રાપ્ત કરવા માટે એક પ્રકારનું માનસિક ઘડતર કરવું, એ બેમાં ઘણો મોટો તફાવત છે.

મને ખબર નથી, પોતાની જાતને સમજાવવું બહુ અઘરું છે, પરંતુ જો આ રીતે (માતાજી પોતાની આંગળી કપાળની નજીક ફેરવે છે) વસ્તુઓ મસ્તકમાં ચાલ્યા કરે, તો તેનામાં કાંઈ શકિત નથી. તેનામાં બહુ ઓછું બળ હોય છે, ખૂબ મર્યાદિત અને દરેક સમયે તે પોતાને છેતરે છે. માણસ ધારે છે કે પુષ્કળ પ્રયત્ન પછી તે સંકલ્પશકિત એકઠી કરે છે, કૃત્રિમ રીતે અને વધારામાં કોઈ વસ્તુને પકડમાં લે છે, અને બીજી જ મિનિટે તે વસ્તુ અદશ્ય થઈ જાય છે, અને તેને ખબર પણ પડતી નથી; વ્યકિત પોતાની જાતને પૂછે છે, "આવું કઈ રીતે બન્યું ?"

મને ખબર નથી, ખરેખર મને મસ્તકથી યોગ કરવો બહુ દુષ્કર લાગે છે – સિવાય કે કોઈ તેની પકડમાં આવી ગયું હોય.

સંકલ્પશકિત મસ્તકમાં નથી.

સંકલ્પશકિત – જેને હું સંકલ્પશકિત કહું છું – તે વસ્તુ અહીં રહેલી છે. (માતાજી છાતીના મધ્યભાગમાં બતાવે છે) અને તેનામાં કાર્ય કરવાની, સાક્ષાત્કારની શકિત રહેલી છે.

વ્યકિત ચોખ્ખી રીતે પોતાના મસ્તકમાં જે કાંઈ કરે છે તેમાં અસંખ્ય ચડ-ઊતર થયા કરે છે; તેના માટે કોઈ સિદ્ધાંત નક્કી કરી ન શકાય, દા. ત. તેના સિવાય બીજી ઘણી વસ્તુઓ વચ્ચે હોય છે જે વિરોધી દલીલો આપી શકે છે. અને મગજની તે મહાન કુશળતા છે, તમે જાણો છો : તેને જે વસ્તુ સાબિત કરવી હોય, તે દરેક માટે દલીલ કર્યા કરે છે. એટલે વ્યકિત એક ડગલું પણ આગળ ભરી શકતી નથી. કદાચ એકાદ ક્ષણ માટે કોઈને થોડોક શકિતશાળી વિચાર પકડાય, અને તે તીવ્રતાની સ્થિતિ ધારણ કરી શકે તો જરા પણ આરામની સ્થિતિ આવે કે તરત જ વિરોધી વસ્તુઓ દોડી આવે છે અને બધું જ, તમે જાણો છો તે પ્રમાણે મોહક અભિ-વ્યકિત સહિત એટલે કે એ અવિરત ચાલતી લડાઈ છે.

તેનો કોઈ ઉકેલ નથી.

તમે પૂછો છો કે તે કઈ રીતે સ્વયંસ્ફુરિત થાય? દા. ત. શરીરમાં પણ જ્યારે કોઈ હલ્લા જેવું આવે છે, કોઈ અકસ્માત થાય, કોઈ માંદગી અંદર પ્રવેશ કરવા પ્રયત્ન કરે – કોઈક – શરીર પરનો હલ્લો, જે શરીરને સાહજિકતા પર રાખવામાં આવ્યું હોય તેને એક પ્રકારની ઉત્કટતા ઉત્પન્ન થાય, એક અભીપ્સા, એક સહજ સંકલ્પશકિત, જે મદદની માગણી કરે છે. પણ જ્યારે આ આખો બનાવ મન તરફ જાય છે ત્યારે તે વસ્તુઓનું એવું સ્વરૂપ બને છે, જેનાથી માણસો ટેવાયેલા હોય, બધું જ બગડી જાય છે. પરંતુ શકિતને તે જે પ્રમાણે છે તે રીતે જ જોવામાં આવે, તો તેમાં કાંઈક ઓચિંતું જાગ્રત થાય છે અને મદદ માટે બૂમ મારે છે. અને એટલી શ્રદ્ધાથી, એટલી તીવ્રતાથી, જેવી રીતે નાનું બાળક તેની માતાને બૂમ મારે – તમે જાણો છો – અથવા તો જે કોઈ ત્યાં હાજર હોય, જો કે તે બોલી શકતું ન હોય, તો કોઈ કહેતું નથી. પણ જો શરીરને પોતાને એકલું રહેવા દેવામાં આવે, અને મનનું તેના ઉપર સતત ચાલતું કામ બંધ કરવામાં આવે.... તો તેમાં આ વસ્તુ છે. જરાક જેટલી પણ જ્યારે ગરબડ થાય કે તરત જ તે અભીપ્સા કરે છે, બૂમ મારે છે, મદદ માટે પ્રયત્ન કરે છે. અને આ તો ખૂબ શકિતશાળી વસ્તુ છે. જો તેમાં કોઈ વચ્ચે પડે નહીં, તો તે ઘણું શકિતશાળી છે. એ એવું છે કે જાણે કોષો પોતે જ અભીપ્સા માટે, બૂમ માટે ઉછાળા મારતા હોય.

શરીરમાં અમૂલ્ય અને અજ્ઞાન ખજાનાઓ છે. તેના દરેક કોષમાં, જીવનની, અભીપ્સાની પ્રગતિ માટેની સંકલ્પશક્તિની એક તીવ્રતા છે, જેને ઘણું ખરું માનવી સમજી શકતો નથી. શારીરિક ચેતનાને પૂરેપૂરી મનના અને પ્રાણના કાર્યથી ગૂંથી લેવી પડે છે કારણ તે એકદમ સંકલ્પશક્તિથી પોતાનું સમતોલપણું મેળવી શકતી નથી. જ્યારે આ સંકલ્પશક્તિ ન હોય, ત્યારે તેનો અર્થ એ કે સમગ્ર શારીરિક – ચેતના મન અને પ્રાણની ડખલગીરીથી બગડી ગઈ છે. જે લોકો પોતાના ગાંડપણને થોડા કે ઘણા અંશે પોતાના અર્ધજાગ્રત મનમાં એક પ્રકારની રોગિષ્ઠતા સેવે છે, માંદલાપણું, એક બહાના નીચે જેમાં તેમને આનંદ આવે છે, ત્યારે તે તેમનું શરીર બિલકુલ નથી – બિચારું શરીર – તેના ઉપર તો તેમણે પ્રાણિક અને માનસિક વિકૃતિ લાદેલી છે. જો શરીરને એકલું છોડી દેવામાં આવે, તો તે અદ્‌ભુત વસ્તુ છે, કારણ કે તે સમતુલા અને તંદુરસ્તી માટે અભીપ્સા કરે છે, એટલું જ નહીં પરંતુ ફરી પાછી સમતુલા પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે. જો વ્યક્તિ પોતાના શરીરને એકલું જ છોડી દે, અને આ બધા વિચારો, આ પ્રાણના પ્રત્યાઘાતો, આ બધી નિરાશાઓ અને ઉપરાંત આ બધું કહેવાતું જ્ઞાન અને માનસિક રચનાઓ અને ભીતિઓને વચ્ચે પડવા ન દે, — અને શરીરને એકલું જ છોડી દે, તો પોતાને ફરીથી સારું કરવા માટે જે કાંઈ જરૂરી હોય તે બધું જ તે સહજ રીતે કરી લેશે.

શરીરને કુદરતી સ્થિતિમાં સમતુલા પસંદ છે, સંવાદિતતા પસંદ છે, સ્વરૂપના બીજા ભાગો છે જે બધું બગાડી નાખે છે.

માતાજી, મનને હસ્તક્ષેપ કરવાનું માણસ કઈ રીતે બંધ કરી શકે ?

અહા ! તમારે પહેલાં તો સંકલ્પ કરવો જોઈએ, અને પછી જેમ ધોંધાટ કરનારા માણસોને તમે કહો તેમ તમારે કહેવું જોઈએ, "શાંત રહો, શાંતિ રાખો. શાંતિ રાખો !" આવું જ્યારે જ્યારે તમારું મન પોતાનાં બધાં સૂચનો અને ક્રિયાઓ લાવે ત્યારે ત્યારે તમારે કરવું જ પડે. તમારે તેને સ્થિર કરવું પડે, શાંત કરવું પડે, અને મૂંગું કરવું પડે. પહેલી વસ્તુ તમારે તેને સાંભળવું ન જોઈએ. ઘણોખરો વખત, જેવું આ બધું આવે કે તરત જ, આ બધા વિચારોને વ્યક્તિ જોઈ શકે છે, સમજવા પ્રયત્ન કરે છે, સાંભળે છે; તે તેની સક્રિયતા વધારે છે. તમારે તે સાંભળવું જ ન જોઈએ, અને તેના તરફ બિલકુલ ધ્યાન ન આપવું જોઈએ. જો તે બહુ ધોંધાટ કરે તો તમારે તેને કહી દેવું પડશે : "શાંત થા ! હવે પછી મૂંગું થા, શાંતિ રાખ !" અને તમારે પોતે પણ બહુ ધોંધાટ નહિ કરવાનો, તમે સમજ્યા ! તમારે જે લોકો બૂમો મારવાની શરૂઆત કરે છે : "શાંત થાઓ," એમનું અનુસરણ

કરવું ન જોઈએ. તે લોકો પોતે જ એવો અવાજ કરે છે કે બીજાઓ કરતાં તેમનો ધોંધાટ વધારે જોરદાર હોય છે !

(અહીં ટેપ રેકોર્ડરનો છેડો આવવાથી બંધ થાય છે. સાધક પ્રત્યે :) હવે બીજું મૂકશો નહીં, તે પૂરું થયું. તકદીર !

Voila, au revoir, શુભ રાત !

૨૬ મે ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક 'યોગનાં મૂળતત્ત્વો', પ્રકરણ ૮, 'ચૈતસિક ઉદ્ઘાટન' પર આધારિત છે.

મધુર માતાજી, અમે જ્યારે તમને સ્વપ્નમાં જોઈએ છીએ, ત્યારે તે કાયમ એક પ્રતીકાત્મક સ્વપ્ન હોય છે ?

ના, અનિવાર્યપણે નહીં. એ સત્ય હકીકત પણ હોઈ શકે. એટલે કે શારીરિક જોવાને બદલે, વ્યક્તિ સૂક્ષ્મ ભૌતિકમાં અથવા પ્રાણમાં અથવા મનમાં જુએ છે. પણ કોઈ મારું કાંઈક જોઈ શકે છે; દા.ત. જો હું કોઈ શક્તિ મોકલું અથવા વિચાર અથવા ક્રિયા, કોઈ કાર્ય, તો વ્યક્તિના વાતાવરણમાં તે મારું સ્વરૂપ લે છે અને તેની માનસિક ચેતનામાં તે એક રૂપ લે છે, તે મારું આખું સ્વરૂપ નથી (ત્યાં તેની સમજૂતી ઘણોખરો વખત ખોટી પડે છે.) પણ તે મારું પોતાનું કાંઈક હોય છે.

પણ આનો કાંઈ વિશેષ અર્થ (મર્મ) હોય છે, માતાજી, નથી હોતો ?

ચોક્કસ તેનો અર્થ હોય છે. ઘણુંખરું તેનો ચોક્કસ હેતુ હોય છે; યા તો મારે કાંઈક કરવાની ઇચ્છા હોય છે અથવા કોઈને કાંઈક કહેવાનું હોય છે, અથવા મારે તે વ્યક્તિમાં કાંઈક વસ્તુનો ફેરફાર કરવો હોય છે, અથવા તેને જેની જરૂરિયાત હોય તેનું જ્ઞાન આપવું હોય છે અથવા મારે કોઈને કોઈ વસ્તુ વિશે સાવચેત કરવાનો હોય છે – તેને કોઈ વસ્તુ વિશે જાગરૂક બનાવવો હોય છે. તેને સાવચેત રહેવા કહેવાનું હોય છે – અથવા કેટલીક વખત હું તેમને કોઈ પ્રશ્નનો ઉત્તર આપવા આવું છું.

સાંકેતિક સ્વપ્નાંઓ – સાંકેતિક સ્વપ્નાંઓ ઘણાં ક્રમબદ્ધ હોય છે. અને વ્યક્તિને બધું યાદ રહે છે, નાનામાં નાની વિગતો પણ, તે ભૌતિક જીવન કરતાં પણ વધારે જીવંત, વધારે વાસ્તવિક, વધારે તીવ્ર હોય છે અને તેવું સ્વપ્ન વિરલ હોય છે. જ્યારે કોઈ પ્રતીકાત્મક સ્વપ્નમાંથી પાછા ફરે છે, ત્યારે તેને બધી વસ્તુઓ યાદ રહે છે, અને બધી વિગતો, અને તેને અનુભવ થાય છે કે તે જે ભૌતિક જીવન જીવે છે તેના કરતાં પણ તે ક્ષણોમાં વધારે સઘન અને સત્ય જીવન જીવેલો છે અને તમારી ઉપર તેની ઘણી ઊંડી અસર તે મૂકી જાય છે આ વારંવાર બનતું

નથી, તમે જાણો છો. જ્યારે તેની ખરી જરૂર હોય ત્યારે જ તે આવે છે.

કોઈને સ્વપ્નનું વર્ણન કરવું છે ?

તે ઘણું રસપ્રદ થશે. હું તમને દૃષ્ટાંત આપીશ. તમારે જો કોઈ સ્વપ્ન કહેવું હોય તો હું તમને સમજાવી શકીશ.

મધુર માતાજી, મારે એક સ્વપ્ન કહેવું છે.

અહા ! તમારી પાસે એક છે, ચાલો તમારું સ્વપ્ન સાંભળીએ.

એક દિવસે, જ્યારે તમે આશિષ—પ્રસાદીઓ આપતાં હતાં, ત્યારે હું તમારી પાસે આવ્યો, તમે મને તમારા હાથમાં લીધો અને થોડા સમય માટે મને આશ્લેષ આપ્યો.

અને પછી ? એટલું જ બસ ?

તમે મને કાંઈ કહ્યું પણ ખરું, પણ....

પણ જે તમને યાદ ન રહ્યું !

ના.

(બીજો બાળક) માતાજી, કેટલીક વખત હું તમને સ્વપ્નમાં રડતાં જોઉં છું.

શુ ? હું રડું છું ?

હા. હા, રડતાં.

હું, હું રડું ? (હાસ્ય)

હા.

થોડો સમય રાહ જુઓ !.... તે બને છે જ્યારે કોઈ બહુ ગ્લાનિમાં હોય ત્યારે, ખરું ને ?

કદાચ.

તે ખરેખર સાંકેતિક છે. તેનો ચોક્કસ અર્થ છે—નહીં, હું તમને પછીથી કહીશ. પણ સામાન્ય રીતે કહીએ તો એનો અર્થ આમ હોય છે : જ્યારે કોઈ દરેક વખતે દુઃખી હોય છે ત્યારે પ્રભુની સામૂહિક વેદનામાં એકનો વધારો થાય છે.

એક ઊંડી એવી સહાનુભૂતિની અવસ્થામાંથી પ્રભુ જડ તત્ત્વમાં કાર્ય કરે છે અને આ ઊંડી સહાનુભૂતિનું ચૈતસિક વિષાદથી સ્થૂલ તત્ત્વમાં અનુસરણ થયું છે

અને તેની વાત અહીં થઈ છે,[૧] આ વસ્તુનું આ સાંજે આપણે વાચન કરીએ છીએ એ જાણે કે કંઈક ઊલટું જ થયું છે. તે વસ્તુ તો તે જ છે, પણ આ રીતની ઊલટી રીતની (માતાજી પોતાના હાથ જોડે છે અને પછી અર્ઘ્ય આપતાં હોય તેમ ખુલ્લા કરે છે.)

સારું, પ્રભુની સહાનુભૂતિની અવસ્થા આ રીતે ચૈતસિક ચેતનામાં દર્દ રૂપે ઊતરી આવી છે, પણ તે દુઃખ અહંકારયુક્ત નથી. એ દુઃખ વૈશ્વિક દુઃખની સાથે મહાનુભૂતિ દ્વારા તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું પરિણામ છે. પ્રાર્થના અને ધ્યાનમાં આ વિશે કહેલું છે (પાછળનાં પ્રકરણોમાંના એકમાં) મેં વિસ્તૃત રીતે મારી અનુભૂતિનું વર્ણન કરેલું છે. જેમાં મેં કહ્યું છે, "મેં આંસુઓ પાડયાં, મારા જીવનનાં મધુરમાં મધુર આંસુઓ, "[૨] કારણ કે હું મારી જાત માટે રડતી ન હતી, તમે સમજો છો, વારુ, તે એ વસ્તુ છે. તમે જાણો છો કે માનવીઓ અહંકારના કારણે માનવીય રીતે સહન કરે છે. જ્યારે પણ દા.ત. (આ મેં વારંવાર સમજાવ્યું છે.) તેઓ જેને ચાહતા હોય તેને ખોઈ બેસે છે અને દુઃખી થઈને રડે છે, ત્યારે તે માણસની કેવી અવસ્થા છે તે માટે રડતા નથી, કારણ કે ઘણોખરો સમય, સોમાંથી નવાણું માણસો તે માણસની અવસ્થા જાણતા હોતા નથી, તેઓ એમ પણ જાણી શકતા નથી કે માણસ સુખી છે કે દુઃખી, તે દર્દ સહન કરે છે કે શાંતિમાં છે. પરંતુ તેઓ વિરહની લાગણી અનુભવે છે તેને લઈને રડે છે, કારણ કે તેઓ ચાહતા હતા કે જે માણસને તેઓ ચાહતા હતા તે તેમની પાસે રહેવો જોઈએ અને તે વ્યક્તિ તો ચાલી ગઈ, તેથી માનવીય દુઃખના મૂળમાં કાયમ માણસ પોતાની જાતનો જ વિચાર કરે છે – વધારે કે ઓછી સચેતન રીતે વધારે કે ઓછી. . . .કઈ રીતે મૂકવું – જાણીબૂજીને – પણ એ કાયમ તો જ છે. જ્યારે પણ કોઈ બીજાના દુઃખથી રડે છે. ત્યારે તેમાં કાંઈક મિશ્રણ જ હોય છે. એક મિશ્રણ હોય છે પણ જ્યારે ચૈતસિક વસ્તુ દુઃખની સાથે મિશ્રિત થાય છે ત્યારે તેમાં એક વિપરીત કરણોનું તત્ત્વ હોય છે. (એક ક્ષણ પહેલાં આ વસ્તુ હું તમને સમજાવવાનો પ્રયત્ન કરતી હતી) તે તેના સ્વરૂપમાં દાખલ થાય છે અને જો બન્ને તત્ત્વોને છૂટાં પાડી શકે તો, તે વસ્તુ ઉપર એકાગ્રતા કરી શકે તો, તે પોતાના

---

૧. પ્રશ્ન : અત્યારના દિવસોમાં એક એવા તીવ્ર દુઃખનો મને અનુભવ થાય છે કે તેને લઈને મારી આંખોમાં આંસુનું પૂર આવે છે. તેમાં કોઈ અસ્થિરતા કે અવ્યવસ્થા નથી. તેના બદલે એક શાંતિ, શુદ્ધિ અને ઊંડી ગંભીરતાની લાગણી તેની સાથે સંકળાયેલી છે. આ વસ્તુ એ જ છે – જેને ચૈતસિક દુઃખ કહેવાય ?

ઉત્તર : હા, એ પ્રકારનો ચૈતસિક વિષાદ હોય છે – પરંતુ ચૈતસિક આંસુઓ દુઃખમય હોવાં જરૂરી નથી. લાગણીનાં અને આનંદના આંસુઓ પણ હોય છે. !

૨. પ્રાર્થના અને ધ્યાન, –૧૨ જુલાઈ, ૧૯૧૮.

અહંમાંથી બહાર નીકળી અને વિપરીત કરુણા સાથે એકતા પામે છે. આ વસ્તુની મારફત માણસ બૃહદ, વૈશ્વિક કરુણાના સંપર્કમાં આવે છે, જે ઘણી બૃહદ, વિશાળ, શાંત, શક્તિશાળી, ઊંડી, પૂર્ણ શાંતિથી ભરેલી અને અનંત માધુર્યવાળી હોય છે. એટલે જ્યારે હું કહું છું કે જો કોઈ પોતાના દુ:ખને કેમ ઊંડાણપૂર્વકનું કરવું એ જાણે, તેના હૃદયમાં પહોંચી જતાં આવડે, પોતાના અહંકારમય અને અંગત ભાગોથી ઉપર ઊઠીને ઊંડાણમાં જતાં આવડે, તો મહાન સાક્ષાત્કારનું દ્વાર તે ખોલી શકે છે – મારો કહેવાનો અર્થ આ છે. એનો અર્થ એવો નથી કે તમારે દુ:ખને દુ:ખ તરીકે શોધવું, પણ જ્યારે તે હોય છે, તમારા ઉપર આવી પડે છે, ત્યારે તમારા દુ:ખના અહંકારમાંથી જો તમે ઊર્ધ્વમાં ઊઠી શકો – પહેલાં જોવું કે કયો અહંકારયુક્ત ભાગ છે, કઈ વસ્તુ તમને વેદના ઉત્પન્ન કરાવે છે, તમારી વેદનાનું કારણ કયો અહંકાર-યુકત ભાગ છે અને પછી તેનાથી ઊંચે ચડીને, તેનાથી પર થઈ, કાંઈક વૈશ્વિક તરફ, કોઈ ઊંડા સત્યના મૂળભૂત પાયા તરફ તમે જાઓ, ત્યારે તમે અનંત કરુણામાં પ્રવેશ કરો છો અને ત્યાં જે ખરેખર ચૈતસિક દ્વાર છે તે ખૂલે છે એટલે જ્યારે કોઈ મને આંસુ પાડતી જુએ છે, ત્યારે તે ક્ષણે જો કોઈ પૂરેપૂરી રીતે એકતા અથવા પ્રયત્ન કરે – તમે સમજ્યા, આ આંસુઓમાં પ્રવેશ કરીને તેમાં ઓગળી જવાનો – ત્યારે આ વસ્તુ બારણું ખોલી શકે છે. વ્યકિત બારણું ખોલી શકે છે અને તેની પૂરેપૂરી અનુભૂતિ લઈ શકે છે, ખૂબ વિરલ અનુભવ અને તે તેની ચેતના ઉપર ઘણી ઊંડી અસર મૂકે છે. ઘણે ભાગે તે કદી ભૂંસાતી નથી. પણ જો બારણું ફરીથી બંધ થઈ જાય, જો તમે ફરીથી તમારી સામાન્ય ગતિવિધિઓમાં પડી જાઓ, તેમ છતાં તે કયાંક પાછળના ભાગમાં રહી જાય છે અને તમારા તીવ્ર એકાગ્રતાના સમયમાં તમે ત્યાં પાછા જઈ શકો છો, તમે તેના તરફ પાછા જઈ શકો છો અને તમે અનંત માધુર્યનો, મહાન શાંતિનો ફરીથી અનુભવ કરી શકો છો. જે વસ્તુ, દરેક વસ્તુને સમજી શકો છો – પણ બુદ્ધિથી નહીં. બધી જ વસ્તુઓ માટે જેને કરુણા હોય છે, જે બધી વસ્તુઓને પોતાના આશ્લેષોમાં લઈ શકે અને બધાંનું દુ:ખ આ રીતે રુઝાવી દે.

સ્વાભાવિક રીતે, તે કાયમ એ જ વસ્તુ હોય છે: માણસે .... રોગમુકત થવાની સચ્ચાઈપૂર્વકની ઇચ્છા રાખવી જોઈએ, નહિ તો તે કાર્ય કરતું નથી. જે કોઈને અનુભવની ખાતર જ અનુભવ લેવો હોય અને પછી બીજી મિનિટે તે પહેલાં જે હતો તે પાછો તેવો જ બની જાય તો આ ચૈતસિક રીતે કાર્ય કરતી નથી. પણ જો ખરેખર તેને રોગમુકત થવું હોય, જો માણસને ખરેખર તકલીફ ઉપર વિજય મેળવવો હોય અને ઉપર ઊઠવું હોય – પોતાની જાતની ઉપર ઊઠવું હોય, પોતાને કાંઈ

પાછું ખેંચતું હોય તેમાંથી મુકત થવું હોય, મર્યાદાઓને તોડી નાખવી હોય, સ્વચ્છ થવું હોય, પોતાનો રસ્તો જે રોકી રાખતું હોય તેમાંથી સ્વચ્છતાથી બહાર નીકળવું હોય, જો કોઈનામાં ભૂતકાળમાં કરેલી ભૂલોમાંથી ફરીથી પાછા ન પડવાની તીવ્ર સંકલ્પશકિત હોય, તમસૂ અને અજ્ઞાનમાંથી ઉપર ઊઠવું હોય, પ્રકાશ પ્રત્યે ગતિ કરવી હોય અને ખૂબ માનવીય, ખૂબ સંકુચિત અને ખૂબ અજ્ઞાની એવું જે કાંઈ હોય તેને ખંખેરી નાખવું હોય–તો તે કાર્ય કરે છે – ને કામ કરે છે. ખૂબ શકિતથી. કેટલીક વખત તે અચૂક કામ કરે છે, અને સંપૂર્ણ રીતે. પરંતુ તેનામાં એવું કાંઈ પણ ન હોવું જોઈએ જે પોતાની ભૂતકાળની ગતિઓને ચીટકીને રહેલું હોય તે ક્ષણે શાંત રહેતું હોય, પોતાની જાતને ગુપ્ત રાખતું હોય, અને પછીથી ખુલ્લું મુખ બતાવીને એમ કહે, "હા, હા, તમારો અનુભવ બહુ સારો છે, પરંતુ હવે મારો વારો આવ્યો છે!" અને પછી જ્યારે આવું બને છે ત્યારે, હું કાંઈ પણ જવાબ આપતી નથી. કારણ કે કોઈ વખત પ્રત્યાઘાત રૂપે વધારે ખબર થાય છે. એટલા માટે જ હું વારંવાર તેની તે જ વસ્તુ ઉપર આવું છું, અને તેની તે જ વસ્તુ કહું છું : વ્યકિતએ ખૂબ સત્યનિષ્ઠ બનવું જોઈએ, સાચી રીતે.

જો કોઈ વસ્તુ તમને વળગી રહેલી હોય, ખૂબ ગાઢ, તો તમારે તેને ચીરીને ફેંકી દેવા માટે તૈયાર રહેવું જ જોઈએ. જેથી તેનો કોઈ અંશ પણ પાછળ બાકી રહી ન જાય એટલા માટે જ માણસ વારંવાર તેની તે જ ભૂલો કર્યા કરે છે, ત્યાં સુધીમાં તેની વેદના એટલી વધેલી હોય કે પૂર્ણ સત્યનિષ્ઠને તેના ઉપર દબાણ કરવું જ પડે. માણસે તે રીતનો પ્રયત્ન કરવો ન જોઈએ, તે ખરાબ છે. તે ખરાબ એટલા માટે છે કે, તે ઘણી વસ્તુઓનો નાશ કરે છે, ખૂબ શકિતનો વ્યય કરે છે, ખરાબ આંદોલનો પ્રસારિત કરે છે. પણ તમે બીજી રીતે કરી ન શકો તો તમારી વેદનાની તીવ્રતામાં તમે પૂર્ણ સચ્ચાઈના સંકલ્પને શોધી શકો છો.

અને એક એવી ક્ષણ આવે છે – દરેકના જીવનમાં એવી ક્ષણ આવે છે – જ્યારે આ પૂર્ણ સચ્ચાઈની જરૂર એક ચોક્કસ પસંદગી તરીકે આવે. દરેકના વ્યકિતગત જીવનમાં એક ક્ષણ આવે છે, જ્યારે સમૂહની વ્યકિત તરીકે તમે હો, ત્યારે, તમારા સામૂહિક જીવનમાં પણ એક ક્ષણ આવે છે જ્યારે પસંદગી અનિવાર્ય બને છે, જ્યારે શુદ્ધિ કરવી જ પડે. કેટલીક વખત આ બહુ ગંભીર બાબત બને છે, એ એક જૂથ માટેનો જીવન અને મરણનો પ્રશ્ન બની જાય છે તેમ એક નિર્ણયાત્મક પ્રગતિ કરવી જ પડે છે. . . . જો તેને જીવંત રહેવું હોય તો.

બીજાં કોઈ સ્વપ્નો નથી ?

(મૌન)

(પહેલો બાળક) મધુર માતાજી, તમે મારા સ્વપ્નની સમજૂતી ન આપી.

તેની સમજૂતી નથી, મારા બાળક. તેં એવું કાંઈ જોયું જેના વિશે, તારા શારીરિક સ્વરૂપમાં તું સચેતન ન હતો. બસ, એટલું જ. બળો તો ત્યાં હાજર હોય છે જ, ખૂબ કુમળી સહાનુભૂતિવાળાં, પ્રેમના મદદનાં . . . . પણ વ્યક્તિ તેને માટે સભાન નથી હોતી કારણ કે તે ખૂબ મર્યાદિત, ટૂંકી ચેતનામાં જીવે છે. કોઈ સમજૂતીની જરૂર પણ નથી કારણ કે આ વસ્તુઓ સમજાતી નથી. એ એક વાસ્તવિકતા હોય છે. તને ગમતો એવો એક અનુભવ તને થયેલો, એક હકીકતનો, કાંઈક બને છે – તેનો તારા મગજમાં અનુવાદ થયો, જ્યારે તું જાગે છે ત્યારે તને જે સ્વપ્ન યાદ રહ્યું તેની એક પ્રકારની સમજૂતી હોય છે. જે વખતે અનુભવ થયો હોય તેના વિશે માણસ સચેતન હોય અને તે અનુભવ ખરેખર રીતનો જે રીતે બનેલો હોય તેના વિશે તે સચેતન હોય એવું ભાગ્યે જ બને છે. તેના માટે તો વ્યક્તિએ રાત્રિ દરમિયાન જાગ્રત રહેવું જોઈએ. પોતાની ઊંઘમાં પણ જાગ્રત. ઘણે ભાગે આમ બનતું નથી. તમારા સ્વરૂપના એક ભાગને અનુભૂતિ થયેલી હોય છે; જ્યારે જે ભાગ, જે શરીરમાંથી બહાર નીકળી ગયેલો હોય છે તે પાછો ફરે છે ત્યારે તે અનુભવને લઈને પાછો આવે છે, મગજ તે અનુભવ સાથેના સંપર્કમાં આવે છે, અને તેનો કલ્પનાઓ, શબ્દો, ખ્યાલો, છાપો, લાગણીઓ વગેરેમાં સ્થાનપલટો – ભાષાંતર કરે છે, અને માણસ જાગે છે ત્યારે આમાંનું કાંઈક પકડે છે અને તેનું સ્વપ્નું' ઘડે છે. પણ એ તો જે કાંઈક બનેલું હોય છે તેની ટૂંકાક્ષરી લિપિ હોય છે; પરંતુ જે સ્વપ્ન તરીકે તેણે ઝીલ્યું તે જ વસ્તુ સંપૂર્ણતયા નથી હોતી.

રાતના તારા અનુભવે એક સ્વપ્ન ઉત્પન્ન કર્યું, તું તે બધી શક્તિઓના સંપર્કમાં આવ્યો, જે શક્તિઓ કાયમ આશ્લેષ આપે છે, મદદ કરે છે, ટકાવી રાખે છે અને . . . . તને સમજાય છે ને . . . . નથી સમજાતું ? – જે બળો પૂર્ણ પ્રેમ અને લાગણીથી સભર હોય છે, અને જે કાંઈ આવે તે સર્વને આવકારે છે, મદદ કરે છે – હકીકતમાં તેઓ ત્યાં હાજર જ હોય છે, અને દરેક જગાએ દરેક વખતે કાર્ય કરતાં હોય છે. એટલે તેના વિશે તું સભાન બન્યો. જ્યારે તું જાગ્યો, ત્યારે તું જાણે છે તે પ્રમાણે કલ્પનાઓમાં સ્થાનફેર થયો, અને તું મને જોવા માટે આવે છે, મારા આશીર્વાદ સ્વીકારે છે, અને નવી લાગણીઓ હોવાથી – પરમ શક્તિ જે બધાને આશ્લેષમાં લે છે અને મદદ કરે છે – તેના સંપર્કમાં આવ્યો અને આથી તને એવી છાપ પડી કે મેં તને મારા હાથમાં લઈને આશ્લેષ આપ્યો. તેનું ભાષાંતર આ રીતે થયું. હકીકત સત્ય છે, પણ તારા મગજનું આ ભાષાંતર છે.

કેટલાક માણસો મારી પાસે રાત્રે બહુ રમૂજી કામ કરાવે છે ! મેં આવી ઘણા પ્રકારની અદ્‌ભુત વાતો સાંભળી છે. પણ દરેક વખતે તે આ જ વસ્તુ છે:

એક સત્ય તેની પાછળ અવશ્ય છે, તેઓ એક પ્રાદુર્ભાવ, એક શક્તિ અથવા એક એક કાર્યના સંપર્કમાં આવ્યા હોય છે. મેં જે પ્રમાણે અત્યારે કહ્યું તે પ્રમાણે, પછીથી તેના મગજમાં તે વસ્તુઓનું પ્રતીકોમાં રૂપાંતર થયું, તે કેટલીક વખત તો બહુ અદ્ભુત હોય છે. પણ ચોક્કસ તે તેમનું પોતાનું ભાષાંતર છે. મારા માટે તો, જ્યારે તેઓ આ બધું કહેતા હોય છે ત્યારે મારી પાસે તેમની માનસિક, પ્રાણિક અને શારીરિક ચેતનાની અવસ્થાનું એક સાચું જ ચિત્ર આવે છે. ભાષાંતરની જરા જેટલી વિકૃતિ પણ મારા માટે તેમની માનસિક અવસ્થા કઈ છે તે જાણવા માટે બસ છે. અને હું તેમને એમ કહેતી નથી કે, "હું તે ન હોતી," કારણ કે હું તે હતી! ફક્ત તેમણે તેમની પોતાની રીતે ફેરફાર કરી નાખ્યો હોય છે જે કેટલીક વખત બહુ અદ્ભુત હોય છે! તેમ છતાં, અત્યારના દાખલામાં, માનસિક ચિત્ર ઘણી સરસ છે.

તો આપણે આ સ્થિતિનાં છીએ. મારાં બાળકો, બીજું કાંઈ?'

મધુર માતાજી, ગયા અઠવાડિયે મને સ્વપ્ન આવેલું.

ઘણું સારું, અમને કહે.

તોફાન પછીની એ સાંજ હતી અને હું દરિયા કિનારે હતો. દરિયો ઘણો ઘણો દૂર ચાલી ગયેલો. અને એક ગામડું હતું, જ્યાં મેં પથ્થરના ઘોડા જોયા. ચાર ઘોડાઓ હતા, કદાચ કાળા પથ્થરના, અને તેમની ઉપર એક સફેદ ઘોડો હતો, કદાચ સફેદ આરસનો, અને આ ઘોડો ઘણા રંગોથી પ્રકાશતો હતો.

જ્યારે દરિયો દૂર હઠી ગયેલો ત્યારે?

હા.

તે સ્થાનિક હતો કે સામાન્ય? એટલે કે કોઈ પણ દરિયો હતો કે અહીંનો દરિયો?

તે ટેનિસ ગ્રાઉન્ડ પાસે હતો.

અહો! તું ટેનિસ ગ્રાઉન્ડ ઉપરથી નિહાળતો હતો.

હા, હું દીવાદાંડી પણ જોઈ શકતો હતો.

દીવાદાંડી, ચાર ઘોડાઓ અને એક સફેદ અશ્વ.

ચોક્કસ સંખ્યાની ખબર નથી.

આહ !

સફેદ અશ્વ ફકત એક જ હતો.

ચોક્કસ.

કદાચ તે પોંડિચેરીના ભવિષ્યને લગતું છે. એ કરુણતા છે કે તને સંખ્યા યાદ નથી. તેણે કદાચ નિર્દેશ આપ્યો હોત. ત્યાં એક પ્રકારનું તોફાન હતું.

હા. એક વાવાઝોડું.

અને ત્યાર પછી દરિયો પાછો ખસી ગયેલો ને ?

હા.

અહા ! એ પ્રતીકાત્મક છે.

આકાશ તે વખતે ઘણું સ્વચ્છ હતું.

હા, હા, તોફાન પછી આકાશ ચોખ્ખું થઈ જાય છે.

આ હું તમને ચોક્કસ રીતે કહી ન શકું કારણ કે આમાં કાંઈક વિગત ખૂટે છે. તેમ છતાં કદાચ તેને પોંડિચેરીના ભવિષ્ય સાથે સંબંધ છે. આપણે તે જોઈશું.

પણ તમે સ્વપ્ન વગર પણ પોંડિચેરીના ભવિષ્ય વિશે કહી શકો છો ?

સ્વપ્ન વગર (હાસ્ય) અહા !

સારું, આ ક્ષણે આપણે તોફાનમાં છીએ. આપણે જોઈએ, ત્યારે દરિયો પાછો હઠી જાય છે. (હાસ્ય)

(બીજો બાળક) મને એક સ્વપ્ન આવેલું જેમાં હું આશીર્વાદ માટે ગયેલો અને તને મને ત્રણ ફૂલો આપેલાં : "માનસિક પ્રામાણિકતા," પછી "સમર્પણ" અને છેવટે મને લાગે છે, "શાંત મન."

તે ઘણું સારું છે તેની ઘણી જરૂર છે ! (હાસ્ય)

એ સાચી હકીકત છે. તમારે ફકત તેને આ રીતે લેવાનું અને સ્થિર મન કરવાને માટે પ્રયત્ન કરવાનો, આ મન સમર્પણ કરે છે અને પૂરેપૂરું પ્રમાણિક બને છે. તે જુઓ તે ઘણું સારું છે, તે એક કાર્યક્રમ બને પછીથી તેના પર એકાગ્રતા કરવાની.

Viola, મારાં બાળકો, એટલું જ છે ને ?

હું માનું છું, હવે આપણે બંધ કરીશું.

૨ જૂન ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક 'યોગનાં મૂળતત્વો' પ્રકરણ ૯, 'અનુભૂતિઓ અને દર્શનો' તથા પ્રકરણ ૧૦, "કાર્ય"ના ઉપર આધારિત છે.

પ્રશ્નો નથી ? .... હું ધ્યાનની દરખાસ્ત મૂકવાનું વિચારતી હતી.

ધ્યાન ન કરી શકવાનાં કયાં કયાં કારણો હોય છે ?

કારણ કે, માણસ તે માટે કાંઈ શીખેલ નથી.

કેમ કે તમને ઓચિંતાનો શોખ થઈ આવે છે : આજે હું ધ્યાન ધરવાનો છું. તમે પહેલાં કદી કરેલું નથી. તમે નીચે બેસો છો અને પછી કલ્પના કરો છો કે હવે તમે ધ્યાન કરવાની શરૂઆત કરો છો. પણ તે એવી રીતે શીખવાનું છે, જે રીતે, માણસ ગણિત કે પીઆનો શીખે તે રીતે. એ કાંઈ આમ શીખાતું નથી ! હાથ એકબીજા ઉપર મૂકીને અને પગ વાળીને ધ્યાન કરવા બેસી જાઓ, એટલું જ બસ નથી. તમારે કઈ રીતે ધ્યાન કરવું તે પણ શીખવું પડે છે. દરેક જગ્યાએ જાતજાતના નિયમો આપવામાં આવ્યા છે કે કઈ રીતે ધ્યાન કરી શકાય.

દા.ત. જો કોઈ વ્યકિત નાની ઉંમરની હોત અને તેને કેમ બેસવું, તે શીખવવામાં આવે, અને તે જ વખતે તેને વિચાર ન કરવાનું શીખવવામાં આવ્યું હોત; અથવા શાંત રહેતાં અથવા એકાગ્રતા કરતાં અથવા વિચારોને સમેટવાનું, અથવા.... આવા બધા પ્રકારની વસ્તુ માણસે શીખવી જોઈએ અને તે પ્રમાણે ધ્યાન કરવાનું પણ. જ્યારે તમે બિલકુલ નાનાં હતાં, અને જે વખતે તમને સીધા બેસતાં, ચાલતાં અથવા બેસતાં અથવા ખાતાં શિખવાડવામાં આવેલું – તમને ઘણી વસ્તુઓ શીખવવામાં આવી છે – જો તમને ધ્યાન કરવાનું પણ શીખવવામાં આવ્યું હોત, તો તમે પાછળથી સાહજિક રીતે કરી શકો – તો પછી જે દિવસે તમે ધ્યાન કરવા માટે નિશ્ચય કરો, બેસી જાઓ અને ધ્યાન કરી શકો. પરંતુ તમને આ વસ્તુ શીખવવામાં આવી નથી. તમને કોઈ પ્રકારનું આવું શિક્ષણ આપ્યું નથી. વધારામાં તમને બહુ ઓછી વસ્તુઓનું શિક્ષણ આપવામાં આવ્યું છે – તમને ઊંઘતાં પણ શિખવાડયું નથી. લોકો એમ માને છે કે તેમણે ફકત પથારીમાં આડા પડવાનું અને પછી તેમણે ઊંઘવું. પણ સાચું નથી !

જે રીતે તમે ખાતાં શીખો છો, બીજી કોઈ પણ વસ્તુ કરતાં શીખો છો તે જ રીતે તમારે ઊંઘતાં પણ શીખવું જોઈએ. અને જો કોઈ તે શીખે નહિ તો તે ખોટી રીતે કરે છે ! અથવા તો કોઈ તે કરવા માટે વર્ષોનાં વર્ષો લે છે અને આ બધાં વર્ષો દરમિયાન જ્યારે તે ખરાબ રીતે કરવામાં આવે છે ત્યારે બધી જાતની દુઃખદાયક વસ્તુઓ બને છે. અને પછી જ, ખૂબ સહન કર્યા પછી, ઘણી ભૂલો કર્યા પછી, ખૂબ મૂર્ખાઈઓ કર્યા પછી અને જ્યારે માણસ વૃદ્ધ થઈ જાય અને સફેદ વાળ થાય ત્યારે, તે કોઈ વસ્તુ કેમ કરવી તે શીખે છે. પરંતુ જો તમે ઘણાં નાનાં હતાં ત્યારથી જ તમારાં માતા-પિતા અથવા જેઓ તમારી સંભાળ રાખે છે તેઓએ તમે જે કરો તેને યોગ્ય રીતે કેવી રીતે કરવું, તે શિખવવા માટેની તકલીફ લીધી હોત, તો તેમણે તમને આ બધાંમાંથી મુકત કરવા મદદ કરી હોત – આ બધી ભૂલો જે તમે વર્ષોથી કર્યે જાઓ છો તેમાંથી અને તમે ભૂલો કરો છો એટલું જ નહિ પણ તમને કોઈ કહેતું પણ નથી કે આ ભૂલો છે ! અને પછી તમને આશ્ચર્ય થાય છે કે તમે રોગમાં સપડાઓ છો, કંટાળી જાઓ છો, તમારે શું કરવું તેના વિશે તમને ખબર નથી. અને કદી કોઈએ શીખવાડયું પણ નથી. કેટલાંક બાળકોને તો કાંઈ પણ શિખવવામાં આવ્યું નથી હોતું, અને તેને સાદામાં સાદી, ફકત પ્રાથમિક વસ્તુ શીખવા માટે વર્ષોનાં વર્ષો લાગે છે : સ્વચ્છ રહેવાનું.

એ સત્ય છે કે માતા-પિતા આ વસ્તુ શિખવાડતાં નથી. કારણ કે તેમને પોતાને જ તેનું જ્ઞાન નથી ! કારણ કે તેમને શિખવનાર પણ કોઈ નહોતું. એટલે તેઓ જાણતાં નથી.... તેમણે આખી જિંદગી કેવી રીતે જીવવું તે શીખવા માટે અંધારામાં ફાંફાં માર્યાં છે. જો તમને એકલાને તમારી જાત ઉપર છોડી દેવામાં આવે, તો તમે સમજી શકો કે સૌથી સાદી વસ્તુ શીખવા માટે તમારે વર્ષો જોઈએ, વર્ષોનો અનુભવ, અને તેમ છતાં તમે તેના વિશે વિચારશો નહીં તો તમે કદી શીખી શકશો નહીં.

સાચી રીતે જિંદગી જીવવી એ ઘણી કઠિન કલા છે, અને જો માણસ સાવ નાનો હોય ત્યારથી જ શીખવાની શરૂઆત ન કરે, પ્રયત્ન ન કરે તો તેને તે સારી રીતે જાણી શકે નહીં. ફકત પોતાના શરીરને તંદુરસ્ત રાખવાની કળા, પોતાનું મન શાંત રાખવું અને હૃદયમાં શુદ્ધ ભાવ – એ વસ્તુઓ, જે સરસ રીતે જીવવા માટે અનિવાર્ય છે – હું સુખસગવડમાં કેમ રહેવું એવું નથી કહેતી, અદ્ભુત રીતે પણ નહીં, હું ફકત શિષ્ટ રીતે કેમ જીવવું તે કહું છું. સારું, મને લાગતું નથી કે એવા ઘણા હોય જે પોતાનાં બાળકોને આ વસ્તુ શિખવવાની દરકાર કરતા હોય.

આટલું બસ છે ને ?

મધુર માતાજી, અમારે અભ્યાસ ઉપરાંત બીજું કાર્ય કરવું જોઈએ ?

બીજું કોઈ કામ ? તે તમારા ઉપર આધાર રાખે છે. તે દરેકના ઉપર વ્યક્તિગત રીતે આધાર રાખે છે અને તેને શું કરવું છે તેના ઉપર પણ. જો તમારે સાધના કરવી હોય તો એ સ્પષ્ટ છે કે કોઈ અંશકાલીન ધંધો કરવો જોઈએ જે સ્વાર્થ માટેનો ન હોય, એટલે કે તે ફક્ત પોતાના જ માટે કરાતો ન હોય. અભ્યાસ ઘણી સારી વસ્તુ છે – બહુ જરૂરી. અનિવાર્ય પણ, ફક્ત તે મેં તમને થોડા સમય અગાઉ જે વાત કરી તેનો એક ભાગ છે, કે તમે નાનાં હો ત્યારે તમારે ભણવું જ જોઈએ, કારણ કે જ્યારે તમે મોટાં થાઓ ત્યારે તે વધારે કઠિન બને છે – પણ એક એવી ઉંમર હોય છે જ્યારે તમારા અભ્યાસનો પાયો અનિવાર્ય હોવો જોઈએ અને જ્યારે, તમે સાધના કરવાની શરૂઆત કરો ત્યારે, તમારે એવી વસ્તુ કરવી જોઈએ જે કેવળ તમારા અંગત હેતુ ખાતર ન હોય, વ્યક્તિએ કાંઈક એવું કરવું જોઈએ જે થોડું બિનસ્વાર્થી હોય, કારણ કે જો માણસ કેવળ પોતાની જાતમાં મશગૂલ હોય, તો તે એક પ્રકારના કાચબાની ઢાલ નીચે સંકોચાયેલો હોય, અને વૈશ્વિક બળોના સંપર્કમાં ન હોય. એક નાની નિઃસ્વાર્થ ક્રિયા, કોઈ પણ જાતના અહંકાર વિહીન હેતુથી કરેલું અને નાનું કાર્ય પોતાના નાનકડા બિંદુવાળા વ્યક્તિત્વને બદલે કોઈ બીજી વસ્તુ પ્રત્યે એક બારણું ખોલે છે.

માણસ ઘણે ભાગે પોતાના કોચલામાં પુરાયેલો હોય છે અને બીજાં કોચલાંઓ પ્રત્યે ત્યારે જાગ્રત બને છે જ્યારે તેને એક ધક્કો અથવા ઘર્ષણ થાય, પણ ચારે બાજુ શક્તિની ચેતના, અન્યોન્યનો આધાર – એક વિરલ વસ્તુ છે. એ સાધનાની અનિવાર્ય અવસ્થામાંની એક છે.

માતાજી, કોઈ પ્રભુ માટે અભ્યાસ ન કરી શકે ?

તેનો અર્થ ?

કોઈ પ્રભુ માટે અને નહિ કે પોતાની જાત માટે અભ્યાસ કરે ને પ્રભુના કાર્ય માટે તૈયાર થઈ શકે ?

હા, જો તમે એવી ભાવના રાખીને અભ્યાસ કરો, કે તમારે વિકાસ કરીને પ્રભુનાં કરણો બનવું છે તો. પણ ખરેખર તો એક જુદી જ ભાવનાથી તે થાય છે, ખરું ને ? બહુ જુદી. શરૂઆત કરીએ તો બહુ એવા વિષયો નથી જે તમને ગમે. અને એવા જે તમારે કરવા નથી, એવા વર્ગો નથી જે તમને કંટાળો આપે અને બીજા એવા વર્ગો તમને કંટાળો ન આપે, કેટલીક વખત મુશ્કેલ વસ્તુઓ નથી હોતી અને કેટલીક વખત હોય છે, એવા શિક્ષકો નથી હોતા તેઓ આનંદી હોય

અને આનંદી ન પણ હોય, – આવું બધું તાત્કાલિક અદશ્ય થઈ જાય છે. વ્યકિત એવી અવસ્થામાં દાખલ થાય છે જેમાં, જે કાંઈ બને તેનો વ્યકિત પ્રભુના કાર્ય માટે પોતાની જાતને તૈયાર કરવાનું શીખવાની તક તરીકે ગણે છે. અને દરેક વસ્તુ રસપ્રદ બની જાય છે. સ્વાભાવિક છે. કે જો કોઈ આ પ્રમાણે કરે તો તે બધું બરાબર છે.

તમે બુલેટિનમાં જે કહ્યું તે, 'મનને કેળવવું' – તેનો અર્થ એ છે કે વ્યકિત પ્રભુ માટે શિક્ષણ લે છે, જીવે છે અને તેને માટે અભ્યાસ કરે છે તો પછી આ કર્મ પ્રભુ માટે થતું નથી ?

હા, હા, હા, જો તે હેતુથી કરવામાં આવે તો ઘણું સરસ. પરંતુ તે હેતુથી જ તે થવું જોઈએ. દાખલા તરીકે, જો કોઈને પ્રાણના ગહન ધર્મોનો અભ્યાસ કરવો હોય, જો કોઈને પરમ આવિર્ભાવનાં રહસ્યોમાં ઊંડા ઊતરવાની ઇચ્છા હોય તો અર્ધું વિકસિત મન માગી લે છે અને તેથી વ્યકિત એવી સંકલ્પ-શકિતથી અભ્યાસ કરે તો પછી માણસને પછીથી અભ્યાસની પસંદગી કરવાની જરૂર નથી, કારણ કે દરેક વસ્તુ ગમે તે હોય, જીવનનો નાનામાં નાનો સંજોગ, એક શિક્ષક બને છે. જે તમને કાંઈક શીખવે છે. તમારે કઈ રીતે વિચારવું, અને કાર્ય કરવું તે શીખવે છે. મેં તમને આ વસ્તુ સ્પષ્ટ રીતે કહેલી છે કે નાના અજ્ઞાની બાળકનું ચિંતન પણ તમે પહેલાં કોઈ વસ્તુ સમજતા ન હતા એવી વસ્તુને સમ-જાવવા માટે મદદ કરે છે. તમારું વલણ સાવ જુદું જ હોય છે. એ એક એવું વલણ હોય છે જે કાંઈક શોધને માટે તૈયાર હોય છે, એક પ્રગતિ માટેની શોધ, એક ખોટી ક્રિયાને સુધારવા માટે, એક પગલું આગળ જવા માટે હોય છે અને તેથી તે લોહચુંબક હોય છે જે તમારી ચારે બાજુથી પ્રગતિ માટેની તકોનું આકર્ષણ કરે છે. તુચ્છ વસ્તુ તમને કઈ રીતે પ્રગતિ કરવી તે શીખવે છે. તમારી પાસે એક પ્રગતિ કરવાની ચેતના અને સંકલ્પશકિત હોવાથી, દરેક વસ્તુ એક તક બની જાય છે. તમે આ ચેતના અને સંકલ્પબળનો બધી જ વસ્તુઓ ઉપર પ્રગતિ માટે પ્રક્ષેપ કરો છો.

અને આ તમારા માટે ઉપયોગી છે એટલું જ નહીં, પરંતુ તમારી આજુબાજુ બધાઓ, જેમની સાથે તમારે સંપર્ક હોય છે તે બધાને માટે પણ આ ઉપયોગી હોય છે.

આપણે ફક્ત તમારા વર્ગ વિશેનો દાખલો લઈએ, લઈશું ? – શાળાના વર્ગનો, જેવી રીતે શિસ્ત વગરનો, બિનઆજ્ઞાંકિત અને ખરાબ સ્વભાવનો બાળક વર્ગમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરી શકે – અને એટલા માટે તેને વર્ગ બહાર કાઢવો પડે છે

કારણ કે ફક્ત તેની હાજરી જ વર્ગને પૂર્ણ અવ્યવસ્થિત બનાવી શકે છે – તે જ પ્રમાણે જો કોઈ એવો વિદ્યાર્થી હોય તેનું બિલકુલ સાચું વલણ હોય, જેને દરેક વસ્તુ ભણવાની ધગશ હોય, જેના માટે એક પણ શબ્દ એવો ઉચ્ચારતો ન હોય, એક પણ ચેષ્ટા એવી ન હોય જે તેના ભણતર માટે ઉપયોગી ન હોય – તો તેની હાજરી ઉપરના દૃષ્ટાંત કરતાં ઊલટી જ અસર કરે અને વર્ગને શિક્ષણમાં પ્રગતિ કરવામાં મદદ કરે. જો તે સચેતન રીતે અભ્યાસ કરવા અને પોતાને સુધારવા માટેની તીવ્ર અભીપ્સામાં હોય તો તે બીજામાં આ વસ્તુનો સંચાર કરે . . . . એ વસ્તુ સાચી છે કે હાલની પરિસ્થિતિમાં ખરાબ દૃષ્ટાંત, સારા કરતાં ઘણાં વધારે ચેપી હોય છે. સારા કરતાં ખરાબ દૃષ્ટાંતનું અનુસરણ કરવું વધારે સહેલું છે, પરંતુ તે પણ ઉપયોગી છે, જે વર્ગમાં સાચો વિદ્યાર્થી હોય છે, જેને અભ્યાસ કરીને અભ્યાસને પોતાનામાં ઉતારવો છે, જેને શીખવાની દરેક તકમાં ઊંડો રસ છે – આ વસ્તુ એક સઘન વાતાવરણ ઉત્પન્ન કરે છે.

તમે સારા વિદ્યાર્થી તરીકે મદદ કરી શકો છો.

માતાજી, શા માટે અહીં, કામમાં, કેટલાક લોકો પોતાના મોજશોખને સંતોષવા માટે સાહસ કરે છે અને આ રીતે ઘણા પૈસાનો વ્યય કરે છે?

એમાં ફક્ત પૈસાનો જ વ્યય નથી?

પૈસાને બદલે શક્તિ, હજારો ગણી ચેતના અનંત રીતે વધારે વેડફાય છે. જો કોઈ પ્રકારનો બગાડ ન હોય તો . . . . હું કરું છું, આશ્રમ અહીં હોઈ શકે જ નહિ! એક પણ એવી સેકંડ નથી જ્યારે કોઈ બગાડ ન હોય – કેટલીક વખત તેનાથી પણ વધારે ખરાબ થાય છે, આ એક કુટેવ છે – ભાગ્યે જ અચેતન. હું ધારું છું – બને તેટલી શક્તિને એકત્રિત કરવી, પોતે કરી શકે એટલી ચેતના ગ્રહણ કરવી અને તેનો પોતાના અંગત સંતોષો ખાતર ઉપયોગ કરવો. આવું ખરેખર દરેક મિનિટે બને છે. જો બધી જ શક્તિ, બધી જ ચેતના જે તમારા બધા ઉપર વરસાવવામાં આવે છે, તેને સાચા હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે, એટલે કે પ્રભુના કાર્ય માટે, અને પ્રભુના કાર્ય માટે તૈયાર થવા માટે, તો આપણે માર્ગ ઉપર કયારનાય દૂર દૂર આપણે છીએ તેના કરતાં પણ વધારે દૂર પહોંચી ગયા હોત. પરંતુ દરેક ઓછા કે વત્તા સચેતન રીતે, અને દરેક વખતે સહજ રીતે પોતે ગ્રહણ કરી શકાય એટલી શક્તિ અને ચેતનાને ગ્રહણ કરે છે અને જ્યારે તેને આ શક્તિનો પોતાનામાં અનુભવ થાય છે કે તરત જ તે પોતાના અંગત હેતુઓ માટે, પોતાના, અંગત સંતોષ માટે તેનો ઉપયોગ કરે છે.

કોણ વિચારે છે કે આ બધું બલ જે અહીં છે, તે અનંતગણું મહાન છે,

પૈસાની શક્તિઓ કરતાં અનંત ગણું કીમતી છે. જે બલ અહીં છે અને જે સચેતન રીતે, સતત અને અનંત ધીરજ અને ખંતથી આપવામાં આવે છે, અને ફક્ત એકમાત્ર હેતુ માટે, પ્રભુના કાર્યનો સાક્ષાત્કાર કરવા માટે – કોણ તેનો બગાડ ન કરવો એમ વિચારે છે? કોણ એમ અનુભવે છે કે, એક પ્રગતિ કરવા માટેની તેમની પવિત્ર ફરજ છે, તેમને વધારે સમજવાની અને વધારે સારી રીતે જીવવાની તૈયારી માટે છે? કારણ કે લોકો ફક્ત પ્રભુની શક્તિ વડે જ જીવે છે, તેઓ દિવ્ય ચેતના વડે જ જીવે છે અને તેઓ પોતાના અંગત સ્વાર્થી હેતુઓ માટે ઉપયોગ કરે છે.

થોડાક હજાર રૂપિયા ખર્ચાય ત્યારે તમને આઘાત લાગે છે, પણ આનાથી તમને આઘાત નથી લાગતો.... જ્યારે ચેતના અને શક્તિઓનાં ઝરણાંઓને પોતાના હેતુના માર્ગમાંથી જુદી દિશામાં ખસેડી લેવામાં આવે ત્યારે!

જો કોઈને પ્રભુનું કાર્ય આ પૃથ્વી ઉપર કરવું હોય, તો તેને ટનબંધ ધીરજ અને સહનશક્તિ લઈને આવવું પડશે. તેણે જાણવું પડશે કે કઈ રીતે શાશ્વતતામાં જીવવું અને દરેકમાં ચેતનાનો ઉદય થાય ત્યાં સુધી તેણે ધીરજ રાખવી પડશે – સાચી પૂર્ણતા શું છે તેની ચેતના સમજવા માટે.

૯ જૂન ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના 'યોગનાં મૂળતત્ત્વો' પ્રકરણ ૧૧ 'રૂપાંતર' ઉપર આધારિત છે.

"પ્રશ્ન : જ્યારે સાધકને એવાં સ્વપ્નાંઓ આવે જે આધ્યાત્મિક સત્યનો નિર્દેશ કરતાં હોય ત્યારે એ એમ દર્શાવતું નથી કે તેની પ્રકૃતિ રૂપાંતર પામતી જાય છે?

"ઉત્તર : અનિવાર્ય રીતે નહીં. તે દર્શાવે છે કે સામાન્ય માનવી કરતાં તેનામાં વધારે સચેતનતા છે. પરંતુ સ્વપ્નો પ્રકૃતિનું રૂપાંતર કરતાં નથી."

જો તમે પુસ્તક વાંચો તો તમને રૂપાંતર કરવામાં તે મદદ કરશે. પરંતુ તે પુસ્તક પોતે તમારું રૂપાંતર કરતું નથી. સ્વપ્ન એક નિર્દેશ છે. તે તમારી અંદર શું ચાલી રહ્યું છે તેનું સાચું ચિત્ર આપે છે, તમારી અવસ્થાનું, તમારા સંજોગોની અવસ્થાનું, અને આ સૂચનોથી તમારે રૂપાંતર માટે કરવાનું જે જરૂરી હોય તે તમે કરી શકો છો. પણ સ્વપ્ન પોતે તમારું રૂપાંતર કરશે નહીં.

હવે....દરેક એકની એક જ વસ્તુ કહે છે.... જે કહેવામાં આવ્યું છે તેમાં અને જે કરાયું છે તેમાં એક તફાવત છે. આ વાકય હું તમારી પાસે સો વખત વાંચી શકું છું; અહીં કેટલાંક વાકયો છે તમે જાણો છો....મેં તમને આ વિશે ઘણી વખત, ઘણી વખત, કેટલીય વખત કહ્યું છે, અને તેઓ પણ સ્પષ્ટ રીતે કહે છે, ખરું ને? આ બધી કઈ વસ્તુઓ છે? (માતાજી પાનાંઓ ફરીથી એક વખત ફેરવે છે, વાકયો શોધવા માટે) આનું હું ફરીથી પુનરાવર્તન કરીશ, હું તમારી પાસે સો વાર ફરી ફરી બોલીશ, પણ જ્યાં સુધી તમે નક્કી કરો કે...તમારે... (એક ઓચિંતાનો અવાજ આવે છે, ટેપરેકોર્ડરમાં કાંઈક તૂટતું; માતાજી હસે છે અને કહે છે.) અત્યારે આપણે વીજળીઓ ઉત્પન્ન કરીએ છીએ! (હાસ્ય) અહા! આ કયાં છે? (બાળકને) તું જાણે છે? (માતાજી પાનાં ફેરવવાનું ચાલુ રાખે છે અને વાકય શોધી કાઢે છે) * આપણે આ સ્થિતિમાં છીએ.

---

* શ્રી અરવિંદે લખ્યું છે કે, "ત્રણ મૂળ અંતરાયો" જે રૂપાંતરના માર્ગમાં નડે છે તે અહંકાર – મન પોતાના જ વિચારોને વળગી રહેતું, પ્રાણ, સત્ય સમર્પણને બદલે પોતાની કામનાઓને જ પસંદ કરતો – શારીરિક પોતાની ટેવોને ચીટકી રહેતું."

"મન પોતાના વિચારોને જ વળગી રહેતું !" જુઓ, આ મેં કેટલી બધી વાર તમને કહેલું છે ! "પ્રાણ પોતાની કામનાઓને જ પસંદ કરતો !" અને પછી મન પ્રાણનું સાથીદાર બની જાય છે અને કામનાઓને રાખવા માટે અદ્‌ભુત તર્ક દ્વારા આશ્ચર્યજનક સમજૂતીઓ આપે છે, વિસ્તૃત રીતે સમજાવે છે, ન્યાયયુક્ત સાબિતીઓ આપે છે અને આ બધી વસ્તુઓ તેને ખૂબ ઉપયોગી લાગે છે. મેં લોકોને કહેતાં સાંભળ્યા છે કે કામનાઓનો નાશ કરવા માટે તેમને સંતોષ આપો. તેઓ તેને સિદ્ધાંત બનાવે છે. તમે તમારી ઇચ્છાઓને સંતોષવાનું ચાલુ રાખો, સ્વાભાવિક રીતે જ, સારુ, એકની જગ્યાએ તમને બીજી ઇચ્છા થાય છે – બીજી ઇચ્છા સહેલાઈથી જગ્યા લઈ લે છે. પછી તમે બીજી ઇચ્છાઓને સંતોષવાનું ચાલુ રાખશો એવા ખ્યાલથી કે તમે તેમાંથી મુક્ત થઈ જશો. અને આમ આ વસ્તુઓ ઓછામાં ઓછી તમારી જિંદગીઓ લેશે !

અને પછી, છેવટે ટેવો !.... આમાં એક સુંદર શબ્દસમૂહ છે. – મેં તેની ખૂબ પ્રશંસા કરી છે – જેમાં શ્રી અરવિંદને પૂછવામાં આવ્યું છે, "શારીરિક પોતાની ટેવોને વળગી રહેતું – તેનો અર્થ શો ?" શારીરિકને કઈ ટેવો હોય છે જેને તેણે ફેંકી દેવાની હોય છે ? એ આ ભયંકર, ભયજનક ખોરાક માટેની પસંદગી, જે તમે ઘણા નાના હતા ત્યારે તમને ટેવ પડેલી તેની છે, તમે જે ખોરાક તમારા પ્રદેશમાં જન્મ્યા ત્યારે ખાતા હતા અને અત્યારે જ્યારે તમને તે ખોરાક મળતો નથી ત્યારે જે લાગી આવે છે, કે તમારી પાસે અત્યારે કાંઈ પણ ખાવાનું નથી, અને તેથી તમે ખૂબ દુઃખી છો.

હું જાણતી નથી, હું માનું છું કે એવા એક ડઝન માણસો પણ નહિ હોય જેઓએ અહીં આશ્રમમાં આવીને આશ્રમનો ખોરાક એમ કહ્યા વગર ખાધો હોય, "અહો ! આવા ખોરાકથી હું ટેવાયેલો નથી તે બહુ મુશ્કેલ છે." અને કેટલા બધા શતકોની સંખ્યામાં માણસો છે જે પોતાનો ખોરાક હાથે તૈયાર કરે છે, કારણ કે તેઓ આશ્રમનો ખોરાક ખાઈ શકતા નથી. (માતાજી પુસ્તકને સ્ટૂલ પર પછાડે છે.) અને આને તેઓ ન્યાયી સાબિત કરે છે ! એટલે અહીં બધા વિચારો આવવાની શરૂઆત કરે છે અને તેઓ કહે છે, "મારી તબિયત કેવી છે ! મને સારી રીતે પાચન થતું નથી. !" આ બધું ફક્ત તેમના મસ્તકમાં હોય છે. તેમાં સત્યનો એક શબ્દ પણ નથી. સત્યનો એક અક્ષર પણ નહીં. આ એક શાશ્વત જૂઠાણું છે જેમાં દરેક જીવે છે અને આ વસ્તુમાં, ખરેખર હું જે વિચારું છું તે કહીશ કે તમે માનવ સમુદાય કરતાં બિલકુલ આગળ વધ્યા નથી.

હું આ પ્રકારના જે કેટલાક બહુ, બહુ, બહુ વિરલ છે તેમને અપવાદ ગણું છું. તે આંગળીના વેઢા ઉપર ગણી શકાય. અને બધા જ, બધા જ આ વસ્તુને ન્યાયી ઠેરવે છે. બધા જ, બધા – "અરે મારાં બિચારાં બાળકો ! તેઓ આ ખોરાક ખાવાથી ટેવાયેલા નથી. આપણે આની વ્યવસ્થા કેવી રીતે કરીશું ? તેઓ આ ખોરાકના ફેરફારથી મૃત્યુ પામશે !" સારું, હું, ખરેખર, તેના માટે ઉપાય આપી શકું છું, તમે એક હોડી લો. ટ્રેન લો અને દુનિયાની ફરતા કેટલીક વખત ફરી વળો. તમને જે તે દેશનો ખોરાક ખાવાની ફરજ પડશે અને આવું કેટલોક વખત કર્યા પછી, તમે તમારી મૂર્ખાઈ સમજી શકશો .... તે મૂર્ખાઈ છે. એક ભયજનક તમસ્. વ્યક્તિ ત્યાં પોતાની ગેસ્ટ્રીક ટેવોથી બંધાઈ ગઈ છે આ પ્રમાણે (**માતાજી પોતાના હાથથી ગતિ કરે છે.**)

હવે મેં તમને જે મારા મનમાં હતું તે કહ્યું ! તમે પ્રશ્નો પૂછી શકો છો.

(મૌન)

કોઈ પ્રશ્નો નથી ?

માતાજી, તમે પ્રાર્થના અને ધ્યાનમાં કહેલું છે, "જે બનવાનું છે તે બનશે જ." તો પછી અમારે અંગત પ્રયત્નો શા માટે કરવા જોઈએ ?

"જે બનવાનું નક્કી છે તે બનશે ?" તમે જાણો છો હું કયા અર્થમાં કહું છું ? – કે જગતના પ્રારંભથી જ ભવિષ્યવાણીઓ થઈ છે કે નવી પૃથ્વી અને નવીન માનવજાતિ ઉત્પન્ન થશે, અને પ્રભુનો પૃથ્વી ઉપર આવિર્ભાવ થશે. અને તેથી તમને કહું છું, કે જે બનવાનું છે તે બનશે; જેનું ભવિષ્યમાં નિર્માણ થયેલું છે તેનો સાક્ષાત્કાર થશે. આપણે તે સ્થિતિમાં છીએ, તે પેલી નિર્મિત વસ્તુ છે, તે કાંઈ ઓછી સમજૂતી નથી. પૂરેપૂરી ઉપરથી નીચે પૃથ્વી સુધીની – આટલી સમજૂતી બિલકુલ ઓછી નથી.

(મૌન પછી) કોઈને, કોઈ પ્રશ્નો નથી ? મેં તમારા બધા પ્રશ્નોને એક ફટકાથી છૂંદી નાખ્યા ! (હાસ્ય)

મધુર માતાજી, જેમણે આ ભવિષ્યવાણી કહી, તેઓ, તેઓ...

તેઓ તે છે જેઓ તેનો સાક્ષાત્કાર કરશે, મારા બેટા. તેઓએ આ ભવિષ્યવાણી કહી છે અને તેઓ સાક્ષાત્કાર કરશે; અને તેઓ સદીઓથી તેના માટે કાર્ય કરી રહેલા છે. અને તેથી તારે શું કહેવું છે ?

પરંતુ, મારે એમ કહેવું હતું કે, તેઓને શ્રી અરવિંદની માફક જ દર્શન થયેલું ? અતિમાનસનું ?

જે મેં તમને કહ્યું તે તમે સમજ્યા હોત તો તમે આ પ્રશ્ન ન પૂછ્યો હોત.

એટલું બસ છે ને ? આપણે આશ્રયમાં છીએ, અત્યારે વરસાદ વરસતો નથી, અત્યારે ઘણું આરામદાયક છે. તે તમારે માટે કાંઈક જાણવાની ઇચ્છા જાગ્રત કરતું નથી. કરે છે ? કે પછી તમે બીજા ઝાપટાથી ડરો છો ? (હાસ્ય)

ચૈત્ય પુરુષનું કાર્ય શું છે ?

ચૈત્ય પુરુષનું શું કાર્ય છે ? તમારે તેને કાંઈ કામ આપવું છે ? તમારે ચોક્કસ શું કહેવું છે ? તેનું કાર્ય શું છે ? અહા ! બહુ સારું. કોઈ તેને આ રીતે મૂકી શકે, કે તે એક વીજળીનો તાર છે જે જનરેટરને દીવાની સાથે જોડી આપે છે. હવે જો કોઈને સમજાયું હોય તો મેં જે કહ્યું તે વસ્તુ સમજાવે !

કયું જનરેટર છે અને કયો દીવો ? (હાસ્ય)

અહા ! આપણે તે સ્થિતિમાં છીએ ! તેથી કયું જનરેટર અને કયો દીવો ! તે બરાબર તે જ છે. કયું જનરેટર છે અને કયો દીવો ? અથવા કોણ જનરેટર અને કોણ દીવો ?

પ્રભુ જનરેટર છે અને શરીર દીપ છે.

તે શરીર છે, તે દશ્યમાન સ્વરૂપ છે.

તેથી તે તેનું કાર્ય છે. આનો અર્થ એ કે જો સ્થૂલમાં, ચૈતસિક ન હોત તો, પ્રભુની સાથે તે સીધો સંપર્ક સાધવા શક્તિમાન હોત નહીં. અને ખુશીની વાત એ છે કે સ્થૂલમાં ચૈતસિક હાજરી હોવાથી સ્થૂલ તત્ત્વ અને પ્રભુ વચ્ચે સીધેસીધો સંબંધ થઈ શકે અને બધા માનવીઓને કહી શકાય, "તમે પ્રભુને તમારી અંદર ધારણા કરી રાખો, અને તમારે ફક્ત તમારી જાતમાં અંદર જવાનું છે અને તમે પ્રભુને શોધી શકશો." માનવીઓ માટે અથવા પૃથ્વીવાસીઓ માટે આ ખાસ વિશિષ્ટ વસ્તુ છે. માનવીમાં ચૈતસિક તત્ત્વ વધારે સચેતન બને છે, વધારે બંધાયેલું હોય છે, અને વધારે સ્વતંત્ર પણ છે. તે માનવીઓમાં વ્યક્તિત્વ પામેલું છે પણ તે પૃથ્વી ઉપરની એક વિશિષ્ટતા છે. એ બિલકુલ અવચેતન અને તમોગ્રસ્ત પૃથ્વી તત્ત્વમાં એક સીધો જ પ્રક્ષેપ છે, વિશિષ્ટ અને ઉદ્ધારક છે. જેથી કરીને તે અમુક અવસ્થાઓમાંથી પસાર થઈને, ફરીથી જાગ્રત થઈને, પ્રભુની ચેતનામાં, પ્રભુની હાજરીમાં અને છેવટે પ્રભુમાં પોતામાં પહોંચે. ચૈતસિક હાજરી જ માનવીને વિશિષ્ટ સત્તા આપે છે – મારે તેને (માનવીને)આ વિશે બહુ કહેવું નથી કારણ કે તે પોતાની જાત વિશેનું વધારે ગુમાન રાખે છે. તેને પોતાના વિશે એટલો બધો ઊંચો અભિપ્રાય હોય છે કે તેને ઉત્સાહ આપવાની જરૂર નથી ! પણ તેમ છતાં આ એક હકીકત છે – એટલાં

બધી સાચી કે વિશ્વમાંની બીજી ભૂમિકાઓમાં બીજાં સત્ત્વો પણ છે, જેને લોકો અર્ધ–દેવ કહે છે, દા.ત. સત્ત્વો જેમને શ્રી અરવિંદ 'અધિમનસ' કહે છે. જેઓ પૃથ્વી ઉપર શરીર ધારણ કરવા માટે ખૂબ ઝંખના કરે છે, જેથી કરીને તેઓને ચૈતસિક અનુભવ થાય, કારણ કે તેમને તે હોતો નથી. આ સત્ત્વોમાં ચોક્કસ એવા ઘણા ગુણો હોય છે જે માનવીઓમાં અપવાદરૂપ હોય છે, અને તેનું અસ્તિત્વ પૃથ્વી ઉપર જ છે અને બીજી કોઈ જગ્યાએ પણ નહીં. આ ઊર્ધ્વ જગતોના નિવાસીઓ, ઉચ્ચતર મન, અધિમાનસ અને બીજા પ્રદેશો — તેમનામાં ચૈત્ય પુરુષ નથી. ચોક્કસ, પ્રાણજગતનાં સત્ત્વોને પણ ચૈત્યપુરુષ નથી, પરંતુ આ પ્રાણજગતને આવો અફસોસ નથી. તેમને તેની જરૂર પણ નથી. કેટલાંક બહુ વિરલ સત્ત્વો છે જે અપવાદરૂપ છે, જેમને પલટાવું છે, અને આટલા માટે તેઓ વિલંબ કર્યા વગર કાર્ય કરે છે – અને તાત્કાલિક સ્થૂલ શરીર ધારણ કરે છે. બીજાઓને તેની જરૂર નથી; એ એવી વસ્તુ છે જે તેમને બાંધી રાખે છે અને તેમને એવું શાસન જેની જરૂર નથી તેની સાથે જકડી રાખે છે.

પણ એ હકીકત છે એટલે મારે કહેવાની ફરજ પડે છે કે તે આ પ્રમાણે છે. અને માનવી માટે તે એક અપવાદરૂપ ગુણ છે કે તે ચૈત્ય પુરુષને પોતાનામાં ધારણ કરે છે અને સાચું કહીએ તો તેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવાતો નથી આ ગુણને બહુ ઘણી ઇચ્છવાલાયક કોઈ વસ્તુ હોય એમ તે વિચારતો નથી, જે રીતે આ હાજરીની સાથે તે વર્તે છે તે ઉપરથી એમ લાગે છે કે તે બરાબર એમ જ છે ! તેના બદલે તે મનના ખ્યાલોને વધારે પસંદ કરે છે, પોતાના પ્રાણમય પુરુષની ઇચ્છા-ઓને તે વધારે પસંદ કરે છે અને તે જ પ્રમાણે શારીરિક ટેવોને પસંદ કરે છે.

મને ખબર નથી તમારામાંથી કેટલાએ બાઈબલ વાંચ્યું છે; તે વાંચવામાં બહુ આનંદ આવે તેવું નથી, અને વધારામાં તે ઘણું લાંબું છે. પણ તેમ છતાં બાઈબલમાં એક વાર્તા છે જે મને બહુ ગમતી. બે ભાઈઓ હતા, જો હું ભૂલતી ન હોઉં તો, ઈસુ અને જેકોબ. વારુ, ઈસુ ઘણો ભૂખ્યો હતો, તે જ વાર્તા છે, ખરું ને? હું માનું છું કે તે શિકારી હતો અથવા બીજું કાંઈ; ગમે તેમ પણ વાર્તા આવી રીતની છે – તે ઘણો ભૂખ્યો થઈને ઘેર આવ્યો અને તેણે જેકોબને કહ્યું કે તેણે તેને કહ્યું, સાંભળ, જો તું મને તારા સૂપનું ભોજન આપે (જેકોબે માછલીની રાબ બનાવેલી) "જો તું મને તારા સૂપનું ભોજન આપે તો હું તને મારા જન્મનો હક્ક આપી દઈશ." તમે જાણો છો કે વ્યક્તિ આ વાર્તાને બહુ ઉપરછલ્લી રીતે સમજી શકે, પરંતુ તેમાં ઘણો ગહન અર્થ રહેલો છે : જન્મનો હક્ક એ પ્રભુના પુત્ર તરીકે હોવાનો હક્ક છે. અને તેથી તે પોતાનો દિવ્ય હક્ક જતો કરવા માટે પૂરેપૂરો તૈયાર

હતો કારણ કે તે ભૂખ્યો હતો, અને એક સઘન સ્થૂલ વસ્તુ ખોરાક માટે. આ ઘણી જૂની વાર્તા છે, પરંતુ તે શાશ્વતી માટે સાચી છે.

હવે કાંઇ બીજું પૂછો.

માતાજી, અહિંયાં ઘણા લાંબા સમયથી આશ્રમ છે, અને તમે કહો છો કે જે લોકોએ કાંઈક કરેલું છે તેઓ આંગળીના વેઢા પર ગણી શકાય તેટલા છે....

નહીં, નહીં. મેં તેવું કહ્યું નથી. (હાસ્ય) હું ફક્ત ખોરાક વિશે જ વાતચીત કરતી હતી. હું તેવા માણસો વિશે બોલતી હતી જેઓ અહીં આવ્યા અને તેમણે શરૂઆત ન કરી, તું સમજ્યો? જેમણે શરૂઆત ન કરી....વાત ઘણી રસિક છે. લોકો, અહીં આવે છે ખૂબ શુભ ભાવનાથી અને વધારામાં – હું ધારું છું આ વિશે મેં બુલેટિનમાં કયાંક લખ્યું છે – તેમની શુભ ભાવના એટલી બધી બહાર ફેલાય છે કે જ્યારે તેઓ અહીં આવે છે ત્યારે દરેક વસ્તુ પૂર્ણ હોય છે, ખોરાક સુધ્ધાં – તેઓ જ્યાં સુધી ચૈતસિક ચેતનામાં રહે છે ત્યાં સુધી તે ખોરાક તેઓને સારો લાગે છે. પછીથી જ્યારે તે નિમ્નગામી બનવા માંડે છે ત્યારે જૂની ટેવો ઉપર ઊઠી આવે છે; તમને સમજાય છે, જ્યારે ચૈતસિક ચેતના નીચે ઊતરી આવે છે ત્યારે જૂની ટેવો તેમની જગ્યાએ પાછી ચડી જાય છે અને પછી તેઓ એમ કહેવાની શરૂઆત કરે છે : "આ વિચિત્ર છે! આ મને ગમતું હતું, પણ હવે મને તે વધારે સમય ગમતું નથી. તે બગડી ગયું છે, આ ખોરાક!" આ એક વચગાળાનો સમય હોય છે અને પછીથી થોડા સમય પછી વધારે કે ઓછા શરમાતાં તેમની પ્રકૃતિ પ્રમાણે તેઓ કહે છે (માતાજી ધીરે ધીરે મંદ અવાજે બોલે છે), "મને મારો પોતાનો ખોરાક લેવાની છૂટ નથી? કારણ કે.... મને ખબર નથી મારી હોજરી આ વસ્તુનું પાચન કરી શકતી નથી!" (હાસ્ય) વારુ! હું કહું છું કે આશ્રમમાં રહેલા માણસોમાં મને ખાતરી નથી.... પણ ઘણા, ઘણા ઓછા એવા છે કે જેમણે આમ ન કર્યું હોય. અને જેમણે પોતાની જાતને આ રીતે કહ્યું હોય, "ઓહ! મારા માટે તો એ બધું સરખું જ છે. મને જે આપવામાં આવ્યું છે તે હું ખાઉં છું અને હું તેના વિશે પરવા કરતો નથી" – આવા, ખરેખર આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હોઈ શકે છે.

માણસે આ વસ્તુને બહુ સ્પષ્ટ રીતે જોવી જોઈએ, તમે સમજો છો, કારણ કે કેટલાક એવા છે જેમનામાં કહેવાની હિંમત પણ હોતી નથી. ઘણા એવા છે તેમનામાં કાંઈ પણ કહેવાની હિંમત ન હોય, સિવાય કે તેઓ થોડા અસ્વસ્થ હોય અથવા ખરેખર તેમને પેટમાં દુઃખતું હોય અથવા તેઓ એમ વિચારતા હોય

કે તેઓને પેટમાં દુ:ખે છે, અને તેઓ ડૉકટૂરને મળવા જાય છે. ડૉકટૂર તેમને કહે છે, "ઓહ, આ વસ્તુનો પ્રયોગ કરો અથવા પેલી વસ્તુનો પ્રયત્ન કરો અને પછી કેમ રહે છે જુઓ." – અને તે વસ્તુઓ જે તેમને ખાવાની ટેવ પડેલી. ડૉકટૂર તેમને પૂછવાની શરૂઆત કરે છે, "પહેલાં કઈ વસ્તુઓ ખાવાથી તમે ટેવાયેલા હતા?" (હાસ્ય) આ પ્રમાણે બધું ચાલે છે. પછી સ્વાભાવિક રીતે જ, તેઓ તાત્કાલિક બોલી ઊઠે છે, "હા, હા, હા, મને લાગે છે કે તે મને સારો કરી દેશે!" (હાસ્ય)

હવે પછી! (માતાજી બાળક સામે જુએ છે જેણે આ પ્રશ્ન કરેલો.)

મારો કહેવાનો અર્થ એવો હતો કે તો પછી બધા પ્રયત્નો નિષ્ફળ છે?

મારા બાળક! હું એવી આશા રાખતી નથી! ખોરાકનો પ્રશ્ન તો ફક્ત એક જ પ્રશ્ન છે – હું એમ નથી કહી શકતી કે એ ગૌણ છે. કારણ કે તે ઘણો લાક્ષણિક છે – એ તો ફક્ત .... તે તો સૌથી વધારે સ્થૂલ ચેતના સાથે સંબંધ ધરાવે છે, અને તે દૃષ્ટિબિંદુથી ભૌતિક પરિસ્થિતિને તે બહુ સારી રીતે અભિવ્યક્ત કરે છે. પણ ખરેખર, આ બિચારું શરીર, માણસે તેની સાથે થોડી વધારે ધીરજથી કામ લેવું જોઈએ. મને એ વસ્તુ નિરાશ કરતી નથી – જો હું નિરાશ થઈ શકતી હોઉં તો – એ એક પ્રાણિક છે. ઓહ! ખરેખર, તેના સાથીદાર તરીકે મન અને આ બન્ને દુષ્ટ સાથીદારો એકઠા મળી એકબીજાનો આધાર લઈને, બહાનાંઓ કાઢીને, એક એવું અદ્ભુત ચિત્ર પોતાની તકલીફોનું તમારી સામે રજૂ કરે છે, અને તેઓ પોતાને ન્યાયી સાબિત કરે છે. તે વસ્તુ ખરેખર ભયંકર છે. આ દૃષ્ટિબિંદુથી શ્રી અરવિંદે એક નિયમ લખેલો, જે થોડા સમય માટે આપણે દરેક જગ્યાએ બહાર મૂકેલો, પરંતુ હું માનું છું કે અત્યારે તે અદૃશ્ય થઈ ગયો હશે અથવા લોકો એનાથી એટલા બધા ટેવાયેલા છે કે હવે તેની સામે પણ જોતા નથી. તેમાં કહ્યું છે: "તમે એવી રીતે વર્તો જાણે કે માતાજી તમારી સામે જોઈ રહ્યા હતા." શ્રી અરવિંદે વધારો કરેલો, "કારણ કે તે ચોક્કસ સદાય હાજર હોય છે." તેમ છતાં આ સ્થૂલ આંખો .... "ના, ના, ના, માતાજી ત્યાં નથી." અને તેથી પહેલાંથી જ સ્વયંસ્ફુરણા વસ્તુઓને ગુપ્ત રાખતી હોય છે, મારી સામે ન કરી શકે તેવી દરેક વસ્તુઓ માણસ કરે છે, એટલું જ નહીં પણ તે બિલકુલ એમ માનતો જ નથી. શ્રી અરવિંદના આ વાકયના છેલ્લા ભાગમાં માણસને બિલકુલ શ્રદ્ધા જ ન હોય તેવી રીતે તે વર્તે છે. અને જો કે હું ત્યાં શારીરિક રીતે હાજર હોતી નથી તેમ છતાં વસ્તુઓ કેવી રીતની છે તે હું જાણું છું. એટલે કે, વસ્તુઓને સંતાડવાની પ્રથમ પ્રેરણાને હું જાણું છું અને જે ક્ષણે તે માર્ગમાં તે વ્યકિત પ્રવેશ કરે છે તે

જાણે કે રેતીમાં પગલાં મૂકતો હોય તેવું લાગે છે. માણસ નીચે ને નીચે, નીચે ઊતરતો જાય છે: તે તમને પકડે છે, તે તમને ખેંચીને નીચે લઈ જાય છે, અને એવી રીતે કે તેમાંથી બહાર નીકળવું ઘણું મુશ્કેલ છે. બધી વસ્તુઓમાં આ સૌથી વધારે અનિષ્ટ છે: "હા, જો માતાજી ન જાણે તો!" અને પછી તે રીતે તેની શરૂઆત થાય છે અને તે જ તેનો અંત લાવે છે. સારું, મને આશા છે કે તમારામાંના ઘણા જૂઠું નહીં બોલતા હોય, પણ તેમ છતાં વળાંકનો અંત તો તે જ છે! અને તેથી જ તમે સમજો છો કે આ બધી મૂર્ખાઈઓ એવી છે જેમને બીજાની સાથે સરખાવી પણ ન શકાય. કારણ કે – હું તમને કાંઈક કહેવા માગું છું – અને હું તમને તે માટે સજામાંથી આવું છું: પણ તમારામાં તે વસ્તુ ન બને તેવી તમારી ઇચ્છા હોય, તો પણ તે વસ્તુ બન્યા જ કરશે!

લોકો મારી પાસે સવારના આશિષ માટે આવે છે, તમે જાણો છો અથવા રાત્રે જ્યારે હું તપાસ માટે જઉં છું, અને હું બધી જગાએ ફરું છું, અને દરેક જણ પાસે જાઉં છું. આ બન્ને પ્રસંગોમાં, સવારમાં જ્યારે તેઓ ફૂલ લેવા માટે આવે છે ત્યારે મારે ફક્ત તેમના સામે જોવાનું જ હોય છે. તેમના માથાની આજુબાજુ કંઈક હોય છે અને કેટલોક વખત એ એટલું સ્પષ્ટ હોય છે જાણે કે તેઓ મને કહે છે, "આ ખરેખર એવી વસ્તુ છે જે હું તમને કદી કહીશ નહીં." તેઓ મને આમ કહે છે, "હું તમને કદી આ અને આ અને પેલું કહીશ નહીં," તમે સમજ્યા, તેઓ આ વસ્તુ મને કહે છે કે તેઓ કદી કહેશે નહીં. મને એમ કહીને કે, "આ હું તમને કહેવાનો નથી." અને આ રીતે મને કહી દે છે.

માતાજી, અમે એવું કાંઈક કર્યું હોય જે તમારાથી છુપાવવાનું હોય, જ્યારે અમે તમારી પાસે આવીએ છીએ ત્યારે તમે એવી રીતે જુઓ છો કે જાણે તમે કાંઈ જાણતાં જ નથી. એમ કેમ? (હાસ્ય)

(હસતાં હસતાં) હું એવી રીતે જોઉં છું હું જાણે .... હું સાંભળું છું. હા? હું એવી રીતે સાંભળું છું જાણે હું કંઈ જાણતી નથી, ખરું ને? તે પ્રમાણે રહું તે સારું છે. અને કેટલીક વખત હું આશ્ચર્યથી બોલું છું, "આહ"! અને "અહો!" જાણે કે હું જાણતી નથી, ખરું ને? સારુ, મારા બેટા, એ બધું બીજું કારણસર છે. આ મેં તમને ઘણી વખત સમજાવ્યું છે.

જ્યારે હું લોકોને જોઉં છું અને તેમની સાથે કામ પાડું છું ત્યારે મારી ઇચ્છા હોય છે – હું એમ નથી કહેતી કે એ કાયમ શકય છે પણ તેમ છતાં – મારે તેમનાનાં રહેલો ચૈત્ય પુરુષ, તેમનો આદર્શ, તેમને શું કરવું છે, તેમને શું થવું છે, તે જોવાની મને ઇચ્છા હોય છે અને મારે તેને ધ્યાનમાં રાખીને સપાટી ઉપર ખેંચી

લાવવાનો હોય છે; મારું બધું કામ આ વસ્તુમાં સમાઈ જાય છે. હું જે જોઉં છું તેને હું કાયમ ઉપર ખેંચી લાવું છું. અને તેથી જ્યારે હું તે પ્રમાણે કરું છું ત્યારે, આમાં એવી વ્યક્તિઓ નથી આવતી જેઓ પોતાના વિશે સચેતન હોય છે, તેમની બાહ્ય ચેતનાની સ્થિતિ વિશે પણ હું કાયમ ચોક્કસ હોતી નથી; અને જ્યારે હું પ્રશ્નો પૂછું છું ત્યારે તેઓ જે વિશે સભાન હોય છે અને હું જે જોઉં છું, તે બે વચ્ચેનો ભેદ જાણવા માટે પૂછું છું; અને આ વસ્તુ હું હરેક સમયે કર્યા જ કરું છું એમ લાગે છે, જાણે હું કાંઈ જાણતી જ નથી, ખરું ને ? હું એક પ્રશ્ન પૂછું છું, શોધી કાઢવા માટે. "તમને શું લાગે છે ? તમે શું વિચારો છો ? તમે શું અનુભવ્યું ? શું" . . . . તમે જાણો છો, ને તમારી ચેતનાની સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર લેવા માટે હું તેમ કરું છું.

તમે તમારી જાત વિશે જે જાણો છો અને હું તમારા વિશે જે જાણું છું તે બે વચ્ચે ઘણો મહાન તફાવત હોય છે. હું તમારા વિશે જે જાણું છું તે સ્પષ્ટ રીતે તમે કેવા હોવા જોઈએ એ છે, તેથી, લોકો કેવા છે તેને, વ્યકિત બાહ્ય રીતે જ જુએ છે, પરંતુ તે તો બાહ્ય દશ્યમાન પરિસ્થિતિ છે, તે તમે સમજો છો. બન્ને વચ્ચે એક પ્રાણિક અને માનસિક સામ્રાજ્ય છે જે માનવીના દષ્ટિબિંદુથી ઘણું અગત્યનું છે અને ત્યાં દરેક માણસમાં તેણે કેવા બનવું જોઈએ તેની ચેતનાનું પ્રતિબિંબ પડવું જોઈએ, જેથી તે તેને સમજી શકે. પરંતુ વ્યકિત પોતાને વિશે જે જાણે છે, પોતામાં સક્રિય રીતે કેટલી સચેતનતા છે, અને પોતાના સ્વરૂપના સત્યમાં તે કેવો છે, તે બે વચ્ચે ઘણો મહાન ભેદ છે. મારા માટે એ વધારે મુશ્કેલ છે; આ આંતરાલ પ્રદેશમાં વાદળોથી છવાયેલો હોય છે; મારા માટે એ જૂઠાણાનો પ્રદેશ છે, જેને હું જૂઠાણું કહું છું. અંગ્રેજીમાં બે શબ્દો છે, 'જૂઠાણું' અને 'જૂઠ'; વારુ, તે એક જૂઠાણાની લાગણી છે. એ જૂઠ નથી, એ અર્થમાં કે માણસ 'જૂઠું' બોલતો નથી પરંતુ એ એવો પ્રદેશ છે કે જે સાચો નથી, જેમાં સ્વરૂપના સત્ય અનુભવો બિલકુલ નથી, અને તેમ છતાં આને વિશે તે પૂરેપૂરો સચેતન હોય છે. બહુ ઓછા માણસોને પોતે શું બનવું છે, પોતાને શું કરવું છે અને પોતાના સ્વરૂપનું સત્ય શું છે, તેનું આંતરિક દર્શન હોય છે. આવા માણસો ઘણા નથી અથવા તે સત્ય આવે છે અને પછી ઢંકાઈ જાય છે; ઓચિંતા વ્યકિતમાં ઝબકારો થાય છે અને પછી વાદળ ફરી વળે છે. અને એટલા માટે હું તમારી પાસે જે પ્રશ્નો મૂકું છું તે ઘણુંખરું તમારી ચેતનાની સપાટીની સ્થિતિ જાણવા માટે હોય છે, જે મારે માટે બિલકુલ અવાસ્તવિક હોય છે. એવું કાંઈક જે સાચું નથી.

તમે જે તમારા રોજિંદા જીવનમાં પાશવી જીવન જીવો છો, તે ચિત્ર અને તમારામાંના દરેકે શું થવું જોઈએ તેનું ચિત્ર જોને હું કાયમ મારી ચેતનાની શકિતથી

મારી પાસે રાખ્યું છું, જેથી કરીને તમે તેનો સાક્ષાત્કાર કરી શકો, તે બે ચિત્ર વચ્ચે ઘણો તફાવત છે – અને તે તમે પોતે છો, તે હા, તે તમારું પોતાનું સાચું સ્વરૂપ છે. તે પેલું અજ્ઞાની સ્વરૂપ નથી, મૂર્ખ અને બિનસચ્ચાઈભર્યું – કેટલોક વખત અપ્રમાણિક – જે છે .... જેને તમે તમારી પોતાની જાત કહો છો તે.

સાંભળો, સામાન્ય માનવીના ખ્યાલો પ્રમાણે હું કાંઈ એકદમ યુવાન નથી. હું ઠીકઠીક પ્રમાણમાં વૃદ્ધ છું. મારા બાલ્યકાળની શરૂઆતથી મેં વસ્તુઓનું નિરીક્ષણ કરવાનું બંધ કર્યું નથી, જ્યારે હું નાની હતી ત્યારે હું કદી બોલતી નહીં, એટલે મને ધમકાવવામાં આવતી. એટલા માટે કે હું મારો સમય નિરીક્ષણ કરવામાં ગાળતી. હું જોવામાં મારો સમય પસાર કરતી. હું દરેક વસ્તુની નોંધ રાખતી; હું જે કાંઈ શીખી શકું તે શીખી લેતી, મેં શીખવાનું બંધ કરેલું નહીં, હજી પણ હું અત્યારે આશ્ચર્ય અનુભવું છું, ઓચિંતા હું મારી જાતને વિકૃત થયેલી, સચ્ચાઈ વગરની અને તમોગ્રસતાવાળી ક્રિયાઓને જોતી અનુભવું છું, અને મારી જાતને કહું છું, "એ શકય નથી! આવી વસ્તુ હસ્તી ધરાવી શકે?" ખરેખર જે વસ્તુઓ હજુ પણ મારા તરફ આવ્યા કરે છે, એક દિવસ પછી બીજે દિવસે, "એ શકય નથી! આ જગતમાં આ રીતે વસ્તુઓ બને છે?" અને છતાં મેં ઘણી મોટી સંખ્યામાં માણસોને જોયા છે, જ્યારે હું ઘણી નાની હતી ત્યારથી માણસોમાં મેં રસ લેવાની શરૂઆત કરેલી. મેં ઘણા દેશો જોયા છે, મેં જે બીજાઓને સલાહ આપી હોય, તે થયેલું જોયું છે. દરેક દેશમાં હું તે દેશનું જીવન જીવી છું જેથી કરી તેને સારી રીતે સમજી શકું અને મને મારા બાહ્ય સ્વરૂપમાં કોઈ પણ બીજી વસ્તુનો રસ પડયો નથી જેટલો રસ મને શીખવામાં પડયો છે.

સારું, અત્યારે હજુ પણ મને એમ લાગે છે કે હું કાંઈ પણ જાણતી નથી. આ જગતમાં અને માનવચેતનામાં એવી વસ્તુઓ બની શકે જે વસ્તુઓ મારી સમજ બહાર હોય! મારી સમજમાં નથી આવતું કે તે કઈ રીતે શકય બની શકે. મારા માટે જો કોઈ આટલો બધો વિકૃત થયેલો હોય એટલી હદ સુધી કે તે ઓળખાય નહીં, તો મને એવી અસર થાય છે – મને કાયમ એવી અસર થાય છે કે આ સત્યની ચેતના જે આવિર્ભાવ પામવા પ્રયત્ન કરે છે, તે પક્કડમાં આવી ગઈ છે અને પૂરેપૂરી વિકૃત થઈ ગઈ છે, અને માણસ કઈ રીતે આવો બની શકે તે – તે હજુ મને સમજાતું નથી – કેવી રીતે માણસ આવા બિંદુએ પહોંચે છે.

તો આપણે આ સ્થિતિમાં છીએ! આ તમને નાહિંમત કરવા માટે નથી; એ ફકત તમને કહેવા માટે છે કે શા માટે હું કેટલાક વખતે પ્રશ્નો પૂછું છું. નાના બાળકને પણ હુ કદાચ પ્રશ્નો પૂછું છું. મને કાયમ લાગે છે કે વ્યકિત દરેક વખતે

કાંઈક શીખી શકે છે. આ ઉપરાંત પણ બીજું કાંઈક છે. હું બધી જ વસ્તુઓ જોઉ છું અને મેં તમને કહ્યું છે, ખરું ને, કે રાત્રે હું તપાસ કરવા જાઉં છું જ્યારે બધા ઊંઘતા હોય છે. તે મારા માટે ઘણું સગવડદાયક હોય છે, કારણ કે ઊંઘમાં માણસ જે પોતે ખરેખર હોય છે, તે જ હોય છે. વારુ, હું ચારે બાજુ જોઉં છું, હું તપાસ કરું છું અને હું બધી જાતની વસ્તુઓ જોઉં છું ! તમે કલ્પના પણ ન કરી શકો કે કેવી ? પણ દરેક સમયે જ્યારે મારા માટે શકય હોય ત્યારે હું પ્રશ્નો પૂછું છું, ઘણા પ્રશ્નો, જે મેં જોયું હોય તેને ચકાસવા માટે. મેં વર્ષો સુધી અને વર્ષો ને વર્ષો સુધી આ કાર્ય કરેલું છે; આ રીતે સચેતન રીતે મેં રાત્રીનું કાર્ય શરૂ કર્યું છે. કદાચ ૧૯૦૪માં, એટલે કે ૫૦ વર્ષ અગાઉ અને મેં તે બંધ કર્યું નથી. સારુ, હજુ પણ હું જે જોઉં છું તેની ખાતરી કરવા માટે, હું વ્યવહારુ પ્રશ્નો પૂછું છું જેથી કરીને તે વસ્તુ ચકાસી શકું, અને હું કદી જાણતી નથી (ટેપરેકોર્ડર એક મોટો ઘોંઘાટ શરૂ કરે છે અને તેથી માતાજીનું ધ્યાન દોરાય છે; તેઓ પૂછે છે, "પૂરું થયું ? તેને આગળ ચાલવું નથી !" પછી આગળ ચલાવે છે.), મને કદી તે પ્રકારની ખાતરી મળી નથી, જેને માણસો માને છે કે તેઓ ખાતરીબંધ જાણે છે, અને તેઓ કદી ભૂલમાં હોઈ શકે જ નહીં, અને તે વસ્તુ મને સમજાઈ જાય છે.

જગતમાં શાશ્વત રૂપાંતર થયા જ કરે છે. હું એક હજાર વર્ષ અથવા તેથી પણ વધારે આ પૃથ્વી ઉપર જીવન જીવું તો પણ હું અટકયા સિવાય શીખવાનું ચાલુ રાખું અને મને ખાતરી છે કે મને કાયમ નવું જાણવાનું મળે છે કારણ કે ગઈ કાલે જે સત્ય હતું તે આજે હવે નથી, અને આજે જે સત્ય છે તે આવતી કાલે હશે નહીં; જગત કાયમી રીતે બદલાયા કરે છે, માટે માણસ શાશ્વત કાળ સુધી શીખી શકે છે. અને છેવટે તો મને ખબર નથી કે આ જગત માટે એ જ ખાસ કારણ હોય, પોતાની જાતના પદાર્થપાઠને માટે, પોતાની જાતને વિગતવાર જાણવા માટે; તેમાં ઘણી વિગતો હોય છે, અને તે પણ અણધારી હોય છે !

તો પછી બસ, ટેપ પૂરી થઈ ગઈ ? તેથી હવે આપણે અત્યારે બંધ કરીશું. હવે મોડું થયું છે.

શુભરાત.

૧૬ જૂન ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના "યોગનાં મૂળતત્ત્વો", પ્રકરણ ૧૨, 'મુશ્કેલીઓ અને પ્રગતિ' પર આધારિત છે.

"પ્રશ્ન : બીજા વિશેના આપણા વિચારો (સારા અને ખરાબ) તે લોકોને કોઈ પણ રીતે અસર કરે છે?

"ઉત્તર : હા, તેની અસર હોય છે.

"પ્રશ્ન : એ શક્ય છે કે કોઈ પણ માણસની કામનાઓ, શંકાઓ વગેરે બીજા માણસ તરફ મોકલી શકાય?

"ઉત્તર : એકથી બીજા તરફ ગમે તે વસ્તુ પસાર થઈ શકે છે. આખા જગત ઉપર બધો જ સમય આ વસ્તુ બન્યા જ કરે છે."

કોને પ્રશ્ન પૂછવાનો છે?

મધુર માતાજી, કોઈ વ્યકિત બીજી બધી વસ્તુઓને ગ્રહણ કરે તે રીતે પ્રભુને ગ્રહણ કેમ કરી શકતો નથી?

'બીજી વસ્તુઓ' એટલે તમે શું સમજો છો?

તમે પ્રશ્નને બરાબર મૂકયો નથી. તમે એવું કહેવા માગો છો.... અહીં જે વસ્તુઓ કહેવામાં આવી છે તે એક માણસ તરફથી બીજા માણસ તરફ પસાર થતી અસરો વિશેની વાત છે – તારે એવું કહેવું છે? શા માટે માણસ જેમ પડોશીની દુરીચ્છાને સહેલાઈથી સ્વીકારે છે તેમ ભગવાનને કેમ સ્વીકારી શકતો નથી? તારે આ પ્રમાણે કહેવું છે?

કારણ કે તે એક જ ભૂમિકા ઉપર નથી. પડોશીની ખરાબ લાગણી કે શુભ લાગણી એક જ ભૂમિકા ઉપર હોય છે. જ્યારે પ્રભુ તો બીજા જગતમાં વસે છે, એ કારણ છે માટે પ્રભુને તે રીતે ગ્રહણ કરી શકતો નથી. જો કોઈ માનસિક ચિત્ર જોઈતું હોય, જે કાંઈ તમારી આ ક્ષિતિજની ભૂમિકામાં હોય છે તેને તમે સહેલાઈથી ગ્રહણ કરી શકો છો, પરંતુ જે સીધી ઊભી દિશામાં હોય છે તે ગ્રહણ કરવું ઘણું મુશ્કેલ હોય છે. પહેલા માણસે ઊર્ધ્વમાં જવું પડે, પોતાની અંદર, અને પછી પોતાની

જાતને ખુલ્લી કરવી જોઈએ જેથી તે ઉપરથી અવતરણ કરે, જ્યારે બીજી રીતમાં તો. . . .માણસ બધો જ સમય આ રીતે ભ્રમણ કર્યા કરે છે, ન સમજ્યો ?

અને કમનસીબે, નીચે સરકી પડવું, પતન થવું, તે ઊંચે ચડવા કરતા ઘણું સહેલું છે. જે અસર તમને નીચે ઢસડી લાવે છે તેને પ્રત્યુત્તર આપવો એ ઘણું સહેલું કાર્ય છે પરંતુ જે શક્તિ તમને ઊર્ધ્વમાં ખેંચે છે તેનો જવાબ આપવો તે અઘરું છે. નીચે ઊતરવું તે ઉપર ચડવા કરતાં વધારે સહેલું નથી ? જો કોઈ જગ્યાએ તમારે પહાડ ઉપર ચડવાનું હોય, તો તમે નીચે સરકી આવો અને તળેટીમાં પહોંચો તેના કરતા ઘણું વધારે મુશ્કેલ હોય છે. એ આ પ્રમાણે નથી ?

મધુર માતાજી જ્યારે કોઈને પ્રભુનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેને દુશ્મનો રહેતા નથી ?

આહ ! ખરેખર ? કેમ ? હું માનું છું કે તેનાથી સાચેસાચ ઊલટું જ છે.

વિરોધી બળો હોય છે તે તેનું કારણ છે ?

હા, ચોક્કસ. આ પૃથ્વી વિરોધી બળોથી ભરપૂર છે અને એવા માણસોથી જેઓ વિરોધી બળોને પ્રત્યુત્તર આપે છે. ઘણે ભાગે જેમ જેમ માણસ પ્રભુની અનુભૂતિ કરતો જાય છે તેમ તેમ તેની ચારે બાજુએ દુશ્મનો વધતા જાય છે.

તેઓ પ્રભુની વિરુદ્ધમાં કાર્ય કરે છે ?

અરે, હા ! ઓછમાં ઓછું તેઓ પ્રયત્ન તો કરે છે જ. મને ખબર નથી કે તે સફળ થાય છે કે કેમ, પરંતુ તે પ્રયત્ન કરે છે. તે જરૂર પ્રયત્ન કરે છે. તેમણે કાયમ પ્રયત્નો કરેલા છે.

કેમ ? પ્રભુએ તો કોઈનું કાંઈ બગાડયું નથી ?

(હસતાં) તમે એમ માનો છો કે બીજાઓએ તેમનું નુકસાન કર્યું હોય માટે જ માણસ તેમની વિરુદ્ધ કાર્ય કરે છે ? ઘણું ખરું તેનાથી બિલકુલ ઊલટું જ હોય છે. તમે મને કહી શકશો કે, શક્તિશાળી માણસો શા માટે નબળા માણસોની સામે પોતાનું બળ વાપરે છે ? એ એટલા માટે નથી કે નબળાઓએ તેમનું નુકસાન કર્યું છે, પણ ફક્ત એટલા માટે કે તેમનામાં તાકાત છે અને તેઓને પોતાના સ્વાર્થી હેતુઓ માટે નબળાઓને ફરજ પાડે છે, એટલા માટે તેઓ તેમને ફટકારે છે. જ્યારે તેમને કોઈ તક મળે છે ત્યારે તેઓ તેમની સાથે ખરાબ રીતભાત કરે છે. એ કાંઈ એટલા માટે નથી કે નબળા માણસોએ ભૂલો કરી હોય. એ એટલા માટે છે કે તેમને તેમના પોતાના હેતુઓ માટે, પોતાની ઈચ્છાઓના સંતોષ માટે પોતાના બળનો ઉપયોગ કરવો હોય છે.

ધારો કે એક દાખલો લઈએ, વિશ્વમાં કેટલાંક એવાં બળો છે, જેમને શાસન કરવાની ટેવ પડી હોય છે. જેવી રીતે કેટલાંક આસુરી બળો પૃથ્વી ઉપર સામ્રાજ્ય ચલાવે છે. તેમને તેમની સત્તા ગુમાવવી હોતી નથી. તેથી તે બધાંઓ જે પોતાની શક્તિ બહાર કાઢે છે અને જે શક્તિ તેમને પાછા હઠવાની ફરજ પાડે છે તેના ઉપર તેમનામાં જેટલી શક્તિ હોય તે શક્તિથી હલ્લો કરે છે. તેઓ પોતાની શક્તિ ટકાવી રાખવા માટે આમ કરે છે પરંતુ તે એટલા માટે નથી કે લોકો.... હકીકતમાં તમે સમજી શકો છો, તેઓ કાંઈ દુષ્ટ અથવા ખરાબ નથી. એ એટલા માટે છે જે પ્રકાશ અને શક્તિના પ્રતિનિધિઓ છે, તેમનો બીજાં બળોના પ્રતિનિધિઓની શક્તિ સંપૂર્ણ વિરોધ કરે છે.

માતાજી, એમ કહેવાય છે કે પ્રભુનું કાંઈક તત્ત્વ અસુરોમાં પણ હોય છે? સ્વાભાવિક રીતે!

તો પછી જ્યારે પ્રભુ અસુરોની સામે યુદ્ધ કરે છે, ત્યારે અસુરોમાં રહેલો પ્રભુ શું કરે છે?

તે પ્રભુ પ્રત્યે પાછા જાય છે. પરંતુ તમે વાત જાણો છો? પ્રભુ તેને પોતાનામાં સમાવી લે છે, રામાયણમાં છે તેમ, તે વાત આ અર્થમાં તદ્દન સાચી છે.

જો પ્રભુ અસુરમાંથી પાછો હઠી જાય, તો અસુર ઓગળી જાય. ઓગળે કે નહીં? — તે પ્રભુ કે જે અસુરમાં છે તે.

હું એવા માણસોને જાણું છું જેમણે પોતાના ચૈત્ય પુરુષનો ત્યાગ કરેલો હોય છે; અને તેમ છતાં, તેઓ જીવવાનું ચાલુ રાખે છે; અને છતાં તાર્કિક રીતે એવું દેખાય છે કે ચૈત્ય પુરુષ વિનાના માનવી મૃત્યુ પામે તેમ છતાં તેઓ જીવંત રહે છે. અને કદાચ એવું બની શકે કે આ પૃથ્વીમાંની આસુરિક શક્તિઓનો છેવટે ઓગાળી નાખવા માટે એની જરૂરિયાત પણ હોય – કદાચ પ્રભુને પોતાનું સમગ્ર સર્જન પોતાની અંદર સંકેલી લેવા માટેની પણ જરૂર હોય, કારણ કે સર્જનના ઉદ્ભવમાં જ આ વસ્તુ હોય છે.

તો પછી જો પ્રભુ પોતાની જાતને પ્રભુમાં સંકેલી ન લે તો પછી રૂપાંતર આવી શકે જ નહીં?

તેનો અર્થ જ પ્રલય એ રૂપાંતર નથી, એ તો પૃથ્વીનું વિસર્જન છે. એમ કહેવાય છે કે, છ સર્જનો થયાં હતાં, એટલે કે વિશ્વની છ વખત ઉત્પત્તિ થયેલી અને છ વખત વિશ્વ પાછું ગયું—આ રીતની શાસ્ત્રોમાં તે વિશે ગણતરી થઈ છે તે તમે જાણો છો – વિશ્વ પ્રભુમા પાછું સમાઈ ગયું પરંતુ એમ કહેવાય છે કે આ

તેનો અંત છે, એ એક અંત છે, પરંતુ તે તેની પૂર્ણાહુતિ નથી એ એટલા માટે કે સર્જનમાં કાંઈક ખામી હતી, અને તેને સંકેલવાની જરૂર હતી અને ફરીને તેનું સર્જન કરવાનું હતું, અને એમ કહેવાય છે કે અત્યારનું સર્જન એ સાતમું સર્જન છે. અને સાતમું હોવાથી તે સાચું સર્જન છે, એટલે કે તે છેવટનું છે. અને ફરીથી પાછું સંકેલાશે નહીં, તે ચાલુ રહેશે. રૂપાંતરિત થઈને વધારે ને વધારે પૂર્ણ બનીને, જેથી કરીને તે ફરીથી પાછું સંકેલાશે નહીં.

જે કહેવાયું છે તે કેટલે સુધી સાચું છે?

આપણે જોઈશું!

પરંતુ છેલ્લા છ વખત, તે ખરેખર બનેલું ખરું?

પ્રથમ છ વખત, હા, તે સત્ય છે. તેનો ક્રમ પણ આપવામાં આવ્યો છે. જે રીતે ક્રમ થયો તે રીતે.... કારણ કે, દરેક સર્જન કેટલાક ગુણધર્મો પર રચાયેલું છે અને આ ગુણોનો ક્રમ પણ આપવામાં આવ્યો છે. હું તે બધાં સર્જનોને જાણું છું, મેં કોઈક જગ્યાએ તે લખેલાં છે. પરંતુ મારી પાસે તે નથી. તેથી હું તમને તે આપી શકું નહીં. હું ભૂલ કરી બેસું. પરંતુ કોઈક દિવસ હું તમને તે કાગળ લાવી આપી શકું જેના ઉપર તે લખેલું છે. અત્યારે હું એ જાણું છું કે આ સમયે આ સર્જનના પાયા સમતા ઉપર રચાયેલા છે. પણ એક વિશિષ્ટ પ્રકારની સમતુલા, કારણ કે તે પ્રગતિકારક સમતુલા છે. તે સ્થિર સમતુલા નથી જે હાલના સર્જનનો ગુણ-ધર્મ છે. તે **સમતુલા** છે; એટલા માટે કહેવાય છે કે આ સર્જનમાં જો દરેક વસ્તુ પોતાની સાચી જગ્યામાં હોય, સંપૂર્ણ સમતામાં, તો કોઈ પ્રકારનું અનિષ્ટ હોય નહીં, અનિષ્ટ શું છે? – જે સમતુલામાં ન હોય તે વસ્તુઓ! કોઈ પણ વસ્તુ પોતાનામાં ખરાબ નથી, તેની જગ્યા ફક્ત ખોટી રીતની હોય છે, તે તેના સાચા સ્થાનમાં હોતી નથી.

તો પછી અસુરોનું સ્થાન કયાં હોય છે?

તેમને પ્રભુમાં પાછા લઈ જવાનું છે. ચાર મહાન અસુરો હતા. તે ચારેમાંના બેનું રૂપાંતર થઈ ગયેલું છે. અને તેઓ પ્રભુના કાર્યમાં ભાગ લે છે. બીજા બે હજુ સારી રીતે ટકી રહેલા છે, તેઓ હજુ કેટલો લાંબો સમય ટકી રહેશે? તે આપણે જોઈશું. તેથી તેમની પાસે બેમાંથી એકની પસંદગી હોય છે, રૂપાંતરિત થવું એટલે કે તેમનું પોતાનું સ્થાન સમગ્રતામાં પ્રાપ્ત કરવું, અને સ્થિર થવું, અથવા તો તેમણે ઓગળી જવું એટલે કે તેમના મૂળમાં પાછા સમાવવું.

તેમાંના એકે રૂપાંતર સાધવાનો પ્રયત્ન કર્યો અને તે સફળ થયો નહીં; જ્યારે

રૂપાંતર થવાનું હતું ત્યારે તેને બહુ નાપસંદ પડ્યું અને એટલે તેણે બીજા સમય માટે તેને મુલતવી રાખ્યું.

બીજાના માટે તે પ્રયત્ન કરવા માટે ઈન્કાર કરે છે. તેણે ઘણું ઘણું અગત્યનું સ્થાન જગતમાં પ્રાપ્ત કર્યું છે. કારણ કે લોકો જેઓ વસ્તુઓને જાણતા નથી તેઓ તેને "રાષ્ટ્રનો સ્વામી" કહે છે. ખરી રીતે, થોડા સમય પહેલાં આ જગત ઉપર શાસન કરનારાં બળો વિશે વાતચીત કરતી હતી. અને તેઓને પોતાનું જગત ઉપરનું શાસન છોડી દેવાની ઈચ્છા નથી. તેઓ તે વસ્તુથી પૂરા સંતોષમાં છે – તે જાણતો નથી કે એક દિવસ તેનો અંત આવશે, પણ તેમ છતાં તેનાથી જેટલું લાંબું બની શકે તેટલું તે તેને મુલતવી રાખે છે.

પરંતુ તે લોકોને માનવ-દિશામાનો હોતાં નથી, ને ઘણા લાંબા વખત સુધી પણ ચાલુ રહી શકે છે, રહી શકે ને? જ્યાં સુધી આ પૃથ્વી ઉપરની કોઈ માનવ-ચેતના તેમની અસરોને પ્રત્યુત્તર આપવા માટે તૈયાર જણાય, ત્યાં સુધી તેઓ ટકી રહેશે. એટલે તમે આ પ્રશ્નની કલ્પના કરી શકો છો? હવે તેઓ વ્યક્તિઓ મારફત નહીં પરંતુ રાષ્ટ્રો મારફત તેમની અસરનો પ્રભાવ અમલમાં મૂકે છે.

કયાં બે બળો અત્યાર સુધીમાં રૂપાંતર પામ્યાં છે?

તમે તે ચાર અસુરોને જાણો છો?

ના, હું તેઓને જાણતો નથી.

આ ચાર અસુરોનું મૂળ શું છે તે તમે જાણો છો? (બીજા બાળક પ્રત્યે) કોણ આ જાણે છે?

તમે અમને એક વખત વર્ગમાં કહ્યું હતું.

હા, ચોક્કસ; માટે તો હું તમને તેના વિશે પૂછું છું. જેથી મને ખબર પડે કે મેં કહેલી વાત યાદ રાખો છો કે કેમ?

તમે કહેલું કે ચાર દિવ્ય શક્તિઓ છે: પ્રેમ, પ્રકાશ, સત્ય અને મૃત્યુથી વિરુદ્ધનું.

અને કઈ શક્તિ?

(બીજું બાળક હસતાં હસતાં) જીવન!

આહ!

પછી આ ચાર બળો પ્રભુમાંથી છૂટાં પડ્યાં અને જૂઠાણામાં ફેંકાઈ ગયાં.

હા, એ એવું જ કાંઈક છે! તેવું જ કાંઈક છે?

પ્રકાશ અથવા ચેતના, આનંદ અથવા પ્રેમ, જીવન અને સત્ય.

પછી પ્રકાશ અથવા ચેતના, અંધકાર અને અચિત થયાં. પ્રેમ અને આનંદ, ધિક્કાર અને દુઃખ થયાં અને સત્ય બન્યું જૂઠાણું, અને જીવન બન્યું મૃત્યુ. સારું, પહેલાં બે....પણ બરાબર તેવી જ પરિસ્થિતિમાં રહ્યાં નથી. પહેલું પલટાયું છે અને કાર્ય કરે છે. પણ તેણે માનવ-શરીર લેવાનો ઇંન્કાર કર્યો છે. તે કહે છે કે તેના કાર્યમાં તે મર્યાદિત થઈ જાય છે; કોઈક દિવસ તે શરીર ધારણ કરશે પરંતુ અત્યાર પૂરતું તો તે ઇન્કાર કરે છે. બીજું પરિવર્તન પામ્યું છે અને પોતાની જાતે જ ઓગળી ગયું છે, તેના પોતાના મૂળમાં તે ઓગળી ગયું છે અને છેલ્લાં બે હજુ બરાબર ટકી રહ્યાં છે.

મૃત્યુએ શરીર ધારણ કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે પરિવર્તન પામી શકયું નહીં. તેણે અવતાર ધારણ કરવા પ્રયત્ન કર્યો, જે બહુ વિરલ વસ્તુ છે. પરંતુ તે એક અંશત: અવતાર જ હતો, સંપૂર્ણ અવતાર નહીં. તેમનું પૂર્ણ સ્વરૂપ તેમના માટે બહુ મુશ્કેલ છે; માનવ-શરીરો તેમના માટે બહુ ટૂંકાં છે, માનવ-ચેતનાઓ તેમના માટે ઘણી નાની છે.

બીજાને માટે તેના પ્રાદુર્ભાવો થયેલા છે જે કેટલાંક માનવ-શરીરોમાં ઘણા સક્રિય બનેલા છે અને પૃથ્વીના ઇતિહાસમાં તેમણે ઘણો મોટો ભાગ ભજવેલો છે.

અસુરો પોતાની અંદરોઅંદર કલહ કરતા નથી ?

ઓહ હા, ઓહ હા ! માણસો માફક જ તેઓ આસુરિક અસર નીચે હોય છે. તેઓ માંહોમાંહે, પોતાના જ ભયંકર દુશ્મનો હોય છે. આપણે એમ કહેવું જોઈએ કે તે આશીર્વાદરૂપ છે, કારણ કે જો તેઓમાં સમજ હોત, તો વસ્તુઓ વધારે મુશ્કેલ બની હોત. કદાચ એ એટલા માટે છે કે સમતુલાનો નિયમ આ જગતનું શાસન કરે છે તે એટલા માટે છે જેથી તેમની અસરનું બળ ઓછું થઈ જાય.

જૂઠાણાના સ્વામીને ઘણી મહાન અસર છે. તમને જેમ ચેપી રોગો પકડમાં લઈ લે છે તે રીતે તે તમને પકડમાં લઈ લે છે તેનાથી પણ વધારે મજબૂત રીતે !

મધુર માતાજી, જૂઠાણાએ અવતાર ધારણ કરવા પ્રયત્ન ન કર્યો ?

તેણે તેના પ્રાદુર્ભાવો પૃથ્વી ઉપર મોકલ્યા હતા. પરંતુ હું માનતી નથી કે રૂપાંતર સાધવાનો તેમનો હેતુ હોય, ગમે તે રીતે તે તેમાં સફળ થયું નથી.

વિરોધી બળોના આકર્ષણ માટે માનવ શા માટે કેન્દ્ર બને છે ? તે તો આટલો બધો મર્યાદિત છે ?

હા. તેઓ પણ ઘણે ભાગે એક માણસ ઉપર કાર્ય કરતા નથી. પરંતુ પૃથ્વી – વાતાવરણને કાબૂમાં લેવા પ્રયત્ન કરે છે. તમે સમજ્યાને? અને માણસોને કાબૂમાં લીધા સિવાય પૃથ્વીના વાતાવરણને તેઓ પકડી શકે નહીં, કારણ કે માણસમાં જ સૌથી ઉચ્ચ પ્રકારની પાર્થિવ શક્તિઓ આવિર્ભાવ પામે છે. પરિવર્તન માટે માનવ-શરીર ધારણ કરવું એ ખરેખર ઘણું .... આનો જવાબ બહુ સહેલો છે. એ એટલા માટે છે કે માણસમાં એક ચૈત્ય પુરુષ છે, અને કોઈ પણ અસુર તે ચૈત્ય પુરુષની અસરની સામે અનંત સમય સુધી ટકી શકતો નથી, ભલે પછી તે સમર્પણ કરવા માટે અને પોતાની જાતને બંધનમાં મૂકવા માટે ગમે તેટલો ઈન્કાર કરતો હોય. અને આ વસ્તુ તો તેમના અસ્તિત્વથી બિલકુલ વિરોધી વસ્તુ છે.

મધુર માતાજી, શ્રી અરવિંદે કહ્યું છે કે વ્યક્તિ માનવપ્રેમમાંથી પ્રભુના પ્રેમ પ્રત્યે જઈ શકે છે.

તેઓ માનવપ્રેમ ભક્તિમાં આવિર્ભાવ પામે છે તેના વિશે કહેતા હતા, એક એવી શક્તિ જે પ્રભુ પ્રત્યે ભક્તિમાં જઈ શકે છે. અને તેઓ કહે છે કે પ્રભુ માટેના તમારા પ્રેમની શરૂઆતમાં તે ઘણો માનવીય પ્રેમ હોય છે, અને તેમાં માનવ-પ્રેમની બધી વિશિષ્ટતાઓ હોય છે. અને વધારામાં તેમણે આ વસ્તુનું સુંદર વર્ણન કરેલું છે. તેમ છતાં દૃઢતાપૂર્વક રહો અને જરૂરી પ્રયત્ન કરો તો માનવપ્રેમનું દિવ્ય પ્રેમમાં રૂપાંતર થવું અશક્ય નથી. તમે જેને ચાહો તેની સાથે તમે તાદાત્મ્ય સાધી શકો છો, તેમણે એમ નથી કહ્યું, કે બે વ્યક્તિઓ વચ્ચેનો પ્રેમ દિવ્ય પ્રેમમાં રૂપાંતર થઈ શકે. તે એ પ્રમાણે બિલકુલ નથી! આના કરતાં તેમણે ઊલટું જ કહ્યું છે. તેમને કોઈએ ભક્તિ વિશે પ્રશ્ન પૂછેલો, તેને કહેલું છે. તમે જાણો છો સાધકનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ. શરૂઆતમાં તમારો પ્રેમ સંપૂર્ણ માનવીય પ્રેમ હોય છે અને તેઓ તેને વાણિજ્યના સોદા તરીકે કહે છે. જો તમે પ્રગતિ કરો તો તમારો પ્રેમ દિવ્ય પ્રેમમાં રૂપાંતર પામે છે, સાચી ભક્તિમાં.

આપણને શા માટે કેટલાક માટે વિશિષ્ટ પ્રકારની પસંદગી પડે છે. દા.ત. સચ્ચાઈ અને અભિપ્સાનું પ્રકરણ?

તમારે કહેવું છે કે તે તમને વાંચવાની ઇચ્છા થાય છે? કારણ કે તેમાં જે વસ્તુ છે તેની કદાચ તમારે જરૂર હોય. જો તમને કોઈ વસ્તુ પ્રત્યે આકર્ષણ હોય તો ઘણું ખરું તમારે તેને વાંચવાની જરૂરિયાત ઊભી થાય છે અને જે તમારી પાસે આવે તે જ વસ્તુને તમારે સમજવાની જરૂર છે. તમે આ વસ્તુનો ભૌતિક રીતે

ઉપયોગ કરી શકો છો જે મેં ઘણી વખત આપી છે તે રીતે. તમે એકાગ્રતા કરો છો — જો તમને કોઈ મુશ્કેલી હોય અથવા કોઈ મદદની જરૂર હોય. તો તમે એકાગ્રતા કરો અને તમે પુસ્તકમાં પાનાં માટેનું એક નિશાન મૂકો અને તમે જે પૂછેલું હોય તેનો જે જવાબ હોય તે વસ્તુ ઉપર એકાગ્રતા કરો, તે સૌથી સ્થૂલ રીત છે; પરંતુ મન સારી સ્થિતિમાં હોય તો બિલકુલ સ્વાભાવિક રીતે તે શીર્ષકો વાંચે છે અને તે કહેશે, "અહો, આ મારે વાંચવાની ખાસ જરૂર છે." અને અંદર શું આવેલું છે તે પણ તે જાણતું નહીં હોય પણ તેને એવું લાગશે કે તેનો જે પ્રશ્ન છે, તેને જેની જરૂર છે તેના જવાબ રૂપે તે વાંચવાનું છે.

કેટલાક માણસોમાં કોઈ પણ પ્રયત્ન વિના પણ પ્રગતિ કરવાની આ શક્તિ હોય છે, અને કોઈક આવશે અને તેને પુસ્તક આપશે અને તેને કહેશે તેને ખબર પણ નહીં હોય તે રીતે "આ ચોપડી તું વાંચ તેમાં તને રસ પડશે." અથવા તો તેઓ એવા ઘરમાં પ્રવેશ કરશે અને એક પુસ્તકને ટેબલ પર પડેલું જોશે — અને તે જ પુસ્તક તેમને જે વાંચવું હશે તે નીકળશે. આ વસ્તુ આંતરિક અભીપ્સાની ખૂબ તીવ્રતા ઉપર આધાર રાખે છે. જો તમે સચેતન અભીપ્સાની અવસ્થામાં હશો અને ઘણા સત્યનિષ્ઠ હશો તો બધી વસ્તુઓ તમારી ચારે બાજુ એવી રીતે ગોઠવાયેલી હશે જે તમને તમારી અભીપ્સામાં મદદ કરશે. પછી સીધી કે આડકતરી રીતે, એટલે કે તમારી પ્રગતિ કરવા માટે કોઈક નવીન વસ્તુના સંપર્કમાં તમને મૂકી આપશે અથવા જે વસ્તુને તમારી પ્રકૃતિમાંથી નીકળી જવાની જરૂર હશે તેને તે બાતલ કરી દેશે. આ એક ઘણી જ અદ્ભુત વસ્તુ છે. જો તમે અભીપ્સાની તીવ્રતાની સાચી અવસ્થામાં હો તો એક પણ એવો સંયોગ નથી જે તમને તમારી અભીપ્સાનો સાક્ષાત્કાર કરવામાં મદદરૂપ ન થાય. બધી જ વસ્તુઓ આવે છે, દરેક, જાણે કે એક પૂર્ણ અને નિરપેક્ષ ચેતના તમારી આજુબાજુ બધી વસ્તુઓને ગોઠવે છે, અને તમારા બાહ્ય અજ્ઞાનમાં તમે પોતે તેને જાણી શકતા ન હો અને પહેલાં તો સંજોગો જે રીતે દેખાય છે તેમના પ્રત્યે બંડ કરતા હો, તમે ફરિયાદ કરતા હો, તેમને ફેરવવાનો તમે પ્રયત્ન કરતા હો, પરંતુ થોડા સમય પછી, જ્યારે તમે થોડા વધારે ડાહ્યા બનો, અને તમારી અને બનાવની વચ્ચે થોડું અંતર હોય, ત્યારે તમને સમજાશે કે તમારી જરૂરી પ્રગતિ કરવા માટે તમારે તે સંજોગોની ખાસ જરૂર હતી. અને તમે જાણો છો કે તે એક સંકલ્પશક્તિ છે, એક પરમ શુભ સંકલ્પશક્તિ, જે તમારી આજુબાજુ વસ્તુઓને ગોઠવે છે. અને જ્યારે તમે તેને સ્વીકારવાને બદલે ફરિયાદ કરતા હો, વિરોધ કરતા હો, ત્યારે પણ, એવી ક્ષણોમાં પણ, તે ખૂબ અસરકારક રીતે કાર્ય કરતી હોય છે.

મેં એક નાનું વાકય * લખ્યું છે, જે બુલેટિનમાં આવશે. હવે પછીનાં બુલેટિનમાં તે આવા પ્રકારનું છે. (મને તે શબ્દો બરાબર યાદ નથી).* તમે શ્રદ્ધાથી પ્રભુને એમ કહો, "મારે ફકત તારી જ જરૂર છે," તો પ્રભુ તમારા સંજોગો એવી રીતે ગોઠવી આપશે કે તમારે સત્યનિષ્ઠ બનવાની ફરજ પડે જ, તમારી સતૂતામાં કંઈક .... "મારે ફકત તારી જ જરૂર છે...." એવી અભીપ્સા....અને પછી માણસને બીજી ઘણી હજારો વસ્તુની માગણી હોય છે, એ પ્રમાણે નથી હોતું ? કોઈક વખત કંઈક આવે છે, જરા .... ઘણે ભાગે બધી વસ્તુઓને ઊલટસૂલટ કરવા માટે – તે તમારો રસ્તો રોકે છે અને તમારી અભીપ્સાના સાક્ષાત્કારને અટકાવે છે. વારુ, પ્રભુ ગુપ્ત રીતે આવશે, તેને તમે જોઈ શકશો નહીં, અને તમને તેમની કોઈ ઝાંખી પણ થશે નહીં, અને તે બધા સંજોગોને એવી રીતે ગોઠવશે જે વસ્તુઓ કેવળ પ્રભુના બનવામાં તમને અટકાવતી હશે અને અનિવાર્ય રીતે તમારા રસ્તામાંથી ખસેડી લેવામાં આવશે. પછીથી જયારે બધી વસ્તુઓ ખસી જશે ત્યારે તમે બૂમો પાડવાની અને ફરિયાદો કરવાની શરૂઆત કરશો, પણ પછીથી જો તમે સત્યનિષ્ઠ હશો અને તમારી જાત પ્રત્યે સીધેસીધી રીતે જોશો તો .... તમે ભગવાનને કહ્યું હશે, તમે કહ્યું છે જ, "મારે ફકત તારી જ જરૂર છે" તો તે તમારી નજીક જ રહેશે અને બાકીનું બધું ચાલ્યું જશે, આ ખરેખર પરમ પ્રભુની કૃપા છે. ફકત તમારે શ્રદ્ધાથી એટલું કહેવું પડશે, હું એમ નથી કહેવા માગતી કે તમે સમગ્રતયા એમ કહો, કારણ કે જો માણસ પૂર્ણતાથી એમ કહે તો તો કાર્ય થઈ જ જાય છે, જે જરૂરી છે તે તમારી સતૂતાનો એક ભાગ તમારા કેન્દ્રની એક સંકલ્પશકિત, દઢતાથી કહે : "મારે ફકત તારી જ જરૂર છે." ફકત એક જ વખત; કદાચ તેને વધારે કે ઓછો સમય લાગે, કદાચ એ વર્ષો સુધી ખેંચાય, પણ માણસ ધ્યેયને પહોંચી જાય છે.

પરંતુ વ્યકિતમાં તો ઘણા પ્રકારની અપૂર્ણતાઓ હોય છે !

આહ ! જેમ વધારે અપૂર્ણતાઓ તેમ તે વધારે સમય લે છે જેટલી વધારે નિર્બળાતાઓ હોય તેટલો વધારે સમય તે લે છે.

પરંતુ લક્ષ્ય તો ચોક્કસ છે.

---

* જો તમે સાચી રીતે પ્રભુને કહો કે, "મારે ફકત તારી જ જરૂર છે, તો પ્રભુ એવી રીતે સંજોગો ગોઠવી આપશે કે તમારે સચ્ચાઇવાળા બનવું પડશે."

૨૩ જૂન ૧૯૫૪

આ વાર્તાલાપ અરવિંદના પુસ્તક "યોગનાં મૂળભૂત તત્ત્વો", પ્રકરણ ૧૩, "કામવાસના–ખોરાક–ઊંઘ", ઉપર આધારિત છે.

"પ્રશ્ન : ઘણો જ અલ્પ ખોરાક ઇન્દ્રિયોને કાબૂમાં રાખવામાં મદદરૂપ થાય છે ?

"ઉત્તર : ના, તે માણસોને થકવી નાખે છે–મિતાહારી થવું શ્રેષ્ઠ છે. જે લોકો અપવાસ કરે છે તેઓ એકદમ ઉત્સાહમાં આવી જઈને સમતુલા ગુમાવી બેસે છે.

"પ્રશ્ન : કોઈ જો ફક્ત શાકાહારી ખોરાક જ લે તેથી ઇન્દ્રિયોના કાબૂમાં સહાય થાય ?

"ઉત્તર : માંસાહારી લોકોને કેટલીક તકલીફો પડે છે. તે દૂર થાય, પરંતુ એટલું જ પૂરતું નથી."

બીજા કોઈ પ્રશ્નો ?

વ્યક્તિ માંસાહાર કરે તો શું બને છે ?

તમારે મારી પાસે વાત સાંભળવી છે ? હું એક સ્વીડીશ સ્ત્રીને ઓળખતી. તે સાધના કરતી હતી, તે શાકાહારી હતી; પોતાની જાતે જ પસંદ કરેલું અને તેવી ટેવ પાડેલી. એક દિવસ કેટલાક મિત્રોએ તેને આમંત્રણ આપીને ખાણામાં તેને મરઘીનું બચ્ચું આપ્યું. તેને ધાંધલ કરવાની ઇચ્છા નહીં અટલે તે ખાઈ ગઈ. પરંતુ પછીથી ઓચિંતા તેને રાત્રે એમ લાગ્યું કે તે એક ટોપલીમાં પુરાયેલી છે. અને તેની સળીઓની વચ્ચે તેનું માથું ફસાઈ ગયું છે અને તેને હલાવવામાં, હલાવવામાં જોરજોરથી વીંઝવામાં આવે છે અને તેની સ્થિતિ ખૂબ દુઃખદાયક દર્દજનક થઈ; ત્યાર પછી તેને એવો અનુભવ થયો કે તેનું માથું નીચે છે અને પગ ઉપર હવામાં છે અને તેને ખૂબ જોરથી હલાવવામાં આવે છે, હલાવવામાં આવે છે, હલાવવામાં આવે છે. (હાસ્ય) તે પૂરેપૂરી દુઃખી થઈ ગઈ; અને ઓચિંતા કોઈએ તેના શરીરમાં કાંઈક ખેંચવા માંડયું અને તે તેને ખૂબ ઈજા કરતું, અને પછી કોઈ છરી લઈને આવ્યું અને તેનું માથું ઝટકાથી ઉડાડી દીધું; અને પછી તે જાગી ગઈ. તેણે મને આ

બધી વાત કરી; તેણે મને વાત કરી કે તેને ભયંકર રાત્રી ઓથાર આવેલો અને સૂતાં પહેલાં આવું કાંઈ વિચારેલું પણ નહિ, પેલા બિચારા મરઘાની ચેતના તેની અંદર પ્રવેશેલી અને પેલા બિચારા મરઘાએ જ્યારે તેને બજારમાં લઈ જવાયું, વેચાયું, પીંછાં ખેંચાયાં અને ગળું કપાયું ત્યારે જે જે વેદના સહન કરી તે બધી જ વેદના તે સ્ત્રીએ પોતાના સ્વપ્નમાં અનુભવી ! (હાસ્ય)

આ પ્રમાણે વસ્તુઓ બને છે! એટલે કે તમે જે પ્રાણી ખોરાકમાં લો છો તેના માંસની સાથે તમે વધારે કે ઓછા પ્રમાણમાં તેની ચેતના પણ ગળી જાઓ છો. તે બહુ ગંભીર બાબત નથી પણ તે બહુ આનંદજનક પણ નથી અને એ સ્પષ્ટ છે કે તમને પ્રાણી તરફી રહેવાને બદલે માનવી તરફ રહેવા માટે મદદ કરતું નથી ! આદિ માનવ જે આત્મતત્ત્વ કરતાં પશુની વધારે નજીક હતો તેને કાચું માંસ ખાવાની ટેવ હતી. અને તેનાથી પકાવેલા માંસ કરતાં વધારે તાકાત મળતી. તે માનવો પ્રાણીને મારી નાખતા, તેને ચીરીને ટુકડા કરતા અને તેઓ વધારે મજબૂત હતા. અને વધારેમાં તેમનાં આંતરડાંમાં પેલો નાનો ટુકડો 'એપેન્ડિકસ' હાલ કરતાં વધારે મોટો હતો અને તે કાચું માંસ પચાવવામાં સહાયરૂપ હતો. પછીથી માણસે રાંધવાની શરૂઆત કરી, તેણે શોધ્યું કે તે રીતે ખોરાકમાં વધારે સ્વાદ આવે છે અને તેણે રાંધેલું માંસ ખાવાનું શરૂ કર્યું અને 'એપેન્ડિકસ' વધારે નાનું થતું ગયું અને પછીથી તેનો કોઈ પણ ઉપયોગ રહ્યો નહિ. તેથી અત્યારે તો વિઘ્નરૂપ છે અને કોઈ કોઈ વખત માંદગી લાવે છે.

એટલે હવે તમને કહેવું જોઈએ કે માણસે ખોરાકમાં ફેરફાર કરીને થોડા ઓછા પશુમય બનવું જોઈએ ! આ વસ્તુ દરેકની ચેતનાની અવસ્થા ઉપર આધાર રાખે છે. સામાન્ય માણસ, જે સામાન્ય જીવન જીવે છે, સામાન્ય કર્મો કરે છે, પોતાના જીવનનિર્વાહ સિવાય બીજું કાંઈ પણ કરવાનો વિચાર પણ કરતો નથી, પોતાની જાતને ગોઠવીને કુટુંબની સંભાળ રાખે છે તેવા માટે માંસાહાર સારો છે, તેના માટે ગમે તે ખાવું તે પણ બરાબર છે, તેને જે માફક આવે અને સારું કરે તે બધું જ.

પરંતુ જો કોઈને આ સામાન્ય જીવનમાંથી ઉચ્ચતર જીવન તરફ જવું હોય, તો પ્રશ્ન રસિક બની જાય છે; અને ઉચ્ચતર જીવન માટે તૈયારી કર્યા પછી તેણે રૂપાંતર સાધવું હોય, તો તે વસ્તુ ઘણી વધારે અગત્યની બને છે. કારણ કે તેમાં કેટલાક એવા ખોરાક હોય છે જે શરીરને સૂક્ષ્મ બનાવવામાં સહાયરૂપ થાય છે. અને બીજા પાશવી સ્થિતિ તરફ લઈ જાય છે. પરંતુ તે જ સમયે આ વસ્તુની ઘણી મોટી અગત્ય છે, તે પહેલાં નહીં; અને તે જાણે પહોંચતાં પહેલાં બીજી ઘણી

વસ્તુઓ કરવાની છે. શરીરના શુદ્ધિકરણનો વિચાર કરતાં પહેલાં મન અને પ્રાણની શુદ્ધિ કરવી વધારે હિતકારક છે. કારણ કે તમારા શરીરને સૂક્ષ્મ બનાવવામાં મદદરૂપ થાય એવો ખોરાક લેવામાં તમે ગમે તેટલી સાવચેતી રાખો છતાં જો તમારું મન અને પ્રાણ, કામના અચેતનના તમસ, આવશે અને એવી બધી સ્થિતિમાં રહેતાં હોય તો પેલી વસ્તુનો કોઈ પણ ઉપયોગ નથી. ફક્ત તમારું શરીર નિર્બળ બનશે, આંતર જીવનથી વિખૂટું પડી જશે અને એક દિવસ રોગગ્રસ્ત થઈ જશે.

મેં એક વખત તમને કહ્યું છે તે પ્રમાણે આ વસ્તુની શરૂઆત અંદરથી થવી જોઈએ. ઉપરથી શરૂઆત કરવી જોઈએ, પહેલાં ઊર્ધ્વતરની વિશુદ્ધિ અને પછી નિમ્નતરની. હું એમ નથી કહેતી કે દરેકે શરીરમાં રહેલી વસ્તુઓ ઉપર તુચ્છતા રાખવી. હું એમ નથી કહેતી. તેમ તમારી કામનાઓ ઉપર કાબૂ ન રાખવો એવી સલાહ પણ નથી આપતી ! તે રીતની વસ્તુ છે જ નહીં પરંતુ હું એમ કહું છું કે જો તમારાં મન અને પ્રાણમાં નાનકડા દેવદૂત બન્યા પહેલાં શરીરમાં દેવદૂત બનવા પ્રયત્ન ન કરશો; કારણ કે તે વસ્તુ તમને તે વધારે સારો માર્ગ છે તેના બદલે જુદા જ માર્ગે દોરી જશે. આપણે હમણાં જ કોઈક દિવસે વાત કરેલી કે સમતુલા રાખવી એ બહુ અગત્યનું છે. વારુ, સમતુલા રાખવા માટે બધી જ વસ્તુઓએ એક જ સાથે પ્રગતિ કરવી જોઈએ. તમારા સ્વરૂપના એક ભાગને અંધકારમાં રાખીને બીજા ભાગને પ્રકાશમાં લાવવા માટે પ્રયત્ન ન કરવો જોઈએ. તમારે ખૂબ સંભાળ રાખવી જોઈએ કે કોઈ પણ સ્વરૂપનો ખૂણો અંધકારમાં ન રહી જાય. તો તમે આ સ્થિતિમાં છો.

પહેલાં આશ્રમમાં ઈંડાં લેવાની મનાઈ કેમ કરેલી? અત્યારે તો તમે ઈંડાં આપો છો.

ઈંડાંઓ ઉપર પ્રતિબંધ હતો ?

મને ખબર નથી. એવું અમને કહેવામાં આવેલું.

આહ, માણસો ઘણું ઘણું કહે છે, પરંતુ તેઓ જે કાંઈ કહે તેને માટે હું જવાબદાર નથી ! (હાસ્ય) કોઈને પણ તંદુરસ્તીની દૃષ્ટિએ જરૂર હોય ત્યારે મને યાદ નથી કે મેં પ્રતિબંધ રાખ્યો હોય. પરંતુ જો કોઈ ફક્ત લાલસા માટે, આનંદ માટે મારી પાસે આવીને માગણી કરે તે વખતે હું હંમેશાં પહેલાં જેમ ના પાડતી તે રીતે અત્યારે પણ ના પાડું છું. તમે જાણો છો કે તે ફક્ત શારીરિક દૃષ્ટિબિંદુથી, શરીરની સમતુલા માટે કેટલીક વસ્તુઓની મંજૂરી અપાય છે. દરેક વસ્તુની મંજૂરી આપવામાં આવે છે. એક વ્યક્તિને માટે માંસાહાર જરૂરી હતું તો તેને મેં તેની પણ મંજૂરી આપી છે. કેટલાક માણસોને માંસાહારની જરૂર હતી માટે તેઓ ખાતા હતા,

પણ જો કોઈ પોતાની ઇચ્છા સંતોષવા માટે મારી પાસે આવીને માગણી કરે તો હું કહું છું "ના", પછી તે ગમે તે વસ્તુ હોય, આઈસક્રીમ પણ ! (હાસ્ય)

જો કોઈ ઈંડું ખાય તો તેમાં રહેલા બચ્ચાને ખાતો નથી ?

તેની હજુ રચના થઈ હોતી નથી, એટલે બચ્ચાની ચેતનાની; એ ચોક્કસ કે માણસે મરઘાંની રચનાની શરૂઆત થાય તે પહેલાં તાજું ઈંડું ખાવું જોઈએ.

મધુર માતાજી, જો મરઘીનાં બચ્ચાંની વેદના આપણને અસર કરે તો બીટ રૂટ અથવા ગાજરની વેદના પણ કરી શકે, ન કરી શકે ?

આ બધા માટે હું માનું છું કે બીટરૂટ કરતાં મરઘીનું બચ્ચું વધારે સચેતન છે (હાસ્ય) પરંતુ મારે તમને મારો અનુભવ કહેવો જોઈશે. ફક્ત હું ધારું છું કે આ વસ્તુ સામાન્ય નહોતી.

ટોક્યોમાં મારો પોતાનો બગીચો હતો અને તેમાં હું મારી જાતે જ શાકભાજીનો ઉછેર કરતી. મારો બગીચો ઠીક ઠીક મોટો હતો અને ઘણાં શાકભાજી થતાં એટલે દરરોજ સવારે જ્યારે હું ફરવા માટે જતી ત્યારે તે બધાંને પાણીનો છંટકાવ કરીને આજુબાજુ, કયાં શાકભાજી ભોજનમાં વાપરવાં તે લેવા માટે ફરતી. હવે તમે કલ્પના કરો ! એમાંનાં કેટલાંક મને કહેતાં. "ના, ના, ના, ના, ના,".... અને બીજાં કેટલાંક મને બોલાવતાં, અને હું તેમને દૂરથી જોતી, અને તેઓ મને કહેતાં, "મને લઈ લો, મને લઈ લો, મને લઈ લો !" આ વસ્તુ ઘણી સરળ છે, હું જે વસ્તુઓ ઉપયોગમાં લેવા માટે માંગણી કરતી, તેમની શોધ કરતી અને જેમનાં ઈચ્છા ન હોય તેમનો હું સ્પર્શ પણ કરતી, નહીં. મને એવો વિચાર આવતો કે આ કાંઈક અદ્ભુત વસ્તુ છે. હું મારા છોડવાઓને ચાહતી, હું તેમની ખૂબ સંભાળ લેતી, તેમને પાણી છાંટતી વખતે અને સાફ કરતી વખતે હું તેમનામાં ચેતના મૂકતી, તેથી હું વિચારતી કે તેમનામાં કદાચ વિશિષ્ટ શક્તિ છે.

પરંતુ ફ્રાન્સમાં પણ આ પ્રમાણે બનતું. ફ્રાન્સમાં દક્ષિણે મારો પોતાનો એક બગીચો હતો જેમાં હું વટાણા, મૂળા, ગાજર વગેરે ઉછેરતી. વારુ, કેટલાક આનંદી હતા અને તેઓ હું તેમને લઈને ઉપયોગ કરું એમ ઇચ્છતા. જ્યારે બીજા કેટલાક એમ કહેતા હતા, "નહીં, નહીં, નહીં, મને અડકો નહીં, મને અડકો નહીં !" (હાસ્ય)

તેઓ એમ શા માટે કહેતા, મધુર માતાજી ?

વારુ, મેં તે શોધી કાઢવા માટે ચોક્કસ પ્રયોગો કરેલા; અને પરિણામ દરેકે વખતે એકસરખું ન આવતું. કેટલીક વખત ખરેખર છોડ ખાવાલાયક ન હતો; તે સારો ન હતો, અથવા સખત હોય અથવા કડવો હોય, ખાવાલાયક ન હોય.

બીજી વખતે એમ બનતું કે તે તૈયાર ન હતો અથવા તે વધારે વહેલું હતું; તે બરાબર પાકયો નહોતો. એકાદ બે દિવસ રાહ જોયા પછી એક બે દિવસે તે મને કહેવા લાગે : "મને લઈ લો, મને લઈ લો, મને લઈ લો !" (હાસ્ય)

ભૂતકાળમાં સંતો પ્રભુને મેળવવા માટે પોતાના શરીરને વેદના આપતા !

વારુ, તો પછી તેઓ સંતો નહોતા ! (હાસ્ય) આ વસ્તુમાં બીજું કાંઈ નથી, તે એક પ્રકારના ગર્વમાં દોરી જાય છે, બીજે કયાંય નહીં, પરંતુ ચોક્કસ તેનાથી પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી.

પરંતુ એમ કહેવાય છે કે તેઓએ ઘણી ઉચ્ચ પ્રકારની સાધના કરેલી અને તેમને જે જોઈતું હતું તેનો સાક્ષાત્કાર કરેલો.

એવું કહેવાયું છે, ઘણી વસ્તુઓ કહેવાય છે.

કૂતરાઓ મનુષ્ય કરતાં વધારે વફાદાર નથી ?

ચોક્કસ ! કારણ કે વિશ્વાસુ હોવું તે તેમની પ્રકૃતિમાં છે, અને તેમનામાં માનસિક જટિલતા નથી. માણસોને વિશ્વાસુ બનવામાંથી અટકાવનાર તેમની માનસિક જટિલતાઓ છે. ઘણાખરા માણસો વિશ્વાસુ નથી હોતા કારણ કે તેઓ ડરે છે કે બીજા તેમને બનાવી જશે. તમે જાણતા નથી કે બની જવું એટલે શું ? તેઓને ડર છે કે તેઓ છેતરાઈ જશે, તેમનું શોષણ થશે. તેઓ ડરે છે કે . . . . તેમના ભયની પાછળ એક મોટો અહંકાર રહેલો હોય છે, ઓછો કે વત્તો છુપાયેલો, અને સદાય એક પ્રકારનો સોદો હોય છે, આપ–લે–નો, ઓછા કે વત્તા પ્રમાણમાં. માણસ પોતાની જાતને બીજાને આપે છે પણ તે આ વસ્તુ કહે અથવા ન કહે, પણ બદલામાં કાંઈક માગે છે. તમે વિશ્વાસ રાખો છો પણ તમારા પ્રત્યે બીજા પણ વિશ્વાસ રાખે એવું ઇચ્છો છો એટલે કે બીજાઓ તમારી સંભાગ રાખે, તમારા તરફ માધુર્ય રાખે, અને તમારા વિશ્વાસનો તેમના લાભાર્થે દુરુપયોગ ન કરે. કૂતરામાં આવી કોઈ જટિલતા હોતી નથી કારણ કે તેનું મન બહુ પ્રાથમિક સ્થિતિનું હોય છે. તેનામાં આ તર્કની અદ્‌ભુત માનવશક્તિ હોતી નથી, જે શક્તિથી માનવીઓએ આટલી બધી મૂર્ખાઈઓનું આચરણ કર્યું છે.

હવે ફકત એક જ વસ્તુ છે. વ્યકિત વળીને પાછી જઈ શકતી નથી. ફરીથી તે કૂતરો બની શકે એમ નથી. એટલે વ્યકિતએ એક ઉચ્ચ પ્રકારના માનવ બનીને ઉચ્ચતર ભૂમિકામાં કૂતરાનો વફાદારીનો ગુણ પ્રાપ્ત કરવો જોઈએ; એટલે કે તેની અર્ધ–ચેતન વફાદારીને બદલે, અને કેવળ સહજ પ્રેરણાને લઈને જે તે બંધાયેલા છે તેને બદલે એક સંકલ્પવાળી, સચેતન વફાદારી. ખાસ કરીને અહં-મુકત, પ્રાપ્ત કરવી

જોઈએ. એક એવું બિંદુ છે જ્યાં બધા જ ગુણોનું મિલન થાય છે; તે બિંદુ અહંકારની પેલે પાર રહેલું છે. જો આપણે આ વફાદારી લઈએ, આ ભક્તિ લઈએ, આ પ્રેમ, સેવાનો આ અર્થ, આ બધી જ વસ્તુઓમાં, અને તે બધા જ અહંકારની ભૂમિકાથી ઉપરમાં જાય, ત્યારે તે બધાનું મિલન થાય છે, એ અર્થમાં કે તે બધા જ એવો ત્યાગ દર્શાવે છે જે બદલામાં કોઈ પણ વસ્તુની અપેક્ષા રાખતો નથી. અને જો તમે એક ડગ અધ્ધર ચડો અને તે બધી વસ્તુઓ ફરજ અને ત્યાગની ભાવમાં વગર કરો તો તેમાં એક એવો તીવ્ર આનંદ આવે છે જે પોતે જ તેનો બદલો છે, જેને બદલામાં કોઈ વસ્તુની જરૂર પડતી નથી, કારણ કે તે પોતાની અંદર જ પોતાના આનંદને ધારણ કરે છે. પરંતુ પછીથી તમારે ઘણા ઊંચે ચડવું પડશે અને પછી તમારામાં પોતાનામાં પાછા ફરવાનું નથી, જે વસ્તુ બધી વસ્તુઓમાંથી તમને નીચે ખેંચી લાવે. એક એવા પ્રકારની સહાનુભૂતિ, જે આત્મ-દયાથી ભરપૂર હોય અને જે વસ્તુ પોતાનું જ લાલન અને લાડ કરે અને કહે, "અરે, હું બિચારો !", તે ખરેખર બહુ ભયંકર છે, અને દરેક અજાણતાં છતાં આવું સતત કર્યા જ કરે છે. આ પોતાની જાત તરફ પાછા ફરવાની ક્રિયા, એક પ્રકારની નિમ્ન પ્રકારની આત્મ-સહાનુભૂતિ, જેમાં વ્યક્તિ પોતાની જાતને પૂર્ણ દયાજનક રીતે કહે છે, "કોઈ મને સમજી શકતું નથી ! કોઈને મારા પર પ્રેમ નથી ! માણસની જે રીતે સંભાળ લેવી જોઈએ તેમ મારી કોઈ દરકાર કરતું નથી !" વગેરે અને આ રીતે માણસ આગળ અને આગળ વિચાર્યા કરે છે .... અને ખરેખર આ બહુ ભયંકર છે, તમને તે તાત્કાલિક ખાઈમાં નાખી દે છે.

વ્યક્તિએ આ બધી વસ્તુઓથી ઘણે ચણે દૂર પહોંચવું જોઈશે, અને પોતાની પાછળ આ વસ્તુ મૂકી દેવી પડશે, જેથી વફાદારીનો, આત્મત્યાગનો ખરેખરો આનંદ અનુભવી શકે, જે કોઈની ખરેખર પરવા કરતો નથી, કોઈ પણ રીતે કે તેને કાંઈ યોગ્ય બદલો મળે છે કે નહિ અથવા તેને કોઈ પ્રતિભાવ પણ ભલે ન મળે. માણસ જે કરે તેના બદલામાં કોઈ પણ અપેક્ષા નહિ, કોઈ વસ્તુની પણ અપેક્ષા નહિ, ત્યાગ અથવા આત્મબલિદાનની ભાવનાથી નહિ, પરંતુ જે ચેતનામાં તે રહેતો હોય તેના ફક્ત આનંદ ખાતર જ આ કરવાનું, અને એટલું પૂરતું છે; અને આ વસ્તુ વ્યક્તિને જે કાંઈ પણ મળી શકે અથવા જે કોઈના તરફથી મળી શકે તેનાથી વધારે સારું છે; પરંતુ તે પણ કાંઈક જુદું જ છે. તે બન્ને વચ્ચે ઠીક ઠીકની અવસ્થાઓ રહેલી છે.

માતાજી, તમે કહ્યું છે કે મધ્યરાત્રિ પહેલાંની ઊંઘ આપણને સૌથી વધારે આરામ આપે છે ....

શારીરિક રીતે, હા.

કેમ ?

આહ ! મેં મારા સ્વાનુભવથી કહ્યું છે અને .... તેમાં શા માટે નથી, છે ? દરેકે પોતાની જાને જ તે શોધી લેલું જોઈએ, અથવા ન શોધવું. પરંતુ જેઓ પૃથ્વી-રસાયણશાસ્ત્રમાં રસ ધરાવે છે તેમની પાસેથી મેં એવું સાંભળ્યું છે કે કેટલાંક એવાં કિરણો હોય છે .... (પવિત્ર તરફ ફરીને) એ પ્રમાણે નથી ? અમને કહે, તું આ વિશે શું જાણે છે ? — સૂર્ય-કિરણો જે મધ્યરાત્રિ સુધી સક્રિય હોય છે, અને બીજાં કિરણો જે ત્યાર પછી સક્રિય બને છે, અને પહેલાંના તમને શક્તિ આપે છે અને બીજા તમારી અંદરથી શક્તિ હરી લે છે. પરંતુ આ પ્રકારની ઘણી વસ્તુઓ છે; એટલું જરૂર, તમે સમજો છો કે આને વિશે આપણે સાંભળીએ છીએ અથવા પુસ્તકોમાંથી વાંચીએ છીએ. જે કોઈ આ વિષયનો નિષ્ણાત હોય તે વધારે સારી સમજૂતી આપી શકાશે (હસતાં) પરંતુ કેટલીક વસ્તુઓ અનુભવમાં સાચી હોય છે. હું શા માટે, એમ ન કહી શકું; કદાચ તે અંગત પણ હોય ! પરંતુ મેં બીજાઓ પાસેથી પણ આ જ પ્રકારનો અનુભવ સાંભળેલો છે. દા. ત. તમે સમુદ્રમાં જાઓ, તેમાં થોડી મિનિટો સુધી રહો, અને તમે બહાર આવો ત્યારે પૂરેપૂરા થાકથી નંખાઈ ગયા હો ! ગરમ સ્નાનથી પણ આમ બને છે. તને ગરમ સ્નાન કરો છો; તમે ખૂબ થાકેલા હો છો; તમે તેમાં જાઓ છો; તમે તેમાં થોડી ક્ષણ રહો છો; તમે બહાર નીકળો છો અને ખૂબ તાજગી અનુભવો છો. તમે પા કલાક તેમાં રહો છો અને તમે બહાર આવો છો ત્યારે તમારી બધી તાકાત ચાલી ગઈ હોય છે, તમારી શક્તિ, કાંઈ પણ રહેતું નથી અને તમે બિલકુલ નિચોવાઈ ગયા હો છો.

આ હું તમને કહું છું તે કોઈ કારણ વિશે નિપુણતાથી કહેતી નથી પરંતુ એ વસ્તુ સાચી છે. તે એ પ્રમાણે છે. મારા પોતાના માટે તેની સમજૂતી છે, પરંતુ તે ફક્ત મારા માટે જ સારી છે, બીજાઓને કાંઈ કામ લાગે એવી નથી. એટલે બીજા માટે બિનઉપયોગી છે.

આ ઊંઘની અવસ્થાઓ જેના વિશે આપણે અહીં વાત કરી તેના માટે જો કોઈ પોતાની રાત્રિમાં સભાન હોય, તો તે થોડી મિનિટોમાં પૂરી કરી શકે છે. આ કરવા માટે ઊંઘના કલાકો સુધી રાહ જોવાની જરૂર નથી; જો કોઈ સચેતન હોય, તો તે થોડી મિનિટામાં બધાં સ્થિતિઓને પસાર કરી દઈ શકે. શરૂઆતમાં, જો કોઈ પોતાની રાત્રિઓ વિશે સભાન હોય તો ઘસઘસાટ ઊંઘતાં પહેલાં સૌથી પ્રથમ સ્થિતિ તો હળવા બનવાની છે, બધાં જ નાડીતંત્રને ઢીલાં મૂકી દેવાનાં – આ વસ્તુ મેં તમને સમજાવી જ છે, માણસ પોતાની નાડીઓને હળવી કરી નાંખે છે

અને પોતાની જાતને ઊંઘમાં જવા દે છે .... આ રીતે .... તમે જાણો છો — વારુ, તે ક્ષણે માણસે ખૂબ સંભાળપૂર્વક આરામદાયક બનવું જોઈએ અને બધી જ માનસિક ક્રિયાઓને જેટલી બને તેટલી શાંત કરવી, અને જ્યાં સુધી મન પૂરેપૂરું સ્થિર ન બને ત્યાં સુધી ઊંઘમાં પડવું નહિ. તો પછી તમે ઉશ્કેરાટનો ઘણો લાંબો ગાળો જે તમને થકવી નાખે છે તેમાંથી મુક્ત થશે. જો તમે એવું કરી શકો કે મન આરામપ્રદ થઈને પૂરેપૂરી શાંતિમાં પ્રથમ પ્રવેશ કરે, તો તમારી ઊંઘ તાત્કાલિક ઘણી શાંત બનશે અને તમને તાજગી આપશે; સ્વાભાવિક રીતે જ તમારો પ્રાણ ઉશ્કેરાયેલો ન હોવો જોઈએ કારણ કે તો પછી, તે તમને ઘણા એવા બધા પ્રદેશોમાં લઈ જશે અને તમારી પાસે એટલી બધી બેવકૂફી કરાવશે કે તેનું પરિણામ એવું આવશે કે તમે ઊંઘમાં ગયા ત્યારે જેટલો થાક હતો તેને બદલે તમે જાગો તેનાથી વધારે થાકનો અનુભવ કરાવશે.

પરંતુ જો તમે સચેતન હો, તો તમારા પ્રાણને શાંત કર્યા પછી, જ્યારે તમે તમારી શારીરિક ચેતનામાંથી બહાર નીકળવાની શરૂઆત કરો અને વધારે સૂક્ષ્મ ચેતનામાં પ્રવેશ કરો, ત્યારે તમારે તમારા પ્રાણને ઊંઘમાં મૂકીને તેને આ પ્રમાણે કહેવું, "હવે આરામ કર, ખૂબ શાંત રહેજે," અને પછી તમારે તમારી માનસિક ક્રિયામાં પ્રવેશ કરીને મનને આ પ્રમાણે કહેવું, "હવે આરામ કરો, ખૂબ શાંત થઈ જાઓ," અને તેને પણ ઊંઘમાં મૂકી દેવું; અને પછીથી પાછળ મન-પ્રદેશમાંથી જરા ઊર્ધ્વના પ્રદેશમાં જઈને, ત્યાં, જો તે તમને રસપ્રદ લાગે તો, દા. ત. તમે પ્રથમ વખતે જ તેમાં પ્રવેશ કરેલો છે, તો તમારે જે બનતું હોય, તમને જે અનુભૂતી થતી હોય, તમે શીખતા હો — કોઈ કોઈ વખત તો માણસને ઘણી રસિક વસ્તુઓ શીખવા મળે છે; અને પછીથી વ્યક્તિ એક એવી સામાન્ય પરિસ્થિતિ વિશે સચેતન બને છે, બીજાઓ માટેના વિચારો આવે છે, બીજી વસ્તુઓ વિશે; તે રસપ્રદ હોય છે! અને પછી તમને આ બધું પૂરતું સંતોષકારક લાગે, ત્યારે તમારે કહેવું, "શાંત થઈ જા, ઊંઘી જા, ખસીશ નહિ," અને તમે તેને પણ ઊંઘમાં મૂકી દો, અને તેનાથી પણ વધારે ઊંચી સ્થિતિમાં ઉપર ચડો, અને આ રીતે આગળ ને આગળ ચાલ્યા જાઓ. જ્યાં સુધી તમે એવી સ્થિતિમાં પહોંચો જેમાં તમે રૂપના જગતની હદ ઉપર પહોંચો, હું સ્થૂળ રૂપોની વાત કરતી નથી — બધાં જ સ્વરૂપોની હદરેખા ઉપર, વિચારનાં રૂપોથી ઘણે ઊર્ધ્વમાં, સ્વાભાવિક રીતે જ; તે બધાં રૂપો અને આંદોલનની હદરેખાઓની પાસે, પૂર્ણ પ્રશાંતિમાં, જેને આપણે સચ્ચિદાનંદ કહીએ છીએ તેમાં પહોંચો. અને તમે જ્યારે ત્યાં હશો, ત્યારે બધું જ બંધ પડી જાય છે, અને જો તમે ત્યાં ફક્ત ત્રણ મિનિટ જ રહો, તો તમે જ્યારે તમારા શરીરમાં પાછા ફરશો ત્યારે સંપૂર્ણ રીતે આરામમય, તાજગીભર્યા અને એવા રક્ષિત હશો કે જાણે

તમે કલાકો સુધી ઊંઘ્યા હો ! આ વસ્તુ એવી છે જે કરવા માટે અભ્યાસ કરવો જોઈએ. હું એમ નથી કહેતી કે આ વસ્તુ એક જ રાત્રિમાં બની શકે, થોડી મહેનત પણ માગી લે છે અને થોડો ખંત પણ, પણ તેમ છતાં . . . આ વસ્તુ દરેકે શીખવી જ જોઈએ; અને જ્યારે તમે બહુ ચિંતાતુર હો, ખૂબ થાકેલા, ખૂબ . . . દા.ત. જ્યારે તમારા ઉપર વિરોધી બળોનો ભયંકર હુમલો, એક યા બીજા પ્રકારનો, તમે પસાર કરેલો હોય અને તમે ખૂબ થાકી ગયા હો, ત્યારે તમે જો આ ક્રમને સચેતન રૂપે અનુસરો, તો ખરેખર, થોડી જ મિનિટોમાં આ બધું પૂરેપૂરું પસાર થઈ જશે. આ વસ્તુ શીખવાલાયક છે. ફક્ત વ્યક્તિએ ખૂબ, ખૂબ, ખૂબ ધીરજવાળા બનવું જોઈએ, કારણ કે . . . . થોડી રાહ જુઓ, હું તમને આ વિશે વધારે કાંઈક કહેવાની છું.

જ્યારે મેં ગુહ્યવિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો, ત્યારે હું સચેતન બની – જેવી હું મારી રાત્રિઓ વિશે સભાન બનવાની શરૂઆત કરતી – ત્યારે મને ભાન થયું કે સૂક્ષ્મ-શારીરિક અને સૌથી સ્થૂલ પ્રાણની વચ્ચે એક નાનો, ઘણો નાનો પ્રદેશ છે, જે બન્ને ક્રિયાઓને સચેતન રીતે સાંકળવા માટે પૂરેપૂરો વિકાસ પામેલો નહોતો. તેથી સૌથી સ્થૂલ પ્રાણની ચેતનામાં જે વસ્તુ બનતી હતી તેનું સૌથી સ્થૂલ ભૌતિક પ્રદેશમાં બરાબર ભાષાંતર થતું નહિ. તેમાંનું કેટલુંક માર્ગમાંથી જ વિનાશ પામતું – બિલકુલ શૂન્ય નહીં પરંતુ એવું કાંઈક જે અર્ધ-ચેતન હતું અને જે પૂરેપૂરું વિકાસ પામેલું નહોતું એવું સ્થાન. મેં જાણ્યું કે તેના માટે ફક્ત એક જ રસ્તો છે અને તે તેના વિકાસ માટે કાર્ય કરવું. મેં કાર્ય શરૂ કર્યું. આ વસ્તુ હું ધારું છું કે લગભગ ફેબ્રુઆરી માસમાં બનેલી. એક માસ, બે માસ, ત્રણ, ચાર, કાંઈ પરિણામ નહિ.

આપણે આગળ ચાલીએ, પાંચ મહિના, છ મહિના . . . . એ લગભગ જુલાઈનો અંત અથવા ઑગસ્ટની શરૂઆત હતી. મેં પૅરિસ છોડ્યું, જે ઘરમાં હું રહેતી હતી તે અને એક નાના ગ્રામમાં દરિયાકિનારે ગઈ. હું મારા મિત્રો જેમની પાસે તેમનો બગીચો હતો તેમની સાથે રહેવા ગઈ. હવે તે બગીચામાં ઘાસની લૉન હતી – તમે જાણો છો કે લૉન એટલે શું ? ઘાસ – જેમાં ફૂલો હતાં અને તેની આસપાસ વૃક્ષો હતાં. તે ખૂબ સુંદર, શાંત સ્થળ હતું. હું ઘાસ પર આડી પડી, આ રીતે, ચત્તી અને મારી કોણીઓ ઘાસની અંદર, અને ઓચિંતા તે પ્રકૃતિનું બધું જીવન, તે પ્રદેશનો બધો પ્રાણ, સૂક્ષ્મ શારીરિક અને સૌથી ભૌતિક પ્રાણ પ્રદેશ વચ્ચેનો પ્રદેશ, જે છોડવાઓ અને પ્રકૃતિમાં જીવંત હોય છે, તે આખો પ્રદેશ કોઈ પણ ફેરફાર વગર, સંપૂર્ણ જીવંત, તીવ્ર, સચેતન અને અદ્ભુત બની ગયો; અને આ પરિણામ આવ્યું ખરું ને ? – છ માસનું કાર્ય જેણે કાંઈ પણ પરિણામ આપેલું નહીં. મેં કાંઈ પણ વસ્તુની નોંધ લીધેલી નહિ; પરંતુ એક જરા જેટલી સ્થિતિ અને પરિણામ ત્યાં હાજર ! તે ઈંડામાંના બચ્ચા જેવું હોય છે, હા ! તે ત્યાં ઘણા લાંબા સમય

સુધી હોય છે અને તેમ છતાં તમે કોઈ જોઈ શકતા નથી. અને તમને આશ્ચર્ય થાય કે ખરેખર ઈંડાંમાં બચ્ચું છે કે નહિ; અને પછી ઓચિંતા "ટિકા", એક નાનું છિદ્ર પડે છે, તમે જાણો છો, અને પછી બધું ફાટે છે અને આવી જાય છે બહાર, બચ્ચું ! તે બરાબર તૈયાર થયેલું હોય છે, પણ તેની રચના માટે આ બધો સમય તેણે લીધેલો; તે પ્રમાણેની સ્થિતિ છે. જ્યારે તમારે તમારી અંદર કોઈક વસ્તુ તૈયાર કરવી હોય, ત્યારે તે પ્રમાણે બને છે, તે ઈંડામાંના બચ્ચા જેવું છે. તમારે ઘણા લાંબા સમયની જરૂર પડે છે, અને તે પણ થોડા પણ પરિણામ વિના, નિરાશ થયા વગર તમે તમારો પ્રયત્ન ચાલુ રાખો, બિલકુલ નિયમિત રીતે, જાણે કે આખી શાશ્વતી તમારી પાસે હોય અને જાણે કે તમે પરિણામ માટે બિલકુલ રસ લેતા ન હો તેમ તો આ પ્રમાણે બને છે. તમે કાર્ય કરો છો કારણ કે તમારે કરવું છે. અને ઓચિંતા એક દિવસે, તે ફૂટે છે અને તમે તમારી સમક્ષ તમારા કાર્યનું પૂર્ણ પરિણામ જુઓ છો.

પરંતુ તમે સમજો છો, ખરું ને ? વ્યક્તિ આ રીતે બહુ સહેલાઈથી બોલે છે, પોતાની રાત્રિઓ વિશે સભાન બનવાનું, પોતાની ઊંઘ દરમ્યાન પોતાની રાત્રિ ક્રિયાઓ ઉપર કાબૂ રાખવાનું, અને આવી બધી ઘણા પ્રકારની વસ્તુઓ વિશે, પરંતુ મેં જે વર્ણન કર્યું તેવું કરવા માટે તમારે ઘણાં ઘણાં નાનાં કાર્યો કરવાની જરૂર પડે છે. આ પરિણામ લાવવા માટે આમાંની ઘણી વસ્તુઓની જરૂર પડે છે. જ્યારે તમે એક વસ્તુ પ્રાપ્ત કરો ત્યારે તમને પડે કે બીજું કરવાનું છે, અને આ રીતે, અને તમે એક દિવસ શોધી શકશો કે મેં જે કહ્યું તે પ્રમાણે કરી શકશો, અને તમે એક ભૂમિકા ઉપરથી બીજી ભૂમિકા ઉપર જશો, તે પ્રમાણે, બધી જ વસ્તુઓને આરામની સ્થિતિમાં મૂકીને, અને તમે બધી ક્રિયાઓમાંથી બહાર નીકળી જશો અને પરમ આરામમાં સચેતન રીતે પ્રવેશ કરશો. આ તકલીફ લેવા લાયક છે.

તો તમે આ સ્થિતિમાં છો ?

બીજો કોઈ પ્રશ્ન નથી ? નથી ?

તો પછી બંધ કરીએ.

૩૦ જૂન ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગનાં મૂળભૂત તત્ત્વો", પ્રકરણ ૧૪, "કેટલીક સમજૂતીઓ" ઉપર આધારિત છે.

"પ્રશ્ન : યોગમાં ગુહ્ય શક્તિનું શું સ્થાન છે. ?

"ઉત્તર : અતિભૌતિક ભૂમિકાઓનાં સૂક્ષ્મ બળોને જાણવાં અને તેમનો ઉપયોગ કરવો એ યોગનો એક ભાગ છે.

"પ્રશ્ન : ગુહ્ય પ્રયત્ન અને ગુહ્ય શક્તિનો શો અર્થ ?

"ઉત્તર : તે સંદર્ભના ઉપર આધાર રાખે છે, ઘણે ભાગે તેનો અર્થ યામ છે. પ્રકૃતિનાં ગુપ્ત ગુપ્ત બળોની ઉપયોગ કરવાની શક્તિ અને આ બળોનાં સાધન દ્વારા કરવામાં આવતો પ્રયત્ન. પરંતુ બીજા કોઈ સંદર્ભમાં "ગુહ્ય"નો અર્થ બીજો પણ હોઈ શકે.

"પ્રશ્ન : દરેક યોગીને ગુહ્ય પ્રયત્નમાંથી પસાર થવું પડે છે?

"ઉત્તર : ના, દરેકમાં એવી શક્તિ હોતી નથી. જ્યાં સુધી તેમને તે શક્તિ આપવામાં ન આવે ત્યાં સુધી જેમનામાં તે શક્તિ નથી હોતી તેમણે જોવી પડે છે."

આ પુસ્તકનો છેવટનો ભાગ પૂરો થયો?

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં ગુહ્ય ક્રિયાઓના પ્રયત્નોની વાત કરે છે અને કહે કે જેમનામાં તે શક્તિ હોતી નથી તેમણે તેમને તે આપવામાં આવે ત્યાં સુધી રાહ જોવી જોઈએ. તેઓ પ્રયત્ન દ્વારા તે મેળવી ન શકે?

ના. એટલે કે જો કોઈનામાં તે શક્તિ ગુપ્ત પડેલી હોય, તો પ્રયત્ન દ્વારા તેનો વિકાસ સાધી શકાય. પરંતુ કોઈનામાં ગુહ્ય શક્તિ હોય, તો ભલે તે પચાસ વર્ષ સુધી પ્રયત્ન કરે, છતાં તેને કોઈ જગાએથી મળે નહીં. દરેકમાં ગુહ્ય શક્તિ હોઈ શકે નહિ. એ એવા પ્રકારનું થયું જાણે દરેક વ્યક્તિ સંગીતકાર થઈ શકે, દરેક ચિત્રકાર થઈ શકે. કેટલાક થઈ શકે, કેટલાક નહીં. તે વલણ ઉપર આધાર રાખે છે.

ગુહ્ય વિદ્યા અને રહસ્યવિદ્યા વચ્ચે શો ફેર છે ?

તે બન્ને એક જ વસ્તુ નથી.

વ્યક્તિ કોઈ દિવ્ય શક્તિ ધારતો હોય તેના સંબંધમાં ઓછા કે વત્તા અંશે લાગણી યુક્તિ જોડાયેલો હોય એ રહસ્યવાદ છે – તે ઘણો જ લાગણીપ્રદાન, અસરકારક અને ઘણો ઉત્કટ સંબંધ એવી કોઈ અદશ્ય શક્તિ સાથે છે જેને તે પ્રભુ માને છે. આ રહસ્યવાદ છે.

ગુહ્ય વિદ્યામાં શ્રી અરવિંદે જે પ્રમાણે કહ્યું, બરાબર તે પ્રમાણે છે : તેમાં એક અદશ્ય શક્તિઓની વિદ્યા છે અને તે પરિબળોનું કેમ નિયમન કરવું તેનું જ્ઞાન છે. તે એક વિજ્ઞાન છે. તે પૂરેપૂરું વિજ્ઞાન છે. હું કાયમ ગુહ્ય વિદ્યાને રસાયણશાસ્ત્ર સાથે સરખામણી કરું છું, કારણ કે રસાયણશાસ્ત્રમાં ભૌતિક વસ્તુઓનું જેવું જ્ઞાન હોય છે તેવું જ જ્ઞાન તે છે. તે અદશ્ય શક્તિઓ, તેમનાં જુદાં જુદાં આંદોલનો, તેમનો પરસ્પર સંબંધ, એકબીજી વસ્તુઓને એકસાથે સંયોજન કરવું અને તેનાથી ઉત્પન્ન થતી શક્તિનો ઉપયોગ કરવો, આવું બધું જ્ઞાન તેમાં હોય છે. તે સંપૂર્ણતયા વિજ્ઞાનિક છે; અને તેનો અભ્યાસ પણ વિજ્ઞાનની માફક જ કરવો જોઈએ; એટલે કે કોઈ ગુહ્ય વિદ્યાનો અભ્યાસ કેવળ લાગણીપ્રધાન રીતે અને અસ્પષ્ટ વસ્તુ અથવા કોઈ ઝાંખી છાપવાળી વસ્તુ તરીકે કરી શકે નહીં. તમે જે રીતે રસાયણશાસ્ત્રમાં કામ કરો છો તે રીતે તેમાં કામ કરવું જોઈએ અને બધા નિયમો જાણવા જોઈએ અને કોઈ તે અંગે જો કોઈ શીખવનાર ન હોય તો તમારે પોતે બધું શોધી લેવું જોઈએ. પરંતુ જાતે શોધી કાઢવા માટે તમારી જાત ઉપર જોખમ છે. કેટલાંક રાસાયનિક દ્રવ્યોની માફક તેનાં સંયોજનો પણ વિસ્ફોટક છે.

ગુહ્ય જ્ઞાન આ જીવનમાં જરૂરી છે ?

આ જીવનમાં ? તેનો આધાર માણસે જીવનમાં શું કરવું છે તેના ઉપર છે. તમે યોગના જીવનમાં શું ઉપયોગ એમ પૂછો છો ! તો બિલકુલ જરૂરી નથી. અને તે ઉપરાંત, શ્રી અરવિંદે કહ્યું તેમ, એવા ઘણા માણસો છે જેમનામાં આ બક્ષિસ મળેલી નથી, જેમનામાં આ શક્તિ હોતી નથી. એવા જથ્થાબંધ માણસો છે જેમને જરા જેટલી પણ અનુભૂતિ થાય, થોડો જ અનુભવ, દા.ત. તેઓ શરીરમાંથી બહાર નીકળી જાય, કે તુર્ત જ થઈ જાય છે, અને ખરેખર આ વસ્તુનો ઈલાજ બહુ મુશ્કેલ છે. જો કોઈનામાં ખૂબ શક્તિશાળી સંકલ્પબળ હોય અને આત્મ-પ્રભુત્વ હોય તો જ તેમાંથી બહાર આવી શકે છે. કેટલાક માણસો પોતાના સ્વરૂપની ભૂમિકાઓને છૂટી પાડી શકતા નથી. જો તેઓ પાડવા જાય તો કાંઈક અજુગતું બની જાય છે, અને

તેમના શરીરને સહન કરવું પડે છે. જ્યારે બીજા કેટલાક એવા હોય છે જેઓ બહાર નીકળે છે, હરેફરે છે અને પાછા શરીરમાં આવી જાય છે. તેમના માટે આ સ્વાભાવિક વસ્તુ હોય છે. ઘણું ખરું, જેઓને આ વસ્તુમાં રસ હોય છે – સિવાય કે ફક્ત માનસિક કુતૂહલ ન હોય – તેઓમાં વિશિષ્ટ બક્ષિસ હોય છે, તેઓને આ વસ્તુની ખબર ન હોય પરંતુ તેઓને આ શીખવી શકાય છે. પરંતુ આ બધી વસ્તુઓને વ્યવહારમાં મૂકતી વખતે સાવચેતી રાખવી પડે છે. દા.ત. હું તમને એક દૃષ્ટાંત આપીશ : જેવો માનવી શરીરમાંથી બહાર નીકળે, જરા જેટલો પણ અને ફક્ત માનસિક રીતે તો વારુ, તે માનસિક ભાગ જે નિયંત્રણ કરતો હોય છે તે બહાર ચાલ્યો જાય છે; અને મનની સાહજિક સ્થિતિ, જેનાથી ગ્રંથિઓના રસ ઝરે છે અથવા સાહજિક ક્રિયાઓ થાય છે તે સચેતન, વિચાર કરતા ભાગ વડે થતા રક્ષણ અને કાબૂ વગરના થઈ જાય છે. સારુ, વાતાવરણમાં એટલાં બધાં નાનાં સત્ત્વો, ખૂબ નાનાં સત્ત્વો હોય છે. જે શરીરના વિઘટન વખત બહાર પડે છે અને જેઓ સ્થૂલ જીવાણુઓ જેવા અથવા પ્રાણના જીવાણુઓ જેવા હોય છે. તેઓ વધારે દશ્યમાન સ્થિતિમાં હોય છે અને તેમને પોતાને સંકલ્પશક્તિ પણ હોય છે. આપણે એમ ન કહી શકીએ કે તેઓ દુષ્ટ હોય છે. પણ તેઓ તોફાની હોય છે. તેઓને લોકોના ભોગે આનંદ મેળવવામાં સમય પસાર કરવાનું ગમે છે. એટલે જેવી તેઓને ખબર પડે કે તમે પૂરતા રક્ષણ વગરના છો કે તુર્ત જ તેઓ તમારા યાંત્રિક મનનો કબજો લઈ લે છે અને તમને ના પસંદ પડે એવી ઘણી પ્રકારની વસ્તુઓ તમારા તરફ લઈ આવે છે. દા. ત. કેટલાક લોકો જોયું કે કોઈ વશીકરણમાં હોય તેમ પોતાની જીભ ગળી જાય છે; તેઓ સંભાળ ન લે તો તેઓનો શ્વાસ રૂંધાઈ જાય છે. બીજા કેટલાક પોતાની જીભને કચરી નાખે છે : કેટલીક વખત ખૂબ ઈજા કરે છે. આવી બધી ઘણા પ્રકારની વસ્તુઓ તમને બની આવે – એટલે તમારે કદી પણ અજાગ્રત અવસ્થામાં, કોઈ તમારું ધ્યાન રાખનાર ન હોય તો, ન જવું. તે માણસે ફક્ત શરીરનું જ ધ્યાન રાખવાનું નથી પરંતુ સચેતન શક્તિથી, તમારાં નાડીતંત્રોનાં કેન્દ્રો જેઓ સચેતન હાજરી વગરનાં હોય છે તેમનું પણ ધ્યાન રાખવાનું છે. આ સામાન્ય નિયમ છે. આનાથી પણ વધારે જોખમ હોય છે, જ્યારે માણસ સ્થૂલ રીતે શરીરમાંથી બહાર નીકળે છે. – અને ફક્ત એક સંપર્કનું જોડાણ હોય છે, જે એક પ્રકારની રેખા જેવું હોય છે. અને જે તત્ત્વ બહાર નીકળેલું હોય છે તેને અને પાછળ રહેલા શરીરને જોડતું હોય છે – તે જોડાણને જો રક્ષણ આપે તો કાંઈ બનતું નથી. પરંતુ જો તે રક્ષિત ન હોય, તો એટલાં બધાં વિરોધી બળો હોય છે, જે ફક્ત તોફાની હોય છે એટલું જ નહીં, પરંતુ જેમનામાં ઘણી દુરિચ્છા પણ હોય છે, તેઓ આવીને તે અનુસંધાનને કાપી શકે છે. અને ફક્ત એક વખત તે કપાઈ ગયું, પછી તમે ગમે તેટલા પ્રયત્નો કરો છતાં તમે શરીરમાં પાછાં ફરી શકતા નથી.

તો માણસ મૃત્યુ પામે ?

હા, થોડા સમય પછી. તેનો અર્થ એ કે આ રમત નથી, તમે સમજ્યા, જરા આનંદ ખાતર કે પોતાને રસ પડે માટે આ વસ્તુ કરવાની નથી. તેને સાચી રીતે કરવું જોઈએ અને જરૂરી શરતો સહિત, સાવચેતીથી. અને એક વસ્તુ તો પૂરેપૂરી અનિવાર્ય જરૂરી છે; તમારામાં સહેજ પણ ભીતિ હોય તો તમારે આ વસ્તુનો સ્પર્શ પણ કરવો નહિ. દા.ત. તમારાં સ્વપ્નાંઓમાં તમને ભયંકર વસ્તુઓનો ભેટો થાય અને તમે ડરી જાઓ તો તમારે ગુહ્ય વિદ્યાનો પ્રયત્ન ન કરવો. પરંતુ ગમે તેવાં ભયંકર સ્વપ્નો પણ તમને સ્થિર રાખી શકે અને તેમાં પણ તમને આનંદ આવે, રસ પડે, તમે તે બધી વસ્તુઓ સાથે કામ પાડી શકો અને દરેક સંજોગમાંથી બહાર નીકળી શકો, તો તેનો અર્થ એ કે તમારામાં તે શક્તિ છે અને તમે ગુહ્ય વિદ્યાનું આચરણ કરી શકશો. કેટલાંક લોકો પોતાના સ્વપ્ન દરમિયાન બહાદુર યોદ્ધાઓ હોય છે. જ્યારે તેમને દુશ્મનોનો સામનો કરવાનો હોય છે ત્યારે કેમ યુદ્ધ આપવું તે તેઓ જાણે છે. તેઓ પોતાની જાતનું રક્ષણ કેમ કરવું તેટલું જ જાણતા નથી પણ વિજય પણ કેમ મેળવવો તે જાણે છે. તેઓ હિંમત, ઉત્સાહ અને શક્તિથી ભરપૂર હોય છે; આ બધા જ ગુહ્ય વિદ્યાના સાચા ઉમેદવારો છે. પરંતુ જેઓ ઉંદર પોતાના દરમાં પેસી જાય તે રીતે પોતાના શરીરમાં પાછા ધસી જાય છે, તેમણે આ વસ્તુનો સ્પર્શ પણ કરવો નહીં કારણ કે જેમ જુદાં જુદાં રાસાયણિક દ્રવ્યોની સાથે કામ લેવા માટે વર્ષો લાગે છે, નવીન વસ્તુની શોધ માટે વર્ષોનો ગાળો લાગે છે અને પરિણામ દેખાતું નથી! તે રીતે ગુહ્ય વિદ્યામાં તમે વર્ષો સુધી મહેનત કરો છતાં તમને પરિણામ દેખાતું નથી અને સહેજ પણ અનુભૂતિ થતી નથી. એટલે આ ઘણું શુષ્ક બની જાય છે અને ભાગ્યે જ તેમાં રસ પડે છે, અને માણસમાં એક સ્થૂલ મન છે જે વ્યવહારુ અને ચોક્કસ છે અને તમને એમ કહ્યા જ કરે છે, "તું શા માટે પ્રયત્ન કરે છે ? તું જોઈ શકે છે કે આમાંથી કોઈ આવતું તો નથી; અને નિષ્ફળ પ્રયત્ન કરે છે, આ બધી લોકોએ કહેલી વાર્તાઓ છે; તું તારો સમય વ્યર્થ વેડફે છે. એવું કાંઈ છે જ નહિ, તે ફક્ત કલ્પના જ છે." અને જ્યારે કોઈ પાયો આધારરૂપ ન હોય ત્યારે આપણો વિશ્વાસ અને શ્રદ્ધા ટકાવી રાખવાં બહુ મુશ્કેલ છે.

મધુર માતાજી, જેમનામાં સામાન્ય ચેતના હોય છે તેમના માટે ધાર્મિક વિધિઓ ઘણી અગત્યની હોય છે ?

ધાર્મિક વિધિઓ ? હું જાણતી નથી ! ધાર્મિક ક્રિયાઓ એટલે તમે શું કહેવા માગો છો ?

જપ વગેરે.

અહીં, તે વસ્તુઓ ! જો તે તમને મદદ કરે તો સારી છે. જો તે તમને સહાય-રૂપ ન હોય તો, તે ફક્ત . . . . આ વસ્તુ સાપેક્ષ વસ્તુ માંહેની એક છે. તે બિલકુલ સાપેક્ષ છે. તેનું મૂલ્ય તમારા ઉપર શી અસર થાય છે તેના ઉપર અને તમને તેમાં કેટલો વિશ્વાસ છે તેના ઉપર આધારિત છે. જો તમને એકાગ્ર થવામાં મદદ કરે તો તે સારું છે, સામાન્ય ચેતના તેને વહેમની દૃષ્ટિએ કરે છે, એવા ખ્યાલથી કે, "જો હું આ વસ્તુ કરીશ, જો હું મંદિરમાં કે દેવળમાં અઠવાડિયે એક વખત જઈશ, જો હું પ્રાર્થના કરીશ તો મારું ઘણું સારું થશે." આ એક વહેમ છે અને આખા જગતમાં પ્રસરેલો છે, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ તેની કોઈ કિંમત નથી.

માતાજી, દાખલો લઈએ તો આપણે વર્ષના અમુક દિવસોએ લક્ષ્મી પૂજા, મહાકાલી પૂજા વગેરે કરીએ છીએ અને આ રીતે. . . .

તે એટલા માટે છે કે તમને આનંદ આપે છે, મારાં બાળકો !

પરંતુ તમે અમને તે દિવસે આશિષ પ્રસાદીઓ પણ આપો છો ?

હા, કારણ કે તમને તેમાં આનંદ આવે છે ! (હાસ્ય) ઈહ ?

અમને ગમ્મત કરાવવા માટે જ તમે આશિષ આપો છો ?

ચાલો બસ ! તમને તે ગમે છે; મેં કહ્યું, "ગમ્મત આવે છે," તે છે . . . . તે જરા અવિનય લાગે છે; પરંતુ તે તમને આનંદ આપે છે માટે.

દાખલો લઈએ તો મહાકાલીના દિવસે . . .

હા, હા, કેટલીક વખત કાલી ત્રણ દિવસ વહેલી પણ આવે અથવા ચાર દિવસ મોડી પણ, અથવા વર્ષના કોઈ પણ દિવસે. તે અવશ્ય તે જ દિવસે આવતી નથી; કેટલીક વખત તમને આનંદ આપવા માટે, હું તેને થોડી બોલાવું છું. (હાસ્ય) કોઈ પણ સંજોગોમાં હું આવી વસ્તુઓમાં માનતી નથી !

બધાં જ ધાર્મિક સ્મારકોમાં, જે સ્થળો સૌથી શ્રેષ્ઠ ધાર્મિક સ્થળો ગણાય છે, પછી તે ફ્રાન્સમાં હોય કે બીજા કોઈ દેશમાં હોય કે જાપાનમાં હોય – તે એક જ મંદિરો કે દેવળો કે તેના તે જ દેવો નહોતા, અને તેમ છતાં મારો અનુભવ તો એક જ પ્રકારનો હતો, કાંઈક સહેજ ફેરફારવાળો કે દેવળમાં જે કોઈ એકત્રિત શક્તિ થયેલી તે તેના વફાદાર અનુયાયીઓની શ્રદ્ધા ઉપર જ આધારિત હતી. અને તેમ છતાં જે શક્તિ ખરેખર ત્યાં હાજર હતી અને જે શક્તિ તે અનુયાયીઓ અનુભવતા તેમાં ઘણો મોટો તફાવત હતો. દા. ત. મેં એક ફ્રાન્સના સૌથી સુંદર દેવળમાંના

એકમાં, જેને કલાત્મક દૃષ્ટિએ જોઈએ તો કલ્પનામાં પણ ન આવી શકે એવું ભવ્ય સ્મારક હતું – તેમાં એક સૌથી પવિત્ર જગામાં એક રાક્ષસી કાળો, પ્રાણિક કરોળિયો જોયો, જેણે પોતાની જાળ સમગ્ર જગા ઉપર પાથરેલી અને લોકોની ભક્તિમાંથી, પ્રાર્થનાઓમાંથી ઉત્પન્ન થતી બધી શક્તિઓને તે ગળી જતો હતો. તે કાંઈ બહુ આનંદદાયક દૃશ્ય નહોતું; જે લોકો ત્યાં હાજર હતા અને પ્રાર્થના કરતા હતા તેમને દિવ્ય સ્પર્શ મળતો, તેમની પ્રાર્થના દ્વારા તેમને જુદા જુદા આશીર્વાદો મળતા, અને તેમ છતાં ત્યાં આ વસ્તુ હતી. પરંતુ તેમની શ્રદ્ધામાં કાંઈક કાંઈક એવું હતું જે અનિષ્ટ વસ્તુને પોતાની અંદર શુભ વસ્તુમાં ફેરવી નાખતું, તેમને પોતાની શ્રદ્ધા હતી. તેથી ખરેખર, જો મેં ત્યાં જઈને તેમને કહ્યું હોત, "તમે એમ ધારો છો કે તમે ભગવાનની પ્રાર્થના કરો છો ? એ તો એક પ્રાણિક કરોળિયો છે જે શક્તિઓના આહાર ઉપર જીવે છે !" તો તે વસ્તુ ખરેખર કાંઈ ઉદાત્ત ન ગણાય. અને આ જ વસ્તુ બધો જ સમય બધી જ જગાએ બને છે; ત્યાં એક પ્રાણિક શક્તિ છે, અને આ બધાં પ્રાણિક સત્ત્વો માનવલાગણીનાં આંદોલનોનું ભક્ષણ કરે છે અને ઘણાં ઓછાં માણસો, બહુ ઓછાં, બિલકુલ નજીવી સંખ્યામાં લોકો સાચી ધાર્મિક ભાવનાથી દેવળોમાં કે મંદિરમાં જાય છે, એટલે કે પ્રાર્થના કરીને દેવ પાસેથી કંઈ લેવા માટે નહિ પણ પોતાની જાતનું અર્પણ કરવા, આભાર માનવા, અભીપ્સા કરવા અથવા પોતાની જાતનું સમર્પણ કરવા માટે. લાખોમાંથી ભાગ્યે જ એકાદ આ પ્રકારની વ્યક્તિ હશે. એટલે તેમનામાં આ પ્રકારના વાતાવરણને ફેરવી નાખવાની શક્તિ ન હોય. કદાચ તેઓ ત્યાં હોય ત્યારે આ વસ્તુને ભેદીને કોઈ જગાએ પહોંચીને પ્રભુનો સ્પર્શ પામી શકે. પરંતુ જે મોટો માનવસમુદાય, જે ફક્ત વહેમ-થી, અહંકાર કે સ્વાર્થથી ત્યાં જાય છે તેઓ આ પ્રકારના વાતાવરણનું સર્જન કરે છે અને તમે જ્યારે દેવળ કે મંદિરમાં જાઓ ત્યારે આ પ્રકારના વાતાવરણમાં શ્વાસ લો છો. ફક્ત તમે ખૂબ શુભ ભાવનાથી જાઓ છો અને તમે તમારી જાતને કહો છો, "ઓહ, ધ્યાન કરવા માટે કેટલું શાંત સ્થળ છે !"

હું દિલગીર છું, પરંતુ આ પ્રમાણેની સ્થિતિ છે. હું તમને કહું છું કે મેં આ પ્રયોગ જાણીબૂજીને થોડો થોડો કર્યો છે. એવું બની શકે કે મને કેટલાંક સ્થળો એવાં મળેલાં. કોઈક વખત નાનાં ગામડાંનાં દેવળ જેવાં, જ્યાં એક ધ્યાન માટેનું ઘણું શાંત સ્થળ હોય, ખૂબ પ્રશાંત જ્યાં કોઈક અભીપ્સા હોય પણ આવાં સ્થળ ભાગ્યે જ હોય છે ! મેં ઈટલીનાં સુંદર દેવળો જોયાં છે, ભવ્ય સ્થળો; તેઓ આવાં પ્રાણિક સત્ત્વોથી અને ભયંકરતાથી સભર હતાં. વેનિસનો ચોરસ થાંભલાવાળો એક ચિત્રકામવાળો ઓરડો મને યાદ છે. ત્યાં હું કામ કરતી હતી ત્યારે એક કબૂ-લાતવાળા રૂમમાં એક ગરીબ સ્ત્રીની કબૂલાત એક પાદરી સાંભળતો હતો. સારું, એ

એ ઘણું ભયંકર દશ્ય હતું. મને ખબર નથી કે પાદરી કેવો લાગતો હતો, તેનું ચારિત્ર્ય કેવું હતું, કારણ કે તે દેખાતો ન હતો – તમે જાણો છો, ખરું ને ? કે આ લોકો ખુલ્લાં દેખાતા નથી, તેઓ એક પેટીમાં બંધ હોય છે અને એક જાળીમાંથી કબૂલાત સાંભળે છે. તેના ઉપર એક એવી કાજળકાળી અને શોષણખોર શક્તિ હતી અને તે ગરીબ સ્ત્રી એટલી બધી ભીતિગ્રસ્ત અવસ્થામાં હતી કે આ દશ્ય જોવામાં ખૂબ દર્દ થાય. અને આ બધા લોકો માને છે કે આ ઘણું પવિત્ર છે! પરંતુ આ તો વિરોધી પ્રાણિક શક્તિઓનું જાળું હોય છે જેનાથી તેઓ પોતાનો ખોરાક લે છે. વળી, અદૃશ્ય જગતોમાં ભાગ્યે જ એવાં સત્ત્વો છે જેઓને પોતાની પૂજા માટે પ્રેમ હોય, સિવાય કે પ્રાણિક સત્ત્વો. આ પ્રાણિક સત્ત્વો, મેં કહ્યું તે પ્રમાણે, પૂજાથી ખૂબ સંતોષ અનુભવે છે. અને તેનાથી તેમને અગત્ય મળે છે. તેઓ ગર્વથી ફૂલ્યા સમાતા નથી અને ખૂબ ખુશ રહે છે ખાસ કરીને જ્યારે લોકોનું મોટું ટોળું તેમની પૂજા કરે છે ત્યારે તેમને પૂર્ણ સંતોષ થાય છે.

પરંતુ જો તમે ખરેખરાં દિવ્ય સત્ત્વોને જાણો તો તેઓની પાસે આ વસ્તુનું કાંઈ મૂલ્ય નથી. તેમની પૂજા તેમને બિલકુલ પસંદ નથી. ના, તેમને તેનાથી બિલકુલ વિશિષ્ટ આનંદ આવતો નથી ! તેઓ સુખની લાગણી અનુભવતા નથી કારણ કે તેઓમાં ગર્વ નથી. અભિમાનને લઈને લોકોને પોતાની પૂજા પસંદ છે; જો માણસમાં અભિમાન ન હોય તો તેને પોતાની પૂજા બિલકુલ પસંદ પડતી નથી; અને દાખલા તરીકે જો તેઓ એક શુભ ભાવના, સુંદર લાગણી અથવા નિઃસ્વાર્થ ક્રિયા, અથવા ઉત્સાહ, આનંદ કે આધ્યાત્મિક આનંદ જુએ, તો તેમના માટે પ્રાર્થનાઓ, ભક્તિની વિધિઓ કે પૂજાઓ કરતાં તેની ઘણી ઘણી વધારે કિંમત હોય છે.

હું તમને ખાતરીપૂર્વક કહું છું કે આ વસ્તુ ઘણી ગંભીર છે; જો તમે સાચા દેવને એક ખુરસી ઉપર બેસાડો, અને તમે પૂજા કરો ત્યાં સુધી તે જગાએ રહેવાની તમે ફરજ પાડો, તો તમને તે વિધિ કરતાં જોવાની તેને ગમ્મત પડશે, પરંતુ ખરેખર તેને કોઈ સંતોષ આપશે નહીં. બિલકુલ નહીં ! તમારી પૂજાથી તેને પ્રશંસાની કે સુખની કે ભવ્યતાની લાગણી બિલકુલ થશે નહીં. તમારે તે વિચારમાંથી મુકત થવું જોઈએ. એક આધ્યાત્મિક જગત અને ભૌતિક જગતોની વચ્ચે એક એવો પ્રદેશ છે જેની માલિકી પ્રાણિક સત્ત્વોની છે, અને આ પ્રદેશ આવી બધી વસ્તુઓથી ભરપૂર છે, કારણ કે આ સત્ત્વો તેના ઉપર જ જીવે છે, તેનાથી સુખ પામે છે અને તેમને તાત્કાલિક ગૌરવ મળે છે; અને જે સત્ત્વને સૌથી વધારે સંખ્યામાં માનનારાં અનુયાયીઓ હોય તે સૌથી સુખી અને ગર્વથી ફૂલેલો હોય. પરંતુ કઈ રીતે માણસ કલ્પના કરી શકે કે દેવો પાસે આ વસ્તુઓની કિંમત છે .... તે દેવો – જેના વિશે,

હું સાચા દેવો વિશે વાત કરું છું, અધિમનસના દેવો પણ, જેઓ પણ થોડા થોડા આ તે પ્રકારના છે અને તેમનામાં પણ માનવીઓની જેવી કેટલીક ક્ષતિઓ હોય છે, તેમ છતાં તેમનામાં ઘણી ઉચ્ચતર ચેતના હોય છે. તેમને પણ આ બધું પસંદ નથી. એક શુભ કર્મ, બુદ્ધિમત્તા, નિઃસ્વાર્થપણું અથવા સૂક્ષ્મ સમજ અથવા સાચા દિલની અભીપ્સા – આ બધી વસ્તુઓ ધાર્મિક વિધિ – વિધાનો કરતાં તેમને મન વધારે કિંમતી છે. અનંતગણી કિમતી ! તેની સરખામણી ન થઈ શકે. ધાર્મિક વિધિ ! દા. ત. કાલી નામનાં ઘણાં સત્ત્વો છે – જેમને ઘણાં જ ભયંકર સ્વરૂપો આપવામાં આવ્યાં છે – આમાંની કેટલી બધી તો કુટુંબોની દેવીઓ તરીકે ઘરમાં સ્થાપન થયેલી છે, તેઓમાં પ્રાણિક શક્તિ ભરપૂર હોય છે ! હું એવા માણસોને જાણું છું જેઓના ઘરમાં જે કાલી હતી તેનાથી એટલા બધા ડરતા કે તેઓ નાની સરખી ભૂલ કરતાં પણ ધ્રૂજવા લાગતા, અને તે માણસો એમ માનતા કે કમનસીબ બનાવો એટલા માટે બનતા કે કાલી તેમના માટે તે બનાવો મોકલતી. તે ભયજનક વસ્તુ છે, જો કે આમાંનાં ઘણાં સત્ત્વોને હું જાણતી. હું તેમને બહુ સારી રીતે જાણું છું, પરંતુ તેઓ પ્રાણિક સત્ત્વો છે, પ્રાણની રચનાઓ, સ્વરૂપો જેની માનવ મને રચનાઓ કરેલી છે અને કેવાં રૂપો ! અને માણસો આવી ભયંકર અને રાક્ષસી વસ્તુઓની પૂજા કરે છે એ વિચારવું કેટલું ભયંકર છે; અને વધારામાં તો આ બિચારા દેવોને માણસો કેવાં કેવાં વિશેષણ આપે છે કે તે માનવાનું કે આ પ્રમાણે છે . . . .

આ દૃષ્ટિબિંદુથી, સારી વસ્તુ એ છે કે માણસોએ આ ધાર્મિક વાતાવરણમાંથી બહાર નીકળી જવું, જે બીકથી ભરેલું છે, અને આ પ્રકારની અંધ વહેમી માન્યતાની ગુલામી જેને લઈને વિરોધી બળોએ ભયંકર ફાયદો ઉઠાવેલો છે. માણસોને આ વહેમમાંથી મુક્ત કરવા માટે આ ઈન્કાર અને નિશ્ચિતતાનો ગાળો આ દૃષ્ટિબિંદુથી અનિવાર્ય છે. જ્યારે માનવી આ રાક્ષસી પ્રાણિક શક્તિઓની ગુલામીમાંથી બહાર નીકળશે ત્યારે જ તે આધ્યાત્મિક શિખરો ઉપર ચડી શકશે અને ત્યાં સત્ય, સાચી ચેતના અને સાચી ચિત્શક્તિનો સાથીદાર કરશે અને માનવ તેમનું સાચું કરણ બની શકશે.

વ્યક્તિ ઊંચાઈ ઉપર આરોહણ કરે તે પહેલાં તેણે આ બધી વસ્તુઓને દૂર દૂર પાછળ મૂકી દેવી પડે છે.

માતાજી, એક દિવસ તમે કહેલું કે રાત્રિ દરમિયાન તમે સર્વત્ર જાઓ છો, ખરું ને? તો પછી આશ્રમમાં જે વસ્તુ બને છે તે બધું જ તમે જાણો છો.

હું પોલીસમૅન માફક કાર્ય કરું છું !

તો પછી, માતાજી, તમે આ રીતે જે જાણો છો અને તમે શારીરિક રીતે જે જાણો છો તે બેમાં શો ફેર છે? એટલે કે, આ બધા માટે .... થી જરૂર છે?

તમે એવું ધારો છો કે હું સર્વ જગાએ જઈ શકું છું અને બધું જ જોઈ શકું છું? કમનસીબે મારે એક જ માથું છે, બે હાથ અને બે પગ, અને તે બધું કરવા માટે મને ઘણો સમય લાગે; મારો બધો જ સમય દરેક જગ્યાએ દોડાદોડી કરવામાં જ જાય.

ના, હું એમ કહેવા માગું છું કે જ્યારે તમે આશ્રમમાં જે જે વસ્તુ બને છે તે જાણો છો તો પછી જુદાં જુદાં ખાતાંઓના વડાઓને તમારી પાસે આવીને બધા સમાચાર આપવાની શી જરૂર છે?

ના, ના, મને સમાચાર આપવા તેઓ આવતા નથી; તેઓ મારી પાસે આજ્ઞા લેવા આવે છે. તે એક જ વસ્તુ નથી. અને જો હું મારા હુકમો રાત્રિ દરમિયાન આપું, તો તેઓ સાંભળે નહિ, અથવા કદાચ તેઓ કાંઈક સાંભળે તો જે કહેવાનું હોય તેનાથી ઊલટું આચરે! તેઓ તેમની મુનસફી પ્રમાણે ગમે તે વસ્તુ કરે. ના, ના! સમાચાર? એ એટલા માટે છે કે તેઓને જે કહેવું છે તેમાં તેમને આનંદ આવે છે. જો હું તેમને એકદમ એમ કહું કે, "તે બધું બરાબર છે, હું જાણું છું, મને ખબર છે!" .... કેટલીક વખત એ પ્રમાણે પણ હું કહું છું, જ્યારે મારે ખૂબ ઉતાવળ હોય; પરંતુ તેઓને એક ધક્કો લાગે છે અને વિચારે છે, "તે કઈ રીતે જાણી શકે, મને તો તેમણે પૂછેલું નથી!" તેમના મત પ્રમાણે ફક્ત તેઓ જ મને માહિતી આપી શકે. જો તેઓ મને વસ્તુઓ ન સમજાવે તો હું તે વિશે જાણી શકું નહિ, તેથી મારે તેમને મને સમજાવવાની પરવાનગી આપવી પડે છે. કેટલીક વખત, જો તે બહુ લાંબો સમય લે, અને મારી પાસે વધારે સમય ન હોય તો હું તેમને કહું છું, "તે બધું બરાબર છે, બરાબર છે, હું તે વસ્તુ જાણું છું; ચાલો, મૂળ વાત પર આવો, તમારે શું જાણવું છે?" વારુ, આ વસ્તુ તેમનામાં મોટી ઊથલપાથલ કરી દે છે.

દાખલા તરીકે, માતાજી, કોઈએ કાંઈક એવું કર્યું હોય....

ખરાબ.

હા

કાંઈક સારું, ઈહ?

ના, ઘણું ખરું ખરાબ; પછી માણસ વિચારે, "માતાજી તે જાણે છે." તો તેને બદલે, વધારે સારું એ વસ્તુ નહિ કે તમારી પાસે આવીને તે બધું કહી દે ?

હા. કારણ કે અહીં એવું છે . . . . ખાસ ધ્યાન રાખજો કે જો કોઈએ કાંઈ ખોટું કર્યું હોય, માણસે એવું કાંઈક કર્યું હોય તો તે ઘણી સારી રીતે જાણે છે કે તે ન થવું જોઈએ; દા. ત. જો કોઈ પોતાની જાતને કહે, "માતાજી તે વિશે જાણે છે, મારે તેમને કહેવાની જરૂર નથી." તો વ્યક્તિ તે વસ્તુને પોતાની અંદર સમાવી લે છે. માણસ સંભાળપૂર્વક તે વસ્તુનું બારણું બંધ કરી દે છે અને તે વસ્તુને પોતાના હૃદયમાં અથવા બીજી કોઈ જગાએ સંતાડે છે. જો કોઈ તે વસ્તુ વિશે બિલકુલ વિચારે નહિ . . . . તો તે અસ્વસ્થતા અનુભવે છે, તેની અંદર કાંઈક હલચલ થયા કરે છે, અને તે સુખપ્રદ નથી . . . . "વારુ, હું માતાજીને તે કહેવાનો છું." જ્યારે તમે શરૂઆત કરો ત્યારે તમારે ખૂબ પ્રયત્ન કરવો પડે છે, હે ? તમારા ગળામાં કાંઈક ટુકડો ભરાઈ જાય છે, તમારી જીભ સુકાય છે, અને પછી શબ્દો શોધવા માટે તમારે એટલો બધો પ્રયત્ન કરવો પડે છે – ખરેખર આ વસ્તુનો અમલ કઈ રીતે કરવો ઈહ ! પરંતુ હવે તમે નિર્ણય લીધો છે, તમે મહાન પ્રયત્ન કરો છો; તમે એક પછી એક શબ્દો બહાર ખેંચીને લાવો છો તે પ્રમાણે, ખૂબ પ્રયત્નથી અને છેવટે તમે બોલો છો, અને તમે તે વિશે જેટલું ચોક્કસાઈથી કહી શકાય તે રીતે પ્રયત્ન કરો છો. મારા બચ્ચા, તે વસ્તુ બારણું આટલું પહોળું કરે છે, અને હું સીધી જ તમારા ચૈત્ય પુરુષમાં પ્રવેશ કરી શકું છું ફક્ત તમે કરેલા પ્રયત્નની સચ્ચાઈને લીધે. અને પછી, હું જ્યારે પ્રવેશ કરું છું, ત્યારે તમારી અંદર બધો જ પ્રકાશ, બધી જ શક્તિ, સંકલ્પ બળ, ચેતના, જરૂરી નિર્ણય, ભરી આપું છું જેથી તમે જે કરેલું છે તેનું ફરીથી પુનરાવર્તન થાય; ઘણું બધું . . . . જાણે કે જ્યારે પ્યાલામાં વધારે પડતું રેડવામાં આવે ત્યારે તે છલકાઈ જાય છે – તે રીતે ઘણી વસ્તુ બહાર ઉભરાવા લાગે છે તેમ છતાં થોડું અંદર રહે છે. અને આ જરા જેટલી વસ્તુ પણ કાર્ય કરે છે. અને જો તમે આ પ્રયત્ન ફરીને કરો, જ્યાં સુધી તમને લાગે કે હવે તમારે વધારે કહેવાની જરૂર નથી, કારણ કે હવે તમારે ગુપ્ત રાખવાની કોઈ વસ્તુ નથી – તો તે ઘણું સરસ છે, તમે ઘણી મહાન પ્રગતિ કરી છે.

મધુર માતાજી, વર્ગમાં જ્યારે અમે તમને પ્રશ્નો પૂછીએ છીએ ત્યારે તે કેટલીક વખત ખૂબ સરળતાથી અને સહજતાથી પૂછીએ છીએ અને કેટલીક વખત અમે સંકોચ અનુભવીએ છીએ . . . .

તમે જાણો છો, ઘણા પ્રશ્નોમાં શબ્દો ખોટી રીતે ગોઠવાયેલા હોય છે કારણ

કે તમે ખરેખર જાણતા નથી કે તમારે કઈ વસ્તુ જાણવી છે. હું એમ કહેવા માગું છું કે તમે જે વસ્તુ વિશે જાણવા માગો છો તેના વિશે તમે સ્પષ્ટ રીતે સભાન હોતા નથી. તમારા મગજમાં કેટલાક શબ્દોની ગોઠવણી હોય છે, તમારા વિચારોની ચેતના સ્પષ્ટ રીતે વ્યક્ત થતી નથી; તમારા મગજની આજુબાજુ કેટલાક શબ્દો અથડાતા હોય છે અને તમે તેમને ગોઠવવા શક્તિમાન હોતા નથી જેથી તેનો અર્થ બરાબર સમજી શકાય. તેથી તમે સહેલાઈથી બોલી શકતા નથી, કારણ કે તમે વિચારતા નથી. તમારા શબ્દો વિચારોમાંથી ઉદ્ભવતા નથી. તે મગજમાંથી આવતી કોઈ પ્રકારની યાંત્રિક વસ્તુ છે; તમને જે અનુભૂતિ થયેલી છે અને જેને તમારે સ્પષ્ટ રીતે વ્યક્ત કરવી હોય અથવા કોઈ જ્ઞાન જેને તમારે મગજમાં ક્રમબદ્ધ ગોઠવવું હોય, તેને વિશે તમને સ્પષ્ટ સભાનતા હોય તો તમે તેને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકો છો અને તે જ સમયે તમારું મગજ ઉત્તર ઝીલવા માટે તૈયાર થયેલું હોય છે. પરંતુ તમારામાં તો ફક્ત શબ્દોની અથડામણ હોય છે – શબ્દો એ રીતે જ આવે છે, ખરું ને ? તમે જો ત્રણ કે ચાર શબ્દોને સાંકળો અને પછી એક વિચારને સાકાર કરો . . . હું તમને જવાબ આપું, કારણ કે હું ધારું છું કે કોઈક માણસ એવો હશે . . . . કે તેના મગજમાં તે વસ્તુ પ્રવેશ કરી શકે છે; પરંતુ બીજી રીતે, ઘણો ખરો સમય હું જે કહું તેને તમારું મગજ સમજવા માટે પણ તૈયાર ન હોય. તમારે સારી રીતે વિચારવું જોઈએ અને સારી રીતે એકાગ્ર બનવું જોઈએ, અને પૂછતાં પહેલાં સ્પષ્ટ રીતે જોવું જોઈએ કે તમારે શું પૂછવું છે. નહિ તો મગજનો તે ભાગ જે પૂછે છે તે ભાગ સમજતો નથી. એક ઉપરછલ્લી સપાટી, જે સતત શબ્દોની ગતિમાં રહે છે તે શબ્દોને ઓછી કે વધારે રીતે જોડે છે, શબ્દો આવે જાય અને પસાર થાય છે અને આ વસ્તુ જે ભાગ પૂછે છે તે બરાબર સમજી શકતો નથી.

મેં તમને કેટલી બધી વખત આ બધી વસ્તુઓ વિશે કહેલું છે – એકની એક વસ્તુ, અને જો હું તે વિશે પૂછું, કોઈક વખત એક અઠવાડિયા પછી, તો તમને તે યાદ નહિ હોય. કેટલો બધો વખત તમે મને તેના તે જ પ્રશ્નો પૂછો છો, કારણ કે તમે પ્રશ્ન પૂછેલો, પણ તમે તેનો ઉત્તર સમજવાની સ્થિતિમાં નહોતા. તમારી અંદર કંઈ ટકતું જ નથી, આ તો ફક્ત પસાર થતા શબ્દો છે, ફક્ત એટલું જ. તમે કોઈ પાઠ ગોખતા હો તેના જેવું તે છે; તે ફક્ત પસાર થઈ જતા શબ્દો છે. તેમાંનું કાંઈ તમારી અંદર પ્રવેશ કરતું નથી, તમારા સાચા વિચારમાં કાંઈ ગોઠવાતું નથી અને તેથી તેની કોઈ અસર થતી નથી અને તેથી તમને સમજ પડવામાં કાંઈ સહાયરૂપ થતું નથી. તેની સાબિતી આપું : મેં તમને કેટલી બધી વખત

પૂછેલું છે અને તમને આ રીતે કહેલું છે, "પરંતુ ખરેખર આ વિશે મેં તમારી સાથે વાતચીત કરેલી છે"; છતાં તમે તે વસ્તુને યાદ રાખતા નથી.

આવું ઘણી વખત બનેલું છે, ખરું ને? – પરંતુ ઘણું ખરું નાનાં બાળકો સાથે- અને વારુ તમારી બધાની સાથે પણ આ વસ્તુ કેટલીક વખત બનેલી છે, કે કોઈએ મને પ્રશ્ન પૂછેલો અને મેં જવાબ આપેલો છે. બીજું માણસ મને તેનો તે જ પ્રશ્ન જુદા શબ્દોમાં પૂછે છે. મેં તમને જે હમણાં કહ્યું તે જો તમે ધ્યાનપૂર્વક સાંભળ્યું હોત તો તમે મને જે પૂછો છો તેનો મેં હમણાં જ જવાબ આપેલો છે! પણ આ બધું આમ પસાર થઈ જાય છે, તમે જાણો છો, બિલકુલ તે પ્રમાણે પસાર થયા કરે છે, પૂરેપૂરી ઉપરછલ્લી રીતે, અને કોઈ પણ વસ્તુનો અંદર પ્રવેશ થતો નથી અને તમારી આંતરિક સમજમાં તે સ્થિર થતું નથી. તેથી તમે પ્રશ્નો પૂછી શકતા નથી. કારણ કે તમે વિચારતા નથી.... તમે શબ્દો સાથે સાથે ફક્ત રમત કર્યા કરો છો....

માતાજી, એક છેલ્લો પ્રશ્ન : આવતી કાલે અમારે રમત-ગમતો છે તેથી....

હવે, જો આપણે એક સુંદર, નાની અંધશ્રદ્ધાથી પ્રાર્થના કરીએ અને એમ માગણી કરીએ કે વરસાદ ન વરસે તો સારું! (હાસ્ય) પરંતુ તમે જાણો છો કે, વાદળાંમાં, પવનમાં, નાનાં નાનાં તત્ત્વો રહેલાં છે. આ તત્ત્વો પ્રાણજગતનાં હોય છે; તે બિલકુલ દુષ્ટ હોતાં નથી. તેઓ થોડાં તોફાની હોય છે. ઘણોખરો સમય તેઓ પ્રકૃતિની વિશાળતા અને વ્યાપક વ્યવસ્થાના નિયમોને આધીન રહે છે, પરંતુ આમાંનાં કેટલાંક તત્ત્વો અર્ધ-સ્વતંત્ર હોય છે અને પ્રાદેશિક સ્થળ ઉપર વરસાદ વગેરે લાવે છે, વગેરે, કદાચ (આપણે કહ્યું છે કે આ નાનાં તત્ત્વોને પ્રાર્થનાઓ પસંદ છે), કદાચ આપણે તેમને કહીએ, "હું તમને વિનંતી કરું છું, થોડા દયાળુ બનો, આવતી કાલે અમારે ઉદ્ઘાટન છે, અને તમે તોફાન ન કરશો, વરસાદ મોકલવાની તમારી જો ઇચ્છા હોય, તો સાંજ સુધી રાહ જોજો, અમારા નાના સમારંભને બગાડી ન નાખશો," તો કદાચ આની થોડી અસર થશે!

તમને યાદ છે કે જ્યારે વરસાદ આવતો નહોતો ત્યારે લોકોએ આપણને પૂછેલું કે જો આપણે પ્રાર્થના કરીએ તો આપણે વરસાદ લાવી શકીએ? અને એક દિવસે કેટલો બધો સરસ સમય હતો કે જ્યારે આપણે તેના માટે પ્રયત્ન કરતા હતા – વરસાદને બોલાવવાનો – અને વરસાદ આવ્યો? ખરેખર પાછળથી વરસાદ આવ્યો. સારુ. તે આ પ્રમાણે બને છે. આ પ્રદેશ પ્રાણની માલિકીનો પ્રદેશ છે.

હવે તમારે શું કહેવાનું હતું તે કહો !

માતાજી, જો કોઈ આપણે પ્રસંગનો દિવસ હોય ત્યારે અમે તમને ખૂબ પુકારીએ છીએ તો પછી માતાજી તે બરાબર નથી . . .

હા, હા, મારાં બાળકો.

તો પછી પોતાના અંગત હેતુઓને સંતોષવા માટે તમને બોલાવવાં એ ખરાબ નથી ?

પોતાનો અંગત હેતુ ! એટલા માટે તો તમે અહીં છો. તમે જે રીતે સારામાં સારી રીતે વસ્તુઓ કરી શકો એટલા માટે મને બોલાવો તો તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ તે સાચું છે કે, તમે જાણો છો, હું જ્યારે તમારો કાર્યક્રમ પૂરો થાય ત્યાંથી પાછી આવું છું ત્યારે પૂરેપૂરી થાકી જઉં છું. મારે આરામ કરવો પડે છે . . . . તે ખેંચે છે અને ભયંકર રીતે ખેંચે છે ૧લી અને ૨જી ડિસેમ્બરે આપણે જે કાર્યક્રમ કરેલો હતો, અથવા બીજા કોઈ પ્રકારના પ્રસંગો મને ખેંચે છે, ખેંચે છે, ખેંચે છે . . . . થોડા સમય પછી મારી મૂળ સ્થિતિ પ્રાપ્ત થાય છે. તે ગંભીર નથી પરંતુ એ સાચું છે તે મને ખેંચે છે.

પરંતુ મને તેનો વાંધો નથી. ઊલટું હું મારી જાતે જ કહું છું, "મારાં બાળકો, જો તમે કોઈ મુશ્કેલ કાર્ય કરતાં હો તો તમે બોલાવો, જરૂર બોલાવો." ના, તમે પ્રથમ આવો એટલા માટે નહિ, અથવા વિજય પ્રાપ્ત કરો એટલા માટે નહિ, પણ તમારા પ્રત્યે કોઈ અનિષ્ટ બનાવ ન બને તેના માટે. મને બોલાવો, જેથી વસ્તુઓ શકય એટલી સારી રીતે ચાલે, બતાવવા માટે નહીં પણ કરવાના આનંદ ખાતર. અને તમે અર્પણની ક્રિયા કરતા હો તે રીતે બોલાવો તો ઘણું સરસ થાય.

મધુર માતાજી, તમને ખેંચવાને બદલે, બોલાવવાની કોઈ બીજી રીત નથી ?

હા, મારા બાળક, પરંતુ તે ઘણું મુશ્કેલ છે. હા એક બીજી રીત પણ છે. એક સાચી રીત છે . . . . ને ઘણી મુશ્કેલ છે.

પરંતુ આ રીત બરાબર છે, મારે તેની વિરુદ્ધ કાંઈ કહેવાનું નથી. મારી અનુભૂતિ લેવાને બદલે આ વસ્તુ મને વધારે પસંદ છે. જ્યારે હું લોકો સામે જોઉં છું, તેમના મસ્તકની આસપાસ એક કાળું વાદળ જોઉં છું, એક એવી અનુભૂતિ થાય કે કાંઈક અનિષ્ટ બનવાનું છે, કોઈક અકસ્માત, અને તેની અંદરથી

તોડીને પસાર થઈને તેમને રક્ષણ આપવું, અને મારી જાતને કોઈ પૂરેપૂરો બંધ હોય તેની સમક્ષ નિહાળવું, અને તે એવો અચેતન હોય કે પોતાની જાતનું રક્ષણ કરવા માટે તે પૂરો સમર્થ છે એમ માનતો હોય . . . . અને તે અકસ્માત નિવારવા માટે શક્તિમાન ન હોય ! આવું બનેલું છે ! અને મારે માટે આ વસ્તુ ઘણી દુઃખ-જનક છે.

મને બોલાવવામાં આવે તેને હું વધારે પસંદ કરું છું.

તેથી, આવતી કાલે વરસાદ ન જોઈએ. બરાબર !

Au revoir.

૭ જુલાઈ ૧૯૫૪

આ વર્ગ શરૂ થયો તેના થોડા દિવસો પહેલાં, માતાજીએ દરેક બાળકને કહેલું કે તેમને જે નવા પુસ્તકનો–શ્રી અરવિંદનું "મા" પુસ્તકનો અભ્યાસ કરવાનો હતો તેમાં જુદી રીતે તેઓ કાર્ય કરશે. તે પોતે જ (પહેલાં જે રીતે બાળકો કરતાં તેમ નહીં) તે પુસ્તકમાંથી ફકરાઓ વાંચશે, દરેક બાળકને વર્ગમાં જે પ્રકરણ લેવાનું હોય, તે પહેલેથી વાંચવાનું કહેવામાં આવતું, અને પ્રકરણ ઉપર આધારિત પ્રશ્નને તૈયાર કરીને વર્ગમાં આવવાનું હતું. નીચેનો વાર્તાલાપ "મા" પુસ્તકના પહેલા પ્રકરણ ઉપર આધારિત છે.

મધુર માતાજી, અહીં લખેલું છે: "એક...આજ્ઞાંકિતપણું .... આંતર જીવનના યોદ્ધાનું, જે તમોગ્રસ્તતા અને અસત્યની સામે યુદ્ધ આપે છે." * આ "આંતરિક યોદ્ધો" કોણ છે?

તે પ્રાણમય પુરુષ છે, જ્યારે તે રૂપાંતર પામે છે ત્યારનો. જે પ્રાણ પ્રભુ પ્રત્યે પૂરેપૂરો અભિમુખ થયેલો હોય છે તે યોદ્ધા જેવો હોય છે. તેનો દેખાવ પણ યોદ્ધા જેવો હોય છે. પ્રાણ, શક્તિનું સ્થાન છે અને આ શક્તિ તેને યુદ્ધ કરવાની ફરજ પાડે છે. તે યુદ્ધ કરે છે, અને વિજય પામે છે, તે બધી વસ્તુઓમાં અઘરી વસ્તુ છે કારણ કે ચોક્કસ રીતે આ યુદ્ધ કરવાના ગુણો પ્રાણમાં બંડની ભાવના ઉત્પન્ન કરે છે – તે છે સ્વતંત્રતાની અને પોતાની ઇચ્છાશક્તિને અમલમાં મુકવાની ભાવના. પરંતુ જો પ્રાણ સમજે અને રૂપાંતર પામે, જો તેનું સાચેસાચું દિવ્ય સંકલ્પશક્તિમાં સમર્પણ થાય તો આ બધી યુદ્ધ કરવાની શક્તિઓ, આ દિવ્ય બળોની સામે પડે અને તેના રૂપાંતરને જે વસ્તુ અટકાવે તે તમોગ્રસ્તતાની સામે પણ યુદ્ધ કરે. અને

---

* સંપૂર્ણ વાકય આ પ્રમાણે છે:

"સાધકની પાસે જે પ્રકારના સમર્પણની માગણી કરવામાં આવે છે, તે દિવ્ય શક્તિના કાર્યને, એક પ્રકારનું આનંદમય, સમર્થ અને સહાયકારી સમર્પણ છે. એટલે કે સત્યના જ્ઞાનસંપન્ન શિષ્યમાં, તમોગ્રસ્તતા અને અસત્ય સામે ઝૂઝનારા આંતર-જીવનના યોદ્ધામાં હોય, પ્રભુના વફાદાર સેવકમાં હોય એવા આજ્ઞાંકિતપણાની તમારી પાસેથી આશા રાખવામાં આવે છે."

તે બધાં સર્વ શક્તિમાન હોય છે અને દુશ્મનો ઉપર વિજય મેળવી શકે છે. પ્રભુ-વિરોધી બળો પ્રાણજગતમાં હોય છે, અને ત્યાંથી સ્વાભાવિક રીતે સ્થૂલમાં છવાઈ ગયેલાં હોય છે. પરંતુ તેમનું ખરું સ્થાન પ્રાણ-જગતમાં છે અને રૂપાંતરિત પ્રાણ-શક્તિમાં જ તે બધાને હરાવવાની સાચી શક્તિ હોય છે. પરંતુ બધી વસ્તુઓમાંથી આ પરિવર્તન સૌથી મુશ્કેલ હોય છે.

"છટક-બારીઓ" એટલે શું ?

છટક-બારીઓ ? તમે જાણો છો કે યુક્તિ એટલે શું ? – હા, જાણો છો ? સારુ, છટક-બારીઓ એટલે છેતરપિંડીના રસ્તાઓ, આત્મ-વંચના માટે ઉપયોગમાં લેવાયેલાં સાધનો. બીજા બધા દેખાવોની નીચે છેતરપિંડી માટે જે ગુપ્ત રાખવાની ઇચ્છા હોય તે, આ બધી છટક-બારીઓ છે.

"પાછાં પગલાં ન ભરી શકાય એવું રૂપાંતર," એટલે શું ?

પીછેહઠ ન થઈ શકે તેવું – તેનો અર્થ કે એવું રૂપાંતર જેમાંથી માણસ પાછો જઈ શકતો નથી, એકીસાથે કાયમ માટે સિદ્ધ કર્યું હોય તેવું રૂપાંતર.

મધુર માતાજી, અહીં લખ્યું છે. "ચૈત્ય પુરુષ યાને અંતરાત્મા, સમર્પણના ભાવનો પ્રત્યુત્તર આપે, અને માનસિક ચેતનાનો ઉપરનો સ્તર, સમર્પણનો સ્વીકાર કરે; અથવા તો અંતરની * પ્રાણમય ચેતના તેને વશ થાય, તથા સૂક્ષ્મ અન્નમય ચેતના સુધી સમર્પણની અસર પહોંચે, એટલું જ પૂરતું નથી." આનો અર્થ એવો થઈ શકે કે એક ઉચ્ચતર પ્રાણ પણ છે ?

હા, ઉચ્ચતર પ્રાણનું સમર્પણ કરવું ઓછું કઠિન છે, કારણ કે તે મનના પ્રભાવ નીચે હોય છે અને કેટલીક વખત ચૈતસિક અસર નીચે; તેથી તે સહેલાઈથી સમજી જાય છે. નિમ્નતર પ્રાણ કરતાં; આ ઉચ્ચતર પ્રાણ સહેલાઈથી પરિવર્તન પામે છે, કારણ કે નિમ્નતર પ્રાણ ખાસ કરીને કામનાઓ અને આવેગોનો પ્રાણ છે. તેથી શ્રી અરવિંદ કહે છે કે નિમ્ન પ્રાણ કાબૂમાં આવે છે, તે આજ્ઞાધીન થવા સંમત થાય છે, તે જેમ કહો તેમ કરવા તૈયાર પણ થાય છે પરંતુ તેને પોતાને તેનાથી સંતોષ થતો નથી, તે સુખી થતો નથી. કેટલીક વખત તો તે સહન પણ કરે છે, તે પોતાના બળવાને પોતાની અંદર આજ્ઞાધીન થઈને નીચે ધકેલી દે છે, પરંતુ તે સહકાર આપતો નથી, અને જ્યાં સુધી પ્રાણ હર્ષપૂર્વક અને સાચા પ્રેમથી સહકાર

---

* શ્રી અરવિંદે અહીં "inner" શબ્દ વાપર્યો છે. ફ્રેન્ચ ભાષાંતરમાં આ શબ્દ જેનો પર્યાય "inte'rieur" ભૂલથી છપાયેલો હતો, "inferieur"–જેનો અર્થ 'નિમ્નતર' થાય. આ ભૂલને લઈને આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

ન આપે ત્યાં સુધી કાંઈ પણ કાર્ય થઈ શકતું નથી; રૂપાંતર થઈ શકતું નથી.

મધુર મતાજી, અહીં લખ્યું છે . . . .

થોડી રાહ જુઓ, ખમો, તમારો વારો પણ આવશે !

એક ભૂલ છે ! અહીં ફ્રેન્ચમાં આપણે "નિમ્નતર પ્રાણ" (infe'rieur) છે, પરંતુ અંગ્રેજીમાં તે "આંતરપ્રાણ" છે !

આંતરિક ? આંતરિક પ્રાણે ? હા. પરંતુ અહીં ભૂલ કાળજીપૂર્વક ફરીથી ઉત્પન્ન થઈ છે ! આ આપણી આવૃત્તિ છે. (માતાજી આશ્રમના પ્રેસમાં છપાયેલું પુસ્તક બતાવે છે) બરાબર ! હા, તે "આંતરિક" છે. તે "આંતરપ્રાણ" છે. હા, અહીં તે inner હોવું જોઈએ, "આંતરસ્થૂલ." (પવિત્ર પૂછે છે કે આ ભૂલ બધી જ આવૃત્તિઓમાં છપાઈ છે કે કેમ.) દરેક આવૃત્તિમાં એમ લાગે છે કે 'interieur'ને બદલે 'infererrieur' છપાયું છે, પણ આ તો આપણી પોતાની આવૃત્તિ છે અને આપણે તેને સુધારવી જોઈતી હતી. આ પ્રથમ આવૃત્તિ છે અને તે ફ્રાન્સમાં છપાયેલી * . . . . ચોક્કસ, અક્ષરો ઘણા સરખા છે, ખરું ને ? t અક્ષર અને f ઘણા સરખા હોય છે.

(જે બાળક હમણાં જ કહ્યું તેના તરફ) એટલે તું એમ માને છે કે તું તારા પ્રશ્નમાંથી છટકી જઈશ ? (હાસ્ય)

(બીજા બાળક તરફ) તારી પાસે પુસ્તક નથી ? નથી ! તો પછી બીજા અઠવાડિયા ઉપર રાખીએ. આજે હું કાંઈ કહીશ નહીં, કારણ કે તમને જાણ કરવામાં આવેલી નહીં. પૂરતા સમય અગાઉ.

(બીજા બાળક તરફ) અને તું ? તારી પાસે પુસ્તક નથી ?

(બીજા તરફ) અને તારી પાસે ?

અહીં, આ વસ્તુ હું સમજતો નથી: "કારણ કે તે (પરમ પ્રભુની કૃપા) અસત્યની માગણીઓને તાબે થાય તો તેનો પોતાનો હેતુ નિષ્ફળ જાય." પોતાના હેતુની નિષ્ફળતા એટલે શું ?

હા. તેનો અર્થ એ થાય કે તે તેના કાર્યની વિરુદ્ધ જ જાય, તેના પોતાના કાર્યની વિરુદ્ધ પ્રભુની કૃપા આવે છે; વારુ, તે સત્યના સાક્ષાત્કાર માટે કાર્ય કરે છે. જો તે જૂઠાણાએ મૂકેલી શરતોનો સ્વીકાર કરે, તો તે કાંઈ પણ કાર્ય આગળ

---

* Shri Aurobindo, La Me're, Lyon: Editions Derain, 1945.

ઉપર કરી શકે નહીં. આને વિશે તમે જાણો છો. હું આવા અસંખ્ય માણસોનાં દષ્ટાંતો આપી શકું છું – એવા માણસોના જેઓ આવો આગ્રહ રાખે છે કે તેઓ કહે તે પ્રામાણે જ બનવું જોઈએ. તેઓ આજીજી કરે છે, કેટલીક વખત માગણી કરે છે કે વસ્તુઓએ તે પ્રમાણે બનવું જોઈએ; અને તેવી વસ્તુઓની તેઓ માગણી કરે છે જે સત્યથી બિલકુલ વિરુદ્ધ હોય; અને જો પ્રભુકૃપા તેમની માગણીઓને અનુસરે તો તે કૃપા તેના પોતાના હેતુની વિરુદ્ધ જ જાય અને તેનો પોતાનો હેતુ નિષ્ફળ જાય, એટલે કે તેના પોતાના કાર્યની – તના પોતાના લક્ષ્યની વિરુદ્ધ જાય. તે અહીં સત્યનો સાક્ષાત્કાર કરવા માટે આવે છે; ને તે જૂઠાણાને તાબે થાય તો તેને સત્ય તરફ પીઠ ફેરવવી પડે અને તમે જાણો છો કે લોકો ઘણી વખત ઘોડાની આગળ ગાડી જોડે છે – ઘણે ભાગે અજ્ઞાન અને મૂર્ખાઈથી આમ બને છે પણ કેટલીક વખત અશુભ ભાવનાથી તેઓ એવી જીદ પકડી રાખે છે કે તેમની શરતો પૂર્ણ થવી જોઈએ. અને તેમના સમર્પણના બદલામાં એક પ્રકારનો સોદો પણ કરે છે; જરૂર કરે છે .... હા, કેટલાક માણસો અભાન રીતે કરે છે – મેં કહ્યું તે પ્રમાણે અજ્ઞાનમાંથી અને મૂર્ખતામાંથી. બીજા કેટલાક એવા છે જેઓ જાણીબૂજીને આ પ્રમાણે કરે છે અને તેઓ પોતાની શરતો પરિપૂર્ણ કરવા માગે છે. તેઓ કહે છે: "જો તે આ પ્રમાણે બને અને તે પ્રમાણે બને ...." અને છેવટે તેઓ પ્રભુને કહેવા માટે એટલી હદ સુધી જાય છે કે, "જો તમે આવા હો અને તેવા હો, જો હું તમારા ઉપર જે શરતો મૂકું તે પરિપૂર્ણ કરો તો હું તમને પ્રભુ માનીશ!" તેઓ આ રીતે બોલતા નથી કારણ કે તે વધારે પડતું હાસ્યાસ્પદ થાય. પરંતુ તેઓ લગભગ આ રીતનું કહે છે. તમે સમજ્યા, તેઓ કહે છે, "ઓહ, પ્રભુ તો આ પ્રમાણે તો છે, પ્રભુ આ કરે છે. ભગવાને આ રીતે જ કરવું જોઈએ." અને તેઓ આ રીતે ચાલુ રાખે છે, અને તેઓને ભાન પણ હોતું નથી કે ભગવાન ઉપર, તેઓ કહે તેવો હોવો જોઈએ અને ભગવાને શું કરવું જોઈએ તેવા પોતાના ખ્યાલો અને ઇચ્છાઓ પ્રભુ પર લાદે છે અને તેથી પ્રભુ તેમની ઇચ્છા પ્રમાણે ન કરે અને તેમણે મૂકેલી શરતો પરિપૂર્ણ ન કરે તો તેઓ કહે છે, "તું ભગવાન નથી!" (હાસ્ય) આ પ્રમાણે કહેવું તો ઘણું સરળ છે. "હું તને જે કરવાનું કહું છું તે તું પરિપૂર્ણ કરતો નથી એટલે તું પ્રભુ નથી!" અને આવું તેઓ સદાય કરતાં જ હોય છે એટલે કુદરતી રીતે જ જો લોકોને ખુશ કરવા હોય તો, પ્રભુકૃપાએ તેમની માગણીઓને તાબે થવું જોઈએ અને તેથી પોતાના હેતુના કાર્યની વિરુદ્ધ જ તેણે કામ કરવું પડે. અને તેનું પોતાનું કાર્ય જ વિનાશ પામે.

(બીજા બાળક પ્રત્યે) હવે, તારે કોઈ પ્રશ્ન છે ?

અત્યારે મારો વારો નથી ! (હાસ્ય)

અહા, કેટલું સગવડતાભર્યું ! (હસતાં) તો પછી કોનો વારો છે ? તારો ? તારો પ્રશ્ન ?

અહીં લખેલું છે : "સૌથી ઉચ્ચ અતિમનસ શક્તિ, જે ઊર્ધ્વમાંથી અવતરણ કરે છે અને નીચે પાર્થિવતામાંથી ખુલ્લા થાય છે તે સ્થૂલ પ્રકૃતિને વિજયશાળી રીતે હાથમાં લઈ શકે છે અને તેની મુશ્કેલીઓનો વિનાશ કરી શકે છે." આ છેવટનો ભાગ હું સમજી શકયો નથી.

કયા શબ્દો તને બરાબર ન સમજાયા ?

"અને નિમ્ન પાર્થિવતામાંથી ખુલ્લી થતી જે સ્થૂલ પ્રકૃતિ છે તેને વિજયશાળી રીતે હાથમાં લઈ શકે છે."

વિજયશાળી રીતે હાથમાં લઈ શકે ! . . . . આનો અર્થ તને સમજાતો નથી ? (પવિત્ર જે વાકયનું ખોટી રીતે ઉચ્ચારણ થયું છે તે ફરીથી વાંચે છે.) નીચેથી ખુલ્લું થતું – એટલે કે કાંઈક એવી વસ્તુ જે ઉપરથી આવે છે અને પોતાની જાતને નીચેથી ઉપર ધક્કો મારે છે, તેનો રસ્તો બળથી ખુલ્લો કરે છે, એક પ્રકારના રસ્તાની રચના કરે છે, એક માર્ગ, જે વસ્તુ નીચેથી સામે તાકાત આપે છે તેમાંથી આરપાર માર્ગ ખુલ્લો કરે છે, જેવી રીતે કોઈ બિનવપરાયેલા જંગલમાંથી વૃક્ષો કાપી નાખીને પોતે રસ્તો ખુલ્લો કરે છે તે રીતે. સારું, એ પ્રકારનું છે, તમે સમજ્યા, સ્થૂલ વસ્તુઓની ભૂમિકાઓમાં એક પ્રકારનો પ્રત્યાઘાત હોય છે, અને ઉપરના દબાણથી તે રસ્તો કરે છે અને એક માર્ગ કરે છે – પ્રત્યાઘાતી બળોમાંથી આરપાર, અને પછી તમે સમજો છો કે પાછળ શું બને છે ?

ના. "તે વિજયશાળી રીતે હાથમાં લઈ લે છે."

"હાથમાં લેવું" – તેનો અર્થ . . . . તેની "સાથે કામ પાડવું"; એટલે કે સ્થૂલ જગતના બધા પ્રત્યાઘાતોની સાથે કામ પાડી શકે. સ્થૂલ વસ્તુઓની મુશ્કેલીઓની ઉપર વિજય મેળવવા માટે એ ફકત એક જ સૌથી ઉચ્ચ શક્તિ છે. આનો અર્થ તેવો છે. સ્થૂલ જગતના બધા જ પ્રત્યાઘાતો અને બધી જ મુશ્કેલીઓ સૌથી ઉચ્ચ શક્તિ દ્વારા જ વિજયી બની શકે છે – સૌથી ઉચ્ચ અતિમનસની શક્તિ. હવે તમને સમજાયું ?

હા

(બીજા બાળક પ્રત્યે) તારે કાંઈ પૂછવાનું નથી ?

(બીજા પ્રત્યે) અને તારે ?

માતાજી, એમ કહેવાયું છે : "એવા ખોટા ખ્યાલનો ત્યાગ કરો કે પ્રભુની દિવ્ય શકિત તમે માગણી કરો ત્યારે પ્રભુએ નિર્માણ કરેલી શરતો તમે પૂરી કરો કે ન કરો તો પણ, તમારે માટે બધું જ કરી આપશે અને કરવા માટે બંધાયેલી છે." તો પછી . . . .

પરંતુ તમે જાણો છો, કેટલાક લોકોને એમ કહેવામાં આવે છે, "તમારે સમર્પણ કરવું જોઈએ." પછી તમને તેઓ હસતાં હસતાં જવાબ આપે છે, "સારું, મને સમર્પણ કરાવો !" કેમકે આ ઘણું સરળ પડે !

જ્યારે કોઈને કાંઈક પ્રગતિ કરવી હોય છે . . . .

હા !

કોઈ પ્રયત્ન કરે છે પણ તેને લાગે છે કે કોઈક વસ્તુને આગળ પ્રગતિ કરવી નથી, તેને આગળ પ્રગતિ કરવાની ઈચ્છા નથી.

હા, પ્રગતિ કરવા માટે.

તો પછી, જો કોઈ પ્રભુને કહે કે . . . .

મદદ કરવા માટે ?

હા

એ કાંઈક જુદી જ વસ્તુ છે. મદદ કરવા માટે એ તો સમજી જવાય એવું છે. પ્રભુ મદદ માટે ત્યાં હાજર છે જ. પરંતુ અહીં જે કહેવાયું છે તેનો અર્થ છે, આળસુ થઈને બેસી રહેવું અને કાંઈ પણ કરવું નહિ, પ્રયત્ન કરવાની સહેજ નિશાની પણ ન બતાવવી, અથવા અભીપ્સા માટે ઈચ્છા પણ ન દર્શાવવી. કાંઈ પણ કરવું નહીં અને પછી કહેવું, "સારું, પ્રભુ માટે આ કરી લેશે ! પ્રભુ મારા માટે બધું જ કરશે, પ્રભુકૃપા મને અભીપ્સા કરાવશે. જો મારે અભીપ્સાની જરૂર હશે તો પ્રભુકૃપા તે પણ આપશે. જો મારે સમર્પણની જરૂર હશે તો પ્રભુકૃપા તે પણ મને આપશે." અને આ પ્રમાણે અને પછી "મારે શાંતિથી બેસવા સિવાય બીજું કાંઈ કરવાનું નથી, મારે હલનચલન પણ કરવાનું નથી, તેમ જ મારે કોઈ વસ્તુની ઈચ્છા પણ કરવાની નથી." સારું, લોકો આવા પ્રકારના છે. ઘણા લોકો આવા હોય તેઓને એમ કહેવામાં આવે, "અભીપ્સા કરો," તો તેઓ કહે છે, "મને અભીપ્સા આપો," (હાસ્ય) તેમને કહેવામાં આવે છે, "ઉદાર બનો," અને તેઓ કહેશે, "મને ઉદાર બનાવો, હું બધું જ છોડી દઈશ ?" (હાસ્ય)

અને પછી ! (બીજા બાળક પ્રત્યે) હવે તારે કાંઈ પૂછવાનું છે ?

હું એક પ્રશ્ન ફરીથી પૂછું છું, મધુર માતાજી, અહીં ફ્રેન્ચ ભાષામાં આવું લખાયું છે : "નીચેથી માર્ગ ખુલ્લો કરતું," પરંતુ અંગ્રેજી પ્રતમાં "માર્ગ" શબ્દ નથી.

હા, કોની પાસે અંગ્રેજી પુસ્તક છે?

મારી પાસે.

વાંચ જોઈએ. તારું અંગ્રેજી પુસ્તક વાંચ !

". . . . એવી ઊર્ધ્વમાંથી અવતરણ કરનારી અતિમનસ શક્તિ અને નીચેની તરફથી ખુલ્લી થનારી શક્તિ જ સ્થૂલ પ્રકૃતિના ઉપર વિજયશાળી રીતે કાર્ય કરી શકે તેમ છે, તથા તેની મુશ્કેલીઓનો અંત લાવી શકે એમ છે."

નીચેથી ખુલ્લી થતી ? (લાંબું મૌન)

આનો અર્થ એમ થઈ શકે કે સ્થૂલ ભૂમિકાના હાર્દમાં ગુપ્ત રહેલી શક્તિને પોતાનો આવિર્ભાવ કરવા દેવો. તે અતિમનસની હાજરીનો ખ્યાલ આપે છે. તે બધી વસ્તુઓના કેન્દ્રમાં છે પણ ગુપ્ત છે. અને પોતાનો આવિર્ભાવ કરવા માટે શક્તિશાળી નથી, એટલે કે તે જાણે કે એમ લાગે કે ઉપરથી આવેલા શક્તિને લઈને જાગ્રત બને છે અને આવિર્ભાવ પામે છે.

તેનો અર્થ આ રીતે હોઈ શકે, એટલે કે, તેને એ સત્ય વ્યક્ત કરવાની ઇચ્છા હોય કે બન્ને છેડાઓ એક વર્તુળની માફક એકઠા થઈ જાય, તમે સમજ્યા, શરૂઆત અને અંત બન્ને મળી જાય. તેનો અર્થ તે જ હોઈ શકે.

પવિત્ર : માતાજી, ફ્રેન્ચ ભાષાનો આ અર્થ છે – ફ્રેન્ચ ભાષાનું ભાષાંતર !

ચોક્કસ ! ફક્ત આ શબ્દોમાં જ તે કહેવાયું નથી. ખરેખર તો તે જ અર્થ છે – પછી તે આ રીતે કહેવાયું હોય કે બીજી રીતે. તેનો અર્થ એ છે કે બન્ને છેવટના છેડાઓ સંધાય છે, તમે સમજ્યા, જોડાઈ જાય છે. પરમતત્ત્વ જે સ્થૂલ વસ્તુમાં છે તે અને પરમતત્ત્વ જે સ્થૂલ વસ્તુની બહાર રહેલું છે તે બન્ને જોડાઈ જાય છે. બન્ને દાખલાઓમાં તેનો અર્થ એક જ થાય છે.

મધુર માતાજી, "જડ નિષ્ક્રિયતા"નો શો અર્થ ?

જડ નિષ્ક્રિયતા? તેનો અર્થ . . . . નિષ્ક્રિયતા, જેને વિશે આપણે એક દિવસ વાતચીત કરેલી છે, ખરું ને? – એટલે જે ગતિ કરતું નથી, જે કાંઈ કરતું નથી, આંદોલિત થતું નથી, પ્રત્યુત્તર આપતું નથી – વારુ, જડ નિષ્ક્રિયતા આવી હોય છે, તે પૂરેપૂરી અચેતન, અક્રિય હોય છે. પ્રત્યુત્તર આપતી નથી. જ્યારે એક દિવસ

આપણે નિષ્ક્રિયતાનું એવું વર્ણન આપેલું કે તે પ્રત્યુત્તર આપે છે, જે ખુલ્લી થાય છે, તે ગ્રહણશીલ છે અને ગતિ કરતી નથી, કાર્ય કરતી નથી. આપણે નિષ્ક્રિયતાને અક્રિયતાની વિરોધી તરીકે લઈએ. એવી કોઈક વસ્તુ જે કાર્ય કરતી નથી પણ ગ્રહણશીલ છે અને સ્વીકાર કરે છે.

પરંતુ જડ નિષ્ક્રિયતા એવી નિષ્ક્રિયતા છે જે કોઈ વસ્તુને સ્વીકારતી નથી. તે પથ્થર જેવી છે. દા.ત. જ્યારે આપણે એમ કહીએ કે પથ્થરમાં જડ નિષ્ક્રિયતા છે, આપણે કહીએ છીએ ને? – જમીન અથવા રેતી માફક, તે સાવ સાચું નથી. એવી કોઈ વસ્તુ નથી જે શક્તિઓ પ્રત્યે જરા પણ ગ્રહણશીલ ન હોય, પણ તેમ છતાં જેને આપણે અચેતન કહીએ છીએ તેની જેમ જેમ નજીક જતા જઈએ તેમ તેમ તે વધારે ને વધારે જડ અને નિષ્ક્રિય લાગે. તે વસ્તુ તે પ્રમાણે છે.

તેથી, કોઈ વ્યક્તિમાં જડ નિષ્ક્રિયતા એટલે કોઈ આંદોલિત થવાની, ગ્રહણશીલ થવાની, ખુલ્લા થવાની, પ્રત્યુત્તર આપવાની અશક્તિ, એવી કોઈ વસ્તુ જે બિલકુલ અચેતન છે અને કોઈ પણ પ્રકારની ગતિ કરતી નથી!

મધુર માતાજી, આપણી આજ્ઞાધીનતાને આનંદદાયક કઈ રીતે બનાવી શકીએ?

તે સચ્ચાઈવાળી હોવી જોઈએ. જો તે ખરેખરી સાચદિલ હોય તો તેને આનંદ થાય છે. જ્યાં સુધી તેવા પ્રકારની હોતી નથી, તમે ક્રમ ઊલટાવી શકો – જ્યાં સુધી તે આનંદમય હોતી નથી ત્યાં સુધી ખાતરી રાખજો કે તે પૂર્ણ સચ્ચાઈ ભરેલી નથી; કારણ કે જો તે સંપૂર્ણ સચ્ચાઈવાળી હોય તો તે કાયમ આનંદમય હોય છે. જો તે ખુશ ન હોય તો તેનો અર્થ કે કોઈક વસ્તુ તેને પાછળ ખેંચી રાખે છે, કોઈક વસ્તુ જે એમ ઈચ્છે છે કે વસ્તુઓ જુદી રીતે બને, કોઈક વસ્તુ જેને પોતાની કોઈક સંકલ્પશક્તિ હોય, પોતાની કાંઈક અંગત ઈચ્છા હોય, પોતાનો કોઈ હેતુ હોય અને તેને સંતોષ નથી, અને તેથી પૂરેપૂરી સમર્પિત થયેલી નથી, પોતાના સમર્પણમાં સાચદિલ નથી. પરંતુ જો કોઈ પોતાના સમર્પણમાં સચ્ચાઈવાળો હોય, તો તે પૂરેપૂરો સુખી હોય એ સ્વાભાવિક છે: ઘણું ખરું વ્યક્તિ સાહજિક રીતે જ અવર્ણનીય સુખનો અનુભવ કરે છે. તેથી જ્યાં સુધી આ અનિર્વચનીય આનંદ ત્યાં ન હોય તો તમે સચ્ચાઈવાળા નથી તેની ચોક્કસ નિશાની છે, કે કોઈક વસ્તુ એવી છે, તમારા સ્વરૂપનો કોઈ એક ભાગ, નાનો કે મોટો જે સચ્ચાઈવાળો નથી.

મધુર માતાજી, આ ભાગને શોધવો કેવી રીતે?

અભીપ્સા કરો, આગ્રહ રાખો, તેના પર પ્રકાશ મૂકો, જરૂર લાગે તો પ્રાર્થના કરો. ઘણા રસ્તાઓ છે. કેટલીક વખત શસ્ત્રક્રિયાઓની પણ જરૂર હોય છે. જ્યારે કોઈ ગૂમડું ફૂટતું ન હોય ત્યારે તેના ઉપર લાલચોળ સળિયો તે ઘા ઉપર મૂકવો પડે છે.

(બીજા બાળક પ્રત્યે) તે કાંઈ કહ્યું ?

ના, અત્યારે મારો વારો નથી !

(હસતાં) ઓહ, તારો વારો નથી ! (હાસ્ય) તેથી . . . .

અહીં કહેવાયું છે : "તમારી પાસેથી દિવ્ય શક્તિને સમર્પણ કરવાની માગણી પરમ પ્રભુ કરે છે, પરંતુ તે બળજબરીથી સમર્પણ કરાવતો નથી; પાછાં પગલાં લઈ જ ના શકે એ પ્રકારનું આમૂલ રૂપાંતર સધાય ત્યાં સુધી પ્રભુનો ઈન્કાર કરવા, પ્રભુનો ત્યાગ કરવા તમે હરપળે છૂટા છો, અથવા તમારું કરેલું સમર્પણ પાછું ખેંચી લેવા પણ તમે મુકત છો . . . ."

હા, આ એવી વસ્તુ છે જે દરેક મિનિટે બને છે !

(બાળક છેલ્લો શબ્દસમૂહ ફરીથી બોલે છે) "પ્રભુનો ઈન્કાર કરવા અને ત્યાગ કરવા" – "ઈન્કાર કરવો" એટલે શું ?

"ઈન્કાર કરવો" ? એ જ વસ્તુ હું કહેવા જતી હતી. જે લોકોને એમ લાગે કે તેમને જે જોઈએ છે તે બધું પ્રભુને જોઈતું નથી અથવા પ્રભુ તેમની ઈચ્છા અનુસાર કાર્ય કરતો નથી, તેઓ પ્રભુનો ઈન્કાર કરે છે. તેઓ કહે છે કે, "પ્રભુ નથી." અથવા તો બીજા કેટલાક એવા છે જેઓ આનાથી પણ વધારે આગળ જાય છે. તેઓ કહે છે, "પ્રભુ નથી ! તેની હયાતી નથી . . . . કારણ કે તે તેમને બંધબેસતો આવતો નથી" . . . . પ્રભુ હોય તો તે ઉપાધિકારક વસ્તુ છે : તેઓ કહે છે કે એવી કોઈ વસ્તુ છે જ નહિ !

મધુર માતાજી, એક "જડ યાંત્રિકતા"નો શો અર્થ ?

યાંત્રિકતા – એ જડ નિષ્ક્રિયતા કરતાં થોડીક વધારે આગળની વસ્તુ છે. યાંત્રિકતા – એ એક યાંત્રિક ગતિ છે; અને "જડ"નો અર્થ અચેતન થાય. એટલે તે એક અચેતન યાંત્રિક ગતિ છે, કોઈ એવી વસ્તુ જેમાં પ્રાણ, આત્મા, સંકલ્પશક્તિ, તીવ્રતા, કાંઈ નથી. એક એવી વસ્તુ જે ફકત યંત્ર જેવી છે. જેમાં ચેતન નથી અને તે જડ છે, કોઈ પણ જાતની ચેતના વગરની, અને ગ્રહણશીલતા વગરની – હોય છે. તેમ છતાં દા.ત. હું માનતી નથી કે એક ઘડિયાળને જડ યાંત્રિક વસ્તુ કહેવાય. ઘડિયાળને કાંઈક

આત્મા જેવું હોય છે. યંત્રને જો સારી બનાવટનું હોય તો, કાંઈક આત્મા જેવું હોય છે, તે ઉત્તર આપે છે. તેનામાં કાંઈક ગ્રહણ શીલતા હોય છે. પણ જે બીજી વસ્તુ છે તે એવી છે જેનામાં ગ્રહણશીલતા નથી, સચેતનતા નથી અને તે એક એવા પ્રકારનું મશીન છે જેને માણસ ચાવી આપે છે અને જે આ પ્રમાણે કરે છે (માતાજી યાંત્રિક ક્રિયાઓ કરી બતાવે છે.), તમે સમજ્યા, અને તે જાણતું નથી કે શા માટે અને કેવી રીતે તે કરવું !

માતાજી, "સહાયક આજ્ઞાધીનતા" એટલે શું ?

આજ્ઞાધીનતા .... બિનસહાયક ? (હાસ્ય) તે એવી હોઈ શકે નહિ. તે સહાયક આજ્ઞાધીનતા છે. એક મદદગાર આજ્ઞાધીનતા. જેને વિશે આપણે તે શું છે તે જાણીએ છીએ, નથી જાણતા ? એક મદદરૂપ આજ્ઞાધીનતા.

પુસ્તક ક્યાં છે ? બિનસહાયક આજ્ઞાધીનતા, એમ આપણે બોલી શકીએ નહિ. (હાસ્ય) **(માતાજી પુસ્તક શોધે છે)**

મદદગાર, તે બિનમદદગાર નથી ! (હાસ્ય)

એક આનંદપૂર્વકની આજ્ઞાધીનતા, જે હું હમણાં કહેતી હતી તે. મજબૂત, સમજ્યા, કોઈ નબળી અને શક્તિહીન વસ્તુ નહિ; તાકાતવાન, શક્તિપૂર્ણ અને મદદગાર, એટલે કે તે કાર્ય કરે છે, સક્રિય છે, પરિણામો લાવી આપે છે, જે પોતાને ઉપયોગી બનાવે છે, એવી આજ્ઞાધીનતા જેને કાર્યમાં સાથ આપવો છે, પ્રગતિના સાથીદાર બનવું છે. તે જ યાંત્રિકતાથી ઊલટી છે, બિલકુલ વિપરીત.

મધુર માતાજી, પ્રભુની શક્તિ પ્રત્યે એક અનન્ય આત્મખુલ્લાપણું એટલે શું ?

આત્મ-ખુલ્લાપણાને બદલે આપણે ગ્રહણશીલતા, કાંઈક વસ્તુ જે ગ્રહણ કરવા માટે ખુલ્લી થાય છે. સાધારણતયા જેમ બને છે કે આપણે બધી બાજુઓથી અને દરેક પાસેથી ખુલ્લા થઈને જે ગ્રહણ કરીએ છીએ તેને બદલે આપણે ફક્ત પ્રભુ પ્રત્યે જ તેની દિવ્ય શક્તિને ગ્રહણ કરવા માટે ખુલ્લા થઈએ. માણસો જે ઘણે ભાગે કરે છે તે તેનાથી ઊલટું જ હોય છે. તેઓ ફક્ત સપાટી ઉપર જ ખુલ્લા હોય છે. તેઓ બધી બાજુએથી, બધી જ અસરોને ઝીલે છે અને આ વસ્તુ તેમની અંદર, આપણે જેને Pot-Pourri કહીએ છીએ તેનું સર્જન કરે છે (માતાજી હસે છે), બધી જ પ્રકારની ઊલટસૂલટ ગતિઓ જે સ્વાભાવિક રીતે જ અસંખ્ય મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે. તેથી, અહીં તમને સલાહ આપવામાં આવી છે કે તમારે ફક્ત પ્રભુ પ્રત્યે જ ખુલ્લાં થવું, અને ફક્ત દિવ્ય શક્તિને જ ગ્રહણ કરવી અને બીજી બધી

વસ્તુઓને બાતલ કરવી. આ, બધી મુશ્કેલીઓને સંપૂર્ણ રીતે ઓછી કરી આપે છે. ફક્ત એક જ વસ્તુ મુશ્કેલ રહે છે. તે છે.... વ્યકિત તે કરી શકે છે અને જો ક્રીમિયાગરની સ્થિતિમાં ન હોય તો તેને માટે માણસો સાથે સંપર્ક રાખવો, તેમની સાથે વાતચીત કરવી એ બહુ મુશ્કેલ બની જાય છે. દા.ત. તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક સાધીને તેમનામાંથી કોઈ વસ્તુ ગ્રહણ ન કરવી – તે ઘણી મુશ્કેલ વસ્તુ છે. જો કોઈ એક પ્રકારના, એવા વાતાવરણમાં હોય, જે ગળણીનું કામ કરે તો પછી જે કોઈ બહારથી આવે તે વસ્તુ ગળાઈને – સ્વચ્છ થઈને, તમારી પાસે આવશે. પણ તે ઘણું મુશ્કેલ છે; તે ખૂબ વિશાળ અનુભવ માગે છે તેથી જ જે લોકોને સહેલામાં સહેલો રસ્તો જોઈતો હતો તેઓ એકાંતમાં વૃક્ષની નીચે બેસવા માટે ચાલ્યા જતા. એક પણ શબ્દ બોલતા નહીં. અને તેઓ કોઈની મુલાકાત લેતા નહીં કારણ કે અનિચ્છનીય આદાનપ્રદાનને કમી કરવામાં આ વસ્તુ મદદ કરે છે. ફક્ત એટલું જ ધ્યાન ઉપર આવ્યું છે કે આ લોકો નાનાં પ્રાણીઓની અને નાના છોડવાઓના જીવનની અંદર ખૂબ રસ લેવાની શરૂઆત કરતા, કારણ કે કોઈ પણ વસ્તુ માટે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરવો એ અઘરું છે. એટલા માટે આ પ્રશ્નનો પૂર્ણ રીતે સામનો કરવો અને ફક્ત પ્રભુ ઉપર જ પૂર્ણ રીતે કેન્દ્રિત થયેલા વાતાવરણથી વીંટળાયેલા રહેવું, એ વધારે સારું છે જેથી કરીને આ વાતાવરણમાંથી પસાર થઈને જે વસ્તુ આવે તે સ્વચ્છ બનીને આવે.

અને ત્યાર પછી પણ આ વસ્તુ કરવામાં આવી હોય છતાં પણ ખોરાકનો પ્રશ્ન રહે છે જ. જ્યાં સુધી આપણા શરીરને ટકી રહેવા માટે વિજાતીય વસ્તુઓ લેવાની ફરજ પડે ત્યાં સુધી તે જ સમયે તે ઠીકઠીક પ્રમાણમાં જડ અને અચેતન બળોને અથવા એવી વસ્તુઓ જેમાં અનિચ્છનીય ચેતના હશે તેવી વસ્તુઓને ગ્રહણ કરશે અને આ રસસિદ્ધિ શરીરની અંદર બનશે. આપણે ખોરકની સાથે ગ્રહણ કરાતી વિવિધ ચેતનાઓ વિશે વાતચીત કરતા હતા, પરંતુ ખોરાકની સાથે અચેતન વસ્તુઓ પણ ગ્રહણ થાય છે – ઘણા મોટા પ્રમાણમાં, અને એટલા માટે ઘણા યોગોમાં ખોરાકને લેતા પહેલાં તે ખોરાકને પ્રભુને અર્પણ કરવા માટેની સલાહ અપાતી (**માતાજી અર્પણ કરવાની ક્રિયા કરે છે, હાથ જોડીને, હથેળીઓ પહોળી કરીને**), તેમાં ખોરાક લેતાં પહેલાં પ્રભુને નીચે ઊતરવાનું આહવાન કરવામાં આવે છે. વ્યકિત ખોરાકને અર્પણ કરે છે – એટલે કે તે પ્રભુના સંપર્કમાં ખોરાકને મૂકી આપે છે, જેથી કરીને વ્યક્તિ જે ખોરાક લે તે પ્રભુની અસર નીચે આવે છે. તે ઘણું ઉપયોગી છે. ઘણું સારું છે. જો કોઈ તે કેમ કરવું તે જાણી લે તો તે ઘણું ઉપયોગી છે. તે આંતરિક રૂપાંતરનું કાર્ય જે કરવાનું હોય છે તેને હળવું કરી નાખે છે. પરંતુ તમે જાણો છો, તે પ્રમાણે આ જગત જેવા પ્રકારનું છે તેમાં આપણે એકબીજા ઉપર આધારિત છીએ,

તમે એવી હવા તમારી અંદર લઈ શકતા નથી જેમાં આંદોલનો ન હોય, જે આંદોલનો જુદા જુદા પ્રકારની ગતિઓથી અને ભિન્ન ભિન્ન પ્રકારના લોકોથી ઉત્પન્ન થયાં ન હોય અને તમારે જો અકબંધ રહેવું હોય તો તમારે ગરણીની માફક કાર્ય કરવું જોઈએ, જે પ્રમાણે હું કહેતી હતી તે પ્રમાણે. એટલે કે તમારે કોઈ અનિચ્છનીય વસ્તુનો તમારામાં પ્રવેશ થવા દેવો જોઈએ નહીં. જેમ માણસ કોઈ ચેપગ્રસ્ત પ્રદેશમાં જાય ત્યારે મોઢા ઉપર બુરખો ઓઢે છે જેથી જે હવા તે અંદર લે છે તે સ્વચ્છ થઈને આવે છે તે રીતે. સારુ, આવું કાંઈક કરવું જોઈએ માણસે પોતાની આસપાસ પ્રભુને સંપૂર્ણ સમર્પણ કરેલું વાતાવરણ પોતાની ચારે બાજુએ તીવ્રતાથી રાખવું, તેથી જે કોઈ વસ્તુ તેમાંથી પસાર થઈને આવે તે સ્વચ્છ બનીને, કુદરતી રીતે આવે, તે જીવનમાં ઘણું ઉપયોગી છે, કારણ કે, આપણે આ વિશે પણ વાત કરેલી છે. દુષ્ટ વિચારો, દુષ્ટ ઇચ્છાશક્તિઓ. લોકોમાં તમારા માટે ખરાબ ભાવ, – આ બધી વસ્તુઓની રચનાઓ હોય છે. વાતાવરણમાં બધી જ પ્રકારની અનિચ્છનીય વસ્તુઓ હોય છે અને તેથી જો માણસ સદાય જાગ્રત હોય અને ચારે બાજુ નજર રાખતો હોય, તો તે એક જ વસ્તુનો વિચાર કરતો હોય છે કે કઈ રીતે પોતાની જાતનું રક્ષણ કરવું. પહેલાં તો તે કંટાળાજનક લાગે, અને પછી, તમે સમજ્યા, તમારો ઘણો સમય, ગુમાવવો પડે. પછી પણ જો તમે આ રીતે ખૂબ સારી રીતે વિંટળાયેલા હો, જ્યારે તમે આ પ્રકાશથી પૂર્ણ આનંદયુક્ત, સચ્ચાઈભર્યા સમર્પણથી આવરિત થયેલા હો ત્યારે તે તમને અદ્‌ભુત ગરણી જેવું કામ આપે છે. અનિચ્છનીય કોઈ પણ વસ્તુ, દુરિચ્છાવાળી કોઈ પણ વસ્તુ તેમાંથી પસાર થઈ શકશે નહીં, તેથી સહજ રીતે, આ બધી વસ્તુઓ જ્યાંથી આવી હોય ત્યાં તે પાછી ફરે છે. જો કોઈ સચેતન દુરિચ્છા તમારી વિરુદ્ધની હોય, તે આવે તો પણ તે તેમાંથી પસાર થઈ શકે નહીં; બારણું બંધ છે. કારણ કે તે ફક્ત દિવ્ય વસ્તુઓ તરફ જ ખૂલે છે. તે બીજી કોઈ પણ વસ્તુ પ્રત્યે ખૂલતું નથી. એટલે તે વસ્તુ જે મૂળમાંથી નીકળી ત્યાં ખૂબ શાંતિથી પાછી ફરી જાય છે.

પરંતુ આ બધી વસ્તુઓ હસ્તી ધરાવે છે... આ બધી વસ્તુઓ અભ્યાસ દ્વારા અને વૈજ્ઞાનિક રીતે કેમ કરવી તે શીખવું જોઈએ. પરંતુ તે અભ્યાસ અગર વિજ્ઞાન વગર પણ કરી શકાય છે. ફક્ત તમારી અભીપ્સા અને સમર્પણ સંપૂર્ણ અને સમગ્ર હોવાં જોઈએ. જો અભીપ્સા અને સમર્પણ સંપૂર્ણ હોય તો તે સહજ રીતે થાય છે. પણ તમારે જોવું જોઈએ કે તે સંપૂર્ણ છે. અને તે ઉપરાંત, મેં તમને હમણાં કહ્યું તે પ્રમાણે તે વિશે ખૂબ સ્પષ્ટ રીતે સભાન બનો, કારણ કે જે ક્ષણે તે પૂર્ણ નહીં હોય, તે ક્ષણે, તમે જ્યારે આનંદમાં નહીં હો, તમે જ્યારે અસ્વસ્થતા અનુભવશો, ખૂબ દુઃખી અને નિરાશ હશો, થોડા નાખુશ : "આ જે વસ્તુઓ

આનંદદાયક નથી. તેઓ ગઈ કાલની માફક જ હતી; પરંતુ ગઈ કાલે તે અદ્‌ભુત હતી, આજે આનંદદાયક નથી !" –કેમ ? કારણ કે ગઈ કાલે તમે સમર્પણની પૂરી અવસ્થામાં હતા, વધારે કે ઓછી રીતે પૂર્ણ – અને આજે હવે તેમ નથી. તેથી ગઈ કાલે જે સુંદર હતું તે હવે આજે સુંદર નથી. તમને અંતરમાં જે આનંદ હતો, જે શ્રદ્ધા, જે ખાતરી કે બધું સારું થશે અને મહાન કાર્ય સફળ થશે, તે શ્રદ્ધા – આ બધું, તમે સમજ્યા, બુરખામાં છુપાઈ ગયું છે. એક પ્રકારની શંકાએ તેમનું સ્થાન લીધું છે, અને હા, એક અસંતોષ છે; "વસ્તુઓ સુંદર નથી, જગત ખરાબ છે, લોકો આનંદ આપે તેવા નથી." અને આગળ ઉપર આટલે સુધી પણ તમને થાય છે : "ખોરાક સારો નથી, કાલે તે ઘણો સારો હતો." ખોરાક તેનો તે જ છે, પણ આજે તે સારો નથી ! આ તમારું વાયુમાપક યંત્ર છે ! તમે તમારી જાતને તાત્કાલિક કહી શકો છો કે કયાંક બિનસચ્ચાઈ પેસી ગઈ છે. તે જાણવું બહુ સહેલું છે. તમારે તેના માટે મોટા પંડિત થવાની જરૂર નથી, કારણ કે શ્રી અરવિંદે 'યોગ-સાધનાના પાયા" માં કહ્યું છે : "વ્યકિત જાણે છે કે તે સુખી છે કે દુઃખી, તે જાણે છે કે તેને સંતોષ છે કે અસંતોષ, તેને પોતાની જાતને પૂછવું પડતું નથી. આને માટે કોઈ જટિલ પ્રશ્નો પૂછવા પડતા નથી, પોતે જાણે છે ! – વારુ, આ ઘણું સરળ છે.

જે ક્ષણે તમને લાગે કે તમે વિષાદમાં છો, ત્યારે તેની નીચે તમે આ પ્રમાણે લખી શકો છો : "હું સચ્ચાઈવાળો નથી !" આ બન્ને વાકયો એકીસાથે જ સુસંગત છે :

"મને લાગે છે હું દુઃખી છું."

"હું સચ્ચાઈવાળો નથી."

હવે, કઈ વસ્તુ ખોટી છે ? પછીથી વ્યકિત નજર નાખે છે, અને શોધી કાઢવું બહુ સહેલું છે ....

તો તમે આ સ્થિતિમાં છો, મારાં બાળકો. એટલું બસ છે ને ?

આપણા પ્રશ્નો ખલાસ થઈ ગયા કે નહીં ?

(એક બાળક પ્રત્યે) તેં તારો પ્રશ્ન પૂછયો નહિ, પૂછયો છે ?

માતાજી, શ્રી અરવિંદે પત્રોમાં કોઈ સ્થળે * કહ્યું છે કે દિવ્યકૃપા સદ્‌ગુણીને પસંદ કરતી કે પાપીનો ઈન્કાર કરતી નથી. તેનો પોતાનો વિવેક હોય છે જે મનના કરતાં જુદો જ હોય છે. તે જ પ્રમાણે એક દાખલો લઈએ તો પ્રભુકૃપા સંત ઓગસ્ટીનની મદદે આવી. તો પછી શ્રી

* જુઓ Letters on Yoga. Cent. Vol 23, p. 609.

અરવિંદ અહીં કેમ કહે છે : "પરંતુ દિવ્યકૃપા ફક્ત પ્રકાશ અને સત્યની શરતોમાં જ કાર્ય કરશે....?"

હા, તે મારા ધ્યાન ઉપર આવેલું છે. જ્યારે મેં તે વાંચેલું ત્યારે મેં તેના વિશે વિચાર કરેલો.

મેં તેના વિશે વિચારેલું છે. મને લાગે છે કે તેમણે આ રીતે વાકય લખ્યું જેથી વધારે સહેલાઈથી તે સમજી શકાય. પરંતુ હકીકતમાં તેમને જે અર્થમાં કહેવું હતું તે અહીં કહેલું છે : તમે પોતે જ પ્રભુકૃપાનો ઈન્કાર કરો છો.... તે પ્રમાણે નથી ! તેઓ કહે છે. કઈ જગાએ તે છે ? કયું પાનું ? ચોથું પાનું ? હા.... "દિવ્યકૃપાને તમારામાંથી બહાર ધકેલી દેવી," હા, "....તમે પોતે જ પ્રભુકૃપાને તમારી પાસેથી પાછી કાઢો છો." ના, તે એ પ્રમાણે નથી. તે આમ છે.... (બાળક વાંચવાની શરૂઆત કરે છે .... "દિવ્યકૃપા ....") નહીં, ત્યાર પછી વાંચ મારા બેટા.... "તે કાર્ય કરશે નહીં...." (બીજા બાળક પ્રત્યે) આ વસ્તુ આપણે સમજાવી છે. તે કાંઈક જુદું છે, તમે જોયું. આ વસ્તુ મેં સમજાવી છે : તમે પ્રભુકૃપાને તમારે માટે કાંઈક કરવાનું કહો છો; પરંતુ તમે કહો તે વસ્તુ અસત્ય હોય તો પ્રભુકૃપા તે પ્રમાણે કરશે નહીં, કારણ કે તે સત્યમાં જ કાર્ય કરે છે.

તો પછી તે પાપીની મદદે કઈ રીતે આવે ?

તે પાપીને પાપી બનવા માટે મદદ કરતી નથી ! તે પાપીને તેના પાપનો ત્યાગ કરવામાં મદદ કરે છે; એટલે કે તે પાપીને ધકેલી દેતી નથી, તે એમ કહેતી નથી કે, "હું તારા માટે કાંઈ કરીશ નહીં ! તે ત્યાં હાજર હોય છે જ, સતત, જ્યારે તે પાપ કરતો હોય ત્યારે પણ, તેને તેનાં પાપમાંથી બહાર નીકળવા મદદ કરવા માટે, પણ નહિ કે તેનાં પાપને ચાલુ રાખવા માટે.

તમે ખરાબ છો તેથી "હું તમારી સંભાળ નહિ રાખું, હું તમને મારાથી દૂર ફેંકી દઈશ, અને તમારું જે બનવાનું હશે તે બનશે જ, મને તેની કાંઈ પરવા નથી," આવો જે ખ્યાલ રાખીએ છીએ, અને હું તમને તેના વિશે જે કહું છું તેમાં ઘણો મોટો તફાવત છે. તે બન્ને વચ્ચે ઘણો ફેર છે. આ તો માણસનો સામાન્ય ખ્યાલ છે, વ્યકિત એમ કહે છે, "પ્રભુએ મારો ત્યાગ કર્યો છે," તમે જાણો છો કે વસ્તુ એ પ્રમાણે નથી. તમે પ્રભુકૃપાનો અનુભવ ન કરી શકો, પરંતુ તે ત્યાં હાજર હોય છે જ, સૌથી વધારે પાપીઓની સાથે પણ, સૌથી વધારે ખરાબ ગુનેગારોની સાથે પણ, તેમને બદલવામાં મદદ કરવા માટે, તેના ગુનાઓમાંથી અને પાપમાંથી મુકત કરવા માટે, જો તેની પોતાની ઈચ્છા હોય તો, પ્રભુકૃપા તેમનો ઈન્કાર કરતી

નથી. પરંતુ તેને પાપ કરવામાં મદદ કરશે નહીં. જો તે મદદ કરે તો તે પછી પ્રભુકૃપા ન રહે, તમે બન્ને વચ્ચેનો તફાવત સમજ્યા ?

પરંતુ અહીં એક એવું વાકય છે .... આપણે આવી સ્થિતિમાં છીએ, તે બિલકુલ સાચું છે : તમે પોતે જ પ્રભુકૃપાને તમારામાંથી પાછી કાઢો છો, "અને ત્યાર પછી એક વાકય છે (લૅમ્પ ચાલુ કરવાનો હતો અને તેણે માઈકમાં ઘોંઘાટ શરૂ કર્યો. માતાજી થોડુંક આશ્ચર્ય વ્યકત કરે છે અને પછી વાકય શોધવા માટે પાનાં ફેરવે છે) મને લાગે છે કે તે વાકય અહીં છે.... (માતાજી તે વાકય શોધી કાઢે છે અને વાંચે છે) "તો પછી...." આપણે અહીં છીએ .... "તમે સતત હુમલાઓ પ્રત્યે ખુલ્લા થશો અને પ્રભુકૃપા તમારામાંથી પાછી હઠી જશે." તમે આ જુઓ (મૌન) પ્રભુકૃપા તમારામાંથી પાછી ફરતી નથી, તમે પોતે જ પ્રભુકૃપામાંથી પાછા ફરો છો. તે એક લાગણી છે અને હકીકતની અભિવ્યકિત છે. કારણ કે આ વાકયમાં .... પહેલાંના વાકયમાં, આ પ્રમાણે છે : "તમે પોતે જ દિવ્યકૃપાને તમારી પાસેથી પાછી કાઢો છો." આ જ સાચી વસ્તુ છે. પરંતુ તેને પાછી કાઢયા પછી તમને એવી છાપ પડે છે કે તે (કૃપા) તમારામાંથી પાછી ફરે છે; અને ઘણે ભાગે તે આવું છે : "....અને પછી તમે કાયમ હુમલાઓ પ્રત્યે ખુલ્લા થાઓ છો અને પ્રભુકૃપા તમારામાંથી પાછી હઠી જશે." હકીકતમાં એમ નથી કે તે તમારામાંથી પાછી ફરે છે, તમને એવી છાપ પડે છે કે તે તમારામાંથી પાછી ફરે છે.

આ વસ્તુ વાંચતી વખતે મારા ધ્યાન ઉપર આવેલી. મને ખબર નથી કે અંગ્રેજી પ્રતમાં શું છે. અહીં તે સાતમા પાના ઉપર છે. મને ખબર નથી પણ લગભગ તેટલા નંબરના પાના ઉપર જ તે હશે એમ હું ધારું છું : "જો તમે સત્યનું આહ્વાન કરો...." કાંઈક એવા પ્રકારનું.

(કોઈ વ્યકિત જરૂરી વાકયને અંગ્રેજી પુસ્તકમાં શોધે છે અને વાંચે છે.... "પ્રભુકૃપા તમારી પાસેથી પછી હઠી જશે.")

આહ, હા. "તમારી પાસેથી પાછી ફરે છે...." "....અને પછી તમે સદાય હુમલાઓ પ્રત્યે ખુલ્લા થશો અને પ્રભુકૃપા તમારી પાસેથી પાછી ફરી જશે."

તે, વ્યકિત પોતાની છાપ વ્યકત કરે છે. પરંતુ એવું નથી કે પ્રભુકૃપા પાછી હઠી જાય છે, કારણ કે અહીં લખ્યું છે, જુઓ, થોડાક આગળ "તમારે પ્રભુકૃપાને દોષ દેવો જોઈએ નહિ," તમે પોતે જ તેને તમારામાંથી દૂર હાંકી કાઢો છો.

એક પ્રસંગે તે કૃપાનું સ્થાન લે છે અને બીજામાં તે માણસના વલણનું સ્થાન લે છે. માણસ કહે છે, "પ્રભુકૃપા મારામાંથી પાછા ફરે છે." પરંતુ કૃપા પાછી ફરતી નથી, તે પોતે જ તેને પાછી મોકલે છે, એટલે કે તેણે પોતાની

વચ્ચે અને પ્રભુની કૃપા વચ્ચે અંતર રાખેલું છે. હકીકતમાં તો "પાછું ધકેલવું" તે પણ બરાબર ચિત્ર રજૂ કરતું નથી; તમે સમજો છો કે તે તત્ત્વજ્ઞાની માટે લખાયેલું નથી, અને તેના શબ્દો પણ દર્શનશાસ્ત્રના નથી. એક પ્રસંગમાં, તમે સમજો કે તેમણે આ વલણને ધ્યાનમાં લીધું છે, પણ હકીકત તો તે જ છે; એટલે કે એક પ્રકારના માનસશાસ્ત્રીય અંતરને લઈને વ્યક્તિ પ્રભુકૃપાને સ્વીકારી શકતો નથી અને તેને એવી લાગણી થાય છે કે તે કૃપા ત્યાં નથી. હકીકતમાં તો તે ત્યાં છે જ! ફક્ત તેણે બન્ને વચ્ચે અંતરનું સ્થાપન કર્યું છે. એટલે તેને લાગે છે કે તે હવે ત્યાં નથી. સત્ય હકીકત આ પ્રમાણે છે – એમ નથી કે કૃપા ચાલી જાય છે. નેમ એવું પણ નથી કે તમારામાં તેને દૂર ખસેડવાની શક્તિ છે, કારણ કે તેને જો ન જવું હોય તો તેને માટે ગમે તેટલો પ્રયત્ન કરો છતાં તે જશે જ નહીં. તે વ્યક્તિ તેની અસર ઝીલવાને માટે અશક્ત છે. તે પોતાની અને પ્રભુની વચ્ચે એક માનસિક આડશ ઊભી કરે છે.

તો પછી, મારાં બાળકો, તમે આ સ્થિતિમાં છો. મને લાગે છે કે આજની સાંજ માટે આટલું પૂરતું છે.

શુભ રાત.

૧૪ જુલાઈ ૧૯૫૪

આ વાર્તાલાપ વધુ સ્પષ્ટ રીતે રેકર્ડ થયેા નથી કારણ કે ફ્રાન્સના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી વખતે ફટાકડાના અવાજો આવતા હતા. આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા" નો પ્રકરણ ૨ ઉપર આધારિત છે.

મધુર માતાજી, શ્રી અરવિંદ, પ્રભુ અને શક્તિ વચ્ચે ભેદ બતાવે છે? અહીં તેઓ કહે છે, "પોતાની જાતનો તથા પોતે જે કાંઈ હોય તે સર્વનો અને પોતાની પાસે જે કાંઈ હોય તેનો તથા ચેતનાના એકેએક સ્તરનો તથા એકેએક ક્રિયાનું પ્રભુને તથા દિવ્ય શક્તિને સમર્પણ કરવું જોઈએ."

તેમણે કહ્યું છે કે પ્રભુ જ પરમ છે. તે સર્વનું મૂળ છે. તેમણે કહ્યું છે, નથી કહ્યું? આ પ્રકરણની શરૂઆતમાં તેમણે કહ્યું છે, "પ્રભુ...."

(બાળક પુસ્તક વાંચે છે.) "....પોતાની દિવ્ય શક્તિ દ્વારા સઘળા કર્મોની પાછળ....." * હોય છે.

તેઓ શક્તિને કાર્ય કરનારી શક્તિ તરીકે સર્જનાત્મક ચેતના તરીકે લે છે.

"સમર્પણ" અને "ચેતનાની દરેક ભૂમિકા"નો શો અર્થ?

તેનો અર્થ શારીરિકનું સમર્પણ, પ્રાણિકનું સમર્પણ, મનનું સમર્પણ અને ચૈતસિક સમર્પણ. અને જો તમારા સ્વરૂપના બીજા ભાગો વિશે તમે સચેતન હો તો.... તમારે પહેલાં તો તમારા સ્વરૂપના જુદા જુદા ભાગોનો તફાવત જાણવાની શરૂઆત કરવી જોઈએ, અને પછી જ્યારે તમે તેમનો સ્પષ્ટ ભેદ પારખી શકો ત્યારે એક પછી એકનું તમે સમર્પણ કરો.

"યોગમાય"નો શો અર્થ?

---

* પૂર્ણ વાકય આ પ્રમાણે છે: "વિશ્વમાં જે કાંઈ થઈ રહ્યું છે તેમાં પ્રભુ પોતાની દિવ્ય શક્તિ દ્વારા સઘળાં કર્મોની પાછળ રહે છે. પરંતુ પોતાની યોગમાયા વડે ત્યાં તે આવરિત રહે છે, અને જીવના અહં મારફત અવિદ્યા પ્રકૃતિમાં તે કાર્ય કરે છે."

યોગમાયા ? માયા મને ખબર નથી કે તેઓ કયા અર્થમાં લે છે, કે પછી તો સૌથી બાહ્ય આવિર્ભાવ છે.... તેઓ યોગમાયા વિશે કહે છે ?

(એક બાળક શબ્દસમૂહનો છેવટનો ભાગ વાંચે છે)"...તે પોતાની યોગમાયાથી આવરિત છે."

હા, તેના બાહ્ય આવિર્ભાવથી ઢંકાયેલો છે. ખરેખર, તેનો તે અર્થ છે, જગતનું બાહ્ય સ્વરૂપ; અને જીવનો અહંકાર પણ, એટલે કે વ્યક્તિગત સ્વરૂપ.

તે "જીવના અહંકાર મારફત કાર્ય કરે છે...."

હા, તે એક જ વસ્તુ છે, હા, "મારફતે" – એનો અર્થ છે કે અહં ત્યાં છે.

મધુર માતાજી, અહીં લખ્યું છે, "પરંતુ જ્યાં સુધી સાધકની અધોમુખ પ્રકૃતિ સક્રિય હોય છે ત્યાં સુધી સાધકનો અંગત પ્રયત્ન આવશ્યક છે." મને અહીં સમજાયું નહીં, "જ્યાં સુધી અધોમુખ પ્રકૃતિ સાક્રય હોય છે." કેવી રીતે ?

સામાન્યતયા, નિમ્ન પ્રકૃતિ કાયમ સક્રિય હોય છે. જ્યારે માણસ પૂરેપૂરું સમર્પણ કરે ત્યારે જ તે સક્રિય બનતી બંધ થાય છે. જ્યારે માણસ પોતાની નિમ્ન ચેતનામાં રહેવાનું બંધ કરે છે, જ્યારે તેણે સમગ્ર સમર્પણ કરેલું હોય છે, ત્યાર પછી જ અધોમુખ પ્રકૃતિ સક્રિય રહેતી નથી. પરંતુ જ્યાં સુધી તે સક્રિય હોય છે ત્યાં સુધી અંગત પ્રયત્ન આવશ્યક છે.

જ્યારે જુદાપણાની ભાવના અદશ્ય થઈ જાય છે, જ્યારે કોઈ સમગ્ર રીતે સમર્પિત થઈ ગયેલો હોય છે એટલું જ નહિ, પરંતુ પૂરેપૂરો પ્રભુમાં નિમગ્ન થઈ ગયો હોય છે, ત્યાર પછી અંગત પ્રયત્નની કોઈ જરૂરિયાત રહેતી નથી. પરંતુ જ્યાં સુધી વ્યક્તિને એમ લાગે છે કે તે તેની સત્-તા જુદી છે. ત્યાં સુધી તેણે વ્યક્તિગત પ્રયત્ન કરવો પડે છે. આ વસ્તુને તેઓ અધોમુખી ચેતનાનો પ્રયત્ન કહે છે.

(મૌન)

સત્ય બોલવા માટે આપણને આટલી બધી બીક કેમ લાગે છે ?

હા, શા માટે ? હું પણ પૂછું છું. શા માટે ? મને પણ તે જાણવું ખૂબ ગમશે ! પણ તે એમ જ છે. વસ્તુ તે પ્રમાણેની છે. મને લાગે છે કે મુખ્ય કારણ એ છે કે પ્રકૃતિને, તેના બાહ્ય તેમ જ આંતરિક સ્વરૂપમાં બદલાવું નથી. તેને પરિવર્તન કરવું જ નથી. એટલે જે શક્તિને તમારામાં સત્ય માટે પરિવર્તન કરવું હોય છે તેનો તમે સામનો કરો છો.

(ઓચિંતા ફટાકડા ફુટવાનો અવાજ આવે છે, જેમાં બીજા બધા અવાજો ડૂબી જાય છે. માતાજી હસતાં હસતાં ટીકા કરે છે.)

આહ ! તે સારું છે ! આપણી બધી વાતો ઉપર આ અવાજ વિરામચિહ્નો મૂકશે. **(વિશ્વનાથ તરફ ફરીને)** તું તેને બંધ કરી શકે છે, આપણે ફટાકડાઓને રેકર્ડ કરવા નથી ! (હાસ્ય)

"એક તામસિક સમર્પણ, શરતો પૂરી કરવાં માટે ઈન્કાર કરતું"— જો તે શરતો પૂરી કરવાથી ઈન્કાર કરે તો, તે પછીથી સમર્પણ રહેતું નથી. રહે છે ?

બરાબર, પરંતુ ઘણાં એવાં હોય છે જેઓ વિચારે છે કે તેમણે સમર્પણ કરેલું છે અને તેમને કહે છે, "હવે હું મારી જાતે કાંઈ કરતો નથી, મેં મારી જાતને પ્રભુને અર્પણ કરેલી છે, પ્રભુએ મારે માટે બધું કરવું જોઈએ." આને તેઓ સમર્પણ કહે છે.... એટલે કે, તે એક આળસ અને તમસની ગતિ છે, તેને કોઈ પણ પ્રકારનો પ્રયત્ન કરવો નથી અને ભગવાન તમારા માટે બધું જ કરી દે તે તેને પસંદ છે. કારણ કે તે ઘણું સુખસગવડવાળું છે.

"હૃદયની શોધ" કઈ ?

હૃદયની શોધ – તે પ્રાણમય પુરુષનો પ્રયત્ન હોય તે....

(બોર્ડિંગ હાઉસનાં બાળકો અગાશીમાંથી ફટાકડાઓ જુએ છે. તેમના આનંદના ઉદ્‌ગારોથી વર્ગમાં ફરીથી દખલ થાય છે.)

આપણે કાંઈ જોઈ શકતા નથી.... તે પેલી બાજુમાંથી આવે છે.... ઈહ ? આપણે ફક્ત અવાજ જ સાંભળી શકીએ છીએ !

"શોધવું" એટલે કે ઊર્મિમય કેન્દ્ર પ્રભુ સાથે લાગણીનો સંબંધ બાંધવા માટે પ્રયત્ન કરે તે. તે ખરેખર આ જ છે.

(ઘોંઘાટ ચાલુ રહે છે. અને માતાજી વિશ્વનાથને ફરીથી કહે છે.) હું માનું છું કે તું બંધ કરે તો સારું.

(એક બાળક) નહીં, માતાજી ! ના માતાજી !

હું ભાગ્યે જ બોલી શકું છું ! **(બીજા બાળક પ્રત્યે) અને હવે ?**

શા માટે વ્યકિત સતત બિનજરૂરી બોલ્યા કરે છે ? શા માટે આપણે નકામું બોલ્યા કરીએ છીએ ?

શા માટે માણસો બિનઉપયોગી બોલ્યા કરે છે ? હા, કદાચ એટલા માટે કે દુનિયાનો વહેવાર ચલાવવાનું સહજસ્ફુરિત અભિમાન તેનામાં હોય છે. તે પહેલું પૃથ્વી ઉપરનું પ્રાણી છે, જેની પાસે લયબદ્ધ અવાજો છે, અને તેથી તેમની સાથે ખૂબ રમત રમે છે. જેવી રીતે બાળકને નવા રમકડા સાથે રમવાનું ગમે તે રીતે. માણસ એક જ એવું પ્રાણી છે જેના હાથમાં લયબદ્ધ અવાજો છે તેથી તે તેમનાથી રમત રમ્યા કરે છે સમજાયું .... મને એવું લાગે છે.

અને પછી દરેક જાતની મૂર્ખાઈઓ બને છે .... તમે જાણો છો, મેં એમ પણ કહ્યું છે કે કેટલાક માણસો એવા હોય છે કે જ્યારે તેઓ બોલે છે ત્યારે જ વિચાર કરવાની શરૂઆત કરી શકે છે. તેઓ બોલતા હોતા નથી ત્યારે તેઓ વિચાર પણ કરી શકતા નથી ! તેઓ શાંતિમાં વિચાર કરી શકતા નથી, તેથી તેઓમાં બોલવાની ટેવ પડી જાય છે, પણ માણસ જેમ વધારે વિકસિત હોય; વધારે બુદ્ધિ-શાળી હોય, તેમ તેને પોતાની જાતને વ્યક્ત કરવા માટે ઓછી જરૂરિયાત પડે છે. ફક્ત ઘણા નિમ્ન સ્તરમાં જ માણસને વાતચીત કરવાની જરૂર પડે છે. અને ખરેખર, જે વ્યક્તિ બહુ સચેતન હોય, જે માનસિક બૌદ્ધિક રીતે ખૂબ વિકાસ પામેલો હોય, તે જ્યારે જરૂરિયાત હોય ત્યારે જ બોલે છે. તે નકામા શબ્દો વાપરતો નથી. સામાજિક સ્તરમાં આ પ્રમાણે છે .... સીડીના છેલ્લા પગથિયાથી લોકોને જુઓ : તેઓ સૌથી વધારે બોલે છે, તેઓ તેમનો સમય વાતો કરવામાં જ પસાર કરે છે, તેઓ અટકતાં જ નથી ! જે કાંઈ બને છે તેને તેઓ શબ્દોમાં તુર્ત જ વ્યક્ત કરે છે. અને જેટલા પ્રમાણમાં માણસ વધારે વિકસિત હોય છે અને ઉત્ક્રાંતિના ઉચ્ચ સ્તર ઉપર હોય છે, તેટલા પ્રમાણમાં તેને બોલવાની ઓછી જરૂર પડે છે.

આ વસ્તુ બે કારણમાંથી આવે છે; એક, કારણ કે તે એક નવી શક્તિ છે જેને કુદરતી અને સ્વાભાવિક રીતે નવી શક્તિઓનું આકર્ષણ હોય છે; બીજું, તમને તમારા વિચારો વિશે સભાન કરવામાં મદદ કરે છે. નહિ તો વ્યક્તિ વિચાર કરતી નથી. જ્યાં સુધી તે મોટેથી બોલીને, શબ્દોમાં વ્યક્ત કરતી નથી ત્યાં સુધી વિચારોની રચના જ થતી નથી .... સિવાય કે જેઓ ધંધાદારી વ્યક્તિઓ હોય છે – એટલે કે જેઓ રાજકીય ભાષણો કરતા હોય અથવા વર્ગો લેતા હોય, પાઠો આપતા હોય, અને તેથી તેમણે બોલવાની ટેવ પાડી હોય. આ લોકો અપવાદ તરીકે સ્પષ્ટ રીતે બુદ્ધિશાળી અને વાતોડિયા એક જ સમયે હોય છે; પરંતુ સામાન્ય નિયમ પ્રમાણે જેમ લોકો વધારે વાતોડિયા હોય તેમ તેઓ બુદ્ધિમાં ઓછા વિકસિત હોય છે.

વાતો કરવામાંથી અટકવા માટે આપણે શું કરવું જોઈએ ?

ચિંતન કરો ! તમારે વધારે વિચાર કરવાની જરૂર છે. જો તમે બોલતાં પહેલાં

વિચાર કરવાની ટેવ પાડો, તો તમારે જે કહેવાનું હોય તે અર્ધું બચાવી શકો. બોલતાં પહેલાં વિચાર કરવો અને તમને જે અનિવાર્ય રીતે જરૂરી લાગે એટલું જ બોલવું – તો તમને બહુ જલદી ભાન થશે કે બહુ ઓછા શબ્દોની જ ખાસ જરૂર પડે છે, સિવાય કે વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી, તમે કામમાં હો અને જ્યારે કોઈ બીજાની સાથે કાર્ય કરવાનું હોય અને શબ્દોનો ઉપયોગ કરવાની જરૂર પડે: "આ કરો," 'મને પેલું આપો" અથવા "આ પ્રમાણે" અથવા "તે પ્રમાણે" અને તેમ છતાં આને ઓછામાં ઓછું કરી શકાય, નહિ તો, તમે સમજ્યા. . . . (ફરીથી એક જોરદાર ફટાકડાનો અવાજ આવે છે.) આ બધી ઊડતી રકાબીઓ છે ! તે ઘણે દૂર જાય છે ! આ બધું કેટલો સમય ચાલશે ?

અર્ધા કલાક સુધી.

(બીજો બાળક) દસ વાગ્યા સુધી તે ચાલ્યા કરે છે.

દસ વાગ્યા સુધી ! . . . . તો હું ચાલુ રાખું !

કોને પ્રશ્ન પૂછવો છે ? કોનો વારો છે ?

મધુર માતાજી, કેટલીક વખત વ્યકિત જાણે છે કે તે સાચું છે પણ તે સત્યમાં શંકા કરે છે. શા માટે વ્યકિત શંકા કરે છે ?

(જોરદાર અવાજ. બીજું કાંઈ સંભળાતું નથી.)

તે શું કહ્યું ? ખૂબ સ્પષ્ટ રીતે કહે, તે સારી કસરત રહેશે. (હાસ્ય)

આપણે જાણીએ છીએ કે કોઈક વસ્તુ સાચી છે, તેમ છતાં તેમાં શંકા લાવીએ છીએ. શા માટે સત્યમાં શંકા લાવીએ છીએ ?

સામાન્ય જવાબ, એ એટલા માટે કે વ્યકિત મૂર્ખ છે ! (હાસ્ય)

પરંતુ સત્ય એ છે કે સ્થૂલ મન ખરેખર પૂરેપૂરું મૂર્ખ છે ! તમે તેને બહુ સહેલાઈથી સાબિત કરી શકો છો – તેનું બંધારણ એટલા માટે છે કે કદાચ તો એક પ્રકારનું નિયંત્રણ હોય, અને એ ખાતરી માટે હોય કે વસ્તુઓ જે રીતે હોવી જોઈએ તે પ્રમાણે બને. મને લાગે છે કે આ તેનું સામાન્ય કાર્ય છે . . . . પણ તેણે દરેક વસ્તુમાં શંકા કરવાની ટેવ પાડી છે.

મને લાગે છે કે મેં એક દિવસ એક નાનો પ્રયોગ કરેલો તેની તમને વાત કરેલી. મેં મારો કાબૂ ખેસેડી લીધો અને તે કાબૂ સ્થૂલ મનને સુપ્રત કર્યો. એ સ્થૂલ મન જ શંકાઓ કરે છે. એટલે મેં નીચે પ્રમાણે પ્રયોગ કર્યો. હું એક ઓરડામાં ગઈ, પછી ઓરડાની બહાર આવી અને બારણું બંધ કર્યું. મેં બારણું બંધ

કરવાનું નક્કી કર્યું હતું અને જ્યારે હું બીજા ઓરડામાં આવી ત્યારે આ મન – સ્થૂલ મન, શારીરિક મન, તમે સમજ્યા, કહ્યું, "તને ખાતરી છે કે તેં બારણાંને તાળું માર્યું છે ?" હવે મેં કાબૂ રાખેલો નહીં. તમે જાણો છો .... મેં કહ્યું, "સારું; હું તારું કહ્યું માનીશ !" હું જોવા માટે પાછી ફરી, મેં નિરીક્ષણ કર્યું કે બારણું બંધ હતું. હું પાછી આવી. જેવી હું બારણાને જોતી નહોતી કે તુર્ત જ તેણે કહ્યું, "તેં બરાબર ચોકસાઈ કરી લીધેલી છે ?" તેથી હું ફરીને પાછી ગઈ....અને આમ બન્યા જ કર્યું, જ્યાં સુધી મેં નિર્ણય ન કર્યો : "ચાલ આવી જા, હવે બસ થયું, હવે બંધ ને ? બારણું બંધ હોય કે ન હોય, હવે હું વધારે વખત જોવા માટે પાછી જવાની નથી". આમ આખો દિવસ ચાલ્યા કર્યું હોત. તેની રચના એ પ્રકારની છે. જ્યારે ઉચ્ચતર મન, તર્કબદ્ધ મન, તેને કહે છે "શાંત રહે !" ત્યારે તે બંધ થાય છે. નહિ તો પછી તે અનિશ્ચિત રીતે આવું ચાલ્યા જ કરે છે.... તેથી, જો કમનસીબે તમે તેમાં કેન્દ્રિત થઈ જાઓ, આ મનમાં, તો તમે જે ઉચ્ચ વસ્તુઓને પણ સાચી રીતે જાણો છો, જેના માટે તમારી પાસે સ્થૂલ સાબિતી હોય, તો પેલા બંધ બારણામાં બન્યું તેની માફક તે શંકા કર્યા જ કરે, કારણ કે તે શંકાનું જ બનેલું હોય છે. તે કાયમ કહેશે, તમને ખાતરી છે કે તે સાચું છે ?.... તે તમારો પોતાનો ખ્યાલ નથી ને ? .... તને એવું નથી લાગતું કે તે પ્રમાણે એમ હોય ?" અને તેને શાંતિ રાખી અને મૂંગા રહેવાનું વ્યક્તિ શીખવે નહીં ત્યાં સુધી તે આમ ચાલુ રાખ્યા જ કરશે.

"એટલું ધ્યાનમાં રાખો કે એક તામસિક સમર્પણ જે શરતો પૂર્ણ કરવાનો ઈન્કાર કરે છે અને પ્રભુને સર્વસ્વ કરવાનું કહે છે...."

હા, પણ આ વિશે તો અત્યારે જ આપણે વાત કરીએ છીએ ! આ પ્રશ્નનો ઉત્તર તો મેં અત્યારે આપ્યો જ છે. કોઈએ મને પૂછેલું....મેં ઉત્તર આપેલો જ છે.

પ્રભુ જ સાધના કઈ રીતે હોઈ શકે ? *

કારણ કે પ્રભુ પોતે જ વ્યક્તિમાં સાધના કરે છે. પ્રભુ સિવાય કોઈ સાધના થઈ જ ન શકે, ફક્ત, તમે તેના વિશે કાંઈ જાણતા નથી.... તમે વિચારો છો – તમે એક ભ્રમમાં છો.... કે તમે સાધના કરો છો અને ચોક્કસ, જ્યાં સુધી તમે આ ભ્રમમાં રહો છો, ત્યાં સુધી તમારે પ્રયત્ન કરવાનો છે; પરંતુ સત્ય એ છે કે પ્રભુ પોતે જ તમારી અંદર સાધના કરે છે અને વધારામાં પ્રભુ સિવાય સાધના થઈ શકે જ નહિ.

અહીં લખાયું છે : "....પ્રભુ....પોતે જ સાધક છે અને સાધના છે."

હા, તે જ બધું છે, તે નથી ?

---

* યોગમાં પણ પ્રભુ પોતે જ સાધક અને સાધના છે.

હા

(બીજો બાળક) તો પછી, માતાજી, શા માટે અંગત પ્રયત્ન કરવો? જો પ્રભુ પોતે જ સાધના કરતા હોય, તો પ્રભુને જ તે કરવા દો; અને આમાં અંગત પ્રયત્ન કયાં આવ્યો?

હા, લોકો આ રીતે જ પોતાની આળસમાં આ પ્રમાણે કહે છે! પરંતુ જો તમે આળસુ ન હો, તો તમે એમ બોલો જ નહીં! (હાસ્ય)

અંગત પ્રયત્નનો શો અર્થ?

પ્રયત્ન એમ માને છે કે તે પોતે અંગત છે. તમને તમારો ભિન્ન વ્યકિત તરીકેનો ખ્યાલ છે. તમે એમ અનુભવી શકો છો કે તમે પ્રભુ જ છો, અને કેવળ પ્રભુ જ છો? ના! (હાસ્ય) સારું, પ્રભુ આ છે....સ્પસ્ટ રીતે જયાં સુધી તમને એમ લાગે કે તમે મનોજ છો, પછી મનોજે પ્રયત્ન કરવો જ જોઈએ. તમે જયારે મનોજ વિશેના તમારા ખ્યાલમાંથી પૂરેપૂરા મુકત થાઓ ત્યારે પછી પ્રભુ સિવાય બીજું કાંઈ નથી અને પ્રભુ જ હશે જે પ્રયત્ન કરશે, એ સ્વાભાવિક છે!....પરંતુ જયાં સુધી એક મનોજ છે; ત્યાં સુધી તે મનોજ છે, અને તેને પ્રયત્ન કરવાનો છે.

પરંતુ જયારે મનોજ પ્રયત્ન કરે છે, યારે મનોજની અંદર રહેલો પ્રભુ જ પ્રયત્ન કરે છે.!

કદાચ, પણ મનોજને તેના વિશે કાંઈ પણ જાણ નથી! (હાસ્ય) હું ફકત એટલું જ કહું છું કે જો પ્રભુ ન હોય તો મનોજ પ્રયત્ન કરી શકે જ નહિ. પરંતુ મનોજ તે જાણવાની અવસ્થામાં નથી, તેથી તે એમ જાણે છે કે પોતે પ્રયત્ન કરે છે.

પણ અત્યારે તમે મને કહ્યું! આજે હું જાણું છું, તેથી....

(તેજ ક્ષણે) અહા! હા, હા, હા, હા!....(હાસ્ય) માનસિક જ્ઞાન પૂરતું નથી, તમને વ્યાવહારિક અનુભવ હોવો જોઈએ. નહિ તો, મારાં બાળકો, આપણે બધાં જ લાંબો જ લાંબો સમય પહેલાં રૂપાંતર પામી ગયાં હોત, કારણ કે ઘણા લાંબા સમયથી આપણને એવું જ્ઞાન છે કે રૂપાંતર આવવું જ જોઈએ. (હાસ્ય)

એટલું બસને? આગળ ચલાવો!

મધુર માતાજી આત્મ-ત્યાગ, નિવેદન અને સમર્પણ વચ્ચે શો તફાવત છે?

આત્મ-ત્યાગ, નિવેદન અને સમર્પણ? હું માનું છું કે આપણે આ વિશે કયાંક વાંચ્યું છે, આપણે નથી વાંચ્યું? ત્યાં તો પ્રમાણેની કાંઈક સમજૂતી હતી. નહોતી? આપણે તેના વિશે વાત કરેલી છે. તે "યોગસાધનાનાં મૂળ તત્ત્વોમાં" પણ હતી. કોઈએ તે વિશે પૂછેલું, અને તેનો ઉત્તર આ પુસ્તકમાં હતો. શ્રી અરવિંદે

આનો જવાબ આપેલો છે, તે બધા વચ્ચેનો તફાવત .... તેથી, મારાં બાળકો, જો તમારે....

તે માન્યતા વિશે હતો.

ઈહ? યોગસાધનાનાં મૂળ તત્ત્વોમાં, તેમાં તે નહોતું?

યોગસાધનાનાં મુળ તત્ત્વોમાં : વિશ્વાસ, શ્રદ્ધા અને માન્યતા વિષેનો તફાવત હતો.

ઓહ, તે આ ત્રણ વચ્ચેનો તફાવત હતો? તે સમર્પણ, આત્મ-ત્યાગ અને નિવેદન વચ્ચેનો નહોતો? પણ મેં આ કયાંક વાંચેલું છે.

માતાજી, પારૂલ કહે છે કે તેણે પ્રશ્ન પૂછેલો.

(બીજું બાળક) તે પ્રાર્થના અને ધ્યાનમાં હતો.

ઓહ, તે પ્રાર્થના અને ધ્યાનમાં હતો?

હા, મધુર માતાજી.

અને પછી, મેં શું કહેલું? આહ, આ તો ઘણું રસિક બનશે! (હાસ્ય) મેં તમને શું કહેલું?

(લાંબું મૌન)

પવિત્ર : આપણે 'અર્પણનો' પણ વધારો કરી શકીએ!

મને લાગે છે કે તે બધા સમાનાર્થી છે, તેમાં તફાવતને બદલે થોડીઘણી અર્થની છાયા ફરક છે. કારણ કે તમે બીજાને બદલે પહેલો શબ્દ વાકયમાં સારી રીતે મૂકી શકો છો. વાકયમાં તે શબ્દનો કેવો ધ્વનિ થાય છે અને સૌથી સારી રીતે કયો શબ્દ બેસે છે તેના ઉપર તેનો આધાર છે. તે એક સાહિત્યનો મુદ્દો છે, જો કોઈની ઈચ્છા હોય તો, તે તેમાં ભેદ પારખી શકે, પરંતુ તે શબ્દોમાં કયો અર્થ મૂકવાની ઈચ્છા છે તેના ઉપર પૂરેપૂરો આધાર છે.

મેં કહ્યું છે, ખરું ને? કે આજ્ઞાધીનતા એ સારો શબ્દ નથી. આપણે ફ્રેન્ચ ભાષાંતરમાં 'સમર્પણ' શબ્દ વાપરીએ છીએ કારણ કે એવો કોઈ શબ્દ નથી જેનું ભાષાંતર સમર્પણ થાય (Soumission), આજ્ઞાધીનતાની એવી પ્રતીતિ થાય છે કે એવી વસ્તુ છે જે નાખુશી વ્યકત કરે છે, તે બરાબર બંધબેસતો નથી, પૂરેપૂરો – સહકાર આપતું નથી અને તેથી સમર્પણના ભાવમાં તે શબ્દનો તફાવત પડે છે – સમર્પણમાં પૂરેપૂરા સંલગ્ન થવું એવો અર્થ છે. એનો એઅર્થ કે જો કોઈ 'Soumission' (Submission), આજ્ઞાધીનતા શબ્દ વાપરે તો તે સારો શબ્દ નથી.

(મૌન)

જો કોઈને ઝીણું કાંતવું હોય તો – વ્યકિત આત્મ – ત્યાગ, નિવેદન અને અર્પણ વચ્ચે ભેદ કરી શકે, આ ત્રણ વસ્તુઓ છે . . . .તે જાણે કે જુદી ત્રણ અવસ્થાઓ હોઈ શકે. એટલે કે જો કોઈને ખરેખર ગૂંચવાડો ઊભો કરવો હોય તો; કારણ કે લખાણમાં, મેં કહ્યું તે પ્રમાણે વ્યકિત એક શબ્દને બદલે બીજાનો ઉપયોગ સારી રીતે કરી શકે છે, વાકયના લય પ્રમાણે અને તે શબ્દનો અર્થ બરાબર જળવાઈ રહે છે. તેથી જો તમારે તફાવત કરવો જ હોય તો તમારે તાત્કાલિક વિશેષણો ઉમેરવાની ફરજ પડશે – ખરું ને ? શબ્દને પોતાને જ લો, "આત્મ – ત્યાગ, અર્પણ, નિવેદન" . . . . જો હવે તમારે ભેદ કરવો હોય તો, તમે એમ કહો છો, "સંપૂર્ણ નિવેદન," "આંશિક આત્મ-ત્યાગ" . . . . તમે જોયું, તમને વિશેષણો મૂકવાની ફરજ પડશે; તે શબ્દો સમાનાર્થી છે.

કોણે આ પ્રશ્ન પૂછયો ? તેમ હતાં ? હવે તમે જે વાકય લખવાના છો તેના ઉપર આધાર છે – તમે એક યા બીજો શબ્દ વાપરશો. પરંતુ તમારે સમજવું જોઈએ : "Soumission" શબ્દમાં તમારે જેની જરૂર છે તેવો સ્પષ્ટ અર્થ આવશે નહીં. Soumission (Submission) આજ્ઞાધીનતા ને Surrender, સમર્પણની સાથે સરખાવીએ તો તેમાં જે તફાવત છે તે રહે જ છે – કદાચ ઓછી તાકાતથી – પરંતુ તે જ પ્રમાણે Obedience (આજ્ઞાધીનતા) અને Collaboration (સહકાર) વચ્ચે તફાવત છે. એક દાખલામાં એક સંપૂર્ણ સંલગ્નતા છે, અને બીજામાં એક સ્વીકૃતિ છે જે પોતાની જાત માટે કાંઈક બાકી રાખે છે. તે સ્વીકારે છે, કારણ કે તે જાણે છે કે તે બીજી રીતે કરી શકે એમ નથી. પણ તે પૂરેપૂરો સહકાર આપતો નથી . . . . તેમાં માણસ સમગ્ર રીતે સંલગ્ન થતો નથી.

બીજા કોઈ પ્રશ્નો ?

મધુર માતાજી, ગયે વખતે તમે કે પથ્થરોમાં એક પ્રકારની ગ્રહણશીલતા હોય છે.

હા

કઈ જાતની ગ્રહણશીલતા ?

કદાચ તેમનામાં એવી વસ્તુ પણ છે જેને સંવેદનશીલતા સાથે સરખાવી શકાય. દા.ત. તમારી પાસે એક કિંમતી પથ્થર છે. કિંમતી પથ્થરમાં, ચોક્કસ સાધારણ પથ્થરો કરતાં વધારે સંપૂર્ણ બંધારણ હોય છે અને જેમ જેમ વધારે પૂર્ણતા તેમ તેમ ચેતનાની વૃદ્ધિ હોય છે -- પણ જો તમે કિંમતી પથ્થર લો તો તમે, તેમાં ચેતના અને

બળ મૂકી શકો છો, તમે તેમાં [illegible] એકત્રિત કરી શકો છો તેથી તો ગ્રહણશીલ છે; નહિ તો તે શક્તિને ગ્રહણ કરી શકે નહીં, તેને રાખી શકે નહીં, તમે તેમાં શક્તિનો સંચાર કરી શકો. જેવી રીતે બેટરીને ચાર્જ કરી શકો તેવી રીતે. તમે પથ્થરમાં શક્તિ મૂકી શકો, પથ્થરમાં સચેતન બળ મૂકી શકો; તે તેને ધારણ કરી શકે છે અને બીજા ઉપર તેનો સંચાર કરી શકે છે. એટલે આ પથ્થરમાં ગ્રહણશીલતા હોય છે નહિ તો તે આ પ્રમાણે કરી શકે નહીં.

ફૂલો ખૂબ ગ્રહણશીલ હોય છે. બધાં જ પુષ્પો જેમને મેં પ્રતીકો આપેલાં છે તેઓ હું તેમનામાં બળ મૂકું તેને ઝીલે છે અને બીજા તરફ પસાર કરી શકે છે. લોકો તેને કાયમ ઝીલી શકતા નથી કારણ કે ઘણોખરો સમય તેઓ ફૂલો કરતાં પણ ઓછા ગ્રહણશીલ હોય છે. અને તે ફૂલોમાં જે બળ મૂકેલું હોય તેને નિષ્ફળ કરે છે. તે તેમની અચેતનતા અને ગ્રહણશીલતાની ખામીને લઈને બને છે, પણ બળ તો ત્યાં હોય છે જ અને ફૂલો તેને અદ્ભુત રીતે ઝીલે છે.

આ વસ્તુ હું ઘણા લાંબા સમય પહેલાંથી જાણતી હતી. પચાસ વર્ષ પહેલાં . . . એક ગુહ્યજ્ઞાની હતો જેણે મને બે વર્ષ સુધી ગુહ્ય વિદ્યાના પાઠો આપેલા. તેની પત્નીમાં અદ્ભુત દૂરદર્શનની શક્તિ હતી. અને તે પૂરેપૂરી અદ્ભુત શક્તિ હતી, સ્પષ્ટ રીતે—શક્તિઓનો સંચાર કરવાની—તેઓ લીમસીનમાં રહેતા હતા. હું પૅરિસમાં હતી. હું તેમની સાથે પત્રવ્યવહાર કરતી. મેં તેમની બિલકુલ મુલાકાત લીધેલી નહીં અને પછી એક દિવસે તે સ્ત્રીએ એક પત્રમાં મને દાડમના ફૂલની પાંદડીઓ મોકલી, "પ્રભુનો પ્રેમ". તે વખતે, તે ફૂલને મેં નામ આપેલું નહીં. તેણે મને દાડમનાં ફૂલોની પાંદડીઓ મોકલી હતી અને કહેલું કે આ પાંદડીઓ મારા માટે રક્ષણ અને શક્તિ લાવતી હતી.

હવે, તે સમયે, હું મારું ઘડિયાળ એક સાંકળી ઉપર પહેરતી. તે વખતે કાંડા ઘડિયાળો જાણીતી નહોતી, અથવા ઘણી ઓછી જાણમાં હતી. અને વધારામાં એક નાનો અઢારમી સદીનો દિગ્દર્શક – કાચ પણ હતો. તે ઘણો નાનો હતો, આટલો મોટો આટલો મોટો (ચેષ્ટા) – અને તેમાં બે લેન્સ (કાચ) હતા, તમે સમજો છો . . . . બીજા બધા વાચનના કાચ જેવા. બે કાચ નાની સોનેરી ફ્રેઈમ ઉપર હતા. . . .તે મારી સાંકળીમાં લટકતા હતા. હવે તે બન્ને કાચની વચ્ચે મેં તે પાંદડીઓ મૂકી અને હું કાયમ મારી સાથે તેમને લઈ જતી હતી કારણ કે મારે તેમને મારી પાસે રાખવા હતા; તમે જુઓ, મેં આ સ્ત્રી ઉપર વિશ્વાસ મૂકેલો અને હું જાણતી હતી કે તેની પાસે શક્તિ છે. મારે આ વસ્તુને મારી પાસે રાખવી હતી, અને મને તે વસ્તુમાંથી કાયમ એક શક્તિ, એક હૂંફ, એક તાકાત, અ.વતી હોવાનો અનુભવ થતો . . . . હું તેના વિશે

વિચારતી નહીં, પણ મને તેનો અનુભવ થતો.

અને પછી એક દિવસ ઓચિંતા મને લાગ્યું કે હું ખાલી થઈ ગઈ છું, જાણે કે મારો કોઈક આધાર ચાલ્યો ગયો છે, કાંઈક બહુ જ અણગમતું થયું હતું, મેં કહ્યું, "આ વિચિત્ર છે ! શું બન્યું છે ? અણગમો થાય તેવું કાંઈ બન્યું નથી. શા માટે મને એમ લગે છે કે હું શૂન્ય બની ગઈ છું, શક્તિ વિહીન ?" અને સાંજે જ્યારે મેં મારી ઘડિયાળ અને સાંકળી કાઢી ત્યારે મારું ધ્યાન ગયું કે એક નાનો કાચ બહાર નીકળી ગયો હતો અને પાંદડીઓ ગુમ થયેલી. એક પણ પાંદડી બાકી નહોતી. ત્યારે મેં ખરેખર જાણ્યું કે તેમાં ઠીક ઠીક પ્રમાણમાં શક્તિ ભરેલી હતી; કારણ કે તેનું કારણ જાણ્યા સિવાય પણ તેના તફાવતનો મને અનુભવ થયો. એટલે આ વખત પછી મને જાણ થઈ કે માણસ કઈ રીતે ફૂલોમાં શક્તિ મૂકીને તેમનો ઉપયોગ કરી શકે. તેઓ ખૂબ ગ્રહણશીલ હોય છે.

(અવાજ ચાલુ રહે છે) હવે એટલું પૂરતું છે, હું માનું છું ?

એટલો અવાજ બસ છે !

કોઈ બીજો પ્રશ્ન છે ? (જોરદાર અવાજ) બૂમ !

ફૂલો શક્તિને કાયમ સંધરી શકે છે ? તેઓ સડી જાય ત્યારે પણ ?

સડા જાય ? ના, મારા બાળક, તેઓ સુકાઈ જાય ત્યારે હા. સડેલાં ફૂલો એટલે કાંઈ નહિ, તેમાં એક પ્રકારનું વિઘટન થાય છે એટલે તે વસ્તુ અદશ્ય થઈ જાય છે. કદાચ તેઓ જમીનમાં શક્તિ લાવે તે બિલકુલ સત્ય છે, પરંતુ તેમ છતાં જ્યારે તો સડી જાય ત્યારે તેઓ બીજાં ફૂલોને ઉછેરવા માટે સારું ખાતર બનાવે છે. પણ મેં તેઓ સુકાઈ જાય તો તે શક્તિ સંધરી શકે છે, જે ઘણા લાંબા સમય સુધી ટકી શકે છે.

કાલીપૂજાને દિવસે તમને જે નાનાં પૉકેટો આપવામાં આવે છે તે એવી રીતે બનાવવામાં આવે છે. તેમને એક વર્ષ સુધી સાચવી રાખવાનાં હોય છે. એક વર્ષ સુધી તેમનામાંની શક્તિ અકબંધ રહે છે, અને તેમનામાં દર વર્ષે ફરીથી શક્તિ સંચાર કરવામાં આવે છે કે જેથી મને ખાતરી થાય કે .... મને ખબર છે, તમારામાંના દસમાંથી એક પણ એવો નથી કે તેનો યોગ્ય ઉપયોગ કરતો હોય. પણ તેમ છતાં હું તમને આપું છું, એક તક તરીકે કે જેમને ઉપયોગ કરતાં આવડે તે કરી શકે. તેનું બળ એક વર્ષ સુધી ટકાવી રાખવા માટે તે નવેસરથી કરવામાં આવે છે અને હું નવું પૉકેટ તમને આપું ત્યારે તમે જૂનાનો નિકાલ કરી શકો છો. ઘણે ભાગે તે શક્તિહીન થઈ ગયું હોય છે, કાયમ નહીં .... પરંતુ આ નાનાં પડિકાંઓ તેમની શક્તિ બરાબર એક વર્ષ સુધી સંધરી શકે છે.

મધુર માતાજી, તમે અમને દરરોજ પુષ્પો આપો છો, તેમનું અમારે શું કરવું જોઈએ ?

પુષ્પો ? જ્યાં સુધી તેઓ તાજાં હોય છે ત્યાં સુધી રાખવાં જોઈએ. અને પછી જ્યારે તેવાં ન હોય ત્યારે તમારે તેમને એકઠાં કરીને માળીને આપી દેવાં (ગમે તે માળી, જેને તમે જાણતા હો) જેથી કરીને તે જમીનમાં નાખે અને તેમાંથી બીજાં ફૂલો ઉત્પન્ન થાય. હા, માણસે પૃથ્વીએ તેને જે આપેલું હોય તે તેને પાછું આપવું જોઈએ નહિ તો પછી તે દરિદ્ર બનતી જાય.

માતાજી, કેટલાંક પુષ્પો અમુક જ ઋતુમાં આવે છે, તેનો અર્થ એવો ખરો કે તે ઋતુ દરમિયાન એક શક્તિશાળી બળ કાર્ય કરે છે ?

આ પ્રશ્નનો ઉત્તર આપવો અઘરો છે. પરંતુ મેં એક રસપ્રદ પ્રયોગ આ પ્રમાણે કરેલો છે.

મને ખબર નથી કે તમને યાદ હોય – જો તમે ત્યાં હો – જો તમને જે સમયે ફૂલોની ગણતરી કરવામાં આવતી હતી તે વખતે; તમે સમજ્યા, એ એક પ્રકારનો મારી અને પ્રકૃતિ વચ્ચે કરાર હતો. આ ફૂલોમાંનાં દરેક ફૂલનું મેં એક મૂલ્ય આંકેલું. પણ તેનું પ્રતીક નહીં પણ કિંમત – દા.ત. – તે પ્રમાણે સમજૂતી હતી. મેં પ્રકૃતિ સાથે કરાર કરેલો. તમે 'રૂપાંતર'નાં ફૂલોનું દૃષ્ટાંત લો, ધ્યાન રાખો કે જો કોઈ પૂરેપૂરું સાવધાન હોય તો તે જોઈ શકશે કે જુદી જુદી ઋતુમાં એક ફૂલને બદલે બીજા ફૂલને મૂકવામાં આવતું, લગભગ સરખા જ પ્રતીક જેવું, અને તમે આ આખા વર્ષ દરમિયાન ધ્યાન રાખી શકો છો. જો તમે વસ્તુઓનો કેવી રીતે ઉપયોગ કરવો તે જાણી શકો તો. કેટલીક કાયમી વસ્તુઓ ત્યાં હોય છે પરંતુ ફૂલો દૃષ્ટાંત તરીકે, 'રૂપાંતર'નાં ફૂલો જેવાંને એક ઋતુ હોય છે, ઘણી લાંબી, પણ તેમ છતાં તેની ઋતુ હોય છે. 'સાક્ષાત્કાર' – ફૂલને પણ ઘણી લાંબી ઋતુ હોય છે. પરંતુ રૂપાંતરનાં ફૂલનો જે સમય હોય છે તે જ સમયે પેલાં ફૂલો આવતાં નથી તેઓ . . . . હું કઈ રીતે સમજાવું ? . . . . થોડો સમય એકબીજાનું અનુસંધાન થઈ જાય છે. એક પ્રકારનાં ફૂલ પૂરાં થવા આવે તે પહેલાં બીજાં શરૂ થઈ જાય છે. પણ જ્યારે તેઓ પુષ્કળ પ્રમાણમાં આવે છે ત્યારે ઋતુ બદલાઈ જાય છે અને આ બધાં ફૂલોનું આવું છે, હા, તે બધું નક્કી કરવામાં આવ્યું છે. આ તમારા પ્રશ્નનો જવાબ છે, ખરું ને ? અર્થમાં થોડો છાયા ફેર છે અને એ શક્ય છે કે કેટલીક ઋતુઓ વધારે અનુકૂળ હોય છે; વ્યક્તિ કોઈ એક ગતિ ઉપર બીજી ગતિ કરતાં વધારે ભાર મૂકી શકે છે.

પરંતુ દરેક ફૂલને એક સંખ્યાની કિંમત હતી અને હું તેને લખી લેતી. હું

તે બધાંની ગણતરી કરાવતાં કારણ કે હું સંખ્યાની કિંમત કરતી, તે મેં પછીથી બંધ કર્યું : જ્યારે મારાં પાનાં . . . . મારી પાસે લાંબા કાગળો હતા, આના જેવા, જુઓ (માતાજી પોતાના હાથ પાનાંની લંબાઈ બતાવવા પહોળા કરે છે) કારણ કે હું સંખ્યાનાં મૂલ્યોનો સરવાળો કરતી હતી તેના માટે ઘણાં કારણો હતાં, તે એક જ રીતે નહોતું – મેં તેની સાથે ખૂબ કામ કર્યું છે . . . . મારે તે બંધ કરવું પડયું કારણ કે તે મારો બહુ સમય લેતું હતું. તમે સમજ્યા, જ્યારે મારે આટલી લાંબા કાગળ પર સંખ્યાઓ લખવી પડતી અને પછીથી તો, ઓચિંતી મારે ખૂબ ખૂબ લાંબી સંખ્યાઓ થઈ, પછી અશકય બન્યું ! (માતાજી ફરીથી પોતાના હાથ પહોળા કરે છે) તેથી મારે તે બંધ કરવું પડયું. આને લીધે મેં બંધ કર્યું. પરંતુ મારી પાસે સંખ્યાની કિંમત હતી એટલું જ નહીં, પણ તેના પર મેં કામ કરેલું. અને તે ઉપરાંત ફૂલોનો અર્થ પણ હતો.

વારુ, કરાર આ પ્રકારનો હતો; સંખ્યાનું મૂલ્ય એવી વસ્તુના સુમેળમાં હતું કે પ્રકૃતિ મને મારા કાર્ય માટે સોંપે તે સમજી લેવાનું, પરંતુ ફૂલોનો સંકેત પણ એવો હતો જેને વિશે મારે અને પ્રકૃતિને સુસંગતતા હતી. દા.ત. 'રૂપાંતર' લો. જ્યારે તેનો હિસાબ કરવામાં આવ્યો ત્યારે – કેટલીક વખત ઋતુમાં તેમની હજારોમાં સંખ્યા થતી–વારુ. તેનું પ્રતિનિધિત્વ (તે પ્રકૃતિની સાથે સમજૂતી થયેલી) એવું હતું કે એટલી સંખ્યામાં માણસોનું રૂપાંતર થાય . . . . અને તે પણ તેનાથી વધારે સારી રીતે થયેલું. એટલે તે વખતે હું કોઈને એક, બે, ત્રણ, ચાર કે પાંચ ફૂલો આપતી ત્યારે તેને તે વખતે તેની અંદર રહેલાં એટલાં તત્ત્વોને રૂપાંતર કરવાની શક્તિ આપતી. પરંતુ કુદરતી રીતે જ, આ વસ્તુને સચ્ચાઈપૂર્વક કરવાને માટે તે વસ્તુએ મસ્તકમાંથી પસાર થવાનું નહોતું; કારણ કે જ્યારે તેમનું મન કાર્ય કરવાનું શરૂ કરે છે – કાયમ સાચા રસ્તે નહિ – ત્યારે માણસો બધું બગાડી નાખે છે. એટલા માટે હું કદી આના વિશે કાંઈ કહેતી નહિ.

'અભીપ્સા'નાં ફૂલો માટે પણ આ જ રીત હતી. દા.ત. અભીપ્સા ફૂલો, જે મોટા ટોપલા ભરીને આવતાં, તમે જાણો છો; તે હજારોની સંખ્યામાં હતાં : બધાં ગણવામાં આવતાં . . . . સારું, દરેક ફૂલ અભીપ્સાનું પ્રતીક હતું; અને અત્યારે પણ કેટલીક વખત, મારી પાસે 'પ્રાર્થના' જેવાં ફૂલો હોય છે . . . . જ્યારે હું "પ્રાર્થના" ફૂલો તમને વહેંચું છું ત્યારે કેટલીક વખત મેં તમને કહેલું છે, "તે 'પ્રાર્થના' છે. સંભાળ રાખજો, આ પ્રાર્થના મંજૂર કરવામાં આવી છે." હું આ પ્રમાણે કરતી, તમને યાદ હશે ખરું ને ? અને મેં તમને કહેલું, "તમારી 'પ્રાર્થના'નું ધ્યાન રાખજો. તમારે જે બનવું હોય તેના માટે જ પ્રાર્થના કરજો ! ખૂબ ધ્યાન રાખજો ! કારણ કે આ પ્રાર્થના

મંજૂર કરવામાં આવી છે. હું ફૂલ આપું છું, પણ એ જ સાથે [. . .] ની * શકયતા માટે તમે પ્રાર્થના કરશો. સારું, તે મંજૂર કરવામાં આવશે." તે ઘણું રસપ્રદ હતું. એ અર્થમાં કે હું કાયમ પ્રકૃતિને કહેતી, "હતું જાણે છે, જે તારે આ હું જે વસ્તુ આપું, તે આપવાની ઇચ્છા ન હોય તો તારે મને તે આપવાની જરૂર નથી." કેટલીક વખત વધારો-ઘટાડો થતો, કેટલાક સમયે મોટા જથ્થામાં ફૂલો આવતાં, જ્યારે તે પ્રમાણે હું આગ્રહ રાખતી; કેટલોક એવો સમય આવતો જ્યારે તેઓ ઓચિંતાં બંધ થઈ જતાં. તેનું કારણ કોઈ ન કહી શકે, કોઈ સમજી ન શકે . . . . તે આપણને આપવા માટે સહમત નહોતી; પરંતુ બીજી બધી વસ્તુઓ તે ખૂબ પ્રમાણમાં આપતી.

પરંતુ આ બધું તો અદૃશ્ય, પડદા પાછળ બનતું . . . .

જ્યારે અમારી પાસે તમારી છબીવાળી વીંટી અથવા કોઈ આભૂષણ હોય, તો તે અમને રક્ષણ આપે છે?

મારા બાળક, હું ફક્ત ફટાકડાનો અવાજ જ સાંભળું છું!

(બાળક ફરીથી પોતાનો પ્રશ્ન પૂછે છે)

તમે તેને વિશે જે રીતે વિચારો તેના ઉપર તેનો આધાર છે. હું તમને મારા હાથે કાંઈક આપું છું. તેમાં હું કાંઈક મૂકું છું. પરંતુ જો તે તમારી પસંદગીની વસ્તુ હોય, વીંટી કે ચિત્ર, કોઈક વસ્તુ, અને તમે તેને પહેરો છો . . . . જો તમને શ્રદ્ધા હોય, વિશ્વાસ હોય કે તે તમારું રક્ષણ કરે છે તો તે રક્ષણ કરે છે. જ્યારે હું આપું છું, ત્યારે તે વસ્તુ સિવાય બીજી કોઈ જુદી જ વસ્તુ આપું છું; જો આ વસ્તુ હું તેમાં મૂકું તો તે તેને સમાવી શકે છે. પરંતુ હું જો ન મૂકું તો તે તેમાં હોતી નથી.

શ્રી અરવિંદ કહેતા, તમે જાણો છો કે તેમની છબીવાળી વીંટી પહેરવી અને એમ વિચારવું કે તે તમારું રક્ષણ કરે છે એ વહેમ છે! તેઓ એમ કહેતા કે તે વહેમ છે! એટલે કે તમે તેના વિશે કઈ રીતે વિચારો છો એના ઉપર આધાર છે. જો તમને તેમણે વીંટી આપીને કહ્યું હોય, "આ પહેર અને મારી શક્તિ તારી સાથે જ રહેશે", તો તે સાવ જુદી જ બાબત થઈ; તેમાં અતિશય તફાવત છે.

હું તમને એક બીજી નાની વાત કહીશ. ઘણા જૂના સમયમાં લોકો એમ માનતા કે કાણું પાડેલો સિક્કો . . . . તે દિવસોમાં સિક્કાઓમાં કાણાં પાડવામાં

---

* હસ્તલિખિત પ્રતમાં શબ્દ મળતો નથી.

આવતા નહિ – અત્યારે આપણે હોય છે, ખરું ને, કેટલાક દેશોમાં કાણાંવાળા સિક્કા હોય છે, પણ તે દિવસોમાં તેવા નહોતા, છતાં કેટલોક વખત સિક્કાઓમાં કાણાં હતાં. અને ખરેખર આવો વહેમ હતો કે જો કોઈને કાણાવાળો સિક્કો મળી આવે તો તે સારું ભાગ્ય ખેંચી લાવે. તમારે જે કરવાનું હોય, તેમાં તે સારું નસીબ અને સફળતા લાવે.

એક માણસ ઑફિસમાં કામ કરતો હતો. તેનું જીવન ગરીબ હતું, અને તે બહુ સફળ થતો નહિ અને એક દિવસ તેને કાણાવાળો સિક્કો મળ્યો. તેને તેણે પોતાના ખિસ્સામાં મૂકયો અને પોતાની જાતને કહ્યું, "હવે હું સમૃદ્ધ થવાનો!" અને તે આશા, હિંમત અને શક્તિ વડે ભરપૂર થવા લાગ્યો, કારણ કે તે જાણતો હતો, "હવે મારી પાસે સિક્કો છે. અને તેથી હું સફળ થઈશ!" અને હકીકતમાં તેને સમૃદ્ધિ આવવા લાગી, વધારે અને વધારે સમૃદ્ધ થતો ગયો. તે વધારે અને વધારે પૈસા કમાવા લાગ્યો. તેને વધારે અને વધારે સારી જગ્યાઓ મળવા લાગી અને લોકો કહેવા લાગ્યા, "કેવો અદ્ભુત માણસ! તે કેવું સારું કામ કરે છે! તે કેવા અઘરા પ્રશ્નોનો ઉકેલ શોધી શકે છે!" ખરેખર તે અદ્ભુત માણસ બની ગયો, અને દરરોજ સવારે જ્યારે તે પોતાનો કોટ પહેરતો, ત્યારે તેને લાગતું – આ રીતે – આતરીબંધ, કે તેના ખિસ્સામાં તેનો સિક્કો છે – તે સિક્કાનો સ્પર્શ કરતો, તે ખાતરી કરતો કે સિક્કો ત્યાં છે અને તેનામાં આત્મશ્રદ્ધા રહેતી. અને પછી એક દિવસ, તે જરા જિજ્ઞાસુ બન્યો અને તેણે કહ્યું, "હું મારો સિક્કો જોઈ લઉં!" – વર્ષો પછી. તે તેની પત્ની સાથે નાસ્તો કરતો હતો અને તેણે કહ્યું, "મારો સિક્કો હું જોઈ લઉં!" તેની પત્નીએ તેને કહ્યું, "શા માટે તમારે તેને જોવો છે? તે જરૂરી નથી." "હા, હા, મને મારો સિક્કો જોઈ લેવા દે." તેણે તે નાની થેલી બહાર કાઢી, જેમાં તેણે સિક્કો રાખેલો, અને તેમાં તેને જે સિક્કો મળ્યો તે કાણા-વાળો નહોતો!

"આહ," તેણે કહ્યું, "આ મારો સિક્કો નથી! આ શું છે? કોણે મારો સિક્કો બદલી લીધો?" પછી તેની પત્નીએ તેને કહ્યું, "જુઓ, એક દિવસ તમારા કોટ ઉપર ધૂળ હતી.... મેં તેને બારી બહાર ખંખેર્યો અને સિક્કો બહાર પડી ગયો. હું ભૂલી ગઈ કે સિક્કો તેમાં હતો. હું તેને શોધવા દોડી ગઈ, પણ મને તે મળ્યો નહિ. કોઈએ તે ઉપાડી લીધેલો. એટલે મને લાગ્યું કે તમે બહુ નાખુશ થશો, અને મેં તેમાં બીજો સિક્કો મૂકી દીધો." (હાસ્ય) આટલું જ કે, તેને ચોક્કસ શ્રદ્ધા હતી કે તેનો સિક્કો ત્યાં હતો, અને એટલું જ પૂરતું હતું.

તે શ્રદ્ધા છે, એવો વિશ્વાસ કે તે કાર્ય કરે છે, તમે સમજ્યા .... કાણા-વાળો સિક્કો તમને કાંઈ આપતો નથી. તમે દરેક વખતે પ્રયત્ન કરી શકો છો. જો તમને શ્રદ્ધા હોય તો, તે તમને આપે છે.... જ્યારે કોઈને આત્મશ્રદ્ધા હોય....

આવી વસ્તુસ્થિતિ છે! હવે.... અને એટલું જ બસ છે.

૨૧ જુલાઈ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા" પ્રકરણ ૩ ઉપર આધારિત છે.

ગયે વખતે તમારામાંના કોણે પ્રશ્નો પૂછયા નથી? .... ચાલો, પહેલો કોણ પૂછે છે?

"દિવ્ય, આધ્યાત્મિક અને વિજ્ઞાનમય સત્ય" એની વચ્ચે શો ફેર?

તમે જે કહો છો તે હું સાંભળી શકું તો વધારે સહેલું થાય!

(બાળક ફરીથી તે જ પ્રશ્ન વચ્ચે સ્પષ્ટ રીતે બોલે છે)

દિવ્ય સત્ય....

"....આધ્યાત્મિક અને વિજ્ઞાનમય."

હું માનતી નથી કે બહુ તફાવત હોય.

મધુર માતાજી, "નિખાલસ" શ્રદ્ધા એટલે શું?

નિખાલસ? તે સરળ હોય છે, સચ્ચાઈવાળી અને શંકા ન કરે એવી. આપણે ઘણું ખરું બાળકની નિખાલસતા વિશે વાત કરીએ છીએ, જેનામાં શંકા વગરની સરળ શ્રદ્ધા હોય છે.

મધુર માતાજી, જ્યારે જ્યારે આપણે ભૂલ કરીએ છીએ ત્યારે ત્યારે દરેક વખતે આપણે પ્રભુકૃપાને પાછી કાઢીએ છીએ?

ઈહ? તમે ભૂલ કરો ત્યારે દરેક વખતે પ્રભુકૃપાને તમે પાછી હઠાવો છો?

વારુ, બે ભિન્ન પ્રકારની ભૂલો હોય છે. એક ક્ષતિ અજ્ઞાનમાંથી થાય છે અને ભૂલ રહે છે. અને તે પ્રભુ અને તમારી વચ્ચે પરદો ઊભો કરે છે. પણ તે ભૂલ માટે જ્ઞાન હોતું નથી કે માણસ ભૂલ કરે છે: પણ જેવી માણસને ખબર પડે કે તે ભૂલ છે કે તુર્ત તેણે તો કરવામાંથી પાછા ફરી જવું જોઈએ કારણ કે દરેક વખતે તો જ્યારે ભૂલ કરે છે, ત્યારે એ સાચું છે કે પ્રભુકૃપાની અને પોતાની જાત વચ્ચે તો દીવાલ ખડી કરે છે.

જ્યારે માણસ અજ્ઞાનમાંથી ભૂલ કરે છે ત્યારે તેને જેવી ખબર પડે છે કે ભૂલ થઈ ત્યારે તે ભૂલ કરવી બંધ કરે છે, અને જાણીબૂજીને જે ભૂલ કરે છે – તો બન્ને ભૂલોમાં ઘણો મોટો તફાવત છે. અને ખરેખર જાણ્યા પછી પણ ભૂલ કરે તો જિદ્દીપણું કહેવાય અને આ ગંભીર છે, ઘણું ગંભીર! તો ચેતનાને ખૂબ અવગુંઠિત કરે છે, એટલી બધી ઢાંકી દે છે કે થોડા સમય પછી વ્યક્તિને ખબર પણ પડતી નથી કે તે ભૂલ કર્યા કરે છે. તે એમ વિચારતો થાય છે કે તે ભૂલ કરતો નથી. વ્યક્તિ પોતે ભૂલ કરે છે તેના માટે બહાનાં કાઢે છે અને ન્યાયયુક્ત તર્ક લડાવે છે અને અંતમાં પછીથી તો તેને એમ જ માન્યતા બંધાઈ જાય છે કે તે એક પણ ભૂલ કરતો નથી. અને પછી આ એટલું બધું ગંભીર બની જાય છે કે તે સુધરી શકતો જ નથી!

ગ્રહણશીલતા અને ખુલ્લાપણું એ બેમાં શો તફાવત છે?

આપણે આને વિશે વાત કરેલી છે. મેં ઉત્તર આપેલો છે. અને હું તમને કહું છું કે હું એકની એક વાત ફરીથી કહીશ નહીં, કારણ કે મેં જે કહ્યું હોય તેને તમે યાદ રાખવાની ટેવ પાડો એમ હું ઇચ્છું છું.

માતાજી, "અહં-પ્રધાન શ્રદ્ધા.... મહત્ત્વાકાંક્ષાથી કલુષિત" એનો શો અર્થ?

હા, દા.ત. જો કોઈને પોતાને ઘણા મહત્ત્વના બનવાની ઇચ્છા હોય, એક ઉચ્ચ જગા મેળવવા માટે, અથવા પોતાની આજુબાજુના માણસોનું આકર્ષણ કરે તેવા, એક મોટા સાધક બનવું હોય, એક મહાન સંન્યાસી, એક મહાન યોગી વગેરે, કોઈ ખૂબ અગત્યતાવાળો, તેને મહત્ત્વાકાંક્ષાથી ભરેલી શ્રદ્ધાવાળો માણસ કહેવાય. તમને શ્રદ્ધા છે કે આ વસ્તુ બનશે, તમને પ્રભુમાં શ્રદ્ધા છે, પરંતુ તો તમારી અંદર મિથ્યાભિમાન માટે છે; અને પછી આ વસ્તુ શુદ્ધ સચ્ચાઈવાળી અને સાચી રહેતી નથી. તે એક એવી વસ્તુ છે જે ફક્ત તમારા અંગત લાભ માટે જ છે. એ સ્વાભાવિક છે કે આમાં આત્મત્યાગનો પ્રશ્ન જ નથી. એમાં તો જેટલી શક્તિઓનો તમે સંગ્રહ કરી શકો એટલો સંગ્રહ કરવાનો જ હેતુ છે, એટલે કે તે સાચી ગતિથી બિલકુલ વિરુદ્ધ છે. માણસ વિચારે તેના કરતાં આવું વધારે વખત બને છે – આ મહત્ત્વાકાંક્ષાની ગતિ તમારા સ્વરૂપના ઊંડાણમાં ઘણી વખત ગુપ્ત હોય છે, અને તમને પાછળથી ધકેલે છે – તે તમને ચાબુક મારે છે, જેથી તમે આગળ ઊપડો. તે એક પ્રકારનો અવગુંઠિત દર્પ છે.

માતાજી, આ લોકો શા માટે શક્તિને ઝીલે છે, જ્યારે પ્રભુ તો જાણે છે કે તેઓ સચ્ચાઈવાળા નથી?

સાંભળ, મારા બાળક, પ્રભુ તેના કાર્યમાં માનવ ખ્યાલો પ્રમાણે વર્તતો નથી. તારે તે નારી રીતે કાયમ માટે તારા મગજમાં ઉતારવું જોઈએ. આપણે જેને કારણો ગણીએ છીએ તે કારણો સિવાય કદાચ તે કાર્યો કરે છે. પરંતુ ગમે ને રીતે, તેનાં જો કોઈ કારણો હોય તો, તે માનવનાં કારણો જેવાં હોતાં નથી અને ચોક્કસ માનવ જે રીતે ન્યાય સમજે છે તે રીતની ન્યાયની ભાવના તે રાખતો નથી.

દા. ત. તું સહેલાઈથી કલ્પના કરી શકે કે એક માણસ, જે દ્રવ્યની લાલસા રાખે છે, તે પૈસો મેળવવા માટે લોકોને છેતરે છે .... તારા ન્યાયના ખ્યાલ પ્રમાણે તે માણસનો પૈસો ખતમ થઈ જવો જોઈએ અને તે ગરીબ બની જવો જોઈએ. આપણે જોઈએ છીએ કે ઘણે ભાગે આનાથી વિરુદ્ધ જ બને છે. પરંતુ હકીકતમાં તો તે માત્ર બાહ્ય આભાસ જ છે. બાહ્ય દેખાવની પાછળ બીજું કાંઈક રહેલું છે.... બીજી શકયતાઓને તેના બદલામાં તે મેળવે છે. તેની પાસે પૈસો હોઈ શકે પણ તેનામાં અંતઃકરણ હોતું નથી. હકીકતમાં અનિવાર્ય રીતે તેની પાસે તેની ઈચ્છા પ્રમાણે દ્રવ્ય હોય પણ તે સુખી હોતો નથી.... અને જેમ જેમ પૈસો વધતો જાય તેમ તેમ તે ઓછો સુખી થતો જાય. તેણે જે પૈસો મેળવ્યો છે તેનાથી તેને સતામણી થતી હોય, તું સમજ.

તમારે બાહ્ય સફળતાથી કોઈ નિર્ણય બાંધવો ન જોઈએ, અથવા બાહ્ય નિષ્ફળતાના દેખાવથી પણ. આપણે એમ કહી શકીએ – અને લગભગ આવું જ સતત બને છે – કે પ્રભુ, વ્યકિત જે વસ્તુની ઈચ્છા રાખે તે વસ્તુ તેને આપે છે અને બધા પાઠોમાં તે સર્વશ્રેષ્ઠ છે! કારણ કે જો તમારી કામના અચેતન, તમોગ્રસ્ત, અહંકારયુકત હશે, તો તમે અચેતનતા, તમસ અને અહંકારને તમારી પોતાની અંદર વધારશો; એટલે કે તે તમને સત્યથી, ચેતનાથી અને સુખથી દૂર અને દૂર લઈ જશે. તે પ્રભુથી તમને દૂર લઈ જશે. અને પ્રભુ માટે તો એક જ સત્ય છે – દિવ્ય ચેતના, દિવ્ય ઐકય. અને દરેક સમયે સ્થૂલ વસ્તુને પ્રાધાન્ય આપો તેમ તેમ તે દરેક સમયે તમે વધારે ને વધારે ભૌતિક બનતા જાઓ છો અને સાચી સફળતાથી દૂર અને દૂર જાઓ છો.

પરંતુ સત્ય માટે તો – પેલાં બીજી સફળતા એ ભયંકર નિષ્ફળતા છે.... તમે સત્યને બદલે જૂઠાણાની અદલાબદલી કરી છે.

બાહ્ય દેખાવો અને સપાટી ઉપર સફળતાથી કોઈ વસ્તુને મૂલવવી એ સંપૂર્ણ અજ્ઞાનનું કાર્ય છે. સખતમાં સખત માણસ જેના માટે દરેક વસ્તુ બાહ્ય રીતે સફળતાવાળી હોય, તેના માટે પણ એક બીજો પ્રતિરૂપ ભાગ હોય છે. અને આ

તેના સતૂની સખતાઈ જે થઈ હોય છે, જે બુરખો તૈયાર થયેલો હોય છે, ગાઢ અને ઘટ્ટ પડદો, બાહ્ય ચેતના અને આંતર સત્ય વચ્ચેનો, તે એક અથવા બીજા દિવસે બિલકુલ અસહ્ય બની જશે. તેનો બહુ મોંઘો બદલો મળે છે – બાહ્ય સફળતા.

(માતાજીનો અવાજ ઘણો ઊંડો ઊતરે છે) માણસે ઘણા મહાન બનવું જોઈએ ઘણા વિશુદ્ધ, તેનામાં ખૂબ ઊંચી અને ખૂબ નિઃસ્વાર્થ આધ્યાત્મિક ચેતના હોવી જોઈએ, જેથી તેણે સફળતા મેળવી હોય તેની અસર તેના ઉપર ન થવી જોઈએ. સફળ થવું તેના કરતાં વધારે દુષ્કર બીજું કાંઈ નથી. જીવનની સાચી પરીક્ષા આ છે.

જ્યારે તમે સફળ ન થાઓ ત્યારે, સ્વાભાવિક છે કે તમે તમારી પોતાની તરફ વળો છો અને અંતરમાં ઊતરો છો, અને તમારી બાહ્ય નિષ્ફળતા માટે તમે આશ્વાસન શોધો છો. અને જેમનામાં પોતાનામાં સળગતી શિખા હોય છે – જો પ્રભુને ખરેખર તેમને મદદ કરવી હશે, જો તેઓ મદદને માટે પૂરતા પરિપકવ હશે, જો તેઓ માર્ગનું અનુસરણ કરવા માટે તૈયાર હશે – તો તેમના ઉપર ફટકા ઉપર ફટકા આવશે, કારણ કે, તે મદદ કરે છે! તે સૌથી શક્તિશાળી, સૌથી સીધી, સૌથી અસરકારક મદદ છે. જો તમે સફળ થાઓ તો સચેત બનજો. તમારી જાતને પૂછજો: "કેટલી કિંમતે, કેટલા ભોગે, મેં આ સફળતા મેળવી છે? મને આશા છે કે આ પગલું ખોટી દિશા તરફનું ન હોવું જોઈએ...."

કેટલાક આનાથી પણ ઊર્ધ્વમાં ગયા હોય છે, જેઓ પોતાના આત્મા વિશે સભાન હોય છે, જેઓએ પોતાની જાતને સમગ્ર રીતે અર્પણ કરી દીધેલી હોય છે, જેઓ.... મેં કહ્યું તે પ્રમાણે – પૂરેપૂરા શુદ્ધ, અનાસક્ત અને જેમના ઉપર સફળતાની બિલકુલ અસર કે સ્પર્શ પણ ન હોય તેવા હોય છે; અહીં પછી જુદી વસ્તુ બને છે. પરંતુ સફળતાને ધારણ કરવા માટે માણસે ઘણાં ઊર્ધ્વમાં ઊઠવું પડે છે. અને છેવટે તો, પ્રભુ ગમે તેને આ છેલ્લી કસોટી આપે છે, "હવે તું ઉમદા છું, અનાસક્ત છું, તારામાં અહંકાર નથી, તું ફક્ત મારો જ છે, હું તને વિજય અપાવીશ, આપણે જોઈશું કે તું કેવોક ટકી શકીશ."

અસુરોની સામે દિવ્ય શક્તિ કઈ રીતે કાર્ય કરે છે?

મને એક પણ વસ્તુ સંભળાતી નથી!.... અસુરોની સામે કાર્ય કરે છે? તારે તે શા માટે જાણવું છે?

તે રસપ્રદ છે! (હાસ્ય)

કદાચ તેઓને પણ તેમને જે જોઈતું હોય તે દિવ્ય ભગવતી આપે છે.... (મૌન) અને ઘણુંખરું આ તેમનો અંત નજીક લાવે છે. અસુરો.... અને અસુરો.

. . . ઘણા હોય છે . . . . એટલે કે . . . . ના, અસુરો, અસુરો જ હોય છે, પરંતુ આ બધા તેમના પોતાનામાંથી જ બહાર આવેલા હોય છે અને તેઓ નિમ્ન પ્રકારનાં સત્ત્વો હોય છે.

અસુર એક સચેતન સત્ત્વ હોય છે અને તે જાણે છે કે તેનો અંત છે. તે જાણે છે કે તેણે વિશ્વમાં જે વલણ લીધેલું છે તેને લઈને થોડા સમય પછી તેનો વિનાશ થવાનું નક્કી છે. કુદરતી રીતે જ અસુરોનો સમય, માણસના સમય સાથે સરખાવતાં, પુષ્કળ લાંબો હોય છે. પણ તેમ છતાં તે જાણે છે કે તેનો અંત છે. કારણ કે તેણે શાશ્વતીમાંથી પોતાની જાતને છુટ્ટી પાડી દીધી છે. અને તેથી તેની યોજનાને સંપૂર્ણ રીતે સફળ કરવા માટે તેની સંપૂર્ણ હાર થાય ત્યાં સુધી તે પ્રયત્ન કરે છે. અને એ શકય છે કે જો તેને તેમ કરવા દેવામાં આવે તો હાર વહેલાં નજીક આવે. કદાચ આ કારણને લઈને તે સમયે મહાન વસ્તુઓ પૂર્ણ થવા માંડે છે – આ સમયે જ વિરોધી બળો ખૂબ સક્રિય બને છે, ખૂબ ભયંકર રીતે સક્રિય, અને બાહ્ય સપાટીએ ખૂબ સફળ. તેમને ખુલ્લું મેદાન મળી જાય છે – તે એટલા માટે હોય છે કે વસ્તુઓનો વધારે ઝડપથી અંત આવે.

(લાંબું મૌન)

એટલું પૂરતું છે ને ?

મધુર માતાજી, "માનસિક દર્પ"નો શો અર્થ થાય ?

મારાં બાળકો, સ્પષ્ટ બોલો ! તમારે જોરથી બોલવાની જરૂર નથી . . . . તમારે સ્પષ્ટ ઉચ્ચારો કરવા જોઈએ !

(બાળક તે જ વાકય, ફરીથી તે જ વાકય સ્પષ્ટ રીતે ઉચ્ચારે છે.)

માનસિક દર્પ ? તેનો અર્થ થાય . . . . તમારું જે કાંઈ હોય તે ! (હાસ્ય)

હું એવા કોઈ માનવીને ઓળખતી નથી જેમને માનસિક દર્પ ન હોય. કેટલાકને થોડો હોય છે, કેટલાકને વધારે, અને કેટલાક એવા હોય છે જે પૂરેપૂરા તેના જ બનેલા હોય – મન, તેની પ્રકૃતિથી જ કાંઈક આવશ્યક રીતે દર્પવાળું હોય છે. તે કલ્પના કરે છે કે તે જાણી શકે છે. તે એવી કલ્પના કરે છે કે તે નિર્ણય કરી શકે છે, અને તે પોતાનો સમય દરેક વસ્તુ ઉપર નિર્ણય આપવામાં જ બરબાદ કરે છે– તમારી અંદરનો, તમારી જાત વિશેનો, બીજાઓ માટેનો – બધી જ વસ્તુઓ માટેનો.

હમણાં જ એક ખૂબ રમૂજી પ્રસંગ બન્યો. શ્રી અરવિંદે કહ્યું તેના ઉપર કોઈએ લખાણ કર્યું અને શંકા વ્યકત કરવાની શરૂઆત કરી. પણ પાછળથી તેણે

ઉમેર્યું કે, "આપણે એ ન ભૂલવું જોઈએ કે જેમણે આ લખ્યું છે તે આપણા જેટલા જ બુદ્ધિશાળી તો છે જ!" (માતાજી હસે છે.) જ્યારે માણસો વસ્તુઓનો નિર્ણય લેવામાં પોતાનો સમય પસાર કરે છે, ત્યારે તેઓ પોતાની જાતને એટલું કહેતા હોય, "પરંતુ બીજો માણસ મારી જેટલો જ બુદ્ધિશાળી છે", તો તેઓ ઓછી . . .

પરંતુ તમારે તમારી જાતનું નિરીક્ષણ કરવાનું છે . . . . તમે તમારી જાતનું નિરીક્ષણ કરી શકો છો, તમારી જાતને ઓછામાં ઓછા સો વખત પકડી પાડો છો, એવા મન વડે જે દરેક વસ્તુનો નિર્ણય આપે છે, દરેક વસ્તુને જાણે છે, દરેક વસ્તુનો ન્યાય કરે છે, સારી રીતે જાણે છે કે કયું સારું, કયું ખરાબ, કયું સાચું, કયું ખોટું, કયું બરાબર . . . . અને વધારામાં માણસે કઈ રીતે વર્તવું, આ માણસે શું કરવું જોઈએ, પ્રશ્નનો કઈ રીતે નિકાલ કરવો . . . . બધા જ માણસો આ વસ્તુ જાણે છે – તમે સમજ્યા, જો તેઓ સરકારમાં પ્રમુખસ્થાને હોત તો તેઓ બહુ સારી રીતે જાણતા હોત કે દરેક વસ્તુની કઈ રીતે વ્યવસ્થા કરવી. પરંતુ લોકો તેમને સાંભળતા નથી . . . . એટલે બધું બરાબર ચાલતું નથી!

તમારે ફક્ત તમારી જાત તરફ જ જોવું જોઈએ. તમે જોઈ શકશો કે તમારી જાતને તમે દરેક સમયે પકડી પાડશો . . . . એવા માણસોની વાત નહીં કરવાની કે જેઓએ ઘણા લાંબા સમયથી ભગવાને કરેલી ભૂલો વિશે પૂર્ણ નિર્ણય લઈ લીધેલો હોય, અને જો તેઓને દુનિયા બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હોત તો દુનિયા કેવી બનત! પરિસ્થિતિ તે પ્રમાણે છે.

દિવ્યકૃપાના સ્પર્શથી મુશ્કેલીઓ, પ્રગતિ માટેની તકોમાં કેવી રીતે ફેરવાઈ જાય છે?

પ્રગતિ માટેની તકો? હા! આ તો બિલકુલ સ્પષ્ટ છે. તમે મોટી ભૂલ કરી છે, તમે ખૂબ મુશ્કેલીમાં છો, તો પછી જો તમને શ્રદ્ધા હોય, જો તમને પ્રભુકૃપામાં વિશ્વાસ હોય, જો તમે તેના જ પર આધાર રાખો, તો તમને ઓચિંતા અનુભવ થશે કે તે એક પાઠ છે; તમારી મુશ્કેલી અથવા ભૂલ એ બીજું કાંઈ નહીં પરંતુ એક પાઠ છે, અને તે એટલા માટે આવે છે કે તમે તમારી અંદર શોધ કરી શકો કે કઈ વસ્તુમાં ફેરફાર કરવાની જરૂર છે, અને પ્રભુકૃપાની મદદથી તમે જે વસ્તુમાં પરિવર્તન લાવવાનું હશે તેને શોધી શકશો. અને તમે તેને બદલાવી શકશો. અને તેથી મુશ્કેલીમાંથી તમે એક મોટી પ્રગતિ કરી હશે, તમે એક ઠેક આગળ કૂદ્યા હસો. દરેક વખતે આમ જ બને છે. ફક્ત તમારે સાચદિલ બનવાનું, એટલે કે પ્રભુકૃપા પર આધાર રાખો અને તેને તમારી અંદર કામ કરવા દો. – આ રીતે નહિ; તમારી

અંદરનો એક ભાગ મદદ કરવાનું કહે અને બીજો ભાગ શકય એટલો સામનો કરે, કારણ કે તેને બદલાવું નથી.... આ ખરી મુશ્કેલી છે.

તેઓ કહે છે કે બધો જ વખત સર્વ સમયે આમાં જ રહેવું; પૂર્ણ રીતે, સમગ્રતયા, સચ્ચાઈથી, કોઈ પણ જાતના સંકોચ વગર, કારણ કે વ્યક્તિના સ્વરૂપનો એક ભાગ અભીપ્સા રાખે છે, સ્વરૂપનો એક ભાગ આત્મત્યાગ કરે છે જ્યારે બીજા ભાગો છે – કેટલીક વખત નાનો ભાગ અને કેટલીક વખત મોટો ભાગ, જે સુંદર રીતે સંતાઈ ગયેલો છે, બિલકુલ નીચે તળિયે, અને તે બિલકુલ શાંત રહે છે, જેથી તે પકડાઈ જાય નહિ, જે પોતાની સંપૂર્ણ શક્તિથી, સામનો કરે છે, જેથી તેને બદલાવું ન પડે.

અને તેથી વ્યક્તિને આશ્ચર્ય થાય છે. આ રીતે "ઓહ! મારે આટલી સુંદર અભીપ્સા હતી, મારે આટલી બધી શુભેચ્છા હતી, મારે બદલાવાની એટલી ઇચ્છા હતી, અને જુઓ, હું બદલાઈ શકતો નથી. શા માટે?" પછી ચોક્કસ તમારો માનસિક દર્પ આવીને કહે છે, "મને જેટલું મહત્ત્વ મળવું જોઈએ એટલું મળ્યું નથી, પ્રભુની કૃપા મને મદદ કરતી નથી, અને મારે પોતાને એકલા મારી જાત માટે ફાંફાં મારવાં પડે છે," વગેરે વગેરે.

તે એ પ્રમાણે નથી. તે ત્યાં છુપાયેલી વસ્તુ છે, એક નાની વસ્તુ, ગૂંચળું વળીને પડેલી હોય છે, ત્યાં ઊંડે, સંકોચાઈને, પોતાનામાં મગ્ન અને સારી રીતે ગુપ્ત, છેક તળિયે, જેમ પેટીમાં તળિયે પડી રહેલી હોય તેમ. અને ખસવાનો પણ ઈન્કાર કરતી હોય (**માતાજી હળવેથી બોલે છે**) એટલે જ્યારે પ્રયત્ન, અભીપ્સા, અસ્ત પામે, ખલાસ થઈ જાય ત્યારે આ વસ્તુ ઊછળે છે, તેની માફક, ધીરેથી, અને પછી પોતાની ઇચ્છા લાદે છે. અને તમારે જે કરવું નહોતું તે જ બરાબર તમારી પાસે કરાવે છે. તમે જે નિર્ણય લીધો હતો કે કરવું જ નથી તે, અને તમને ખબર પણ પડતી નથી કે કેમ અને કઈ રીતે આવું બને છે; કારણ કે તે વસ્તુ ત્યાં હતી. તેનો વારો આવ્યો – નાની વસ્તુઓ માટે, મોટી વસ્તુઓ માટે, વિગતો માટે અને જીવનની દિશા માટે.

કેટલાક લોકો જે સ્પષ્ટ રીતે થઈ શકે છે તેઓ એટલી સારી રીતે જાણે છે કે તેમણે શું કરવું જોઈએ. છતાં તેઓને લાગે છે કે તેઓ કરી શકતા નથી.... તેમને કારણની ખબર પડતી નથી. તે પણ બીજું કાંઈ નથી. એક નાનું એવું બિંદુ હોય છે જેને બદલાવું હોતું નથી અને તે નાનું બિંદુ પોતાના સમયની રાહ જોતું હોય છે. અને જે દિવસે પરવાનગી મળે, પ્રમાદથી, થાકથી, અર્ધા જાગ્રતતામાંથી, થોડી અચેતનતામાંથી તેને તેનું પ્રદર્શન કરવાની રજા મળે ત્યારે તે તેની એકાગ્ર કરેલી

શક્તિથી ખરા સ્વરૂપે દેખાશે અને તમારી પાસે જે વસ્તુનો તમે નિર્ણય કરેલો તેનાથી જ બ–રા–બ–ર વિરુદ્ધ રીતે તમારી પાસે કાર્ય કરાવશે. અને તમે ત્યાં સ્તંભિત થઈને ઊભા રહેશો : "ઓહ ! આ કેટલું બધું નિરાશાજનક છે ? . . . ." અને કેટલાક માણસો કહેશે "નસીબ !" તેઓ માનશે કે તેમનું તેવું નસીબ છે. તે નસીબ નથી, તેઓ પોતે જ તેને માટે જવાબદાર છે ? . . . . એનું કારણ છે કે તેમની પાસે પ્રકાશ કે સર્ચલાઈટ નથી અને તેનો ઉપયોગ પણ કર્યો નથી. તેઓએ તેમના સ્વરૂપના નાના ગુપ્ત ખૂણાઓમાં હાથબત્તી ફેંકી નથી. તેઓએ સારી રીતે છુપાયેલી વસ્તુઓને શોધી કાઢી નથી. તેઓએ તેને ત્યાં પડી રહેવા દીધી છે. અને પછી આમ કર્યું છે (માતાજી પોતાનું માથું દૂર ખસેડી લે છે.) જેથી તે દેખાય નહીં. કેટલો બધો વખત માણસને ઓચિંતા લાગે છે કે તે પોતે કોઈક વસ્તુને શોધી કાઢવાની અણી ઉપર છે. "હૂપ !" તે થોડું ઈજા કરે છે . . . . તે તકલીફ રૂપ છે . . . . તેથી માણસ બીજી જ વસ્તુનો વિચાર કરે છે અને બસ પૂરું ! તક ચાલી ગઈ છે. માણસે બીજા પ્રસંગ માટે રાહ જોવી પડશે, ફરીથી થોડી મૂર્ખાઈઓ કરવી પડશે, ત્યારે પછી તે વસ્તુને પૂંછડેથી પકડવાની તક મળશે, આ રીતે અથવા કાનથી કે નાકથી અને સખત રીતે પકડવી પડશે અને કહેવું પડશે, "ના ! હવે તું વધારે વખત સંતાઈ શકશે નહીં, તું જેવી છો તેવી તને ઓળખું છું, અને તારે કાં તો બહાર નીકળી જવું પડશે અથવા બદલાવું પડશે !"

વ્યક્તિમાં એક મજબૂત પકડ હોવી જોઈશે અને અફર નિર્ણય–શક્તિ. જેમ આપણે એક જાપાનીઝ વાતમાં કહ્યું હતું તેમ કરવું પડશે. એક સિપાહી પાસે તેના ઢીંચણ ઉપર એક છરી હતી, જેથી તેને ખાતરી થાય કે તે ઊંઘી ન જાય અને જ્યારે તેને ખૂબ ઊંઘ ચડી ત્યારે તેણે તે છરીને એવી રીતે ગોઠવી કે તેને વધારે ઈજા પહોંચાડે. વ્યક્તિની પાસે આવી કોઈક વસ્તુ હોવી જ જોઈએ. આ વસ્તુ, આ નિશ્ચય બલ. પોતાને શું જોઈએ છીએ તે જાણવું અને તે પ્રમાણે કરવું. આપણે તેવી સ્થિતિમાં છીએ.

માતાજી, હું કાંઈ પૂછી શકું ?

પૂછ !

માતાજી, ગયે વખતે હું કાંઈ સમજ્યો નહિ. તમે જ્યારે 'રૂપાંતર' ફૂલોની ગણતરી કરતાં હતાં તે સમયે તમે કહેલું કે જે લોકો રૂપાંતર પામવાના હતા તેની સંખ્યા તે ફૂલો બતાવતાં હતાં.

(મૌન પછી) તે, સારું. મેં જે પહેલેથી વ્યવસ્થા કરેલી તેના ઉપર આધાર હતો, તમે સમજ્યા . . . . એક દિવસે એક વસ્તુ હોઈ શકે, બીજે દિવસે તે

બીજી વસ્તુ હોઈ શકે. કોઈક વખત તે ફક્ત ક્રિયાઓ હતી. મૂળ તત્ત્વો હતાં, કોષો, કેટલીક વખત તે માણસો હતા. જેની શકયતા હું જોતી અને ગણતરી પહેલાં મેં જે વ્યવસ્થા કરેલી, તેના ઉપર તેનો આધાર હતો.

તે વસ્તુ જ્યારે હું લોકોને અમુક સંખ્યામાં ફૂલો આપતી ત્યારે કેટલીક વખત તેનો આવો અર્થ હતો, "આટલી ક્રિયાઓનો તમારામાં ફેરફાર થશે. આટલાં તત્ત્વો તમારા સ્વરૂપમાં ફેરફાર પામી શકશે." બીજી વખતે એ લોકોને કેટલીક સંખ્યામાં ફૂલો આપતી. સારું, "તમારામાં ફેરફાર કરવાની શકિત આવશે જેથી કરીને જેટલાં ફૂલો છે એટલા માણસોમાં તમે રૂપાંતર લાવી શકશો." — અને આવી બધી ઘણા પ્રકારની વસ્તુઓ. તે દરેક વખતે એક જ વસ્તુ નહોતી. પરંતુ ચોક્કસ કોઈક વસ્તુના રૂપાંતર માટેની એક શકિત હતી .... તે સંકલ્પશકિતનું રૂપાંતર હોઈ શકે, ક્રિયાનું રૂપાંતર હોઈ શકે, સ્થૂલ શરીરના કોષોનું રૂપાંતર હોઈ શકે અને તમારી પોતાની જાતનું પણ રૂપાંતર હોઈ શકે .... વિશ્વમાંના તારાઓનું પણ રૂપાંતર .... ઘણી વસ્તુઓનું.... એ લોકોના ઉપર આધાર રાખતું હતું.

જ્યારે તે લોકો માટે હતું ત્યારે સમગ્ર રૂપાંતર હતું, મધુર માતાજી?

કોઈક વખત. ઘણે ભાગે બીજું ફૂલોનું આનુષંગિક સાહચર્ય પણ આપવામાં આવતું. કેટલીક વખતે વ્યકિત એક વસ્તુને બીજી વસ્તુ કરતાં વધારે સારી રીતે ગોઠવી શકે .... કેટલીક વખત એવું હતું, એક સમય એવો હતો જ્યારે હું ફૂલોને આ રીતે ગોઠવતી .... કેટલાક લોકોને માટે તે સમગ્ર રૂપાંતર હતું. પણ જ્યારે ....

સમયનું તત્ત્વ કેટલીક વખત આપણી પાસેથી છટકી જાય છે, તે બહુ મુશ્કેલી રૂપ છે .... આવા પ્રકારની વ્યવસ્થામાં, સમય ઉપર કાબૂ રાખવો સૌથી વધારે મુશ્કેલ હોય છે .... તેના ઉપર કાબૂ રાખવો મુશ્કેલ છે. ફૂલોને સમયનો ખ્યાલ આપવા માટે મને કદી તક મળી નથી અને કદાચ તે શકય પણ નથી. કદાચ તે આવશે, પરંતુ અત્યારના સમયે એક એવું તત્ત્વ છે જેનું માપન અધરું છે.

મધુર માતાજી, "તારાઓનું રૂપાંતર" એટલે શું?

તેનો શો અર્થ? તારો પ્રશ્ન શું છે? મેં તારાઓનું રૂપાંતર કહ્યું છે .... જો આખું વિશ્વ રૂપાંતર પામવાનું હોય તો તારાઓ પણ રૂપાંતર પામશે! તું શા માટે એમ ધારી લે છે કે ફક્ત પૃથ્વી ઉપર જ રૂપાંતર થશે?

કેટલાક લોકો એવા હતા જેમનામાં ઘણી અભીપ્સા હતી, પણ જેઓએ

એક યા બીજા કારણસર બંડ ઉઠાવ્યું અને ચાલી ગયા અને આ લોકો તે વ્યક્તિઓ છે જેઓ ખાસ કરીને આક્રામની વિરુદ્ધમાં છે. પરંતુ, તો પછી આપણે એમ કહી શકીએ કે તેઓ એક દિવસ પાછા આવશે ?

પાછા આવશે ! (માતાજી એક ક્ષણ થોભે છે) એટલે કે .... હું તને આ વિશે વ્યક્તિગત વાત કરીશ.

તે કોઈ વસ્તુ ઉપર આધાર રાખે છે .... આપણે તેને આ રીતે મૂકી શકીએ : પ્રથમ તો – ગીતામાં આ પ્રશ્ન છે – બે પ્રકારનાં આસુરિક સ્વરૂપો છે. કેટલાંક એવાં છે જેમનામાં પરિવર્તન થઈ શકે – અને તેઓમાં પરિવર્તન થશે – છેવટ તો, કદાચ એટલું પૂરતું છે, જો એક ક્ષણ માટે, ફક્ત એક ઝબકારા પૂરતું, આ તત્ત્વોએ પરિવર્તનની શકયતા માટે વિચાર્યું હશે તો છેવટે એક દિવસ તે બનશે. અને બીજાં કેટલાંક છે જેઓએ પૂરેપૂરી સચેતનતાથી અને જિદ્દી વલણથી એવો નિર્ણય લીધેલો હોય છે કે તેઓ વિસર્જન થવાનું પસંદ કરે અને તેઓ અદૃશ્ય બની જશે. એટલે જેઓને વિસર્જન કરવું છે તેઓનું વિસર્જન થશે. અને જેઓને પરિવર્તન પામવું છે તેઓ પરિવર્તન પામશે. જીવનમાં આ પ્રમાણેનું છે.

કેટલાક એવા છે જેઓ મૃત્યુ પામે છે, જેઓ પાછા ફરે છે. ઘણેભાગે તે વસ્તુ જાણીતી છે. લગભગ નિશ્ચિત થયેલી. વ્યક્તિ ચોક્કસાઈથી કહી શકે કે **આ બધા મૃત્યુ પામશે જ.** તેઓ મૃત્યુ પામશે. તેઓ મૃત્યુ પામશે એટલે કે તેઓ તેમના આત્મામાંથી પોતાની જાતને છૂટી પાડી દે છે. મેં થોડો સમય પહેલાં કહ્યું તે પ્રમાણે – તેઓની એવી જિંદગી હોય છે જે તદ્દન .... સફળ થયેલી હોય તેવી દેખાય છે. તેઓ ચોક્કસ રીતે શારીરિક રીતે દુઃખી હોતા નથી, તેનાથી ઊલટું જ હોય છે ! કેટલીક વખત એનાથી ઊલટું, દરેક વસ્તુ તેમના માટે સફળતા લાવે છે અને પછી બીજી બાજુએ બીજા કેટલાક ખાસ કૃપા હેઠળ હોય છે, જેઓ તેમના સાહસમાં ખૂબ પછડાય છે અને થોડા સમય પછી તેઓને ભાન થાય છે કે તેઓ મૂર્ખ બુદ્ધિવિહીન, અક્કલહીન હોય છે અને પછીથી તેઓ પાછા ફરે છે, તે લોકો ઉપર આધાર રાખે છે. હકીકતમાં જ્યારે તેઓ સફળ થાય છે ત્યારે તેનો અર્થ એ કે તેમનો વિનાશ છે. જ્યારે તેઓ સફળ નથી થતા ત્યારે એમ સમજવાનું કે પ્રભુકૃપાએ તેમને છોડી દીધા નથી.

પરંતુ ઘણું ખરું તો તેમના મૃત્યુ પછી તેમાં ફેરફાર થશે કારણ કે જે માનવીઓએ વિરોધી બળોને તેમનો કબજો લેવા દીધો છે અને તેમની જિંદગી ઉપર શાસન કરવા દીધું છે, જેવા તેમના શરીરને છોડી દે છે કે તરત જ તેઓ ગ્રસ્ત થઈ જાય છે અને એટલું બસ છે ! તે લોકોએ તેમના ચૈત્ય પુરુષ સાથેનો સંપર્ક કાપી

નાખ્યો હોય છે. તેથી કરીને તેમનો ચૈત્ય પુરુષ કયાંક બીજે દૂર દૂર બીજી દુનિયાઓમાં ચાલ્યો ગયો હોય છે.... અને તેથી તેમનો પ્રાણમય પુરુષ જે આ બધાં બળોને ગ્રહણ કરે છે તે જેના તેમના શરીરને તેઓ છોડી દે છે કે તુર્ત જ કોળિયો થઈ જાય છે અને એટલું જ બસ છે. અને તેથી તેઓ કાયમને માટે ખરેખર મૃત્યુ પામે છે. આથી દુનિયામાં કાંઈ ઘણો મોટો ફેરફાર થશે નહિ તેથી વસ્તુઓમાં કાંઈ બહુ ફેરફાર થશે નહીં.

મધુર માતાજી, તેમનો કઈ વસ્તુ કોળિયો કરી જશે?

એક વધારે મોટું પ્રાણમય સ્વરૂપ! (હાસ્ય) જુઓ, તેમનામાં વિરોધી પ્રાણમય બળોનો આવિર્ભાવ હોય છે અને તે સ્વરૂપ અથવા જે શક્તિએ આ બળનો આવિર્ભાવ કર્યો છે કે તે એટલા માટે કર્યો છે કે તેમના શરીરનો ઉપયોગ તે કરી શકે, તેની પાસે સ્થૂલ જીવનમાં જે વસ્તુઓ તેમને કરવી હોય તે પ્રમાણે તેની પાસે કાર્ય કરાવે. પરંતુ હવે કોઈ શરીર બાકી ન રહ્યું હોવાથી તેમના માટે રસ રહ્યો નથી.... તમે સમજ્યા, તે આ શરીર હતું, જે દિવ્ય પ્રભુના કાર્યની વિરુદ્ધ કેટલીક વસ્તુઓ કરવા માટેનું સાધન હતું. એક વખત શરીર નાશ પામ્યું એટલે પ્રાદુર્ભાવ પાછો ખેંચાઈ જાય છે. એ જે કાંઈ તેની સાથે બળ હતું તે પણ તેની સાથે પાછું ખેંચાઈ જાય છે અને તેને બીજી તક માટે ગળી જવામાં આવે છે.

તેઓ તેમનો સમય આ પ્રમાણે કરવામાં પસાર કરે છે. તેઓ ઉત્પન્ન થાય છે અને પાછા તેમની મરજી થાય ત્યારે પાછા સમાઈ જાય છે, કેટલોક વખત મૃત્યુ પહેલાં – એટલે કે મૃત્યુને જરા વહેલા લાવે છે. તે સ્વરૂપને એક ચીંથરાની માફક ફેંકી દે છે, શક્તિવિહીન, પ્રાણવિહીન, કાંઈ પણ વસ્તુ વગરનું.... આમ બને છે; આ વસ્તુ તેમને પૂરેપૂરા ચક્રમ બનાવે છે, અથવા તો કોઈ અકસ્માતમાં તેઓ મૃત્યુ પામે છે જેમ વિશ્વયુદ્ધ દરમિયાન બનેલું તેમ.... ઓચિંતા...., હૂપ! તે એક ખ્યાલાકાર કાચની માફક કાર્ય કરે છે, તે દરેક વસ્તુને સમાવી લે છે, દરેક વસ્તુને બીજા પ્રસંગ માટે ગળી જાય છે. તે આને માટે શોધ કરે છે કે કોઈ વસ્તુ તેને ગ્રહણ કરવા તૈયાર છે કે કેમ? અને તે તેને તૈયાર કરે છે.... કોઈ એકાદ શક્તિ તેને સ્વીકારવા તૈયાર હોય છે જ, જે પોતાની જાતને ઉચ્ચતર કક્ષાનો માનવી માનતો હોય છે: કારણ કે તે આ વસ્તુ આપતું હોવાથી લોકોમાં તે એવી લાગણી ઉત્પન્ન કરે છે કે તેઓ ખરેખર વિરલ, અદ્‌ભુત વ્યક્તિઓ છે – તેઓ જે વસ્તુઓમાં બીજાઓ જોઈ ન શકતા હોય તેમાં દોષો જુએ છે; બીજા હજારો માણસો કરતાં તેમનો નિર્ણય વધારે ડહાપણ ભરેલો હોય છે. વધારામાં તેઓએ નક્કી કરેલું હોય છે કે તેઓ તે પ્રકારના લોકોમાંના હોય છે જેઓ સર્જન કેવા પ્રકારનું હોવું

જોઈએ તેનો નિર્ણય કરે છે અને તેઓ તે પ્રમાણે કરવા પ્રયત્ન કરે છે કે વસ્તુઓ જે પ્રકારની હોવી જોઈએ તે પ્રમાણે ગોઠવી આપવા યત્ન કરે છે.

મારી પાસે આવી વ્યક્તિઓ હતી.... એવા લોકો જેઓ એક સરળતા અથવા સચ્ચાઈની એક સેકંડમાં, તેમણે વિરોધી આવિર્ભાવ જે તેમને કાર્ય કરાવતું હોય તેમાંથી મુક્ત થવા માટે માગણી કરી હતી અને પછી તે સચ્ચાઈની ક્ષણમાં આ પ્રાદુર્ભાવ તેમનામાંથી બહાર નીકળી ગયો હતો, અને શરીરને નુકસાન કર્યા વગર તેને પકડમાં લઈને તેનો વિનાશ કરી શકાયો હતો. આ પ્રમાણે ઘણી વખત બનેલું છે.

પછી થોડા દિવસો માટે તે સત્ત્વ ઘણું સુખી થાય છે.... અને તે મુક્તિનો અનુભવ કરે છે, તેને સારું લાગે છે.... અને ઓચિંતા તે પોતાની જાતને કહે છે, "પણ હવે મારામાં શક્તિ છે! હું હવે વધારે જાણતો નથી પણ હવે વધારે વખત કરી શકીશ નહીં, હવે હું સામાન્ય માનવી બની ગયો છું!" અને પછી, "આ બધું સારું નથી, આની પહેલાં તે વધારે સારું હતું!" અને કારણ કે આ વિરોધી બળો અગણિત હોવાને લઈને – આ તત્ત્વો હજારોની સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે, તમને સમજાયું, તેઓ લોકોની આસપાસ ટોળાબંધ ભમતાં હોય છે અને ફક્ત એક એવી તક શોધતા હોય છે કે કયારે કોઈ વ્યક્તિમાં ઘૂસી જવું – અને તાત્કાલિક વ્યક્તિ પોતાની માત્રા પ્રમાણે તે વસ્તુને પોતાની અંદર ફરીથી ગ્રહણ કરે છે અને પહેલાં જે હતી તે બની જાય છે, ઊલટો કેટલીક વખત વધારે ખરાબ. અને આમ આ હાસ્ય-નાટકની ફરીથી શરૂઆત થાય છે.

પરંતુ મારે માટે તો, કાંઈ પણ ન કરતાં, એક જ વખત કરવું બસ છે? તમે તેની સાથે ખૂબ આસક્તિથી જોડાયેલા હો છો. તમારા વિરોધી સત્ત્વને તમારી પાસે રાખો! આ કિસ્સામાં તે નિષ્ફળ છે. પરંતુ તે આ વસ્તુ છે, એ એક લાગણી છે, ઓચિંતા જ તમારી શક્તિ ગુમાવી દેવાની. પણ યાદ રાખજો કે આ મહત્ત્વા-કાંક્ષાવાળા માણસો માટે જ બને છે, વધારામાં એવા મહત્ત્વાકાંક્ષાવાળા માણસો જેમને શક્તિઓ જોઈએ છે, જેમને બીજાના ઉપર પોતાની હકૂમત ચલાવવી છે, જેમને મોટા ગુરુઓ બનવું છે, મહાન ઉપદેશકો, જેમને જાદુ કરવા હોય છે, જેમને અદ્ભુત શક્તિઓ જોઈએ છે.... આ બધું ખાસ કરીને આવી વ્યક્તિઓમાં બને છે.... જેઓમાં એક પ્રકારની મહત્ત્વાકાંક્ષા હોય છે, અહીં તેમના મગજમાં આ બધી વસ્તુઓ ઘૂમતી હોય છે. આ વસ્તુ ભયંકર છે.

સરળ રહેવું, ફક્ત શુભેચ્છાવાળા, પોતે જેટલું કરી શકે તે સારામાં સારી રીતે કરવું, અને શકય હોય તેટલી સારી રીતે, એ ઘણું સારું છે. કોઈ બહુ ધ્યાન-

પાત્ર સર્જન કરવું નહીં પણ ફક્ત, પ્રગતિ માટે, પ્રકાશ માટે, શુભ ભાવનાની શાંતિ માટે અભીપ્સા રાખવી, અને પ્રભુ જે તમારે માટે નક્કી કરે, તમે કેવા બનશો, શું બનવાનું છે તે તમારે કરવું. તો પછી તમને બહુ ચિંતા નહીં રહે અને તમે પૂરે-પૂરા સુખી રહેશો !

આપણે તેવી સ્થિતિમાં છીએ.

૨૮ જુલાઈ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા" પ્રકરણ ૪ ઉપર આધારિત છે.

"લક્ષ્મી એટલે કે ધન વૈશ્વિક શક્તિનું જ પ્રતીક છે, અને પાર્થિવ ભૂમિકા ઉપર જ્યારે એ શક્તિનો આવિર્ભાવ થાય છે, તે પ્રાણની અને સ્થૂલ ચેતનાની ભૂમિકા ઉપર કાર્ય કરે છે ત્યારે બાહ્ય જીવનની પૂર્ણતા માટે તે અનિવાર્ય છે. તેના મૂળમાં અને સાચા કાર્યમાં તે ભગવાનની શક્તિ છે. પરંતુ ભગવાનની બીજી શક્તિઓની માફક તે આ પૃથ્વી ઉપર અજ્ઞાન અને નિમ્ન પ્રકૃતિમાં રજૂ થાય છે ત્યારે તેનું માનવીના અહંના ઉપયોગને ખાતર તેનું અપહરણ થઈ શકે છે, અથવા તો આસુરિક શક્તિઓ તેને પકડમાં રાખે છે અને પોતાના હેતુઓને માટે તેને વિકૃત કરી નાખે છે."

લક્ષ્મી કે ધન બીજી ભૂમિકાઓ ઉપર કેવી રીતે આવિર્ભાવ પામે છે ?

બીજી કઈ ભૂમિકાઓ ? શ્રી અરવિંદ પ્રાણની અને સ્થૂલ ભૂમિકાઓની વાત કરે છે, નથી કરતા ? .... આ એક બળ છે જે પ્રાણની અને સ્થૂલની ભૂમિકા ઉપર આવિર્ભાવ પામે છે. પ્રાણનાં બળોની ધન ઉપર ઘણી મહાન અસર હોય છે.

(મૌન પછી) તમે જાણો છો, જ્યારે કોઈ ધન વિશે વિચાર કરે છે, ત્યારે વ્યક્તિ બૉંકની નોટો અથવા સિક્કાઓ અથવા કોઈ પ્રકારનું ધન અથવા કિંમતી વસ્તુઓ વિશે વિચારે છે. પરંતુ આ તો ફક્ત એક શક્તિ, જેનું પ્રાણ સંચાલન કરી શકે છે, તેની સ્થૂલ અભિવ્યક્તિ હોય છે અને તેના ઉપર જ્યારે સ્વામીત્વ અને કાબૂ આવે છે ત્યારે તે કુદરતી રીતે જ ધનની વધારે સ્થૂલ અભિવ્યક્તિઓ ઘસડી લાવે છે. અને આ એક પ્રકારની શક્તિ છે. (મૌન) તે શક્તિ કેટલાંક ખૂબ ભૌતિક આંદોલનોને આકર્ષે છે, જેનામાં પોતાના ઉપયોગ માટેની એક શક્તિ હોય છે, જે તેની તાકાત વધારે છે – તે શારીરિક કસરતના જેવું કાર્ય છે, તમે સમજ્યા – તે ઉપયોગ દ્વારા તેની તાકાતમાં વધારો કરે છે.

દાખલા તરીકે, જો આ શક્તિ ઉપર તમારો કાબૂ હોય – એ એક શક્તિ છે,

જેને પ્રાણમય જગતમાં એક રંગ હોય છે, જે ઘેરો લાલ અને ઘેરો સોનેરી રંગ, જે પ્રકાશિત પણ હોતો નથી તેમ ફિક્કો પણ હોતો નથી, એ બે વચ્ચેનો હોય છે. સારુ, આ શકિતને, જયારે તેને ગતિ આપવામાં આવે છે, જયારે તેને ચલનમાં મૂકવામાં આવે છે ત્યારે તેની વૃદ્ધિ થાય છે. તે એવી કોઈ વસ્તુ નથી જેનો માણસ સંગ્રહ કરી શકે અને ઉપયોગ વગરની તેને રાખી શકે. તે એક એવું બળ છે જેની હેરફેર કાયમ કરવી જ જોઈએ. દા.ત. જે લોકો કંજૂસ હોય છે અને ધન એકત્રિત કરે છે તેઓ ધનનું પોતાની તરફ આકર્ષણ કરે છે અને તે શકિતને, તેની ગતિને ઉપયોગ કર્યા સિવાય એક બાજુએ મૂકી દે છે, અથવા તો તે છટકી જાય છે અથવા તો તે મૂઢ થઈને તેનું પોતાનું બળ ગુમાવી બેસે છે.

આ ધનની શકિતના પ્રવાહમાં રહેવાની સાચી રીત અહીં સ્પષ્ટ રીતે લખેલી છે : એક પ્રકારની પૂરેપૂરી તટસ્થ ભાવના, એક પ્રકારની એવી લાગણી કે તમે પોતે તેના માલિક નથી અથવા તે તમારી પોતાની માલિકીની નથી, પરંતુ તે એક શક્તિ છે જેની સાથે તમે કામ પાડો છો અને તેને જયાં જવું જોઈએ ત્યાં તમે મોકલી શકો છો જેથી કરીને તે સૌથી ઉપયોગી કાર્ય કરી શકે. અને આ ક્રિયાઓ દ્વારા, આ સતત કાર્ય દ્વારા તેની શકિતમાં વધારો થાય છે – તેની આકર્ષણની શકિત, વ્યવસ્થાની શકિત વગેરે. એટલે કે કોઈ માણસ જેની પાસે ભૌતિક વસ્તુઓ ન હોય, જે એવા ભૌતિક સંજોગોમાં ન હોય કે તે દ્રવ્યનું સંચાલન કરી શકે, તેની પાસે જો આ શકિતની માલિકી હોય તો, તે તેની પાસે કાર્ય કરાવી શકે, તેની હેરફેર કરી શકે અને જો તેને જરૂર લાગે તો તેને જેટલી જરૂરિયાત હોય તેટલી શકિત મેળવી શકે. અને તેમ છતાં કોઈ પણ બાહ્ય નિશાની કે કોઈ પણ કારણ એવું ન દેખાય કે શા માટે તેની પાસે ધન આવવું જોઈએ. તે તો એવી પરિસ્થિતિમાં હોય, જે સામાન્ય ધન કરતાં વિરુદ્ધ પ્રકારની હોય, અને તેમ છતાં તે આ શકિતનો ઉપયોગ કરી શકે, અને પોતાનું કાર્ય પાર પાડવા માટે તેને જેટલા ધનની જરૂરિયાત હોય તેટલું ધન પ્રાપ્ત કરી શકે.

એટલા માટે વાત આ પ્રમાણે હતી, તમે સમજ્યા; શ્રી અરવિંદના કાર્ય માટે ધન એકત્રિત કરવાની ઇચ્છાવાળા માણસને આ પત્ર લખાયો હતો અને આ માણસ પાસે કોઈ પણ સાધનો ન હતાં એટલે તેણે શ્રી અરવિંદને કહેવાની શરૂઆત કરી ; "પરંતુ મારી પોતાની પાસે કોઈ સાધનો નથી, તેથી લોકો મારામાં વિશ્વાસ રાખશે નહીં અને હું કાંઈ પણ મેળવી શકીશ નહીં." અને શ્રી અરવિંદે આવા પ્રકારનો તેને જવાબ આપ્યો કે તે એક ભૌતિક બાહ્ય શકિત નથી. તે તો એક આંતરિક તાકાતનું સંચાલન છે, અને જે જે જગ્યાએ ધન હોય તેના ઉપર તે

કાબૂ લાવી શકે છે, પછી ભલે તે સાર્વજનિક સંસ્થાઓ હોય અથવા વ્યક્તિઓ હોય, પણ માણસ તેમના ઉપર કાબૂ મેળવી શકે છે અને જો જરૂર લાગે તો જેટલી જરૂર હોય તેટલી એક ક્રિયા દ્વારા આકર્ષણ કરી શકે છે.

મધુર માતાજી, ધનની શક્તિઓએ પ્રભુનો ત્યાગ કેવી રીતે કર્યો ?

ઈહ ?

(બાળક ફરીથી તેનો પ્રશ્ન કહે છે)

તારા પ્રશ્નનો ચોક્કસ મુખ્ય શબ્દ હું સમજી શકતી નથી. કઈ રીતથી, ધનનાં બળોએ ....

....પ્રભુનો ત્યાગ કર્યો ?

ત્યાગ કર્યો ? ધનની શક્તિ એવા વિશ્વની શક્તિ છે જેનું વિકૃત રીતે સર્જન થયેલું. તે એવી વસ્તુ છે જે પ્રાણ જગતનું છે : અને તેઓ (શ્રી અરવિંદ) આ પ્રમાણે કહે છે, ખરું ને ? તેઓ કહે છે કે, તે પ્રાણ અને સ્થૂલ જગતોની માલિકીનું છે. તેથી કરીને બધા જ સમયે કાયમ, તે આસુરિક બળોના કાબૂ નીચે હતું અને હવે જે કરવાનું છે તે સ્પષ્ટ છે કે આસુરી બળો પાસેથી તેને પાછું જીતી લાવવાનું છે.

એટલા માટે જ ભૂતકાળમાં, જેમને યોગ કરવાની ઈચ્છા હતી, અથવા સંયમ પાળવાનો હતો તેઓ એમ કહેતા કે માણસે પૈસાનો સ્પર્શ કરવો જોઈએ નહીં, કારણ કે એ એવી વસ્તુ હતી – તેઓ કહેતા – જે ચંચળ છે, અથવા આસુરી છે અથવા દિવ્ય જીવનથી બિલકુલ ઊલટી છે. પરંતુ આખું વિશ્વ, તેના બધા જ આવિર્ભાવિમાં દિવ્ય પ્રભુ પોતે જ છે, અને તેથી તે પૂરેપૂરી પ્રભુની માલિકીની છે, અને આ મુદ્દા ઉપર તેઓ કહે છે કે ધનની શક્તિઓ પ્રભુની માલિકીની છે. વ્યક્તિએ તેને ફરીથી જીતવી પડશે અને પ્રભુને અર્પણ કરવી પડશે. તે શક્તિઓ આસુરિક બળોની અસર નીચે છે; વ્યક્તિએ તેમને પાછી જીતી લાવવાની છે જેથી કરીને તે શક્તિઓને પ્રભુની પાસે હાજર કરી શકાય, જેથી પ્રભુ તેના રૂપાંતરના કાર્યમાં તેમનો ઉપયોગ કરી શકે.

(લાંબું મૌન)

મધુર માતાજી, પૈસાને તો માણસોએ ઉત્પન્ન કરેલો છે, તો પછી તે દિવ્ય શક્તિ કેવી રીતે ?

હમ્મ્ ! (હસતાં) તે આવું છે, જાણે તેં મને આ રીતે કહ્યું હોય; એક માણસ છે અને એક સ્ત્રી છે જેમણે એક નવી વ્યક્તિને ઉત્પન્ન કરી છે, તો પછી એ વ્યક્તિ તત્ત્વતઃ દિવ્ય કઈ રીતે હોઈ શકે ? તે બરાબર એકની એક જ વસ્તુ છે !

આ બધું જ સર્જન બાહ્ય સપાટીની રીતે, બાહ્ય વસ્તુઓ દ્વારા ઉત્પન્ન થયું છે પરંતુ તેની પાછળ દિવ્ય બળો રહેલાં છે. માણસોએ જેની શોધ કરેલી છે, કાગળ અથવા સિક્કા અથવા – આ બધી વસ્તુઓ જે અભિવ્યક્તિનાં સાધનો છે – તે બીજું કાંઈ નથી. આ મેં એક ક્ષણ પહેલાં કહેલું છે. તે શક્તિ પોતે જ નથી. પરંતુ એક ભૌતિક અભિવ્યક્તિ છે જે માણસે ઉત્પન્ન કરેલાં છે. પણ આ વસ્તુ કેવળ રૂઢીગત છે. દા.ત. કેટલાક દેશો એવા છે જેમાં પૈસાને બદલે નાનાં છીપલાંઓનો ઉપયોગ થાય છે. એવા પણ દેશો છે જ્યાં . . . . કોઈકે આ પ્રકારની વાર્તા લખેલી છે – ઉત્તરમાં, પૈસો એટલે માછલીઓ પકડવાના કાંટા, એને તે માણસ પૈસાદાર કહેવાય જેની પાસે સૌથી વધારે સંખ્યામાં માછલી પકડવાના કાંટા હોય. તમે જાણતા નથી, કે આ વસ્તુ કઈ છે – નાના વાળેલા લોખંડના ટુકડા, જેનાથી માછલીઓ પકડાય, જેને દોરીના છેડે બાંધેલા હોય. એટલે કે લક્ષાધિપતિ તેને કહેવાય જેની પાસે ખૂબ સંખ્યામાં હૂક હોય.

આ ફક્ત રૂઢીગત છે. તેની પાછળ હું જે બળની વાત કરું છું તે છે, તમે સમજ્યા. અને તેથી તેનો અસંખ્ય રીતે આવિર્ભાવ થાય છે. દા. ત. સોનું પણ, તમે જાણો છો – માણસોએ સોનાની અમુક કિંમત આપી છે, કારણ કે બધી વસ્તુઓમાં તેનો ઓછામાં ઓછો બગાડ થાય છે. તે અનિશ્ચિત સમય સુધી સાચવી રખાય છે, અને આ જ કારણ છે બીજું નહીં. એની સાબિતી એ છે કે જ્યારે જ્યારે સોનાની ખાણ મળી આવી છે અને તેમાંથી સોનું કાઢવામાં આવે છે, ત્યારે ત્યારે સોનાની કિંમતમાં ઘટાડો થાય છે. આ બધો મનુષ્યનો વ્યવહાર છે. પણ જે શક્તિ ધન છે તે આ નથી, બળ તો તેની પાછળ રહેલું છે. થોડા સમય પહેલાં હું કહેતી હતી તેમ તે બળ એવું છે જે હરકોઈ વસ્તુને, બધી જ ભૌતિક વસ્તુઓને આકર્ષે છે અને . . . .

અને આનો ઉપયોગ પ્રણાલી પ્રમાણે થાય છે. હવે એમ સમજાય છે કે કાગળના ટુકડાઓ જે ખૂબ ગંદા થઈ જાય છે તેઓ ધનનું પ્રતીક મનાય છે. તે બિલકુલ ઘૃણાસ્પદ છે અતે ફક્ત અગ્નિ સળગાવવા માટે જ સારા લાગે છે. પણ તેને મહાન નસીબ ગણવામાં આવે છે. શા માટે? કારણ કે એ રૂઢી છે. અને તેમ છતાં વ્યક્તિ તેને આકર્ષી શકે છે. અને તેનો સારા માટે ઉપયોગ કરી શકે છે. જગતના સુખની વૃદ્ધિ માટે, જગતનાં સુખ અને સગવડ માટે, એટલે કે ધનની શક્તિ ઉપર કાબૂ હોય છે, એટલે કે ધનની પાછળ રહેલા બળનો ઉપર.

ફ્રેન્ચ ભાષામાં આપણે પૈસાને 'argent' કહીએ છીએ, 'argent' એક સફેદ ધાતુનું નામ છે. તે થોડીક વધારે . . . . વધારે સુંદર અને બીજી બધી ધાતુઓ

કરતાં વધારે ટકાઉ છે. અને તેને ઓછો કાટ લાગે છે અને ઓછો બગાડ થાય છે, એટલે આને 'argent' (ધન) કહેવાય છે. અને પછી વૃદ્ધિ થવાથી, બધી જ વસ્તુઓ જેને ધન કહેવાય છે તે કાગળની નોટો હોય છે અથવા સોનું હોય છે, અથવા કેટલાંક લખાણો .... કારણ કે ઘણી મોટી ધનની રકમ, સાંખ્યામાં કાગળ ઉપર લખવામાં આવે છે, અને ફકત જે દૂરના કાગળો છે તે નહીં પણ ફકત પુસ્તિકાઓ ! એક મહાન હવા જગત ઉપર સ્વામીત્વ ધરાવે છે અને ફકત કાગળો ઉપર લખવામાં આવે છે તેની માફક, કેટલાક દસ્તાવેજો અને માણસો વચ્ચેના રૂઢિગત વ્યવહાર, ધન વધે અને ત્રણ ગણું, ચાર ગણું, દસ ગણું થાય અથવા તો બિલકુલ શૂન્ય થઈ જાય. તેઓ બધી વસ્તુઓ વેચે છે, તેઓ કપાસ વેચે છે, ખાંડ વેચે છે, અનાજ વેચે છે, કૉફી, ગમે તે વસ્તુ, પણ કોઈ વસ્તુ ત્યાં હોતી જ નથી. રૂ નથી, ખાંડ નથી, અનાજ નથી, કાંઈ નથી. દરેક વસ્તુ કાગળ ઉપર હોય છે ! અને તમે લાખો રૂપિયાનું રૂ ખરીદો અને રૂનું એક પૂમડું પણ ન હોય, બધું જ કાગળ ઉપર હોય અને તેથી થોડા સમય પછી, તને ફરીથી તેને વેચી દો છો – જો રૂનો ભાવ વધ્યો હોય તો તમને ધન મળે છે, જો તેનો ભાવ નીચે ઊતરે તો તમે ધન ખોઈ બેસો છો અને તમારી પાસે પૈસા પણ નથી અથવા રૂ પણ નથી, અથવા કાંઈ પણ નથી, કાગળ સિવાય કાંઈ નહીં (હાસ્ય). આ ફકત રૂઢી છે.

પોતાના વિભકત અહંને પ્રભુની ચેતનામાં માણસ કઈ રીતે સમાવી શકે ? *

કઈ રીતે દિવ્ય ચેતનામાં ઓગળી જઈ શકે ?

માણસ પોતાના વિભકત અહંને પ્રભુની ચેતનામાં કઈ રીતે એકરૂપ કરી દઈ શકે ?*

ઈહ ? પોતાની જાતને સમાવી દેવી ?

.... પોતાના વિભકત અહંને ....

તમે શું કહેવા માગો છો તે મને સમજાતું નથી, "ભેળવી દેવાનું" ?

.... પ્રભુની ચેતનામાં.

હા, હું તે જ અર્થ સમજું છું .... કઈ રીતે માણસ પીગાળી શકે, તમે એવું કહેવા માગો છો કે પ્રભુમાં પીગળી જઈ શકે ? અને પોતાના અહંનો નાશ કરી શકે ?

---

*ફ્રેન્ચ પુસ્તકમાં બાળકે આ જગાએ ભૂલભરેલું વાચન કરેલું.

સૌથી પ્રથમ તો, માણસમાં એક સંકલ્પશક્તિ હોવી જોઈએ અને ત્યાર પછી માણસે ખૂબ ધીરજથી અભીપ્સા રાખવી જોઈએ અને દરેક વખતે જ્યારે જ્યારે પોતાનો અહં માથું બહાર ઊંચકે, ત્યારે માણસે તેને નાક ઉપર એક નાની ટાપલીનો પ્રહાર કરવો જોઈએ (માતાજી પોતાના નાક ઉપર આંગળીથી હળવો ટકોરો મારે છે), જ્યાં સુધી તેણે એટલા બધા ટકોરા ખાધા હોય કે તે થાકી જઈને રમત છોડી દઈને બેસી જાય.

પણ ઘણે ભાગે નાક ઉપર ટકોરો મારવાને બદલે માણસ તેની હાજરીને ન્યાયી ઠેરવે છે. કાયમ, સતત ઘણે ભાગે તે પોતાની જાતને બનાવે છે ત્યારે વ્યકિત એમ કહે છે, "છેવટે તો તે સાચી બાબત છે"; અને ઘણે ભાગે માણસને ખબર પણ પડતી નથી કે તે અહં છે. માણસ એમ વિચારે છે કે તે પોતાની જાત છે. સૌથી પ્રથમ શરત તો એ છે કે તેણે અચુક શોધી કાઢવું જોઈએ કે એ તેનામાં અહં છે કે નહીં? માણસે સાચી રીતે સમજવું જોઈએ કે તે વસ્તુની (અહંની) જરૂર નથી. આ સહેલું નથી. તમે ધારો તેટલું સહેલું નથી! કારણ કે, માણસો પોતાના મસ્તકમાં ગોળ ગોળ શબ્દો વાપર્યા કરે અને કહે, "હવે મારે અહંની બિલકુલ જરૂર નથી. મારે હવે પછીથી ભગવાનમાંથી જુદા પડવું નથી", આ બધું પોતાની અંદર આવી રીતે ચાલ્યા જ કરે છે પરંતુ તે વસ્તુ ત્યાંની ત્યાં જ રહે છે, તેની તમારા જીવન પર કોઈ પણ પ્રકારની અસર પડતી નથી. બીજી જ ક્ષણે તમે એવું કાંઈક કરો છો જે પૂર્ણ રીતે અહંકારયુકત હોય છે, તમે સમજ્યા, અને તમે એમ માનો છો કે એ તો સ્વાભાવિક છે. તમને તેનો સહેજ પણ આઘાત લાગતો નથી.

દરેકે પ્રથમ તો તેનો અર્થ શો છે તેને સાચી રીતે સમજવા માટે શરૂઆત કરવી જ જોઈએ. પ્રથમ રીત .... તમે સમજ્યા, ઘણી અવસ્થાઓ હોય છે .... પ્રથમ તો માણસે સ્વાર્થ વગરના બનવા પ્રયત્ન કરવો જોઈએ – જે સાવ જુદું જ છે, ખરું ને? ... જો તમે અંગ્રેજી શબ્દોનો અર્થ લો તો તમને તે ભેદ સમજાય. અંગ્રેજીમાં તમે સમજ્યા. Selfish (સ્વાર્થી) શબ્દ છે અને બીજો શબ્દ egoism (અહંકાર) છે. The ego (અહં) – "અહં" – અંગ્રેજીમાં છે. અને selfish (સ્વાર્થી). અને આ બન્ને બિલકુલ ભિન્ન વસ્તુઓ છે; ફ્રેન્ચમાં આ ભેદ નથી. તેઓ કહે છે, "મારે સ્વાર્થી બનવું નથી", તમે સમજ્યા. પરંતુ આ તો ઘણી નાની વસ્તુ છે, ઘણી નાની! માણસો જ્યારે સ્વાર્થી બનવાનું બંધ કરે છે, ત્યારે એમ વિચારે છે કે તેઓએ પ્રચંડ પ્રગતિ કરી છે! પરંતુ તે તો ઘણી નાની વસ્તુ થઈ. તે તો ફકત, સીધુંસાદું એક હાસ્યાસ્પદ એવો અર્થ થયો. તમે કલ્પના પણ ન કરી શકો કે આ સ્વાર્થી મનુષ્યો કેટલા હાસ્યાસ્પદ છે!

જ્યારે કોઈ, આ લોકોને પોતાની જાત વિશે જ આખો સમય વિચારતા જુએ છે, પોતાની જાતની જ દરેક વસ્તુમાં સંદર્ભ રાખતા હોય છે, પોતાની નાનકડી જાત વડે પોતે દોરવાય છે, પોતાની જાતને વિશ્વના કેન્દ્રમાં મૂકીને, આખા વિશ્વને, અને પ્રભુને પણ પોતાની જાતની આજુબાજુ ગોઠવવા પ્રયત્ન કરે છે ત્યારે એવું લાગે છે જાણે કે આખા વિશ્વમાં તેઓ પોતે જ સૌથી અગત્યની વસ્તુ છે. જો કોઈ વ્યક્તિ પોતાની જાતને પરલક્ષી તરીકે જોઈ શકે, તમે જાણો છો, જેવી રીતે માણસ પોતાની જાતને અરીસામાં જોતો હોય, પોતાના જીવનનું નિરીક્ષણ કરતો હોય તો તે કેટલો બેહૂદો હોય છે! (હાસ્ય) તમારા માટે એટલું જ જાણવું બસ છે.... માણસ ઓચિંતા અનુભવે છે કે તે પોતાની જ અભિવ્યક્તિ કરે છે....અહો, આટલું બધું હાસ્યાસ્પદ!

મને યાદ છે, મેં ફ્રેન્ચમાં વાંચેલું – ભાષાંતર હતું – ટાગોરનું એક વાકય હતું જેનાથી મને ખૂબ આનંદ થયેલો. એક નાનકડા કૂતરાની વાત કરતા હતા – તેમણે કહેલું....તેમણે તેને કોઈક વસ્તુ સાથે સરખામણી કરેલી.... મને બધી વિગત યાદ નથી, પણ મને જે વસ્તુએ અસર કરેલી તે આ હતી! નાનું કૂતરું તેની શેઠાણીના ખોળામાં બેઠું હતું અને પોતાની જાતને આખી દુનિયાના કેન્દ્ર તરીકે કલ્પના કરતું હતું. આ વસ્તુએ મને ખૂબ અસર કરેલી. તે વસ્તુ સાચી છે! હું આવા પ્રકારના એક કૂતરાને ઓળખતી હતી. પરંતુ આવાં ઘણાં છે અને બધાં જ આ પ્રકારનાં, તમે જાણો છો કે તેમને તેમના ઉપર બધા જ ખાસ ધ્યાન આપે, અને એ સત્ય હકીકત છે, અને તેમાં તેઓ ખૂબ સફળ થાય છે કારણ કે જ્યારે એક નાનકડું કૂતરું હોય છે ત્યારે જેવી રીતે એક નાનકડું બાળક હોય છે – આ લગભગ એવું જ હોય છે – દરેક માણસ તેના ઉપર જ ધ્યાન આપે છે.

તમારા ધ્યાન ઉપર એવું નથી આવ્યું કે આટલી ઊંચાઈનું બાળક, (માતાજી ઊંચાઈ બતાવે છે) આવતું હોય છે ત્યારે બીજી બધી વસ્તુઓ બંધ થઈ જાય છે. તે આવે છે તે પહેલાં, માણસો વાતચીત કરતા હોય છે, રસ આવે તેવી વાતો પણ કરતા હોય છે, કોઈ ઉન્નત કાર્યમાં વ્યસ્ત હોય છે, પણ જેવું બાળક આવે છે તુર્ત જ દરેક વ્યક્તિ હસવાની શરૂઆત કરે છે, બાળકની નકલ કરે છે, તેને બોલાવવા પ્રયત્ન કરે છે, તેના ઉપર ધ્યાન આપે છે. કોઈ પણ વ્યક્તિ બાળકને એવી રીતે લાવી ન શકે જેમાં દરેક માણસ તેની સાથે ગમ્મત ન કરે, તેને ઊંચકવાની ઈચ્છા ન કરે અને તેને બોલાવવાનો પ્રયત્ન ન કરે એટલે કુદરતી રીને બાળક એમ લાગણી અનુભવે છે કે તે પોતે આખા વિશ્વનું કેન્દ્ર છે. એ સાવ સ્વાભાવિક છે.

ગલૂડિયાં માટે પણ એવી જ વસ્તુ છે, બિલાડીનાં બચ્ચાં માટે પણ એમ જ

છે.... એ એક પ્રકારની વિકૃતિ છે જે પોતાનાથી નાનાનું રક્ષણ કરવા માગે છે. અને આ અહંકારને બિનઅહંકારી તરીકે આવિર્ભાવ કરવાનું શરૂઆતનું રૂપ છે – જ્યારે તે કોઈનું રક્ષણ કરી શકે છે, પોતાનાથી નાનું હોય તેની સાથે કામ પાડે છે, પોતાનાથી વધારે નબળું હોય તેની સાથે, જે તેની દયા ઉપર આધાર રાખતું હોય, લગભગ – પૂરેપૂરી રીતે – તેની દયા ઉપર જેની પાસે તેનો પોતાનો સામનો કરવાની શક્તિ નથી ત્યારે તેને (અહંને) પોતાને ખૂબ સુખચેન મળે છે અને પોતાની જાતને ઉદાર માને છે કારણ કે તે તેને કચડી નાખતો નથી!

જગતમાં ઉદારતાનો આ પ્રથમ આવિર્ભાવ છે. પરંતુ આ બધું જ્યારે માણસ વસ્તુની પાછળ જઈને અને થોડેક ઊંચે જઈને જોઈ શકે ત્યારે તમે સ્વાર્થી બનવામાંથી બચી જાઓ છો, કારણ કે તે ચોક્કસ હાસ્યાસ્પદ છે, એ ખરેખર હાસ્યાસ્પદ છે!

તેથી પોતાના અહંનું પ્રભુમાં વિલીનીકરણ કરતાં પહેલાં લાંબો, લાંબો, લાંબો રસ્તો કાપવાનો રહે છે.

પ્રભુમાં પોતાના અહંને મેળવી દેવો! પરંતુ પ્રથમ તો જ્યાં સુધી માણસ પોતાની વ્યક્તિતા પૂરેપૂરી બનાવે નહીં તે પહેલાં તેનો અહંકાર પ્રભુમાં મળી જઈ શકે નહિ. તમે જાણો છો કે પોતાની પૂરેપૂરી વ્યક્તિતા એટલે શું? બહારની બધી અસરોનો સામનો કરવાને શક્તિમાન થવું એટલે શું?

થોડા દિવસો પહેલાં કોઈએ મને પત્ર લખેલો જેમાં કહેલું કે તે સામાન્ય સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં તે ઘણો ક્ષોભ અનુભવતો હતો. દા.ત. નવલકથા અથવા નાટકો. કારણ કે તેની પ્રકૃતિમાં એક એવું અદ્‌ભુત વલણ હતું કે તે પુસ્તકોનાં પાત્રોની છાપ ગ્રહણ કરી લેતો અને પછી તે પાત્રોના વિચારો, લાગણીઓ વગેરે પ્રમાણે તે જીવન જીવવાની શરૂઆત કરતો એટલે કે આ વ્યક્તિઓની પ્રકૃતિ પ્રમાણે. આવી ઘણી ઘણી વ્યક્તિઓ હોય છે જેઓ તે પ્રકારના હોય છે તેઓ પુસ્તક વાંચે છે અને જ્યારે વાંચતા હોય છે ત્યારે તેઓને તેની અંદર એવા વિચારો, ઇચ્છાઓ, હેતુઓ, યોજનાઓ અને લક્ષ્યો હોય છે. તેઓ પુસ્તક વાંચવામાં એટલા બધા તલ્લીન બની જાય છે કે તેમને તે વસ્તુનું બિલકુલ ભાન પણ હોતું નથી કારણ કે વ્યક્તિના ચારિત્ર્યમાં ઓછામાં ઓછા નવ્વાણું ટકા માણસો પોચા માખણ જેવા હોય છે – જો કે તેમને ખાઈ શકાય નહિ, પરંતુ તેમના ઉપર જો કોઈ પોતાનો અંગૂઠો દબાવે તો તે અંગૂઠાની છાપ તેમના ઉપર પડી જાય.

હવે દરેક વસ્તુ એક છાપ પાડનાર 'અંગૂઠો' હોય છે; એક વ્યક્ત કરેલો

વિચાર, એક વાંચેલું વાકય, એક જોયેલી વસ્તુ, કોઈ કાંઈ કરતું હોય તેનું નિરીક્ષણ, પડોશીની ઇચ્છા, અને આ બધી જ સંકલ્પશક્તિઓ.... તમે જાણો છો, જ્યારે માણસ તેમને જુએ છે ત્યારે તેઓ તે બધી જ વસ્તુઓ તેમનામાં હોય છે, આ પ્રમાણેની, સેળભેળ થઈ ગયેલી (માતાજી પોતાની આંગળીઓને એકબીજીમાં ગૂંથી લે છે) દરેક વસ્તુ સૌથી શ્રેષ્ઠ થવા પ્રયત્ન કરે છે અને અંદર અને બહાર સતત ઘર્ષણ ઊભું કરે છે.... તે લોકોની અંદર આવે છે અને બહાર જાય છે, પેલી વસ્તુની માફક, તમે સમજ્યા, ઈલેકટ્રિક પ્રવાહોની માફક. વ્યક્તિને આ બધી વસ્તુઓ વિશે ભાન પણ હોતું નથી અને એ બધી જ સંકલ્પશક્તિઓનું સતત ચાલતું ઘર્ષણ હોય છે, જે શક્તિઓને બહાર અભિવ્યક્ત થવું હોય છે. અને તેમાં સૌથી મજબૂત હશે તે સફળ થશે. પરંતુ આવા તો ઘણા સંકલ્પો હોય છે, અને વ્યક્તિને બહુ સંખ્યાની સાથે યુદ્ધ કરવાનું હોવાથી, એ કાર્ય સહેલું નથી.

એટલા માટે વ્યક્તિ દરિયાનાં મોજાં ઉપર ફેંકાતા બૂચની માફક ઊછળકૂદ કરે છે.... એક દિવસ વ્યક્તિને આ જોઈએ છીએ અને બીજે દિવસે પેલું જોઈએ છીએ, એક ક્ષણે વ્યક્તિ આ બાજુ ફેંકાય છે, અને બીજી ક્ષણે બીજી બાજુ. અત્યારે તે પોતાનું મોઢું આકાશ તરફ રાખે છે (માતાજી ક્રિયા કરી બતાવે છે) અને હવે એક ઊંડી ખીણમાં પડે છે. અને આ રીતનું માણસનું અસ્તિત્વ છે!

પ્રથમ તો માણસે, સચેતન, સુગ્રથિત વ્યક્તિતાવાળા બનવું જોઈએ, જે પોતાની અંદર અસ્તિત્વ ધરાવે છે, પોતાની જાત વડે. આજુબાજુના સંજોગો કરતાં સ્વતંત્ર રીતે હસ્તી ધરાવે છે, જે બધું સાંભળે છે, ગમે તે વાંચે છે, ગમે તે જોઈ શકે છે અને પોતાનામાં ફેરફાર થતો નથી. તેને જેટલું ગ્રહણ કરવું હોય તેટલું જ, બાહ્યમાંથી તે ગ્રહણ કરે છે; સ્વયંભૂ રીતે પોતાની યોજનાના સુમેળમાં જે ન હોય તેનો ઇન્કાર કરે છે અને તેના ઉપર કોઈ વસ્તુની છાપ પડતી નથી, સિવાય કે તે પોતે છાપને સ્વીકારવા માટે સહમત હોય. ત્યાર પછી જ વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ ઘડવાની શરૂઆત કરે છે! જ્યારે વ્યક્તિ, વ્યક્તિતા પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાની જાતનું અર્પણ કરી શકે છે.

કારણ કે જ્યાં સુધી કોઈ વસ્તુ વ્યક્તિની પોતાની માલિકીની ન હોય ત્યાં સુધી તે તે વસ્તુને આપી શકે નહીં. પહેલાં, માણસે પોતે હોવું જોઈએ અને તે પોતે પાછળથી પોતાની જાતનું અર્પણ કરી શકે છે.

જ્યાં સુધી વ્યક્તિ પોતે અસ્તિત્વ ધરાવતી નથી ત્યાં સુધી તે કાંઈ પણ આપી શકતી નથી. અને વિભકત અહંકારને અદશ્ય થવા માટે તમે કહો છો તે

પ્રમાણે માણસે પોતાની જાતનું પૂર્ણ રીતે, સમગ્ર રીતે કોઈ પણ જાતના સંકોચ વગર અર્પણ કરવું જ જોઈએ, અને અર્પણ કરવા પોતે પહેલાં અસ્તિત્વ ધરાવવું જોઈશે અને અસ્તિત્વ ધરાવવા માટે તમારે વ્યકિતતા ધારણ કરવી પડશે.

જો તમારું શરીર આ જેવા રૂઢ રૂપમાં બનેલું છે તેવું બનેલું ન હોત – કારણ કે તે ઘણું જ રૂઢ છે ખરું ને? – સારું, જો તે એટલું બધું જડ ન હોત, જો તેને ચામડી ન હોત, અહીં, આવી રીતે ઘન, જો તમે પ્રાણમાં અને માનસિક ક્ષેત્રોમાં જેવા છો તેવા પ્રતિબિંબિત થતા હોત, તો તે શરીર 'જેલીફીશ' કરતાં પણ વધારે ખરાબ હોત! દરેક વસ્તુ બીજી બધી વસ્તુઓમાં મિશ્રાણ થઈ ગઈ હોત, આની માફક.... ઓહ! તે કેવો ગોટાળો હોત! એટલા માટે જ તેને એક જડ સ્વરૂપ આપવાની જરૂરિયાત ઊભી થઈ હતી અને પછી આપણે તેને વિશે ફરિયાદ કરીએ છીએ. આપણે કહીએ છીએ, "શરીર બહુ ચુસ્ત છે તે તકલીફરૂપ છે; તેનામાં મુલાયમતા નથી, તેનામાં ચપળતાનો અભાવ છે, એવું પ્રવાહી સ્વરૂપ નથી જેને આપણે પ્રભુમાં મિલાવી દઈએ." પરંતુ આની તો ખાસ જરૂર હતી કારણ કે તેના વગર તો – તો તમે ફકત તમારા શરીરની બહાર ચાલ્યા જાઓ તો તમારામાંના ઘણાખરા આ ન કરી શકે કારણ કે પ્રાણમય પુરુષ, શારીરિક પુરુષ કરતાં ભાગ્યે જ વ્યકિતત્વવાળો હોય છે), જો તમે શરીરની બહાર આવી જાઓ, અને પ્રાણમય જગતમાં જાઓ, તો તમે જોઈ શકો કે ત્યાં બધી જ વસ્તુઓ સેળ-ભેળ થઈ ગયેલી હોય છે, તેઓ એકઠી થાય છે, છૂટી પડે છે; બધી જ જાતનાં આંદોલનો, શકિતઓના પ્રવાહો આવનજાવન કરે છે, સંઘર્ષ કરે છે, એકબીજાનો વિનાશ કરવા પ્રયત્ન કરે છે, એકબીજાની માલિકી લઈ લે છે, એકબીજાને સમાવી દે છે, એકબીજાને બહાર ફેંકી દે છે – અને આમ બધું ચાલ્યા જ કરે છે! પરંતુ આ બધામાંથી સાચું વ્યકિતત્વ શોધી કાઢવું બહુ અઘરું છે. આ બધાં બળો હોય છે, ગતિઓ, કામનાઓ અને આંદોલનો હોય છે.

કેટલીક વ્યકિતતાઓ એવી હોય છે તેઓ પ્રભાવશાળી વ્યકિતતાઓ હોય છે! પણ આ બધી શકિતઓ હોય છે. જે લોકો તેમના જગતમાં બંધાયેલી વ્યકિતતાવાળા હોય છે તેઓ યા તો નેતાઓ હોય છે અથવા શેતાનો હોય છે!

અને હવે, મનની અંદરની વાત.... (મૌન). જો તમે ફકત તમારા સ્થૂલ મન વિશે સચેતન બનો, તે જેવું છે તેવા.... કેટલાક લોકોએ તેને જાહેર ચોક કહેલો છે, કારણ કે બધી જ વસ્તુઓ ત્યાં આવે છે, ત્યાંથી પસાર થાય છે, આરપાર જાય છે, પાછી આવે છે.... બધા જ વિચારો ત્યાં આવે છે, એક જગ્યાએથી પ્રવેશ કરે છે, બીજા માર્ગેથી ચાલ્યા જાય છે. કેટલાક અહીં રહે છે, કેટલાક ત્યાં, અને એ

જાહેર ચોટો હોય છે. અને સારી રીતે વ્યવસ્થિત નહીં, કારણ કે ઘણે ભાગે વિચારો મળે છે અને એકબીજાની સાથે અથડાય છે અને બધા જ પ્રકારના અકસ્માતો કરે છે. પણ પછીથી કોઈ સચેતન બને છે; અને વિચારે છે, "આમાં મારું મન કઈ વસ્તુને હું કહી શકે, અથવા આમાં મારું મન ક્યું ?"

માણસ પોતાની વિચાર કરવાની રીત, અહો એક નાની સરલ વસ્તુ, જેની સફળ રચના કરવા માટે માણસે વર્ષો સુધી સંભાળ રાખવી પડે છે, ખૂબ ચોક્કસ બનવું પડે છે, ખૂબ સમજદાર રહેવું પડે છે, ખૂબ વ્યવસ્થિત કામ કરવું પડે છે, ગોઠવણ કરવી પડે છે, પસંદગી કરવી પડે છે અને ઘડતર કરવું પડે છે.

માણસ એમ માને છે કે તેની વિચાર કરવાની રીત તેની પોતાની છે. બિલકુલ નહીં. તેનો આધાર તે જે માણસો સાથે વાતચીત કરે છે અથવા જે પુસ્તકો વાંચે છે, અથવા જે મનોભાવમાં હોય તેના ઉપર રહેલો છે. તે ઉપરાંત તમારે સારી કે ખરાબ પાચનશક્તિ હોય તેના ઉપર પણ આધાર છે, તમે જે રૂમમાં હવાની અવર-જવર પૂરતી ન હોય તેમાં કેદ છો કે કેમ અથવા તમે તમારી સામે સુંદર કુદરતી દશ્યો છે કે કેમ તેના ઉપર પણ આધાર છે, સૂર્યપ્રકાશ છે કે વરસાદ છે તેના ઉપર પણ આધાર હોય છે ! તમે તેના વિશે સભાન હોતા નથી, પરંતુ તમે ઘણી બધી વસ્તુઓનો વિચાર કરતા હો છો. વસ્તુઓનો એક એવો મોટો ઢગ જેમાં સાવ ભિન્ન ભિન્ન વસ્તુઓ હોય અને એવી વસ્તુઓ જેને તમારી સાથે કાંઈ પણ લેવાદેવા ન હોય !

અને આને માટે સુમેળવાળા સાંકલિત, તાર્કિક વિચારશીલ બનવા માટે સતત, લાંબું, ધીરજવાળું કાર્ય જરૂરી છે. અને પછીથી સૌથી સારું કામ તો એ છે કે જ્યારે તમે એક સુંદર સુવ્યવસ્થિત, ખૂબ મજબૂત, ખૂબ શક્તિશાળી, માનસિક બંધારણ બાંધ-વામાં સફળ થાવ ત્યારે, તમને પહેલી વસ્તુ એ કહેવામાં આવશે, "તમારે આ વસ્તુને તોડી નાખવાની છે, જેથી કરીને તમે પ્રભુની સાથે જોડાઈ જાવ !" પરંતુ જ્યાં સુધી તમે તેને તેવું બનાવ્યું નહિ હોય, ત્યાં સુધી પ્રભુની સાથે જોડાઈ શકતા નથી, કારણ કે તમારે પ્રભુને આપવાની કોઈ પણ વસ્તુ તમારી પાસે નથી, સિવાય કે એક વસ્તુઓનો જથ્થો, જે તમે પોતે નથી ! માણસે પ્રથમ તો અસ્તિત્વ ધરાવવું પડશે જેથી કરીને પોતાની જાતનું તે અર્પણ કરી શકે. આ વસ્તુ જે મેં થોડા સમય પહેલાં કહી છે તે જ હું તમને ફરીથી કહું છું.

ખરેખર, હાલના બનેલા જગતમાં, પ્રભુને માણસ જે એક જ વસ્તુ આપી શકે તે તેનું શરીર છે પરંતુ તે જ વસ્તુ માણસ પ્રભુને આપતો નથી. હા, માણસ પોતાના કાર્યનું પ્રભુને નિવેદન કરી શકે છે ! પણ તેમ છતાં તેમાં એટલાં બધાં તત્ત્વો છે જે સાચાં નથી !

તમારે તમારા શરીરને ભગવાનમાં મેળવી દેવું છે, ઈહ ? ફક્ત પ્રયત્ન કરી જુઓ ! આ તમે કઈ રીતે કરવાના છો ? તમે તમારા મનને તેનામાં વિલીન કરી શકો, તમારા પ્રાણને તેનામાં ભેળવી શકો, તમારાં બધાં સંવેદનોને તમે તેનામાં એકત્રિત કરી શકો, તમારી બધી અભીપ્સાઓ તમે તેનામાં ભેળવી દઈ શકો, તમે બધી જ વસ્તુઓ તેનામાં ભેળવી શકો, પણ તમારું શરીર – તમે એ કઈ રીતે કરવાના છો ? તમે તમારા શરીરને એક ઉકાળવાના ઘડામાં પીગાળી શકવાના નથી ! (હાસ્ય) અને છતાં તમે ફક્ત તેના વિશે જ ચોકસાઈથી કહી શકો, "તે છે," અને તમે તેને નામ આપી શકો, અને તમારું નામ પણ એક રૂઢીગત છે.... પણ તેમ છતાં, તમારી પોતાની જાતને કોઈક નામથી બોલાવવાની તમે ટેવ પાડી છે – એમ કહેવાની, "આ, આ હું છું." તમે તમારી જાતને એક અરીસામાં જુઓ અને તમે જે વીસ વર્ષ પહેલાં હતા તેના કરતાં અત્યારે તમે જે છો તેનાથી સાવ ભિન્ન હતા.... તમે કોઈ વસ્તુને ઓળખી પણ નહીં શકો.... તેમ છતાં કોઈક વસ્તુ તમારી પાસે એમ બોલાવે છે, "હા, આ હું છું." હા ? "હું પોતે ફલાણો અને ફલાણો" – પીટર, લુઈ, જેક, એન્ડ્રૂ, જે કોઈ હો તે....

(મૌન પછી) અને આમાં પણ જે માણસ પોતાની જાત પ્રત્યે નજર કરે તો દરેક સાત વર્ષે બધા જ કોષો બદલાઈ જાય છે અને તે ફક્ત એક જાતની ટેવમાંથી, તે તેના તે જ છે તેમ તમે માનો છો. શું તેના તે જ રહ્યા છે ? તમારી પાસે તમે બહુ નાના હતા તે વખતના ફોટાઓ છે ? અને તેમે દસ વર્ષના, વીસ વર્ષના, ત્રીસ વર્ષના હતા તે વખતના ફોટાઓ છે – એટલા માટે કે દરેકની એવી ઈચ્છા હોય છે કે પોતે પોતાની જાતને ઓળખી શકે, નહિ તો પછી ખરેખર માણસ તેનો તે જ નથી.... અને તમે જ્યારે આટલી ઊંચાઈના હતા અને હવે જ્યારે આટલી ઊંચાઈના છો તો તે બેમાં કેટલો બધો ફરક છે ! એટલે આપણે આ સ્થિતિમાં છીએ....

આ બધું.... હું તમને નિરાશ કરવા માટે કહેતી નથી. આ હું એટલા માટે તમને કહું છું કે પ્રભુમાં તમારા અહંનું વિલીનીકરણ કરવાનું બોલતાં પહેલાં તો તમારે પ્રથમ તો થોડુંક જાણવું જ જોઈએ કે તમે કોણ છો. અહંકાર ત્યાં અંદર છે. તેની જરૂરિયાત એટલા માટે છે કે તમે સભાન બની શકો કે તમે સ્વતંત્ર વ્યક્તિ બની શકો, વ્યક્તિતાવાળા – હું સ્વતંત્રતાના અર્થમાં કહું છું – જેથી કરીને તમે જાહેર ચોટામાં ન રહો જ્યાં સુધી વસ્તુઓ પરસ્પર એકબીજાને કાપતી હોય ! જેથી કરીને તમે તમારી પોતાની જાતની અંદર અસ્તિત્વ ધરાવી શકો. એટલા માટે જ અહં રહેલો છે. તે એવી રીતનું છે : અને એટલા માટે જ એક ચામડી

રહેલી છે, તેની માફક . . . . જો કે ખરેખર, સ્થૂલ બળો ચામડીની અંદરથી પણ પસાર થઈ શકે છે. એક આંદોલન આવે છે, જે થોડે સુધી જાય છે; પરંતુ તેમ છતાં ચામડી રહેલી છે જે આપણને એકબીજાની અંદર ભેળસેળ થતાં અટકાવે છે. પરંતુ દરેક વસ્તુ બાકીની બધી દરેક વસ્તુ, પણ તે પ્રમાણે જ હોવી જોઈએ.

(થોડા મૌન પછી) અને પાછળથી માણસ પ્રભુને આ બધી જ વસ્તુનું અર્પણ કરે છે. આ વસ્તુઓ માટે મહેનત જરૂરની છે. તમારે ફક્ત . . . . (મૌન). તમારી જાત વિશે તેમ જ તેની બધી વિગતો વિશે સભાન બનવાનું નથી પરંતુ જેને તમે તમારી પોતાનો "જાત" કહો છો તેને તમારા પોતાના ચૈતસિક કેન્દ્રની આજુબાજુ ગોઠવવાની છે જે તમારા સ્વરૂપનું દિવ્ય કેન્દ્ર છે, જેથી કરીને તે એક સારું બંધાયેલું પૂરેપૂરું એક સચેતન સ્વરૂપ બની શકે અને જ્યારે આ દિવ્ય કેન્દ્ર પોતે જ પૂરેપૂરું અર્પણ થઈ ગયેલું હોય (માતાજી અર્પણની ક્રિયા કરી બતાવે છે) પૂરેપૂરું ભગવાનને અર્પણ, અને જો દરેક વસ્તુ તેની આજુબાજુ સંવાદમાં ગોઠવાયેલી હશે તો દરેક વસ્તુ પ્રભુને અર્પણ થયેલી હશે અને તેથી જ્યારે પ્રભુને તે યોગ્ય લાગશે, જ્યારે સમય પાકયો હશે, જ્યારે વ્યક્તિતાનું કાર્ય પૂરું થયું હશે ત્યારે તમારા અહંને પ્રભુમાં વિલીનીકરણ કરવાની તે તમને મંજૂરી આપશે અને ત્યાર પછી જ તમે ભળવાનને માટે જીવતા હશો.

પરંતુ આ નિર્ણય લેનાર પ્રભુ પોતે જ છે. તમે આ બધું કાર્ય પહેલાં પૂરું કર્યું હશે, તમારું સ્વરૂપ સચેતન કરેલું હશે તો તે પૂરેપૂરું અને સંપૂર્ણ રીતે પ્રભુની આસપાસ ગોઠવાયેલું હશે, અને તેના દ્વારા જ શાસન થતું હશે. અને છેવટે ત્યાર પછી તેમ છતાં એક અહં રહેલો હશે; કારણ કે તે એવો અહં છે જે તમને એક વ્યક્તિ બનાવવા માટે કામ આપતો હશે, પરંતુ એક વખત આ કાર્ય પૂરું થાય, પૂરેપૂરું સિદ્ધ થાય પછી, તે ક્ષણે તમે પ્રભુને કહી શકો છો, "આ રહ્યો હું, હું તૈયાર છું. તમારે મારી જરૂર છે ?" અને ભગવાન ઘણે ભાગે કહે છે, "હા." બધું પૂરું થઈ જાય છે, બધું સિદ્ધ થઈ ગયેલું હોય છે અને તમે પ્રભુના દિવ્ય કાર્ય માટે સાચું સાધન બનો છો. પરંતુ પ્રથમ તો તમારું સાધન પૂરેપૂરું નિવેદન થયેલું હોવું જોઈએ.

તમે એમ ધારો છો કે તમને એટલા માટે શાળામાં મોકલવામાં આવે છે જેથી તમે કસરતો કરી શકો, અને તમને બધાને ગુસ્સે કરવા માટે આમ કરવામાં આવે છે ? ઓહ, ના ! તે એટલા માટે છે કે તમારે એક બીબાની ખાસ અનિવાર્ય જરૂરિયાત છે જેમાં તમે તમારી વ્યક્તિતાની રચના કરી શકો. તમે તમારું વ્યક્તિત્વ ઘડવાનું કામ કરતા હો, તમારું સંપૂર્ણ ઘડતરનું, તમારી જાતે જ, એક ખૂણામાં બેસીને,

એકલા એકલા, તો તમને કાંઈ પણ પૂછવામાં આવશે નહીં. પરંતુ તમે તે પ્રમાણે કરતા નથી, તમે તે પ્રમાણે કરશો પણ નહીં એવું એક પણ બાળક નથી જે આ પ્રમાણે કરે. કેમ કરવું તે પણ તે જાણી શકે નહિ કે કયાંથી શરૂઆત કરવી. જો કોઈ બાળકને કેમ જીવવું તે શીખવવામાં ન આવે તો તે જીવી શકે નહીં, તે જાણી શકે પણ નહીં કે કોઈ પણ વસ્તુ કેમ કરવી. ફરીને કોઈ પણ વસ્તુ મારે ધૃણા ઉપજાવે એવી વિગતો વિશે વાત કરવાની ઈચ્છા નથી. પરંતુ સાવ પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ કેમ કરવી તે તેને શિખવવામાં આવી ન હોય તો યોગ્ય રીતે કરી શકે નહીં. એટલા માટે તેણે શીખવું જ પડે, પગલે, પગલે . . . . એટલે કે જો દરેક વ્યક્તિને પોતાના વ્યક્તિત્વના ઘડતરને માટે પૂરેપૂરા અનુભવમાંથી પસાર થવાનું હોય તો તેણે જીવવાની શરૂઆત કરી હોય તે પહેલાં તે મૃત્યુ પામ્યો હોય, આ બધી વસ્તુઓનો ફાયદો છે – સદીઓથી એકઠો કરાયેલો – જેમની પાસે અનુભવ હતો અને તેઓ તેમને કહે છે, "સારું", જો તમારે ઝડપથી પ્રગતિ કરવી હોય, અને જે સદીઓથી શીખેલા છીએ તેને થોડાં વર્ષોમાં જાણવું હોય તો આ પ્રમાણે કરો!" વાંચો, ભણો, અભ્યાસ કરો અને પછી ભૌતિક ક્ષેત્રમાં આ રીતે કરવાનું તમને શીખવવામાં આવશે, કે તે રીતે અને આ બધું ફરીથી, આ રીતે (ક્રિયાઓ). એક વખત તમે થોડુંક જાણો છો, તમે તમારી રીત શોધી કાઢો, જો તમારામાં તે પ્રમાણેની બુદ્ધિ હોય તો! પરંતુ પહેલાં તો તમારે તમારા પગ ઉપર ઊભા રહેવું પડશે અને કેમ ચાલવું તે શીખવું પડશે. તે કેવળ એકલા શીખવું બહુ મુશ્કેલ છે. દરેકને માટે એ પ્રમાણે જ છે. દરેકે પોતાની જાતનો ઘાટ ઘડવો પડશે. એટલા માટે વ્યક્તિને શિક્ષણની જરૂર છે. આપણે તે સ્થિતિમાં છીએ!

(એક બાળકને) તારે કાંઈ પૂછવું છે? નહીં? કોઈને કોઈ પણ પૂછવું છે?

માતાજી, ગયે વખતે તમે અમને કહેલું કે ઘણી વખત આપણી અંદર એક તમોમય તત્ત્વ હોય છે જે . . . . જે અમને સૂચના આપે છે . . . . જે અમારી પાસે મુર્ખાઈઓ કરાવે છે. એટલે તમે કહેલું કે જ્યારે કોઈ વ્યક્તિ આ તત્ત્વ વિશે સચેતન બને ત્યારે તેણે તેને બહાર ઊખેડીને ફેંકી દેવું જોઈએ, પરંતુ ઊખેડીને ફેંકી દેવું એવો ખરો . . . . દા.ત. જ્યારે કોઈ સચેતન બને છે કે આ તત્ત્વ આપણી પાસે મૂર્ખાઈ ભરેલી વસ્તુઓ કરાવવા માટે આવે છે ત્યારે પોતાની સંકલ્પશકિતના પ્રયત્ન વડે જો તે વસ્તુમાંથી પોતે અલિપ્ત રહે તો તે એમ કહી શકે કે તેણે વસ્તુને ખેંચીને બહાર ફેંકી દીધી છે?

કે વ્યક્તિ મૂર્ખાઈઓ ન આચરે?

સંકલ્પશક્તિના પ્રયત્નથી. દા.ત. વ્યકિત જે કાર્ય તેણે ન કરવું જોઈએ તે કરતી નથી.

હા, હા.

તો પછી, કોઈ એમ કહી શકે કે જે તત્ત્વ તે વસ્તુ માટે કારણભૂત હતું તેને તેણે બહાર ખેંચી કાઢયું છે?

વ્યક્તિ તેના ઉપર ચડી બેઠી છે.

તો પછી તેને કઈ રીતે બહાર ખેંચી કાઢવું?

તેના માટે સૌથી પ્રથમ તો તમારે તેને વિશે સચેતન બનવું જોઈએ, તમે સમજ્યા, તેને તમારી સામે ખડું કરી દો, અને તમારી ચેતનાની સાથે જે કડીઓથી સંકળાયેલું હોય તેને કાપી નાખો. એ એક આંતર માનસશાસ્ત્રનું કાર્ય છે, તમે જાણો છો.

જ્યારે માણસ પોતાની જાતનો ઝીણવટભર્યો અભ્યાસ કરે છે ત્યારે તે જોઈ શકે છે કે....દા. ત. તમે તમારી જાતનું નિરીક્ષણ કરો ત્યારે તમે એક દિવસે જોઈ શકશો કે તમે ખૂબ ઉદાર છો. આપણે આ દાખલો લઈએ, તે સમજવો સહેલો છે. ખૂબ ઉદાર; તમારી લાગણીઓમાં ઉદાર, તમારાં સંવેદનોમાં ઉદાર, તમારા વિચારોમાં ઉદાર, અને સ્થૂલ વસ્તુઓમાં પણ; એટલે કે, તમે બીજાઓની ક્ષતિઓ સમજો છો, તેમના હેતુઓ, નબળાઈઓ અને ઘૃણાસ્પદ ક્રિયાઓ. તમે આ બધું જુઓ છો, અને તમે સુંદર લાગણીઓથી, ઉદારતાથી ભરેલા છો. તમે તમારી જાતને કહો છો, "સારું.... દરેક વ્યક્તિ પોતાનાથી સૌથી સારું બની શકે તેમ કરે છે!" – તે પ્રમાણે.

બીજે દિવસે – અથવા બીજી જ ક્ષણે – તમે નોંધ લેશો કે તમારી પોતાની અંદર એક પ્રકારની શુષ્કતા, જડતા, કોઈક પ્રકારની કડવાશ જે બીજાઓનો કડક ન્યાય કરે છે અને જે બીજાઓ પ્રત્યે ઘૃણા ધરાવે છે, જે તમારામાં દોષની લાગણી અનુભવે છે અને તમને દુષ્ટ કામો કરનારને સજા આપવાની ઇચ્છા થાય છે અને તમારામાં વેરવૃત્તિ જાગ્રત થાય છે. તમારામાં પહેલાં જે હતું તેનાથી બિલકુલ વિરુદ્ધ. કોઈક દિવસે કોઈક તમને નુકસાન કરે છે અને તમે કહો છો, "કાંઈ વાંધો નહીં! તેને ખબર નહોતી," અથવા "તે બીજું કાંઈ કરી શકે તેમ નહોતો." ....અથવા "એ તો તેનો સ્વભાવ છે", અથવા "તે સમજી શકતો નથી!" અને બીજે જ દિવસે અથવા એક કલાક પછી તમે કહો છો, "તેને સજા મળવી જ જોઈએ! તેણે તે બદલ સહન કરવું જ પડશે! તેને બતાવવું પડશે કે તેણે ખોટું કર્યું છે! – એક પ્રકારના

ગુસ્સાથી, અને તમારે વસ્તુઓને હાથમાં લેવી છે, તમારે તમારા માટે જ તે વસ્તુઓ રાખવી છે. તમને બધા જ પ્રકારની અદેખાઈની લાગણી થાય છે, ઈર્ષ્યાની, સંકુચિતતાની, તમે સમજ્યા, બીજી બધી પહેલાંની લાગણીઓ કરતાં બિલકુલ ઊલટા પ્રકારની.

આ તમસયુકત બાજુ છે. અને તેથી જે ક્ષણે માણસ તેને જુએ ત્યારે જો માણસ તેની સામે જુએ અને એમ ન કહે, "તે હું છું," જો વ્યક્તિ કહે, "ના, એ તો મારો પડછાયો છે, તે મારું એવું સ્વરૂપ છે જેને મારે મારી પોતાની અંદરથી બહાર ફેંકી દેવું પડશે," માણસ તેના ઉપર બીજા ભાગનો પ્રકાશ મૂકે છે અને તે બન્નેને સામસામે લાવીને ઊભા રાખે છે : અને બીજા ભાગના જ્ઞાન અને પ્રકાશ વડે જો તેને સમજાવવા ખૂબ પ્રયત્ન ન કરે – કારણ કે તે બહુ કઠિન વસ્તુ છે – પરંતુ જો વ્યક્તિ તેને શાંત રહેવાની ફરજ પાડે, તેનાથી દૂર ઊભા રહેવાની, તો પછી માણસ તેને ખૂબ દૂર ફેંકી દઈ શકે છે જેથી કરીને તે પાછું ફરીને આવે નહિ – તેના ઉપર મહાન પ્રકાશ ફેંકે છે. કેટલાક એવા દાખલાઓ છે જેમાં તો બદલાઈ શકે છે, પણ એવા તો બહુ વિરલ છે, કેટલાક એવા પ્રસંગો છે જેમાં આ તત્ત્વો ઉપર – અથવા પોતાની છાયા ઉપર એટલો બધો તીવ્ર પ્રકાશ ફેંકે છે કે તેમનું રૂપાંતર કરે છે અને તે બદલાઈ જઈને તમારા સ્વરૂપનું સત્યમાં રૂપાંતર થઈ જાય છે.

પરંતુ આ વિરલ વસ્તુ છે . . . . તે થઈ શકે છે, પણ તે ઘણી વિરલ વસ્તુ છે. ઘણે ભાગે, સૌથી સારી વસ્તુ એ છે કે એમ કહેવું "ના, આ હું નથી ! મારે તેની જરૂર નથી ! મારે અને આ ક્રિયાને કાંઈ લેવાદેવા નથી, તે મારે માટે અસ્તિત્વ ધરાવતી નથી, એ મારી પ્રકૃતિથી કાંઈક બિલકુલ વિરોધી વસ્તુ છે !" અને આ રીતે તમારી જિદની અણી બતાવીને તેને તમે હાંકી કાઢો તો વ્યક્તિ છેવટે પોતાનામાંથી તેને અલગ કરી દે છે.

પરંતુ પ્રથમ તો માણસે પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ, અને સચ્ચાઈભરેલા બનવું જોઈએ જેથી કરીને તે પોતાની અંદર, પોતાની જાત સાથે ચાલતા સંઘર્ષને જોઈ શકે. ઘણુંખરું માણસ આ વસ્તુઓ ઉપર કોઈ પ્રકારનું ધ્યાન આપતો નથી. માણસ એક અંતિમ છેડાથી બીજા છેડા તરફ ચાલ્યો જાય છે. તમે જોઈ શકો છો, તમે કહી શકો છો, ઘણા સીધા સાદા શબ્દોમાં મૂકીએ તો : એક દિવસ હું સારો હોઉં છું અને બીજે દિવસે હું ખરાબ હોઉં છું. અને આ સાવ સ્વાભાવિક લાગે છે. . . . . અથવા તો કેટલીક વખત એક કલાક માટે તમે સારા હો એમ લાગે અને બીજા જ કલાકે તમે દુષ્ટ બની જાઓ છો : અથવા તો કેટલીક વખત તમે આખા દિવસ દરમિયાન સારા બની રહો છો અને ઓચિંતા તમે દુષ્ટ બની જાઓ છો,

ફક્ત એક મિનિટ માટે ઘણા દુષ્ટ, જેટલા સારા હતા તેનાથી પણ વધારે દુષ્ટ ! ફકત માણસ તેનું નિરીક્ષણ કરતો નથી, વિચારો મગજની આરપાર ચાલ્યા જાય છે, ભયંકર, ખરાબ, ધિક્કારયુકત વસ્તુઓ, પેલાની પ્રમાણે . . . . ઘણે ભાગે માણસ તે વસ્તુ ઉપર ધ્યાન આપતો નથી, પરંતુ આ વસ્તુને પકડી લેવી જોઈએ ! જેથી તે આવિર્ભાવ પામે કે તુર્ત તમારે તેને આ રીતે પકડવી જોઈએ, (માતાજી અભિનય કરી બતાવે છે) ખૂબ સખત પકડમાં અને પછી તેને પ્રકાશમાં પકડી રાખવી જોઈએ અને કહેવું જોઈએ, "ના ! મારે તારી જરૂર નથી ! મારે – તારી – જરૂર – નથી ! મારે અને આ વસ્તુને કાંઈ પણ લેવાદેવા નથી ! તારે અહીંથી નીકળી જવાનું છે, અને તારે પાછા ફરવાનું નથી ?"

(થોડા મૌન પછી) અને આ કાંઈક એવી વસ્તુ છે – એક એવો અનુભવ જે વ્યકિતને દરરોજ થઈ શકે છે. અથવા લગભગ જ્યારે માણસને તે પ્રકારની ખૂબ ઉત્સાહની ક્રિયાઓ હોય, મહાન અભીપ્સાની, જ્યારે માણસ ઓચિંતા દિવ્ય ધ્યેય તરફ, પ્રભુની ઝંખના માટે સચેતન બને, જ્યારે તેને પ્રભુના દિવ્ય કાર્યની અંદર ભાગ લેવાની ઈચ્છા થાય, જ્યારે માણસ પોતાની જાતમાંથી તીવ્ર આનંદ અને મજબૂત શકિતમાંથી બહાર આવે . . . . અને પછી થોડાક કલાક પછી માણસ એક તુચ્છ નાની બાબત માટે દુ:ખી બની જાય છે, માણસ એટલો બધો ક્ષુદ્ર, સંકુચિત, સાવ સામાન્ય, સ્વાર્થમાં ડૂબેલો બને છે, એક શુષ્ક કામનામાં . . . . અને બાકીનું બધું હવામાં ઊડી જાય છે; જાણે કે તે વસ્તુનું અસ્તિત્વ જ નહોતું. માણસ આવી બધી વિરોધી વસ્તુઓથી બિલકુલ ટેવાયેલો હોય છે; તે આ વસ્તુઓ ઉપર ધ્યાન આપતો નથી અને તેથી જ આ બધી વસ્તુઓ ખૂબ સગવડતાપૂર્વક પાડોશીઓની માફક પાસે પાસે રહે છે. માણસે પ્રથમ તો આ બધી વસ્તુઓને શોધી કાઢવી જોઈએ અને તેની પોતાની ચેતનામાં તેમને સેળભેળ થવામાંથી અટકાવવી જોઈએ; તેમની વચ્ચેનો ભેદ પારખવો જોઈએ, પ્રકાશમાંથી છાયાનો ભેદ. પાછળથી માણસ છાયામાંથી મુકિત પામી શકે છે.

આપણે આ સ્થિતિમાં છીએ અને હવે સમય થઈ ગયો છે. તમારે કોઈ અગત્યનો પ્રશ્ન છે ? નથી ?

મધુર માતાજી . . . .

આહ !

. . . . માનસિક પસંદગીઓ અને પ્રાણમય જિંદો વચ્ચે યોગ માટે કઈ વસ્તુઓ વધારે જોખમકારક છે ?

જે વસ્તુઓ માણસમાં હોય તે ! (હાસ્ય)

૪ ઑગસ્ટ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા"
પ્રકરણ ૫ ઉપર આધારિત છે.

મધુર માતાજી, સેવક અને કાર્યકર વચ્ચે શો તફાવત ?

મને લાગતું નથી કે બહુ તફાવત હોય; એ બન્ને લગભગ એક જ વસ્તુ છે. કદાચ વલણ એકસરખું ન હોય, પણ તેમાં બહુ ભેદ નથી. 'સેવક'માં કાંઈક વધારે છે. તેમાં સેવાનો આનંદ રહેલો છે. કાર્યકર – તેને ફકત કાર્ય કરવાનો આનંદ હોય છે. પરંતુ જે કાર્ય સેવા અર્થે કરવામાં આવ્યું હોય તે ઘણો વધારે આનંદ લાવે છે.

આત્મ-પ્રેમનો શો અર્થ ?

મને લાગે છે કે આત્મ-પ્રેમ એ "મિથ્યાભિમાન" શબ્દને બદલે પસંદ પડે એવો શબ્દ છે. આત્મ-પ્રેમ એટલે વ્યકિત પોતાની જાતને બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે ચાહે છે; અને શ્રી અરવિંદ જે ગર્ભિત અર્થમાં કહે છે, તમે સમજ્યા, તે મિથ્યાભિમાનમાંથી ઉત્પન્ન થતા પ્રતિભાવો છે અને વ્યકિતની સાચી કિંમતની પ્રશંસા નથી થતી ત્યારે તેનું મિથ્યાભિમાન રોષે ભરાય છે, જ્યારે વ્યકિત એમ માને કે પોતાની ધારણા પ્રમાણે તેને વખાણ મળતાં નથી અથવા તો તેણે માનેલો બદલો તેને મળતો નથી અને તે જે કાંઈ કરે તેના બદલે તેને અભિનંદન મળતાં નથી ત્યારે ખરેખર આ બધી ગતિઓમાંથી અસંતોષ જન્મે છે, કારણ કે વ્યકિતને જે પ્રમાણેની અપેક્ષાઓ હોય તેનો બદલો મળતો નથી, તેણે પોતે જે ધારી લીધેલું હોય કે તેને મળવું જોઈએ તે પ્રમાણે.

મધુર માતાજી, "ક્રિયાત્મક એકતા" એટલે શું ?

તે નિષ્ક્રિય અથવા જડ એકતાથી વિરુદ્ધ છે. તે એકતા, શકિત, સંકલ્પશકિત, કર્મ અને ઉત્સાહથી ભરેલી એકતા હોય છે; માણસ એક પ્રકારના પ્રમાદની સાથે પણ એકતા સાધી શકે છે.

તમે "પ્રાચીન સમયની વાણી"માં લખ્યું છે કે આપણામાં આત્મ-શ્રદ્ધાની ખામી હોય ત્યારે આપણે આપણી નબળાઈઓને ન્યાયયુકત ઠેરવીએ છીએ, આમ આપણે શા માટે કરીએ છીએ ?

ઈહ ! એટલે ! આપણે આપણી નબળાઈઓને ન્યાયી સાબિત કરીએ છીએ ? તે એક આત્મશ્રદ્ધાની .... સાચી ખામી નથી; તે પ્રભુકૃપા આપણે માટે શું કરી શકે છે તેમાં શ્રદ્ધાની ખામી છે. પોતાની નબળાઈઓને ન્યાયી સાબિત કરવી એ એક પ્રકારનો પ્રમાદ અને જડતા છે.

સારું, જ્યારે માણસને પોતાના મનને સુધારવા માટે પ્રયત્ન કરવો નથી ત્યારે તે કહે છે, "ઓહ, આ અશકય છે. હું તે કરી શકું નહીં, મારામાં તે તાકાત નથી. હું તેવો બનેલો નથી, મારામાં તે પ્રકારના ગુણો નથી. હું તે કદી કરી શકું નહીં." આ પૂરેપૂરી આળસ છે. તે જરૂરી પ્રયત્નો ન કરવા માટેનું બહાનું છે. જ્યારે તમને પ્રગતિ કરવા માટે કહેવામાં આવે છે ત્યારે, "ઓહ ! તે મારી શકિત બહારની વાત છે, હું તો સરળ માણસ છું. હું કાંઈ કરી શકું નહિ." અને આટલું પૂરતું છે. તે પુષ્કળ પ્રમાદ છે, કોઈ પણ પ્રયત્ન કરવાનો ઈન્કાર છે. વ્યકિત એટલા માટે પોતાની ક્ષતિઓ અને અશકિતઓ સ્વીકારી લે છે કે તેને તેમના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જરૂરી પ્રયત્નો કરવા નથી. વ્યકિત કહે છે, "હું આવો છું અને જુદો બની શકું એવો નથી," તે પ્રભુકૃપાને તમારી અંદર કાર્ય કરવા દેવા માટેનો ઈન્કાર છે. તે તમારી પોતાની દુરિચ્છાને વાજબી ઠરાવવાનો પ્રયત્ન છે.

કોઈને પ્રશ્ન છે? કે કોઈ પ્રશ્ન નથી?

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદ લખે છે : "તમે જાણશો, જોશો અને અનુભવશો કે તમે પોતે મા ભગવતીએ પોતાનામાંથી વિસર્ગ કરેલી એક વ્યકિત અને શકિત છો, અને તેની પોતાની અંદરથી તમને બહાર મૂકયા છે, લીલાને ખાતર...." કઈ લીલા ?

વિશ્વને પ્રભુની લીલા કહી છે !

શા માટે ?

શા માટે ? આ એક પ્રકારની કહેવાની રીત છે ! તમને એમ લાગે છે કે આનંદ આવે તેવી આ રમત નથી ? તેવા ઘણા છે જેઓ આમ માનતા નથી (હાસ્ય), જેઓ માને છે કે આ લીલામાં આનંદ આવતો નથી. પણ તેમ છતાં એ એક બોલવાની રીત છે.... વ્યકિત તેને વિશે કહે છે – વિચાર્યા સિવાય કે તેમાં આનંદ આવે છે – વ્યકિત 'શકિતઓની લીલા' કહે છે, તે એક ગતિ છે, એક પારસ્પરિક ગતિ. બધીં જ ગતિઓ શકિતઓની રમત છે, એટલે કોઈ તેને એ અર્થમાં લઈ શકે, પરંતુ, તમે સમજો કે, એનો અર્થ એ કે દિવ્ય બલ, દિવ્ય ચેતના પોતાની બહાર નીકળે છે જેથી વિશ્વનું સર્જન થાય અને વિશ્વમાં શકિતઓની સમગ્ર લીલા

ચાલે. તેનો એ અર્થ છે, બીજો કોઈ અર્થ નહીં. હું તેનો અર્થ કેવળ રમતગમતનાં મેદાનોની રમતો જેવો છે એમ નથી કહેતી, તેના બીજા ઘણા અર્થ થાય.

(બાળકો તરફ ફરીને તેમને પ્રશ્નો પૂછવા માટે પ્રેરણા આપે છે)

કાંઈ નથી! તમારી પાસે પૂછવાનું કાંઈ નથી?

"અહંના વિકારોના સર્વ પ્રકારના રંગોથી તમારી જાતને મુકત રાખો" એનો શો અર્થ?

અહંના વિકારો?

(થોડી વાર મૌન પછી) વિકૃતિ એવી વસ્તુ છે જે દિવ્ય સત્ય અને વિશુદ્ધિમાંથી અલગ માર્ગ તારવે છે. જે ક્ષણે તમે અજ્ઞાન અને અસત્યમાં જીવવાનું શરૂ કરો છો તે ક્ષણે તમે વિકૃતિમાં જીવો છો; અને અત્યારે આખું જગત અજ્ઞાન અને અસત્યનું બનેલું છે. એટલે એનો અર્થ કે તમે જો સામાન્ય ચેતનામાં રહેશો તો અવશ્ય તમે અહંની વિકૃતિમાં હશો.

માતાજી, અહીં કહ્યું છે: "તમે પોતે એક જુદા કાર્યકર્તા છો એવો વિચાર તમારા અંતઃકરણમાં દઢ હોય અને તમને એમ લાગતું હોય કે તમે પોતે જ કર્મના કર્તા છો તો પણ એ કર્મ તમારે મા ભગવતીને ખાતર કરવું જોઈએ." દા.ત. અમારો રમતોનો અભ્યાસ – અમારે એવું વિચારવું જોઈએ કે તે મા ભગવતી માટે છે?

હા. ચોક્કસ.

કેવી રીતે?

તે બહુ મુશ્કેલ નથી. તમે પહેલાં તેને તૈયારી તરીકે કરી શકો છો, જેથી કરીને દિવ્ય બળોને ગ્રહણ કરવાને માટે તમે શક્તિશાળી બનો અને વળી એક સેવા તરીકે, જેથી કરીને આશ્રમનું બધું જ સંચાલન ગોઠવવામાં તમે મદદરૂપ થઈ શકો. તમે તમારા અંગત લાભ ખાતર કરી શકો નહીં, પરંતુ તમારી જાતને દિવ્ય કાર્ય સિદ્ધ કરવાના હેતુથી કરી શકો! આ પરિસ્થિતિમાંથી તમારે પૂરેપૂરો લાભ ઉઠાવવાની ઇચ્છા હોય તો મને પોતાને આ વસ્તુ અનિવાર્ય લાગે છે. તમારે તમારું સામાન્ય દૃષ્ટિબિંદુ રાખવું હોય તો, તમે એવી પરિસ્થિતિઓમાં તમારી જાતને મૂકશો, જે કાંઈ બહુ સંતોષકારક હશે નહીં. અને તમે જે બળોને ગ્રહણ કરી શકો તેને ઝીલવાને માટે અશક્તિમાન હશો.

માતાજી, દા.ત. જો લાંબા કૂદકામાં કોઈ વધારે અંતરનો કૂદકો મારવાનો પ્રયત્ન કરે તો તે કઈ રીતે દિવ્ય કર્મ થયું?

ઈહ ! મને માફ કરશો. તમારે તે કાર્ય લાંબા કૂદકાના આનંદને માટે કરવાનું નથી, તમારે તમારા શરીરને તેના કાર્યમાં વધારે પૂર્ણ બનાવવાનું છે અને એટલા માટે તમારે તેને દિવ્ય શકિતઓને સ્વીકારવા માટે અને તેનો આવિર્ભાવ કરવા માટે યોગ્ય કરણ બનવાનું છે.

વ્યકિત જે કોઈ વસ્તુ આ જગામાં કરે છે તે આ પ્રકારની ભાવનાથી થવી જોઈએ નહિ તો તમને જે તક આપવામાં આવી છે અને તમને જે સંજોગો આપવામાં આવ્યા છે તેનાથી કોઈ લાભ થશે નહીં. મેં તમને એક દિવસે આ વાત સમજાવી હતી, ખરું ને ? કે અહીં ચેતના છે, તે બધી વસ્તુઓની આરપાર રહેલી છે અને બધી જ ક્રિયાઓમાં આવિર્ભાવ પામવા પ્રયત્ન કરે છે. પરંતુ તમે જો તમારી જાતને એમ કહો કે તમે જે પ્રયત્ન કરો છો, તમે જે પ્રગતિ કરો છો તે એટલા માટે કે ચેતના ગ્રહણ કરવા વધારે શકિતશાળી બનો અને તેનો આવિર્ભાવ કરો તો તમારાં કાર્યો વધારે સારાં અને વધુ શકિતશાળી બનશે. આ સત્ય કહેવા માટે પણ મને આ પ્રાથમિક વસ્તુ લાગે છે; આથી કાંઈક ભિન્ન બને તો મને આશ્ચર્ય થાય. કારણ કે જે રીતે અહીં આ આશ્રમમાં તમારી હાજરીને ગોઠવવામાં આવી છે એવી રીતે બીજા કોઈ આશ્રામમાં ગોઠવાયેલી હોય, અને આ વસ્તુ ત્યાં ન હોય તો તેનો શો ઉપયોગ ? ઘણી સંખ્યામાં યુનિવર્સિટીઓ, શાળાઓ આ જગતમાં છે જે સારી રીતે સુવ્યવસ્થિત છે.

પરંતુ જો તમે અહીં હો તો તેના માટે એક વિશિષ્ટ કારણ છે ! કારણ કે અહીં ચેતનાને ગ્રહણ કરવાની એક શકયતા છે. અહીં જે પ્રગતિ થાય તે તમને બીજી કોઈ પણ જગાએ જોવા મળશે નહીં અને જો તમે આ વસ્તુનો સ્વીકાર કરવા તૈયાર થતા ન હો તો તમને જે તક આપવામાં આવી છે તે તમે ગુમાવી દેશો !

મેં આ વિશે પહેલાં કહ્યું નથી કારણ કે મને આટલી સ્પષ્ટ રીતે કહેવાનું જરૂરી લાગ્યું નહોતું.

> માતાજી, વ્યકિત તે પ્રમાણે જ જ્ઞાન ધરાવે છે અને તેણે તે પ્રમાણે જ બધું કરવું જોઈએ ! પણ જયારે તે કરે છે ત્યારે તેનો હેતુ જુદો જ હોય છે !

ના, પરંતુ . . . . (મૌન) તમે સામાન્ય રીતે શું ધારો છો ? તે કોઈ અકસ્માત કે નસીબથી બનેલું છે ? – અથવા તમારાં માતા-પિતાને લઈને તમે અહીં છો – કે પછી તમે અહીં ઓચિંતા આવી ચડયા છો, અથવા તમે શું માનો છો ? મને અબર નથી ! (હાસ્ય) કે કદાચ તમે બીજી જગાએ હોત તેમ અહીં પણ હોઈ શકો, અથવા શું માનો છો ?

તમે હવે થોડો વિચાર કરવા માટે પૂરતી ઉંમરના છો, અને તમે વિચાર્યું પણ હશે. તમે તમારી જાતને કદી પૂછ્યું નથી, "હું શા માટે અહીં છું?" તમે તમારી જાતને કદી પૂછ્યું છે? અથવા તે કાંઈક એવું હોય.... હું ખરેખર વિચારું છું કે તમારે સ્વાભાવિક રીતે સમજી લેવું જોઈએ? તેથી મેં કદી તમને તે વિશે વાત પણ કરી નથી. મને ખરેખર તે જાણવામાં આનંદ આવશે.... (એક બાળકને) તેં આ વિશે વિચાર્યું છે કે તું અહીં કેમ છે?

મેં એક દિવસ, મધુર માતાજી, તમને કહેલું છે!

તે સાચું, પરંતુ તું તે મને ફરીથી કહી શકે છે. (બીજા બાળકને) અને તું તેં કદી તે વિશે વિચાર્યું છે? અથવા તો તું એવી રીતે વિચારે છે કે.... તારાં મમ્મી અને પપ્પા અહીં છે એટલે તું અહીં છે? (હાસ્ય) (બીજા પ્રત્યે) અને તું શું માને છે?

તમે જ્યારે અમને "આશ્રમનાં બાળકોને" – આપ્યું ત્યાર પછી જ હું સમજ્યો.

અહા! તું ત્યારે સમજ્યો! તેના પહેલાં નહીં!

મેં તેના પહેલાં વિચારેલું નહીં.

પણ તમે બધા જે અહીં છો તે કેટલી ઉંમરના છો? પંદર? કે સોળ? કે સત્તર? વીસ? નહીં? તેમ નથી? લાલ-જૂથ પંદર અને વીસની વચ્ચે છે, નથી? અહીં કોઈ એવા છે જે વધારે નાનાં હોય?

ના

પરંતુ વ્યક્તિ તેર વર્ષની ઉંમરે વિચારવાનું શરૂ કરે છે, વિચારની શરૂઆત કરે છે, પોતાની જાતને પ્રશ્નો પૂછે છે અને તેને આશ્ચર્ય પણ થાય છે કે "જીવન શું છે? અને શા માટે આપણે જીવન ધારણ કરીએ છીએ?" અને ખાસ કરીને જ્યારે માણસ આવા સ્થળમાં હોય, જે સામાન્ય સ્થાન નથી, ત્યાં પોતાની જાતને પૂછે છે, "હું શા માટે અહીં છું", અને "અહીં મારા રહેઠાણનો શો અર્થ?" અને "શા માટે હું અહીં આવ્યો છું?" ઈહ તમે એવું વિચારતા નથી? હું તમારામાંના બે કે ત્રણને જાણું છું કે જેઓ આ વિશે વિચારે છે કારણ કે તેમણે મને કહેલું છે. પણ (હસતાં) બીજાઓનું શું? તમે કદી તમારી જાતને આવા પ્રશ્નો પૂછ્યા નથી? નથી પૂછ્યા? કેમ કોઈ એક શબ્દ પણ બોલતું નથી? (હાસ્ય)

(એક બાળકને) તો પછી તું, તેં કદી તે વિશે વિચાર્યું નથી? તેં વિચાર્યું છે?

(કોઈ જવાબ આપતું નથી) આહ ! તેમને કાંઈ કહેવાની ઇચ્છા નથી. સારું, તો પછી આપણે આ વિશે વધારે વાતચીત કરીએ જ નહીં. (હાસ્ય).

તો એટલું બસ ? તે પૂરતું છે ને ?

માતાજી, રસપ્રદ વસ્તુ આ છે. અમારામાં એવું શું છે જેને લઈને અમે અહીં આવ્યા છીએ ?

અહા ! તે તો ઘણું રસિક ! તમારું અહીં હોવા વિશેનું કારણ ? સારું, તે તમારે દરેકે પોતે શોધી લેવાનું છે. તમે શોધ્યું છે ? તેં? ના ? હજુ સુધી નહીં ? અરે આ તો બીજો ઘણો રસપ્રદ પ્રશ્ન !

જો તમે .... (મૌન) જો તમે તમારી જાતને આ વિશે પૂછયું હોત, તો તમારી અંદરથી – કોઈક જગાએથી તમારે ઉત્તર મેળવવાની જરૂર પડી હોત .... કારણ કે તમારા અંતરાત્મામાં ઉત્તર છે. "આપણામાં એવું શું છે જે આપણને અહીં લાવ્યું છે?" ઉત્તર અંદર છે. બહાર કાંઈ પણ નથી. અને જો તમે પૂરતા ઊંડા જાઓ, તો તમને ઘણો સ્પષ્ટ ઉત્તર મળશે .... (મૌન) અને ઘણો રસપ્રદ ઉત્તર. જો તમે બાહ્ય રહેલાં બધી વસ્તુઓને બદલે એક પૂરતા પ્રમાણમાં, પૂર્ણ શાંતિમાં, ઊંડે ઊંડે જાઓ તો તમે તમારી અંદર, જેની હું વારંવાર વાત કહું છું, તે જ્યોતિને શોધી શકશો અને આ શિખામાં તમે તમારી નિયતિનું દર્શન કરી શકશો, તમે સદીઓથી સેવેલી અભીપ્સાને જોઈ શકશો, જે ધીરે ધીરે સંગૃહિત થયેલી છે. અને તમને અગણિત જન્મો દ્વારા મહાન સાક્ષાત્કારના દિવસ તરફ દોરી જાય છે. – તે તૈયારીઓ તમે હજારો વર્ષોથી કરો છો અને તેનું ચરમબિંદુ આવી પહોંચ્યું છે.

અને જ્યારે તમે ખૂબ ખૂબ ઊંડાણમાં આ વસ્તુ શોધવા માટે જશો ત્યારે તમે તમારી બધી અશક્તિઓ, તમારી બધી જ નબળાઈઓ, તમારામાં જે કાંઈ છે જે સમજવાનો ઇન્કાર કરે છે તે બધું જ – તમે પોતે નથી એમ અનુભવશો; એક ઉપયોગી કપડું થોડા સમય પૂરતું તમે પહેરી લીધું છે પરંતુ તમે સમજશો કે તમારે જે કરવાનું હતું તેને માટે મળેલી તકનો પૂરેપૂરો લાભ લેવાને માટે, તમે આટલો બધો લાંબો સમય અભીપ્સા રાખેલી છે. માટે તમારે ધીરે ધીરે પ્રકાશ, ચેતના અને સત્યને આ બાહ્ય વસ્ત્રનાં તમોગ્રસ્ત તત્ત્વોમાં ઉતારવાનાં છે, જેથી કરીને તમે સંપૂર્ણતયા સમજી શકો કે શા માટે તમે અહીં છો ! અને તમે ફક્ત સમજશો જ એટલું નહીં પરંતુ તે પ્રમાણે કરવા માટે તમે શક્તિમાન થઈ શકશો. સદીઓથી આ વસ્તુ તમારી અંદર તૈયાર થયેલી હતી, ફક્ત આ શરીરમાં જ નહીં (માતાજી પોતાના હાથના આગળના ભાગમાં ચૂંટી ખણે છે) આ તો તદ્દન આધુનિક છે, ખરું ને ? – પરંતુ

તમારા સાચા આત્મ-તત્વમાં, અને ઘણી સદીઓથી આ તકની તમે રાહ જોતા હતા.

અને પછી તમે તાત્કાલિક અદ્ભુત પ્રદેશમાં પ્રવેશ કરો છો. તમે જોઈ શકો છો કે કેવો અદ્ભુત .... જે વસ્તુઓ માટે વ્યકિત વર્ષોથી આશા રાખતી હતી, જે વસ્તુઓ માટે વ્યકિત વર્ષોથી પ્રાર્થનાઓ કરતી હતી, જેના માટે તમે ઘણા પ્રયત્નો કરતા હતા, તેમાં એક ક્ષણ એવી આવે છે જ્યારે તે બધી વસ્તુઓ સિદ્ધ થઈ જાય છે.

તે ક્ષણે મહાન વસ્તુઓ બને છે. વ્યકિતએ આ તક ગુમાવવી જોઈએ નહિ.

(લાંબું મૌન)

૧૫મી ઑગસ્ટે, શ્રી અરવિંદે આ વસ્તુ સ્પસ્ટ રીતે કહેલી છે તે વિષેનું લખાણ હું તમને આપીશ – તે કહેવાય છે "પ્રભુની પળ".

તમે તે ધ્યાનપૂર્વક વાંચજો અને તમે તે સમજી શકશો.

તો આપણે તે સ્થિતિમાં છીએ.

૧૧ ઑગસ્ટ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા", પ્રકરણ ૬
ઉપર આધારિત છે.

શરૂઆતમાં જ લખેલું છે: "મા ભગવતીની ચાર શક્તિઓ." આ ચાર શક્તિઓ કઈ છે, મધુર માતાજી?

આ શક્તિઓ?

જુદાં સ્વરૂપો, તેઓ નહીં માતાજી?

(લાંબું મૌન)

હા.

આનો શો અર્થ: "પરમ બ્રહ્મ – ઈશ્વર શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં મા ભગવતી દ્વારા પ્રકટ થાય છે અને પુરુષ–પ્રકૃતિનાં દ્વૈત તત્ત્વ રૂપે....?"

આનો શો અર્થ થાય? તેનો અર્થ જે તે કહે છે તે. (હાસ્ય) તેનો અર્થ કે સર્જકશક્તિનું આ એક બલ વિશ્વમાં જુદા જુદા પ્રાદુર્ભાવોમાં વિભક્ત થઈ જાય છે, સાવ સામાન્ય આવિર્ભાવોમાં પણ, સમજ્યા? આ એકમાત્ર શક્તિ, જે સર્જનમાં પુરુષ અને પ્રકૃતિ તરીકે વિભક્ત થયેલી છે અને તે ઉપરાંત સર્જન અને પ્રતિકાર. તેનો અર્થ તે છે; મૂળમાં તો શક્તિ એક જ છે અને આવિર્ભાવમાં તે વિભક્ત થાય છે. તે જુદી જુદી ઊલટસૂલટ રીતે આવિર્ભાવ પામે છે, અને તે જ સમયે એકબીજાની પૂરક છે. કારણ કે, સર્જન માટે, આ વિભક્તતા જરૂરી હતી, નહીં તો પછી બધા જ સમય માટે ફક્ત એક જ વસ્તુ હોય.

"વિભૂતિ"નો શો અર્થ?

તેનો અર્થ પ્રાદુર્ભાવનું અવતરણ. મા ભગવતીનો પ્રાદુર્ભાવ એક સ્વરૂપમાં વ્યક્ત થાય છે અને આ સ્વરૂપ વિભૂતિ બને છે.

મધુર માતાજી, મને આ ન સમજ્યું: "મા ભગવતીની ગતિવિધિનું કાંઈક દર્શન અને જ્ઞાન મેળવી શકાય છે. આ દર્શન અને અનુભવ

તેણે જે દેહો ધારણ કરેલા છે તેમાં વધારે સ્પષ્ટ અને મર્યાદિત પ્રકૃતિ અને કાર્યમાં પોતાનાં દૈવી સ્વરૂપોમાં વ્યકત થાય છે. આ સ્વરૂપોમાં પોતાનાં પ્રાણીઓ સમક્ષ પ્રકટ થવાની તેણે અનુમતિ આપી છે.”

આનો અર્થ તમે સમજો કે તેના સ્પષ્ટ રીતના જુદા જુદા ગુણો છે, સ્વરૂપની જુદી જુદી રીતો, તે ભિન્ન ભિન્ન રૂપોમાં પ્રકટ થાય છે અને આ રૂપોમાંનું દરેક સ્વરૂપ એક દૈવી સ્વરૂપ છે જેમની માણસોએ પૂજા કરેલી છે અને તે સ્વરૂપોને માણસ સમજી શકે છે કારણ કે તે મર્યાદિત છે, અમર્યાદિત હોય તેના કરતાં મર્યાદિત સ્વરૂપને માણસ સહેલાઈથી સમજી શકે છે કારણ કે માણસની પ્રકૃતિ મર્યાદિત છે અને સ્વાભાવિક રીતે જ તે મર્યાદિત સ્વરૂપને સમજી શકે, એટલે સમજમાં આવી શકવા માટે વસ્તુઓએ વિભક્ત અને મર્યાદિત થવું જોઈએ. નહિ તો જે શક્તિ તત્ત્વત : અવિભક્ત અને અમર્યાદિત છે તે માનવ-સમજની બહારની છે, એવા માનવી માટે જે હાલની પરિસ્થિતિમાં છે તેવા માટે.

“અજ્ઞાનનું ત્રિવિધ જગત” કયું ?

“ત્રિવિધ જગત . . . . ?”

“. . . . અજ્ઞાનનું.”

અજ્ઞાન ?

સ્થૂલ, પ્રાણ અને મન; એટલે શારીરિક, પ્રાણિક અને માનસિક અજ્ઞાનનું ત્રિવિધ જગત.

મહાસરસ્વતી અને મહાલક્ષ્મી કોના જેવાં દેખાય છે ?

શું ?

તેઓ કેવાં દેખાય છે ?

મારા બેટા, તારે તેમનાં દર્શન કરવાં જોઈએ.* જ્યારે તમે તેમને જોશો ત્યારે ઓળખશો. દરેક પ્રસંગે તેમનું ભિન્ન સ્વરૂપ છે, જે રીતે તે દર્શન આપે તે રીતનું, જે રીતે તે રીતે તે કાર્ય કરે છે . . . . આ શરીરમાં જે રીતે દેખાય તે રીતે નહીં.

“આપણે મહાસરસ્વતીની છબીઓ જોઈએ છીએ તે સાચી હોય છે ?”

આહ પ્રભુ ! (હાસ્ય) જ્યારે કોઈ નાનું બાળક કોઈ વ્યક્તિનું ચિત્ર બનાવે ત્યારે તે

---

* માતાજીએ અહીં બહુ ધીરેથી કહ્યું હોવાથી, આ ફકરાના કેટલાક શબ્દો સ્પષ્ટ રીતે નોંધાયા નથી. અમે આ વાક્યોને જે રીતે લખાયાં છે તે રીતે અધૂરાં મૂકયાં છે.

ચિત્ર તે વ્યક્તિને મળતું આવે છે? આવું તે હોય છે અથવા કેટલીક વખત તેનાથી પણ વધારે ખરાબ રીતનું ! કારણ કે બાળક ખુલ્લા દિલનું હોય છે, સચ્ચાઈવાળું, જ્યારે જે લોકો દેવ–દેવીઓનાં ચિત્રો બનાવે છે તેમાં રૂઢ ખ્યાલો અને અગાઉથી બાંધેલા વિચારો હોય છે અથવા જે કાંઈ કહેવાયું હોય તે અને શાસ્ત્રોમાં લખાયેલું હોય, તથા બીજી વ્યક્તિઓએ જોયેલું હોય તે રીતનાં ચિત્રો બને છે અને તે બધી વસ્તુઓથી લોકો બંધાયેલા હોય છે. કોઈક વખતે, અમુક સમયે કેટલાક એવા કલાકારો હોય છે જેમને આંતરિક દર્શન હોય, એક મહાન અભીપ્સા, આત્માની અને દર્શનની પવિત્રતા, તેમણે કાંઈક સારું કહી શકાય એવું બનાવ્યું હોય છે. પણ આવું તો ભાગ્યે જ બને છે અને ઘણે ભાગે હું ધારું છું કે તે બિલકુલ વિપરીત હોય છે.

આ રૂપોમાંનાં કેટલાંક સ્વરૂપો મેં પ્રાણિક અને માનસિક જગતોમાં જોયાં છે, જે ખરેખર માનવ-સર્જનો હોય છે. એક પરાત્પરમાંથી શક્તિ આવે છે, જે આવિર્ભાવ કરે છે, પરંતુ આ અસત્યના ત્રિવિધ જગતમાં ખરેખર માનવીએ પોતાની વધારે કે ઓછી કલ્પના પ્રમાણે ભગવાનને સર્જેલા છે – અને કેટલાંક તત્ત્વો રૂપમાં આવિર્ભાવ પામે છે અને તે માનવીના વિચારોનો ઘડાયેલો ઘાટ હોય છે અને અહીં ખરેખર એ બિહામણું હોય છે ! મેં એવી કેટલીક રચનાઓ જોયેલી છે . . . . (મૌન) અને આ બધી એટલી બધી તમોગ્રસ્ત, માનવામાં ન આવે તેવી, વ્યક્ત ન કરી શકાય તેવી હોય છે.

બીજા દેવો કરતાં કેટલાક દેવો પ્રત્યે અનિષ્ટ આચરણ કરવામાં આવે છે. દા. ત. તે બિચારી મહાકાલી, તમે જાણો છો તેના પ્રત્યે કેવું વર્તન કરવામાં આવે છે ! તે એટલું બધું ભયંકર હોય છે તેની કલ્પના પણ ન થઈ શકે ! પરંતુ આ સ્વરૂપ ઘણા નિમ્ન જગતમાં રહે છે . . . . હા, નિમ્નતર પ્રાણમાં; અને મૂળ સ્વરૂપની જે વસ્તુ તે ધારણ કરે છે . . . . તે મૂળ સ્વરૂપથી એટલી બધી ભિન્ન હોય છે કે તેને ઓળખી શકાય પણ નહીં અને તેમ છતાં માનવ-સ્વભાવને આ વસ્તુ એટલી બધી આકર્ષે છે, અને જ્યારે તેની મૂર્તિ બનાવવામાં આવે છે, તમે સમજ્યા, અને પૂજારી જ્યારે એક સ્વરૂપને ઉતારે છે – જ્યારે વ્યવ-સ્થિત રીતે તેની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે, ત્યારે આહ્વાનની આંતરિક અવસ્થામાં તે પોતાની જાતને મૂકીને દેવ–દેવીનો પ્રાદુર્ભાવ કરે છે – અને જો પૂજારીમાં આહ્વાન કરવાની શક્તિ હોય તો, તે શક્તિને તે મૂર્તિમાં મૂકે છે – તેમાં તે સફળ થાય છે – જો કે દરેક વસ્તુમાં અપવાદ હોય છે. આ લોકો જૂની રૂઢિના ખ્યાલોથી ટેવાયેલા હોય છે. દેવ-દેવીનું આહ્વાન કરવાનું હોય તેના જે દેખાવો અને ગુણો તેમને આપવામાં આવ્યાં હોય તેમનો વિચાર કરીને, ઘણે ભાગે પ્રાણમય

જગતના અથવા બહુ બહુ તો માનસિક જગતનાં સત્ત્વોનું આહ્વાન કરે છે – નહિ કે તે મૂળ સ્વરૂપનું અને આ નાનાં નાનાં તત્ત્વો તે અથવા બીજી મૂર્તિઓમાં પ્રકટ થાય છે. નાનાં મંદિરો અથવા કુટુંબોમાં પણ – કેટલાંક કુટુંબોમાં આવાં પવિત્ર સ્થાનો અથવા મૂર્તિઓ હોય છે. તમે જાણો છો, અને તેઓ આ દેવોની પૂજા કરતા હોય છે – તેમાં આ તત્ત્વો પ્રકટ થાય છે; કેટલીક વખત તેનાં પરિણામો દુર્ભાગ્યજનક હોય છે, કારણ કે આ રૂપો મૂળ દેવતા કરતાં એટલાં બધાં ભિન્ન હોય છે .... તેઓ બહુ કઢંગી રચનાઓ હોય છે. કેટલાંક કુટુંબોમાં જે કાલીની પૂજા થાય છે તે કાલીઓ ખરેખર ભયંકર રાક્ષસીઓ હોય છે !

હું તમને કહી શકું, મારામાં વિશ્વાસ રાખો, કે મેં કેટલાક લોકોને તે મૂર્તિને ઉપાડીને ગંગામાં ફેંકી દેવાની સલાહ આપી છે જેથી કરીને તેઓ વિનાશકારી અસરમાંથી સંપૂર્ણ મુક્ત થઈ જાય. હકીકતમાં આ વસ્તુ ઘણી સફળ થઈ છે .... તેમાંની કેટલીક .... કમનસીબ લાવનારી હાજરીઓ હોય છે; પરંતુ આ તો માણસની પોતાની ભૂલ છે. તે દેવોની ભૂલો હોતી નથી. તેના માટે દેવોને દોષ દેવો એ ખોટું છે. તે માણસનો દોષ છે. માણસને પોતાની કલ્પના પ્રમાણે દેવોને ઘડવા હોય છે. કેટલાક દુષ્ટ માણસો તેમને જુલ્મી બનાવે છે; જેઓ સારા હોય છે તે તેમને વધારે સારા બનાવે છે; એટલે માણસોએ પોતાની ક્ષતિઓને વિશાળ બનાવી છે.

માનવ-વિચાર કઈ રીતે રૂપોનું સર્જન કરે ?

માનસિક જગતમાં માનવનો વિચાર સતત રૂપો સર્જ્યા કરે છે. માનવ વિચાર સ્થૂલ જગતમાં ઘણો સર્જક હોય છે. જે સમયે તમે વિચાર કરતા હો છો તે બધો જ સમય તમે રૂપોનું સર્જન કરતા હો છો અને તે રૂપોને તમે બહાર વાતાવરણમાં મોકલતા હો છો. અને તેઓ ત્યાં જઈને તેમનું કાર્ય કરતા હોય છે. હંમેશાં તમે નાની નાની રચનાઓનાં ટોળાંથી ઘેરાયેલા હો છો.

સ્વાભાવિક રીતે, કેટલાક માણસો એવા હોય છે જેઓ સ્પષ્ટ રીતે વિચાર પણ કરી શકતા હોતા નથી; તેથી તેઓ કોઈ વસ્તુનું રૂપ બાંધી શકતા નથી, સિવાય કે અમુક ઝાંખાં વમળો. પરંતુ જે લોકો સ્પષ્ટ રીતે વિચાર કરી શકતા હોય છે તેઓ જથ્થાબંધ નાનાં નાનાં સ્વરૂપોથી વિંટળાયેલા હોય છે અને તે રૂપો બહાર જઈને બીજાંઓમાં કાર્ય કરતાં હોય છે; અને જ્યારે તેમનો ફરીથી વિચાર કરતાં હોય છે ત્યારે રૂપો પાછાં ફરતાં હોય છે.

અને આપણી પાસે એવા લોકોનાં દૃષ્ટાંતો છે જેઓ પોતાના વિચારોની રચનાઓથી તકલીફો ભોગવતા હોય છે. તે વિચારો તેમની પાસે વારંવાર પાછા

ફરીને તેમનો કબજો મેળવે છે. અને તેમનામાંથી તેઓ મુક્તિ મેળવી શકતા નથી, કારણ કે તેમણે જે રચનાઓ કરેલી હોય છે તેમને કઈ રીતે વિખેરી નાખવી તેનું તેમને જ્ઞાન હોતું નથી. માણસ ધારી શકે તેનાથી પણ વધારે આવા પ્રકારના દાખલાઓ છે. જ્યારે તેઓએ એક વિશિષ્ટ પ્રકારનું ઘડતર કરેલું હોય – તેમના પોતાના માટે, તમે સમજ્યા, સાપેક્ષ રીતે, આ ઘડતર જેણે તેનું સર્જન કરેલું હોય તેની સાથે બંધાયેલું હોય છે, અને તે ઘડતર મગજની સાથે અથડાવા માટે પાછું ફરે છે જેથી તેને શક્તિ મળે અને જરૂરિયાત પ્રમાણે ખરેખર કાર્ય કરીને પછી વિખેરાઈ જાય છે. આ આખું જાણવા લાયક જગત છે; માણસ ખરેખર અજ્ઞાનમાં જીવે છે, તેનામાં શક્તિઓ છે પણ તેના વિશે તેને જાણ નથી એટલે સ્વાભાવિક છે કે તેમનો ખરાબ ઉપયોગ કરે છે. માણસ અભાન રીતે અને અશુભ રીતે તે શક્તિઓનો ઉપયોગ કરે છે.

મને ખબર નથી કે તમે મેડમ ડેવિડ – નીલ, જેઓ તિબેટમાં ગયેલાં તેના વિશે સાંભળ્યું છે કે કેમ. તેઓ બૌદ્ધ ધર્મી હતાં અને તેમણે તિબેટ વિશે પુસ્તકો લખ્યાં છે; અને આ ચુસ્ત રૂઢિગત બૌદ્ધ ધર્મીઓ પ્રભુમાં માનતા નથી, તેની શાશ્વતતામાં માનતા નથી, અને જે દેવો ખરેખર દિવ્ય છે, તેમાં પણ તેઓ માનતા નથી. છતાં તેઓ માનસિક પ્રદેશનો કઈ રીતે ઉપયોગ કરવો તે બહુ સારી રીતે જાણે છે; અને બુદ્ધની શિસ્ત તમને મનઃપ્રદેશના માનસિક કરણ બનવામાં ખૂબ સારો કાબૂ આપે છે.

અમે ઘણી વસ્તુઓની ચર્ચા કરતાં હતાં. અને એક વખત મને તેમણે કહેલું, "સાંભળો, મેં એક પ્રયોગ કરેલો છે." (તેમણે થિયૉસૉફીનો પણ થોડો અભ્યાસ કરેલો) તેમણે કહ્યું, "મેં એક મહાત્માનું સ્વરૂપ ઘડેલું, મારા વિચારો દ્વારા મેં એક મહાત્માનું સ્વરૂપ ઘડેલું." અને તે જાણતી હતી (આ વસ્તુ સાબિત થઈ ચૂકી છે) કે અમુક ક્ષણે માનસિક ઘડતરો જેણે તેને ઘાટ આપ્યો હોય તેનાથી સ્વતંત્ર રીતે, એક વ્યક્તિગત જીવન પ્રાપ્ત કરી શકે છે. – જો કે તેવી રચનાઓ તે વ્યક્તિ સાથે સંકળાયેલી રહે છે – છતાં સ્વતંત્ર, એ અર્થમાં કે તેમની પોતાની ઇચ્છાશક્તિ હોય છે અને તેથી તેણે મને કહ્યું, "ફક્ત કલ્પના કરો, મેં મારા મહાત્માનું સર્જન કર્યું. એટલી સરસ રીતે કે તે મારાથી સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા હતા અને વારંવાર મને મુશ્કેલી આપવા માટે આવતા હતા; તેઓ આવતા, કોઈ વસ્તુ માટે મને ઠપકો આપતા, બીજી વાત માટે સલાહ આપતા, અને તેમને મારા જીવનને દોરવું હતું; અને તેમનાથી મુક્ત થવા માટે હું સફળ થઈ શકી નહીં અને તે એટલું બધું મુશ્કેલ હતું કે મારે શું કરવું તેની મને જાણ નહોતી!"

તેથી, મેં તેને પૂછ્યું કે તેણે કેવી રીતે પ્રયત્ન કરેલો. તેણે તે રીત મને કહી. તેણે કહ્યું, "મારા મહાત્મા મને બહુ તકલીફ આપે છે, તે મારે માટે બહુ મુશ્કેલી-કારક છે. તે મને શાંતિમાં રહેવા દેતા નથી. તે મારા ધ્યાનમાં ખલેલ પહોંચાડે છે, મને મારા કાર્યમાં અટકાવે છે અને તેમ છતાં હું જાણું છું કે મેં તેમનું સર્જન કરેલું છે. હું તેમનાથી છુટકારો પામી શકતી નથી!" પછી મેં કહ્યું, "આ એટલા માટે કે તને 'યુક્તિ' આવડતી નથી .... (માતાજી હસે છે) અને મેં તેણે શું કરવું તે સમજાવ્યું, અને બીજે દિવસે – હું તેને તે દિવસોમાં દરરોજ મળતી, તમે સમજ્યા – બીજે દિવસે તેણે આવીને મને કહ્યું, "અરે, હું મારા મહાત્મામાંથી મુક્ત બની!" (હાસ્ય) તેણે કડી કાપી નાખી નહોતી, કારણ કે તે કાંઈ ઉપયોગી બનતું નથી. માણસે પોતાના સર્જનને ફરીથી પાછું પોતાનામાં કઈ રીતે સમાવી દેવું એ જ ફક્ત એક માર્ગ છે, પોતાની રચનાઓને પોતાની અંદર પાછી ગળી જવી.

પરંતુ માણસ થોડા પ્રમાણમાં અને આંશતઃ બધો જ સમય રચનાઓ કર્યે જ જાય છે. દા.ત. કોઈ ઉત્કટ રીતે બીજા વિશે વિચારે ત્યારે તેનામાંથી તાત્કાલિક એક મનોમય પદાર્થ બહાર પડે છે અને પેલા માણસ તરફ જાય છે, તમે સમજ્યા, તમારા વિચારોનું આંદોલન, અને તે ગતિ કરીને ત્યાં તેના આંદોલનનો સ્પર્શ કરે છે; અને જો તે માણસ ગ્રહણશીલ હોય તો તે તમને જોઈ શકે છે. તમને જુએ ત્યારે તે તમને કહે છે, "તમે ગઈ રાત્રિએ મને મળવા આવેલા!" એનું કારણ કે તમે એક નાનકડી રચના કરેલી અને તે ત્યાં ગઈ અને તેણે કાર્ય કર્યું. તેનું કાર્ય તે વ્યક્તિનો તમારી સાથે સંપર્ક કરાવવાનું હતું. અથવા તમારે તેને કોઈ અગત્યનો સંદેશો આપવાનો હોય તો તે ત્યાં પહોંચે છે. અને કાર્ય થાય છે. આવું સતત બન્યા જ કરે છે, પણ આવી ઘટના સતત અને સાહજિક હોવાથી અને અજ્ઞાનમાંથી થતી હોવાથી વ્યક્તિને જાણ થતી નથી કે તે કાર્ય તે યાંત્રિક રીતે કર્યા જ કરે છે.

કામનાથી ભરપૂર લોકો પોતાની માનસિક રચનાઓ ઉપર એક પ્રકારનું આવરણ વધારે છે, એક પ્રાણિક કોશ અને તેનાથી વધારે પ્રમાણની વાસ્તવિકતા રચાય છે. આવા લોકો, તેમણે પોતે રચેલાં ઘણાં નાનાં નાનાં તત્ત્વોથી આવરિત હોય છે, તેમની માનસિક રચનાઓ પર પ્રાણિક શક્તિઓનાં કપડાં ચડેલાં હોય છે અને આ બધી તેમણે સર્જેલી રચનાઓને સ્થૂલમાં સત્કાર કરવા માટે પ્રયત્ન કરવા પ્રેરે છે.

તમે કદાચ મોરિસ માગ્રેનાં પુસ્તકો વાંચ્યાં હશે. લાયબ્રેરીમાં કેટલાંક છે. તે

આ વસ્તુનું વર્ણન કરે છે. તે અહીં આવેલો અને અમે વાતચીત કરેલી. તેણે કાયમ નોંધ લીધેલી — તે ખૂબ સંવેદનશીલ હતો – કે જે માણસમાં જાતીયવૃત્તિઓ હોય છે તેઓ એક પ્રકારનાં નાનાં નાનાં તત્ત્વોનાં ટોળાંથી વિંટળાયેલા હોય છે, અને આ તત્ત્વો ચીકણાં ઘાટાં તત્ત્વોનાં બનેલાં અને બેડોળ હોય છે. અને તેમની સતત પજવણી ચાલુ હોય છે અને જાતીયવૃત્તિ જગાડે છે. તેણે કહેલું કે કેટલાક માણસોની આસપાસ તેણે આ પ્રમાણે જોયેલું. તેઓ જાણે કે મચ્છરનાં ટોળાંઓથી ઘેરાયેલા હોય એવા લાગે છે. હા ! પણ તેઓ વધારે જડ હોય છે. અને તેનાથી પણ વધારે કદરૂપાં અને ચીકણાં ધટ્ટ. તેઓ ભયંકર હોય છે અને માણસની આસપાસ ગોળ ગોળ ફર્યા કરે છે. અને તેને શાંતિ લેવા દેતાં નથી. જે ઈચ્છામાંથી તેમની રચના થઈ હોય છે તે ઈચ્છાને જાગ્રત કરે છે. અને તેમના પર હલ્લો કરે છે. તે તેમનો ખોરાક હોય છે. આ બિલકુલ સત્ય છે. તેનું નિરીક્ષણ સંપૂર્ણ સાચું હતું. તેનું દર્શન ખરું હતું. તે પ્રમાણે જ હોય છે.

પરંતુ દરેક વ્યક્તિ પોતાની કામનાઓનું વાતાવરણ પોતાની આજુબાજુ ધારણ કરે છે. એટલે લોકોએ તમને કહેવાની કોઈ જરૂર નથી; તમારે ફક્ત તેમની સામે જોવું અને તેઓ કઈ સ્થિતિમાં છે. તે તમને તેમની આજુબાજુ ઉપરથી ખબર પડશે. તેઓને તો પોતાને દેવો અથવા સંતોનો હાવભાવ દેખાડવાની ઈચ્છા હશે પરંતુ તેઓ તમને છેતરી શકશે નહીં કરણ કે તે વસ્તુ ત્યાં, તેમની આજુબાજુ ફરતી હશે. એટલે ફક્ત કલ્પના કરો ! **(માતાજી તેમની સામે બેઠેલા છે તેમના તરફ આંગળી દર્શાવે છે.)** તમે જુઓ તમે કેવા છો, તમારામાંના કેટલા ત્યાં છો, તમે બધા અહીં છો, અને દરેકને આ રીતનું પોતાનું નાનકડું વિશ્વ છે, માનસિક રચનાઓનું અને તેમાંનાં કેટલાંક પ્રાણિક તત્ત્વોથી આવરિત, અને આ બધી રચનાઓ એકસાથે સરકે છે, એકબીજા સાથે જોડાય છે, એકબીજા સાથે અથડાય છે. તેમાં સૌથી તાકાતવાન કોણ છે તેનો સંઘર્ષ ચાલે છે અને કોણ મેદાન મારી જાય છે — અને આ બધું ખરેખર એક પ્રકારનું વાતાવરણ ઉત્પન્ન કરે છે !

અમે જ્યારે તમારી આગળ આવીએ ત્યારે આ વસ્તુઓ શું કરે છે ?

તમે જ્યારે મારી પાસે આવો છો ત્યારે આ બધું જ મને દેખાય છે. હું બરાબર આ વસ્તુઓને જોઉં છું અને એટલા માટે તમે આવો છો તે ઘણું ઉપયોગી છે. કારણ કે ફૂલ આપવું એ સારું છે, પણ તેમાં ખાસ કાંઈ નથી .... તેનાથી પણ વધારે અગત્યની વસ્તુઓ હોય છે. પરંતુ દરેક વખતે એક સેકંડ માટે પણ તમને જોઉં છું — ફક્ત એક ઝબકાર, એક સેકંડ બસ છે – દરેક માણસ પોતાની

રચનાઓ સહિત આવે છે અને હું ફક્ત આટલું જ – આટલું જ કરું છું (ક્રિયા). ફૂલ તો એક બહાનું છે. ફૂલ મારફતે હું તમને કાંઈક આપું છું.

અને જ્યારે કોઈક વખત, તમે જાણો છો, હું મારી અંદર ઊંડાણમાં ઊતરી જઉં છું, મારી આંખો બંધ થાય છે, અને પછી ખૂબ ધીરેથી હું કાંઈક આપું છું અથવા એક ક્ષણ માટે હલનચલન કરતી નથી – ત્યારે જે કાર્ય કરવાનું હોય છે તે અગત્યનું હોય છે. એક યા બીજા કારણસર મારે વચ્ચે પડવાનું હોય છે, તમને મદદ કરવા માટે અથવા કોઈ વસ્તુ ભાંગવા માટે અથવા તમને શરૂઆતની પ્રગતિ માટે ધક્કો મારવા અથવા એવી કોઈ વસ્તુ માટે .... એટલે કોઈક વખત હું તમારો હાથ પકડું છું તમે સમજ્યા : "ખસો નહિ." એટલે માણસ વિચારે છે. "માતાજી સમાધિમાં ચાલ્યાં ગયાં છે." મને ખૂબ રસ પડે છે .... (હાસ્ય) હું કાર્યમાં મશગૂલ હોઉં છું અને વસ્તુઓને ગોઠવતી હોઉં છું; કેટલીક વખત વાઢકાપનું કામ કરવું પડે છે, અને કેટલીક વસ્તુઓ ત્યાં ન હોવી જોઈએ તેમને લઈ લઉં છું. એક સેકંડ બસ છે. મારે વધારે સમયની જરૂર નથી હોતી; કોઈક વખત થોડો વધારે સમય, વધારે સેકંડો, એક મિનિટ .... નહિ તો ઘણે ભાગે વસ્તુઓ સામાન્ય હોય ત્યારે સામે જોવું જ પૂરતું છે, સમજાયું, અને પછી પ્રતિભાવ ? હું ફૂલ આપું છું .... ફૂલ વગર પણ, આ રીતે .... કોઈક વખત નાનો ઝબકારો મૂકું છું અથવા કેટલીક વખત લાલચોળ ગરમ લોઢું, અથવા પ્રકાશ કે ગમે તે સાચી ક્ષણે અને સાચી જગાએ જ્યાં તેની જરૂર હોય તો .... અને "બસ વિદાય"! (Au revoir)

માતાજી, આ બધાં તત્ત્વોને તમારો ડર નથી લાગતો ?

આહ ! મારા બાળક, ભયંકર ડર ! (હાસ્ય) જે અશુભ વૃત્તિવાળા છે તેઓ સંતાવા પ્રયત્ન કરે છે, અને તમે જાણો છો ઘણુંખરું તેઓ શું કરે છે ? જે વ્યક્તિ મારી પાસે આવે છે તેના મસ્તકની પાછળ તેઓ એકઠા થઈ જાય છે જેથી તેઓ દેખાઈ ન જાય. (હાસ્ય) પરંતુ તે નિષ્ફળ છે કારણ કે હું આરપાર જોવાની શક્તિ ધરાવું છું. (હાસ્ય) નહિ તો સહજ પ્રેરણાથી જ તેઓ આમ કરે છે. જો તેઓ અંદર પેસી જઈ શકે તો તેમ કરવા પ્રયત્ન કરે છે. પણ પછીથી હું વધારે બલથી વચ્ચે પડું છું, કારણ કે તે બેહૂદું છે. તેમનામાં સંતાઈ જવાની પ્રેરણા હોય છે. તેથી હું તેમની પાછળ અંદર ઊપડું છું; બીજાઓની સાથે બહુ ઓછા કામની જરૂર પડે છે; પરંતુ કેટલાક માણસો છે, તમે જાણો છો, તેમણે પોતે જ મને કહેલું છે – જ્યારે તેઓ મારી પાસે આવવાની તૈયારીમાં હોય છે ત્યારે તેમને કોઈ વસ્તુ પાછા ખેંચે છે અને કહે છે : "ના, ના, ના, ત્યાં જવાનો કોઈ અર્થ નથી,

શા માટે જાય છે ? માતાજીને મળવા જનાર ઘણા માણસો હોય છે તેમાં એકનો વધારો શા માટે કરવો ?" અને તેઓ આ રીતે પાછા ફરી જાય છે અને આવતા નથી. એટલે હું તેમને તો શું છે તે કાયમ કહું છું : "તે વસ્તુને સાંભળવી એ સારું નથી, કારણ કે તેનામાં સારું અંતઃકરણ નથી." કેટલાક લોકો તે સહન પણ કરી શકતા નથી. આ પ્રકારના પ્રસંગો બનેલા છે. કેટલાક લોકોને નાસી જવાની ફરજ પડેલી કારણ કે તેઓ પોતાની રચનાઓમાં ખૂબ આસક્ત હતા. અને તેમનામાંથી તેમને મુક્તિ જોઈતી નહોતી. અને સ્વાભાવિક રીતે જ પછી એક જ રસ્તો છે અને તે નાસી જવાનો !

તો આપણે આ સ્થિતિમાં છીએ.

આજના પૂરતું આપણે બંધ કરીએ.

૧૮ ઑગસ્ટ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "મા"
પ્રકરણ ૬ ઉપર આધારિત છે.

મધુર માતાજી, મને આ સમજાયું નહીં : આ શકિત મહાલક્ષ્મીની છે અને દિવ્ય શકિતનું કોઈ પણ સ્વરૂપ, શરીરધારી પ્રાણીઓ માટે આનાથી વધારે ચિત્તાકર્ષક નથી."

તેનો અર્થ માણસો. એ પૃથ્વી ઉપરના માનવીઓ માટે. પૃથ્વી ઉપરનાં પ્રાણીઓ માટે કહેવાની જુદી રીત છે. બીજા પણ છે – તેનો અર્થ પ્રાણીઓ પણ થાય છે. મહાલક્ષ્મી પ્રાણીઓ પ્રત્યે ખૂબ, ખૂબ પ્રેમાળ છે અને પ્રાણીઓ તેને બહુ ચાહે છે; ખૂબ જ ભયંકર પ્રાણીઓ પણ તેની પાસે બહુ નમ્ર બની જાય છે, અને એટલા માટે "માનવ પ્રાણીઓ" શબ્દો વાપરવાને બદલે શ્રી અરવિંદે "શરીરધારી પ્રાણીઓ," પ્રાણીઓ જેમણે પૃથ્વી ઉપર શરીર ધારણ કરેલું છે, એવા શબ્દો વાપર્યા છે.

(મૌન)

પ્રશ્નો ?

મધુર માતાજી, મને સમજ ન પડી : "તે પ્રભુની નશાખોર મધુરતાનું જાદુ ફેંકે છે...."

ન સમજ્યા ? કારણ કે તમારામાં કવિનું મન નથી, તેથી, તે એક કાવ્યમય સ્વરૂપની અભિવ્યકિત કરવા.... તમારે આ વસ્તુને શુષ્ક મનથી સમજવાની નથી, તમારે શબ્દો અને શબ્દસમૂહોના સંવાદ માટે થોડી ઊર્મિમય સૂઝ પણ હોવી જોઈએ.

"માહેશ્વરી વૈશ્વિક બળોની મોટી મોટી રેખાઓ આંકી આપે છે...."

આનો શો અર્થ : "વૈશ્વિક બળોની વિશાળ રેખાઓ ?"

તેનો અર્થ તે વિશ્વ કેવું બનવું જોઈએ તેની યોજના ઘડે છે. તેથી તે વિશાળ રેખાઓ આંકી આપે છે, કે જગત કેવું બનવું જોઈએ. તેનામાં એક સમગ્ર દૃષ્ટિ છે, વૈશ્વિક સર્જનની; વિગતો જોવાને બદલે તે વસ્તુઓની સમગ્રતા જુએ છે, તે યોજનાની વિશાળ રેખાઓ આંકી આપે છે કે સર્જન કેવું બનવું જોઈએ, તેણે કઈ

રીતે પ્રગતિ કરવી જોઈએ, અને પછીથી કેવાં પરિણામો આવશે. તેનામાં વૈશ્વિક દૃષ્ટિ છે, તેનામાં સમગ્રતા કરતાં વિગતો સાથે સંબંધ ઓછો છે.

> "બીજી શક્તિઓનું બધું જ કાર્ય, પૂર્ણતા માટે તેના (મહાસરસ્વતી) ઉપર આધાર રાખે છે"....

મહાસરસ્વતી. હા, કારણ કે તે છે.... (મૌન) સ્પષ્ટ રીતે પૂર્ણતાની દેવી. તેના માટે ઝીણામાં ઝીણી વિગત, છેવટે નીચે સુધીની તૈયાર થવી જોઈએ અને તે પણ પૂરેપૂરી પૂર્ણ રીતે. અને તેને જોઈએ છીએ, તે આગ્રહ રાખે છે કે તે પૂર્ણ ભૌતિક રીતે થવી જોઈએ, સમગ્રતયા, સ્થૂલ રીતે, જેથી તે હવામાં ન રહે, તમે સમજ્યા, જેમ માનસિક કે પ્રાણિક કાર્ય થાય છે તેમ, પરંતુ સર્વ વિગતો સહિત તે સ્થૂલમાં પ્રકટ થવી જોઈએ અને વિગતો પણ સંપૂર્ણ હોવી જોઈએ અને કોઈ પણ વસ્તુ લક્ષ્ય બહાર ન રહેવી જોઈએ. એટલે જે બીજી બધી શક્તિઓ બીજા પ્રદેશોમાં જે કાંઈ હાથ ઉપર લે તેનું તે સ્થૂલીકરણ કરે છે અને તેને ભૌતિક પૂર્ણતામાં લાવીને મૂકે છે.

> છેલ્લા પાઠમાંથી મારા માટે એક પ્રશ્ન છે. શ્રી અરવિંદે અહીં લખ્યું છે, આ પાર્થિવ જીવનલીલાના બધા પ્રવેશો નાટકની માફક મા ભગવતીએ યોજ્યા છે અને ગોઠવ્યા છે. (મા ભગવતીએ મહાશક્તિ તરીકે) તથા બ્રહ્માંડના દેવોને પોતાના મદદગાર તરીકે લઈને પોતે ગુપ્ત વેશે નટ તરીકે ભજવ્યા છે. એટલે દરેક વસ્તુ પૂર્વનિર્મિત છે, માતાજી, તો પછી આપણામાં સ્વતંત્ર — સંકલ્પશક્તિ હોય જ નહીં ને?

તે એ પ્રકારનું નથી. તેને તે રીતે મૂકવામાં આવ્યું છે અને વસ્તુઓને એ એક રીત છે. પરંતુ હકીકતમાં તો, તે છે.... (મૌન) તે વસ્તુ વિશે એટલી ચોકસાઈથી કહી શકાય કે, દરેક ક્ષણે, સમગ્ર વિશ્વનું નવસર્જન થાય છે, અને બન્ને વસ્તુ સરખી રીતે જ સત્ય છે.

(લાંબું મૌન)

જો આપણે દુનિયાને તે જેવી છે તે રીતની લઈએ, કોઈક પ્રકારના રાસાયણિક સંયોજનની માફક, અને આ શરીરના બંધારણમાંથી પરિણમતાં અનિવાર્ય પરિણામો સાથે, અને આપણે એમ વિચારીએ કે આ દ્રવ્યમાં કોઈ નવીન તત્ત્વ ગમે તે ક્ષણે પ્રવેશ પામે, તો તે આખું સંયોજન, સમગ્ર વસ્તુ પૂરેપૂરી બદલાઈ જાય, તમે સમજ્યા? સારુ, તે તેવા પ્રકારનું છે, ઓછા કે વધારે પ્રમાણમાં જટિલ માપમાં, પણ તે તેવા પ્રકારનું છે.

આખું વિશ્વ એક એવાં મૂળતત્ત્વોનો જથ્થો છે જે એક પ્રકારનું સંયોજન બનાવે છે અને તે સંયોજનના પ્રમાણે બધી જ વસ્તુઓ ગોઠવાયેલી છે – તે જ રીતે આંતરિક વ્યવસ્થામાં પણ (માતાજી બે હાથમાં પૃથ્વીના ગોળાને પકડતા હોય તે રીતની ક્રિયા બતાવે છે), બિલકુલ સખત રીતનું ગોઠવાયેલું છે. પરંતુ એ ચરમ બિંદુ નથી. તે એક નવું ઘડતર કરે જ જાય છે અને કોઈ ક્ષણે પણ, કોઈ એક પ્રકારના કાર્યથી એક અથવા થોડાં બીજાં નવીન તત્ત્વો સમગ્રમાં ઉમેરી શકાય, અને તાત્કાલિક, ચોક્કસ, બધાં જ આંતરિક સંયોજનોમાં ફેરફાર થાય. વારુ, આ વિશ્વ આવા પ્રકારનું છે.

હું આ સ્થૂલ વિશ્વની વાત કરું છું, આ ભૌતિક વિશ્વ કોઈ એક પ્રકારના પાસાનું સાકાર સ્વરૂપ છે, પરમ પ્રભુનું એક પ્રકારનું પ્રકટીકરણ, પરંતુ આ ભૌતિક સ્વરૂપ પ્રગતિશીલ છે – અને આવશ્યક રીતે સ્થિર નથી, ચોકકસ રીતે નિયમિત નથી, પરંતુ એક સૂક્ષ્મ સ્વતંત્રતાના નિયમને અનુસરે છે.

આ સંયોજનમાં નવાં તત્ત્વો દાખલ થાય છે અને સમગ્ર વ્યવસ્થામાં ફેરફાર થાય છે એટલે આ વ્યવસ્થા, જે પોતામાં પરિપૂર્ણ હતી અને તેના પોતાના ધર્મ પ્રમાણે વિકાસ પામતી હતી તે એકદમ ઓચિંતા ફેરફાર પામે છે. અને બધા જ આંતરિક સંબંધો ભિન્ન બની જાય છે. એટલે આ વસ્તુ કાં તો અણધારી વસ્તુ હોય એવી છાપ આપે છે અથવા તો જેવી રીત આ પ્રશ્ન પ્રત્યે માનવી જુએ તે રીતે તે અદ્‌ભુત લાગે છે, અને આ વસ્તુ બે સહઅસ્તિત્વ ધરાવતી વસ્તુઓનો બદલો વાળી દે છે, એક નિયતિ જે પોતાની અંદર નિરપેક્ષ હોઈ શકે, જો આ પ્રકારનું સ્વાતંત્ર્ય ના હોત તો નિરપેક્ષ જ હોત, અને વિશ્વમાં અણધારી અને વધારાની વસ્તુઓ માટે આવકાર ન હોત, મને ખબર નથી, તમે મેં કહ્યું તે સમજ્યા કે કેમ, પરંતુ મેં તે વસ્તુને વ્યકત કરવા માટેનો પ્રયત્ન કરેલો છે.

પરંતુ આ વધારો કઈ રીતે થઈ શકે?

ઈહ, આ વધારો?....

આ નવા તત્ત્વનો ઉમેરો....

હા. પરમ પ્રભુની ચેતનાની અભીપ્સા વડે.

પરમ પ્રભુની ચેતનાની અભીપ્સા?

હા. તે આ જગતમાં કાર્ય કરી રહી છે અને કાર્ય કરવાની જરૂરિયાતને લઈને કાર્ય કરતાં કરતાં એ એક ધ્યેય માટે કાર્ય કરે છે, તમે સમજ્યા તમોગ્રસ્ત થઈ ગયેલી ચેતનાને પાછી પોતાની દિવ્ય ચેતનાની સામાન્ય સ્થિતિમાં લાવવા માટે,

અને દરેક વખતે તેના કાર્યમાં તેને એક નવીન અવરોધની મુલાકાત થાય છે જેના ઉપર તેને મેળવવાનો હોય છે, એક નવીન વસ્તુનું રૂપાંતર કરવાનું હોય છે અને એક નવીન બલનું આહ્વાન કરે છે. (માતાજી પોતાના હાથ ખુલ્લા કરે છે) અને આ નવીન બલ એક નવા સર્જન જેવું હોય છે એટલે જેમ દરેક વસ્તુને પોત-પોતાનો વ્યવહાર હોય છે, દરેક સ્વરૂપમાં તેની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ હોય છે – માનવપ્રાણી – તેની ભિન્ન ભિન્ન ભૂમિકાઓમાં એક નિયતિ હોય છે જે એમ કહી શકાય કે નિરપેક્ષ છે. પણ તેનામાં પણ અભીપ્સા દ્વારા એક ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરવાની શક્તિ હોય છે અને આ ઉચ્ચ પ્રદેશની ભૂમિકાઓની નિયતિને તે વધારે પ્રકારની સ્થૂલ નિયતિઓમાં દાખલ કરી શકે છે. અને ત્યાં તે જ વસ્તુ હોય છે, બન્ને એકત્રિત થાય છે : દરેક ભૂમિકાની નિયતિને આપણે ક્ષિતિજ સમાંતર નિયતિ, (સમજવા માટે કહી શકીએ) અને દરેક ભૂમિકાની નિયતિ નિરપેક્ષ હોય છે છતાં ઉચ્ચતર પ્રદેશની નિયતિને દાખલ કરીએ એટલે તેમાં ફેરફાર થાય છે. એટલે દરેક નિયતિઓનું જૂથ એકીવખતે નિરપેક્ષ લાગે છે અને સ્વરૂપની અવસ્થાઓને દાખલ કરવાની સ્વતંત્રતા હોય છે, અથવા ચેતનાઓની અવસ્થાઓને અથવા ઉચ્ચતર પ્રદેશનાં બલોને; એટલે આ બલોને બોલાવીને બાહ્ય નિયતિઓમાં દાખલ કરવાથી દરેક વસ્તુ પૂરેપૂરી બદલાઈ જાય છે. અને ફક્ત આ રીતે જ આપણને એવી છાપ પડે છે કે વસ્તુઓ અણધારી રીતે બને છે, કાંઈક અગમ્ય છે અને સ્વતંત્રતાવાળી છે.

માતાજી, આપણે જેને "પ્રભુકૃપા" કહીએ છીએ તે આ છે?

(મૌન પછી) અમુક દૃષ્ટિબિંદુથી, હા. એટલે કે પ્રભુકૃપા સિવાય આમ બની શકે નહિ. (મૌન) પરંતુ તે નથી .... સિવાય કે વ્યક્તિ દરેક વસ્તુને પ્રભુકૃપા પાસે લાવીને મૂકી દે. એક ચોક્કસ પ્રકારની ચેતનાની અવસ્થા છે અને વસ્તુઓનું દર્શન, જે દરેક વસ્તુને પ્રભુકૃપાને જ હવાલો આપે છે અને એવું શોધી કાઢે છે કે ફક્ત પ્રભુકૃપા જ હસ્તી ધરાવે છે અને તે જ સર્વ કાંઈ કરે છે. પરંતુ આટલી હદ સુધી પહોંચતાં પહેલાં પણ સ્વરૂપમાં એક અંગત અભીપ્સાનું તત્ત્વ હોય છે અને પ્રભુકૃપા તેનો પ્રત્યુત્તર આપે છે. એ એક પ્રકારની કહેવાની રીત છે. વસ્તુ તો તેનાથી વધારે સૂક્ષ્મ છે અને વધારે અગમ્ય છે. આ વસ્તુને શબ્દોમાં વ્યક્ત કરવી અઘરી છે કારણ કે તો એક માનસિક રૂઢ વસ્તુ બની જાય અને વાસ્તવિકતાનો એક સમગ્ર ભાગ અદૃશ્ય થઈ જાય છે. પરંતુ જો કોઈને અનુભૂતિ હોય તો તે સારી રીતે સમજી શકે છે. અંતમાં વ્યક્તિને પોતાને તેની અનુભૂતિ હોવી જોઈએ.

મધુર માતાજી, "દિવ્ય ધૃણા" એટલે શું?

આહ, મારા બાળક (મૌન) તે ધૃણા છે, જેમાં પૂર્ણ કરુણા છે.

તે એવી વસ્તુ છે જે પોતાની ઉપર અશુભ આંદોલનો ઝીલે છે જેથી કરીને બીજાઓનું અનિષ્ટ દૂર થાય. પરિણામો .... (મૌન) ખોટી અને નિમ્ન ગતિ – જેણે ભૂલ કરી હોય તેના ઉપર ઠંડા કલેજે પાછી ફેંકવાને બદલે તે પોતાની અંદર સ્વીકારી લે છે, જેથી કરીને તે ભૂલનું પોતાની અંદર પરિવર્તન કરે અને જે ક્ષતિ થઈ હોય તેનાં ભૌતિક પરિણામો શકય હોય એટલાં ઓછાં કરી નાખે. હું માનું છું કે પ્રાચીન વાત, જેમાં શિવનો કંઠ છે તેમાં નીલ ડાઘ હતો કારણ કે તેણે જગતમાં જે બધું અનિષ્ટનું ઝેર હતું તે પી લીધેલું; તે દિવ્યધૃણાને વ્યક્ત કરવાની એક કાલ્પનિક રીત છે. આ વસ્તુએ તેના કંઠ ઉપર કાળો ડાઘ કરેલો.

માતાજી, જ્યારે પ્રભુ માનવની વેદનાને પોતાની ઉપર સ્વીકારી લે છે ....

હા ....

ત્યારે આ વેદનાની અસર આપણા ઉપર જેવી થાય છે તે રીતે જ પ્રભુ ઉપર થાય છે? એટલે કે આપણે જે રીતે દર્દ અને દુ:ખ અનુભવીએ છીએ તે રીતે જ પ્રભુ અનુભવે છે?

ના! હું કહી શકું કે ના! કારણ કે સ્પષ્ટ રીતે અજ્ઞાનની અવસ્થા અને જ્ઞાનની અવસ્થામાં તાત્ત્વિક ભિન્નતા હોય છે. તમને કાંઈક દર્દ આપનારી વસ્તુ બને એમ કહીએ અને અજ્ઞાનમય અવસ્થામાં આ દર્દજનક વસ્તુ એક વિશિષ્ટ લક્ષણ બતાવે છે, પરંતુ જો તમે આ દર્દમય વસ્તુ જ્ઞાનની સ્થિતિમાં સ્વીકારો તો તેનાં લક્ષણો ન બતાવે. ચાલો આપણે એક સ્થૂલ દાખલો લઈએ. કહો કે એક સ્થૂલ ફટકો, એક સરસ ફટકો (ક્રિયા) સારું, જ્યારે માનવી, સામાન્ય માનવ અજ્ઞાનતામાં હોય ત્યારે તેની પૂરેપૂરી અસર થાય. તેનો આધાર કેવળ તેની ઉગ્રતા ઉપર, કોણે તે ફટકો માર્યો, કોણે તે ઝીલ્યો, તેની ઉપર તે છે. તમે સમજ્યા, પરંતુ તે જ ફટકો તે જ રીતે મારવામાં આવ્યો હોય, તે જ વ્યક્તિ દ્વારા અને તે જ વ્યક્તિને જેનામાં અજ્ઞાનને બદલે જ્ઞાન હોય તો તાત્કાલિક શરીરનો પ્રતિભાવ એવો આવશે કે તેના પરિણામની અસર ઓછામાં ઓછી થશે. અને આ નક્કર હકીકત છે. કેટલીક વખત તો આ પરિણામોને બિલકુલ બિનઅસરકારક બનાવવા સુધી પણ જઈ શકાય છે. તે એટલી હદ સુધી જઈ શકે છે એટલે કે એવી સ્થિતિને અસરોને નાબૂદ કરી શકે છે કારણ કે તેનું પ્રતિકાર્ય અજ્ઞાનમાંથી આવવાને બદલે જ્ઞાનમાંથી આવેલું છે તેથી આપણે એમ ન કહી શકીએ કે તે એકની એક જ વસ્તુ છે.

નૈતિક બાબતોમાં તો આ બિલકુલ સ્પષ્ટ વસ્તુ છે, તમે સમજ્યા! કારણ કે તમે લાગણીને ધક્કો લગાડવાને બદલે દા. ત. સામાન્ય લાગણીની અહંકારયુક્ત,

તમસને બદલે વ્યક્તિ તટસ્થતાથી વિચારે અને જે વસ્તુ હોય તેનું જ નિરીક્ષણ કરે, કયાં આંદોલનોનું મિશ્રણ થયું છે તે નિહાળે અને તાત્કાલિક વ્યક્તિ તેના ઉપર પ્રકાશ, જ્ઞાન અને સત્ય ફેંકે તો બધી જ વસ્તુ તેની જગ્યાએ પાછી ચાલી જાય. પરંતુ હું આગ્રહ રાખું છું કે સૌથી ભૌતિક શરીર ઉપર પણ અને સૌથી સ્થૂલ રીતે પણ અસર એકસરખી થતી નથી

ઉપરાંત તે સમજવું બહુ સહેલું છે કારણ કે અસર જો એક જ પ્રકારની થતી હોય તો પ્રભુ પોતે પોતાના ઉપર અનિષ્ટ વસ્તુઓ સ્વીકારી લે તો તેમાં કોઈ પણ પ્રકારનાં સુખી પરિણામો ન આવે. કારણ કે તેઓ જે પ્રકારનાં છે તે પ્રકારનાં જ રહે. અને વિશ્વ જે પ્રકારનું છે તે પ્રકારનું જ રહે. તે એટલા માટે છે કારણ કે પ્રભુમાં તમસ-સયુક્ત આંદોલનોને પ્રકાશયુક્ત આંદોલનોમાં રૂપાંતર કરવાનું સામર્થ્ય છે જેથી કરીને તે પોતાની જાતમાં સર્વ વસ્તુને ધારણ કરી શકે. નહિ તો પછી આ બધું બિનઉપયોગી થાય એટલું જ નહિ પણ અશકય બને. તો એક અર્થહીનતા બને.

તે એક ભૌતિક ફટકો માણસ સ્વીકારે છે....

ઈહ ?

અહીં જ્ઞાનનો શો અર્થ ?

"જ્ઞાન" એટલે શું ? જો તમને જ્ઞાન હોય – કોષોનું આંતરિક જ્ઞાન, તેમનું અસ્તિત્વ, તેમનું બંધારણ, ફટકાનું પરિણામ, એટલે કે કોષો ઉપરનું પરિણામ, અને જો તો વખતે તમને જ્ઞાન હોય કે કોષો કેવા હોવા જોઈએ, અને ફટકો સ્વીકારતી વખતે કેવી રીતે પ્રતિકાર કરવો, શારીરિક પ્રકૃતિની રીતને બીજી રીતે તો ઈજા થયેલા ભાગને સારો કરવા માટે જે કલાકો, દિવસો અથવા મહિનાઓ લાગે તેને બદલે તમે તાત્કાલિક તેમાંથી રોગમુક્ત બનો, અને હકીકતમાં આ રીતે બને છે !

(થોડા મૌન પછી) તે બધું જ....એક કાર્યના નાનકડા ભાગનું વર્ણન છે કારણ કે જ્યારે કાર્ય સમગ્ર અને પૂર્ણ હોય ત્યારે આ ભૌતિક જ્ઞાનમાં આંતરિક જ્ઞાનનો ઉદય થાય છે, અને અતિમાનસ શક્તિઓ જેવી શક્તિઓને તેની અંદર ઉતારવામાં આવે છે ત્યારે ભૌતિક વિશ્વમાં જે વસ્તુઓ લાંબો સમય લે છે તેને બદલે તાત્કાલિક સમારકામ થઈ જાય છે અને તેમાં પણ ભૌતિક જ્ઞાનમાં ઉતારવા સફળ થાય છે, ઝડપી મદદ થાય છે એટલું જ નહિ પણ અતિમનસ શક્તિને અને જ્ઞાનને વચ્ચે મૂકવાથી સત્યની શક્તિનો તે જગા ઉપર પ્રક્ષેપ થાય છે – એવી રીતે કે દરેક વસ્તુને આ શક્તિની અસર નીચે મૂકવાથી વસ્તુઓ, તત્ત્વો, કોષો અને દરેક વસ્તુ, જે વસ્તુથી તેમની રચના થયેલ છે તે બધું જ અતિમનસ શક્તિને ગ્રહણ કરવા સમર્થ થાય છે અને પછી સત્યના ધર્મ અનુસાર વ્યવસ્થા થઈ

હોવાથી – ફટકાની અસરને નાબૂદ કરવાની તક મળશે અને અકસ્માતથી સર્જાયેલા નુકસાનને સાજું કરાશે એટલું જ નહીં પરંતુ તમારી સામાન્ય ચેતનામાં એક મહાન પ્રગતિ થશે – એક વિશિષ્ટ બિંદુ ઉપર પણ – શક્તિઓને ગ્રહણ કરવામાં, તેમને આત્મસાતૂ કરવામાં અને તેમની અસરો પ્રત્યે પ્રત્યુત્તર આપવામાં.

આમ જ્યારે વ્યક્તિ શક્તિનો સ્વામી બને છે ત્યારે તે અશુભ વસ્તુને આ રીતે શુભમાં રૂપાંતર કરી શકે છે. તે અમર્યાદ શક્તિ છે, એ અર્થમાં કે જો કોઈએ ભૂલમાં કોઈ ગંભીર વસ્તુ કરી હોય અને તેનામાં આ ત્રત-ચેતના અતિમનસ ચેતનાને ઉતારવાની શક્તિ હોય, અને તેને કાર્ય કરવા દે તો એક મહાન ગતિ માટેનો પ્રસંગ બને છે. (મૌન) એટલે કે માણસે કદી નિરાશ ન થવું જોઈએ; અથવા માણસથી ઘણી વખત ભૂલો થઈ ગઈ હોય તો પણ તેણે ફરીથી તે ન કરવાની સંકલ્પશક્તિ ધારણ કરવી જોઈએ અને ખાતરી રાખવી જોઈએ કે જો તે સંકલ્પશક્તિમાં દૃઢ હશે તો એક યા બીજા દિવસે તે મુશ્કેલી ઉપર વિજય પામશે.

તો આપણે તે સ્થિતિમાં છીએ.

મધુર માતાજી, મહાસરસ્વતી શા માટે ચારેમાંથી સૌથી નાની છે?

કારણ કે તેનું કાર્ય છેવટનું છે; તેથી તે છેલ્લી આવી (મૌન). અહીં જે રીતે ક્રમ અપાયો છે તે રીતે તેઓનો આવિર્ભાવ થયેલો. આ બધાં સ્વરૂપો મા ભગવતીના ગુણો છે, જે એક પછી એક કાર્યની જરૂરિયાત પ્રમાણે આવિર્ભાવ પામ્યા; અને પૂર્ણતાની જરૂરિયાત છેવટે આવી એટલે તે સૌથી નાની છે.

પરંતુ આ ચારે સ્વરૂપો એકબીજાથી સ્વતંત્ર છે?

થોડે ઘણે અંશે, પણ સમગ્ર રીતે નહીં. હંમેશ તે વસ્તુ તો એક જ છે. એક એવી સ્વતંત્રતા છે જે કેટલીક વખત સમગ્ર લાગે છે, અને એકીસમયે ગાઢ સંકળાયેલી લાગે છે, અને દરેક નિરપેક્ષ કહી શકાય. કેન્દ્રવર્તી ચેતના, એટલે આ સ્થૂલ જગતમાં મહાલક્ષ્મી છે એ તમે જાણો છો. આ બીજાં બધાં પાસાંઓના કાર્યને કાબૂમાં રાખવાની તેનામાં શક્તિ છે – જો કે તે દરેક બિલકુલ સ્વતંત્ર છે અને તેમની અભીપ્સા તરીકે કાર્ય કરે છે અને તેમ છતાં તે તેમના ઉપર કાબૂ રાખી શકે છે, એ અર્થમાં કે જો....

તમે કાલીનો દાખલો લો. જો કાલી એમ નક્કી કરે કે તેણે વચ્ચે પડવું છે, અને મહાલક્ષ્મી, જેનામાં વસ્તુઓ માટે વધારે સમગ્ર એનું વિશાળ દર્શન છે, તે જુએ કે વચ્ચે પડવાનો સમય પાકયો નથી અથવા વધારે વહેલું છે, તો તે મહા-કાલી ઉપર દબાણ મૂકીને એમ કહે, "શાંત રહે." અને બીજીને શાંત રહેવાની ફરજ

પડે; અને તેમ છત ના બિલકુલ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે છે.

પણ તે શા માટે કાલીને કાર્ય કરવા દેતી નથી કારણ કે અહીં તેઓ (શ્રી અરવિંદ) કહે છે કે જો મહાકાલી હસ્તક્ષેપ કરે તો જે બનતાં સદીઓ લાગે તે હાલ અત્યારે જ બની શકે.

હું કહું છું કે એટલા માટે જ મહાકાલી ત્યાં છે અને કાર્ય કરે છે. પરંતુ મહાકાલીને કાર્ય પ્રત્યે જોવાની એક આગવી રીત છે; અને જ્યારે કોઈને સમગ્ર દર્શન હોય ત્યારે તે જોઈ શકે કે આ, તમે જાણો છો, ... તે કાર્યની ફક્ત એક જ બાજુ જુએ છે અને બીજું જ્યારે સમગ્રનું દર્શન કરતું હોય ત્યારે તે કહી શકે, "આહ, નહીં, આ બરાબર સમય પાકયો નથી!" (મૌન)

આહ! મને લાગે છે કે હવે બંધ કરવાનો સમય થયો છે.

ગયે વખતે તમે કહેલું કે મેડમ ડેવિડ–નીલને પોતે કરેલા સર્જનને પાછું ઉતારી દેવાનું જ્ઞાન ન હતું અને તે કેમ કરવું તેની 'યુક્તિ' તમે શીખવી. (પવિત્ર મોટેથી ફરીને કહે છે) મેડમ ડેવિડ–નીલને પોતાના કરેલા સર્જનને પોતાનામાં સમાવી દેવાનું જ્ઞાન ન હોતું . . . .

આહ, હા, અને તેથી! . . . . તમે એમ ઇચ્છો છો કે હું તમને તે 'યુક્તિ' શીખવું? (હાસ્ય) પ્રથમ તો, જ્યાં સુધી તમે આવાં સર્જનો કરી શકો ત્યાં સુધી તમે રાહ જુઓ, અને પછીથી હું તમને 'યુક્તિ' આપીશ! (હાસ્ય)

૨૫ ઑગસ્ટ ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "માં" પ્રકરણ ૬ ઉપર આધારિત છે.

મા ભગવતીનાં બીજાં પણ મહાન વ્યકિત સ્વરૂપો છે. પરંતુ તેમનું અવતરણ કરાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું. એ સ્વરૂપોએ પૃથ્વી ચેતનાના ક્રમ-વિકાસમાં પેલાં સ્વરૂપોની માફક અગ્રભાગે કાર્ય કર્યું નથી. તેમાંનાં કેટલાંક સ્વરૂપોની હાજરી અતિમનસના સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. અને તેમાં પણ એક સ્વરૂપની સહાય અનિવાર્ય છે. એ સ્વરૂપ એટલે મા ભગવતીનું પરમ દિવ્ય પ્રેમમાંથી વહન કરતું ગહન, સમર્થ, આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે. આ આનંદ જ અતિમાનસ ચેતનાનાં સૌથી ઊંચાં શિખરો અને જડ તત્ત્વની સૌથી નીચી ખાઈઓ વચ્ચે સેતુરૂપ બની શકે તેમ છે. આ આનંદના હાથમાં જ અદ્‌ભુત દિવ્ય જીવનની ગુપ્ત ચાવી રહેલી છે અને અત્યારે પણ એ અદ્‌ભુત આનંદ પોતાના ગૂઢ કાર્યમાં રહીને આ વિશ્વની અન્ય શકિતઓને ટેકો આપી રહેલો છે."

મધુર માતાજી, આ કયું વ્યકિતસ્વરૂપ છે અને તે કયારે આવિર્ભાવ પામશે ?

મેં મારો જવાબ તૈયાર કરેલો છે. મને ખબર હતી કે કોઈ મને તે પૂછશે, કરણ કે બધી વસ્તુઓમાં આ ફકરો સૌથી વધારે રસપ્રદ છે અને મેં મારો જવાબ તૈયાર કરેલો છે. અને એક બીજા પ્રશ્નનો પણ જવાબ તૈયાર કરેલો છે. પરંતુ પહેલાં, હું આ પ્રથમ પ્રશ્નનો જવાબ વાંચીશ.

તમે પૂછયું, "આ કયું વ્યકિતસ્વરૂપ છે અને તે કયારે અહીં અવતરણ કરશે ?" (મૌન) અને આ મારો જવાબ છે."

"તે આવી ગઈ છે, એક શકિત અને પ્રેમની ભવ્યતા લઈને, એક દિવ્ય પ્રેમની તીવ્રતા જે અત્યાર સુધી આ પૃથ્વીના માટે અજ્ઞાત છે.

ભૌતિક વાતાવરણ તેના આવવાથી પૂરેપૂરું બદલાઈ ગયેલું હતું. અને નવીન અદ્‌ભુત શકયતાઓથી તે સંયુકત બનેલું છે.

પરંતુ અહીં તેને સ્થિર થવા માટે અને કાર્ય કરવા માટે એક ઓછામાં ઓછી ગ્રહણશીલતાની તેને જરૂર હતી. ફક્ત એક માનવ વ્યકિત, જેનામાં પ્રાણિક અને ભૌતિક પ્રકૃતિમાં જરૂરી ગુણો હોય, જેનામાં એક પ્રકારનું પરમ દર્શન, જેમાં સાહજિક અને સમગ્ર વિશુદ્ધિ હોય, પરંતુ તેની સાથે એક સમર્થ, મજબૂત અને સમતુલા-વાળું શરીર હોય, જેથી જે આનંદની તીવ્રતાને લઈને તે આવેલી છે તેને ભાંગી પડયા સિવાય ઝીલી શકે.

અત્યાર સુધીમાં જે વસ્તુ જરૂરી હતી તે વસ્તુને તે પ્રાપ્ત કરી શકી નથી. માણસો જિદ્દી રીતે માણસો જ રહે છે અને તેઓને અતિમાનવ થવાની ઈચ્છા નથી, અથવા તેઓ થઈ શકતા નથી. તેઓ ફક્ત તેમના માપમાં જ – માનવપ્રેમના માપમાં જ – કપાઈને વ્યક્ત થયેલા પ્રેમને જ ઝીલી શકે ! અને તેમની દૃષ્ટિમાંથી દિવ્ય આનંદનો અદ્ભુત પ્રેમ છટકી જાય છે.

એટલા માટે કેટલીક વખત તે શક્તિ પાછા ફરવાનું વિચારે છે અને તેને એમ લાગે છે કે આ પૃથ્વી તેને ઝીલવા માટે તૈયાર નથી. અને આ તો ભયંકર ખોટ છે. એ સત્ય છે કે તેની હાજરી ક્રિયાત્મક બનવાને બદલે ફક્ત નામની જ છે, કારણ કે તેને પોતાની જાતને પ્રકટ કરવાની તક મળતી નથી, પરંતુ તેમ છતાં તે દિવ્ય કાર્યમાં એક શક્તિશાળી સહાય છે. કારણ કે મા ભગવતીનાં બધાં પાસાંઓમાં આ એક જ સ્વરૂપ એવું છે જેનામાં શરીરનું રૂપાંતર કરવાની સૌથી વધારે મહાન શક્તિ છે. ચોક્કસ, જે કોષો દિવ્ય આનંદના સંપર્કથી આંદોલિત થઈ શકે છે તેમને ગ્રહણ કરીને ટકાવી શકે છે તે નવજન્મ પામેલા કોષો હોય છે, અને અમર બન-વાના માર્ગ ઉપર હોય છે. પરંતુ દિવ્ય આનંદનાં આંદોલનો અને સુખનાં આંદો-લનો તે જ પ્રાણિક અને શારીરિક વ્યવસ્થામાં એકસાથે રહી શકે નહીં. એટલે માણસે બધી જ મોજમજાની અનુભૂતિઓનો પૂરેપૂરો ન્યાય કરવો જોઈએ જેથી કરીને તે આનંદને ગ્રહણ કરવાની સ્થિતિમાં રહે. એવા બહુ ઓછા માણસો છે જેઓ સક્રિય જીવનનો ત્યાગ કરીને અને કડક સંન્યાસી જીવન ધારણ કર્યા સિવાય સુખ-સગવડતાને છોડી શકે અને તેમાંના પણ કેટલાક એવા છે જેઓ જાણે છે કે સક્રિય જીવનમાં જ રૂપાંતર સધાવું જોઈએ, તેઓ પણ સુખસગવડને ઓછી કે વત્તી રૂપના આનંદના સ્વરૂપને ગણે છે, અને આ રીતે પોતાના અંગત સંતોષની શોધને તેઓ ન્યાયી ઠેરવે છે અને તેમના પોતાના રૂપાંતરમાં તેઓ પોતે જ લગભગ હઠાવી ન શકાય એવાં વિઘ્નોને ઉત્પન્ન કરે છે.

આપણે અહીં બંધ કરીશું ? આપણે બીજે સમયે પૂરું કરીશું. તે મને શોધી કાઢવાનો સમય આપશે.

તો પછી, હવે જો, તમારે કોઈ પ્રશ્ન પૂછવો હોય....(લાંબું મૌન) પૂછો!

જે કોઈને કાંઈ કહેવાનું હોય તે કહી શકે....કોઈ પણ જેને કાંઈ કહેવાનું હોય, ફક્ત વિદ્યાર્થીઓ જ નહીં.

જા કોઈ તે વસ્તુ માટે હજુ સુધી સફળ થયું નથી, માતાજી, તો તે માટે પ્રયત્ન કરી શકાય ?

શું ?

જો કોઈ અત્યાર સુધી સફળ ન થયું હોય તો તે પ્રયત્ન કરી શકે ?

ઓહ ! વ્યક્તિ કાયમ પ્રયત્ન કરી શકે. જગત દરેક ક્ષણે નવીન જન્મ પામે છે, તમે આ ક્ષણે જ નવ જગતનું સર્જન કરી શકો છો, જો તમે પોતે જાણતા હો કે કઈ રીતે, એટલે કે જો તમે તમારી પ્રકૃતિમાં ફેરફાર કરવા શક્તિમાન હો તો.

મેં એમ નથી કહ્યું કે તે ચાલી ગઈ છે, મેં કહ્યું કે તે ચાલી જવાનો વિચાર કરે છે, કોઈક કોઈક વખત, અમુક અમુક સમયે.

પરંતુ માતાજી, તેણે શક્યતા જોઈ હશે માટે નીચે આવી !

ઈહ ?

તેણે નીચે અવતરણ કર્યું, કારણ કે એક શક્યતા હતી, કારણ કે વસ્તુઓ અમુક અવસ્થાએ પહોંચી હતી અને સમય આવી પહોંચ્યો હતો જ્યારે તે નીચે અવતરણ કરી શકે.

હકીકતમાં તે નીચે ઊતરી કારણ કે મેં વિચાર્યું કે એ શક્ય છે.... તે સફળ થઈ શકશે....(મૌન) કાયમ શક્યતાઓ હોય છે જ, ફક્ત.... તેઓએ સ્થૂલમાં ઊતરવું જોઈએ. તમે જુઓ, મેં તમને જે કહ્યું તેની સાબિતી છે કે તે જે ક્ષણે આવેલી તે ક્ષણે અને તે સમય દરમિયાન.... બે કે ત્રણ અઠવાડિયાં સુધી, ફક્ત આશ્રમનું જ વાતાવરણ નહીં પરંતુ પૃથ્વીનું પણ એક એવી શક્તિથી રણઝણતું હતું, ચોક્કસ, એટલા બધા તીવ્ર દિવ્ય આનંદથી, જે એટલી બધી અદ્ભુત શક્તિનું સર્જન કરે છે, કે જે વસ્તુઓ પહેલાં કરવાનું બહુ મુશ્કેલ હતું તે તાત્કાલિક બની શક્યું હોત ! આખા જગત ઉપર તેના તીવ્ર પ્રત્યાઘાતો ઉત્પન્ન થયા. હું ધારતી નથી કે તમારામાંનો કોઈ એક પણ આ બાબતથી સભાન હોય. તમારામાંનું કોઈ પણ મને કહી શકયું પણ નહિ કે તે કયારે બન્યું. કહી શકયા ?

તે કયારે બન્યું ? (હાસ્ય)

મને તારીખો યાદ નથી. હું જાણતી નથી. હું તારીખો યાદ રાખતી નથી. હું તમને આશરે આ રીતે કહી શકું. (મૌન) જો હું કદાચ મારા કાગળોમાં જોઉં તો

હું તારીખો શોધી શકું પણ હું તારીખો જાણતી નથી. આ બધી વસ્તુઓ મારે માટે એવી છે જે.... હું એટલું જ જાણું છું કે તે શ્રી અરવિંદે શરીરનો ત્યાગ કર્યો તે પહેલાં બન્યું હતું. તે તેમને પહેલેથી કહેવામાં આવ્યું હતું અને તેમણે આ હકીકતને પારખેલી.

(મૌન)

અચિતૂની સાથે એક ભયંકર લડાઈ થઈ હતી કારણ કે જ્યારે મેં જોયું કે ગ્રહણશીલતા જેવી હોવી જોઈએ તેવી ન હતી તેથી મેં તેના માટે જવાબદારી અચિતૂ ઉપર મૂકી, અને મેં ત્યાં લડાઈ આપવા પ્રયત્ન કર્યો. હું એમ નથી કહેતી કે તેનાથી કોઈ પણ પરિણામ ન આવ્યું, પરંતુ જે પરિણામ આવ્યું અને જેને માટે આશા રાખી હતી તેની વચ્ચે ઘણો તફાવત હતો.

પણ આ હું તમને કહું છું, તમે સમજ્યા.... તમે બધા એટલા બધા નજીકના છો, તમે વાતાવરણમાં સ્નાન કરો છો, પણ ....કોણ આના વિશે સભાન હતું ? તમે તમારું દરરોજનું નાનકડું જીવન જીવતા રહ્યા, નહીં ?

(મૌન)

મને લાગે છે કે તે ૧૯૪૬માં બન્યું, માતાજી, કારણ કે તમે અમને તે વખતે ઘણી બધી વસ્તુઓની વાત કરેલી !

સાચું !

(લાંબું મૌન)

મધુર માતાજી, હવે જ્યારે તે આવી છે, ત્યારે અમારે શું કરવું જોઈએ ?

ઈહ ?

અમારે શું કરવું જોઈએ ?

તમે જાણતા નથી ? તમે .... (મૌન) તમારી ચેતનાને બદલવા પ્રયત્ન કરો.

(લાંબું મૌન)

હવે ! હવે તમારે મને જે પ્રશ્નો પૂછવાના હતા તે પૂછો .... (એક બાળક તરફ ફરીને) તારે કાંઈ કહેવાનું નથી ?

માતાજી, એક પણ એવી વ્યકિત નથી ?

ઈહ ?

એક પણ એવી વ્યકિત નથી ?

હું જાણતી નથી !

તો તમે તમારો સમય આ બધા આશ્રમના માણસો સાથે અત્યારે ખોટો વેડફો છો ?

ઓહ, પરંતુ તમે સમજો કે, ગુહ્ય વિદ્યાના દૃષ્ટિબિંદુથી, એ એક પસંદગી છે. બાહ્ય દૃષ્ટિબિંદુથી તમે મને કહી શકો કે આ જગતમાં કેટલાક એવા માણસો છે જેઓ તમારાથી ઘણા ચડીયાતા છે, તો હું તમારો વિરોધ નહિ કરું. પરંતુ ગુહ્ય-વિદ્યાના દૃષ્ટિબિંદુથી તે એક પસંદગી છે, અહીં કેટલીક છે.... કોઈ પણ માણસ ભૂલ કર્યા વગર કહી શકે કે ઘણા- ખરા યુવાન માણસો, જેઓ અહીં છે, તેઓ અહીં આવ્યા છે, કારણ કે તેમને વચન આપવામાં આવ્યું છે કે તેઓ સાક્ષાત્કારના સમયે અહીં હશે. તેઓને આ વસ્તુ યાદ નથી. (માતાજી હસે છે) મેં તમને ઘણી વખત કહ્યું છે કે માણસ જ્યારે આ પૃથ્વી ઉપર નીચે આવે છે ત્યારે તે ઊંધે માથે નીચે પડે છે, અને આ તેને મૂઢ બનાવી દે છે. (હાસ્ય) એ દયાજનક વસ્તુ છે. પરંતુ તેમ છતાં આ મૂર્છામાંથી તે બહાર આવી શકે છે, ન આવી શકે ? જરૂરી વસ્તુ એ છે કે માણસે પોતાની જાતની અંદર પ્રવેશ કરવો જોઈએ, અને તેની અંદર અમરત્વની ચેતના શોધી કાઢવી જોઈએ, અને પછીથી માણસ ખૂબ તીવ્ર રીતે સભાન બને છે. ત્યારે તેણે પોતે જે વસ્તુ માટે અહીં આવવા માટેની અભીપ્સા કરી હતી કે જ્યારે દિવ્ય કાર્ય સિદ્ધ થાય ત્યારે તે સંજોગોને બહુ સ્પષ્ટ રીતે યાદ કરી શકે. પરંતુ છેવટે તો સત્ય કહેવાને માટે હું એમ વિચારું છું કે તમારું જીવન એટલું બધું સરળ છે કે તમે પોતે વધારે તકલીફ લેતા નથી !.... શું તમારામાંના એવા ઘણા માણસો છે કે જેમને તેમના ચૈત્ય પુરુષની શોધ માટે તીવ્ર [જરૂરિયાતનો ખરેખર અનુભવ થાય ? એવું જાણવાની ખરેખરી ઇચ્છા કે તમે ખરેખર કોણ છો, તમારે શું કરવાનું છે, તમે શા માટે અહીં છો ? તમે જીવન જીવે જાઓ છો અને વસ્તુઓ બહુ સહેલી હોતી નથી ત્યારે ફરિયાદો પણ કરો છો અને પછીથી જે રીતે વસ્તુ આવે તે રીતે તમે તેને સ્વીકારી લો છો, અને કેટલીક વખત, કોઈ અભીપ્સા જાગ્રત થાય અને પોતાની જાતમાં કોઈક તકલીફ આવી પડે ત્યારે માણસ કહે છે, "ઓહ, માતાજી ત્યાં છે, તે મારે માટે બધું ગોઠવી આપશે." અને પછીથી કોઈક બીજી જ વસ્તુઓનો તે વિચાર કરે છે !

પરંતુ માતાજી, પહેલાં તો તમે આશ્રમમાં બહુ કડક હતાં ! હવે તમે એવાં નથી, એમ કેમ ?

હા. આ વસ્તુ મેં સદાય કહેલી છે. તે વસ્તુ અમારે આશ્રમમાં નાનાં બાળ-કોને દાખલ કરવાની ફરજ પડી ત્યારથી બનેલી છે. આટલી ઊંચાઈવાળાં બાળકોની પાસે તમે સંન્યાસીનું જીવન જીવવાની કલ્પના પણ ન કરી શકો ! (ક્રિયા) એ શક્ય પણ નથી. તે વિશ્વયુદ્ધની ભેટ હતી ! લોકોએ જ્યારે શોધી કાઢયું કે પોંડિ-

ચેરી પૃથ્વી ઉપરનું સૌથી સલામત સ્થળ છે ત્યારે કુદરતી રીતે જ.... લોકો બાળકોનાં ટોળાં લઈને આવ્યા અને તેમણે પૂછયું કે તેમને આશ્રામમાં આશ્રાય મળી શકશે કે કેમ, ત્યારે તેમને કાંઈ પાછા કાઢી શકાય નહીં !.... તે રીતે બનેલું, બીજી કોઈ રીતે નહિ.

શરૂઆતમાં તો સૌથી પ્રથમ વસ્તુમાં પહેલી જ શરત એ હતી કે માણસને હવે પછીથી પોતાના કુટુંબની સાથે કોઈ પણ જાતનો વ્યવહાર નહિ રાખવાનો. જો માણસ પરિણિત હોય તો તેણે તે ક્ષણથી સમગ્ર રીતે ભૂલી જવાનું કે તેને પત્ની અને બાળકો હતાં, અને બધા જ સંબંધોને તેણે કાપી નાખવાના ! તેને તેઓની સાથે કોઈ પણ સંબંધ રાખવાનો નહોતો. જો કોઈ સ્ત્રી અહીં આવવા માટે પૂછે, કારણ કે તેનો પતિ અહીં હતો તો તેને કહેવામાં આવતું કે "તારું અહીં કાંઈ કામ નથી."

શરૂઆતમાં તો અમે ઘણાં ઘણાં ઘણાં કડક હતાં, ઘણા લાંબા સમય સુધી આ અમારી પ્રથમ શરત હતી : હવે તમારે અને તમારા કુટુંબને કોઈ સંબંધ નહીં. વારુ, અત્યારે તો અમે તેનાથી ઘણાં જુદાં છીએ, ખરું ને ? અને હું તમને કહું છું કે વસ્તુ આ રીતે બનેલી. એનો અર્થ એવો નથી કે એ અમે એ શરતને જરૂરી નહોંતા ગણતા; એ જરૂરી શરત હતી. જ્યાં સુધી માનવી પોતાની જાતને જીવનમાં બધી ગ્રંથિઓથી બંધાયેલી રાખે છે જે તમને સામાન્ય જીવનના ગુલામ બનાવી દે છે ત્યાં સુધી તમે કેવળ પ્રભુના જ કઈ રીતે રહી શકો ? તે તો મૂર્ખાઈ કહેવાય, તે શકય નથી ! પરંતુ જો તમે આશ્રામના પહેલાંના નિયમો વાંચવાની તકલીફ લો તો તે વખતે માણસો વચ્ચેની મિત્રાચારીને પણ ઘણી જોખમકારક ગણવામાં આવતી અને બહુ ઈચ્છનીય ગણાતી નહીં. અમે એવા પ્રકારનું વાતાવરણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલો કે ત્યાં ફકત એક જ વસ્તુની કિંમત હતી, દિવ્ય જીવનની. પરંતુ મેં કહ્યું તે પ્રમાણે, તમે જાણો છો, ધીરે ધીરે તેમાં ફેરફાર થઈ ગયો.

આ વસ્તુનો એક ફાયદો છે. અમે જીવનની બહુ બહાર હતા. ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા નહીં. પરંતુ જ્યારે પૂર્ણ અભિવ્યકિત થાય છે ત્યારે જે પ્રશ્નો ઓચિંતા ઉપસ્થિત થાય છે તેમને તાત્કાલિક હાથ ધરવા પડયા અને તેમનો ઉકેલ લાવવો જરૂરી બન્યું. પણ તે વધારે જટિલ બને છે. અને આમ ઘણી વસ્તુ શીખવા મળે છે, ઘણી મુશ્કેલીઓનો નિકાલ આવે છે. અને કદાચ હાલના સંજોગોમાં એટલી બધી મોટી સંખ્યાનાં તત્ત્વો અહીં હાજર છે જેમને જરા પણ ખબર નથી કે કયા હેતુ માટે તેઓ અહીં છે.... ત્યારે પહેલાંના સાધકો કરતાં હાલના સાધકો પાસેથી વધારે પ્રયત્નની માગણી થાય છે.

પહેલાં, તમે જાણો છો કે અમે પાંત્રીસ કે છત્રીસ સાધકોથી શરૂઆત કરેલી. પરંતુ દોઢસોની સંખ્યા સુધી તે પ્રમાણે ચાલ્યું .... તેઓને જાણે મારી ચેતનામાં ઈંડાના કોચલામાં રાખવામાં આવેલા, ખૂબ નજીક, તમે જાણો છો, જેથી કરીને, હું તેમની બધી જ ક્રિયાઓમાં માર્ગદર્શન આપતી, બાહ્ય તેમ જ આંતર ક્રિયાઓમાં, બધો જ સમય માટે, અને બધું જ કાબૂમાં હતું, દરેક ક્ષણે, રાત્રિ કે દિવસ દરમ્યાન પણ. અને સ્વાભાવિક રીતે જ, હું માનું છું કે તેમણે પ્રગતિ કરેલી. એ સાચું છે કે મેં તેમના માટે સાધના કરેલી, બધા જ સમય દરમ્યાન, પણ પછીથી, તમે જુઓ, કોઈ ધસારાને લઈને, કોઈ પણ આ નાનાં નાનાં ત્રણ, ચાર કે પાંચ વર્ષનાં ભૂલકાં સાથે સાધના કરી શકે નહીં. તે પ્રશ્ન જ ન રહે. હું એટલું જ કરી શકું કે તેમના ઉપર ચેતના મૂકી શકું અને એટલું જોવા માટે પ્રયત્ન કરું કે તેઓ શકય એટલી સારી રીતે ઊછરે.

એટલે આ વસ્તુનો એક લાભ છે. પૂરેપૂરા નિષ્ક્રિય રીતે પરતંત્ર રહેવાને બદલે, દરેકે પોતાનો નાનકડો પ્રયત્ન કરવાનો રહે છે અને સાચું કહીએ તો આ ઉત્તમ છે !

અત્યારે મને યાદ નથી કે આજે મેં કોને કહ્યું – મને લાગે છે કે 'જન્મદિન' વાળી વ્યક્તિ છે .... ના, મને ખબર નથી .... કોઈએ મને કહ્યું કે તેને અઢાર વર્ષ થયાં.

તે કહેનાર જ્યા છે.

હા, મને ખબર છે આજે તેનો જન્મદિન છે. પણ મને ખબર નથી કે મેં તેને કહેલું કે કેમ. આજે સવારે મેં કોઈને કહેલું.

મેં કહેલું કે મેં અઢાર અને વીસ વર્ષની વચ્ચે એક દિવ્ય હાજરી સાથે સતત સચેતન ઐકય સાધેલું અને તે મેં એકલીએ જ કરેલું અને કોઈ પણ વ્યકિતની મદદ વગર, પુસ્તકોની પણ નહીં. તમે સમજ્યા ! અને મને એક વસ્તુ મળી – મારા હાથમાં થોડા વખત પછીથી વિવેકાનંદનો 'રાજયોગ' આવ્યો તે વસ્તુ મને એટલી બધી અદ્ભુત લાગેલી, તમે સમજ્યા, કે કોઈકે મને કાંઈક સમજાવ્યું. આ વસ્તુએ મને થોડા મહિનાઓમાં એટલો લાભ આપ્યો જે પ્રાપ્ત કરતાં મને કદાચ વર્ષો લાગ્યાં હોત.

હું એક માણસને મળી, કદાચ તે વખતે ૨૧ વર્ષની હોઈશ. મને લાગે છે કે કદાચ વીસ અગર એકવીસ. હું એક ભારતના માણસને મળી જે અહીંથી આવેલ અને તેણે મને ગીતા વિશે કહ્યું. એ એક ભાષાંતર હતું જે બિલકુલ કનિષ્ઠ હતું

અને તેણે મને તે વાંચવાની સલાહ આપેલી અને મને તેની ચાવી આપેલી – તેની ચાવી, તે તેની ચાવી હતી. તેણે મને કહ્યું, "ગીતા વાંચો. આ ગીતાનું ભાષાંતર પૂરેપૂરું બરાબર નથી પણ તે ફક્ત ફ્રેન્ચ ભાષામાં એક જ છે.' તે વખતે હું કોઈ પણ બીજી ભાષામાં કાંઈ પણ સમજી શકી ન હોત. ઉપરાંત અંગ્રેજી ભાષાંતરો તો એટલાં ખરાબ હતાં અને શ્રી અરવિંદે હજુ સુધી પોતાનું પુસ્તક લખેલું નહીં ....

તેણે મને કહ્યું, "ગીતા વાંચો અને કૃષ્ણને સર્વવ્યાપક પરમાત્માના પ્રતીક તરીકે લો. આંતરિક પ્રભુ." આટલું જ તેણે મને કહ્યું. તે "આ રીતે વાંચો – એવા જ્ઞાનથી કે કૃષ્ણ ગીતાના સર્વવ્યાપક દેવના પ્રતિનિધિ છે અને તે પ્રભુ તમારી અંદર છે." વારુ, અને એક મહિનામાં સારું યે કાર્ય પૂરું થયું !

હવે તમે જુઓ, તમે તમારી બાલ્યાવસ્થાથી અહીં છો, તમારામાંના કેટલાક. દરેક વસ્તુ તમને સમજાવવામાં આવેલી છે. તમારે માટે બધું જ ચાવી કરીને તૈયાર રાખવામાં આવેલું છે. તમને – કેવળ શબ્દોથી જ નહીં પરંતુ ચૈતસિક મદદ વડે પણ, બધી જ શકય રીતની મદદ વડે – આંતરિક શોધના રસ્તા ઉપર મૂકી દેવામાં આવ્યા છે, અને તેમ છતાં તમે આવી રીતે (ક્રિયા) જીવન જીવે જાઓ છો. તે આવવાનું હશે ત્યારે આવશે, જો તમે તેના વિશે કાંઈ પણ વિચારતા હો તો !

તો પછી બધું આ રીતનું છે. પરંતુ આ બધું મને નાસીપાસ કરતું નથી. કેમ, મને તે બધું બહુ આનંદદાયક લાગે છે. ફક્ત કેટલીક બીજી વસ્તુઓ છે જે મને વધારે ગંભીર લાગે છે. તે તમે જ્યારે તમારી આત્મવંચના કરો છો ત્યારે .... તે ખરેખર સારું નથી. તમારે એક વસ્તુને બીજી વસ્તુને બદલે લેવી ન જોઈએ. તમારે જે હકીકત હોય તેને સાચા સ્વરૂપે સમજવી જોઈએ અને માનવ પ્રેરણાને માનવ પ્રેરણા જ કહેવી જોઈએ અને મારી પાસે શુદ્ધ માનવીય વસ્તુઓને દિવ્ય વસ્તુઓ તરીકે ન કહેવી જોઈએ. તમે આ સ્થિતિમાં છો ! તમે જ્યારે સાવ સામાન્ય ચેતનાનું જીવન જીવો છો ત્યારે તમને અતિમાનસના અનુભવો થાય છે એવો દંભ ન કરવો જોઈએ.

તો આપણે આ સ્થિતિમાં છીએ. તમે જો આ વસ્તુને સ્પષ્ટ રીતે જુઓ અને જાણો કે તમે કેવા છો અને સંજોગવશાત્ તમે નિશ્ચય કરો ....

મને આશ્ચર્ય તો એ વાતનું છે કે તમને તેની તીવ્ર જરૂરિયાત પણ જણાતી નથી. "કઈ રીતે માણસ જાણી શકે ?" કારણ કે તમે જાણો છો – તમને વારંવાર કહેવામાં આવ્યું છે, તમારા કાનમાં વારંવાર ઠસાવીને કહેવામાં આવ્યું છે – કે તમે સમજો કે તમારી અંદર દિવ્ય ચેતના છે અને તમે એક પછી એક રાત્રિ દરમ્યાન

ઊંધ્યા કરો છો અને દિવસોના દિવસો રમતોમાં પસાર કરો છો, અને દિવસોના દિવસો સુધી શીખ્યા કરો છો અને છતાં તમે તમારી પોતાની અંદર પ્રવેશ કરવાનો ઉત્સાહ કે તીવ્ર સંકલ્પશક્તિ રાખતા નથી, હા, તમારી જાત સાથે, અહીં તમારી પોતાની અંદર !.... (માતાજી પોતાની છાતીના મધ્યબિંદુનો નિર્દેશ કરે છે). આ, ખરેખર આ, મારી સમજમાં આવતું નથી !

મેં પ્રથમથી જ જાણેલું – અને મને કોઈએ કહેલું–નહીં પરંતુ મેં અનુભવથી જાણેલું – મેં પહેલાં જ જાણ્યું કે મારે મારી અંદર કોઈક શોધ કરવાની છે અને તે જ **સૌથી અગત્યની વસ્તુ** છે. આ વસ્તુને સૌથી અગ્રિમતા આપવાની હતી. મને જ્યારે એક પુસ્તક અને એક માણસ મળી આવ્યાં, જરા જેટલું પણ સૂચન આપવા માટે, એટલું કહેવા માટે, "તું અહીં છો, જો તું આ કરીશ તો તારે માટે માર્ગ ખુલ્લો થશે," અને હું ઊંધે માથે ધસી ગઈ, વાવાઝોડાની માફક, અને મને કોઈ વસ્તુ અટકાવી શકી ન હોત.

અને કેટલાં બધાં વર્ષોથી તમે અહીં અર્ધ-ઊંઘમાં પડયા રહ્યા છો ! તમે થોડે થોડે વખતે તે વિશે વિચાર કરો છો અને ખાસ કરીને જ્યારે હું તમને તે વિશે કહું છું ત્યારે; તમે કેટલીક વખત વાંચો છો. પરંતુ તે ઉત્સાહ, બધાં વિઘ્નો ઉપર વિજય મેળવે એવો ઉત્સાહ અને એકાગ્રતા જે વસ્તુઓને આવરી લે તે તમારામાં કયાં છે ?

હમણાં જ મને કોણે પૂછયું કે તેણે શું કરવું જોઈએ ?

મેં

વારુ, મારા બાળક તારે આ વસ્તુ કરવી જોઈએ. મેં હમણાં કહ્યું તે.

મધુર માતાજી, અમે તમારા સ્પર્શ પ્રત્યે મુલાયમ કઈ રીતે બની શકીએ ?

હું સાંભળી શકતી નથી !

તમારા સ્પર્શ પ્રત્યે અમે કેવી રીતે મુલાયમતા ધારણ કરી શકીએ ?

ઓહ, મુલાયમતા ? જ્યારે તમે શુભેચ્છાથી ભરેલા હો, જ્યારે તમે જાણો કે તમે કાંઈ જાણતા નથી, તમારે બધું જ શીખવાનું છે ત્યારે તમે થોડા મુલાયમ બનવાની શરૂઆત કરો છો, અને જ્યારે એક બળ તમારા ઉપર દબાણ મૂકે ત્યારે તમે તેને પ્રત્યુત્તર વાળો છો.

પરંતુ તમે અહીં આ વર્ણન વાંચો .... તમારે ફકત પુસ્તક વાંચીને છેવટનું વર્ણન ફરી ફરી વાંચવાનું છે, અને એટલું જ પૂરતું છે. માણસો કઈ સ્થિતિમાં છે

તેનું યથાયોગ્ય ચિત્ર છે. તે છેવટના પાના ઉપર છે.... સ્થૂલનું વર્ણન, મનનું અને પ્રાણનું વર્ણન જે બધું જ અહીં છે તે; અને તેઓ આ વર્ણન વારંવાર આપે છે ખરું ને? (લાંબું મૌન, માતાજી પુસ્તક લે છે અને પેરેગ્રાફ શોધે છે) આ રહ્યું આ ફકરામાં; "પરંતુ સાવધાન રહેજો, અને મા ભગવતીને સમજવા માટે કે એના વિશે નિર્ણય બાંધવા માટે તમારા નાનકડા પાર્થિવ મન વડે પ્રયત્ન કરશો નહિ. માનવ મન પોતાનાથી પર રહેલી વસ્તુઓ માટે પણ પોતાનાં સામાન્ય ધારાધોરણો વડે, પોતાની સંકુચિત તર્કશક્તિ વડે અને સ્ખલનશીલ સંસ્કારોને આધારે, પોતાના ઉદ્ધત અને અગાધ અજ્ઞાન વડે અને પોતાના શુદ્ર આત્મ-સંતોષના જ્ઞાન વડે માપવા ચાહે છે." આ વસ્તુ તમે વારંવાર વાંચો, તે તમને સારી સમજ પ્રત્યે દોરી જશે.

તો આપણે આ સ્થિતિમાં છીએ. એટલું બસ છે ને? બીજું કાંઈ પૂછવાનું નથી ને? કોઈને કાંઈ પૂછવાનું નથી? જેને કાંઈ કહેવાનું હોય તે અત્યારે સાંજે કહી શકે છે. (એક બાળક પ્રત્યે) તારે કાંઈ કહેવાનું નથી? તારે પણ નહીં? કોઈને નહીં? કોઈ એક શબ્દ પણ બોલતું નથી!

ત્યાગીની શિસ્ત આપણને આસક્તિમાંથી મુક્તિ અપાવવામાં મદદગાર નથી?

ના, તે તમારા ગર્વને બહેકાવે છે અને મજબૂત કરે છે.

પરંતુ તમે કહ્યું "આનંદપ્રમોદોનો ત્યાગ કરો." તો પછી....

આનંદનો ત્યાગ કરો.... પરંતુ ત્યાગીના નિયમનથી વ્યક્તિ આનંદનો ત્યાગ કરતી નથી! એક આંતરિક પ્રકાશથી અને તમારા સ્વરૂપના ઊર્ધ્વીકરણથી તમને અનુભવ થાય છે કે તમારા આનંદપ્રમોદમાં કઈ વસ્તુ જડ અને તમોગુણી છે અને તેનો ત્યાગ કરવાનો છે.

જો અમે જડ આનંદપ્રમોદોમાં રહેલા હોઈએ તો અમારે તેમના ઉપર કઈ રીતે વિજય મેળવવો જોઈએ?

પરંતુ તમે કેવળ વસ્તુઓના આનંદપ્રમોદમાં નથી રહેતા; નહિ તો હું ધારું છું કે તમે અહીં હોઈ શકો નહીં.

પરંતુ દરેક વસ્તુ આનંદ છે, ખરું ને? આનંદ એટલે.... આનંદ. અમે સુખસગવડથી રહીએ છીએ, અમે ખાઈએ છીએ વગેરે. અને આ બધું જ આનંદ નથી?

(આશ્ચર્યથી) આ બધું તમે આનંદ માટે કરો છો? (હાસ્ય) એ તમારો ખ્યાલ

હોઈ શકે, મારે તમને કાંઈ કહેવાનું નથી. જો તમે ઉચ્ચતર જીવન માટે અભીપ્સા રાખતી હોય તે વસ્તુ અને બીજી વસ્તુ જે સામાન્ય જીવનની સુખસગવડવાળી લાગતી હોય તે બન્ને વચ્ચેનો ભેદ ન અનુભવી શકતા હો તો હું તમને મદદ કરી શકું નહીં. પ્રથમ તો તમારે તે વસ્તુને તમારી અંદર શોધેલો હોવી જોઈએ.

પરંતુ બહારનું નિયમન મદદ કરતું નથી ?

જો તમે તમારી જાત ઉપર શિસ્ત લાદો અને તે અતિશય મૂર્ખતાભર્યું ન હોય તો તમને મદદ કરે. એક શિસ્ત, તમે હું કહું કે – જે નિયમનો, તપસ્યાઓ અને સંન્યાસીઓના શિસ્તો સાધારણતયા આચરણમાં મૂકવામાં આવે છે તે તમને અભિમાની બનવાનાં શ્રેષ્ઠ સાધનો છે. તે તમારી અંદર એટલા બધા ભયંકર અભિમાનનું સર્જન કરે છે કે તમે કદી, કદી પણ રૂપાંતર પામશો નહીં. અને તેને તમારે હથોડાના ઘા મારીને તોડવું પડશે.

પ્રથમ શરત તો તંદુરસ્ત નમનીયતા હોવી જોઈએ, જે તમને એવું ભાન કરાવે કે જો તમને ટકાવી રાખવામાં, પુષ્ટિ આપવામાં, મદદ આપવામાં કે માર્ગદર્શન આપવામાં પ્રભુ તરફથી મદદ મળતી નથી તો તમે કાંઈ પણ નથી. એ સ્થિતિ જ્યારે તમે અનુભવો, ફક્ત મગજથી જ સમજો એમ નહીં, પરંતુ છેક તમારા શરીર સુધી તમને અનુભવ થાય ત્યારે તમે સમજદાર થવાની શરૂઆત કરો છો, પણ તેની પહેલાં નહીં.

માતાજી, બીજી કઈ વસ્તુ તમે લખેલી છે ?

મેં વિચારેલું કે કોઈક મને પૂછશે, "તમારા બોલાવવાથી તે શક્તિ આવેલી છે. છતાં તમારે માટે એ શક્તિ કેમ અહીં નિવાસ કરતી નથી; તમે છો તેને લઈને પણ કેમ અહીં રહેતી નથી ?" પરંતુ મને આ પૂછવામાં આવ્યું નથી.

અમને કહો, માતાજી !

તેના માટે આ શરીર ફક્ત કરણ જ છે અને આવતી કાલના સમયની શાશ્વતીમાં જેમ બીજાં બધાં શરીરો હોય તેની માફક. આ શરીરને પૃથ્વી અને માણસો દ્વારા જેટલી અગત્ય અપાઈ છે અને તે શક્તિના આવિર્ભાવ અને વિલીનીકરણમાં મધ્યસ્થી મદદ તરીકે જેટલા પ્રમાણમાં મદદગાર થઈ શકે તેનાથી વધારે અગત્ય આ શરીરની, તેના માટે નથી.

જો મારી આજુબાજુ રહેલા માણસો એવા હોય જે તેને ગ્રહણ કરી શકતા નથી તો તેને માટે હું નિરુપયોગી છું. આ સ્પષ્ટ છે. એટલે તે વસ્તુ તેનું રોકાણ કરી શકે નહીં અને કોઈ પણ સ્વાર્થી કારણસર, ખરેખર હું તેને રોકાવાનું કહી

શકું નહીં અને તે બધાં જ પાસાંઓ, બધાં જ વ્યક્તિસ્વરૂપો સતત આવિર્ભાવ પામ્યાં કરે છે, પરંતુ અંગત કારણસર કદી આવિર્ભાવ પામતાં નથી. તેમાંના એક પણ સ્વરૂપે મારા શરીરને સહાય કરવાનું વિચાર્યું નથી અને મેં તેમને કહ્યું નથી કારણ કે તે એટલા માટે આવતાં નથી. પણ એ સ્પષ્ટ છે કે જો મારી આજુબાજુ ગ્રહણશીલતાં હોત તો સ્વરૂપો સતત પ્રકટ થયાં કરતાં હોત કારણ કે લોકો તેમને ગ્રહણ કરવા શક્તિમાન હોત અને તેણે મારા શરીરને ખૂબ મોટી મદદ કરી હોત. કારણ કે, તમે સમજ્યા, બધાં જ આંદોલનો મારા શરીર મારફતે પસાર થયાં હોત અને તે સહાય કરત. પરંતુ તે શક્તિને આવિર્ભાવ પામવા માટે તક જ મળતી નથી, તેને માટે તક છે જ નહીં. તેને એવા માણસો મળી જાય છે જેઓને અનુભવ પણ નથી કે તે અહીં છે. તેઓ તેના વિશે સભાન પણ નથી. તેમના માટે તો કોઈ તફાવત પણ લાગતો નથી ! તેથી તે કઈ રીતે આવિર્ભાવ પામે ?

અને હું તેને એમ કહેવાની નથી, "તને જો ગમે તો તું આવીને મારા શરીરને બદલી આપ." અમારે એવા પ્રકારના સંબંધો નથી.... અને શરીરને પોતાને પણ તેની જરૂર નથી. તેણે પોતાના વિશે વિચાર પણ કર્યો નથી, તેણે પોતાને માટે દરકાર પણ રાખી નથી; અને તેનું રૂપાંતર કાર્ય દ્વારા જ થઈ શકશે. હા, એટલું ચોક્કસ કે જ્યારે તે આવી ત્યારે જો ગ્રહણશીલતા હોત અને જો, જે શક્તિ લઈને તે આવી તેનો આવિર્ભાવ થયો હોત.... તો તેના આગમન પહેલાં પણ.... હું તમને એક વસ્તુ કહી શકું, કે જ્યારે શ્રી અરવિંદ સાથે મેં યોગને માટે નીચે ઉતરાણ કરવાની શરૂઆત કરી, મનમાંથી પ્રાણમાં નીચે ઊતરવા માટે, જ્યારે અમે અમારો યોગ મનમાંથી પ્રાણમાં નીચે ઉતાર્યો, ફક્ત એક જ માસમાં – ત્યારે હું ચાલીસ વર્ષની હતી, હું વૃદ્ધ દેખાતી નહોતી, હું ચાલીસ વર્ષ કરતાં પણ નાની દેખાતી છતાં હું ચાલીસની હતી – અને એક જ મહિનાના યોગ પછી હું બરાબર અઢાર વર્ષની લાગતી – મને કોઈએ પહેલાં જોયેલી, જે મારી સાથે જાપાનમાં રહેલા તે અહીં આવ્યા અને તેમને માટે મને ઓળખવાનું પણ મુશ્કેલ બની ગયું. તેણે મને પૂછ્યું "પણ ખરેખર તમે તે જ છો ?" મેં કહ્યું "બેશક !"

ફક્ત, જ્યારે અમે પ્રાણમાંથી શારીરિકમાં નીચે ઊતર્યાં ત્યારે તે વસ્તુ ચાલી ગયેલી, કારણ કે સ્થૂલમાં કાર્ય વધારે કઠણ બને છે, એટલા માટે કે તેમાં ઘણી વસ્તુઓમાં ફેરફાર કરવાનો હોય છે. પણ એ પ્રકારના બલને જો ગ્રહણ કરી શકાયું હોત, આવકારાયું હોત તો પ્રચંડ કાર્ય થયું હોત ! તેમ છતાં.... આ વિશે હું વાત કરું છું કારણ કે મને લાગે છે કે તમે પ્રશ્ન પૂછ્યો હોત. હું તે પ્રકારના સંબંધમાં નથી. તમે સમજ્યા, હું એમ કહેવા માગું છું કે તું મારું શરીર લઈ લે, આ

બિચારું શરીર; તે બિલકુલ નિરુપદ્રવી છે, તે કોઈ પણ પ્રકારનાં બલેાનું ધ્યાન ખેંચતું નથી, અને પેાતે જેટલી સારી રીતે કાર્ય કરી શકે તે પ્રમાણે કામ કર્યે જાય છે. અને વસ્તુ આમ છે, તમે સમજો. તેની અગત્યતાનેા આધાર, તેની ઉપયેાગિતા અને જગત તેને જેટલી અગત્ય આપે તેના પ્રમાણ ઉપર છે કારણ કે આ જગત માટે તે કાર્ય કરે છે. બીજાં જે અસંખ્ય શરીરેા છે તેમાંનું તે એક પેાતે શરીર છે.

જો તમે તમારા ચૈતસિકનેા અનુભવ લેવાનેા નાનેા નિર્ણય લીધેા હેાત તેા મેં મારેા સમય વ્યર્થ ગુમાવ્યેા ન હેાત.

એટલું બસ છે. આપણે આ સ્થિતિમાં છીએ. હવે તે પૂરું થયું છે.

૮ સપ્ટેંબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા" પ્રકરણ ૧ ઉપર આધારિત છે. સાધકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર રૂપે લખાયેલા પત્રોનાં અવતરણોમાંથી આ પુસ્તક બનેલું છે.

"જે બળો સાધનાના માર્ગમાં વિઘ્નરૂપ થાય છે તે બળો નિમ્ન મન પ્રાણ અને શારીરિક પ્રકૃતિનાં છે. તેમની પાછળ માનસિક, પ્રાણિક અને શારીરિક જગતોનાં વિરોધી બળો હોય છે. મન અને હૃદય જ્યારે પ્રભુ પ્રત્યે એકલક્ષી અને એકમાત્ર અભીપ્સામાં એકાગ્ર બને ત્યાર પછી જ તેમની સાથે કામ પાડી શકાય છે."

તેથી ?

મધુર માતાજી, સૂક્ષ્મ શારીરિકનાં કયાં વિરોધી બળો છે ?

કયાં વિરોધી બળો છે ? જગતમાં જેટલાં તત્ત્વોની સંખ્યા છે તેટલી સંખ્યામાં તેઓ છે. તેઓ ત્યાં સુધી ફક્ત સ્થૂલ રીતે વ્યક્ત થતાં નથી ત્યાં સુધી આપણે તેમને જોઈ શકતા નથી તેથી આપણે તેમને વિશે સભાન હોતા નથી. પરંતુ મેં તમને એક દિવસે કહેલું કે વાતાવરણમાં અસંખ્ય રચનાઓ છે અને તેઓ ઘણે ભાગે વિચારની, કામનાની, પ્રેરણાની અને ઈચ્છાઓની બનેલી હોય છે, અને માણસના વિચારોની માફક સેળભેળ થઈ ગયેલી હોય છે. કેટલીક સારી હોય છે, કેટલીક દુષ્ટ અને તેમની પાછળ પ્રાણમય જગતની રચનાઓ છે અને તે બધી ખાસ કરીને પ્રભુવિરોધી હોય છે. ફક્ત મનુષ્યમાં રહેલો પ્રાણ ચૈતસિક અસર નીચે રૂપાંતર પામી શકે છે અને દિવ્ય કાર્યનો સાથીદાર બની શકે છે, નહિ તો પ્રાણિક જગત ખાસ કરીને દિવ્ય કાર્યના વિરોધી સત્ત્વોનું બનેલું હોય છે અને જેઓ આ બળો પ્રત્યે ખુલ્લા થાય છે, અને જેમનામાં કોઈ નિયંત્રણ હોતું નથી તેઓ કુદરતી રીતે જ વિરોધી બળોની અસર નીચે હોય છે. તેથી વ્યક્તિ એમ ન કહી શકે કે કયાં આ વિરોધી બળો છે. તેના કરતાં તે **કયાં નથી** એ કહેવું વધારે સહેલું છે.

(પહેલી હરોળમાં બેઠેલાં બાળકો પ્રત્યે વાતચીત કરતાં) તમારે કોઈ પ્રશ્ન છે ? છે કોઈ પ્રશ્ન ? અને તારે ? તું ?

તે પુસ્તક બહારનો છે.

ઈહ ! તે પુસ્તકની બહારનો છે ? આગળ-ઉપરનો છે? તે હવે પછીના સમયે લઈશું. (**માતાજી પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખે છે.**) અને તારે કાંઈ નથી ? હવે પછી તું, તારે કાંઈ પૂછવાનું નથી ?

તે થોડું આગળ ઉપર આવે છે.

કારણ કે મેં ઘણું ઓછું વાંચ્યું છે?

પવિત્ર : ના, માતાજી !

મેં "મા" પુસ્તક બહુ ઝડપથી વાંચ્યું માટે મારી પાસે ફરિયાદો આવી છે. મને કહેવામાં આવ્યું છે કે મારે વધારે ધીરે વાંચવું; તેથી હું ધીરે ધીરે વાંચું છું.

મધુર માતાજી, "મનોમય પુરુષનો પદાર્થ" એનો શો અર્થ ?

મારા બેટા, પદાર્થ એટલે કે . . . . મારે કઈ રીતે મૂકવું ? . . . . એટલે તે દ્રવ્ય જેનાથી મનોમય પુરુષ બનેલો છે. દા.ત. એમ કહી શકાય કે શરીરનો પદાર્થ તમારા કોષો છે. મન કાંઈ પૂરેપૂરું સ્થૂલ દ્રવ્ય નથી, પરંતુ એક દ્રવ્યનું તે બનેલું છે. જો મનોમય પદાર્થ ન હોય તો મનોમય પુરુષ ન હોઈ શકે. તે ફકત એક આંદોલન જ હોય; અને આંદોલનને પણ વ્યકત થવા માટે એક માધ્યમની જરૂર પડે છે.

પરંતુ જો તમારું શરીર સ્થૂલ વસ્તુઓનું બનેલું ન હોત તો તમારે શરીર ન હોત. આને પદાર્થ કહેવાયો છે. તે એક વસ્તુ છે જેમાંથી કોઈ વસ્તુ બનેલી છે અને એ સ્પષ્ટ છે કે લોકો વિચારે છે કે મન ફકત એક ક્રિયા-પદ્ધતિ છે. જેવી રીતે એક પ્રાણમય પદાર્થ છે અને સ્થૂલ પદાર્થ છે તેવી રીતે એક મનોમય પદાર્થ છે અને જેવો પદાર્થ છે તેને અનુરૂપ તેનું વિશ્વ છે, જેનું કુદરતી રીતનું એક સ્વતંત્ર અસ્તિત્વ છે એટલે કે સ્થૂલ ટેકા વગરનું પણ એક મન હોઈ શકે. સ્થૂલ શરીર અદૃશ્ય થઈ જાય અને છતાં મનનું અસ્તિત્વ ચાલુ રહે. એટલે આટલું સમજવું બહુ અગત્યનું છે કે એક મનોમય પદાર્થ છે જે ઘણો બધો . . . . (મૌન) તમને કયા શબ્દોમાં સમજાવું ? . . . . શારીરિક પદાર્થ કરતાં ઓછો સ્થૂલ છે.

કેટલાક લોકો બિનશાસ્ત્રીય શબ્દ 'ઓછું ઘટ્ટ' (rarefied) શબ્દ વાપરે છે પરંતુ હું માનતી નથી કે તે અર્થ બરાબર ચોક્કસ હોય. વારુ, આપણે એમ કહીએ છીએ કે પદાર્થને ભિન્ન પ્રકારની ઘનતા હોય છે, અને જેમ જેમ તે વધારે ભૌતિક બનતો જાય તેમ તેમ તેની ઘનતા વધારે હોય અને જેમ જેમ સ્થૂલ વસ્તુથી વધારે દૂર દૂર જતો જાય તેમ તેમ તેની ઘનતા ઓછી થતી જાય. તેમ છતાં તે

પદાર્થ તો હોય જ છે. એક વાયુમય પદાર્થ પણ હોય છે. હું એમ નથી કહેતી કે આ વસ્તુ વિજ્ઞાનના સિદ્ધાંતની સાથે સહમત હોય. હું વૈજ્ઞાનિક વહેમોની વાત તમારી સાથે નથી કરતી એવી ગેરંટી તમને ન આપી શકું! પરંતુ આ વૈશ્વિક હકીકત છે (માતાજી હસે છે) મને લાગે છે કે મેં ગુહ્ય વિદ્યાની વાત કરી ત્યરે આ વસ્તુ તમને કહેલી છે – તમે જ્યારે ગુહ્ય વિદ્યાની તાલીમ લો ત્યારે તમારે પ્રથમ વસ્તુ જાણી લેવી જ જોઈએ કે તમારા સ્વરૂપની જુદી જુદી અવસ્થાઓની જુદી જુદી ઘનતા હોય છે અને તે દરેકનું પોતાનું એક સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. તેઓ હસ્તી ધરાવતી વાસ્તવિકતાઓ હોય છે, તે સાચી રીતના વાસ્તવિક પદાર્થો હોય છે તે ફક્ત સ્વરૂપનું અમુક પ્રકારનું વલણ જ હોતું નથી. એક મનોમય પુરુષ હોય છે અને મનોમય ક્રિયા અને દાખલો લઈએ તો એક વિચાર હોય છે અને તે મનથી બિલકુલ સ્વતંત્ર હોય છે જ્યારે જે ભૌતિક સિદ્ધાંત હોય છે તેઓ કહે છે કે મન, મનોમય ક્રિયાઓને ઉત્પન્ન કરે છે. પણ આ સાચું નથી. મનોમય ક્રિયાનું મન તો એક ખાસ પરિવર્તિત થયેલું ભૌતિક પ્રતીક છે. મનોમય ક્રિયાને પોતાનો એક પ્રદેશ છે. મનોમય ભૂમિકાનું પોતાનું વાસ્તવિક અસ્તિત્વ છે તેનો પોતાનો એક પદાર્થ છે. વ્યકિત પોતાના મગજની બહારથી પણ વિચારી શકે છે, કાર્ય કરી શકે છે, મગજની બહાર પોતાની રચનાઓ અને રૂપો બાંધી શકે છે. વ્યકિત પોતે જીવન જીવી શકે, ગતિ કરી શકે, એક જગા ઉપરથી બીજી જગા ઉપર જઈ શકે, મનોમય જગતમાંથી મનોમય વસ્તુઓનું સીધું જ જ્ઞાન લઈ શકે અને ટૂંકમાં કહીએ તો શરીરથી બિલકુલ સ્વતંત્ર રીતે, પછી ભલે શરીર અચેતનતામાં હોય, ફક્ત નિદ્રાની જ સ્થિતિમાં નહીં પણ અર્ધનિદ્રાની સ્થિતિમાં પણ, મૂર્છામાં હોય તો પણ. અને વધારામાં એ પણ ચોક્કસ છે કે જ્યાં સુધી વ્યકિત સમજતી નથી કે તેની સત્-તા જુદી જુદી અવસ્થાઓની બનેલી છે અને તેમને દરેકને પોતાની સ્વતંત્ર જિંદગી હોય છે ત્યાં સુધી તે પોતાની સત્-તા ઉપર પૂરેપૂરો કાબૂ મેળવી શકે નહીં. એક એવી કોઈક વસ્તુ હશે જે તમારી પકડમાંથી છટકી જશે.

(એક બાળક પ્રત્યે) તારે કાંઈ પૂછવાનું છે?

તે પુસ્તકની બહારનું છે.

ઈહ? પુસ્તકમાંનું નહીં? જો તે રસિક હોય તો કાંઈ હરકત નહીં!

માતાજી, પ્રોગ્રામમાં આ ઓચિંતાનો ફેરફાર થયો તેનું શું તાત્પર્ય? *

ઓહ! પણ તે તો – કોઈ એવી વસ્તુ છે જે પૂરેપૂરી અંગત છે!

---

*માતાજી વિદ્યાર્થીઓને અને કેટલાક સાધકોને સવારની આશિષ-પ્રસાદીઓ આપતાં હતાં તે તેમણે બંધ કરી હતી તેના સંદર્ભમાં આ પ્રશ્ન પૂછાયો છે.

સારુ, હું તમને કહી શકું : દરેક માટે તે જુદી છે, અને તારે તારી પોતાની અંદરથી તે શોધી લેવાનું છે. અને જો તું તે શોધી શકે તો તેં કાંઈક પ્રગતિ કરી હશે. . . .

(મૌન)

(એક બાળકને) કાંઈ કહેવું છે?

ના

(બીજા પ્રત્યે) તું, તારે કાંઈ પૂછવું છે? નહીં? નહીં? તું સ્વપ્ન સેવે છે! (હાસ્ય) કોઈને પ્રશ્ન નથી? (બીજી પ્રત્યે) તારે?

જ્યારે કોઈને એકાગ્રતા કરવી હોય, ત્યારે શા માટે ઘણા બધા પ્રકારના વિચારો આવે છે, જે બીજી વખતે કદી આવતા નથી?

તેં શું કહ્યું?

જ્યારે કોઈને એકાગ્રતા કરવી હોય ત્યારે પહેલાં જે કાંઈ વિચારો આવતા ન હોય તેવા બધા પ્રકારના વિચારો કેમ આવે છે?

કદાચ તે આવેલા અને તેની તને ખબર નહિ પડેલી! કદાચ એ એટલા માટે હોય કે તમારે એકાગ્રતા કરવી છે જેથી તમે સભાન બનો કે તેઓ ત્યાં છે. એવું પણ બની શકે કે તમારી ચેતનામાં એક વિરોધી તત્ત્વ હોય અને જ્યારે તમારે શાંત બનવું હોય ત્યારે કોઈ વસ્તુ કહે, "ના, હું શાંત થઈશ નહિ!"

મને લાગે છે કે તમારામાંના ઘણામાં આવી વિરોધાભાસી આંતરિક વસ્તુઓ હશે. જ્યારે તમે સારા થવાનો નિર્ણય કરે છો, ત્યારે કોઈ એવી વસ્તુ હોય છે જે તમને દુષ્ટ બનવા માટે પાછો ધક્કો મારવાનું પસંદ કરે, અને જ્યારે તમારે શાંત બનવું હોય ત્યારે તમારામાં વિચારો ભમવાની શરૂઆત કરે. તે વિરોધ માણસની પ્રકૃતિમાં ગુપ્ત પડેલો છે. તે આ વસ્તુ હોઈ શકે : તે મેં કહ્યું ને પણ હોઈ શકે : કે આ બધા વિચારો ત્યાં છે પરંતુ તમે તેની પ્રત્યે ધ્યાન આપતા નહોતા તેથી તેમને તેનું જ્ઞાન ન હતું.

એટલું ચોક્કસ છે કે પૂરેપૂરી શાંતિનું સ્થાપન કરવું એ સૌથી વધારે મુશ્કેલ વસ્તુ છે કારણ કે ઘણી વસ્તુઓ જેના વિશે માણસને જ્ઞાન નહોતું તે પુષ્કળ વિશાળ બને છે. ઘણી જાતનાં સૂચનો હતાં, ક્રિયાઓ, વિચારો, રચનાઓ હતી, જે સ્વયંભૂ રીતે બાહ્ય ચેતનામા ચાલ્યાં જ કરતાં હતાં, લગભગ ચેતનાની બહાર, ચેતનાની સરહદો ઉપર અને જ્યારે વ્યક્તિને પૂરેપૂરી શાંતિ મેળવવી હોય છે ત્યારે તે આ બધી વસ્તુઓ વિશે સભાન બને છે, જે વસ્તુઓ ચાલતી જ હોય છે, ચાલતી જ

હોય છે, ગતિમાન હોય છે અને ખૂબ ધોંધાટ કરે છે, જે તમને શાંત થવામાંથી અટકાવે છે, એટલા માટે તે જ સમયે ખૂબ સ્થિર અને શાંત રહેવું એ વધારે સારું છે. અને જે વસ્તુ ઊર્ધ્વમાં રહેલી છે જેને માટે તમે અભીપ્સા રાખો છો તેના ઉપર ખૂબ ધ્યાન આપવું અને જો અત્યારે જે તમારી આજુબાજુ ચાલી રહેલો છે તે પ્રકારનો અવાજ ત્યાં હોય (માતાજી પોતાના મસ્તકની ચારે બાજુ પોતાનો હાથ ફેરવે છે) તો તેના પર ધ્યાન ન આપવું, દૃષ્ટિ ન રાખવી અને દાદ પણ ન આપવી. જો વિચારો ચારે બાજુ ગોળ ગોળ, આ રીતે ફર્યા કરતા હોય (ક્રિયા), તેઓ આવતા હોય અને જતા હોય, તો તેમના તરફ દૃષ્ટિ પણ ન નાખો, ધ્યાન પણ ન આપો પણ એક ઉચ્ચ અભીપ્સામાં જેની તમે રચના કરી શકો છો તેમાં એકાગ્ર બનો કારણ કે ઘણી વખત તે એકાગ્રતામાં સહાય આપી શકે છે – પ્રકાશ, સ્થિરતા, શાંતિ તરફ, એક પ્રકારની આંતરિક તટસ્થતા તરફ, જેથી કરીને તમારી આજુબાજુ ચારે તરફ જે બધું ઘૂમતું હોય છે તેના તરફ ધ્યાન ન આપવા માટે તમારી એકાગ્રતા પૂરતી મજબૂત બને. પરંતુ તમે જો ઓચિંતા બોલી ઊઠો, "આહ, કાંઈક અવાજ થયો ! અહા, અહીં વિચાર છે !" તો તે પૂરું થઈ ગયું સમજજો, તમે શાંત થવામાં કદી સફળ નહિ થાઓ. તમે કદી એવું જોયું નથી કે જે લોકો તકરાર કરતા હોય છે તેમની તકરાર બંધ કરાવનાર લોકો, તેમનાથી પણ વધારે જોરદાર બૂમો મારતા હોય છે ? સારું એ વસ્તુ આવા પ્રકારની છે (માતાજી હસે છે.)

મધુર માતાજી, હું વિષય બહારનો પ્રશ્ન પૂછી શકું ?

કયો પ્રશ્ન ?

"ભારતનું મગજ"માં શ્રી અરવિંદે લખ્યું છે કે બંગાળીઓ તેમના હૃદયથી વિચારી શકે છે....

કોણ હૃદયથી વિચારી શકે છે ? હું સાંભળતી નથી ! બંગાળીઓ તેમના હૃદયથી વિચારી શકે છે ? તે કહેવાની એક પ્રકારની કાવ્યમય રીત છે. (હાસ્ય) તેમણે કયાં આ લખેલું છે ? ખરેખર આ કાવ્યાત્મક વર્ણન છે. એટલે એમ કહેવું જોઈએ કે તેઓ લાગણીપ્રધાન માનવીઓ છે અને તેમના વિચારોમાં પણ તેમનું હૃદય સચેતન હોય છે; તેમના વિચારો શુદ્ધ બુદ્ધિવાદી અને શુષ્ક હોતા નથી; અને તેમનું હૃદય તેમના વિચારો વિશે સચેતન હોય છે. તેમનો કહેવાનો આ અર્થ છે.

પરંતુ હું પણ તમને કહી શકું કે જ્યારે હું જાપાનમાં હતી ત્યારે એક માણસને મળેલી જેણે માણસોનું એક સંગઠન કરેલું .... એમ ન કહી શકાય કે તે સાધના માટે હતું. પરંત એક પ્રકારની શિસ્ત માટેનું હતું. તેનો એક સિદ્ધાંત હતો અને તે

સિદ્ધાંત ઉપર તેણે એક મંડળ સ્થાપેલું કે માણસ પોતાના સ્વરૂપના કોઈ પણ ભાગથી વિચાર કરી શકે છે, ગમે તે ભાગથી, જો તે ત્યાં એકાગ્ર થાય તો. એટલે તમારા મસ્તકથી વિચાર કરવાને બદલે તમે તમારી છાતીમાં પણ વિચાર કરી શકો છો અને તેણે કહેલું કે માણસ અહીંથી પણ વિચાર કરી શકે (ક્રિયા) હોજરીમાંથી. તેણે હોજરીને પ્રાણનું આસન ગણાવેલું, તમે સમજ્યા, એટલે કે પ્રાણમય બળનું. તે કેટલા સંસ્કૃત શબ્દો વાપરતો, અર્ધ–પકવ અને આ બધું જ .... પણ તેમ છતાં આ વસ્તુની કાંઈ બહુ કિંમત નથી, તે શુભ ભાવનાવાળો હતો. તે કહેતો કે માણસનાં ઘણાંખરાં દુઃખો એ હકીકતમાંથી આવે છે કે માણસો મગજમાંથી વિચાર કરે છે એટલે માથું દુઃખે છે, તે થકવી નાખે છે અને તમારા મગજની સ્પષ્ટતા નષ્ટ પામે છે. તેના બદલે જો તમે અહીંથી વિચાર કરતાં શીખો (હોજરીનો નિર્દેશ કરતી ક્રિયા), તો તમને શક્તિ, બળ અને શાંતિ આપે છે અને સૌથી અદ્ભુત બાબત એ હતી કે તેણે એક પ્રકારની શક્તિ મેળવવી કે જેથી માનસિક શક્તિને અહીં નીચે ઉતારી શકાય, માનસિક બલ, બરાબર અહીં (નિર્દેશ), માનસિક ક્રિયા અહીં ઉત્પન્ન થતી અને નહિ કે મસ્તકમાં, અને તેણે ઘણા માણસોને, ઠીક ઠીક પ્રમાણમાં સાજા કરેલા, કેટલાએક સો માણસોને જેમને માથાનો દુખાવો રહેતો. તેણે તેમને આ રીતે રોગ-મુક્ત કરેલા.

મેં આ પ્રયત્ન કરેલો છે, તે ઘણો સહેલો છે, સ્પષ્ટ રીતે, કારણ કે મેં તમને થોડા વખત પહેલાં જ કહ્યું તેમ માનસિક બલ, માનસિક ક્રિયા મગજથી સ્વતંત્ર આપણને મગજનો ઉપયોગ કરવાની ટેવ પડી છે પરંતુ આપણે બીજી કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરી શકીએ છીએ, અથવા આપણે માનસિક એકાગ્રતા બીજી જગાએ પણ કરી શકીએ છીએ અને એવા સંસ્કાર પાડી શકીએ કે આપણી માનસિક ક્રિયાઓ ત્યાંથી આવી શકે છે. વ્યક્તિ પોતાના નાભિચક્રમાં પણ એકાગ્રતા કરી શકે છે, અહીં (ક્રિયા) અને એવો અનુભવ કરી શકે કે તે ત્યાંથી આવે છે.

તે માણસ કહેતો કે "તમારા ધ્યાન ઉપર એ નથી આવ્યું કે જે મહાન માણસો હોય છે તેમનું પેટ મોટું હોય છે? (હાસ્ય) – કારણ કે તેઓ તેમની શક્તિઓને ત્યાં એકાગ્ર કરે છે અને તેથી તે વસ્તુ તેમના પેટને મોટું કરે છે!" તે કાયમ નેપોલિયનનો દાખલો આપતો; અને તેણે કહ્યું, "આ લોકો બિલકુલ ટટ્ટાર ઊભા રહે છે, તેમનું માથું સીધું ટટ્ટાર, આ રીતનું કદી નહિ (માતાજી પોતાનું માથું આગળ નમાવે છે), આ રીતે કદી નહિ (માતાજી પોતાનું માથું જમણી તરફ નમાવે છે), આ રીતે કદી નહિ (માતાજી પોતાનું માથું ડાબી બાજુએ નમાવે છે); કાયમ બિલકુલ સીધા પરંતુ તેમની બધી જ શક્તિ અહીં (જઠર તરફનો નિર્દેશ)

અને તેથી તેઓ ખૂબ શક્તિશાળી બને છે!" અને તે કાયમ નેપોલિયન વિશે વાત કરતો. તે કહેતો, "તમે નેપોલિયનને જુઓ . . . ." (માતાજી બતાવે છે કે નેપોલિયનનું પેટ મોટું હતું.) અને જ્યારે ટાગોર જાપાનમાં હતા ત્યારે તેની ટાગોર સાથે મુલાકાત થયેલી અને તેણે મને કહ્યું, "તમે ટાગોરનું નિરીક્ષણ કર્યું છે, ટાગોર કેવા ટટ્ટાર ઊભા રહે છે, તેમનું માથું સીધું ઊંચું!" પછી મેં તેને કહ્યું, "પણ ટાગોરનું પેટ મોટું નથી!" તેણે મને કહ્યું; "તે થઈ જશે." (હાસ્ય)

તેની સભામાં હજારો માણસો આવતા. જાપાનમાં જેમ માણસો ઘૂંટણ ઉપર બેસે છે તેમ બેસતા. તે ટેબલ ઉપર એક લાકડી પછાડતો અને દરેક વ્યક્તિ પોતાની મનોમય શક્તિને પેટ ઉપર ઉતારી લાવતી અને પછી તે બધા તે સ્થિતિમાં રહેતા . . . . લગભગ અર્ધો કલાક સુધી તો ખરા જ. અને અર્ધો કલાક પછી ફરીથી તે ટેબલ ઉપર લાકડી પછાડતો અને તેઓ માનસિક બળને આરામ આપતા અને વાતચીત કરતા . . . . બહુ વાતચીત નહીં, કારણ કે જાપાનના લોકો બહુ વાતચીત કરતા નથી, છતાં તેઓ વાતચીત કરતા.

તો આમ સ્થિતિ હતી! પરંતુ એ ખાસ ધ્યાન રાખો કે તેમાં કાંઈક સત્ય હતું, એ અર્થમાં કે જો કોઈ વખત તમારું માથું દુઃખે, તો હું તમને આ પ્રમાણે કરવાની સલાહ આપું છું; તમારા વિચાર બલને, માનસિક શક્તિને – અને જો તમે થોડું પ્રાણમય બલને પણ ખેંચી શકો તો તેને પણ – નીચે ઉતારો- આ રીતે (પોતાને તેમના બન્ને હાથને માથાના ઉપરના ભાગથી ધીરે ધીરે નીચે સરકાવવાની ક્રિયા કરે છે) સારું જો તમને માથું દુઃખે અથવા અપચો થયો હોય, તમને સૂર્યની ગરમી લાગી ગઈ હોય, અરે તમને બીજું કાંઈ પણ બન્યું હોય તો તમે આ રીત જાણી લો અને તમે બલને આ જગાએ નીચે ઉતારો. અહીં (છાતીનો મધ્યભાગ બતાવે છે) અથવા તેનાથી પણ નીચે (પેટ બતાવીને) તો તે અદૃશ્ય થઈ જશે. તે અદૃશ્ય થઈ જશે. તમે આ વસ્તુ પાંચ મિનિટમાં કરી શકશો – તમે પ્રયત્ન કરી શકો છો, બીજે સમયે તમને માથામાં દુખાવો થાય ત્યારે . . . . હું ઇચ્છું છું કે તમને માથાનો દુઃખાવો ન થાય, પણ જ્યારે થાય ત્યારે આ પ્રયત્ન કરજો. સીધા બેસો, આ રીતે (આસનની મુદ્રા બતાવે છે). જાપાનના લોકો કહે છે કે તમારે એડી ઉપર બેસવું જોઈએ – પણ તમે તે રીતે બેસો તો તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડે – તેઓ તેને આરામદાયક આસન કહે છે. ભારતીય રીત આ પ્રકારની છે (ક્રિયા) અથવા તમારે આ રીતે બેસવું (ક્રિયા); આ રીતે જો તમે ટેવાયેલા ન હો તો તે વધારે અઘરી છે.

તેથી તમે ખૂબ આરામથી બેસો અને તમારી બધી જ શક્તિને જેમ વસ્તુને

હાથમાં લો તે રીતે પકડમાં લો છો, તમે સમજ્યા .... તમારી માથાની શક્તિ, તેને લઈ લો અને પછી તેને નીચે આવવા દો, નીચે, નીચે, આ રીતે, ધીરે ધીરે, ખૂબ સંભાળથી, બિલકુલ નીચે, છેક નાભી સુધી. અને તમે જોશો કે તમારો માથાનો દુખાવો અદશ્ય થઈ ગયો હશે. મેં આ પ્રયોગ વારંવાર કરેલો છે .... તે બહુ સારો ઉપાય છે, બહુ સહેલો; તમારે ગોળીઓ કે ઈન્જેક્શન લેવાની જરૂર નથી; તે આ રીતે મટી જાય છે. તો આપણે તેવી સ્થિતિમાં છીએ.

બીજો કોઈ પ્રશ્ન? હા!

આપણે મનમાં સ્થિરતા અને શાંતિનું સ્થાપન કઈ રીતે કરી શકીએ?

પ્રથમ વસ્તુ તો તમારે તેને માટેની ઇચ્છા જોઈએ.

અને પછી તમારે પ્રયત્ન કરવો જોઈએ, અને ખંત રાખવો જોઈએ, પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. મેં તમને હમણાં જ જે કહ્યું તે સારું સાધન છે. પણ બીજાં પણ સાધનો છે. શરૂઆતમાં તમે શાંત બેસો; અને પછી પચાસ વસ્તુઓનો વિચાર કરવાને બદલે તમે તમારી જાતને કહેવાની શરૂઆત કરો, "શાંતિ, શાંતિ, સ્થિરતા, શાંતિ!" તમે સ્થિરતા અને શાંતિની કલ્પના કરો, તમે અભીપ્સા કરો, કહો કે તમારામાં આવે, "શાંતિ, શાંતિ, સ્થિરતા." અને પછી જ્યારે કોઈ વસ્તુ આવે અને તમારો સ્પર્શ કરે અને કાંઈ કાર્ય કરે ત્યારે આ રીતે ધીરેથી કહો, "શાંતિ, શાંતિ, શાંતિ". તમારા વિચારો સામે નજર ન કરો, તમારા વિચારોને સાંભળો નહીં, તમે સમજ્યા. તમારી પાસે જે કાંઈ આવે તેના પર ધ્યાન ન આપો ... તમે જાણો છો, જ્યારે તમને કોઈ ખૂબ તકલીફ આપતું હોય અને તમારે તેનાથી મુક્તિ મેળવવી હોય ત્યારે તમે તેના પર ધ્યાન આપતા નથી, આપો છો? સારું, તમે તમારું માથું ફેરવી લો (ક્રિયા) અને બીજી જ વસ્તુનો વિચાર કરો, સારું, તમારે તે કરવું જ જોઈએ; જ્યારે વિચારો આવે ત્યારે તેમારે તેની તરફ નજર પણ ન કરવી જોઈએ, સાંભળવા પણ ન જોઈએ, ધ્યાન પણ ન આપવું જોઈએ. અને એવી રીતે વર્તવું જોઈએ જાણે કે તેઓ હસ્તી ધરાવતા જ નથી, તમે સમજ્યા! અને પછી બધો જ સમય આ ફરી ફરીને કરો – હું તમને કઈ રીતે કહું? – એક મૂર્ખ માણસ જેમ એકની એક વસ્તુ વારંવાર બોલ્યા જ કરે છે તમે. વારુ, તમારે તો જ વસ્તુ કરવી જોઈએ! તમારે બોલ્યા જ કરવું, "શાંતિ, શાંતિ, શાંતિ." તેથી તમે થોડી મિનિટો સુધી આ પ્રયત્ન કરો અને પછી તમારે જે કરવાનું હોય તે કરો; અને પછી બીજે સમયે તમે ફરીથી શરૂ કરો; ફરીને બેસો અને પ્રયત્ન કરો. સવારમાં ઊઠીને આ પ્રમાણે કરો, સાંજે જ્યારે પથારીમાં પડો ત્યારે પણ આ કરો. તમે જમતાં પહેલાં પણ આ કરી શકો છો. તમે કલ્પના પણ નહીં કરી શકો કે તમારી પાચનશક્તિ

માટે આ વસ્તુ કેટલી સહાયભૂત છે ! જમતાં પહેલાં થોડી ક્ષણો શાંત બેસો અને કહો, "શાંતિ, શાંતિ, શાંતિ," અને બધું જ શાંત બનશે. એવું લાગશે કે જાણે બધા જ અવાજો દૂર દૂર ચાલ્યા ગયા હોય. **(માતાજી પોતાની બન્ને બાજુએ હાથ ફેલાવે છે)** અને પછી તમારે ચાલું રાખવું; અને પછી એક સમય એવો આવે છે જ્યારે તમારે બેસવાની જરૂર પડતી નથી, પછી તમે ભલે ગમે તે કાર્ય કરતા હો, તમે ગમે તે વાત કરતા હો, તે કાયમ "શાંતિ, શાંતિ, શાંતિ," જ હોય છે. બધી વસ્તુઓ અહીં રહી જાય છે, આ રીતે, તે પ્રવેશ પામતી નથી ! **(કપાળની આગળના ભાગનું નિદર્શન)**, તે આ રીતે રહી જાય છે. અને પછી વ્યકિત પૂર્ણ શાંતિમાં રહે છે .... થોડાં વર્ષો પછી.

પરંતુ શરૂઆતમાં તો, નાના પાયા ઉપરની શરૂઆતમાં, બે કે ત્રણ મિનિટ સુધી, એ પ્રમાણે કરવું સરળ છે. કોઈ ગૂંચવળવાળી વસ્તુ માટે તમારે પ્રયત્ન કરવો જોઈએ અને જ્યારે વ્યકિત પ્રયત્ન કરે છે ત્યારે તે શાંત હોતી નથી. શાંત રહીને પ્રયત્ન કરવો એ ઘણી અઘરી વસ્તુ છે. તમારે બહુ સરળ, બહુ સરળ, આ વસ્તુઓમાં બહુ સરળ રહેવાની જરૂર છે. એ તો જાણે કે તમે કોઈ મિત્રને બોલાવવા માટે શીખતા હોઈએ તેવું છે. તમારા બોલના જોરે તે આવે છે. વારુ, તમે શાંતિ રાખો અને તમારા મિત્રોને શાંત બનાવો અને તેમને કહો : "આવો, શાંતિ, શાંતિ, શાંતિ, શાંતિ, આવે !"

મારાં બાળકો, એટલું પૂરતું છે ને ?

માતાજી, સમજશકિતનું આસન મસ્તકમાં હોય છે ને ?

સમજશકિતની કળા ? તમે તેના વિશે પૂછો છો કે તે મસ્તકમાં છે કે કેમ ? મેં તેનાથી ઊલટું જ કહ્યું છે, થોડી મિનિટ અગાઉ જ મેં કહ્યું કે બધી જ માનસિક શકિતઓ મગજમાં હોય છે તે એક ટેવને લઈને તે મસ્તકમાં રહે છે. માણસ ગમે તે સ્થળેથી સમજ મેળવી શકે છે. જ્યાં જ્યાં ચેતનાનું આસન હોય ત્યાં ત્યાંથી માણસ સમજશકિત મેળવી શકે છે.

તમે કહો છો "ટેવથી." વ્યકિત તેને બદલી શકે નહીં, માણસ તે રીતે જ જન્મેલો છે !

તમે જન્મ્યા ત્યારે તમે વિચાર કરતા હતા ?

એ તો કુદરતી જ છે કે મસ્તકથી વિચારી શકાય. માણસ કઈ રીતે તેની ટેવ પાડી શકે ?

તે ટેવ ઘણા લાંબા સમયથી પડેલી છે, માતાપિતાના માતા—પિતાઓના પણ

માતાપિતાઓ આ પ્રમાણે આગળ – પણ દરેક માટે નહીં ! તે એક આંખો જેમ જોવાની ટેવ છે તેની માફક છે, પરંતુ એ સાબિત થઈ ચૂકયું છે કે દૃષ્ટિનાં કેન્દ્રોનું બીજી જગાએ સર્જન કરવું શકય છે. – આંખ સિવાય– થોડીક એકાગ્રતાથી.

હું એમ નથી કહેતી કે મગજ વિચાર કરવા માટે બનાવાયું નથી, મેં તમને એવું કદી કહ્યું નથી, પરંતુ મેં કહ્યું છે કે વિચારનો આધાર મગજ ઉપર નથી. તે બીજી જ વસ્તુ છે. જો કોઈને કઈ રીતે મનોમય બલને વાપરતાં આવડે તો માણસ સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે પોતાની જાતની અભિવ્યકિત કરવા માટે મગજ ઘણું યોગ્ય માધ્ય છે – તેને, વિચારોને ગ્રહણ કરવા માટે અને તેમને ક્રિયાત્મક કરવા માટે, શબ્દો દ્વારા જ તેમની અભિવ્યકિત માટે જ મગજ બનાવાયેલું છે – પરંતુ એ જ તે માટેનું સાધન છે એમ નહીં.

(**થોડા મૌન પછી**) હું એમ કહેવા માગું છું કે આ ફકત ટેવ માત્ર જ છે. તેમ છતાં જો કોઈએ થોડો પણ યોગ ગંભીરતાથી કર્યો હોય તો તે સારી રીતે જાણે છે કે તે અહીંથી પણ વિચાર કરી શકે (**માતાજી કપાળનું મધ્યબિંદુ, બે ભ્રમરની વચ્ચે બતાવે છે ત્યાર પછી જમણી બાજુ અને પછી ડાબી બાજુ બતાવે** છે) વ્યકિત અહીંથી પણ વિચાર કરી શકે છે. વ્યકિત અહીંથી પણ વિચારી શકે છે, વ્યકિત આગળથી પણ વિચાર કરી શકે છે અને મેં હમણાં જ કહ્યું તેમ વ્યકિત ઘણે ઊંચેથી પણ પરંતુ સ્વાભાવિક રીતે માણસ ધારે છે કે બધો વિચાર–વ્યાપાર, એકાગ્રતા, બધું જ મગજમાંથી ઉત્પન્ન થાય છે અને જ્યારે માણસ ઉપરથી વિચાર કરે છે, અહીંથી (**માતાજી પોતાના માથાની ઉપરની જગ્યા બતાવે છે**), જે વિચારો કરે છે તે વધારે સારી રીતે વિચારી શકે છે, ફકત એટલું છે કે વ્યકિતએ બીજી રીતે વિચાર કરવા પ્રયત્ન કર્યો નથી, નહિ કે "કદી વિચાર કર્યો નથી," ઘણી સંખ્યામાં એવા માણસો છે જેમણે પ્રયત્ન કર્યો છે અને સફળ થયા છે.

તો તમે તે સ્થિતિમાં છો, મારાં બાળકો, હું માનું છું કે તેમાં બધું આવી જાય છે. આજ સાંજ માટે આટલું પૂરતું છે.

૧૫ સપ્ટેંબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના 'યોગસાધનાનાં પાયા' પ્રકરણ ૧, "સમતા – શાંતિ – સ્થિરતા" ઉપર આધારિત છે.

જ્યારે કોઈ પોતાની જાતને ચિંતક મનમાંથી મુકત કરે છે ત્યારે મન વિચારવાનું ચાલું રાખે છે ?

ઘણે ભાગે તે વિચાર કરવાનું ચાલુ રાખે છે, પરંતુ પછીથી તે તમને અસર કરતું નથી. તે બરાબર "વિચારવાની ક્રિયા" નથી, તે એક બજાર જેવું હોય છે, વસ્તુઓ આવે છે, ગોળ ગોળ ફરે છે, ચારે બાજુ ઘૂમે છે, બહાર જાય છે, પાછી આવે છે, ઓળંગે છે અને કેટલીક વખત અથડાય છે. તે બિલકુલ બજારની જગા જેવું જ હોય છે. આ બધી વસ્તુઓ આ રીતે ચાલ્યા જ કરે છે (ક્રિયાઓ)

વિચારોનું કારખાનું હોય છે.... આવું વારંવાર બનતું નથી હોતું. કેટલાક લોકોને વિશિષ્ટ પ્રકારનો ધંધો હોય છે. તેમાં તેઓ જે વિચારશક્તિ બહારથી આવે છે તેને એક વિશિષ્ટ પ્રકારનું રૂપ આપે છે. આવા માણસો ઘણે ભાગે લેખકો, વકતાઓ, શિક્ષકો અને એવા બીજા બધા હોય છે.... તે વિરલ વસ્તુ છે: ઘણે ભાગે વસ્તુઓ આવે છે અને જાય છે, પાછી આવે છે અને જાય છે, અને જો વ્યકિત પોતાની જાતને તેમનાથી અલગ કરી નાખે, જો માણસો તેમની બધાની સામે ઘણી ઊંચાઈએથી જુએ, જાણે કે તેઓ એક ટાવર ઉપરથી બજાર ઉપર નાખે છે તો આ બધી વસ્તુઓ બહુ રમૂજી બને છે. માણસો એ પણ જોઈ શકે છે કે વસ્તુઓ કયાંથી આવે છે, કયાં જાય છે, શી ધાંધલ મચાવે છે અને તેનાં શાં પરિણામો આવે છે.

માતાજી, "પ્રાણમય–મન" એટલે શું ?

સારુ, તમે સમજો કે આ શબ્દો એક વિભાગીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવ્યા છે જેથી માણસ સમજી શકે; પરંતુ ખરેખર તો આપણા સ્વરૂપનો દરેક ભાગ ચાર વિભાગમાં વહેંચાયેલો છે. એક સ્થૂલ મન છે, એક સ્થૂલ પ્રાણ, અને એક સ્થૂલ ભૌતિક અને તેની પાછળ રહેલું એક સ્થૂલ ચૈતસિક જે પાછળ છે અને એક મનોમય મન, એક મનોમય પ્રાણ, અને મનોમય સ્થૂલ અને એક મનો-

મય ચાતસિક જે તેની પાછળ ગુપ્ત છે, અને દરેક એક વિશિષ્ટ પ્રકારની ક્રિયાને અનુરૂપ હોય છે અને એક ખાસ પ્રદેશ હોય છે, એક ચેતનાનો અને સત્-તાનો પ્રદેશ, અને આ પ્રદેશો અથવા આંતરિક દિશામાનો, બાહ્યમાં રહેલા પ્રદેશો અને દિશામાનોને અનુરૂપ હોય છે, અને આ પ્રશ્નને સહેલો બનાવવો હોય તો તમને પસંદ પડે તો તેને વૈશ્વિક અથવા પૃથિવ્ય કહીએ. તમારી અંદર એક મનોમય-મન છે અને એક મનોમય-મન પૃથ્વીના વાતાવરણમાં છે; અને . . . . હું કયા શબ્દોમાં મૂકું ? – અને આ આંતરિક અને બાહ્ય પ્રદેશોની ઘનતા એક જ છે, તેમનાં આંદોલનોની રીત એક જ પ્રકારની છે.

તમે જો તમારા મનોમય પ્રદેશમાં સચેતન રીતે પ્રવેશ કરી શકો તો તમે પૃથ્વીના મનોમય-મનમાં પણ સચેતન રીતે પ્રવેશ કરી શકો. આપણે આ વસ્તુને એક વખત સમજાવેલી છે, ખરું ને ? આપણે અમુક પ્રકારના ચાર્ટો બનાવેલા છે, નહિ ? ના, હું પૃથ્વી વિશે વાત નથી કરતી, હું આપણે જે ચાર્ટોમાં પ્રદેશો બતાવેલા તેના વિશે વાત કરું છું.

મધુર માતાજી, સંઘર્ષ દ્વારા આ બધા આવેશો ઉપર માણસ મનનો કાબૂ કેવી રીતે મેળવી શકે ?

બધા જ શિક્ષિત માણસો તે કરે છે. ફક્ત જંગલી માણસ તે પ્રમાણે કરતો નથી. શિક્ષણનો ભાવાર્થ જ આ છે, તમે સમજો છો, કારણ કે એટલું તો સમજી જ લેવાનું કે જો કોઈ સમાજમાં રહેલો હોય – ભલે તે તદ્દન એકલો રહેતો હોય તો પણ, પરંતુ સમાજમાં રહેતો હોય તો તેથી પણ વધારે તેને કરવું પડે – માણસને આવેગો હંકારે તે પ્રમાણે બધું જ ન કરી શકે, તે અશકય છે, તમે જાણો છો. જયારથી તમે બિલકુલ નાના હતા ત્યારથી તમારા શિક્ષણકારોનું એ કાર્ય રહ્યું છે કે તમારા આવેગોને તમારે કાબૂમાં લેવા અને તમે જે જીવન જીવો તેના નિયમાનુસાર તેને આજ્ઞાધીન રહેવું પડે અથવા તમારા આદર્શ પ્રમાણે તમારે ચાલવું પડે અથવા જેવા સંજોગોમાં હો તેના રીતરિવાજો મુજબ. તમારા માનસિક બંધારણનું મૂલ્ય તમે તમારા આવેશો ઉપર કેટલો કાબૂ રાખી શકો છો તેના ઉપર છે. તમે જીવન જીવતા હો તેની આજુબાજુ જે સંજોગો હોય, તથા તમારાં માતાપિતાનું ચારિત્ર્ય, અથવા જે લોકો તમને શિક્ષણ આપતા હોય તે બધા ઉપર આધાર હોય છે. પણ તે સારું હોય કે ખરાબ, સામાન્ય કે ઉત્તમ, તે એક પ્રકારના તમારા આવેગો ઉપર કરેલા માનસિક નિયંત્રણનું પરિણામ છે. જયારે તમારાં માબાપો તમને કહે, "તમારે આ ન કરવું જોઈએ," અથવા એમ કહે કે "તમારે આ કરવું જોઈએ" તેમાં તમારી ઊર્મિઓ ઉપર મનના કાબૂના શિક્ષણની શરૂઆત છે.

તેથી કરીને ખરી ગુણવત્તાવાળો માણસ અથવા વધારે સંસ્કારી માનવીનું મન પૂરેપૂરું ઘડાયેલું હોય છે અને તે જ સંજોગોમાં જીવન જીવતો હોય છે તેના આદર્શની સંપૂર્ણ સંવાદિતામાં હોય છે. પરંતુ જો કોઈ આ સંવાદિતાને, અથવા તેના બંધારણના નાનામાં નાના ભાગને ટેકો ન આપી શકે તો તેને જંગલી ગણવામાં આવે છે અને તેને તાત્કાલિક સમાજમાંથી હાંકી કાઢવામાં આવે છે. હકીકતમાં તો જેઓ ગુનેગારો હોય છે અથવા અર્ધ-પાગલ હોય છે તેઓ એવી વ્યકિતઓ હોય છે જેઓ કોઈ પણ જાતના મનોમય નિયંત્રણ વગર પોતાના આવેશોના ગુલામો હોય છે. તમારામાંની એક પણ એવી વ્યકિત નથી જે કોઈ પણ કાબૂ વગર આ બધા આવેગોને તેમની પકડમાં લેવા માટે રસ્તો આપી દે. તમારે ફકત તમારી જાતનું નિરીક્ષણ કરવાનું છે. અને તમે તમારો સમય આ રીતે પસાર કરો છો અને એમ કહો છો, "ના. આ હું કરી શકું નહીં" અથવા "આ હું કરી શકું" અથવા એક ગતિને તમે કાબૂમાં રાખો છો અને બીજીને તમે ઉત્સાહ આપી શકો છો આ માનસિક નિયંત્રણ છે.

મને લાગે છે કે ફકત જંગલી માણસમાં જ આ વસ્તુ હોતી નથી. જે માણસ જંગલમા રહે છે તેઓ તમે જાણો છો કે, કોઈના સંપર્કમાં આવતા નથી અને આવા માણસે પણ નિયંત્રણ તો રાખવું જોઈએ કારણ કે, જો તે પોતાની જાત ઉપર નિયંત્રણ ન રાખે તો કોઈ ભયંકર વસ્તુ બની જાય. આ કિસ્સામાં પણ ગંભીર તકલીફ ઉત્પન્ન થાય એવી વસ્તુઓને અટકાવવા માટે એના મગજે કાર્ય કરવું જ પડે. માનવની પ્રકૃતિ આ રીતની છે; તેનામાં એક પ્રકારની એક માનસિક પ્રક્રિયા કે જે તેના બાકીના આખા સ્વરૂપ ઉપર ઓછી કે વત્તી રીતે નિયંત્રણ રાખે છે અને જે બિંદુએ તેનો કાબૂ પહોંચેલો હોય તેના ઉપર તેની સંસ્કૃતિનો આધાર હોય છે. અને સ્વાભાવિક રીતે જ મેં કહ્યું તે પ્રમાણે તેના મનનું ઘડતર ક્રિયાઓ ઉપર જે કાબૂ રાખવાની શકિત ધરાવે છે તેના ઉપરથી તેનું મૂલ્યાંકન થાય છે.

મધુર માતાજી ! શારીરિક મન, યાંત્રિક મન જેવું જ છે ?

લગભગ, તમે સમજ્યા, તેમાં નજીવો તફાવત હોય છે, પણ બહુ નહિ. યાંત્રિક મન તો શારીરિક મન કરતાં વધારે મૂર્ખ હોય છે. શારીરિક મન વિશે તો આપણે એક દિવસ વાત કરેલી, તેને કોઈ વસ્તુની ખાતરી હોતી નથી.

મેં તમને બંધ બારણા વિશેની વાત કરેલી, તમને યાદ છે. વારુ, તે શારીરિક મનની પ્રકૃતિ છે. યાંત્રિક મન તેનાથી વધારે નિમ્ન સ્તર ઉપરનું છે, કારણ કે તે તો બુદ્ધિગમ્ય શકયતા વિશે સાંભળતું પણ નથી, અને આ વસ્તુ દરેક વ્યકિતને બને છે. ઘણે ભાગે આપણે તેને કાર્ય કરવા દેતા નથી, પણ તેની તે જ વસ્તુનું તે

પુનરાવર્તન કર્યા કરતું હોય છે. પૂરેપૂરી યાંત્રિક રીતે. કોઈ પણ જાતના કારણ વગર, બરાબર પેલા પ્રમાણે. જ્યારે કોઈ એક અથવા બીજી ધૂન તેના ઉપર સવાર થાય છે, ત્યારે તે ચાલ્યા કરે છે. દાખલા તરીકે, તમે જુઓ, જો તેને ગણતરી કરવાની ધૂન લાગે તો! "એક, બે, ત્રણ ચાર; એક, બે, ત્રણ ચાર." અને તમે બીજી બધી ઘણી વસ્તુઓનો વિચાર કરો પણ તેનું તો ચાલુ જ રહે છે "એક, બે, ત્રણ, ચાર," આ પ્રમાણે.... (માતાજી હસે છે) અથવા તે ત્રણ ચાર શબ્દોને પકડે છે અને તે ફરીથી તેના તે જ શબ્દો બોલે છે અને બોલ્યે જ જાય છે, અને જ્યાં સુધી કોઈ તેમનામાંથી એક પ્રકારની આક્રમક રીતે પીઠ ફેરવે અને તેને સખત મુક્કો લગાવે, અને એમ કહે "શાંત રહે?" ત્યાં સુધી તે આ રીતે ચાલ્યા જ કરે છે, અમર્યાદ સમય સુધી.

માતાજી, વિચારો અને ખ્યાલોની માલિકી માનસિક જગતની હોય છે?

કેટલાક ખ્યાલો અને વિચારો હોય છે, જે ઘણે દૂરથી અને ઉપરથી આવે છે, અને મન તેમને રૂપ આપે છે. હકીકતમાં, આ વસ્તુ જ હું તમને હમણાં કહેવાની હતી. ખરો લેખક, સારો વિચારક, સાચો વક્તા મસ્તકમાં વિચારોને ઘડતો નથી, તેને ઉપરથી પ્રેરણા આવે છે અને મનમાં પ્રવેશ કરતી વખતે તે શબ્દોમાં ગોઠવાય છે. પરંતુ વિચારોનું મૂળ ઘણું ઊર્ધ્વમાં હોય છે.

પરંતુ તમારે કહેવાનું હતું તે આ પ્રમાણે હતું, "એવા વિચારો હોય છે જેઓ નિમ્નમાંથી આવે છે? આ બધા વિચારો નથી હોતા. તે બધા આવેગો હોય છે, જે ચેતનામાં શબ્દો રૂપે ભાષાંતરમાં પરિણમે છે. તેઓની પ્રકૃતિ જુદી જ હોય છે.

'અવચેતન'નો બરાબર અર્થ શો છે?

અવચેતન! તે અર્ધચેતન હોય છે. તમે સમજ્યા, અને આપણે "ગૌણ" (sub), કહીએ છીએ, કારણ કે એનો અર્થ ચેતનાની "નીચેનો" થાય. તે ચેતના કરતાં વધારે તમોગ્રસ્ત હોય છે, પણ તે એક જ સમયે, નિમ્ન ભૂમિકાનું હોય છે અને ચેતનાને આધાર આપે છે. તેઓ એવા ભંડારો હોય છે જેમાંથી વ્યક્તિ રૂપ વગરની, આકાર વિહીન કોઈક વસ્તુ કાઢી શકે, જેમને રૂપોમાં ફેરવી શકાય, અથવા ક્રિયાઓમાં ફેરવી શકાય, અથવા આવેગોમાં ફેરવી શકાય, અથવા લાગણીઓમાં પણ. પરંતુ તે એવા ભંડારો હોય છે જેમાં, ઠીક ઠીક પ્રમાણમાં મિશ્રણ થયેલી વસ્તુઓનો સમાવેશ હોય છે, બહુ સ્પષ્ટ નહીં, પરંતુ જે શક્યતાઓમાંથી ભરેલા હોય છે; ફક્ત તે વસ્તુઓને બહાર લાવીને પ્રકાશમાં મૂકી વ્યવસ્થિત કરી, વિભાગીકરણ કરી એક આકારમાં મૂકવાની હોય છે જેથી તેમનું મૂલ્ય આંકી શકાય.

જ્યાં સુધી તેઓ ત્યાં છે ત્યાં સુધી તે જથ્થો, એક મિશ્રણ હોય છે. તે ચોક્કસ નિમ્ન ચેતન, એટલે કે અર્ધચેતન હોય છે. જેમાં દરેક વસ્તુ સેળભેળ થઈ ગઈ હોય છે, તેમાં વ્યવસ્થા અને પૃથક્કરણની ખામી હોય છે. ચેતનાની ખાસિયત હોય છે કે તે ગોઠવે છે, પૃથક્કરણ કરે છે .... વિભાગીકરણ વ્યવસ્થિત ગોઠવણી, તર્કબદ્ધ રીતની વ્યવસ્થા .... તર્કશાસ્ત્રમાં પણ ઘણા ભેદો હોય છે, પણ તેમ છતાં કાંઈક તર્ક, તર્કની શરૂઆત. કેટલાક ઉચ્ચતર વિભાગોનું તર્કશાસ્ત્ર છે, વધારે ને વધારે ઉત્તમ, પરંતુ તેમ છતાં પ્રાથમિક તર્ક એ એક ચેતનાનું પ્રથમ કાર્ય છે.

પણ ચેતના ભૂસકો મારે છે – જાણે તેના મૂળમાંથી ભૂસકો મારે છે – આ પ્રદેશમાં, અને તેમાંથી કોઈક પ્રવાહી રસને ઉપર ખેંચે છે; તે સતત નિમ્ન ચેતનાને ઉપર ખેંચે છે અને તેને કોઈક વસ્તુમાં ગોઠવણી કરવાની હોય છે એટલા માટે જ આપણે આપણો સમય એકનું એક કાર્ય કરવામાં ગાળીએ છીએ. જો આપણામાં ચેતનાનો ઓછો મર્યાદિત જથ્થો હોય જે આપણો પોતાનો હોય, જેમ કેટલાક માણસો કલ્પના કરે છે તેમ, જાણે કે એક પોતાની ચેતનાની નાની ખીલી હોય તેમ, તો વારુ, તમે તેને વ્યવસ્થિત રીતે ગોઠવી હોય અને સારી રીતે સંગઠિત કરેલી હોય તો તમારું કાર્ય થઈ ગયું હોત અને તમે શાંત થયા હોત પરંતુ તે પ્રમાણે જરાય નથી તે તેના પ્રમાણે જરાય નથી.

જેવી રીતે ચેતનાનાં કેટલાંક તત્ત્વો છે, જે છટકી જાય છે અને અદૃશ્ય થઈ જાય છે, અને ચારે બાજુ ફેલાઈ જાય છે, તેવી રીતે આ એક સતત ઉપર આવતી વસ્તુ છે જાણે કે જમીનના ઊંડાણમાંથી, કોઈક વસ્તુ જે ચેતન બનવા માટે કહે છે, અને તમારા કાર્યને તમારે વારંવાર કરવું પડે છે. પરંતુ જો વ્યક્તિ સાવધ હોય અને લક્ષ આપે તો દરેક વખતે બરાબર તેની તે જ વસ્તુ કરવાને બદલે તે વ્યક્તિ થોડી પ્રગતિ સહિત તે વસ્તુ ફરીને કરે છે. પછીથી ગતિ સીધી સપાટીમાં રહેતી નથી. પણ તે ગતિ આ રીતે જાય છે .... તમે જુઓ (ઊભી ગતિની ચેષ્ટા) કેટલીક વખત એવું લાગે છે કે પાછા ફરીએ છીએ, પરંતુ તે તો આગળ અને આગળ જવા માટે હોય છે.

કોઈને સમતા પ્રાપ્ત થયા સિવાય શાંતિ મળે ?

કદાચ હા, એટલે કે માણસને મગજમાં શાંતિ હોઈ શકે અને હૃદયમાં સમતા ન હોઈ શકે. એવું ઘણી સારી રીતે બની શકે કે મન બિલકુલ શાંત અને અવિચલ હોય, પરંતુ તે જ સમયે, અહીં હૃદયમાં કોઈ વસ્તુ રણઝણે અને ધબકે. આ ખાસ કરીને સાબિત કરે છે કે વ્યક્તિ સારી રીતે વિભક્ત છે કે વ્યક્તિ સારી રીતે વિભક્ત છે. પરંતુ ઘણા માણસો વિભક્ત હોય છે. વ્યક્તિને મનોમય શાંતિ હોય અને હૃદયમાં

સ્થિરતા ન હોય. એવું પણ ઘણી સારી રીતે બની શકે કે મન બિલકુલ શાંત અને અચલ હોય, પરંતુ તેમ છતાં નાડીતંત્રમાં ધ્રુજારીઓ હોય, જે આંદોલનો ચાલુ રાખે અને ત્યાં કૂદકા મારે, અને તેમ છતાં મન બિલકુલ શાંત હોય. પરંતુ જો શાંતિ લાંબો સમય સુધી રાખી શકાય તો બીજી બાકીની વસ્તુઓએ પછીથી આવવું જ પડે.

સ્થિરતા અને શાંતિ એક જ વસ્તુ છે?

સ્થિરતા અને શાંતિ? હા, લગભગ.

એ ચોક્કસ છે કે ઘણી ઘણી જાતની સ્થિરતા હોય છે. અને ઘણી ઘણી જાતની શાંતિ. અને દરેકને એક જુદો જ શબ્દ, નવું જ નામ આપી શકાય. જો કોઈને બહુ ચોક્કસ અને સ્પષ્ટ બનવું હોય તો. પરંતુ પછીથી તો એક એવું કામ છે કે પોતાને માટે જ શબ્દકોષ બનાવવો પડે અને એટલું સ્પષ્ટ છે કે જ્યારે મર્યાદિત સંખ્યા હોય ત્યારે એક ચોક્કસ પ્રકારનો શબ્દકોષ બનાવી શકાય અને શબ્દોને સમજાવવાની જરૂર પણ પડે નહિ.

પરંતુ જ્યારે તમે નવીન માણસો સાથે વ્યહવાર કરતા હો અથવા તો બહારની વ્યક્તિઓ સાથે, ત્યારે તમારે તમારું કાર્ય ફરી ફરીને શરૂ કરવું પડે; કારણ કે એ એવી વસ્તુ છે, બિલકુલ .... ફક્ત સાપેક્ષ જ નહિ, પણ અવ્યવસ્થિત; મારા શબ્દોને એક ચોક્કસ અર્થ આપવામાં આવ્યો હોય, દરેક વ્યક્તિ તેમને બીજો કોઈ અર્થ આપે, અને લોકો એકબીજાને સમજે નહીં. સિવાય કે તેમનામાં તે રીતે જ બોલવાની ટેવ હોય, અને એકબીજા સાથે તેઓ ઓછામાં ઓછા કામચલાઉ રીતે તેઓ જે શબ્દોનો ઉપયોગ કરતા હોય તેમાં કોઈ નવી વ્યક્તિ જે સાવ જુદા જ વાતાવરણમાંથી આવે તેની સાથે તમે વાતચીત કરતા હો – એટલે કે કોઈ એવી વ્યક્તિ જે તમારા નહિ પણ બીજા જ દેશની આવે – અને તેનામાં વિચારવાની સાવ ભિન્ન રીત હોય, સારું, તમે તેને કાંઈક કહો, અને તમે જે કહેતા હો તે બિલકુલ સમજી શકે નહિ. તે વસ્તુ તે કાંઈ જુદી જ રીતે સમજે, જે તેના મગજમાં હોય, કારણ કે તમે જે શબ્દોનો ઉપયોગ કરતા હો તે અર્થમાં તે વ્યક્તિ અર્થ ન કરતી હોય. જ્યારે લોકોને એકબીજા સાથે વાતચીત કરવાની ટેવ હોય છે અને જ્યારે તેઓ શબ્દભંડોળોને ચોક્કસ અર્થમાં વાપરતા હોય છે ત્યારે તેઓ બિલકુલ સમજપૂર્વક એક બીજા સાથે વાતચીત કરી શકે છે અથવા તમને પસંદ પડે તો એમ કહી શકાય કે સૌથી ઉત્તમ સમજપૂર્વક તે સમજી શકે.

પ્રભુકૃપાને કૃતજ્ઞતાથી સ્વીકાર કરવા માટે કઈ રીત છે?

આહ! પ્રથમ તો તમારે તેની જરૂરિયાત અનુભવવી જોઈએ.

આ સૌથી અગત્યનો મુદ્દો છે તેમાં તમારામાં એક પ્રકારની આંતરિક નમ્રતા હોવી જોઈએ, જે તમને પ્રભુકૃપા વગર તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર તેના વગર તમે અપૂર્ણ અને શક્તિવિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ.

આ એક અનુભવ છે જે દરેકને સારી રીતે થઈ શકે છે. જ્યારે તમે જુઓ કે એવા માણસો જે કાંઈ પણ જાણતાં નથી અને કોઈ ખૂબ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અથવા પ્રશ્નોમાં જેનો ઉકેલ લાવવો જોઈએ તેવામાં પડેલા હોય છે. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે એક આવેગમાં જેના ઉપર વિજય મેળવવાનો હોય છે અથવા કોઈક એવી વસ્તુ જેણે તેમને અસ્તવ્યસ્ત કર્યાં હોય છે .... અને પછીથી તેઓ એમ અનુભવે છે કે તેઓ ખુવાર થઈ ગયેલા છે, તેઓ જાણતા નથી કે શું કરવું-તેમનું મન કે તેમની ઈચ્છાશક્તિ કે તેમની લાગણીઓ કોઈ પણ તેમને સહાય કરતાં નથી – અને તેઓ જાણતાં નથી કે શું કરવું, તે વખતે તે બની આવે છે; તેમની અંદર કાંઈક છે, એક પ્રકારનો પુકાર, કોઈક વસ્તુ પ્રભુનું આહ્વાન, જે વસ્તુ પોતે કરી શકે તેમ નથી, તે પેલી વસ્તુ કરી શકે છે. પોતે ન કરી શકે માટે અભીપ્સા કરે છે. માણસ પોતે જે વસ્તુ કરવા શક્તિમાન નથી તેને માટે જે શક્તિમાન છે તેના પ્રત્યે અભીપ્સા કરે છે.

આ પ્રથમ શરત છે. અને પછીથી જો તમે સભાન બનો કે તે ફક્ત ઈશ્વરકૃપા તે કરી શકે, જે સ્થિતિમાં તમારી જાત મુકાયેલી છે, તેમાંથી ફક્ત પ્રભુકૃપા જ બહાર લાવી શકે તેમ છે, તમને ઉકેલ આપી શકે તેમ છે, અને તમને બહાર નીકળવા માટેનું બળ આપી શકે તેમ છે તો પછી સ્વાભાવિક રીતે જ તમારી અંદર એક તીવ્ર અભીપ્સા જાગ્રત થાય છે, એક ચેતના જેને લઈને તમારી અંદર ખુલ્લાપણું થાય છે. જો તમે પુકાર કરો, અભીપ્સા કરો, અને જો તમને પ્રત્યુત્તર મળવાની આશા હોય, તો ખરેખર સ્વાભાવિક રીતે જ તમે તમારી જાતને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લી કરશો.

અને પછીથી – તમારે આ વસ્તુ પ્રત્યે ખૂબ ધ્યાન આપવું પડશે. (માતાજી પોતાના હોઠ પર આંગળી મૂકે છે) – પ્રભુકૃપા તમને ઉત્તર આપશે, દિવ્યકૃપા તમને તકલીફમાંથી બહાર ખેંચી કાઢશે. તે કૃપા તમારા પ્રશ્નનો ઉકેલ આપશે. અથવા તમારી મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા માટે સહાયરૂપ નીવડશે. પરંતુ એક વખત તમે મુશ્કેલીઓમાંથી મુક્ત બનો, અને તમારી મુશ્કેલીઓમાંથી બહાર નીકળી જાવ, તો ભૂલશો નહીં કે પ્રભુકૃપાએ તમને તેમાંથી બહાર ઉપાડી લીધા છે, અને એવો વિચાર ન કરશો કે તમે પોતે તેમ કરી શકયા છો, કારણ કે આ ખરેખર સૌથી અગત્યનો મુદ્દો છે. મોટાભાગના લોકો જેવી મુશ્કેલી ચાલી જાય છે કે તરત જ

કહે છે, "છેવટે મારી જાતને મુશ્કેલીમાંથી બહુ સારી રીતે બહાર ખેંચી લીધી."

તો તમે તે સ્થિતિમાં છો અને પછીથી તમે સાંકળ મારીને તાળું મારો છો, અને તમે હવે પછી કાંઈ પણ ગ્રહણ કરી શકશો નહીં. તમારે ફરીથી કોઈક તીવ્ર વેદનાની ભયંકર ઉપાધીની જરૂર છે જેથી આવી મૂર્ખતા ચાલી જાય અને તમને ભાન આવે કે તમે પોતે કાંઈ જ નથી કારણ કે, જ્યારે તમને એવું ભાન આવવાની શરૂઆત થાય કે તમે પોતે શક્તિવિહીન છો ત્યારે જ તમે થોડા ખુલ્લા અને નમનીય બનવાની શરૂઆત કરો છો. પરંતુ જ્યાં સુધી તમે એમ વિચારો છો કે તમે જે કાંઈ કરો છો તે તમારી પોતાની કુશળતા ઉપર આધાર રાખે છે. તમારી પોતાની શક્તિ ઉપર, તો ખરેખર તમે બારણું બંધ કરો છો, એટલું જ નહીં, પરંતુ તમે સમજો કે તમે ઘણાં બારણાંઓને એકબીજા ઉપર બંધ કરીને તે બધાં ઉપર સાંકળ લગાવો છો. તમે તમારી જાતને એક કિલ્લામાં કેદ કરો છો, અને ત્યાં કોઈ પણ વસ્તુ પ્રવેશ કરી શકશે નહીં, આ એક મોટી ખામી છે, માણસ બહુ ઝડપથી ભૂલી જાય છે. બિલકુલ કુદરતી રીતે જ વ્યક્તિ પોતાની શક્તિથી જ સંતોષ અનુભવે છે.

> **પરંતુ માતાજી, જ્યારે વ્યક્તિ એમ વિચારવા પ્રયત્ન કરે કે પોતે શક્તિવિહીન છે, ત્યારે પણ કોઈક વસ્તુ એવી હોય જે એમ માને કે તે પોતે શક્તિશાળી છે, તો પછી ?**

આહ, હા, આહ, હા ! આહ, સચ્ચાઈવાળા બનવું ઘણું મુશ્કેલ છે .... એટલા માટે જ ફટકાઓની સંખ્યા વધે છે અને કેટલીક વખત ભયંકર બને છે, કારણ કે તે જ ફક્ત એવી વસ્તુ છે જે તમારી મૂર્ખાઈને તોડી પાડે છે, અણધારી મુશ્કેલીઓ આવવાનું આ જ ન્યાયી કારણ છે. ફક્ત જ્યારે તમે ખૂબ દુઃખદાયક પરિસ્થિતિમાં મુકાઓ છો અને ખરેખર તમને કોઈક વસ્તુ ખૂબ ઊંડાણપૂર્વક અસર કરે છે ત્યાર પછી જ તે વસ્તુ તમારી મૂર્ખતાને થોડીક પીગાળે છે, પરંતુ તમે જેમ કહો છો તેમ કોઈક વસ્તુ એવી હોય છે તે પીગળે છે છતાં એક નાનું કાંઈક એવું હોય છે જે તમારી અંદર રહેલું છે, અને એટલા માટે જ તે વસ્તુ ઘણા લાંબા સમય સુધી ચાલ્યા કરે છે ....

જીવનમાં કેટલા બધા ફટકાઓની જરૂર છે જેની વ્યક્તિ ઊંડાણપૂર્વક જાણી શકે તે **કાંઈ પણ નથી, કે પોતે કાંઈ પણ કરી શકે તેમ નથી કે તે કાંઈ હસ્તી ધરાવતો નથી, કે પોતે કાંઈ પણ નથી,** કે એવું કોઈ પણ તત્ત્વ નથી જે પ્રભુની ચેતના અને પ્રભુ-કૃપા વગર હસ્તી ધરાવે. જે ક્ષણથી વ્યક્તિ તે જાણે છે, તે ક્ષણે તે પૂરું થઈ જાય છે; બધી જ મુશ્કેલીઓ ચાલી ગયેલી હોય છે. જ્યારે માણસ સમગ્ર રીતે તે જાણે છે અને

તેનામાં એવી કોઈ પણ વસ્તુ નથી જે તેનો વિરોધ કરે .... પરંતુ તે ક્ષણ પૂરતું તો .... અને તે ઘણો લાંબો સમય લે છે.

શા માટે ફટકો એકીસાથે જ આવતો નથી ?

કારણ કે તમને ખલાસ કરી નાખે. કારણ કે જો ફટકો તમને સુધારવા માટે પૂરતા પ્રમાણમાં મજબૂત હોય તો તે તમને કચડી નાંખે, તમારો માવો બની જાય. એ તો ધીરે ધીરે, થોડું થોડું, ક્રમિક રીતે આવે છે જેથી તમારી હસ્તી ચાલુ રહે. સ્વાભાવિક રીતે એનો આધાર આંતરિક બળ ઉપર હોય છે. આંતરિક સચ્ચાઈ ઉપર અને પ્રગતિ માટેની શક્યતા ઉપર, અનુભવથી ફાયદો કરવા માટે, અને મેં હમણાં જ થોડા વખત પહેલાં કહ્યું તેમ વિસ્મૃતિ ન થાય માટે. જો કોઈ ભૂલી ન જવા જેટલા ભાગ્યશાળી હોય તો વ્યક્તિ વધારે ઝડપથી પ્રગતિ કરે છે. વ્યક્તિ વધારે ગતિથી પણ જઈ શકે છે અને માણસમાં જો તે વખતે જ આંતરિક નૈતિક બળ હોય જે, જ્યારે લાલચોળ લોઢું નજીક હોય અને તેના ઉપર પાણી રેડીને ઠંડું કરવાનો પ્રયત્ન ન કરે, પરંતુ તે ગૂમડાની અંદર ઊંડે પ્રવેશ કરે તો આ બાબતમાં વસ્તુઓ ઘણી ઝડપી ગતિથી થાય પણ આને માટે મજબૂત હોય એવા ઘણા માણસો નથી. ઊલટું તેઓ બહુ ઝડપથી આમ કરે છે. (ક્રિયા) આ પ્રમાણે, આ પ્રમાણે, સંતાવા માટે, પોતાની જાતને સંતાડી દેવા માટે. કેટલાં બધાં સુંદર દૃષ્ટાંતો પોતાની જાતને આપે છે, અને આ બધી મૂર્ખાઈઓ કરેલી હોય તેના માટે કેટલાં બધાં બહાનાંઓનો ઢગ રજૂ કરે છે.

મધુર માતાજી, ફટકાઓની સંખ્યા માણસોના ઉપર આધાર રાખે છે ?

હા, તે લોકો ઉપર આધાર રાખે છે, મેં કહ્યું તે પ્રમાણે તેમની પ્રગતિ માટેની શક્તિ ઉપર અને તેમની તાકાત અને સહનશક્તિ ઉપર આધાર રાખે છે. પરંતુ હું એવા બહુ ઓછા માણસોને જાણું છું જેમને બિલકુલ ફટકાઓની જરૂર ન હોય.

માતાજી, ફટકો આવે છે તે મહાકાલીનો ફટકો હોય છે ?

ફટકો ? અવશ્ય રીતે નહીં.

જો તમે ઝેર ખાઈ ગયા હો અને તમને ઝેર ચડી ગયું હોય, તો તેમાં મહાલક્ષ્મીનો દોષ નથી. એ તો તમે પોતે ઝેર ગળી ગયા હશો. જો કોઈ પોતાની જાતને હાસ્યાસ્પદ સ્થિતિઓમાં મૂકે, તો તે વ્યક્તિ એવી સ્થિતિ હોય કે તે પોતાનું માથું ભાંગી નાંખે અથવા હાથ કે પીઠ, કારણ કે તમે સમતુલાની સ્થિતિમાં નથી હોતા, તો તમારે દિવ્ય બળો ઉપર દોષારોપણ કરવું જોઈએ નહીં. એ તો તમે આચરેલી

મૂર્ખાઈઓનું, તમારી આંતરિક અવસ્થાનું, સામાન્ય યાંત્રિક પરિણામ છે.

મહાકાલીનો ફટકો કેવો હોય છે ?

તે તમને ઘણા સુખનો અનુભવ આપે છે, તે તમને હૃદયમાં એક મધુર હૂંફ આપે છે. તે પ્રમાણે તમને ખૂબ સંતોષ થાય છે.

માણસે તેની અભીપ્સા કરવી પડે છે કે તે કુદરતી રીતે જ આવે છે ?

હા, માણસમાં તેના માટે અભીપ્સાની એક સચ્ચાઈ હોવી જોઈએ, જો તમારે પ્રગતિ કરવી હોય તો માણસે ખરેખર કહેવું જોઈએ, "હા, મારે પ્રગતિ કરવી છે." સચ્ચાઈથી .... "ગમે તે બને, મારે પ્રગતિ કરવી છે." પછીથી તે આવે છે.

પરંતુ મેં કહ્યું તેમ, તે એક સમૃદ્ધિની શક્તિ લઈને આવે છે, જે એક તીવ્ર આનંદને ધારણ કરે છે જ્યારે કોઈએ પોતાની અંદરની કોઈ વસ્તુને બંધ કરવા માટે નિશ્ચય કર્યો હોય, એક વખત કરેલી મૂર્ખાઈને ફરીથી ન કરવાનો, અથવા તો કોઈક વસ્તુ જે કરવાની તેને અશક્ય અથવા મુશ્કેલ લાગે, પણ પોતે જાણે છે કે તે કરવી જોઈએ, અને જ્યારે તેણે નિર્ણય લીધેલો હોય અને પોતાની સંકલ્પશક્તિની પૂર્ણ સચ્ચાઈ તેમાં મૂકેલી હોય, વારું, તો પછી જો એક ભયંકર ફટકો તમને ફરજ પાડવા માટે આવે છે કે તમે જે કરવાનો નિર્ણય લીધો હોય તે કરો, અને એ ફટકો છે, છતાં તમે એમાં તમારી જાત માટે ભવ્યતા અનુભવો. અને તમે ખૂબ સુખની લાગણી અનુભવો છો, તે ખૂબ ભવ્ય છે. તમે સમજ્યા, તમે અહીં ખૂબ પ્રભાવશાળી વસ્તુ અનુભવો છો. (માતાજી હૃદય તરફ નિર્દેશ કરે છે).

અકસ્માતો તમારા તરફ આવે છે કારણ કે તમે પૂરેપૂરા બાહ્ય, આંતરિક અને સ્થૂલ ચેતનામાં તથા અજ્ઞાનની અવસ્થામાં રહો છો જે તમારી પાસે બધી જ મૂર્ખાઈઓ કરાવે છે, અને જે અકસ્માતો કુદરતી રીતે જ તે વસ્તુઓનાં પરિણામો લઈ આવે છે. આ બે વસ્તુમાં મહાન તફાવત છે અને એક ઊંચી અવસ્થા જેમાં તમે તમારી જાતના ઉપર કાબૂ રાખવા માટે નિર્ણય કરો છો, ફક્ત સત્ય ચેતનામાં રહેવાનું નક્કી કરો છો. પછી ભલે તમારે તમારી પ્રગતિ માટે ગમે તે કિંમત ચૂકવવી પડે – અને તે વખતે જે વસ્તુઓ બને છે તે ખૂબ અર્થપૂર્ણ હોય છે, તમે તે બધી વસ્તુઓમાં સત્યનો પ્રકાશ જુઓ છો; જે પ્રકાશ તમારા માર્ગને પ્રકાશિત કરે છે જાણે કે તમારી પાસે મશાલ હોય, અહીં તમને માર્ગદર્શન આપવા માટે .... તમે સ્પષ્ટ જોઈ શકો છો ! તે એવી વસ્તુ નથી હોતી જે તમને કચડી નાખે, તમારી પીઠ ઉપર પડતી શિલાની માફક તે એક વિજયશાળી ઝળહળાટ હોય છે.

એટલા માટે કોઈ હંમેશાં કહે છે : પહેલાં પગલાં માટે જ પ્રયત્નની જરૂરિ-

યાત છે. પ્રથમ પગલું એટલે : તે ભૂમિકામાંથી બહાર નીકળો અને આ ભૂમિકામાં ચડો. પછીથી બધું જ, બધું જ બદલાઈ જાય છે.

પરંતુ માણસે પૂરેપૂરા તે ભૂમિકામાંથી બહાર નીકળવું જોઈએ, વ્યક્તિએ ત્યાં રહેવું જોઈએ નહીં. વ્યક્તિએ એક પગ અહીં રાખવો અને બીજો ત્યાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં, કારણ કે તે ચાલી શકે નહીં.

તો આ સ્થિતિ છે, મારાં બાળકો.

૨૨ સપ્ટેંબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના "યોગસાધનાના પાયા", પ્રકરણ ૧, "સ્થિરતા - શાંતિ - સમતા" ઉપર આધારિત છે.

સ્થિરતા, જો કે પહેલાં તો તે અભાવાત્મક વસ્તુ લાગે છતાં તેને પ્રાપ્ત કરવી એટલી મુશ્કેલ છે કે તે થોડીઘણી પણ મેળવી શકાય તો એક મહાન પગલું, પ્રગતિ પ્રત્યેનું ગણી શકાય.

"ખરેખર તો સ્થિરતા નકારાત્મક વસ્તુ નથી, તે સત્-પુરુષની પ્રકૃતિ છે અને દિવ્ય ચેતનાનો એ ભાવાત્મક પાયો છે. બીજી કોઈ પણ વસ્તુ પ્રત્યે તમે અભીપ્સા કરો અને પ્રાપ્ત કરો પરંતુ આ વસ્તુ તો તમારામાં રહેવી જ જોઈએ. જ્ઞાન, શક્તિ, આનંદ પણ જો આવીને આ પાયો પ્રાપ્ત કરી શકે નહીં તો તે ટકી શકતાં નથી. અને તેમને પાછા ફરવું પડે છે. સત્-પુરુષની દિવ્ય વિશુદ્ધતા અને શાંતિ ત્યાં કાયમને માટે રહી શકે માટે આ પાયો જરૂરી છે.

"દિવ્ય ચેતનાની બીજી વસ્તુઓ માટે તમે અભીપ્સા કરો, પરંતુ એક સ્થિર અને ઊંડી અભીપ્સાથી. તે તીવ્ર પણ હોઈ શકે, સ્થિર પણ હોઈ શકે, પણ તે અધીર, ચંચળ કે રાજસિક તીવ્રતા ભરેલી ન હોવી જોઈએ.

"ફક્ત સ્થિર મનમાં જ અને સ્થિર સ્વરૂપનાં જ અતિમાનસનું સત્ય પોતાની આવી સૃષ્ટિનું સર્જન કરી શકે છે."

મધુર માતાજી, સત્-પુરુષ એટલે શું ?

પુરુષ ? સ્વરૂપમાં શું છે ? જ્ઞાન. સચેતન પુરુષ.

આ અતિમાનસનું સાચું સર્જન છે ?

સાચું સર્જન એટલે નવું અતિમાનસનું સર્જન, જેનો આપણે અહીં સાક્ષાત્કાર કરવો છે તે. આપણે જે નવીન રૂપાંતરિત જગતની વાત કરીએ છીએ, તે અતિમાનસિક સર્જન છે.

"રાજસિક તીવ્રતા"નો અર્થ શો ?

"તીવ્રતા" ? તે આક્રમકતા છે, તે હિંસા છે. ઉદ્દંડતા તે એક તીવ્ર ઉત્સાહ

છે અને "રાજસિક" -- તે એક અતિ ઉત્સાહી અને ઉદ્દંડ તત્ત્વ છે. તે આપણા સ્વરૂપમાં એક નિરંકુશ તત્ત્વ છે. રાજસિક – એક પ્રકારનાં પરિવહનો, આવેગો અને ઉત્સાહો અને બધી જ ઉદ્દંડતાઓ અને આવેગો. અને વધારે પડતી ક્રિયાઓ પણ હોય છે, તે તમસ્ જડ, પ્રમાદી છે અને સત્ત્વ જે સમતુલિત છે તેનાથી તે વિરુદ્ધનું છે. તેમાં અતિ-સક્રિયતા અને ઉગ્રતાનું તત્ત્વ છે.

માતાજી, "પોતાની ચેતના ઊર્ધ્વ પ્રકારની રાખવી" એટલે કે ઉચ્ચતર વિચારો માટે પ્રયત્ન કરવો એવો અર્થ થાય ?

આ એક હકીકતના બદલે પરિણામ છે. જ્યારે કોઈ પોતાની ચેતનાને ઉચ્ચતર ભૂમિકા પર રાખે છે, ત્યારે તે ચેતના વિચારો માટે ગરણીનું કામ કરે છે. અને ફક્ત ઉચ્ચ પ્રકારના જ વિચારોને સંમતિ આપે છે. પરંતુ તે એક પરિણામ છે, અને નહિ કે હકીકત. પોતાની ચેતનાને ઉચ્ચતર ભૂમિકામાં લઈ જવી એ પોતાના સ્વરૂપના નિમ્ન સ્તરથી ઉપર ઉઠાવવાનો હોય છે, તેને પ્રકાશમાં રાખવાની છે, શાંતિમાં, ઉચ્ચતર જ્ઞાનમાં અને સંવાદિતામાં; એટલે કે પોતાની ચેતનાને શક્ય તેટલી પોતાનામાં, સ્વરૂપમાં ઊંચે લઈ જવી, એવા સ્તર ઉપર જ્યાં નિમ્ન કોટિની ગતિઓમાંથી તે મુક્ત હોય. પછી કુદરતી રીતે જ જો ચેતનામાં ત્યાં હોય, તો જે વિચારોને તે ગ્રહણ કરે છે તે ઉચ્ચતર વ્યવસ્થાના હોય છે. અને વિચાર ફક્ત એક પ્રકારની ચેતનાનું રૂપ લે છે, તે ચેતનાનો પદાર્થ નથી, વસ્તુ નથી. એક પ્રકારની ચેતના વિચાર વગરની હોઈ શકે, એક ઘણી ઊંચી પ્રકારની ચેતના હોય છે, જેમાં વિચારો હોતા જ નથી. તે ચેતના એવી હોય છે જેને વસ્તુઓનું ઘણું પૂર્ણ જ્ઞાન હોઈ શકે, અને તે વિચારો કે શબ્દોમાં વ્યક્ત ન થાય. વિચારો એક પ્રકારની ક્રિયા જ છે.

"નિશ્ચલ નીરવતાનું ઊર્ધ્વમાંથી નીચે અવતરણ દ્વારા વધારે સહેલાઈથી સ્થાપન હોઈ શકે છે."

'ઊર્ધ્વમાંથી' એટલે શું, મધુર માતાજી ?

ચેતનાના ઉચ્ચતર પ્રદેશોમાંથી. તમે સમજ્યા, જો તમે ઉચ્ચતર પ્રદેશોની ચેતના તરફ ખુલ્લા થાઓ અને ઉપરથી બલ નીચે ઊતરી આવે, તો બિલકુલ સ્વાભાવિક રીતે જ તે નીચેના પ્રદેશોમાં નિશ્ચલ નીરવતાનું સ્થાપન કરે છે, કારણ કે તે પ્રદેશો તે ઉચ્ચતર શક્તિ જે અવતરણ કરે છે તેનાથી શાસન થાય છે, આ વસ્તુ મનના ઉચ્ચતર પ્રદેશોમાંથી આવે છે અથવા તેનાથી પણ ઊર્ધ્વમાંથી અથવા અતિમાનસ-માંથી પણ આવે છે. એટલે જ્યારે આ બલ અને ચેતના નીચે ઊતરે અને નિમ્ન

સ્તરની ચેતનામાં દાખલ થાય; ત્યારે આ ચેતના કુદરતી રીતે જ નીરવ બને, કારણ કે, જાણે તેના ઉપર ઉચ્ચતર પ્રકારના પૂરનો ધસારો થાય છે અને તે પ્રકાશ તેનું રૂપાંતર કરે છે.

હકીકતમાં તો વ્યક્તિના મનમાં સતત નિશ્ચલ નીરવતાનું સ્થાપન કરવા માટે ફક્ત એક જ રીત છે, તે છે પોતાની જાતને ઉચ્ચતર પ્રદેશો પ્રત્યે ખુલ્લી કરવી. અને આ ઉચ્ચતર ચેતનાને, બળને, પ્રકાશને સતત નિમ્ન મનસૂમાં ઊતરવા દેવી અને તેનો કબજો લેવા દેવો. અને અહીં, જ્યારે આ બને છે ત્યારે આ નિમ્ન મન સતત શાંત અને નિશ્ચલ રહી શકે છે. કારણ કે આ વસ્તુ કાર્ય કરે છે અને સમગ્ર સત્ત્વ-તાને ભરી દે છે. માણસો કાર્ય કરી શકે છે, લખી શકે, બોલી શકે, મનને સક્રિય બનાવ્યા સિવાય, આ બળને ઝીલીને, જે ઉપરથી મનની આરપાર નીકળી જાય છે. અને તેનો ઉપયોગ કરે છે; અને મન ફક્ત તટસ્થ કરણ બને છે. અને હકીકતમાં, નિશ્ચલ નીરવતા સ્થાપન કરવાનો આ એક જ માર્ગ છે; કારણ કે એક વખત તેનું સ્થાપન થયા પ્રછી તેની જ દોરવણી પ્રમાણે તે કાર્ય કરે છે. તે એક ખૂબ શાંત, ખૂબ નિશ્ચલ ખેતર જેવું હોય છે અને બલ જ્યારે આવે છે ત્યારે તે તત્ત્વોને ગતિમાં મૂકે છે. અને તેનો ઉપયોગ કરે છે. અને તે મન દ્વારા અભિવ્યક્ત થાય છે. મનમાં સહેજ પણ ઉશ્કેરાટ થતો નથી, તે ખૂબ નિશ્ચલ, નીરવ રહે છે.

મધુર માતાજી, આપણે આપણી ચેતનામાં મિશ્રણ થઈ ગયેલાં તત્ત્વોથી તેને કેવી રીતે ખાલી કરી શકીએ ?*

અભીપ્સા વડે, નિમ્ન ક્રિયાઓને નકારીને, ઉચ્ચતર બળને પુકારીને જો તમે કેટલાંક ગતિઓને સ્વીકારો જ નહીં, તો કુદરતી રીતે તેમને જણાય કે તેઓ આવિર્ભાવ પામી શકતી નથી, તેથી ધીરેધીરે બલમાં ઘટતી જાય છે અને ફરીથી બનતી અટકી જાય છે. જો તમે નિમ્ન કક્ષાની વસ્તુને વ્યકત કરવાનો ઈન્કાર કરો તો ધીરે ધીરે તે વસ્તુ અદશ્ય થઈ જશે અને ચેતના નિમ્ન વસ્તુઓથી ખાલી થઈ જશે. અભિવ્યકિતના નકારથો તેમ બને છે — હું એમ કહેવા માગું છું કે, ફક્ત કાર્યમાંથી જ નહીં પણ વિચારમાં અને લાગણીઓમાંથી પણ જ્યારે પ્રેરણાઓ,

---

* "અચંયલતાને (quietude)હમણાં જાળવી રાખો અને થોડા સમય માટે જો તમને અચંચળતા ખાલી લાગે તો પણ ચિંતા કરશો નહીં, ચેતના એક પ્રકારના પાત્ર જેવી છે. તેનામાંથી, ભેળસેળ થયેલી અનિષ્ટ વસ્તુઓને બહાર કાઢી નાખવાની છે તે જ્યાં સુધી નવીન સાચી અને શુદ્ધ વસ્તુઓથી ભરાઈ જાય નહીં ત્યાં સુધી થોડા સમય માટે તેને ખાલી રાખવાનું છે."

વિચારો, લાગણીઓ આવે છે ત્યારે જો તમે તેમને વ્યક્ત કરવા ઈન્કાર કરો, જો તમે તેમને બાજુએ ખસેડી લો અને એક આંતરિક અભીપ્સાની અને સ્થિરતાની સ્થિતિમાં રહો, તો પછી ધીરે ધીરે તેમનું બલ ઘટતું જાય છે અને તેઓનું આગમન બંધ થઈ જાય છે.

તેથી ચેતના તેની નિમ્નતર ગતિઓમાંથી ખાલી થઈ જાય છે. પરંતુ દાખલા તરીકે જ્યારે અનિચ્છનીય વિચારો આવે, જો તમે તેમના તરફ નજર કરો, તેમનું નિરીક્ષણ કરો, જો તમે તેમની ગતિઓનું અનુસરણ કરવામાં રસ લો, તો તેઓ આવતી બંધ થશે જ નહીં. તે જ પ્રમાણે અનિચ્છનીય લાગણીઓ અને સંવેદનોનું પણ છે, જો તમે તેમના ઉપર ધ્યાન આપો, તેમના ઉપર એકાગ્ર થાઓ, અથવા ફક્ત નજર કરો, થોડી માયાળુ રીતે તો કદી બંધ થશે નહીં. પરંતુ જો પૂરેપૂરી રીતે તેમને ગ્રહણ કરવાના અને વ્યક્ત કરવાનો ઈન્કાર કરો તો થોડા સમય પછી તેઓ બંધ થઈ જાય છે. તમારે ખૂબ ધીર અને ખૂબ ખંતીલા બનવું પડે.

મહાન અભીપ્સામાં, જો તમે તમારી જાતને કોઈ ઉચ્ચતર વસ્તુના સંપર્કમાં મૂકી શકો, તમારા ચૈત્ય પુરુષની અસર નીચે, અથવા કોઈ ઊર્ધ્વના પ્રકાશ પ્રત્યે. અને જો તમે તમારી નિમ્નતર ગતિઓના સંપર્કમાં, આ વસ્તુને મૂકવામાં સફળ થાઓ તો સ્વાભાવિક રીતે જ તે વધારે ઝડપથી બંધ થાય પરંતુ આ વસ્તુઓને અભીપ્સા દ્વારા તમે નીચે સંકર્ષણ કરી શકો તે પહેલાં, તમે આ ગતિઓને એક જુદી અને ધૈર્યયુક્ત ઈન્કારથી વ્યક્ત થતાં બંધ કરી શકો, જ્યારે તમને ન ગમતા વિચારો આવે, ત્યારે તમે તેમને ફક્ત બાજુએ ખસેડી લો અને તેમના તરફ કોઈ પણ પ્રકારનું ધ્યાન ન આપો. તો થોડા સમય પછી તે આવતા બિલકુલ બંધ થઈ જશે. પરંતુ આ તમારે ખૂબ ખંતપૂર્વક અને નિયમિત રીતે કરવું જોઈએ.

તમે કહેલું છે કે વ્યક્તિએ જાણવું જ જોઈએ કે પ્રભુકૃપા સિવાય તે પોતે કાંઈ જ નથી. તો પછી શા માટે પોતે કાંઈ જ નથી એવું જાણવાને માટે આટલો બધો મોટો પ્રયત્ન કરવો?

શા માટે આટલો મોટો પ્રયત્ન કરવો? કયા અર્થમાં? તમારે આ પ્રયત્ન તમારા અંગત કારણસર કરવો છે? તમારા અંગત સંતોષ માટે, તમારે આ પ્રયત્ન કરવો છે? એ તો પેલા લોકો કહે છે તેવું છે. "પણ જે હું તે કાર્ય કરતો ન હોઉં, અને જો તે મારું કાર્ય ન હોય તો કઈ રીતે હું કામ કરી શકું?" આ તે જ વસ્તુ છે અને તે પ્રકારના જેવી જો તમને એવું લાગતું હોય, તો તમારા અહંની ખૂબ જરૂર છે અને જો તમારા અહંને ઓચિંતા લઈ લેવામાં આવે, તો તમે ત્યાર

પછી કાંઈ પણ કરી શકો નહીં. તમારે કોઈ પણ વસ્તુ માટે તમારો પોતાનો અંગત હેતુ હોય, તો એનો અર્થ એ કે તમે હજુ પૂર્ણ રીતે તમારા અહંમાં છો, તમે સમજી શકો છો. જ્યાં સુધી તેની જરૂર છે ત્યાં સુધી વ્યક્તિએ તેમાં રહેવાનું છે. ફક્ત, પછીથી તમારે એવું ન વિચારવું જોઈએ કે તમે ઝડપથી જઈ શકશો. તે ઘણો લાંબો સમય લે છે, કેટલોક વખત ઘણી જિંદગીઓ – વસ્તુઓ કરવા માટે તમારે પોતાનાં કારણો હોય, તો તમે તેમાંથી બહાર નીકળી શકો ત્યાં સુધી તમારે રાહ જોવી પડશે અને સમજી લો કે તમારે તમારાં પોતાનાં અંગત કારણોસર આ વસ્તુઓ કરવાની નથી.

દાખલા તરીકે તમારા અંગત હેતુ માટે તમારે પૂર્ણતા જોઈતી નથી, તેમ તમારા પોતાના અંગત હેતુ માટે તમારે પ્રભુ સાથે એકતા સાધવાની નથી, તમારા પોતાના અંગત હેતુ માટે તમારે વિજ્ઞાનમય રૂપાંતર સાધવાનું નથી, જો તે તમારા પોતાના ભલા માટે અને અંગત કારણસર હોય, તો તમારા માર્ગે જઈ શકો છો; હું કહું છું કે તમે ત્યાં પહોંચશો – અમુક જિંદગીઓ પછી. તમે સમજ્યા, એક એવી અવસ્થા છે, જેમાં વ્યક્તિ સમજી પણ શકતી નથી કે કેવી રીતે, અંગત હેતુ સિવાય પોતે અસ્તિત્વ ધરાવે. જ્યાં સુધી તે પ્રમાણે છે જો કદાચ તમારામાંથી હું મારી અંગત ચેતના અને હેતુ ઉપાડી લઉં, તો પછીથી તમે હસ્તી ધરાવતા જ બંધ થઈ જાઓ. એટલા માટે જ્યાં સુધી, તમને તમારા અંતરમાં ભાન થાય કે વસ્તુઓનો સાચો હેતુ આ નથી, ત્યાં સુધી તમારે શાંતિથી રાહ જોવાની છે.

રાહ જોયા સિવાય બીજું કાંઈ કરવાનું નથી ?

ઈહ ! રાહ જોયા સિવાય બીજું કાંઈ કરવાનું નથી. મારે માટે ? તમે તૈયાર થાવ ત્યાં સુધી મારે સમયની નોંધ રાખવાની છે. (માતાજી હસે છે.)

તે ઘણો નાજુક પ્રશ્ન છે, કારણ કે ઘણા લાંબા સમય સુધી, જો કોઈને ગ્રેમ ન લાગે, આ પોતાની જાતને પૂર્ણ કરવાની અંગત અભીપ્સા ન અનુભવે, પ્રભુનો સંપર્ક સાધવાની આ અભીપ્સા, અતિમનસનો સાક્ષાત્કાર કરવાની આ અંગત અભીપ્સા, વારુ, તે જેમ અત્યારે તમે કહો છો તેમ જ કહે, "તો પછી કાંઈ પણ કરવાનો અર્થ શો ? ફક્ત એક જ વસ્તુ કરવાની રહે છે કે સ્થિર રહો." વારુ, જ્યાં સુધી તે પ્રમાણે, એ રીતનું છે. અને જ્યાં સુધી તમે તમારી પોતાની અંદર પૂરી ચેતનાનો વિકાસ સાધ્યો નથી, બીજી રીતે બનવા માટે, ત્યાં સુધી કાંઈ પણ કહેવાનું કે કરવાનું રહેતું નથી. માટે ફક્ત રાહ જોવાની છે.

"રાહ જુઓ" એટલે અમુક જિંદગીઓ સુધી ?

હા.

કેટલાક માટે તે વધારે ઝડપી બને છે; જો તેમનામાં કાંઈક ઓચિંતાનું પરિવર્તન થાય. અને તેમને અનુભૂતિ થાય, પછી તે ફક્ત ચૈતસિક સાથેની એકતા હોય – તો એકાએક તેઓ સમજી જાય છે. ચૈતસિક સાથેની એકતા તો તુર્ત જ તેઓ સમજી જાય છે; તેઓ સમજે અને આટલું પણ. તેમને હસતાં કરી મૂકે છે. તેને એમ લાગે છે કે તે કેટલો બધો મૂર્ખ હતો ! (માતાજી હસે છે)

માણસની પોતાની જાતની લાગણી એક પિંજર બને છે, એક કેદ, જે તમને અંદર બંધ કરી દે છે, તમને સાચા બનવામાંથી અટકાવે છે, સત્ય જાણવામાંથી, સત્ય આચરણ કરવામાંથી, સાચી સમજમાંથી, એ જાણે કે તમને કોઈએ એક સખત કોચલામાં મૂકયા હોય અને તમારે ફરજિયાત રીતે ત્યાં રહેવું પડતું હોય એવું લાગે છે.

સૌથી પહેલું આ સંવેદન તમને આવે છે. પછીથી તમે તે કોચલાને તોડવા માટે ટકોરો મારો છો. કેટલીક વખત તો તે ઘણા લાંબા સમય સુધી ટકી રહે છે. પણ છતાં જયારથી તમને આવો અનુભવ થવાની શરૂઆત થાય, કે જેને તમે તમારી પોતાની જાત માનતા હતા, જે વ્યકિત વસ્તુઓ કરે છે અને જેના માટે આ બધું થાય છે, જે વ્યકિત હસ્તી ધરાવે છે અને તમે જે છો તે બનાવે છે. હા, પછી તમે આમાંથી પસાર થઈને જે ચેતનામાં પહોંચો છો, કે આ એક જેલ છે જે તમને તમારા સાચા સ્વને અટકાવે છે, ત્યારે તમે મોટી પ્રગતિ કરી હોય છે અને એક આશા રહે છે. તમે ગૂંગળામણ અનુભવો છો, દબાઈ ગયેલા, હવા વગરની કેદમાં પુરાયેલા પ્રકાશ વગરની, કોઈ પણ બારીબારણા વગરની, અને પછી તમે અંદરથી ધક્કો મારવાની શરૂઆત કરો છો, ધક્કો, ધક્કો, ધક્કો મારવાનો જેથી તે તૂટી જાય.

અને જે દિવસે તૂટી જાય છે, જે દિવસે તે ખૂલે છે, ઓચિંતાના, તમે ચૈતસિક ચેતનામાં પ્રવેશ કરો છો અને પછી તમે સમજો છો અને પછી જો તમારામાં રમૂજની વૃત્તિ હોય તો તમે હસો છો; તમારી મૂર્ખતાનું તમને ભાન થાય છે.

માતાજી, તમે એક દિવસ કહેલું કે પ્રભુની સાથે ઐકય સાધવા શકિતમાન થવું તે પહેલાં માણસે પ્રથમ 'વૈયકિતક' બનવું જોઈએ.

હા, વારુ, બરાબર તે જ પ્રમાણે છે. તમે 'વ્યકિત' બનવાના સમયગાળામાં જ છો. અને જયાં સુધી માણસ 'વ્યકિત' બનવાના સમય ગાળામાં છે ત્યાં સુધી માણસે આ ગાળો પસાર થઈ જાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ. એટલે કે, તમે એક સભાન વ્યકિત બનો ત્યાં સુધી સંપૂર્ણ રીતે એ તે પ્રમાણે જ છે.

માતાજી, તમે કહેલું કે ઘણા ઓછા, દસ લાખમાં કદાચ, એક એવા હોય જે ખરેખર સચેતન હોય.

ઓહ ! જો તમે વિશાળ માનવતાને લક્ષ્યમાં લો તો, ચોક્કસ ! અને માનવનો મોટો સમુદાય કદી વૈયક્તિતાઓ બનશે નહીં. એક (પ્રવાહી જેવો) આકારહીન જથ્થો રહેશે. બધું જ સેળભેળિયું, તેની માફક (ક્રિયા) સાચા વ્યક્તિ બનવું જોઈએ. જો તમે 'માનવ ચક્ર' વાંચ્યું હોય તો તમે જોશો કે સાચા મનોમય માનવી બનવું એ એટલું બધું સહેલું નથી. જેનામાં વ્યક્તિત્વ હોય, જે હસ્તી ધરાવતો હોય તેની પોતાની વાસ્તવિકતા હોય; તેટલું પણ થવું સહેલું નથી.

પરંતુ, એક પ્રકારની પ્રભુકૃપા દ્વારા તે વસ્તુ વ્યક્તિત્વ પ્રાપ્ત થયા પહેલાં બની શકે છે, જો કોઈનામાં પોતાનામાં એક અભીપ્સા હોય, જો તેનામાં એવી કોઈ વસ્તુ પ્રત્યે જાગ્રત થવા માટે તેને જરૂરિયાત લાગે, જે વધારે વસ્તુની માગણી કરે; જેને વધારે સારું જોઈતું હોય, જે એમ અનુભવે કે વ્યક્તિ બનવું એ કેટલું બધું સંકુચિત છે, કોઈક એવી વસ્તુ જે સામાન્ય મર્યાદાથી ઉપર રહેલી કોઈ વસ્તુની શોધ કરે, તો તેને ઓચિંતાનો ચૈત્ય પુરુષનો સ્પર્શ થાય છે, જે બધા દ્વારો તેના માટે ખોલી આપે છે. તે ફરીથી બંધ થાય છે, પરંતુ એક વખત તે ખૂલે તો તેને તમે કદી ભૂલતા નથી. તેની સ્મૃતિ બહુ સ્પષ્ટ રહે છે; અને આ સહાય કરે છે. તે વસ્તુ તમારા માટે અહીં બનવી જોઈએ.

મધુર માતાજી, ચૈત્ય પુરુષની સાથેની એકતા, અને ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે, એ એક જ વસ્તુ છે ?

એટલે કે પ્રથમ પગથિયું એકતાનું છે, અને પછીથી, તમે આ એકતાને ધારણ કરી શકો, તો ચૈત્ય પુરુષ તમારી બાકીની પ્રકૃતિ અને જીવનનું શાસન કરે છે. તે અસ્તિત્વનો સ્વામી બને છે. એટલે ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે તેનો અર્થ આપણે આ રીતે કરીએ છીએ. તે શાસન કરે છે, દોરે છે, જીવનની વ્યવસ્થા ગોઠવી આપે છે, ચેતનાને સુવ્યવસ્થિત કરે છે, સ્વરૂપના ભિન્ન ભાગોને એકત્રિત કરે છે. જ્યારે આ પ્રમાણે બને, ત્યારે કાર્ય ઝડપી ગતિથી ચાલે છે, ખૂબ ઝડપથી, વારુ..... સાપેક્ષ રીતે ખૂબ ઝડપથી.

માનવ ચેતનામાં દરેક વસ્તુ બહુ મંદ ગતિથી હોય છે. જ્યારે આપણે કોઈક વસ્તુના સાક્ષાત્કાર માટેનો સમય, માનવ અસ્તિત્વને સામાન્ય અસ્તિત્વ સાથે સરખાવીએ છીએ ત્યારે તે અનંત લાગે છે. પરંતુ આનંદની વાત છે કે એક એવો સમય આવે છે જ્યારે માનવી આ ખ્યાલમાંથી મુકત થાય છે, જ્યારે માનવ

માપોથી અનુભવવાની શરૂઆત વ્યકિત કરતી નથી. જેવો માણસ ચૈત્ય પુરુષના સ્પર્શમાં ખરેખર આવે છે, ત્યારે માણસ આ સંકુચિતતામાંથી મુક્ત થાય છે. અને આ દર્દમાંથી પણ, આ દર્દ જે ખૂબ ખરાબ છે, "મારે ઝડપ કરવી પડશે, મારે ઉતાવળ કરવી પડશે, બહુ સમય નથી." માણસ વસ્તુઓ બહુ ખોટી રીતે કરે છે અથવા તો પછીથી કાંઈ કરતો નથી. પણે જેવો ચૈત્ય પુરુષ સાથે સંપર્ક થાય કે તરત જ આ વસ્તુ ખરેખર અદૃશ્ય થઈ જાય છે; માણસ જરા વધારે વિશાળ, સ્થિર અને શાંત બનવાની શરૂઆત કરે છે, અને શાશ્વતીમાં જીવવાની શરૂઆત કરે છે.

મધુર માતાજી, આપણે આપણા અહં પ્રત્યે શા માટે આટલા બધા આસકત છીએ ?

મેં હમણાં કહ્યું તે પ્રમાણે, કદાચ તમારે હજુ તેની બહુ જરૂર હશે, તે પ્રમાણે નથી ? એક સચેતન, વ્યકિતત્વવાળા પુરુષ બનવાને માટે વ્યકિતને તેના અહંની જરૂર છે; એટલા માટે તો તે ત્યાં છે. એ તો જ્યારે વ્યકિતએ પોતાના વ્યકિતત્વને સંતોષકારક રીતે જાણ્યું હશે, જ્યારે તે એક સચેતન, સ્વતંત્ર સતૂ–તા બન્યો હશે, તેની વાસ્તવિકતા સહિત, ત્યાર પછી તેને અહંની જરૂર હશે નહિ. અને તે સમયે વ્યકિત તેનાથી મુકત થવા માટે પ્રયત્ન કરી શકે છે. કમભાગ્યે ઘણા માણસો જ્યારે ખરેખરી વ્યકિતઓ બને ત્યારે, તેમની પોતાની અગત્ય અને શકિતનો એટલો બધો ઊંચો મદાર બાંધે છે, કે પછીથી અહંકારનું વિસર્જન કરવાનું પણ તેઓ વિચારતા નથી.

અહીં હું તમને ઊંધમાં પડયા રહેવા દેવા માગતી નથી. હું તમને વારંવાર સાચી વસ્તુની યાદ આપું છું. પરંતુ તમે બધા ઘણા યુવાન છો. તમે સમજ્યા, અને તમારે ઘણાં વર્ષોની જરૂર છે. તમારું આંતરતત્ત્વ ઘડવા માટેનાં વર્ષો, એવું સ્વરૂપ જે પોતાની જાતે વિચારી શકે છે, પોતાની સંકલ્પશકિત વિશે સભાન હોય, માનવ સમૂહથી સ્વતંત્ર તેના માટે થોડો સમય જરૂરી છે. કેટલાંક બાળકો બહુ નાનાં હોય ત્યારથી જ શરૂઆત કરે છે. જો માણસ નાનપણથી શરૂ કરે, જ્યારે તે ૨૦ વર્ષનો હોય ત્યારથી, તો તેનો આકાર બરાબર બંધાય. પરંતુ તમારે બહુ નાના હો ત્યારથી જ શરૂઆત કરવી જોઈએ; અને સચેતન રીતે, ખૂબ સભાનતાથી; તમારી અંદર ચાલતી બધી ક્રિયાઓથી તમારે વાકેફ બનવું જોઈએ, તેમના એકબીજાના સંબંધોથી, – સ્પષ્ટતયા, તમારી સ્વતંત્ર કક્ષાથી, સાચા વ્યકિતત્વથી, કયાંથી આવેગો આવે છે, તેનાથી, બીજી ગતિઓ કયાંથી આવે તેનાથી; કે તે બહારથી આવે છે કે કાંઈક એવી વસ્તુ છે જે તમારી પોતાની અંદરથી ઉત્પન્ન થયેલી છે. પોતાની

અંદર ચાલતી ગતિવિધિઓનો એક ઊંડો અભ્યાસ જરૂરી છે જેથી કરીને જે સ્વરૂપ, જરા સચેતન હોય, ઘણું થોડું સચેતન તેને "પાસાદાર" બનાવવા માટે ઘણું જરૂરી છે. પરંતુ જ્યારે તમે પ્રવાહી રીતે જીવો, એટલે કે, તમને જાણ પણ ન હોય કે તમારી અંદર શું ચાલી રહ્યું છે, અમુક રીતની અસ્પષ્ટ છાપો જ હોય, જો તમે તમારી જાતને ઓછામાં ઓછી સોમાંથી નવ્વાણું વખત પૂછો, તમારી જાતને પૂછો, "મેં તે પ્રમાણે કર્યું ?" તો પછી પ્રત્યુત્તર એકનો એક આ પ્રમાણે જ આવશે: "હું તે પ્રમાણે જાણતો નથી. તે એ પ્રમાણે આવ્યું, બસ એટલું જ." એટલે કે વ્યક્તિ બિલકુલ સભાન નથી.

જ્યારે તમે બીજાઓની સાથે હો ત્યારે તમે જાણી શકો છો કે, તમારામાંથી શું બહાર આવે છે અને બીજાઓમાંથી શું બહાર આવે છે? કઈ રીતે તેઓનું અસ્તિત્વ હોય છે, તેમનાં ખાસ આંદોલનો કેટલી હદ સુધી તમારા ઉપર કાર્ય કરે છે. તમે આ બાબત બિલકુલ સભાન નથી. તમે એક 'આશરે અમુક પ્રકારની' એવી ચેતના, અર્ધ-જાગ્રત, અર્ધ-નિદ્રાયુક્ત, કાંઈક એવી અસ્પષ્ટતામાં, જેમાં તમારે આ રીતે વસ્તુઓને પકડવા માટે ફાંફાં મારવાં પડે છે. પરંતુ તમને એક સ્પષ્ટ, ચોખ્ખો અને પૂર્ણ ખ્યાલ હોય છે કે તમારામાં શું ચાલી રહ્યું છે, શા માટે તમારી અંદર તે ચાલે છે? અને પછી આ પણ: કયાં આંદોલનો બહારથી આવે છે અને કયાં તમારી પોતાની અંદરથી? અને પછીથી, ફરીને, બીજાઓ તરફથી શું આવે છે, અને બધું બદલાઈને એક નવીન સર્જન થાય છે? તમે એક પ્રકારની અસ્પષ્ટ પ્રવાહી પરિસ્થિતિમાં રહો છો, કેટલીક વસ્તુઓ ઓચિંતાની તમારી ચેતનામાં સાકાર પામે છે, તમે એમને એક ક્ષણ પકડેલી; અને તે વખતે તે પ્રમાણે સ્પષ્ટ હતી, જાણે કે તે વખતે એક પ્રોજેકટર હતું, અને કોઈક વસ્તુ પડદા ઉપર ચાલતી હતી. અને એક સેકંડ માટે સ્પષ્ટ દેખાતી હતી; અને બીજી જ મિનિટે તે બધું જ ઝાંખું અને અસ્પષ્ટ બની જાય છે પરંતુ તમે તેના વિશે જ સભાન હોતા નથી કારણ કે તમારી જાતને તમે પ્રશ્ન પૂછયો નથી. કારણ કે તમે આ રીતે જીવન જીવો છો તે અહીં અટકે છે, અહીં શરૂ થાય છે અને અહીં તેનો અંત આવે છે એટલું પૂરતું છે. તમે દિવસોનાં દિવસો દરેક મિનિટે તે વસ્તુઓ કરો છો, તે પ્રમાણે કરે જાઓ છો અને આમ બન્યે જાય છે.

તે આવશે. તે આવશે. ચોક્કસ તે આવશે. હું તમને તે પ્રકારના છોડી દેવા માગતી નથી – તમને થોડા ઊંચાનીચા કરવા હું તમને થોડાક ઊંચાનીચા કરીશ.

આને માટે જે જરૂરી લાગે તે હું ચોક્કસ કરીશ. તો આપણે તે સ્થિતિમાં છીએ.

મધુર માતાજી, રાજસિક આતુરતાથી જે અભીપ્સા આવે છે તેની કેવી અસર થાય છે ?

અભીપ્સાની અસર ? વારુ, તે તમારી અચંચળતાને દૂર કરે છે તે તેની પ્રથમ અસર. તે તમને ચંચળ, અધીર અને અસંતોષી બનાવે છે. જ્યારે જે વસ્તુની તમે માગણી કરી હોય તે પ્રમાણે જલદીથી તમને પ્રાપ્ત ન થતું હોય, ત્યારે તે તમારી નિરાશા અને અસંતોષમાં અને અભીપ્સામાં એક લાચારીની ઉગ્રભાવના જાગ્રત કરે છે.

તો પછી કામનાને લઈને આવું બને છે ?

તે એક જ વસ્તુ નથી. આ કામનાની વસ્તુ નથી, તે અભીપ્સાનો પ્રશ્ન છે. પરંતુ અભીપ્સાઓ આ પ્રકારની હોઈ શકે. કામના તો બિલકુલ જુદી જ વસ્તુ છે. કામના તો પૂરી ક્ષિતિજ સમાંતર ચાલે છે.

તમારી સામાન્ય ચેતનામાં તમને કોઈ વસ્તુ મેળવવાની કામના થાય જે વસ્તુ હસ્તી ધરાવતી હોય અથવા કોઈ પ્રગતિ કે ઉચ્ચ પ્રકારનું જ્ઞાન કે વધારે મોટા સાક્ષાત્કાર માટે અભીપ્સાની સહેજ પણ તમારામાં ઇચ્છા ન હોય. તમે દુકાનમાં કોઈ વસ્તુ જુઓ અને તમારે તે જોઈતી હોય. તે તે જ વસ્તુની તમને કામના થાય અથવા તમારા મગજમાંથી એવો વિચાર આવે કે કોઈક વસ્તુ ખાવામાં આનંદ આવે અને તમને તેની ઇચ્છા થાય. આ બધાં વસ્તુઓ કામના છે, તેને એક જ ભૂમિકાની વસ્તુ સાથે સંબંધ હોય છે. વળી કામનાઓમાં પણ કેટલીક જુદી હોય છે, જુસ્સાવાળા અને કેટલાકને ક્ષણિક અને નબળી કામનાઓ હોય છે. બન્ને પ્રકારની કામનાઓ હોય છે.

પરંતુ શ્રી અરવિંદ જે વસ્તુ વિશે અહીં વાત કરે છે તે એક ખરેખર અભીપ્સા વિશે છે. તે કોઈ એવા માણસ માટે છે જે આધ્યાત્મિક જીવન માટે અભીપ્સા રાખતો હોય, પરંતુ તેમાં ખૂબ જ જુસ્સો અને આવેગ હોય અને સ્વાભાવિક રીતે જ આ બધી વસ્તુઓને ઊંચીનીચી કરી નાખે. વધારામાં, જે ફળ તે પ્રાપ્ત કરે – જો તેને કોઈ ફળ પ્રાપ્ત થાય તો – તે બહુ મિશ્ર પ્રકારનું હોય છે; અને તે કાદવ જેવું હોય, તેઓ કહે છે તેવું બિલકુલ અશુદ્ધ, સામાન્ય. તેઓ જેને "રાજસિક આતુરતા" કહે છે, તીવ્રતા સહિતની, કારણ કે તીવ્રતા પણ ઘણી વિશાળ, ઘણી સ્થિર અને ઘણી વિશુદ્ધ હોઈ શકે અને તે અભીપ્સાને સારા પ્રમાણમાં શક્તિશાળી બનાવે છે. તેની સાથે તેઓ જે કહે છે તેનો ગૂંચવાડો ન

કરવો જોઈએ. પણ આ વસ્તુને રાજસિક ક્રિયા સાથે અથવા કામના સાથે કોઈ સંબંધ નથી.

અને એક દાખલો લઈએ તો, તમે આ રીતે તેને સમજી શકો; જો તમારે અભીપ્સા હોય એમ કહો કે ઓચિંતા તમે પ્રગતિ માટેની શકયતા વિચારો, તમને પ્રગતિ માટેની અભીપ્સા થાય; પરંતુ તમારી અભીપ્સાની સાથે કામનાનું મિશ્રણ થઈ ગયું હોય, તો તમને પ્રગતિ કરવાની ઇચ્છા એટલા માટે થશે કે તે વસ્તુ તમને શક્તિઓ આપે, અથવા અગત્ય આપે અથવા તમારા જીવનની પ્રગતિમાં સુધારો થાય. તમે આગળ ચાલો છો, અને તમારી અભીપ્સાની સાથે તમે બધા પ્રકારનાં નાનાં નાનાં અંગત કારણોનું પણ મિશ્રણ કરી દો, અને સત્ય કહીએ તો, બહુ ઓછા માણસોને શુદ્ધ અભીપ્સા હોય છે, એક અભીપ્સા, જેનો પ્રગતિ માટેનો સંકલ્પ હોય, ફકત તે જ, તે ત્યાં બંધ થઈ જાય છે. કારણ કે માણસ પ્રગતિ માટે અભીપ્સા કરે છે અને પછીથી, આપણે તે સ્થિતિમાં રહીએ છીએ, આપણે વધારે આગળ જવું નથી. આપણે પ્રગતિ જોઈએ છીએ, પરંતુ ત્યાં બધા પ્રકારની કામના-ઓનું તેની સાથે મિશ્રણ થઈ જાય છે. આ પ્રગતિમાં તમારી કામના અંદર આવે છે, તમે સમજ્યા, તેઓ જેમ કહે છે તેમ તેની અભીપ્સા એક એવી ચેતના લાવે છે જે અશુદ્ધ છે, કાદવ ભરેલી છે, અને તેની અંદર કાંઈ ઉચ્ચ વસ્તુઓ આવી શકે નહિ. પ્રથમથી જ આ બધી વસ્તુને પૂરેપૂરી બાતલ કરવી જોઈએ. જો વ્યકિત પોતાની જાત પ્રત્યે ખૂબ સચ્ચાઈપૂર્વક જુએ, ખૂબ સ્પષ્ટ રીતની અને ખૂબ કડ-કાઈથી તો તે ખૂબ ઝડપથી શોધી શકે છે કે ચેતનાની ઘણી થોડી વસ્તુઓ બહુ ઓછી ક્રિયાઓ કામનાના મિશ્રણ, વગરની હોય છે. તમે જેને ઉચ્ચતર ગતિ ગણો તેમાં પણ કાયમ . . . . નહિ એટલું સારું છે કે કાયમ નહિ, પરંતુ ઘણોખરો વખત, કોઈ કામનાનું મિશ્રણ હોય છે, પોતાની અંગત અગત્યતાની કામના, ફકત આ જ વસ્તુ એક પ્રકારનો આત્મસંતોષ, બીજા કરતાં પોતે ચડિયાતા હોવાનો સંતોષ.

જે લોકોને યોગીઓ થવું છે, જેથી કરીને તેમના પડોશીઓ ઉપર તેઓ છાપ પાડી શકે અને બીજાઓ ઉપર સત્તા જમાવી શકે અને તેથી બીજા બધાને તેમના માટે પ્રશંસા અને માનની લાગણી થાય. તેના કરતાં આ વસ્તુ ઘણી વધારે સારી છે. કેટલીક વસ્તુઓ સાચે સાચી વિશુદ્ધ હોય છે ? શુદ્ધ અભીપ્સા ? તમે ઘણી ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી હશે, જે સ્તરની મેં વાત કરી, તેના વિશે વ્યકિત પોતાની જાતને હાસ્યથી જોઈ શકે, થોડુંક કટાક્ષમય હાસ્ય, અને તેને એમ અનુભવાય કે તે કેટલો તો નાનો હતો, કેટલો નાનો, કેટલો નાનો એટલો બધો ક્ષુદ્ર, સાવ તુચ્છ અને સાવ મૂર્ખ. ત્યાર પછી વસ્તુઓ સારી રીતે ચાલે છે. પણ કેટલા લાંબા સમય

સુધી, બધી જ ગલીઓ તેમના પોતાના તરફ પાછી ફરેલી છે ! તમે સૂસવાટા મારતા ઊપડો છો, જાણે કે તમે વિશ્વની સામે આગળ કૂદકો મારતા હો, અને તમે તમારી પોતાની જાત પ્રત્યે પાછા ફરો છો. એક નાના પરિણામની ઇચ્છા સાથે, થોડોક સંતોષ અનુભવો છો, ઘણા નાના પ્રકારનો સંતોષ. જો કે તમે પોતે તો તમારું આવું મૂલ્યાંકન કરતા હો છો, "અહો ! મારી કેટલી સુંદર અભીપ્સા હતી !" તો તમારી આ સ્થિતિ છે.

૨૯ સપ્ટેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગ સાધનાના પાયા", પ્રકરણ ૧, "સ્થિરતા-શાંતિ-સમતા" ઉપર આધારિત છે.

"સ્થૂલ ચેતના માટે વધારે અને વધારે સચેતન બનવું એ સારું છે, પરંતુ આ સામાન્ય માનવ પ્રત્યાઘાતો જેમના વિશે તે સભાન બને, અથવા તેમની તેમના ઉપર દુષ્ટ અસર થાય અને તેમને અસ્તવ્યસ્ત કરી નાખે એવું બનવા દેવું ન જોઈએ. એક દઢ સ્થિરતા અને સ્વામિત્વ અને અનાસકિત આવવાં જ જોઈએ. મનમાં, નાડીતંત્રમાં અને શરીરમાં પણ, જેથી શારીરિક ચેતનાને જાણવા માટે અને અનુભવવા માટે અક્ષુબ્ધ થવા શકિતમાન બને; તેણે વાતાવરણમાં રહેલી ગતિઓના દબાણને જાણવું જોઈએ, તેના વિશે સચેતન બનવું જોઈએ અને તેનો ઈન્કાર કરી તેને ફેંકી દેવું જોઈએ. તેમનામાંથી ફકત અસર પામીને દુ:ખી થવું ન જોઈએ."

મધુર માતાજી, શારીરિક ચેતના કઈ રીતે "વાતાવરણમાં રહેલી ગતિઓનું દબાણ ફેંકી દઈ શકે ?"

તમારે સૌથી પ્રથમ તો સચેતન બનવું જોઈએ. અને આ ગતિઓ આવે છે તેના વિશે સભાન બનવું જોઈએ.... કે તેમાં દબાણ છે; અને પછી તમારામાં સંકલ્પ હોવો જોઈએ, તેમનો અસ્વીકાર કરવાનો સંકલ્પ; અને પછી ફરીથી તેમ શીખો છો, તે છે .... તેને કેવી રીતે મૂકવું ?.... એ એક યુકિત છે. જે દરેકે શીખવી જોઈએ. ચેતનાની ગતિ, સંકલ્પશકિતની, અને તે જ સમયે, જાણે કે તમે શરીરમાંથી ઉત્પન્ન થતાં એક બલનો ઉપયોગ કરતા હો, અને છેવટે આ કરો (ધક્કો મારવાની ક્રિયા) તે ગતિને તમારે પાછી ધકેલી દેવી અને તેનો સ્વીકાર ન કરવો.

પરંતુ સૌથી પ્રથમ તો તમારે સચેતન બનવું જ જોઈએ. જો તમે સચેતન ન હો તો તમે કાંઈ કરી શકો નહીં. તમારે પ્રથમ તો દબાણને જોવું જોઈએ, તેની અસરને, સૂચનને, તે ગમે તે વસ્તુ હોય, જે વસ્તુ જે બહારથી આવે છે, તેને તમારે આવતું અનુભવવું જોઈએ, જોવું જોઈએ, નિરીક્ષણ કરવું જોઈએ અને પછીથી નિર્ણય લેવો જોઈએ, ઈન્કાર કરો કે નથી જોઈતું, આ ત્રણે ક્રમિક વસ્તુ છે.

સાચી ભાવના કઈ કહેવાય ?*

તે વ્યક્તિના ઉપર આધાર રાખે છે, મારા બેટા. સાચું વલણ તો પોતાની જાતને પૂર્ણ કરવાની સંકલ્પશક્તિ, અથવા સ્થિર થવાની સંકલ્પશક્તિ અથવા – તે સંજોગો ઉપર આધાર રાખે છે. તેથી કરીને તેમણે (શ્રી અરવિંદે) સ્પષ્ટ રીતે કહેલું નથી. કે આ રીતે કે તે રીતે; એટલે કે દરેક સંજોગમાં એક ભાવના હોય છે જે યોગ્ય ભાવના હોય છે, જે તમારામાં હોવી જોઈએ, જે તમારે આંતરિક વલણ લેવાનું છે. તે દરેક વ્યક્તિ ઉપર આધાર રાખે છે.

દાખલા તરીકે, તમે જુઓ, જ્યારે તમે એક શારીરિક અસમતુલાનો તરંગ અનુભવો, ખરાબ તબિયત વિશેનું આવતું આંદોલન, વારુ, તો સાચી ભાવનામાં એકાગ્રતા કરવી એટલે એક આંતરિક સ્થિરતામાં એકાગ્રતા કરવી, પ્રભુની કૃપામાં શ્રદ્ધા રાખવી, અને શારીરિક સમતા અને તંદુરસ્તીમાં રહેવાની સંકલ્પશક્તિ કરવી. આ સાચી ભાવના છે. બીજા કિસ્સામાં, માણસ ક્રોધના આંદોલનને અનુભવે અથવા બહારથી આવતા ગુસ્સાનું; તો પછી માણસે એક આંતરિક સ્થિરતામાં પાછા હઠી જવું જોઈએ, ઉપરની સપાટી ઉપરની વસ્તુઓમાંથી અનાસક્ત, ફક્ત ઉપરની આવતી વસ્તુઓને જ વ્યકત કરવાની સંકલ્પશક્તિ રાખવી અને દિવ્ય પ્રભુની સંકલ્પશક્તિને કાયમ આજ્ઞાધીન બનવું. આ સાચી ભાવના છે. અને દરેક કિસ્સામાં તે એક આવા પ્રકારની હોય છે. કુદરતી રીતે જ જ્યારે આ વસ્તુ આવે ત્યારે માણસે પ્રભુને યાદ કરવા જોઈએ, અને પ્રભુની સેવામાં જ પોતાની જાતને મૂકવી જોઈએ અને પ્રભુ જે ઈચ્છે તે જ ઈચ્છા કરવી જોઈએ.

પરંતુ, એક પ્રસંગમાં તમારે સ્થિરતાની જરૂર છે, બીજામાં તમારે બળ હોવું જોઈએ, અન્યમાં તમારે તંદુરસ્તીની જરૂર હોવી જોઈએ, અને વળી સાવ બીજામાં એવી વસ્તુ હોવી જોઈએ જે બહારથી આવતા દબાણને રોકી રાખી શકે.

જ્યારે કોઈ વ્યક્તિ મૂંઝાઈ જાય છે, જ્યારે તેને એક પસંદગી કરવાની હોય છે, જ્યારે વ્યક્તિ જાણતી નથી કે સાચી વસ્તુ કઈ કરવી, તમે સમજ્યા, કોઈને બે કે ત્રણ કે ચાર શકય નિર્ણયોમાંથી પસંદગી કરવાની હોય અને તેને ખબર ન પડતી હોય કે કઈ સાચી પસંદગી છે, ત્યારે તેણે જેટલું શકય બને તેટલા પ્રમાણમાં ચૈત્ય પુરુષના સંપર્કમાં પોતાની જાતને મૂકવી જોઈએ. તેમ જ પોતાનામાં દિવ્ય પ્રભુની

---

* અભીપ્સા કરો, સાચી ભાવનાથી એકાગ્રતા કરો, અને ગમે તે મુશ્કેલીઓ હોય તેમ છતાં તમારી સમક્ષ તમે જે ધ્યેયને મૂકયું હશે તેને ચોક્કસ તમે પ્રાપ્ત કરશો.

હાજરી મૂકવી જોઈએ. આ પ્રશ્નને તેની ચૈતસિક ચેતના પાસે મૂકવો જોઈએ અને સાચા પ્રકાશ માટે સંકલ્પશક્તિના સુમેળમાં હોય અને સહજ પ્રેરણાને સાંભળવા અને ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

દરેક કિસ્સામાં, તમે સમજ્યા, તે સાચું વલણ છે.

"પ્રભુ કાયમ પ્રથમ આવવો જોઈએ."[૧] મને સમજાતું નથી. "પ્રથમ આવવું" નો અર્થ શો?

તમે ફ્રેન્ચ અભિવ્યક્તિ 'passer' (પાસ થનાર)સમજતા નથી.[૨] પરંતુ અંગ્રેજીમાં તે જ વસ્તુ છે. મને ખબર નથી, કે અંગ્રેજી પુસ્તકમાં શું છે, પરંતુ 'પ્રથમ આવે છે' તમે સમજો છો, "પ્રથમ આવે છે"નો અર્થ? તેનો અર્થ એ છે કે બીજા બધા વિચારો પહેલાં પ્રભુનો જ પ્રથમ વિચાર કરવો જોઈએ – બીજા બધા વિચારો જે પ્રભુના વિશે નથી તે ગૌણ છે, અગત્ય વગરના. એટલે કે, આપણે દૃષ્ટાંત તરીકે હમણાં જ સમજાવ્યું: જ્યારે તમારે પસંદગી કરવાની હોય ત્યારે તમારે દિવ્ય પ્રેરણા પ્રમાણે પસંદગી કરવી જોઈએ. અથવા જે વસ્તુ તમને પ્રભુની નજીક લાવે તેની, અથવા જે વસ્તુ તમને પ્રભુને પ્રાપ્ત કરવા માટે સારામાં સારી સ્થિતિ સર્જે તેની, કારણ કે પ્રભુ જ પ્રથમ આવે છે, બધી જ અંગત રુચિઓ અથવા અંગત સંતોષ પછીથી આવવાં જોઈએ. પ્રથમ પ્રભુ અને પ્રભુ પ્રત્યેનું નિવેદન પહેલું અને બીજું બધું પાછળથી આવવું જોઈએ. બીજી વસ્તુ આવવાની હશે તો આવશે અને ન આવે તો કાંઈ પરવા નહિ. અગત્યની અને પ્રથમ વસ્તુ છે પ્રભુની શોધ, અને બીજી બધી વસ્તુઓ કરતાં પ્રથમ હોવી જોઈએ અને સૌથી વધારે અગત્યની વસ્તુ. આ તેનો અર્થ છે.

"તમારી પોતાની અંદર કોઈ વધારે સાચી વસ્તુ"[૩] રહેલી છે. તે ચૈતસિક પુરુષ છે ખરું ને?

ચૈતસિક વસ્તુ? આહ, તે જ હોવી જોઈએ .... તમે સમજ્યા, આ પત્રોના

---

૧ જેઓ આધ્યાત્મિક જીવન ગાળવા ઇચ્છે છે, તેમના જીવનમાં હંમેશાં પ્રભુનું સ્થાન સૌથી પ્રથમ રહેવું જોઈએ તે સિવાયનું બધું ગૌણ થવું જોઈએ.

૨ Passer d'aboard" શબ્દ સમૂહનું ફ્રેન્ચ ભાષાંતર, બાળકને સ્પષ્ટ સમજાતું ન હતું.

૩ તે વસ્તુ તમારી શાંતિની પાછળ છે, તે 'વધારે સત્ય વસ્તુ' તમારી અંદર રહેલી છે અને તમારે તેમાં જીવવાનું શીખવું જોઈએ અને અનુભવવું જોઈએ કે તમારી જાત છે એટલે કે તમારું સ્વરૂપ.

જવાબ છે. લોકો કાંઈક લખતા અને શ્રી અરવિંદ તેમના શબ્દોની નકલ કરતા - તમે સમજો છો; અને કદાચ આ વ્યક્તિએ કહેલું કે તેણે 'કોઈક વધારે સાચી વસ્તુ' તેની પોતાની અંદર અનુભવેલી અને તેથી તેઓ કહે છે : 'આ તમારી અંદરની કોઈક વધારે સાચી વસ્તુ' એ ચૈતસિક પુરુષ છે.

મધુર માતાજી, આપણે પ્રભુને, જે આપણામાં ગુપ્ત રહેલા છે તેમને કઈ રીતે શોધી શકીએ ?

આ આપણે ઘણી ઘણી વખત સમજાવેલું છે. પરંતુ પ્રથમ વસ્તુ છે તેની જરૂરિયાતની, અને સ્પષ્ટ રીતે જાણવાની કે બીજી બધી વસ્તુઓ કરતાં આ પ્રથમ અને અગત્યની વસ્તુ છે, અને તે જ પ્રથમ શરત છે; બાકીનું બધું પછીથી આવી શકે પરંતુ આ તો **અનિવાર્ય** શરત છે. જ્યારે તમારે કાંઈ કરવાનું ન હોય ત્યારે કોઈ ક્ષણે અથવા વખતોવખત આ બધું બરાબર ચાલે, અને તમે કામમાં રોકાયેલા ન હો અને ઓચિંતા તમે તમારી જાતને કહો, "આહ, મને પ્રભુની શોધ કરવી બહુ ગમે !" —સારું તો આ રીતે કરતાં આ વસ્તુ માટે હજારો વર્ષ લાગે.

પરંતુ જો તે અગત્યની વસ્તુ હોય, તે જ વસ્તુ સાથે સંબંધ હોય અને બાકીનું બધું પાછળની હોય, અને તમારે **આ સિવાય** બીજું કાંઈ જોઈતું ન હોય, તો પછી – આ પહેલી શરત છે. તમારે આ વસ્તુનું પહેલાં સ્થાપન કરવાનું છે અને પછી શું આવશે તેની વાત પછીથી. પ્રથમ ગણના આ વસ્તુની અને બીજી કોઈ વસ્તુની નહિ, **આ વસ્તુની** જ કિંમત, આ વસ્તુ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ બધું જ છોડી દેવા તૈયાર હોય, અને આ જ વસ્તુની જીવનમાં અગત્ય હોય. તો પછી વ્યક્તિ એવી પરિસ્થિતિમાં પોતાની જાતને મૂકે છે કે આગળ એક પગલું ભરવા શક્તિમાન બને.

મધુર માતાજી, એક દિવસ તમે કહેલું કે વ્યક્તિ જાણે છે કે તે ભૂલો કરે છે છતાં ભૂલો કર્યા કરે, તો તે વ્યક્તિ પ્રભુકૃપાને પાછી ધકેલી દે છે અને પ્રભુ અને તેની જાત વચ્ચે એક ચોક્કસ દીવાલ રચે છે.

મને ચોક્કસ રીતે યાદ નથી કે મેં શું કહેલું. પણ એક વસ્તુ છે; જો તમે ભૂલ કરો, **જાણતાં છતાં** કે તે ભૂલ છે, અને બધો સમય વારંવાર કર્યા કરો તો તમે દીવાલ બાંધો છો. તમે અજ્ઞાનથી ભૂલ કરો અને તમને જાણ ન હોય કે તે ભૂલ છે તો કદાચ દુઃખદાયક પરિણામો આવે, પરંતુ તમે પ્રભુને ધકેલી દેતા નથી, કારણ કે અજ્ઞાનથી કરેલું છે. તેનો અર્થ એવો નહિ કે ભૂલ નથી. તે દોષ તો છે પરંતુ મેં કહ્યું તે પ્રમાણે તમે પ્રભુકૃપાને પાછી હઠાવો એવી અવસ્થામાં નથી.

પણ જાણવા છતાં કે તે દોષ છે અને છતાં કર્યે જાઓ તો દરેક સમયે તમે પ્રભુ-કૃપાને થોડી થોડી દૂર કરતા જાઓ છો.

માતાજી, ભૂલો થાય છે .... માણસ જાણે છે કે તે ભૂલ છે, તેમ છતાં એવું બને છે કે ભૂલ કરવા માટે માણસ તેમાં ધકેલાઈ જાય છે. તો પછી?

કઈ વસ્તુથી ધકેલાય છે? આહ. આ પ્રમાણે જ બને છે! આ નિમ્ન પ્રકૃતિ, અવચેતનાની પ્રેરણાઓ તમારા ઉપર શાસન જમાવે છે અને તમારે જે ન કરવું જોઈએ તે તમારી પાસે કરાવે છે. એટલે નમારી તપઃશક્તિ અને પેલી ગુલામીનો સ્વીકાર, એ બેમાંથી એકની પસંદગી કરવાની રહે છે. વ્યક્તિને નિર્ણય લેવા માટે કાયમ એક ક્ષણ હોય છે. એક એવા બિંદુમાં તમે પહોંચો છો, એક ક્ષણ હોય છે જ્યારે તમે નિર્ણય લઈ શકો છો. એક એવી ક્ષણ હોય છે જ્યારે વ્યક્તિ નિર્ણય લઈ શકે કે તેણે માંદા પડવું કે નહીં. તે એટલે સુધી કે એક એવી ક્ષણ પણ આવે જ્યારે વ્યક્તિ નિર્ણય કરી શકે કે તેણે મૃત્યુ પામવું કે નહીં. પરંતુ તેના માટે વ્યક્તિમાં અતિશય જાગ્રત ચેતના હોવી જરૂરી છે કારણ કે આ બિંદુ, આ ક્ષણ સમયમાં માપી ન શકાય, એક સેકંડનો શતાંશ ભાગ જેવું હોય છે. તેની પહેલાં પણ કાંઈ થઈ શકે નહીં અને પછી પણ કાંઈ ન બની શકે, પણ તે જ ક્ષણે વ્યક્તિ નિર્ણય કરી શકે. અને જો વ્યક્તિ પૂરેપૂરી જાગ્રત હોય તો, તે ક્ષણમાં જ નિર્ણય લઈ શકે.

પરંતુ સાધારણ વસ્તુઓ માટે, દા. ત. કોઈ આવેગને વશ થવા અથવા તેનો ઇન્કાર કરવા માટે સમયગાળાની જરૂર હોતી નથી. માણસ પાસે પુષ્કળ સમય હોય છે, અમુક મિનિટો અને તે દરમ્યાન નબળી ગુલામી અને કાબૂ રાખનાર તપઃશક્તિ વચ્ચે તેણે પસંદગી કરવાની હોય છે અને જો તપઃશક્તિ સ્પષ્ટ હોય, જો તેનો પાયો સત્ય ઉપર રચાયેલો હોય અને સત્યનું જ અનુકરણ કરતી હોય અને સ્પષ્ટ હોય તો તેનામાં ખોટી ક્રિયા કરવાનો ઇન્કાર કરવાની શક્તિ હોય જ. જ્યારે તમે એમ કહો, "હું કરી શકયો નહીં," ત્યારે તમારી જાત સમક્ષ ખોટું બહાનું રજૂ કરો છો. એ વસ્તુ સાચી નથી. તમારે સાચી રીતે કરવાની ઇચ્છા નહોતી એ સાચું છે. "હા" અથવા "ના" કહેવા વચ્ચે એક કાયમ પસંદગી હોય છે જ. પરંતુ વ્યક્તિ નબળા રહેવાનું પસંદ કરે છે અને પછીથી "મારી ભૂલ નહોતી; તે વસ્તુ બહુ મુશ્કેલ હતી," એમ કહીને બહાનું બતાવે છે. જો તે વસ્તુ તમારાથી વધારે શક્તિશાળી હોય તો તેમાં તમારો પોતાનો દોષ છે. તમે પોતે આ બધા આવેગો નથી, તમે એક સચેતન આત્મા છો અને એક બુદ્ધિયુક્ત તપઃશક્તિ છો, અને આ

વસ્તુએ તમારી અંદર પ્રભુત્વ રાખવું જોઈએ અને નહિ કે નિમ્નમાંથી આવેગોએ, એ જાણવાની તમારી ફરજ છે.

મધુર માતાજી, "વિચારમાં સત્ય" અને વિચારમાં વિશુદ્ધિ બન્ને એક જ છે ?

આ બધી ફક્ત વ્યાખ્યાઓ છે. તેનો આધાર વાકયો ઉપર, વાકયોના સંદર્ભ ઉપર અને કઈ રીતે શબ્દો વપરાયા છે તેના ઉપર છે.

તો પછી વિચારોનું સત્ય એટલે શું ?

એનો અર્થ સ્પષ્ટ છે, સત્યની અભિવ્યક્તિ કરતો વિચાર.

તો પછી વિચારની વિશુદ્ધિ એટલે શું ?

જે વિચાર સત્યની અભિવ્યક્તિ કરે તે અચૂક, આવશ્યક રીતે વિશુદ્ધ વિચાર છે, નહિ તો તે સત્યની અભિવ્યક્તિ કરી શકે નહીં.

મધુર માતાજી, આપણે આપણી ચેતનાને વિશાળ કેવી રીતે બનાવી શકીએ ?

વિશાળ ? આહ, આ વસ્તુ કરવાના ઘણા રસ્તા છે.

સૌથી સહેલો માર્ગ છે તમારી જાતનું કોઈ બૃહદ્ વસ્તુ સાથે ઐકય કરાવવું. દા. ત. તમને જયારે લાગે કે તમે સંકુચિત અને મર્યાદિત વિચારમાં, સંકલ્પશકિતમાં અથવા ચેતનામાં કેદ પુરાયેલા છો, જયારે તમે અનુભવો કે જાણે તમે કોઈ કોચલામાં પુરાયેલા છો તો પછી તમે કોઈક વિશાળ વસ્તુનો વિચાર કરવાની શરૂઆત કરો. દા.ત. એક મહાસાગરના વિશાળ પાણીની વિપુલતાનો, અને જો તમે આ મહાસાગર વિશે વિચાર કરી શકો કે તે કેટલે દૂર દૂર, દૂર દૂર સુધી ફેલાયેલો છે, બધી જ દિશાઓમાં, આ રીતે (માતાજી તેમના હાથ ફેલાવે છે) તે કઈ રીતે, તમારી સરખામણીમાં, કેટલે દૂર સુધી ફેલાયેલો છે કે તમે તેનો કિનારો પણ જોઈ શકતા નથી, તમે તેના અંત સુધી પહોંચી શકતા નથી, તમે તેની પાછળ કે આગળ કે જમણી કે ડાબી બાજુએ . . . . તે કેટલો વિશાળ, વિશાળ, વિશાળ, વિશાળ છે . . . . આ વસ્તુનો વિચાર કરો અને પછી વિચાર કરો કે તમે આ દરિયા પર તર્યા કરો છો, તે પ્રમાણે અને તેને નથી મર્યાદાઓ . . . . આમ કરવું ઘણું સરળ છે; તો પછી તમે તમારી ચેતનાને જરા વધારે વિશાળ બનાવી શકો.

બીજા લોકો, દા. ત. આકાશ તરફ જોવાની શરૂઆત કરે છે; અને પછી બધા તારાઓ વચ્ચે રહેલા અવકાશ વિશે કલ્પના કરે છે . . . . તે અવકાશની અનંતતાનો, જેમાં પૃથ્વી તો ફક્ત એક નાનકડું બિંદુ છે અને તમે પોતે તો પૃથ્વી

ઉપરનું સાવ નાનું બિંદુ છો, કીડી કરતાં પણ નાનું. અને આમ તમે આકાશ તરફ નજર કરો છો અને તમે બધા ગ્રહો વચ્ચે રહેલા અવકાશની અનંત જગાઓ વચ્ચે તરતા હો છો અને તમે વિશાળ અને વિશાળ બનતા જાઓ છો. કેટલાક લોકો આ રીતે કરવામાં સફળ થાય છે.

એક બીજા માર્ગમાં તમે તમારી જાતને પૃથ્વી ઉપર રહેલી બધી વસ્તુઓ સાથે ઐકય કરવાનો પ્રયત્ન કરવાનો. દા. ત. તમારું દષ્ટિબિંદુ કોઈક વસ્તુ માટે સાંકડું છે અને બીજાના દષ્ટિબિંદુથી તમને દુઃખ થાય છે, ત્યારે તમારે તમારી ચેતનાને ખસેડવાની શરૂઆત કરવી અને બાંજામાં મૂકવાનો પ્રયત્ન કરો અને બીજા બધાઓની જે વિચાર કરવાની જુદી પદ્ધતિ છે તે ઉપર તમારી જાતનું ધીરે ધીરે ઐકય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. આ થોડું વધારે .... હું કઈ રીતે સમજાવું .... જોખમી છે. કારણ કે પોતાની જાતને બીજાના વિચારો અને સંકલ્પ સાથે તદ્રૂપ કરવી એટલે બીજાઓની મૂર્ખાઈઓ (માતાજી હસે છે) અને અશુભ સંકલ્પો સાથે એકતા સાધવી, અને આનાં પરિણામો કંઈ બહુ સારાં ન આવે. પરંતુ તેમ છતાં બીજા લોકો આ બહુ સહેલાઈથી કરે છે. દા. ત. જ્યારે તેઓ બીજાઓ સાથે સહમત ન હોય ત્યારે તેમની ચેતનાને વિશાળ કરવા માટે તેઓ બીજાઓની જગાએ પોતાની જાતને મૂકે છે અને તે વિચારોને પોતાના દષ્ટિબિંદુથી નહિ પરંતુ બીજાઓના દષ્ટિબિંદુથી જુએ છે. આ વસ્તુ ચેતનાને વિશાળ કરે છે પરંતુ મેં જે પહેલાં રીતો કહી તેટલા પ્રમાણમાં નહીં. એ નિર્દોષ રીતો છે. તે રીતો તમને નુકસાન કરતી નથી વધારે ફાયદો કરે છે. તેઓ તમને ખૂબ શાંત બનાવે છે.

ચેતનાને વિશાળ કરવાની બુદ્ધિયુકત રીતો ઘણી છે. મેં મારા પુસ્તકમાં આ બધી રીતોને વિગતવાર સમજાવી છે. પરંતુ ગમે તે પ્રસંગે, જ્યારે કોઈ વસ્તુ કંટાળો આપે, દર્દ આપે અથવા અપ્રસન્ન કરે ત્યારે જો તમે સમયની શાશ્વતીનો અને અવકાશની અનંતતાનો વિચાર કરવાનું શરૂ કરો, જો તમે પહેલાં જે વસ્તુઓ પસાર થઈ ગઈ અને હવે પછી ભવિષ્યમાં આવનાર વસ્તુઓનો વિચાર કરો, અને એમ વિચારો કે આ ક્ષણ ફકત શાશ્વતીનો એક ઉચ્છવાસ છે અને કોઈ વસ્તુથી અસ્વસ્થ થવું એ કેટલું હાસ્યાસ્પદ છે.... જે શાશ્વતીના સમયમાં છે તેના વિશે સભાન થવા માટે માણસ માટે સમય પણ નથી, જગા પણ નથી અને અગત્ય પણ નથી કારણ કે શાશ્વતીમાં એક સેકંડની કઈ ગણતરી ? જો તે સમજવાની કોઈ દરકાર કરે .... કેવી રીતે મૂકું.... તેનાં દર્શન કરવા માટે પોતે કેટલો નાનો છે તેનું ચિત્ર કરવા માટે, પોતે નાનકડી પૃથ્વી ઉપર છે તેમાં ચેતનાની નાની ક્ષણ માટે જે ક્ષણ તમને

દર્દ પહોંચાડે છે અથવા દુઃખદાયક છે, ફક્ત આટલી જ વસ્તુ માટે — જે પોતાની અંદર તમારા અસ્તિત્વમાં ફક્ત એક જ ક્ષણ છે, તમારા સ્વરૂપની કેટલી બધી વસ્તુઓ પહેલી બની ગયેલ અને ઘણી વસ્તુઓ હવે પછી બનશે, અને અત્યારે જે વસ્તુ અસર કરે છે તેને તમે દસ વર્ષમાં કદાચ ભૂલી પણ ગયા હશો અથવા કદાચ યાદ આવે તો તમે જ કહેશો, "શા માટે એ વસ્તુને મારાથી એટલી બધી અગત્ય અપાઈ ગઈ ? .... જો તમે પેલી વસ્તુને પ્રથમ જાણી શકો અને તમારું નાનું વ્યક્તિત્વ જે શાશ્વતીમાં ફક્ત એક જ સેકંડ પૂરતું છે, પૂરી સેકંડ જેટલું પણ નહીં, શાશ્વતીની સેકંડનો એક નાનકડો ભાગ, અને એમ જોઈ શકો કે આખું જગત આની પહેલાં ખૂલી ગયેલું છે અને હજુ ખૂલ્યા જ કરશે, અનંત રીતે, આગળ અને પાછળ અને આવું બધું .... વારુ તો પછી તમે ઓચિંતા એમ અનુભવશો કે તમારી સાથે જે વસ્તુ બની ગઈ તે કેટલી હાસ્યાસ્પદ હતી .... અને તમે ખરેખર એમ અનુભવો .... કે તમારા જીવનમાં, તમારી જાત સાથે જે જે વસ્તુઓ બને છે તેને કોઈ પણ અગત્ય આપવી એ કેટલી બધી મૂર્ખતા છે .... અને ત્રણ મિનિટના ગાળામાં જો આ વસ્તુ તમે કરી શકો તો તમારી બધી જ નારાજી દૂર થઈ જશે. ઘણું ઊંડું દર્દ પણ સાફ થઈ જશે. ફક્ત આ પ્રકારની એકાગ્રતામાં અને પોતાની જાતને અનંતતામાં અને શાશ્વતીમાં મૂકી દેવાની. દરેક વસ્તુ ચાલી જાય છે. માણસ સ્વચ્છ બનીને તેમાંથી બહાર નીકળે છે. માણસ બધી જ આસક્તિઓમાંથી મુક્ત થઈ શકે છે, ઊંડા દર્દમાંથી, હું કહું છું — દરેક વસ્તુમાંથી, આ રીતે – જો કોઈ જાણે કે આ વસ્તુ સાચી રીતે કેમ કરવી તો તે તમને તમારા નાનકડા અહંમાંથી બહાર કાઢે છે. તો આપણે આ સ્થિતિમાં છીએ.

મધુર માતાજી, આપણે આપણા નિશ્ચયને કઈ રીતે મક્કમ બનાવી શકીએ ?

તેને ખૂબ મક્કમ બનાવવાની જરૂરિયાત કરવાથી ! (હાસ્ય)

ના. આ તમને એક રમૂજી વાત લાગે છે .... પરંતુ તે બિલકુલ સાચું છે. વ્યક્તિને તેની સાચી જરૂરિયાત લાગતી નથી, તેમાં એક સચ્ચાઈની ખામી છે. જો તમે સચ્ચાઈપૂર્વક જુઓ તો તમને સમજાશે કે તમે નિશ્ચય કરેલો છે કે આ પ્રમાણે બનવું જોઈએ. અને પછીથી તેની નીચે કાંઈક એવી વસ્તુ હશે જેણે તે પ્રમાણે બિલકુલ નિશ્ચય કરેલો નહિ હોય. અને તમે એક સેકંડ માટે ખચકાશો અને તે વખતે તે વસ્તુ આગળ ધસી આવે છે. જો તમે સાચદિલ હશો, જો તમે સચ્ચાઈ-વાળા હશો અને જે ભાગ સંતાયેલો, રાહ જોતો અને પોતે ધ્યાનમાં ન આવે તેવો હશે, જે જાણે છે કે એક એવી ક્ષણ આવશે જ્યારે તમારો નિશ્ચય ડગી જશે અને

તે વસ્તુ આગળ ધસી જઈને તમે જે વસ્તુ કરવાનો નિર્ણય કર્યો હશે તે ન કરો તેવું તમારી પાસે કરાવશે.

પરંતુ જો તમારે તેની ખરેખરી જરૂર હશે, તો તમારે જે કરવું છે તેમાંથી દુનિયાની કોઈ પણ વસ્તુ તમને અટકાવી શકશે નહીં. એ એટલા માટે છે કારણ કે વ્યક્તિને કઈ રીતે તેને માટે સંકલ્પ કરવો તેની જાણ નથી. કારણ કે વ્યક્તિ પોતાના સંકલ્પની અંદર વિભક્ત છે. જો તમારી સંકલ્પશક્તિમાં તમે વિભક્ત ન હો, તો હું કહું છું કે કોઈ પણ વસ્તુ કે જગતની કોઈ પણ વ્યક્તિ તમારા સંકલ્પમાં ફેરફાર કરાવી શકશે નહીં.

પરંતુ વ્યક્તિ જાણતી નથી કે કેવી રીતે સંકલ્પ કરવો. હકીકતમાં તો કોઈને તેમ કરવાની ઇચ્છા પણ નથી. આ બધાં હળવાં પ્રકારનાં ન કરવા માટેનાં બહાનાં છે! વારુ, તે આ પ્રમાણે છે.... "જો તે પ્રમાણે હોત તો સારું થાત. હા, જો તે પ્રમાણે હોત તો સારું થાત, હા, એમ બન્યું હોત તો વધારે સારું થાત!" પરંતુ આ વસ્તુ કાંઈ સંકલ્પશક્તિ નથી. અને તેની પાછળ મગજના કોઈ ખૂણામાં કાંઈક ગુપ્ત બેઠેલું હોય તે જુએ છે અને કહે છે, "આહ, મારે તેની શી જરૂર? છેવટે તો તેનાથી ઊલટું જ મારે જરૂરનું છે," અને આ રીતે પ્રયત્ન કરવા માટે તમે જુઓ.... તે પ્રમાણે નહીં, થોડી રાહ જુઓ.... માણસ તે ન કરવા માટે હજાર બહાનાં શોધી શકે છે. અને આહ, એક જરા જેટલું ચિત્ત ડોલાયમાન થાય, તેટલું જ બસ છે.... પેલી વસ્તુ નીચે ઊતરી આવે છે અને ત્યાં સ્થાપન થઈ જાય છે. પરંતુ જો વ્યક્તિ સંકલ્પ કરે, જો તે ખરેખર જાણે કે વસ્તુ આ પ્રમાણે છે અને તેને ખરેખર આ વસ્તુ જોઈતી હોય અને વ્યક્તિ જો પોતાનું સ્વરૂપ પોતાના સંકલ્પમાં એકાગ્ર હોય તો હું કહું છું કે દુનિયામાં કોઈ એવી વસ્તુ નથી જે તેને તેમ કરવામાંથી અટકાવી શકે. તેમ કરવામાં અથવા તેમ કરવાની ફરજમાંથી અટકાવે તે કઈ વસ્તુ છે તેના ઉપર આધાર છે.

વ્યક્તિને તેની જરૂર છે. હા, વ્યક્તિને તે જોઈએ છે, આ રીતે (ક્રિયા) વ્યક્તિને જોઈએ છીએ, "હા, હા, તે પ્રમાણે હોત તો વધારે સારું થાત. હા, તે વધારે સુંદર થાત, વધારે ભવ્ય." — પણ ઈહ, ઈહ, છેવટે માનવી નબળું પ્રાણી છે, તે પ્રમાણે નથી? અને પછીથી માણસ બીજી ગમે તે વસ્તુ ઉપર દોષ ઢોળી દઈ શકે છે. "તે અસર બહારથી આવે છે. તે બધા જુદા જુદા સંજોગો એવા આવે છે."

અને બધું ખલાસ થઈ જાય છે. તમે સમજ્યા. તમે જાણતા નથી.... કાંઈક બને છે.... અચેતનતાની એક ક્ષણ.... "અરે, હું સચેતન નહોતો." તમે સચેતન નથી કારણ કે તમે તે સ્વીકારતા નથી.... આવું બધું બને છે કારણ કે વ્યક્તિને

ખબર નથી કે સંકલ્પ કઈ રીતે કરવો.

કઈ રીતે સંકલ્પ કરવો એ ઘણી અગત્યની વસ્તુ છે. અને સાચી રીતે સંકલ્પ કરવા માટે તમારે તમારી સતૂ તાને એકત્રિત કરવી પડશે. હકીકતમાં પોતાનું સ્વરૂપ બનવા માટે વ્યક્તિએ પોતાના સ્વરૂપને એકત્રિત કરવું જોઈએ. જો વ્યક્તિ બિલકુલ એક-બીજાથી વિરોધી વલણોથી ખેંચાય, જો વ્યક્તિ પોતાની જિંદગીનો ત્રણ ચતુર્થાંશ ભાગ પોતાની જાતને સચેતન કર્યા સિવાય પસાર કરે અને શા માટે તે વસ્તુઓ તે પ્રમાણે કરે છે તેનાં કારણો જાણવા માટે, તો માણસો ખરેખર પોતે પોતાની સતૂ-તાનું સ્વરૂપ હોય છે ? વ્યક્તિ હસ્તી ધરાવતી જ નથી. વ્યક્તિ બાહ્ય અસરોનો એક સમૂહ છે, ક્રિયાઓનાં બળોનો, તેમનાં પ્રતિકાર્યોનો, પરંતુ તે કાંઈ તેની સતૂ-તા નથી. તે સતૂ-તા બનવાની ત્યારે જ શરૂઆત કરે છે જ્યારે તે સંકલ્પને અમલમાં મૂકવાની શરૂઆત કરે છે. અને જ્યાં સુધી વ્યક્તિ એકત્રિત બનતી નથી ત્યાં સુધી તેનામાં સંકલ્પશક્તિ આવતી નથી.

અને જ્યારે તમારામાં સંકલ્પશક્તિ આવે છે ત્યારે તમે પ્રભુને કહી શકશો, "તમારે જે જોઈએ તેની જ મારે જરૂર છે", પરંતુ તે પહેલાં નહીં. પ્રભુને જેની જરૂર હોય તે હોવા માટે તમારામાં સંકલ્પ હોવો જોઈએ, નહિ તો તમે કોઈ સંકલ્પ કરી શકશો નહીં. તમને તેવા બનવું ગમશે. તમને તે ખૂબ પસંદ પડશે. પ્રભુને જે કરવાની જરૂર લાગે તે કરવામાં તમને ખૂબ આનંદ આવશે. પરંતુ તમારી પાસે એવી સંકલ્પશક્તિ નથી જે તમે પ્રભુની સેવામાં મૂકી શકો, એવા પ્રકારની કોઈ વસ્તુ, ચીકણા પદાર્થ જેવી, જેલી—ફીશ જેવી—ત્યાં — શુભ સંકલ્પોનો જથ્થો, અને હું ઊજળી બાજુનો વિચાર કરું છું અને અશુભ સંકલ્પને ભૂલી જવાનું .... એક શુભ સંકલ્પોનો સમૂહ, અર્ધચેતન અને હાલતું ચાલતું ....

આહ, તેટલું બસ છે, મારાં બાળકો. આજના દિવસ માટે આટલું પૂરતું છે. આપણે આ સ્થિતિમાં છીએ.

ફક્ત, આ વસ્તુને વ્યવહારમાં મૂકવાને માટે, મેં જે કહ્યું તેમાંની થોડીક વસ્તુ માટે, બધી જ નહીં, ઈહ, બિલકુલ થોડીક જ. ત્યાં તે સ્થિતિમાં આપણે છીએ.

૬ ઑક્ટોબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૧, "સ્થિરતા-શાંતિસમતા" ઉપર આધારિત છે.

"એક પૂરેપૂરી શ્રદ્ધા – એવી શ્રદ્ધા કે સૌથી કલ્યાણકારક હશે તે જ બનશે, અને એવી શ્રદ્ધા પણ ખરી કે જો સાધક પોતાની જાતને સાચું કારણ બનાવે તો તેનું પરિણામ એ હશે કે પ્રભુના દિવ્ય પ્રકાશથી પોતાની સંકલ્પશક્તિ દોરવાશે અને "કર્તવ્યકર્મ" શું છે તેને તે જોઈ શકશે."

– એવી શ્રદ્ધા કે સૌથી કલ્યાણકારી હશે તે જ બનશે. આપણે આ ક્ષણ પૂરતું તેના વિશે એમ ન વિચારીએ કે તે સૌથી કલ્યાણકારી હશે કારણ કે આપણે અજ્ઞાની અને અંધ છીએ, કારણ કે આપણે વસ્તુઓના પરિણામોને અનુભવી શકતા નથી તેમ જ પછીથી શું બનશે તે જાણતા નથી, પરંતુ આપણે શ્રદ્ધા રાખવી પડશે કે જો તે પ્રમાણે હોય, જો આપણે પ્રભુ ઉપર આધાર રાખીએ, જો આપણે આપણી જાતનો હવાલો પ્રભુને સોંપી દઈએ, જો આપણે તેને આપણી બધી જ વસ્તુઓ માટે નિર્ણય લેવા દઈએ, તો પછી આપણે જાણવું જોઈએ કે જે કાંઈ વસ્તુ બને છે તે આપણા ઉત્તમ શ્રેય માટે જ છે. આ એક સંપૂર્ણ હકીકત છે. જેટલા પ્રમાણમાં તમારું સમર્પણ હશે તેટલા પ્રમાણમાં સૌથી ઉત્તમ તમારી સાથે બનશે. તમને જે પસંદ હોય, તમારી પોતાની પસંદગી અથવા કામના અનુસાર આ વસ્તુ કદાચ ન હોય, કારણ કે આ વસ્તુઓ અંધ છે, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી તમારી પ્રગતિ માટે, તમારા વિકાસ માટે, તમારા આધ્યાત્મિક વિકાસ માટે, તમારા સાચા જીવન માટે તે શ્રેષ્ઠ હોય છે. તે કાયમ તે પ્રમાણે જ હોય છે. અને તમારે આ શ્રદ્ધા ટકાવી રાખવી જોઈએ, કારણ કે શ્રદ્ધા એ પ્રભુમાં રહેલા વિશ્વાસની અભિવ્યક્તિ છે, તેમ જ પ્રભુની પ્રત્યે સંપૂર્ણ આત્મસમર્પણની, અને જ્યારે તમે તે તમારી અંદર સ્થાપન કરી શકો, ત્યારે એક પૂરેપૂરી અદ્ભુત વસ્તુ બની રહે છે. એ હકીકત છે. આ ફક્ત શબ્દો નથી, તમે સમજો છો, તે હકીકત છે. તમે જ્યારે પાછળ નજર કરો, જ્યારે બધી પ્રકારની વસ્તુઓ તમારી સાથે બનેલી અને તમને તે વખતે ખબર પડી ન હતી ત્યારે તમને ખાતરી થાય છે કે તે વસ્તુ પૂર્ણ ન્યાયી

હતી, તમારી જરૂરી પ્રગતિ કરવા માટે તમને દૂર જ પાડવી જરૂરી હતી. કાયમ કોઈ પણ જાતના અપવાદ સિવાય, આપણી અંધતા તેને જોવામાંથી આપણને અટકાવે છે.

પોતાની જાતને દોષ દેવો એ પ્રગતિ કરવા માટે સારી પદ્ધતિ છે ?

પોતાની જાતને દોષ દેવાનું ? ના, અનિવાર્ય રીતે નહિ. તે ઉપયોગી હોઈ શકે, કોઈ કોઈ વખત પોતાની જાતના પૂર્ણતાના ભ્રમમાંથી બહાર નીકળવા માટે એ ચોક્કસ ઉપયોગી છે. પરંતુ પોતાની જાત વિશેની ટીકા કરવામાં વ્યક્તિની ઘણી શક્તિ વેડફાય છે. તે જ શક્તિનો પ્રગતિ કરવા માટે, એક નક્કર પ્રગતિ કરવા માટે ઉપયોગ કરવો તે વધારે ઉપયોગી અને વધારે સારું છે. દા.ત. જો તમને દુઃખદાયક, ખરાબ, અશ્લીલ અને ખલેલ પહોંચાડતા વિચારો આવે, અને તમે એમ કહો, "આહ, આહ, હું કેટલો બધો અસહનીય છું, મને હજુ આવા બધા વિચારો આવે છે, તે કેટલું તકલીફ ભર્યું છે," તો પછી આ જ શક્તિનો આ પ્રમાણે કરવામાં (ક્રિય) અને વિચારોને હાંકી કાઢવામાં ઉપયોગ કરવો એ વધારે સારું છે.

અને આ તો ફક્ત પ્રથમ પગથિયું છે. બીજું એ છે કે બીજા વિચારો કરવા પ્રયત્ન કરવો, બીજી કોઈ વસ્તુમાં રસ લેવો; કાં તો વાંચો યા તો ચિંતન કરો, પરંતુ કોઈ પણ પ્રસંગે તમારા મનને કોઈ વધારે રસિક વસ્તુથી ભરી દેવા પ્રયત્ન કરો. તમારી શક્તિને, કોઈક રચના કરવામાં અને નહિ કે વિનાશ કરવામાં વાપરો.

ચોક્કસ એ જરૂરી છે કે વખતોવખત પોતાના દોષોને જાણવું જરૂરી છે; તે બિલકુલ આવશ્યક પણ છે. પરંતુ તેમના ઉપર જ વિચાર કર્યા કરવો એ જરૂરી નથી. જરૂરી એ છે કે તમારામાં જે ગુણોની ખામી હોય તેમને પ્રાપ્ત કરવામાં જ પોતાની બધી શક્તિ વાપરવી અને પોતાને જે કરવાનું હોય તે કરવું. આ વધારે અગત્યનું છે.

"અત્યારે તમારા અનુભવો માનસિક સ્તરના છે . . . ."

આ કોઈને આપેલો જવાબ છે. મને ખબર નથી કે કોને. કોઈ વ્યક્તિ જેણે પત્ર લખેલો તેને શ્રી આરવિંદે ઉત્તર આપેલો, "અત્યારે તમારા અનુભવો માનસિક સ્તરના છે." મને ખબર નથી કે તે કયો પત્ર છે અથવા આ કઈ વ્યક્તિ છે.

પરંતુ "ફક્ત માનસિક ભૂમિકા ઉપર" એટલે શું ?

તેનો શો અર્થ ? સારું, આ બધી અનુભૂતિઓ, વિચારો, માનસિક ક્રિયાઓ, વસ્તુઓની સમજ, વસ્તુઓનું નિરીક્ષણ, વિચારોની બાદબાકી, તર્ક, શિક્ષણ સાથેનો સંપર્ક, જ્ઞાન, તમારા આ જ્ઞાનની સમજણશક્તિ ઉપરનાં પરિણામને લગતી છે. આ

બધી જ વસ્તુઓ કેવળ મનોમય છે. અને હકીકતમાં માણસે તેનાથી જ શરૂઆત કરવી જોઈએ.

જો કોઈને પ્રાણિક અનુભવો થાય – દા. ત. દર્શનો, કેટલાક પ્રાણિક અનુભવો, જે પૂરતી મનોમય તૈયારી વગરના હોય તો તે વસ્તુ વ્યક્તિની સમતુલા ગુમાવી બેસવામાં પરિણામે અને કોઈ પણ પ્રસંગે માણસને ખબર પણ ન પડે કે શું બની રહ્યું છે અને એ વ્યાવહારિક રીતે જો નુકસાનકર્તા ન હોય તો બિનઉપયોગી નીવડે. જ્યારે બીજી બાજુએ, જો શરૂઆત કરીએ તો જો વ્યક્તિએ પોતાની સમજ-શક્તિમાં વિકાસ સાધ્યો હોય, અભ્યાસ કર્યો હોય, વસ્તુઓનાં કારણો તે સમજે અને જાણે અને દા. ત. યોગનું લક્ષ્ય અને તેને પ્રાપ્ત કરવાનો અભ્યાસ, જો તે વ્યક્તિએ કર્યો હોય, ખરેખર, વિષય ઉપરનો માનસિક અભિગમ – તો પછી જ્યારે કોઈ અનુભવ થાય ત્યારે તે વસ્તુ શું છે તે સમજવાની શક્તિ માટે તેને તક હોય છે; નહિ તો પછી વ્યક્તિને કોઈ સમજ પડતી નથી. એક પૂરતા પ્રમાણમાં માનસિક તૈયારીની જરૂર છે – જો પૂરેપૂરી નહિ તો પૂરતા પ્રમાણમાં – જ્યારે અનુભૂતિઓ થાય ત્યારે તેને સમજવા પૂરતી.

અનુભૂતિઓનો આધાર કોના ઉપર હોય છે, માતાજી ?

આહ, તે ઘણી વસ્તુઓ ઉપર આધાર રાખે છે .... કેટલાક લોકોને સાહ-જિક અનુભૂતિઓ થાય છે અને તેમાં સમજી લેવાનું કે તેનો આધાર પૂર્વજીવન ઉપર હોય છે અથવા તેમની જે રીતે હાલના શરીરની રચના થઈ છે ત્યારે તે રચના ઉપર કયાં પરિબળો પ્રમુખસ્થાને હતાં અને તેમના જન્મ પહેલાં પણ તેઓ કઈ વસ્તુઓની અસર નીચે તેઓ આવેલા. આવા લોકોને બિલકુલ સ્વયંસ્ફુરિત અનુભવો થાય છે. આવા માણસો બહુ હોતા નથી પણ થોડા છે ખરા. બીજા કેટલાક એવા હોય છે જેમને માટે તેમના સતત પ્રયત્નોનું પરિણામ હોય છે. તેઓ અનુભવો માટે અભીપ્સા કરતા હોય છે. અને તેમની જાત ઉપર શિસ્ત લાદતા હોય છે અથવા એવા નિયમોનું પાલન કરતા હોય છે જેથી તેઓને તેવા અનુભવો પ્રાપ્ત થઈ શકે. કેટલીક વખત કોઈ વસ્તુ પ્રાપ્ત કરવામાં લાંબો સમય જાય છે. તે પોતે કઈ રીતે રચાયેલા હોય છે તેના ઉપર તે આધાર રાખે છે. હું એવા માણસોને ઓળખું છું જેઓ અજ્ઞાની હતા, હા, અને તેમને દૂરદર્શનની અદ્ભુત અનુભૂતિઓ થતી, એક આંતરિક દર્શનની, પરંતુ શું બનતું હતું તે વિશે તેઓ કાંઈ સમજતા નહીં અથવા તેઓએ જોયેલું તેના વિશે પણ. પરંતુ તેમનામાં ઉત્કૃષ્ટ શક્તિ હતી.

તો પછી આ વસ્તુઓની તેમના બાહ્ય જીવન ઉપર કોઈ અસર નથી હોતી. હોય છે ?

ના.

તો પછી અનુભૂતિઓ હોવાનો શો ઉપયોગ ?

તે 'ઉપયોગનો' પ્રશ્ન નથી. જગતની દરેક વસ્તુ 'ઉપયોગિતાવાદ'માં આવતી નથી. તે તેવું છે કારણ કે તેમ જ હોય છે. હા, તમે જે માણસ કેવળ અનુભૂતિઓ પ્રાપ્ત કરવામાં મગ્ન હોય તેને એમ કહી શકો કે "તેનો શો ઉપયોગ", જેનામાં આંતરિક બૌદ્ધિક અને આધ્યાત્મિક તૈયારીઓ ન હોય, અને જેને એક પ્રકારની અનુભૂતિઓની જ ધૂન હોય તેને તમે એ પ્રમાણે કહી શકો. તમે તેને એમ કહી શકો, "હા, આનો શો ઉપયોગ ? આ વસ્તુ તને આધ્યાત્મિક જીવન જીવવા માટેની દોરવણી આપશે નહીં. જો તેં આધ્યાત્મિક માર્ગ સ્વીકાર્યો હશે તો તને તે મદદ કરશે અને સચ્ચાઈપૂર્વક સ્વીકાર્યો હશે તો તેઓ જ્યાં સુધી તને મદદરૂપ થશે ત્યાં સુધી બનશે. પરંતુ અનુભૂતિઓને અનુભૂતિઓ માટે જ શોધવી તે બિલકુલ નકામું છે," અને તમે લોકોને કહી શકો, "તેનાથી ફાયદો શું ? એ એક ભ્રમ છે, બીજી ભૂમિકા ઉપર ઉત્પન્ન થતો ભ્રમ; એ એક બીજા પ્રકારની કામના છે, પણ ચોક્કસ કામના છે."

પરંતુ સામાન્ય ક્રમમાં, તમે જેટલા પ્રમાણમાં આંતરિક પ્રગતિ સાધો, હરેક ડગ સત્ય ચેતના પ્રતિ ભરો, તેમાં કેટલીક અનુભૂતિઓ થાય છે. તેઓ તમે કઈ પરિસ્થિતિમાં પહોંચ્યા છો તેને અનુરૂપ હોય છે; આ સામાન્ય વસ્તુ છે. તે પ્રમાણે જ તે હોવું જરૂરી છે.

પરંતુ આ એવી ચમત્કારિક વસ્તુઓ નથી જેને માટે તમે ઢંઢેરો પીટો. લોકોને ઓચિંતાનો એક ચેતનાનો પ્રકાશ થાય છે, એક આંતરિક સંકેત, એક અપૂર્વ દર્શન. પરંતુ જ્યાં સુધી તેઓ કેવળ અનુભૂતિઓ મેળવવાની ઇચ્છા તરફ વળ્યા હોતા નથી ત્યાં સુધી તેમને બહુ અગત્ય આપતા નથી. એક સંકેત આવ્યો, કાંઈક વસ્તુનું દર્શન થયું, પરંતુ તે વિશે તેઓ સભાન નહોતા. પરંતુ તમને એવી છાપ નથી પડતી કે તમે અદ્‌ભુત જગતમાં જીવો છો. આ વસ્તુઓ સાવ સામાન્ય છે. ઓચિંતા મનમાં એક ઉદ્‌ઘાટન, એક પ્રકાશ આવે છે, વ્યક્તિને જેની પહેલાં સમજ નહોતી તે વસ્તુ તે સમજી જાય છે. તમે તેને એક કુદરતી હકીકત સમજો છો પરંતુ તે એક આધ્યાત્મિક અનુભૂતિ છે – અથવા કોઈ સ્થિતિનું સ્પષ્ટ દર્શન છે; પોતાનામાં શું ચાલી રહ્યું છે તેની સમજ, પોતે કઈ ભૂમિકામાં છે તેની, પોતાને કેવી પ્રગતિ કરવાની છે તેનો સંકેત, કઈ વસ્તુનો સુધારો કરવાનો છે. આ પણ એક અનુભૂતિ અંદરથી આવે છે. તે ચૈત્ય પુરુષે આપેલું સૂચન છે. લોકો તેને એક સ્વાભાવિક વસ્તુ તરીકે લે છે. તેઓ તેને બિલકુલ અગત્ય આપતા નથી.

સામાન્ય રીતે લોકો "અનુભૂતિ"નો અર્થ આ પ્રમાણે કરે છે; કોઈક અત્યંત વિચિત્ર બનાવ અથવા પ્રપંચ જેવી કોઈ વસ્તુ, અથવા સંવેદનાનાં દૃશ્યો જેને લઈને ભવિષ્ય દર્શન થઈ શકે અથવા દૂર દર્શન અથવા એવી પણ સામાન્ય વસ્તુઓ જેવી કે કોઈ ગુમ થયેલી વસ્તુ કયાંથી મળી આવે તે શોધી કાઢવા માટે શક્તિમાન બનવું; અને કોઈ નાની નાની ચાલાકીઓને લોકો અનુભૂતિઓ કહે છે.

વારુ, જે લોકોમાં આ પ્રમાણેની શક્તિઓ હોય તેઓ સારું શિક્ષણ પામેલા હોતા નથી, પરંતુ જન્મગત બક્ષીસવાળા હોય છે, જેવી રીતે કેટલાક સંગીતકારો, બીજા ચિત્રકારો અને કેટલાક વિજ્ઞાનીઓ જન્મેલા હોય છે તે પ્રમાણે. અને એવું પણ બને કે આવા લોકો તેમને જરૂરિયાત લાગે ત્યારે તે શક્તિઓનો ઉપયોગ ધન કમાવા માટે કરે છે અને પછી તેમને પૂરેપૂરી બગાડી નાખે છે. જો તેઓ સુખ-સગવડવાળા સંજોગોમાં જન્મ્યા હોય અને કમાવાની જરૂર ન હોય તો તેઓ મિત્રોમાં કીર્તિ પ્રાપ્ત કરે છે. કોઈ પણ રીતે આ એક વ્યાપાર માટેની તક હોય છે. આવી વિરલ શક્તિઓવાળા બહુ ઓછા માણસો હોય છે જેઓ નામ કમાવામાં કે પૈસા કમાવામાં ઉપયોગ ન કરતા હોય. પરંતુ આ શક્તિઓ બહુ ઊંચા પ્રકારની હોતી નથી. વ્યક્તિમાં ઉચ્ચ આધ્યાત્મિક જીવન ન હોય છતાં તેનામાં શક્તિઓ હોઈ શકે. તનો આધાર આંતરિક આધ્યાત્મિક ઊંચાઈ ઉપર બિલકુલ નથી. માણસે તેમને પ્રગતિની નિશાની તરીકે ગણવાની ભૂલ ન કરવી જોઈએ.

વધારામાં એક વસ્તુ ચોક્કસ છે; જેઓમાં આવી શક્તિઓ નથી હોતી અને તેમને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય છે, દા. ત. ભવિષ્યદર્શનની શક્તિ, ભવિષ્યમાં શું આવવાનું છે તેનું પહેલેથી દર્શન, જે ભવિષ્યવાણી સમાન હોય છે, બનાવો બને તે પહેલાં તેમને જાણી લેવાની શક્તિ – મેં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે, કેટલાક લોકોમાં આ વસ્તુ સ્વયંસ્ફુરિત હોય છે, કારણ કે તેમનામાં જન્મથી જ કોઈ વિશિષ્ટતા હોય છે – અને જો કોઈને પોતાની જાતે જ આ વસ્તુ મેળવવી હોય, એટલે કે એવા પ્રદેશોમાં પ્રવેશ કરવો હોય જ્યાં આ વસ્તુઓને જોઈ શકાય – અને આકસ્મિક રીતે કે સંજોગવશાત્ કે વસ્તુ ઉપર કાબૂ ન રાખી શકાય તેવી રીતે નહીં, પરંતુ ઊલટાનું પોતાની ઈચ્છા પ્રમાણે જોઈ શકાય – તો પછી આ ખરેખર ભયંકર કાર્ય બની જાય છે. અને કેટલાક માણસો આ વસ્તુઓને ઘણી મોટી અગત્ય આપે છે. જ્યારે આ વસ્તુઓ વ્યક્તિની સંકલ્પશક્તિ પ્રમાણે અને આંતરિક શિસ્તને પરિણામે તે વ્યક્તિના કાબૂમાં હોય છે ત્યારે જ તેમની કાંઈક કિંમત હોય છે. આ કિસ્સામાં, હા, કારણ કે તે સાબિત કરે છે કે તમે એક એવા પ્રકારના પ્રદેશમાં પહોંચ્યા છો, જ્યાં સચેતન રીતે સંકલ્પપૂર્વક અને કાયમી ધોરણે પ્રવેશ

કરવો બહુ મુશ્કેલ છે. તે ઘણું મુશ્કેલ છે અને તે ઘણો વિકાસ માગી લે છે. અને પછીથી તમે જે જોયું છે તેની ખાતરી માટે, કારણ કે મેં તમને નથી કહ્યું કે ઘણા લોકો જેઓ આ દૂર શ્રવણ – દર્શનને ધંધો બનાવી દેનાર વ્યક્તિઓ છે તેમને માટે એ એક જાતનો 'વેપાર' છે ? પરંતુ તે તેનાથી પણ વધારે ખરાબ છે, તે છેતરપિંડી છે ! જ્યારે તેઓ કાંઈક જોઈ શકતા નથી ત્યારે તેઓ નવીન વસ્તુ ઉપજાવી કાઢે છે. જ્યારે તેઓ તેને ધંધાદારી સ્વરૂપ આપે છે, અને લોકો ભવિષ્ય વિશે તેમને કાંઈક પૂછવા આવે છે અને તેઓ કાંઈ જ જોઈ શકતા નથી, ત્યારે તેઓને કાંઈક નવું જ શોધી કાઢવાની ફરજ પડે છે, નહિ તો પછી તેમની કીર્તિ અને તેમના ગ્રાહકો તેમને ગુમાવવા પડે, એટલે આ એક છેતરપિંડી બને છે, તમે સમજ્યા, એક જૂઠાણું, કપટ, અથવા બનાવટ.

પરંતુ જ્યારે કોઈને વસ્તુઓના સત્યના સંપર્કમાં અને ભવિષ્યદર્શન માટેની સાચી હકીકત જોઈતી હોય જે વ્યક્તિની તુચ્છ માનસિક રચના અનુસાર ન હોય પરંતુ કેવી રીતે, કઈ જગ્યાએ અને કયા સમયે નિર્મિત થઈ છે તે જાણવું હોય – ત્યારે તે **ઘણી મોટી** માનસિક વિશુદ્ધિ, એક **ઘણી મોટી** પ્રાણિક સમતુલા, એક કામના અને પસંદગીના અભાવની જરૂર પડે છે. વ્યક્તિએ કદી એવી ઇચ્છા ન કરવી જોઈએ કે કોઈ વસ્તુ આ પ્રમાણે બને અથવા બીજી રીતે, કારણ કે આ તમારા વસ્તુદર્શનને તાત્કાલિક જૂઠું બનાવી દે છે.

અને જેમને દર્શન થાય છે તેઓ ઘણે ભાગે આ દર્શનોને વિકૃત બનાવે છે, **બધાં જ** લગભગ બધાં જ, અપવાદ સિવાય. હું માનતી નથી કે દસ લાખમાંથી એક પણ એવી વ્યક્તિ હોય જે પોતાના દર્શનને વિકૃત ન બનાવે, કારણ કે જે મિનિટે તે મગજને સ્પર્શે છે તે જ ક્ષણે તે પૂર્વગ્રહો, કામનાઓ, આસક્તિઓનો સ્પર્શ કરે છે અને તમે જે જોયેલું હોય છે તેમાં રંગો પૂરવા માટે આટલું ખરેખર બસ છે. તમે સાચી રીતે જોયું હોય છતાં તમે તેને તમારી ચેતનામાં ખોટી રીતે અનુવાદ કરો છો. આ ઘણી મોટી પૂર્ણતા માગી લે છે. પરંતુ તમને આવાં દર્શનો વગર પણ પૂર્ણતા મળી શકે છે. જો તમને તેમાં ખાસ રસ પડે તો તમે તેમને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી શકો છો, પણ જો તમને તેમાં ખાસ રસ પડે તો. કેટલીક વસ્તુઓ જાણીને તેનો જો તમે ભંડાર એકઠો કરો, તો તમે તેનું નિયમન પણ કરી શકો છો; તમારી ઇન્દ્રિયોના કાર્યમાં પરિવર્તન કરવા માટે પણ તમે અમુક નિયમન કરી શકો. હું માનું છું, મેં તમને સમજાવેલું છે કે તમે કઈ રીતે દૂર શ્રવણ કરી શકો, દૂર દર્શન કરી શકો, શારીરિક રીતે પણ. પરંતુ તેના માટે ગણનાપાત્ર પ્રયત્ન જરૂરી છે જે કદાચ કાયમ પરિણામના પ્રમાણમાં હોતું નથી કારણ કે આ

બધી આડ–પેદાશો છે – કેન્દ્રવર્તી નહિ – જે સૌથી અગત્યની વસ્તુ છે. આ આડ–પરિણામો રસપ્રદ હોઈ શકે પરંતુ તે પોતે જ આધ્યાત્મિક જીવન નથી. માણસનું જીવન આ વસ્તુઓ વગર પણ આધ્યાત્મિક હોઈ શકે છે. હવે બન્ને વસ્તુ એકત્રિક થઈને કદાચ વધારે શક્તિ આપી શકે. પરંતુ આને માટે પણ તમારે તમારી જાતને કહેવું પડશે, "જો મારે તમને લેવાની જરૂર પડશે – જો હું પ્રભુને સમર્પણ અને નિવેદન કરવાનું સાચું વલણ રાખું તો – જો મારે તેમને સ્વીકારવાની જરૂર હશે તો જ હું રાખીશ, જેવી રીતે મારે વાણીની ભેટ હોવી જોઈએ તેવી રીતે તે મારી પાસે હશે." અને હકીકતમાં જો માણસ સાચો સમર્પિત થયેલો હશે તો સાચી અને સમગ્ર રીતે, દરેક મિનિટે, તે જે હોવો જોઈએ તે પ્રમાણે જ હશે અને તેણે જેમ કરવું જોઈએ તેમ જ કરે છે. અને જે જાણવું જોઈએ તે જ જાણે છે .... પણ સ્વાભાવિક રીતે જ, આને માટે વ્યક્તિએ પોતાના અહંની નાની મર્યાદાઓ ઓળંગવી પડશે અને આ વસ્તુ કાંઈ એકાએક બની જતી નથી. પરંતુ તે શક્ય છે.

બીજો કોઈ પ્રશ્ન ?

મધુર માતાજી, "પ્રાણિક કામનામય આત્મા" શું છે ?

મારા બાળક, પ્રાણમય આત્મા શરીરને જીવંત રાખે છે. તે પ્રાણ છે જે શરીરને જીવંત રાખે છે. તું સમજ્યો, સામાન્ય ભાષામાં એમ કહેવાય છે કે "તમારો આત્મા શરીરને છોડી દે છે ત્યારે તમે મૃત્યુ પામો છો," અથવા "તમે મૃત્યુ પામો છો ત્યારે તમારો આત્મા શરીરને છોડીને ચાલ્યો જાય છે." એક અથવા બીજી રીતે, પરંતુ એ આત્મા નથી હોતો. એ ફક્ત આ આત્મા નથી હોતો જેને આપણે આત્મા કહીએ છીએ, હું ચૈત્ય પુરુષ કહેવા માગું છું – તે પ્રાણિક પુરુષ છે. જ્યારે પ્રાણમય પુરુષ શરીરને કોઈ પણ કારણસર છોડી દે છે, ત્યારે કોઈ પણ કારણસર શરીર મૃત્યુ પામે છે અથવા મૃત્યુ પ્રાણમય–પુરુષને શરીરમાંથી કાપી કાપી કાઢે છે .... તેથી તે જીવંતના અર્થમાં છે, એટલે કે પ્રાણ આપતું જીવન.

આ જ "પ્રાણિક કામનામય આત્મા" છે. મધુર માતાજી ?

હા, પ્રાણિક આત્મા કામનાઓથી ભરપૂર હોય છે. પ્રાણમયપુરુષ ઇચ્છાઓથી ભરેલો હોય છે. તેની રચના જ કામનાઓથી બનેલી હોય છે.

મધુર માતાજી, અહીં આ પ્રમાણે લખ્યું છે, "બાહ્ય સંજોગો કરતાં આધ્યાત્મિક વાતાવરણ વધારે ઉપયોગી છે; જો માણસ તે મેળવી શકે અને પોતાના આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરી શકે, જેમાં તે શ્વાસ લે

અને જીવે તો તે પ્રગતિ માટેનું સાચું વાતાવરણ થાય.” માણસ તે વસ્તુ કઈ રીતે પ્રાપ્ત કરી શકે અને સાચા આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કઈ રીતે કરી શકે ?

કઈ વસ્તુની પ્રાપ્તિ ? આ – તેની પ્રાપ્તિ .... ચોક્કસ આંતરિક શિસ્તથી; તમે તમારું વાતાવરણ, તમારા વિચારો ઉપર નિયંત્રણ કરીને, ફક્ત સાધના તરફ જ વાળીને, તમારાં કાર્યોને નિયમનમાં રાખીને બધી જ કામનાઓ, બધી જ નકામી, બાહ્ય, સામાન્ય ક્રિયાઓનો ત્યાગ કરીને, એક તીવ્ર આંતરજીવન જીવીને, અને સામાન્ય વસ્તુઓમાંથી, સામાન્ય વિચારોમાંથી, સામાન્ય પ્રતિઘાતોમાંથી, સામાન્ય કાર્યોમાંથી મુક્ત થઈને તમે તમારા વાતાવરણનું સર્જન કરી શકો; પછી તમે તમારી આજુબાજુ એક પ્રકારના વાતાવરણનું સર્જન કરો છો.

દા. ત. ગમે તે નકામું વાચન કરવું અને ગપ્પાં મારવાં અને ગમે તેવું નકામું કાર્ય કરવાને બદલે, જો તમે એવી જ વસ્તુનું વાચન કરો જે આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરવામાં મદદરૂપ થાય, જે તમને દિવ્ય સાક્ષાત્કાર તરફ દોરી જાય, એવી રીતે જ કાંઈક કરો, જો તમે તમારી અંદર રહેલી કામનાઓ અને આવેગોનો તમારી અંદરથી ઉચ્છેદ ઉડાવી દો, જો તમારા મનોમય સ્વરૂપને તમે સ્થિર બનાવો, જો તમારા કામનામય સ્વરૂપને શાંત પાડો, જો તમે બહારથી આવતાં સૂચનો પ્રત્યે તમારી જાતને બંધ કરી દો, અને તમારી આજુબાજુ રહેલા માણસોના કાર્ય પ્રત્યે અવિચલ રહો, તો તમે એવા પ્રકારના આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરો જેથી કોઈ પણ વસ્તુ તમને સ્પર્શ ન કરે. અને આ વસ્તુ કોઈ પણ સંજોગો ઉપર કે તમે જેમની સાથે રહેતા હો, તેમના ઉપર અથવા તમે જે પરિસ્થિતિઓમાં રહેતા હો તેની ઉપર કોઈ પણ પ્રકારનો આધાર રાખતું નથી, કારણ કે તમે તમારા પોતાના આધ્યાત્મિક વાતાવરણમાં વિંટળાયેલા હો છો. અને આ રીતે માણસ તે વસ્તુને પ્રાપ્ત કરે છે; પોતાનું ધ્યાન કેવળ આધ્યાત્મિક જીવન પ્રત્યે વાળવાથી તમને આધ્યાત્મિક જીવન પ્રત્યે દોરી જાય એવું જ કાર્ય કરવું વગેરે વગેરે. તો પછી તમે તમારું પોતાનું વાતાવરણ સર્જો છો. પરંતુ સ્વાભાવિક રીતે જ તમે બધાં બારણાં ખોલી નાખો, લોકો જે કહે તે બધું સાંભળો, તમે આ માણસની સલાહ માનો અને પેલાની પ્રેરણાને અનુસરો અને બાહ્ય વસ્તુઓ માટેની કામનાઓથી ભરેલા હો, તો તમે તમારા પોતાના માટે આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરી શકો નહીં. બીજા બધાને હોય છે તેવું સામાન્ય વાતાવરણ તમારી પાસે હશે.

મધુર માતાજી, અહીં લખ્યું છે : “તમારા આજુબાજુના સંજોગો અને તેમના વિરોધોથી તમે મુશ્કેલી ન અનુભવશો. આ પરિસ્થિતિઓ પ્રથમ

તો તમારી કસોટી માટે તમારા ઉપર લાદવામાં આવે છે.'' પ્રભુ દ્વારા લાદવામાં આવે છે ?

એ રીતે તેમણે (શ્રી અરવિંદે) મૂકેલું નથી. મૂકેલું છે ? તમને સૌથી વધારે મદદ કરે એ રીતે તમારે તેને લેવું જોઈએ. આ ઘણો કઠિન પ્રશ્ન છે.

ઓહ, મેં તમને કેટલી બધી વખત આ વસ્તુઓ સમજાવેલી છે કે જ્યારે તમે સામાન્ય ચેતનામાં રહો છો અને જ્યાં સુધી તમે સ્થૂલ મનોમય, પ્રાણમય અને શારીરિકનું મિશ્રણ છે એવી ભૂમિકા ઉપર રહો છો એટલે કે જીવનની સામાન્ય ભૂમિકા ઉપર, ત્યાં સુધી તમે આ ભૂમિકાની નિયતિના ગુલામ રહેશો અને આ ભૂમિકા ઉપરની નિયતિની ગુલામી તમને બરાબર એવા સંજોગોમાં મૂકશે. કારણ કે તમારી અંદર ઊંડે ઊંડે એવી કોઈક વસ્તુ છે જે બીજા પ્રકારના જીવન માટે અભીપ્સા કરે છે, પરંતુ તે બીજા પ્રકારનું જીવન કેમ જીવવું તે જાણતી નથી, અને તે તમારી અંદરથી બીજા જીવન માટેની જરૂરી એવી પરિસ્થિતિઓ પ્રાપ્ત કરવા માટે તમને અંદરથી ધકેલે છે. આ આંતરિક પરિસ્થિતિઓ છે, એ બહારના સંજોગો નથી. પરંતુ તેની પ્રગતિના સંકલ્પને પુષ્ટ કરવા માટે બહારના અવરોધો ઉપર આધાર રાખે છે. અને તેથી જો તમે તમારી અંદરથી તેની તરફ જોશો તો તમે કહી શકશો કે એ તમે પોતે જ – (તમારું સ્વરૂપ) છો જે પ્રગતિ કરવામાં તમને સહાયરૂપ થવા માટે મુશ્કેલીઓનું સર્જન કરે છે.

હવે જો, તમે બીજી ભૂમિકામાં પ્રવેશ કરો અને તમારી જાતને કહો, પરંતુ (આ વસ્તુનો આધાર ઘણી સમજૂતીઓ અને ચર્ચા ઉપર રહેલો છે), જો તમે એમ કહો કે વિશ્વમાં એવી કોઈ પણ વસ્તુ નથી જે પ્રભુનું કાર્ય નથી અને તત્ત્વત: તે જ સાચું છે, જો કે આ બાબતમાં નહીં. તો પછી તમે એમ કહો છો, "સારું, પ્રભુ જ સર્વ વસ્તુઓની ગોઠવણી કરે છે; પરિણામ રૂપે એ ફલિત થાય છે કે પ્રભુએ જ બધી મુશ્કેલીઓ ગોઠવી આપી છે.'' પરંતુ આ તો વસ્તુઓને મૂકવાની બિલકુલ બાલિશ રીત છે – વધારે પડતી અણઘડ વસ્તુ. ફક્ત મેં શરૂઆતમાં કહ્યું તે મુજબ, "જો તમને આ રીતે વિચાર કરવામાં સહાયરૂપ થતું હોય તો તમે આ રીતે વિચાર કરો.'' તમે સમજ્યા, વિચાર એવી અડસટ્ટાની વસ્તુ છે તે **એકમાત્ર** સત્યથી ઘણી વેગળી છે.... તે ફક્ત એક અસ્પષ્ટ, અપૂર્ણ, ગૂંચવાયેલું ચિંતન છે, જે સૌથી સારામાં સારું હોય તો પણ જૂઠથી ભરેલું હોય છે. એટલે ખરી હકીકતમાં, તમારે વ્યવહારુ બનવાની ક્ષણ છે અને તમારી જાતને કહો, "વારુ, આ વિચારને હું ગ્રહણ કરીશ જો તે મને પ્રગતિ કરવામાં મદદ કરે તો.'' પરંતુ જો તમે વિચારો કે તે

સપૂર્ણ સત્ય છે, તો તમે ખાતરી રાખજો કે તમે ખોટે માર્ગે જશો, કારણ કે કોઈ એક પણ એવો વિચાર નથી જે સંપૂર્ણ સત્ય હોય.

આહ, હા, અમે યુનિવર્સિટીની લાયબ્રેરીનાં પુસ્તકોમાં શ્રી અરવિંદનું ટૂંકા ચિંતનોનું પુસ્તક મૂકવાના છીએ, જે અદ્‌ભુત છે – મારી પાસે આજે જ છપાઈને આવેલું છે – જેમાં તેઓ કહે છે કે કોઈ પણ પ્રકારનું શિક્ષણ, ગમે તેટલી ઊંચી કક્ષાનું હોય તો પણ, ગમે તેટલું શુદ્ધ, ઉમદા અને સાચું હોય તો પણ, એ પરમ સત્યનું એક જ પાસું છે અને નહિ કે પરમ સત્ય પોતે. (હું ફક્ત ચર્ચા કરું છું, પુસ્તકનો પાઠ.* આ પ્રમાણે નથી). એ સમગ્ર સત્ય નથી. વારુ, તે આ પ્રમાણે છે. તમારો ગમે તે વિચાર હોય, પછી ભલે તે ગમે તેટલો ઉચ્ચ પ્રકારનો હોય, ઘણો વિશુદ્ધ, ઘણો ઉમદા, ઘણો સાચો, તે પરમ સત્યનું એક ઘણું અત્યંત સૂક્ષ્મ પાસું છે અને પરિણામે તે સંપૂર્ણ સત્ય નથી. એટલે તે ક્ષેત્રમાં માણસે વ્યવહારુ બનવું જોઈએ, મેં કહ્યું તે મુજબ, સમય પૂરતો તે વિચારને ગ્રાહ્ય કરવો, જે વિચાર તમારામાં આવે ત્યારે તમને પ્રગતિ કરવામાં મદદ કરે – કેટલીક વખત તે પ્રકાશ તરીકે આવે છે અને તમને તે પ્રગતિમાં મદદ રૂપ બને છે. જ્યાં સુધી તમને પ્રગતિ કરવામાં સહાયરૂપ થાય ત્યાં સુધી તેને રાખવો; જ્યારે તે તૂટવા માંડે, પછીથી કાર્ય કરવાનું બંધ કરે, વારુ, ત્યારે તમે તેને છોડી દો, અને બીજા વિચારને મેળવવા પ્રયત્ન કરો જે તમને થોડી વધારે આગળ દોરી જાય.

જગતમાંનાં ઘણાં બધાં દુઃખો અને અનિષ્ટો અદશ્ય થઈ જાય, જો લોકો જ્ઞાનની સાપેક્ષતાઓ વિશે જાણે, શ્રદ્ધાની ઉપદેશની અને સંજોગોની સાપેક્ષતાઓ વિશે જાણે.... કેટલી હદ સુધી કોઈ વસ્તુ સાપેક્ષ રીતે અગત્યની છે ! એક ક્ષણ માટે તો તે કેન્દ્રવર્તી અગત્યની હોઈ શકે તે તમને જીવન કે મૃત્યુ ભણી દોરી જઈ શકે – હું શારીરિક જીવન અને મૃત્યુ વિશે વાત કરતી નથી, હું તમને આધ્યાત્મિક જીવન અને મૃત્યુ વિશે વાત કરું છું – પણ આ તો એક ક્ષણ માટે જ હોય છે; પણ જ્યારે તમે કાંઈ પ્રગતિ કરેલી હોય, તમે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જરા વધારે વર્ષો પરિપકવ બનેલા હો, અને તમે આ વસ્તુ પ્રત્યે પાછળથી નજર નાખો, તો આ સંજોગ અથવા વિચાર જેણે તમારા જીવનનું નિર્માણ કરેલું હોય, તે તમને એટલું બધું સાપેક્ષ લાગશે, એટલું બધું તુરછ.... અને તમારે નવી પ્રગતિ કરવા માટે કોઈ ઉચ્ચ વસ્તુની જરૂર પડે છે.

જો કોઈ વ્યક્તિ સતત આ વસ્તુ યાદ રાખે, વારુ, તો તે ઘણી સાંપ્રદાયિકતાનો, ઘણી અસહિષ્ણુતાનો, ત્યાગ કરે અને બધી તકરારોનો નિકાલ લાવી શકે કારણ કે તકરારનો અર્થ ફક્ત આ છે, કે એક માણસ એક રીતે વિચારે છે અને બીજો માણસ

---

* " પરંતુ શાશ્વત સત્યને ના વિચાર કે શબ્દ પકડી શકે". —શ્રી અરવિંદ

બીજી રીતે અને તે બન્નેને એકત્રિત કરવાનો પ્રયત્ન કરવાને બદલે અને બન્ને વચ્ચે કઈ રીતે સુમેળ સાધવો તેને બદલે, વ્યક્તિ એ બન્નેને સામસામે મૂકી દે છે, જાણે કે માણસ પોતાના મુક્કાઓથી લડતો હોય, એ બીજું કાંઈ નથી.

પરંતુ જો તમે તમારા દૃષ્ટિબિંદુની પૂરેપૂરી સાપેક્ષતા વિશે સભાન બનો, તો તમારો વિચાર, સારું શું છે તે વિશેની તમારી ધારણા, આ વિશ્વની આગેકૂચમાં કેટલી હદ સુધી તે સાપેક્ષ છે તે વિશે તમે સભાન બનો તો પછી તમારા પ્રત્યાઘાતોમાં તમે ઓછા હિંસક બનશો અને વધારે સહિષ્ણુ બનશો.

તો આપણે આ સ્થિતિમાં છીએ.

૧૩ ઑક્ટોબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૧, "સ્થિરતા - શાંતિ - સમતા" ઉપર આધારિત છે.

મધુર માતાજી, "મનોમય પુરુષનો ફોટાડો કરીને તેને સાક્ષી સ્વરૂપની અવસ્થામાં મૂકવો" તેનો શો અર્થ ?

આ વસ્તુનો તમને અનુભવ નથી થયો ? જાણે કે તમે થોડા પાછળના ભાગમાં હો અથવા વસ્તુઓથી ઊર્ધ્વમાં હો અને તમે તે બનતી જુઓ. પરંતુ તમે પોતે કાંઈ કરતા ન હો. સાક્ષી એટલે નિરીક્ષણ કરનાર, જે ટગરટગર જોયા કરે અને પોતે કાંઈ કરતો નથી. એટલે જ્યારે મન બિલકુલ અચંચળ થઈ જાય, ત્યારે વ્યક્તિ આ રીતે સંજોગોમાંથી થોડી પાછી હઠી જાય છે અને વસ્તુઓ તરફ જાણે કે સાક્ષી હોય તે રીતે જુએ છે, એક પ્રેક્ષક તરીકે અને તેનું મન કાર્યમાં બિલકુલ ભાગ લેતું નથી. આ વસ્તુ તમને એક તટસ્થતા, અચંચળતા અને વસ્તુઓના મૂલ્યાંકનની ચોક્કસ સૂઝ આપે છે, કારણ કે તે કાર્ય માટેની આસક્તિ કાપી નાખે છે. તમે જ્યારે તમારી જાત સાથે આ કેવી રીતે કરવું તે જાણો છો ત્યારે તમે પાછા હઠી જઈને તમારી જાતને કાર્ય કરતા નિહાળો ત્યારે તમારી જાત વિશે ઘણું શીખો છો. જ્યારે તમે સેળભેળ થયેલા હો અને કાર્યમાં ભાગ લો ત્યારે કાય કરતી વખતે તમારી જાતનું નિરીક્ષણ કરતા નથી, તમે જાણતા નથી કે તમે કેવા છો. પરંતુ જ્યારે તમે પાછા હઠી ગયા હો અને તમારી જાત પ્રત્યે નજર કરો ત્યારે તમારી અંદર રહેલી ઘણી અપૂર્ણતાઓને તમે નિહાળો છો જે તમે બીજી રીતે ન જોઈ શકયા હોત.

(બાળક તરફ) તારે કોઈ પ્રશ્ન પૂછવાનો છે ?

અહીં લખ્યું છે : "આ 'સઘન પાટ' જેવી લાગણીનો અનુભવ એક સમર્થ બળ અને શાંતિનાં અવતરણનું સૂચન કરે છે."

એ કાયમ એ પ્રમાણે જ હોય છે; લોકો પત્રો લખતા હોય છે; તમે સમજો છો, તેઓ તેમની અનુભૂતિઓનું વર્ણન કરતા હોય છે; એટલે તેઓ (શ્રી અરવિંદ) તે માણસે જે શબ્દોનો ઉપયોગ કર્યો છે તે જ શબ્દોનો ઉપયોગ પ્રત્યુત્તર આપતી વખતે કરે છે. આ "સઘન પાટ"ની કોઈને પોતાની અંદર લાગણી થાય છે – તેઓ

તેનો અર્થ આપે છે; તેઓ એમ કહે છે કે તે શક્તિનું અવતરણ સૂચવે છે.

મધુર માતાજી, "સઘન શાંતિ" એટલે શું ?

તમે સમજો કે એક નકારની શાંતિ હોય છે. એટલે કે વ્યગ્રતાની ગેરહાજરી; પરંતુ સઘન શાંતિ એટલે સક્રિય શાંતિ, માણસ પૂરેપૂરી રીતે રચનાત્મક હાજરીનો અનુભવ કરી શકે છે, જે શાંતિની ગેરહાજરીનો નકાર નહિ, એક શાંતિ જે સઘન; વાસ્તવિક, ઘણી .... લગભગ સક્રિય, તમે સમજ્યા, એટલે કે જેનામાં બીજે ચેપ લગાડવાની, સંચાર કરવાની શક્તિ હોય, જે આખા સ્વરૂપમાં ફેલાઈ જાય, અને જે જે જગાઓમાં શાંતિ ન હોય ત્યાં શાંતિનું સ્થાપન કરી શકે. આ વસ્તુ ઘણી રચનાત્મક અને નક્કર હોય છે .... જાણે કે કોઈ સઘન પદાર્થનો સ્પર્શ કરતું હોય તેવી. આ ખરેખર સાચી શાંતિ છે. બીજી તો આગળનું પગથિયું છે – ક્ષુબ્ધતાનો અભાવ – એટલે કે માણસ અવિચલિત રહે છે, તેનામાં કોઈ આંદોલન આવતું નથી જે તેની અંદર ખલેલ ઉત્પન્ન કરે.

(એક બાળક તરફ) અને પછી ? આજનો તારો પ્રશ્ન ?

માતાજી, તે પ્રશ્ન આ પુસ્તકમાંનો નથી.

ઈહ ? એ પ્રશ્ન આ પુસ્તકમાંનો નથી ? ઓહ, પણ આપણી પાસે અહીં સમગ્ર લાયબ્રેરી નથી ! (હાસ્ય)

(બીજા પ્રત્યે) તો પછી તારે કોઈ પ્રશ્ન છે ?

"પ્રશાંત આત્માની અનુભૂતિ"નો શો અર્થ ?

દરેકમાં પોતાનામાં એક તત્ત્વ હોય છે જેને તેઓ 'આત્મા' કહે છે, અને જે પૂરેપૂરું શાંત અને અવિચલ હોય છે. તેથી જો કોઈ પોતાના સ્વરૂપ વિશે પોતાની અંદર સચેતન બને છે, ત્યારે તેને તે શાંત આત્માનો અનુભવ થાય છે. તે અવિચલ અને શાંત તત્ત્વ છે જે અંદર રહેલું છે, જે સાચા સ્વરૂપનું એક પાસું છે. આ પ્રશાંત તત્ત્વ જ્યારે વસ્તુઓ તરફ વળે છે અને જુએ છે ત્યારે તે સાક્ષીરૂપ બને છે. પરંતુ તે પોતાની અંદર તરફ વળી શકે છે, તે જોતો નથી, અને પોતાની શાંત ધ્યાનમગ્ન સ્થિતિમાં રહે છે. તે પોતે કઈ બાજુ તરફ વળે છે તેના ઉપર તે આધાર રાખે છે. તે સ્વરૂપમાં રહેલું એક સઘન બિંદુ છે, જેમાં સત્યની જ્યોતિ પ્રકાશે છે.

જો કોઈને એવો અનુભવ થાય કે વાતાવરણમાં ચારે તરફ સ્થિરતા છે તો એનો અર્થ એવો ખરો કે આ સ્થિરતા પોતાની અંદર રહેલી છે ?

ઈહ ! હા, પ્રથમ વસ્તુ જે આવે છે તે આ છે .... દા. ત. જો કોઈને

એક વિશિષ્ટ પ્રકારની અનુભૂતિ થાય – જેમ કે કોઈને શાંતિની અનુભૂતિ થાય, સ્થિરતાની અનુભૂતિ થાય, કોઈને પૂર્ણ ઉદારતાની પણ અનુભૂતિ થાય તેવી જ રીતે સહાનુભૂતિની અને સમજશક્તિની પણ અનુભૂતિ થાય, અને ચેતના આવી કોઈ ગતિઓથી જાણે કે ભરાઈ ગઈ હોય તેવી અનુભૂતિ થાય છે; એટલે આવી વસ્તુ બને છે, જે પાછળથી વિચિત્ર લાગે, પરંતુ તે ક્ષણ માટે પૂરેપૂરી સ્વાભાવિક હોય – વ્યક્તિને દરેક જગ્યાએ, દરેક માણસમાં, સારાયે વાતાવરણમાં પોતાની ચારે બાજુ એવી લાગણી થાય અને જો ચેતના પૂરતા પ્રમાણમાં વિશાળ હોય તો સમગ્ર પૃથ્વીમાં આ જ પ્રકારની સ્થિરતા અથવા આ જ પ્રકારની સહાનુભૂતિ અથવા તે જ પ્રકારની ઉદારતાનો અનુભવ થાય. અને તેથી વ્યક્તિ પૂરેપૂરી સચ્ચાઈથી અને સંપૂર્ણ જીવંત અનુભવથી કહી શકે કે "આખું વિશ્વ પૂરેપૂરું દયામય છે."

જો તમે આમાંથી બહાર નીકળી જાઓ તો સ્વાભાવિક રીતે જ આ વસ્તુ વધારે વખત સુધી લાગુ પડતી નથી. પરંતુ જ્યાં સુધી તમે અનુભૂતિમાં રહો છો ત્યાં સુધી તે પૂરેપૂરું સત્ય છે – તે વખતે અને પછી જો તમે આ વસ્તુને ધકેલી દો, આ અનુભવને દૂર દૂર ધકેલી દો છો. (અને જે લોકો સચેતન રીતે પ્રભુ સાથે એકતા સાધવાનો પ્રયત્ન કરે છે તેમાં આ વસ્તુ ચોક્કસ બને છે.) તમે જ્યારે આ ઐક્ય પ્રાપ્ત કરો છો અને તમારી અંદર પ્રભુની ચેતના હોય છે, ત્યારે તમને તાત્કાલિક લાગે છે કે પ્રભુ જ સર્વસ્વ છે અને સર્વત્ર, બધી જ વસ્તુઓમાં પ્રભુ સિવાય બીજું કાંઈ જ નથી. અને જે લોકોને આ અનુભવ થયેલો હોય છે તેમણે આ પ્રમાણે કહેલું છે, તેમણે કહેલું છે, "પરંતુ ફક્ત પ્રભુ જ છે, બધું જ પ્રભુ છે, ફક્ત પ્રભુ જ હસ્તી ધરાવે છે." પરંતુ જ્યારે માણસ આ અનુભૂતિમાંથી બહાર આવે છે અને જો તેમ કહેવાનું ચાલુ રાખે તો તે લગભગ જૂઠું બોલે છે, એ અર્થમાં કે જે ચેતનામાં તે છે તેને અનુરૂપ ભૂમિકામાં તે હાલ બિલકુલ નથી.

જ્યારે વ્યક્તિ સામાન્ય બાહ્ય ચેતનામાં રહે છે ત્યારે દરેક વસ્તુ જરાય દિવ્ય હોતી નથી. ઊલટી તેનાથી ઘણે દૂર હોય છે. એટલે જેઓ આવીને તમને એમ કહે છે કે આ બાહ્ય ચેતનામાં સર્વ પ્રભુ છે, તેઓ સાવ જૂઠા છે ! પરંતુ જ્યારે તેઓ અનુભૂતિમાં હોય છે અને પ્રભુમય જીવન જીવે છે, જ્યારે તેઓ પ્રભુ જ બની ગયા હોય છે તો પછી તેમને માટે દરેક વસ્તુ દિવ્ય હોય છે. તેઓ પ્રભુ સિવાય બીજું કાંઈ જોતા નથી અને તેઓ કહી શકે, "સર્વ પ્રભુ છે," કારણ કે તેઓ ફક્ત પ્રભુને જ જુએ છે. પરંતુ જ્યારે તેઓ આ અનુભૂતિમાંથી બહાર નીકળી આવે છે ત્યાર પછી તેઓ એ પ્રમાણે કહી શકતા નથી.

પરંતુ માણસ ગમે તે વસ્તુ કહી શકે છે. કોઈ એમ કહે, "સર્વ શાંતિ છે, સર્વ સમતા છે. સર્વ સહાનુભૂતિ છે, બધું જ બુદ્ધિગ્રાહ્ય છે, બધું જ પ્રકાશ છે."

દરેક વખતે જ્યારે માનવીને સચ્ચાઈભરી અનુભૂતિ થાય છે અને તે સમગ્ર રીતે અનુભૂતિમાં ડૂબેલો હોય છે, જે બધું તે જુએ છે તેમની સાથે તે તાદાત્મ્ય સાધે છે, કારણ કે હકીકતમાં તે વસ્તુ સર્વત્ર છે અને જ્યારે તે પોતાની અંદર પોતે તે વસ્તુ વિશે સચેતન બને છે, ત્યારે તે તેના વિશે દરેક વસ્તુમાં સચેતન બને છે. એ સત્ય હકીકત છે.

પરંતુ તે કેવળ સત્ય નથી, બીજું બાકીનું પણ ત્યાં છે. અને તેનાથી ઊલટું પણ સાચું છે; જ્યારે તમે ધિક્કારની અવસ્થામાં પહોંચો છો અને તમને ધિક્કારની અનુભૂતિ થાય છે, ત્યારે આખું જગત તમારે માટે ધિક્કારથી ભરેલું હોય છે; તે વખતે ધિક્કાર સિવાય બીજું કાંઈ પણ તમારે માટે હસ્તી ધરાવતું નથી.

તમારો અનુભવ તમારે માટે જેટલો વધારે ગ્રાહ્ય બને તેટલા પ્રમાણમાં બાકીનું બધું તદ્રૂપ બને છે.

તો પછી, માતાજી, કાંઈ પણ વાસ્તવિકતા નથી? બધું જ પોતાની જાત ઉપર આધાર રાખે છે?

ના, તે તેનાથી બિલકુલ ઊંધું હોય છે!

વાસ્તવિકતા વિશે વ્યક્તિ સચેતન ત્યારે જ બને છે જ્યારે તે તેના વિશે તે પોતાનામાં સચેતન બને. આ બધું જ સત્ય છે. ખરેખર સાચું છે; તમે એમ ન કહી શકો કે પોતે જ્યાં સુધી અનુભવો નહિ ત્યાં સુધી તે અસ્તિત્વ ધરાવે છે તેવું ન કહી શકો. જ્યારે તમને તેની અનુભૂતિ થતી નથી અને જો તમે કહો, "તે આવું છે." સારું તમે કહી શકો છો, "એક એવો સમય હતો જ્યારે તે વસ્તુ મારે માટે આ પ્રમાણે હતી," તો એ સાચું છે. પરંતુ જો તમે એમ કહો કે, "તે આ પ્રમાણે જ છે," જે વખતે તમને એ રીતે ન લાગતું હોય તો પણ, તો તે ફક્ત સાદું માનસિક વિધાન છે.

પરંતુ દરેક વસ્તુ ત્યાં છે! દરેક વસ્તુ ત્યાં છે.... જે બધી વસ્તુઓ જેને તમે અનુભવી શકો અને જેનાથી પણ બીજી અનંત વસ્તુઓ, જેની અનુભૂતિ તમે કરી શકો નહીં, કારણ કે માણસનું સ્વરૂપ પોતાનામાં જ પૂર્ણ નથી, જો તે પોતાની જાતમાં પૂર્ણ હોય તો તેને પૂર્ણતાની, અપવાદ સિવાય અનુભૂતિ થાય – અને હકીકતમાં, શક્યતા તો તે પ્રમાણેની છે. ફક્ત દરેક વ્યક્તિ પોતાની અનુકૂળતા મુજબ વિકાસ સાધી શકે છે. તે આ રીતે કહી શકાય, વ્યક્તિ વિશ્વ વિશે એટલા પ્રમાણમાં સચેતન છે જેટલા પ્રમાણમાં વિશ્વ તેની સચેતનતામાં રહેલું છે; તમારે માટે તમારી સચેતનતામાં વિશ્વનો અંત આવે છે, બીજા ગમે તે કહેતા હોય તેની પરવા નહીં – જે કોઈ વસ્તુ તમે

વાંચતા હો, દા.ત. તમને જે કોઈ વર્ણનો આપેલાં હોય, તમે જે બધાં વાકયો સાંભળતા હોય, તેમાં તમે એટલી જ વસ્તુ સમજી શકો જે તમારી ચેતનાને અનુરૂપ હોય અને જો તે વસ્તુઓ તમારી ચેતનામાં હોય તો તમે તેને સમજી શકતા નથી, અને પરિણામે તે વસ્તુઓ તમારે માટે હસ્તી ધરાવતી નથી. પરંતુ તેનો અર્થ એવો નથી કે તે વસ્તુઓ તમારી બહાર હસ્તી ધરાવતી નથી.

તમે કહેતાં હતાં કે જ્યારે વ્યકિત સર્વત્ર પ્રભુનું દર્શન કરે છે ત્યારે આ અનુભૂતિ થાય છે.

હા,

વ્યકિત સર્વત્ર પ્રભુનાં દર્શન કરે છે એટલે શું? તે એવું હોય છે...?

કારણ કે વ્યકિત પોતે જ પ્રભુ બની ગઈ હોય છે; તેથી, આ પ્રસંગમાં પ્રભુ સર્વત્ર હોય છે.

ના.... જ્યારે તમે કહો છો, "વ્યકિત પ્રભુને સર્વત્ર જુએ છે", –

હા,

તેનો શો અર્થ, વ્યકિત કઈ વસ્તુને બરાબર જુએ છે? શું તે એવું જુએ છે કોઈ....

વ્યકિત શું જુએ છે? (હાસ્ય) વ્યકિતને ભાન થાય છે જો તમને ગમે તો; માણસ જોઈ શકે છે પણ સ્થૂલ મૂર્તિ નહીં. ફકત એક શારીરિક ચક્ષુ નથી, તે સ્થૂલ આંખે જોવાનું નથી. અને હકીકતમાં માણસ પોતાની આંખોથી જોઈ શકે, જો તેની આંખો એટલી નમનીય હોય કે ઊર્ધ્વતર ચેતનાને તે મંજૂર કરી શકે, દિવ્ય ચેતનાને તેની આરપાર પસાર થવા દઈ શકે તેવી હોય તો માણસ જોઈ શકે, તે જોઈ પણ શકે પરંતુ જે રીતે સ્થૂલ વસ્તુઓને શારીરિક રીતે જોઈ શકે છે તે રીતે નહિ, એ તો સ્વાભાવિક જ છે.

જો તમારી બાહ્ય ચેતનાનો એક નાનકડો ભાગ તમે પકડી શકો, જો તમે તમારી અનુભૂતિમાં પૂરેપૂરા ગ્રસ્ત ન હો, તો તમે તે બન્નેને એકબીજા ઉપર આરોપિત થયેલા જોઈ શકો. પણ તે વખતે તમારી દષ્ટિ એટલી બધી સ્પષ્ટ અને સમગ્ર હોતી નથી, તેમ છતાં એવું બની શકે કે દા.ત. તમારી અંદર કાંઈક છે, જે બાહ્ય ચેતનાને ધારણ કરી રાખે છે અને તે જ વખતે કાંઈક એવી વસ્તુ પણ છે જે તમારા માટે પૂરતા પ્રમાણમાં ફકત પ્રભુની ખાતર પ્રભુની જ ગણતરી કરવામાં

ગરકાવ હોય અને બાકીની વસ્તુ એવી હોય જાણે કે તમે કોઈ સુંદર પરદામાંથી અથવા ટીશ્યુ પેપર કે પારદર્શક કાગળમાંથી તમે જોઈ રહ્યા હો. તો પછી ટીશ્યુ પેપર અથવા કાગળ હસ્તી તો ધરાવે છે પરંતુ તે વસ્તુને જોવામાંથી તે તમને અટકાવતો નથી.

એટલે માણસને જરૂર પ્રભુનું દર્શન, આ દુનિયામાં તેમ જ બીજામાં પણ થઈ શકે છે અને તે જ વખતે આ બધી વસ્તુઓની બાહ્યાભાસની સ્પષ્ટ ઝાંખી થઈ જાય છે અને તમને આવા પ્રકારનો તે અનુભવ આપે છે – જે તમારી ચેતનામાં બહુ જીવંત રીતે સંધરાયેલો રહે છે – કે આ બધી બાહ્ય સ્વરૂપોની સપાટી અવાસ્તવિક છે. તે બધું ફક્ત બાહ્ય રીતે પેલા પાતળા કાગળ જેવું હોય છે જેની કોઈ સતત હસ્તી નથી, સાચો આકાર પણ નથી, તે કાંઈક બિલકુલ ઉપરછલ્લું અને અવાસ્તવિક છે; અને સાચી હસ્તી ધરાવનાર તો ફક્ત દિવ્ય પ્રભુની હાજરી છે, દિવ્ય ભવ્યતા, જે આ બધી વસ્તુઓની પાછળ રહેલી છે અને તે જ સાચી સઘન અને અચલ વસ્તુ છે. વ્યક્તિ આ અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

> માતાજી, આપણી અંદર રહેલો ચૈત્ય પુરુષ પ્રભુના સંપર્કમાં કાયમ હોય છે; તેથી વ્યક્તિને તેનો અનુભવ બધો જ સમય દરમ્યાન થવો જોઈએ, તેથી....

જો વ્યક્તિ પોતાના ચૈત્ય પુરુષના સંપર્કમાં બધો જ સમય રહેલી હોય, તો હા. પરંતુ તે હકીકત છે; જે ક્ષણથી વ્યક્તિ પોતાના ચૈત્ય પુરુષના સંપર્કમાં સતત રહેલી થાય છે, તે ક્ષણથી તે પ્રભુની હાજરીના સંપર્કમાં બધો જ સમય હોય છે અને તમે આ વિધાનને ઊલટાવીને પણ કહો, "હું જાણીશ કે હું મારા ચૈત્ય પુરુષના સંપર્કમાં બધો જ સમય રહું છું, જ્યારે હું પ્રભુની હાજરીના સંપર્કમાં બધો જ સમય, બધી જ વસ્તુઓમાં રહું છું. આ એક મારા માટે સાબિતી છે કે હું મારા ચૈત્ય પુરુષના સંપર્કમાં છું."

આ વસ્તુ ચેતનાની અવસ્થાને પૂરેપૂરી બદલી નાખે છે, સંપૂર્ણ રીતે, તમે જાણો છો કેટલાક માણસો આવે છે અને તમને પૂછે છે, "હું મારા ચૈત્ય પુરુષ વિશે સચેતન છું?" તો તમે કહી શકો; "આ પોતે જ સાબિતી છે કે તમે સચેતન નથી" – કારણ કે જો તમે તે રીતના હો તો તમે પછીથી આ પ્રશ્ન પૂછો નહીં, તે તમારી ચેતનાને પૂરેપૂરી બદલી નાખે છે.

એટલું પૂરતું છે ને? તો પછી.... (જે બાળકને પુસ્તક બહારનો પ્રશ્ન પૂછવો હતો તેના તરફ ફરીને) જો આપણને પુસ્તકની જરૂર ન હોય તો તું પ્રશ્ન પૂછી શકે છે.

માતાજી, કેટલાક માણસો કેટલીક માંદગીઓમાં વર્ષોનાં વર્ષો સુધી સહન કરે છે, આપણે જાણીએ છીએ. હવે જો આપણે નિરીક્ષણ કરીએ તો જોઈશું કે વર્ષના અમુક ખાસ સમયે જ તે માંદગી આવે છે અને આ પ્રમાણે બીજે વર્ષે પણ બને છે, અને તે પ્રમાણે છે. પરંતુ સમય તો નક્કી જ છે તો પછી તેનું કારણ શું છે? અને માણસ આમાંથી કઈ રીતે મુકત થઈ શકે?

શું છે....?

કારણ....

તેના માટે ઘણાં બધાં કારણો હોઈ શકે. તો તમે જે માણસ વિશે પૂછો છો તેના ઉપર આધાર રાખે છે. જો તમે કોઈ ભવિષ્યવેત્તાને પૂછો તો તો તમને કહેશે, "તે તો ગ્રહોનું કારણ છે, જ્યારે તે જ સ્થળે આવે, ત્યારે તેવા જ સંજોગો ઉત્પન્ન થાય છે." વારુ, આ કાંઈ સાવ ખોટું નથી. તે એમ હોઈ શકે છે. તે વ્યકિતનઃ ઉપર અમુક પ્રકારના હવામાનની અસર ઉપર પણ આધાર રાખે છે. તમે સમજ્યા, અથવા સૂર્યની સ્થિતિ ઉપર પણ; અથવા તે ફક્ત ખરાબ ટેવનું સીધું સાદું કારણ હોઈ શકે, તેટલું જ છે. (હાસ્ય)

જો એ વ્યક્તિમાં કોઈ રચના થાય.... જો ઔચિતા આ બનાવ બે વખત વારાફરતી બન્યો હોય, તો તમે તેવા બનો છો.... તમારું આવું ઘડતર થાય છે, તમે સમજ્યા, જે તે પ્રમાણેનું રહે છે (સંકેત). અવચેતનમાં, પોતાની જાતને ખુલ્લી પાડયા વગર આ વસ્તુ રચાય છે – જો તમે તેનું નિરીક્ષણ ન કરો તો! અને પછી જેવો સમય નજીક આવે છે, તદ્દન ચોરીછૂપીથી, તે રચના ઉપર ધસી આવે છે. તમારી અંદરથી અને તમને કહે છે, "સંભાળ રાખો, સમય આવી રહ્યો છે, સમય આવી રહ્યો છે, સમય આવી રહ્યો છે?" તેથી કુદરતી રીતે તે પણ આવી જાય છે. ઘણે ભાગે આ વસ્તુઓ તે પ્રમાણેની હોય છે.

ઘણેભાગે જે કોઈ વસ્તુ શારીરિકમાં બને છે, તે આ પ્રમાણેની હોય છે. પહેલી વખત તો તે કદાચ સીધી આવે, સંજોગોનો ક્રમ પણ હોય; પછીથી મન વચ્ચે પડે છે અને એક રચના કરે છે. હવે જો કોઈ તે રચનાને સ્વીકારે, તો તેને ખાતરી થાય કે તે ઘડિયાળના સમયની માફક ચોક્કસ સમયે કાર્ય કરે છે. પણ તેમ છતાં જો કોઈ કહે, "ઓહ! આ તો અર્થવિહીન વસ્તુ છે, તે ફક્ત ખ્યાલ જ છે!" અને આ કરે, (ચેષ્ટા), તેમ છતાં તે ખ્યાલ ચાલ્યા જવાને બદલે, અંદર પ્રવેશ કરે છે, અંદરની બાજુએથી; અવચેતનમાં, ફક્ત અવચેતન મનમાં અને તે ત્યાં શાંતિથી પડયો રહે છે. અને પછી જ્યારે તેને અંદરથી પ્રકટ થવાનો સમય આવે છે, ત્યારે તે.... જાણે

કે સ્મૃતિને જરા ઢંઢોળતું હોય છે, તેનાથી વધારે કાંઈ નહિ. ફક્ત એટલું જ. જો તે સ્મૃતિની સાથે જરા ઘસાય, તે પ્રમાણે; ત્યારે ઓચિંતા તમને અક દિવસ યાદ આવે, "કેમ, ગયે વર્ષે, આ સમયે હું માંદો હતો" અને કડાકો થાય છે ! તે ત્યાં છે, તેણે પ્રવેશ કર્યો છે. તેણે સક્રિય ચેતનાના પ્રદેશમાં પ્રવેશ કર્યો છે અને થોડા દિવસ પછીથી તે વસ્તુ બને છે.

પરંતુ જ્યારે તમને આવો અનુભવ થયો હોય અથવા કોઈ પ્રકારની હકીકત અથવા માંદગી (ખાસ કરીને માંદગીના પ્રસંગમાં અથવા અકસ્માતમાં પણ), શરીર તેને ઘણો લાંબો સમય સુધી યાદ રાખી શકે છે. જો તમારે સંપૂર્ણ રીતે સાજા થવું હોય, તો તમારે તમારી શરીરમાંની સ્મૃતિને સુધારવી પડશે, અને આ પૂરેપૂરું અનિવાર્ય છે. અને તમે તેને જાણો અથવા ન જાણો તો પણ તમારે શરીરમાં રહેલી સ્મૃતિને સુધારવા માટે કાર્ય કરવું. જ્યારે તમારી સ્મૃતિ ભૂંસાઈ જશે ત્યારે તમારું શરીર ખરેખર સાજું પણ થઈ જશે.

કમનસીબે, સ્મૃતિનો નાશ કરવાને બદલે તમે તેને પાછી ધકેલો છો, ઘણો-ખરો સમય, તમે તેને અવચેતનમાં પાછી ધકેલો છો અને કેટલીક વખત અચિત્‌માં, વધારે ઊંડાણમાં. વારુ, હવે જો તેને પાછી મોકલવામાં આવી હોય, જો તે પૂરેપૂરી અદશ્ય થઈ નહિ હોય, તો પછી બહુ ધીરે, બહુ ધીરે તેમ કરવાનો દેખાવ બિલકુલ કર્યા સિવાય તે સપાટી ઉપર આવે છે; અને કોઈ વસ્તુ જેનાથી તમે વર્ષો સુધી મુક્ત થયા હશો, જો તે સંજોગોવશાત્‌ તમારા મનમાં પસાર થાય, ફક્ત તેના પ્રમાણે, ફક્ત નાના તીરની માફક, એટલી જ ઝડપથી, પસાર થતા તીરની માફક : "કેમ, આ સમયે મારે તે પ્રમાણે હતું." તો તમે ખાતરી રાખજો કે વહેલા યા મોડા – થોડી સેકંડો, અથવા મિનિટો, થોડાક કલાકો અથવા થોડાક દિવસો પછી તે પાછું ફરશે. તમે કરી શકો . . . . તે ઘણા હળવા પ્રમાણમાં આવે અથવા તે તે જ સ્વરૂપમાં આવે અથવા તે તેનાથી વધારે જોસથી પણ આવે. તે તમારી આંતરિક અવસ્થા ઉપર આધાર રાખે છે, જો તમે નિરાશાની અવસ્થામાં હો તો તે વધારે બળથી આવશે. જો તમે આશાવાદી સ્થિતિમાં હશો તો તે નબળા સ્વરૂપે આવશે પરંતુ તે પાછી ફરશે અને તમારે ફરીથી યુદ્ધ આપવું પડશે, તમારી શરીરની સ્મૃતિની સામે, જેથી કરીને તે નાશ પામે – જો આ સમયે તમે વધારે સાવધાન હશો તો જો તમે તેનો વિનાશ કરી શકો, તો તમે સાજા થઈ જશો. પરંતુ જો તમે તેનો નાશ નહિ કરો તો તે પાછી આવશે. તે વધારે લાંબો અથવા વધારે ટૂંકો સમય લે, તે થોડા કે ઓછા અંશે પૂરેપૂરી હશે પણ તે પાછી ફરશે. તે એક ઝબકારામાં આવી શકે છે. જો તમે પૂરેપૂરા જાગ્રત હશો અને જ્યારે તે પાછી ફરે છે, ત્યારે જો તમારી પાસે

પૂરતું જ્ઞાન અને પૂરતી સ્પષ્ટ દૃષ્ટિ હશે, તમારી જાતને એ રીતે કહેવાની, "આ અહીં પોતાની હીકમત અજમાવવા માટે ફરીને પાછી આવેલી તે દુષ્ટ સ્મૃતિ છે." તો તમે તેને એક ભયંકર ફટકો મારી શકશો, અને તેની હસ્તીને મિટાવી શકશો. જો તમે આ કઈ રીતે કરવું તે જાણો તો તે તમારે માટે એ વસ્તુમાંથી તાત્કાલિક મુકત થવાની એક તક છે. પરંતુ આ કરવું કાંઈ બહુ સહેલું નથી.

પવિત્ર : તે કેવી રીતે કરવું જોઈએ ?

તે કેવી રીતે કરવું ? (માતાજી હસે છે) કેવી રીતે તે કરવું ? આપણે કોઈ રચનાને જેવી રીતે વિખેરી નાખીએ છીએ તેવી રીતે, તો કરવું, તું સમજ્યો ?

તે વસ્તુઓને પીગાળી નાખવા માટેની એક શકિત છે જે રચનાઓને વિખેરી નાખે છે. તે રચનાઓના બંધારણ ઉપર આધાર રાખે છે. જો તે કોઈ વિરોધી પ્રકારની રચના હોય તો તમારે સંપૂર્ણ વિશુદ્ધ રચનાત્મક પ્રકાશના બલની જરૂર પડે છે. જો તમારી પાસે તે વસ્તુ હોય તો તમારે એટલું જ કરવાનું છે કે તેના વડે તમારે તે વસ્તુ ઉપર બૉમ્બ ફેંકવો. અને તમે તેને વિખેરી શકશો, પરંતુ એ કાર્ય તમારે આંતરિક શકિતઓથી કરવાનું છે, ને શારીરિક વસ્તુથી બની શકશે નહીં.

એટલા માટે જ બધા સ્થૂલ ઉપાયો, ફકત રોગશામક હોય છે, રોગમુકિતના ઉપાયો નહિ, કારણ કે તેઓ વસ્તુના જીવંત કેન્દ્રને સ્પર્શ કરવા માટે પૂરતા શકિત-શાળી હોતા નથી.

(મૌન)

આ જ ઘટના નૈતિક વિધ્નો વખતે બને છે. જો કોઈ તેમની સ્મૃતિનો નાશ કરવામાં સફળ બને અને જો વ્યકિત પોતે જ્યારે મુશ્કેલીમાં હતી ત્યારે પોતાની અંદર જે અવસ્થા હતી તેની સ્મૃતિનો નાશ કરવામાં સફળ બને, પોતાની અંદરથી અને જો તે સચ્ચાઈપૂર્ણ હોય તો મુશ્કેલીઓનો કાયમ માટે અંત આવી જાય.

માતાજી, કોઈ વસ્તુ કરવા માટે જ્યારે કોઈ સંકલ્પ કરે ત્યારે તેને લાગે છે કે તે બીજાઓની લાગણીઓ સાથે સંઘર્ષમાં ઊતરે છે, તો આ પ્રસંગે શું કરવું ?

કયારે ?

જ્યારે વ્યકિતએ કોઈ વસ્તુ કરવાનો નિર્ણય લીધો હોય . . . .

હા.

. . . . ત્યારે તેને લાગે છે કે તે કોઈક વખત બીજાઓની લાગણીઓ સાથે સંઘર્ષમાં આવે છે.

સંઘર્ષમાં ?

એટલે કે . . . .

હા, હા. હું બરાબર સારી રીતે સમજું છું.

તો શું કરવું જોઈએ ?

તે પૂરેપૂરું પ્રસંગ ઉપર આધાર રાખે છે. તે કહેવું મુશ્કેલ છે . . . . પહેલાં તો . . . . (મૌન) જો વ્યક્તિની તુચ્છ ગુણવત્તાઓ અને નાનાં દોષોના ક્ષુદ્ર જ્ઞાન પર આધારિત તે ફક્ત બાહ્ય અને સપાટી ઉપરનો નિર્ણય હોય, જો વ્યક્તિ તેવી જ સરખી ગુણવત્તાવાળા સંકલ્પોના સંઘર્ષોમાં આવે, તમે સમજ્યા, એ સંકલ્પ-શક્તિઓ જુદી જુદી હોઈ શકે, પણ ગુણવત્તા સરખી જ હોય તો વ્યક્તિએ પ્રસંગો અને પોતે જે મેળવવા ઇચ્છતી હોય તેના અંતઃપરિણામ મુજબ નક્કી કરવું જોઈએ. પરંતુ એ કહેવું ઘણું મુશ્કેલ છે. પરિણામ અવશ્ય જુદું જ હોય છે.

પરંતુ જો વ્યક્તિ તે પ્રકારના માણસો માંહેની હોય જેઓ પોતાની અંદર એમ અનુભવતા હોય કે તેઓ ઉચ્ચ ઋત-ચેતનાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરે છે કે, "આ પ્રમાણે મેં કરવાનો નિશ્ચય કર્યો છે, ભલે ગમે તે પરિણામો આવે છતાં મારે તે પ્રમાણે કરવાનું છે." તો પછી કોઈ વ્યક્તિ જો કોઈ બીજાના પૂર્વગ્રહો, સંકલ્પો અને વિરોધોના સંઘર્ષોમાં આવે, તો પછી તે વ્યક્તિએ ફક્ત આટલું જ કરવાનું છે (**માતાંજી પોતાની પીઠ ફેરવવાની ક્રિયા કરે છે**) અને પોતાના રસ્તે ચાલી જાય છે. પરંતુ આ કિસ્સામાં જ વ્યક્તિને તે પ્રમાણે કરવાનો હક છે.

પરંતુ જ્યારે તે અંગત ગતિ હોય, પોતાની પસંદગીઓમાંથી ઉત્પન્ન થયેલી, પોતાની કામનાઓની અથવા પોતાના વ્યક્તિગત ખ્યાલોથી ઉત્પન્ન થયેલી, વારુ જ્યારે વિરોધો સામે આવે ત્યારે વ્યક્તિએ તે પ્રશ્નનું મૂલ્યાંકન કરવું જોઈએ, હકીકતો જોવી જોઈએ અને (મૌન) પોતાની ઉત્તમ શુભેચ્છા તેમ જ ઉત્તમ દર્શન પ્રમાણે કાર્ય કરવું અને પોતાને કઈ વસ્તુ કરવાની ઇચ્છા હતી અને કયો વિરોધ તેની સામે આવ્યો તેના ઉપર તે આધાર રાખે છે. એટલે કોઈ સામાન્ય નિયમ બનાવવો અશક્ય છે.

તમારા સીધા રસ્તા ઉપર કોઈ પણ વસ્તુની પરવા કર્યા વગર ચાલ્યા જવા માટે ફક્ત એક જ વસ્તુ તમને હક આપે છે; તે છે, જો તમે કોઈ ઉચ્ચતર સત્ય દ્વારા સંચાલિત હો અને તેનાથી ગતિમાન હો તો. તમારે તે વસ્તુ અવશ્ય જાણવી જોઈએ અને તેને સમર્થન આપવા માટે તમારી પાસે નક્કર સાબિતીઓ જોઈએ અને ઘણે ભાગે એવી વસ્તુ હોવી જોઈએ જે તમને અંગત રીતે સ્પર્શ કરતી ન હોય.

જો તમને થોડોઘણો પણ અંગત રસ હોય, એક અથવા બીજી રીતે, તો સાવચેત રહેજો અને તે ઉચ્ચતર સંકલ્પશક્તિ અને સત્યની અભિવ્યક્તિ છે એમ માનતા પહેલાં બે વખત વિચાર કરજો.

પરંતુ એવાં દૃષ્ટાંતો છે જેમાં આ પ્રમાણે છે. "આ વસ્તુ આ પ્રમાણે જ થવી જોઈએ; આ જ ખરેખર સત્ય છે." અને પછીથી ક્યારેક તે વિરોધ આવે, વ્યક્તિ સીધેસીધી પોતાને રસ્તે ચાલ્યો જાય છે, કોઈ પણ જાતના સંજોગો કે પરિણામો વિશે ચિંતિત થયા સિવાય. પરંતુ આવા દૃષ્ટાંતમાં જ વ્યક્તિને તે પ્રમાણે કરવાનો અધિકાર છે; એટલે કે, પ્રભુ જ્યારે તમારી અંદર કાર્ય કરતા હોય, ત્યારે તમારે કોઈ પણ વસ્તુ વિશે પરવા કરવી જોઈએ નહિ, સિવાય કે પ્રભુની સંકલ્પશક્તિ. પણ જો તે પ્રભુનો સંકલ્પ ન હોય, તો દરેક પ્રશ્નને જે પ્રકારનો તે પ્રસંગ હોય, જે પ્રકારના સંજોગો હોય . . . . તે અનુસાર તેનો હલ કરવો જોઈએ – અને . . . .

દા. ત. કોઈએ એવો નિશ્ચય કર્યો હોય કે મિથ્યા વાતચીત ન કરવી, તો પછી . . . . ?

વ્યક્તિ કોઈને મળે જે મિથ્યા પ્રલાપ કરતી હોય ?

ના . . . .

વ્યક્તિ ફક્ત પોતાની પીઠ ફેરવીને ચાલ્યો જાય ! (હાસ્ય) સાવ સાદું.

તો પછી બીજી વ્યક્તિ ગુસ્સે થાય.

ઈહ ?

બીજી વ્યક્તિ ખૂબ ગુસ્સે થશે.

તો તેમના માટે ખરાબ ! (હાસ્ય) તો તે તેના માટે વધારે ખરાબ. આ બરાબર યોગ્ય દૃષ્ટાંત છે; જે દૃષ્ટાંતો મેં પહેલાં કહ્યાં તેમાંનો એક; પરવા નહિ કરવી. જો કોઈને આ વ્યક્તિ બહુ પસંદ હોય અને તેને ખૂબ અપ્રસન્ન ન કરવી હોય તો તે વ્યક્તિને તે ધીરેથી કહી શકે, "ના, મહેરબાની કરીને, આપણે નકામી વાતો ન કરીએ, તે બધા માટે ખરાબ છે." એટલું પૂરતું છે. જો તે વ્યક્તિ એવી હોય જેના માટે તમને પરવા ન હોય, અથવા તે તમારે માટે બહુ અગત્યની ન હોય, તો તમારે તેની સામે પીઠ ફેરવીને ચાલ્યા જવું.

ખાસ કરીને જો તે મિત્ર હોય, તે વ્યક્તિ તમારી જેવી જ હોય, તો તેણે જાણવું જોઈએ કે આ પ્રમાણે ન કરવું જોઈએ . . . . આવા પ્રસંગમાં તમારે અડગ રહેવું જોઈએ, જો તે એવી કોઈ વ્યક્તિ ન હોય જેણે સંજોગોની હારમાળા

અનુસાર તમારી માફક જાણવું જોઈએ કે તે એવી વસ્તુ છે જે તેણે ન કરવી જોઈએ અને તેમ છતાં તે પ્રમાણે કરવાનું ચાલુ રાખે તો તે અપ્રમાણિક છે. કારણ કે જ્યારે વ્યક્તિ જાણે કે તેણે જે વસ્તુ કરવી ન જોઈએ તે કરે છે ત્યારે તે ક્ષણથી તે અપ્રમાણિક બની જાય છે; અને આવી વ્યક્તિ માટે તમારે કાંઈ વિચારવું ન જોઈએ. તમારે પાછા ફરીને ચાલી નીકળવું જોઈએ; અને જો તે ગુસ્સે થાય તો, તે તેને માટે વધારે ખરાબ છે. તેનું પરિણામ એ આવશે કે તેણે ગુસ્સા ઉપર વિજય મેળવવો પડશે. એટલું બસ છે. આ કદાચ તેનું ભલું કરશે.

સામાજિક સંબંધોમાં એક મોટી નબળાઈ હોય છે, ઘણી મોટી નબળાઈ; તેથી કરીને ખરેખર વ્યક્તિ ગુસ્સે થાય અને ઉગ્ર થઈ જાય અને ન બોલવાની વસ્તુ તે બોલી દે છે. તે જો માણસ નબળો ન હોય તો તે કયારે પણ આક્રમક બને નહીં. દૌર્બલ્ય અને ઉગ્રતા બન્ને વસ્તુ એકસાથે જ ચાલે છે. જે ખરેખર મજબૂત હોય તે કદી ઉગ્ર બને નહીં. આ વસ્તુ દરેકે અચૂક યાદ રાખવી જ જોઈએ. ઉગ્રતા કાયમ નબળાઈની નિશાની છે. ચોકકસ કોઈ ઊપસેલા સ્નાયુયુકત માણસને જુએ જે ખૂબ મજબૂત હોય, જે બીજાને પોતાની શકિતથી નીચે પછાડી દે અને કોઈ કહે, "તે મજબૂત છે," તે સાચું નથી. તેને મજબૂત સ્નાયુઓ છે; પરંતુ નૈતિક રીતે ઘણો નબળો છે. કારણ કે તે એક બાબતમાં મજબૂત હોય અને બીજી બાબતમાં નિર્માલ્ય હોય. ઘણે ભાગે આવું જ બને છે.

પરંતુ હું કહું છું, અને જે લોકોએ પ્રાણીઓનું નિરીક્ષણ કર્યું હશે દા ત. જે પ્રાણીઓ ઘણાં મજબૂત છે તેમનું; તેઓ કેટલાં શાંત હોય છે, સ્વાભાવિક રીતે જ, જ્યારે તેઓ પોતાના શિકાર તરફ દોડે છે ત્યારે તેઓ પોતાની સંપૂર્ણ શકિતનો ઉપયોગ કરે છે, પરંતુ તે હિંસા નથી, તે શકિત છે. પરંતુ તમે જો કોઈ વખત સિંહને જોયો હોય – જ્યારે તેને કાંઈ કરવાનું નથી હોતું ત્યારે તે અસ્વસ્થ હોતો નથી – જો તે માંદો હોય તો તે અસ્વસ્થ હોય છે. જો તે સાજો હોય, સારી તંદુરસ્તીમાં, જો તેને કાંઈ કરવાનું ન હોય તો, તે હાલશે નહિ, બિલકુલ સ્થિર રહેશે, તે સંત જેવો શાંતિ લાગશે! (હાસ્ય)

ઉશ્કેરાટ, ઉગ્રતા, ગુસ્સો, આ બધી જ વસ્તુઓ, કાયમ, અપવાદ વગર, નિર્બળતાની નિશાનીઓ છે. અને જ્યારે કોઈ પોતાની વાણીમાં ઉશ્કેરાઈ જાય છે, અને ખાસ કરીને જે વસ્તુ તેણે ન બોલવી જોઈએ તેવું બોલે છે, તો આ ખરેખર ભીતિયુકત માનસિક નબળાઈની નિશાની છે – માનસિક અને પ્રાણિક – ભીતિની. નહિ તો તમે જગતમાંનાં બધાં અપમાનો સહન કરો અને લોકો બધી શકય મૂર્ખાઈઓ વિશે વાત કરે; જો તમે નિર્બળ નહીં હો, તો તમે કદાચ બહારથી હસતાં

નહીં હો, કારણ કે હસવું એ સારો ભાવ પેદા કરતું નથી, પરંતુ ઊંડાણમાં તમારી પોતાની અંદર, તમે હસતા હશો. તમે તેને ચાલી જવા દો છો, તો તમને સ્પર્શ કરતું નથી.... ફક્ત તમે તમારા મનમાં સ્થિર રહેવાની ટેવ પાડી હશે, જે પ્રમાણે મેં તમને સલાહ આપી છે તે મુજબ, જો તમને સત્યનું તમારી અંદર દર્શન થયું હશે, તો તમે ગમે તે વસ્તુ સાંભળી શકશો. તમારામાં એ એક આંદોલન જેવું પણ ઉત્પન્ન નહીં કરે – દરેક વસ્તુ અવિચલ અને સ્થિર રહે છે. અને આપણે હમણાં થોડા વખત પહેલાં વાત કરી તે સાક્ષી હાજર હશે, જે આ પ્રહસન ઉપર નજર રાખતો હશે, તો તે ખરેખર સ્મિત કરતો હશે.

પરંતુ જો તમે બીજી વ્યક્તિ તરફથી ફેંકાયેલાં ઉગ્રતાનાં અને ગુસ્સાના આવેગોનાં આંદોલનોને તમારા ઉપર ઝીલશો, જો તમને તેની અસર થાય, પહેલાં શરૂઆતમાં તો તેમ થાય છે.... અને પછીથી ઔચિત્યનો એક સામો પ્રત્યાઘાત માટે; અને તમે પોતે જ જો ગુસ્સે થવા લાગો, તો ખાતરી રાખજો કે તમે પણ તેના જેટલા જ દુર્બળ છો.

તો તમે આ સ્થિતિમાં છો, મારાં બાળકો.

મને લાગે છે કે આજ પૂરતું આટલું બસ છે.

૨૦ ઑક્ટોબર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગ સાધનાના પાયા", પ્રકરણ ૧, "સ્થિરતા-શાંતિ-સમતા" ઉપર આધારિત છે.

મધુર માતાજી, 'આત્માની મુક્તિ' એટલે શું ?

તેનો અર્થ એ કે પોતાના સાચા આંતર સ્વરૂપમાં વ્યક્તિ પૂરેપૂરી મુક્તિ અનુભવે છે અને બધી વસ્તુઓમાંથી મુક્ત થાય છે, વ્યક્તિને પૂરેપૂરી મુક્તિની લાગણી થાય છે – બધી જ બાહ્ય અસરોમાંથી, બધાં જ નિમ્ન આવેગોમાંથી મુક્ત, બધા જ વિચારો અને ટેવોના બંધનમાંથી મુક્ત. (મૌન)

તો પછી હવે (એક બાળક પ્રત્યે) તારે કોઈ પ્રશ્ન છે ?

આ વસ્તુમાં મને સમજ પડી નહીં, "માતાજીની કાળજીમાંથી કોઈ પણ કારણસર પાછળ ફરીને દૂર રહેવું"

શું ? તેની કાળજીમાંથી દૂર રહેવાનું કોઈ કારણ નથી. તું તે સમજતો નથી કેમ ? નથી ? શા માટે સમજતોનથી ? તું આનો અર્થ શું છે તે સમજતો નથી ? કે શું સમજતો નથી ? "પાછળ ઊભા રહેવું" તેનો શો અર્થ તે તું જાણતો નથી ?

ના.

આહ ! બહુ સારું, સારું, "પાછળ રહેવું" એટલે પાછા ખસી જવું, દૂર દૂર ચાલ્યા જવું, છટકી જવું, ઈન્કાર કરવો, ના પાડવી – આ બધું.

"Solicitade – તેનો શો અર્થ તે તું જાણે છે ?

ના, બહુ સારી રીતે નહીં.

બહુ સારી રીતે નહીં ? તે છે .... સારું, તે છે 'સંભાળ' અંગ્રેજીમાં એટલે કે ધ્યાન, મદદ, કાળજી, સ્પષ્ટ રીતે સહાય કરવાની કાળજી, અને સારું કરવું; આ વસ્તુ Solicitade' છે. જ્યારે તમને કોઈ વિશે કાંઈ ચિંતા થાય ત્યારે તમે તેની જરૂરિયાત શોધી કાઢો છો, અને તેમને સંતોષવા પ્રયત્ન કરો છો – તમને સારા વિચારો આવે છે, સારી લાગણીઓ થાય છે, તમારે મદદ કરવી હોય છે. ટેકો આપવો હોય છે, તેને સુખી કરવો હોય છે, આ છે 'સહાય.' તેથી કાળજીમાંથી પાછા ફરી જવું

એટલે જ્યારે વસ્તુઓ આવે ત્યારે તેમનો ઈન્કાર કરવો, તેમની પરવા ન કરવી અથવા તેમનો ઈન્કાર કરવો.

તેમ છતાં ઘણી વખત માણસ જાણ્યા સિવાય તે વસ્તુ કરતો હોય છે. દા.ત. જાતે પોતાની સંભાળ લેવાની, કોઈ પણ પ્રકારના શિસ્ત કે નિયમને આજ્ઞાધીન બનવાની અનિચ્છા, પોતાના પગ ઉપર ઊભા રહેવું અને પોતાના સિવાય બીજા કોઈનો આધાર લેવાનો ઈચ્છા ન રાખવી, અને સ્વતંત્ર થવું, પોતાની ગતિઓમાં સ્વતંત્ર રહેવું. આ સ્વાધીનતાની લાગણીઓ એટલે દિવ્ય પ્રભુની કાળજીમાંથી પાછા હઠીને ઊભા રહેવું. પોતાને જે ગમે તે જ કરવું. પોતાની સંકલ્પશક્તિ પ્રમાણે વર્તવું, સાવ મુકત અને સ્વતંત્ર રીતે, "હું જે ઈચ્છું તે જ કરું," – આ વસ્તુ દિવ્ય પ્રભુની કાળજીમાંથી દૂર હઠી જવા બરાબર છે. અને વ્યક્તિ વારંવાર આ પ્રમાણે જ કરે છે!

(એક બાળક પ્રત્યે) તારે કાંઈ પૂછવું છે?

કેટલીક વખત અમે જ્યારે પ્રશ્ન પૂછીએ છીએ ત્યારે તે સમજતા હોતા નથી. તેનું કારણ અમારી ભાષામાં ખામી છે કે અમારી ચેતનાની?

ઘણે ભાગે ચેતનાની.

આ પ્રમાણેનો એક અનુભવ છે; કેટલાક લોકો મારી સાથે અર્ધા કલાક સુધી વાતચીત કરે છે, તેઓ જે કહે છે તેનો દસમો ભાગ પણ હું સમજતી નથી. બીજા કેટલાક એવા છે જે ખૂબ ધીમે, ખૂબ ધીમે, ખૂબ ઓછા અવાજે બોલે છે અને મારે એક પણ શબ્દ રહી જતો નથી. એક કિસ્સામાં તે આ મુજબ છે . . . . તે વકતૃત્વ કળા ઉપર આધાર રાખતું નથી. તેમ જ અભિવ્યકિત ઉપર પણ આધાર રાખતું નથી કારણ કે લોકો જ્યારે પોતાની વાતો ખોટી રીતે અભિવ્યકિત કરે ત્યારે પણ તેમને સમજી લેવાની મને ટેવ છે, વર્ષોથી આ વસ્તુથી હું ટેવાઈ ગયેલી છું. તે વસ્તુ તો પ્રમાણે નથી. તે એટલા માટે છે કે કાં તો તેઓ સ્પષ્ટ વિચાર કરતા નથી એટલે કે વધારે ચોક્કસ રીતે; જેઓ સ્પષ્ટ રીતે વિચારે છે પછી ભલે તેઓ જે કાંઈ કહેતા હોય, અથવા તેઓ જે કોઈ રીતે કહેતા હોય, તે બહુ મહત્ત્વનું નથી. પણ હું તેમને સમજી શકું છું: જ્યારે બીજાઓ સ્પષ્ટ રીતે વિચારી શકતા નથી ત્યારે વસ્તુઓ વધારે મુશ્કેલ બને છે અને પછી જેઓ પોતાના વિચારોને ગુપ્ત રાખવા ટેવાયેલા હોય છે, જેઓ સ્પષ્ટ નથી, જેઓ શું વિચારે છે અથવા શું અનુભવે છે તેને સ્પષ્ટ રીતે કહેતા નથી, જેઓ અમુક વિશિષ્ટ રીતે જ વસ્તુઓને રજૂ કરવા પ્રયત્ન કરે છે, અહીં તેઓ મને લાંબાં લાંબાં ભાષણો આપે છે, ત્યારે હું કાંઈ પણ સમજતી નથી અને તેઓ શું વિચારે છે તે હું જાણું છું. પરંતુ તેઓ શું કહે છે તે હું જાણતી નથી. આવું વારંવાર બને છે. લોકો મારી

સાથે વાત કરે છે, હું કાંઈ પણ સાંભળતી નથી. એ વસ્તુ તે પ્રમાણે બને છે. હું સાંભળી શકતી નથી.... "શું? શું? શું?" અને પછી જ્યારે તે વસ્તુ બે અથવા ત્રણ વખત બને છે ત્યારે મને ખાતરી થાય છે કે તે વસ્તુ આ પ્રકારની છે; તમે સમજો છો; તે લોકો જે વસ્તુ વિચારે છે તે મને કહેતા નથી. તેઓ એટલા માટે કહેતા હોય છે કે તેઓ તેમની છાપ પાડવાના કોઈ ઈરાદાથી કહેતા હોય છે, તમે સમજ્યા, તેઓ આમ કહે છે જેથી કરીને હું તે પ્રમાણે વિચાર કરું તેથી ત્યાં તે કિસ્સામાં તે વસ્તુ બિનઉપયોગી છે. હું તેમને સાંભળતી નથી. આમાં જુદી જુદી જાતની કક્ષાઓ છે.

એટલું બસ છે ને? (એક બાળક પ્રત્યે) અને તારે? કાંઈ પણ નથી? કોઈને કોઈ પ્રશ્ન નથી? અહીં વરસાદ વરસતો નથી. આપણે જોઈએ છીએ. (હાસ્ય)

(ધીમા અવાજે) મધુર માતાજી, આવેગ એ નબળાઈ છે?....

આહ! સાંભળો, હું સાંભળી શકતી નથી!

આવેગ એ હૃદયની નબળાઈ છે?

મને હજુ સમજાયું નહિ. આવેગ, એટલું જ મેં સાંભળ્યું.

(બાળક અચકાય છે) બોલ, બોલ, કહે, તું જે કહે છે તેના વિશે વિચાર કર.

(મોટા અવાજે) આવેગ. (બાળક હસે છે)

આહ!

(બીજો બાળક) આવેગ

પવિત્ર : આવેગ!

આવેગ! અને મેં સાંભળ્યું "Pensce"! (આવેગ) સારું. તે આવેગ વિશે શું કહે છે?

તે હૃદયની નિર્બળતા છે?

નિર્બળતા? ના, તે પ્રાણની અવ્યવસ્થા છે. (મૌન) હૃદયમાંથી આવી લાગણી આવે છે અને પછીથી પ્રાણ તેને પકડી લે છે અને તેને એક આવેગમાં ફેરવી નાખે છે (મૌન) અને એક પગલું આગળ, અને તે ગાંડપણ બને છે. (મૌન)

મધુર માતાજી, જ્યારે આપણે ખૂબ ઉશ્કેરાઈ ગયા હોઈએ ત્યારે આપણે સ્થિરતાને નીચે કેવી રીતે બોલાવી શકીએ?

(મૌન) ફરીથી કહે. કેવી રીતે....

કેવી રીતે આપણે સ્થિરતાને બોલાવી શકીએ ?

ઓહ ! બોલાવવું ? હમ્, હમ્, સ્થિરતાને આપણા તરફ આવતી કરવી. એવું તું કહેવા માગે છે ? કેવી રીતે ? સીધી સાદી રીતે, જેવી રીતે તમે જ્યારે બીજા કોઈને બોલાવો છો તેવી રીતે તેને બોલાવો. એવું નથી કરતા ? (હાસ્ય) તે એવી જ વસ્તુ છે.

તમે જેટલા સ્થિર રહી શકો તેટલા રહો, અને સ્થિરતા માટે ઇચ્છા કરો, સ્થિરતા માટે અભીપ્સા કરો, સ્થિરતાને પુકારો, તે પ્રમાણે તે ક્ષણે જેટલા બની શકે તેટલા તમે સ્થિર રહો, વધારે સ્થિર બનવા માગણી કરો, સ્થિરતાને ઇચ્છો, પરંતુ આ બધું સ્થિરતાથી કરવાનું કારણ કે તમે જો ઉશ્કેરાઈને તેની માગણી કરશો તો સ્થિરતા આવશે નહિ.

કેટલીક વખત જ્યારે માણસમાં એકાગ્રતા કરવી હોય છે ત્યારે ઘણે ભાગે વિઘ્નરૂપ વિચારો આવે છે. પરંતુ ઘણી વખત કેટલાંક ચિત્રો તેની આંખ આગળથી પસાર થાય છે....

જ્યારે તમે ધ્યાન કરો છો, ત્યારે તમે ચિત્રો જુઓ છો ?

કેટલીક વખત.

જ્યારે તમારી આંખ ખુલ્લી હોય ત્યારે ? કે બંધ હોય ત્યારે ?

બંધ હોય ત્યારે.

બંધ હોય. અને કયાં ચિત્રો, રંગો અથવા ચિત્રો ?

કેટલીક વખત રંગો અને કેટલીક વખત ચિત્રો.

ઉમ. કાયમ અથવા ફકત કોઈક વખત જ ?

કાયમ નહિ.

અને તેથી ? તમે એમ પૂછો છો કે તે શું છે ? તે ઘણી ઘણી વસ્તુઓ હોઈ શકે. એ ફકત એટલું જ હોઈ શકે કે તમારી સ્થૂલ આંખો બંધ હોવાથી તમારી આંતરિક આંખો ખૂલે છે અને તેમના પ્રદેશમાં જોવાની શરૂઆત કરે છે અથવા સૂક્ષ્મ સ્થૂલમાં, અથવા સૌથી સ્થૂલ પ્રાણિક જગતમાં, તે વસ્તુ તે હોઈ શકે.

એવું બની શકે કે તમારા પોતાના વિચારોનો પ્રક્ષેપ હોય, એટલે કે જ્યારે તમે કોઈ વસ્તુ વિશે ચિંતન કરતા હો, ત્યારે કેટલાંક ચિત્રો તમારી આગળ પસાર થાય તે પ્રમાણે. તેઓ ઘણુંખરું તમારી આંખ આગળને બદલે તમારા મનની

આગળ પસાર થાય છે અને તે તમારા વિચારનું એક કાલ્પનિક સ્થૂલીકરણ હોય છે. તમારી વિચારની અવસ્થાનું અથવા તમારી ચેતનાની સ્થિતિનું. પરંતુ પછીથી તે બિલકુલ સ્પષ્ટ થાય છે, તર્કબદ્ધ થાય છે, તે રસિક બને છે. તે એક સંકેત તરીકે પણ કામ કરી શકે.

તે બીજી કોઈ વસ્તુ પણ હોઈ શકે. જો તમે ખરેખર સ્થિર થયેલા હો, અને તમારું મન સ્થિર હોય તો તેવું હોઈ શકે.... મારે તમને કઈ રીતે કહેવું !.... કોઈ પ્રકારના સંદેશાઓ બીજા લોકો તરફથી અથવા બીજાં જગતોમાંથી અથવા બીજાં બળોમાંથી તમારા તરફ આવતા હોય છે, અને તેઓ કાંઈક કહેવા માટે આવતા હોય છે. તમને કાંઈક બતાવવા માટે આવતા હોય છે; ઘણે ભાગે જો તમે રંગો જુઓ.... ધબકતા, અને પછીથી જાણે કે તમે તેમને તમારામાં ગ્રહણ કરી લેતા હો.... આ ઘણે ભાગે કોઈ વ્યક્તિ તરફથી અથવા કોઈ વસ્તુ તરફથી મોકલાતાં બળોનું સૂચન હોય છે. જે કોઈક પ્રકારની શક્તિ લઈને આવે છે. તે કેટલાક પ્રકારના સંદેશાઓ હોય છે તેથી જો તમે તમારા મનમાં ખૂબ સ્થિર હો, તો કેટલીક વખત તેઓનો શો અર્થ છે તેનું સૂચન તેઓ લઈ આવે છે.

ઘણી વસ્તુઓ શકય છે અને તમારે ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. પરંતુ ઘણી સ્થિરતાથી. કોઈ પણ જાતની માનસિક ક્રિયા વગર. તે વખતે સમજવા માટે પ્રયત્ન કર્યા વગર; કારણ કે જેવું તમારું મન સક્રિય બને છે અને સમજવા પ્રયત્ન કરે છે કે તુર્ત જ તે દરેક વસ્તુને અટકાવી દેશે અને કદાચ પછીથી તમે કોઈ વસ્તુને જોઈ શકશો નહીં.

પરંતુ જો તમે સ્થિર રહો, ફકત તમે જો નિરીક્ષણ કર્યા કરો, જાણે કે તમે શાંતિથી કોઈ વસ્તુ તરફ જોતા હો તે રીતે, તમે સમજ્યા — તો પછી તમે વધારે સ્પષ્ટતાથી તેને જોવાની શરૂઆત કરશો. અને ધીરે ધીરે વસ્તુઓની જુદી જુદી જાતો વચ્ચે ભેદ પારખી શકશો. તમે જાણી શકશો કે એક વસ્તુ કઈ છે અને બીજી વસ્તુ કઈ છે, કે તે તમારી અંદરથી આવે છે કે બહારની દિશામાંથી. તે સ્થૂલ ભૂમિકા ઉપરથી છે કે બીજી ભૂમિકા ઉપરથી. આ બધું ખૂબ સ્થિર નિરીક્ષણથી શીખી શકાય છે. સ્થિર પણ ઘણું તીક્ષ્ણ. તમે સમજ્યા; કારણ કે તેમાં ઘણી નાની નાની છાયાઓ હોય છે, ઘણી નાની. જુદી જુદી વસ્તુઓ વચ્ચેની, અને જયારે તમે આ બધા રંગોનો કે વસ્તુઓનો અતિસૂક્ષ્મ ફરક પારખવા માટે ટેવાઈ જાઓ છો, ત્યારે તમે તે વસ્તુ શું છે તેને બરાબર ઓળખી શકો છો.

વસ્તુસ્થિતિ કાયમ આવી જ હોય છે. માણસે ખૂબ સ્થિર રહેવું જોઈએ, ખૂબ સજાગ, મનને શકય એટલું સ્થિર બનાવવું, કારણ કે જેવી તે હલનચલન

કરવાની શરૂઆત કરે છે કે તુર્ત જ આ દશ્યમાન ઘટના વિકૃત થઈ જાય છે.

કોઈ પણ કિસ્સામાં, બિલકુલ સામાન્ય રીતે આ વસ્તુ સાબિત કરે છે કે તમારું આંતરિક દર્શન વિકાસ સાધવાની શરૂઆત કરે છે, અથવા તેણે વિકાસ સાધેલો છે.

(મૌન)

બીજું કાંઈ નથી ? તમારે બીજો પ્રશ્ન છે ?

અમે જે ચલચિત્ર જોયું તે વિશે, કલાત્મક સર્જનમાં વેદનાનું સ્થાન શું હોય છે ?

ચલચિત્ર ?

અમે જોયું કે વેદના મારફતે....

આહ ! આહ ! આહ ! આહ !.... બર્લિઓઝ વિશેનું ચલચિત્ર ?

તેનું સંગીત વેદના મારફત પરિપકવ થયું....

હા, હા. તો પછી કયું સ્થાન...? તે કયાંથી આવે છે ?

વેદના – કલાત્મક સર્જનમાં કેવી રીતે મદદ કરે છે ?

તે કેવી રીતે મદદ કરે છે ? તે લોકો ઉપર આધાર રાખે છે. કેટલાક લોકોને તેનાથી બહુ શકિતશાળી મદદ મળે છે. હું માનું છું કે તે માણસમાં સંગીતની સૌથી વિશુદ્ધ અભિવ્યકિત હતી. હું એમ કહી શકું કે તે સંગીતનો – સંગીતના આત્માનો મૂર્ત સ્વરૂપ હતો. કમનસીબે તેનું શરીર જરા નાજુક હતું; એટલે કે તેનામાં જે યોગ આપે છે તેવો નક્કર આધાર ન હતો. એટલે આ વસ્તુથી તે ધ્રૂજી ઊઠતો અને તે અતિશય ઊર્મિમય, શિથિલ, ઉશ્કેરાયેલો અને સંવેદનશીલ બની જતો, તમે સમજ્યા, એ ઘણી ગંભીર દુર્બળતા હતી. પરંતુ સર્જનના દષ્ટિબિંદુથી મને કાયમ લાગ્યું છે કે બીજે દિવસે તે ઘણો મજબૂત બની જતો. ખરેખર, તે સંગીતના આત્માના સંપર્કમાં આવતો, તમે જાણો છો, સંગીતનો ખરો અર્થ બની જતો અને આ વસ્તુ તેનામાં એટલી બધી શકિતથી પ્રવેશ કરતી કે તે તેને ધ્રુજાવી મૂકતી; પણ ખરેખર, સાચેસાચ તે સંગીતનું મૂર્ત સ્વરૂપ હતો.

એવો ખ્યાલ કે વેદનાએ તેનામાં આ સર્જન કરાવ્યું એ કેવળ માનવીય વિચાર છે; એ સાચું નથી. એનાથી ઊલટું નોંધપાત્ર વસ્તુ એ છે કે – આ વસ્તુને બીજી તરફથી જોઈએ તો તેનામાં કોઈ શારીરિક દર્દ નહોતું, જે તેનામાં સંગીતમાં તાત્કાલિક રૂપાંતર પામે; એટલે કે સંગીતનો આત્મા માનવ દર્દ કરતાં

તેનામાં વધારે શક્તિશાળી હતો. અને જે કોઈ ફટકો તેણે જીવનમાં ગ્રહણ કર્યો – અને ખરેખર તે અતિશય લાગણીપ્રધાન હોવાથી તેનામાં ટકી રહેવાની શક્તિ નહોતી. તેથી તે ધ્રૂજી ઊઠતો – તેમ છતાં તે ક્ષણે જ તે વસ્તુ સંગીતમાં ફેરવાઈ જતી. એ કોઈ ઘણી વિરલ વસ્તુ છે.

લોકો, બધા સર્જકોને – હું તમને કઈ રીતે કહું – સામાન્ય રીતે થોડો ઘણો સમય તેમના સર્જનને ફરી શરૂ કરવા શક્તિમાન થવા સ્થિરતાની જરૂર હોય છે, જ્યારે તેના માટે તે સહજસ્ફુરિત હતું. દર્દપૂર્ણ ફટકો તાત્કાલિક સંગીતની અભિવ્યક્તિ લાવતો. સાચી રીતે તો તેના માટે તેના આખા જીવનની શરૂઆત સંગીતથી શરૂ થયેલી અને સંગીતથી જ પૂર્ણ થઈ – તે સંગીત હતું અને તેની પાસે એક એવી સચ્ચાઈ હતી અને એક એવી તીવ્રતાની માત્રા, એક સંગીતની આસક્તિની, જેથી કરી મને લાગે છે કે સંગીતનો આત્મા તેની મારફતે પોતાની જાતને વ્યક્ત કરતો. કદાચ તેણે જે લખ્યું છે તે સૌથી સુંદર સંગીત ન હોય; તે પ્રકારની નબળાઈને જેને આપણે અહીં આધાર કહીએ છીએ, તેને કારણે – તેનું શારીરિક બંધારણ વધારે પડતું નબળું હતું, પરંતુ સંગીતના દૃષ્ટિબિંદુથી તે ઘણું સુંદર છે, ઘણું જ સુંદર. (મૌન) અને તેથી પોતાની શક્તિની સાથે પણ તેનામાં ઘણી મહાન સાદાઈ હતી. તેણે જે લખ્યું છે તેમાં એક પ્રકારની નિર્મળતા છે, એક મોટા પ્રમાણમાં કલાત્મક જ્ઞાન છે. તેની સંવાદમયતાની શક્તિ ઘણી ઘણી અદ્ભુત હતી. જો કોઈ છસો કાર્યકર્તાઓ માટે સંવાદમય સંગીત સર્જી શકે તો એનો અર્થ એ કે ઘણા જટિલ ગણિત કરતાં પણ વધારે જટિલ વિજ્ઞાનનું જ્ઞાન તે છે એવો અર્થ થાય. અને હકીકતમાં તે બન્ને ઘણાં નજીક આવે છે.

હું એક સંગીતકારને જાણતી હતી જે તેની બરાબરી કરી શકે એવો બિલકુલ નહોતો, પરંતુ તેમ છતાં તે ઘણો સારો સંગીતકાર હતો અને તે રચના કરતો, તેણે ઓપેરા અને સંગીતમય પ્રહસનોની રચના કરેલી અને સંગીતના જલસા માટે નહિ. એક કાગળના પાનાની આગળ .... તમે સમજ્યા, તેની પાસે ઘણો લાંબો કાગળ હતો અને તેના ઉપર જુદાં જુદાં વાજિંત્રોના નામ લખતો; અને દરેકની બાજુમાં તે સરળતાથી લખતો, ફક્ત તે પ્રમાણે, તેણે શું વગાડવાનું છે. તે મારો મિત્ર હતો, તમે જાણો છો. હું તેને કામ કરતો જોતી. જાણે કે તે સૂત્રો લખતો હતો તે પ્રમાણે. જ્યારે તે પૂરું થઈ જતું ત્યારે તેને ફક્ત ઓરકેસ્ટ્રાને આપવાનું રહેતું. અને તે કાંઈક ભવ્ય બની જતું. બીજો એક માણસ તમે નોંધ્યું હશે કે પોતાના પિયાનો ઉપરની વસ્તુને કઈ રીતે વગાડતો. તમે નથી નોંધ્યું ? એ કેટલીક તરજો વગાડતો, લગભગ કાંઈ નહિ, ફક્ત બે કે ત્રણ તરજો જ. તે તેનો તાલ કે રાગ હતો. અને આ તાલ ઉપર

તે ઓચિંતા લખાવાનું શરૂ કરતો, પરંતુ આ માણસ ઘણું ખરું તેના રાગને પિયાના ઉપર વગાડતો નહિ; તે સીધેસીધું લખતો. તે એક મગજની વિશિષ્ટ પ્રકારની રચના હોય છે. બીજા કેટલાક એવા હોય છે જેઓ પિયાનો ઉપર જ કેવળ પોતાના સંગીતના રાગોની રચના કરે છે, બીજા કોઈને તેમના માટે લખવું પડે છે. બીજી કોઈ વ્યક્તિને આ કાર્ય કરવું પડે છે, જુદા જુદા તાલ આપવાનું, અને તે બધા તાલોને ગોઠવીનેજે સંવાદ ઉત્પન્ન થાય તેનું ફરીથી સંવાદ કરવાનું. પણ આ માણસ જેના વિશે હું વાત કરું છું – મહાન સંગીતકારો, સંત સૉંસ જેવા, દા.ત. તેના સમયના સંગીતકારો તેમની સંગીતની રચનાઓ ઓરકેસ્ટ્રા માટે આપતા, તેઓ લખી લેતા, તમે સમજ્યા, જેમ કોઈ પિયાનો માટે લખે છે તેમ. બન્ને હાથ માટે; અને તે, તે વસ્તુને ઓરકેસ્ટ્રાની સંગીતમાં ફેરવી નાખતો – મેં કહ્યું તે પ્રમાણે તે ઓરકેસ્ટ્રાની રચના કરતો, તે પ્રમાણે જુદા જુદા સંગીતના સાધનોના જૂથને જુદા પાડીને દરેક ભાગની પાસે તેણે શું વગાડવાનું હતું તે લખતો.

(મૌન)

માતાજી, જ્યારે કોઈ વ્યક્તિ સંગીત સાંભળે છે ત્યારે કઈ રીતે તેણે સાચી રીતે સાંભળવું જોઈએ?

આને માટે – જો માણસ પૂરેપૂરો પ્રશાંત બની જાય, તમે સમજ્યા? પ્રશાંત અને એકાગ્ર, જાણે કે તે પોતે એક સાધન હોય જેના ઉપર તેની નોંધ થતી હોય – વ્યક્તિ હલેચલે નહિ, અને ફક્ત એવી વસ્તુ હોય જે ફક્ત સાંભળતી જ હોય – જો વ્યક્તિ પૂરેપૂરી નીરવ, પૂરેપૂરી સ્થિર, અને તે પ્રમાણે, તો પછી તે વસ્તુ અંદર પ્રવેશ કરે છે અને ફક્ત પછીથી જ થોડા સમય પછી તમે તેની અસર વિશે સભાન બની શકો કે તેનો શો અર્થ છે, અથવા તમારા ઉપર તેની કેવી છાપ પડી છે.

પરંતુ સાંભળવાની સૌથી શ્રેષ્ઠ રીત તો આ છે. એક સ્થિર અરીસા જેવા બની જવું અને ખૂબ એકાગ્ર, અને ખૂબ નીરવ, હકીકતમાં આપણે એવા માણસોને જોઈએ છીએ જેઓ સાચી રીતે સંગીતને ચાહતા હોય છે .... મેં સંગીત સાંભળતા સંગીતકારોને જોયા છે, સંગીતકારો, રચના કરનારાઓ અથવા વાદ્યંત્રો વગાડનારાઓ જે ખરેખર સંગીતને ચાહતા હોય, મેં તેમને સંગીત સાંભળતા જોયા છે .... તેઓ પૂરેપૂરા સ્થિર બેસે છે, તમે જાણો છો, તેઓ તેવા જ હોય છે, તેઓ બિલકુલ હલનચલન કરતા નથી; બધી જ વસ્તુ એ પ્રમાણેની હોય છે અને તે કોઈ વિચાર-વાનું બંધ કરે, તો પછી તે ઘણું સારું થાય, તો પછી તેને પૂરેપૂરો ફાયદો થાય.... તે આંતરિક ઉદ્ઘાટન કરવાની પદ્ધતિઓમાંની એક છે અને તે સૌથી શક્તિશાળી પદ્ધતિ છે.

(લાંબું મૌન)

એટલું બસ છે ને ?

માતાજી, જ્યારે કોઈને આઘાત લાગે છે, કોઈ પ્રકારનું દર્દ થાય ત્યારે જો તે સ્વયંસ્ફુરણાથી ન આવતું હોય તો વ્યક્તિએ સંગીત મારફત અથવા કવિતા મારફત વ્યકત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ?

તેને વ્યકત કરવું ? જો વ્યક્તિમાં તે કળા હોય તો; નહિ તો પછી એ કોઈ કામનું નથી. પણ જો વ્યક્તિમાં તે શકિત હોય તો સારું છે.

આ આઘાતોમાં જુદાં જુદાં ઊંડાણો હોય છે. તે બધાં જ એક જ ભૂમિકાનાં હોતાં નથી. ઘણે ભાગે લોકો લાગણીઓના અથવા સંવેદનોના બિલકુલ ઉપરછલ્લાં આઘાતો ગ્રહણ કરે છે, અને એટલા માટે જ તેઓ રડે છે, તેઓ ચીસો પાડે છે, તેઓ કેટલીક વખત ચેનચાળાઓ કરે છે. ગમે તે રીતે આ બહારના કોચલાના આઘાતો હોય છે. પરંતુ એક વધારે ઊંડાણ હોય છે જેમાં ઘણું ખરું તમે નીરવતાથી આ વસ્તુઓ સ્વીકારો છો. પરંતુ તે તમારામાં એક સર્જનનું મોજું અને એક રચનાની જરૂર જાગ્રત કરે છે અને જો કોઈ કવિ હોય તો તે કવિતા લખે છે .... જો કોઈ સંગીતકાર હોય તો તે સંગીતની રચના કરે છે, જો કોઈ લેખક હોય તો તે વાર્તા લખે છે અને જો કોઈ વિજ્ઞાની હોય તો તેની સ્થિતિની અભિવ્યકિત કરે છે, તેની અવસ્થાનું વર્ણન કરે છે.

હવે એક પ્રકારનું દર્દનું ઘણું વધારે ઊંડાણ હોય છે, જે એક પૂરેપૂરી નીરવતામાં તેમને મૂકી આપે છે અને વધારે ઊંડાણોમાં આંતરિક દ્વારો ખોલી આપે છે, જે પ્રભુના તાત્કાલિક સ્પર્શમાં તમને મૂકી શકે છે. પરંતુ આ વસ્તુ ખરેખર શબ્દોમાં વ્યકત થતી નથી. તે તમારી ચેતનાને બદલી આપે છે; પરંતુ ઘણે ભાગે તો વ્યકિત તેને વિશે કોઈ પણ વાત કરી શકે તેના પહેલાં ઘણો લાંબો સમય પસાર થાય છે. બર્લોઈઝ ચોક્કસ આ બીજી શ્રેણીમાં હતો.

(લાંબું મૌન)

તો પછી આપણે ત્યાં છીએ, એટલું બસ છે ને ?

માતાજી, તમે દરેક રવિવારે ઓરગન વગાડો છો અને તમે કાયમ સરસ વગાડો છો. પરંતુ કેટલીક વખતે અમને એવું લાગે છે કે તમે વધારે સારું વગાડો છો.

ઈહ !

દરેક વખતે તમે સારું વગાડો છો એમાં શંકા નથી પણ કેટલીક વખત અમને એમ લાગે છે કે તમે વધારે સારું વગાડો છો.

કેટલીક વખત તમને લાગે છે, કેટલીક વખત તમને લાગતું નથી. કેટલીક વખત તમને ગમે છે, અને કેટલીક વખત તમને ગમતું નથી. કેટલીક વખત તમે સમજો છો અને કેટલીક વખત તમે સમજતા નથી અને કેટલીક વખત હું સારું વગાડું છું અને કેટલીક વખત ખરાબ ! (હાસ્ય)

આનો આધાર ઘણી વસ્તુઓ ઉપર હોય છે. તમારી પોતાની અંદર તમે કઈ અવસ્થામાં છો તેના ઉપર ખાસ કરીને. તે સંગીતમાં જે પ્રદેશ વ્યકત થવા ઈચ્છે છે તેના ઉપર ઘણો મોટો આધાર રાખે છે. કેટલાક પ્રદેશો પ્રાપ્ત કરી શકાય છે, કેટલાક પ્રદેશો એવા છે જેમને સમજવા માટે અથવા ગ્રહણ કરવાનું ઘણું મુશ્કેલ હોય છે; પણ ખાસ કરીને તમે પોતે જ કઈ પરિસ્થિતિમાં છો, કેવળ તેના ઉપર જ તે આધાર રાખે છે : જે દિવસે તમે સારી અવસ્થામાં હો, તે વખતે તે તમને ગમે છે; જે દિવસે તમે ખરાબ સ્થિતિમાં હો તે વખતે તમે તેને સમજતા નથી, કેટલાક દિવસોએ તે તમને નિદ્રામાં પણ મૂકી આપે છે. કેટલાક દિવસો એવા હોય છે જયારે તે તમને પસંદ પડે છે; કેટલાક દિવસોએ તમને એવો અનુભવ થાય છે કે તે તમારે માટે એક ક્ષિતિજ ખોલી આપે છે. બીજે દિવસે તમે એમ કહો છો, "હું જાણતો નથી, સમજતો નથી !" તો ત્યાં તે પૂરેપૂરું વ્યક્તિની પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે.

માતાજી, તમે જયારે ઓરગન વગાડો છો ત્યારે તમે પહેલેથી નિર્ણય કરો છો કે કયા પ્રદેશમાંથી સંગીત આવવાનું છે ?

ઈહ ?

રવિવારના દિવસે જયારે તમે ઓરગન વગાડો છો ત્યારે તમે પહેલેથી નિર્ણય કરો છો કે કયા પ્રદેશોમાં સંગીતને આવવાનું છે ?

ઉહ ?

કયા પ્રદેશમાંથી તે આવે છે ?

બેસતા પહેલાં હું જાણતી નથી કે કયા સૂરો હું વગાડવાની છું. પ્રદેશ ? તે કાયમ તે પ્રદેશ જ હોય છે. એટલા માટે તો બર્લોઈઝના સંગીતના મૂળ વિશે હું કાંઈક અનુભવની સાથે વાત કરી શકું છું. કારણ કે તે પ્રદેશ મારો બહુ જાણીતો છે જેમાં હું બહુ એકાગ્રતાથી ફર્યા કરું છું. પરંતુ મને બિલકુલ ખબર હોતી નથી

કે શું આવશે. બિલકુલ નહીં, કાંઈ પણ નહીં, હું એ પણ નિશ્ચિત કરતી નથી કે કઈ લાગણી, ખ્યાલ અથવા કઈ પ્રકારની ચેતનાની અવસ્થા અભિવ્યકત થવાની છે, કાંઈ પણ નહીં, હું એક કોરા પાના જેવી હોઉં છું. હું આવું છું અને બેસી જાઉં છું, એક ક્ષણ માટે એકાગ્ર થાઉ છું અને તેને આવવા દઉં છું. પાછળથી, કેટલીક વખત હું જાણું છું, કાયમ નહીં, પરંતુ જ્યારે હું તે સંગીતને બીજે વખતે અહીં સાંભળું છું, બપોરે અથવા સાંજે, પછી હું તેને જાણું છું, કારણ કે તે હવે હું હોતી નથી, તે કંઈક બહારથી આવે છે. તેથી તે વખતે હું બરાબર સારી રીતે જાણું છું કે તે કોના જેવું છે.

પરંતુ એક દિવસે, મધુર માતાજી, તમે દરેકને કહેલું કે તમે શું વગાડવાનાં હતાં.

હા, તે દિવસે હું જાણતી હતી કે હું શું વગાડવાની હતી.

આ પ્રમાણે બની શકે છે.

કેટલીક વખત એવું હોય છે જ્યારે હું જાણું છું, બીજી વખતે હું જાણતી નથી, ફકત કેટલાક એવા દિવસો હોય છે જ્યારે જો મારી પાસે બસો વાદ્યિંત્ર વગાડનારાઓની ઓરકેસ્ટ્રા હોય તો તે ઘણું રસિક બને. સાધનો ઘણાં ઓછાં હોય છે; એટલે કે જે સંગીતની હું લાગણી અનુભવું છું, જે મારા તરફ આવે છે, તે ઘણી સારી રીતે વ્યકત કરી શકાય....જેવી રીતે આપણે તે સાંજે ચલચિત્રમાં જોયું તેની જેમ. જો તેને પૂર્ણ રીતે મારે અભિવ્યકત કરવું હોય તો મારે તે પ્રકારની અભિવ્યકિતની જરૂર પડે, એટલે મારે એક ટીપાં પાડવાની નળીમાં એકઠું કરવું પડે, તમે સમજ્યા, અને પછીથી તે પ્રમાણે એક પછી એક ટીપું બહાર પાડવું પડે અને સ્વાભાવિક રીતે તે સુંદર રીતે આવતું નથી. તેનો મોટો ભાગ તો છટકી જાય છે.

તો બસ. હવે મને લાગે છે કે તે પૂરું થયું. હવે કાંઈ બીજું અગત્યનું, રસિક; કે જરૂરી નથી ને? (એક બાળકી પોતાના પુસ્તકમાં જુએ છે તેના તરફ જોઈને) એઈ! હજી તે છોકરીનું નાક પુસ્તકમાં છે.

અહીં મને સમજાયું નહીં....

સમજાયું નહીં? ઘણી બધી વસ્તુઓ છે જે તું નહિ સમજે! (હાસ્ય)

"તમારામાં જે બને છે તે, એમ છે કે તમારી ચેતના આ મુકિતમાં સ્થિર થવા માટે પ્રયત્ન કરે છે."

તો તું શું સમજ્યો નહિ?

"તમારામાં જે બને છે તે એમ છે કે તમારી ચેતના.... પ્રયત્ન કરે છે...."

શ્રી અરવિંદ જવાબ આપે છે – તે કાયમ એક જ વસ્તુ હોય છે – લખનાર વ્યક્તિએ પત્રમાં જે વસ્તુ પૂછી છે તેનો જવાબ.... તેણે જે અનુભૂતિ થઈ તેનું વર્ણન કર્યું છે. તેઓ તેને જવાબ આપે છે અને કહે છે, "આ છે...." જે વસ્તુ બનેલી તેની સમજૂતી છે. એટલે તેઓ જે કહેવા માગે છે તેના સિવાય બીજો કોઈ અર્થ નથી. તે એક સમજૂતી છે. અનુભવ શું હતો તે કહેતા નથી, ન સમજ્યો ? ઈહ !

માતાજી, આપણી સત્–તામાં ઘણાં તત્ત્વો હોય છે જેના વિશે આપણે સચેતન હોતા નથી. તે એ પ્રમાણે નથી ?

હા. ઘણા.

એવા કેટલાક ભાગો હોઈ શકે જેના વિશે આપણે સભાન ન હોઈએ છતાં તેઓ પ્રભુની સેવા કરતા હોય ?

હા, હા, હકીકતમાં કેટલાક ભાગો એવા છે જે ફક્ત પ્રભુને જ શોધતા હોય. એટલું જ નહીં પરંતુ તેમને તીવ્ર અભીપ્સા હોય અને વ્યક્તિને તેનું ભાન પણ ન હોય. ચૈત્ય પુરુષ એવો છે અને તે ત્યાં કાયમ હાજર હોય જ છે. પણ વ્યક્તિ ભાગ્યે જ તેના વિશે સચેતન બને છે. તે એટલો બધો ઢંકાયેલો હોય છે, તમે સમજ્યા. મેં થોડા વખત પહેલાં જ બહારના કોચલાની વાત કરી છે. તે ખરેખર કોચલા જેવું જ છે. તે કાંઈક સખત, જાડી અપારદર્શક વસ્તુ છે અને કોઈ આંદોલનને પસાર થવા દેતું નથી. વ્યક્તિ આની અંદર એટલી બધી સતત રીતે રહે છે કે તેને ભાન પણ હોતું નથી, કે ત્યાં કાંઈક બીજું છે. ખરેખર ત્યાં આપણા સ્વરૂપના ઊંડાણમાં – તે હોય છે, ખાસ કરીને જેઓ માટે પૂર્વ નિર્માણ થયેલું હોય છે – તે સમજી લેવાનું – તેમ છતાં એક સત્-તા જે વ્યક્તિના નિર્માણ ઉપર પ્રમુખ સ્થાન રાખે છે, જે પ્રભુ માટે ઐક્ય સાધવા અભીપ્સા રાખે છે એટલું જ નહીં પરંતુ જેનામાં જીવનના સંજોગો ઉપર શાસન ચલાવવાની શક્તિ છે અને હકીકતમાં તેમને વ્યવસ્થિત ગોઠવે છે. પછી ભલે એક બાહ્ય સંકલ્પ વારંવાર બળવો પુકારતો હોય અને આ સંજોગો તેને ન જોઈતા હોય છતાં, આ આંતર-ચેતના – જેને સ્પષ્ટ દર્શન હોય છે – તેણે આ વસ્તુઓને ગોઠવી રાખી હોય છે. અને ઘણા વખત પછીથી માણસને ભાન થાય છે કે આ બધું અદ્ભુત રીતે ગોઠવાયેલું હતું, એક સ્પષ્ટ પૂર્ણ દૃષ્ટિથી, તેને દોરવા માટે. તેને કયાં જવાનું હતું તેને માટે એ કેટલું બધું જરૂરી હતું !

ઘણી વખત તમે જે વસ્તુઓને અકસ્માત તરીકે અને કમનસીબીઓ અથવા કરુણાંતિકાઓ અથવા ભાગ્યના ફટકાઓ અથવા વિરોધી બળો તરીકે ગણો છો; તે આ બધું જ, લગભગ બધું જ, કોઈ પણ અપવાદ સિવાય, પહેલેથી જ અદ્‌ભુત વિચક્ષણ રીતે આશ્ચર્યપૂર્ણ યોજના ઘડાયેલી હોય છે જેથી કરીને તમે ટૂંકામાં ટૂંકા રસ્તાથી તમારે જ્યાં જવાનું હોય ત્યાં તે તમને દોરી જાય છે.

આ વસ્તુ કોઈ કાયમ અનિવાર્ય નથી કારણ કે તે વસ્તુ વ્યક્તિની આજુબાજુ, ચારે બાજુના સંજોગોની અગત્ય અને તેના સંબંધમાં વ્યક્તિની અગત્ય, તેના ઉપર આધાર રાખે છે. તેથી મેં શરૂઆતમાં કહ્યું : દરેક પૂર્ણ નિર્ણિત સ્વરૂપ. હું 'પૂર્વ નિર્મિત'નો અર્થ એ રીતે કરું છું કે તે સ્વરૂપ એવું છે જે અમુક પ્રકારનું વિશિષ્ટ કાર્ય લઈને પૃથ્વી ઉપર આવેલ છે અને સ્વાભાવિક રીતે જ તેને સિદ્ધ કરવાનું છે. તે ઘણું નમ્ર કાર્ય પણ હોઈ શકે પણ તે ચોક્કસ પ્રકારનું હોય છે જેને આ પૃથ્વી ઉપર સિદ્ધ કરવાનું હોય છે.... તેનું જીવન આ રીતે ગોઠવાયેલું હોય છે. પરંતુ સાડી નવ્વાણું ટકા લોકો આ વિશે સભાન હોતા નથી અને તેથી તેઓ બંડ પુકારે છે અથવા રોદણાં રડે છે અથવા.... અને પછીથી, સૌથી વધારામાં તો, તેઓ પોતાની જાતની ખૂબ દયા ખાય છે અને તેમની તકલીફો વિશે ફરિયાદો કરતા હોય છે, તેમનાં દુઃખો વિશે, તેમનાં દર્દો વિશે, અને તેમને પંપાળે છે : "અહો, મારો બિચારો નાનકો, તું કેટલો બધો દુઃખી છો !" પરંતુ તેમના આંતર સ્વરૂપે આ બધું કરેલું છે.

તો આપણે આ સ્થિતિમાં છીએ.

ચાલો, આવજો, મારાં બાળકો.

૩ નવેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૨, "શ્રદ્ધા-અભીપ્સા--સમર્પણ" ઉપર આધારિત છે.

"આ યોગમાં બધું જ વ્યક્તિ દિવ્ય શક્તિ પ્રત્યે ખુલ્લી થઈ શકે છે કે નહીં તેના ઉપર આધાર રાખે છે. જો તેનામાં અભીપ્સાની એક સચ્ચાઈ હશે, અને બધા જ વિરોધો હોવા છતાં એક ઉચ્ચતર ચેતના પ્રાપ્ત કરવાની ધૈર્યપુકત સંકલ્પશક્તિ હશે, તો એક યા બીજા પ્રકારનું ખુલ્લાપણું ચોક્કસ આવશે."

"એક યા બીજા પ્રકારનું ખુલ્લાપણું ચોક્કસ આવશે" – ઘણી જાતનાં ખુલ્લાપણાં હોય છે ?

ઓહ, હા ! સૌથી પ્રથમ તો આપણા સ્વરૂપના જુદા જુદા ભાગો હોય છે અને તે દરેક તેની પોતાની રીતે ખુલ્લો થઈ શકે છે, તમે સમજ્યા; મનોમય ખુલ્લાપણું અને પ્રાણમય ખુલ્લાપણું, ઘણી જુદી જુદી જાતનાં હોય છે અને શારીરિક ખુલ્લાપણું તો તેનાથી પણ ઘણું જુદું હોય છે.

શારીરિક ખુલ્લાપણું એટલે શું ?

એટલે જ્યારે સ્થૂલ શરીર દિવ્ય શક્તિની અસર નીચે ખુલ્લું થાય છે અને દિવ્ય બળોને ગ્રહણ કરે છે.

દા. ત. તમે સમજો, એક ક્ષણ એવી આવે છે જ્યારે દિવ્ય બળો આવે છે અને શરીરના બધા કોષોમાં આરપાર નીકળી જાય છે. શરૂઆત કરીએ તો એ શારીરિક ચેતના છે, શરીરની ચેતના, જે સૌથી પ્રથમ પ્રભુની અસર નીચે ખુલ્લી થાય છે અને સમજે છે. તેને બીજું કાંઈ પણ જોઈતું નથી સિવાય કે આ વસ્તુ, દિવ્ય પ્રભુની હાજરી, દિવ્ય અસર. શરીરની પણ લાગણીઓ હોય છે, અને શરીરના પોતાના કોષોમાં પણ, બળને ગ્રહણ કરવા માટે ખુલ્લા થવાની શકયતા છે. દા.ત. જ્યારે કોઈ ચોક્કસ ક્ષણ આવે છે ત્યારે વ્યક્તિને એક ઘણું તીવ્ર આંદોલન અસર કરે છે અને આખા શરીરમાં ફરી વળે છે અને તે વખતે વ્યક્તિ બલથી, એક ઓચિંતી શક્તિથી અને ચેતનાથી ભરાઈ ગઈ હોય છે એવું અનુભવે છે અને બધી જ

વસ્તુઓ સ્પષ્ટ અને પ્રત્યક્ષ દેખાય એવી થઈ જાય છે અને તે શરીરનું ખુલ્લા-પણું હોય છે; તે ત્યારે થાય છે જ્યારે શરીર જાણે છે, તમે સમજ્યા, અને દિવ્ય શક્તિની અસર પ્રત્યે ખુલ્લા થવામાં સફળ થયું હોય છે.

માતાજી, હૃદયમાં એકાગ્રતા કરવી એ કેમ વધારે સારું છે?*

તેઓ અહીં કહે છે કે તે વધારે સહેલું છે. કેટલાક લોકો માટે તે વધારે મુશ્કેલ છે; તે માણસની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. પરંતુ તે વધારે સારું છે. કારણ કે જો તમે ત્યાં એકાગ્રતા કરો, પૂરતા ઊંડાણમાં, તો તમે ત્યાં તમે ચૈતસિક પુરુષના સંપર્કમાં પહેલી વખતે જ આવો; જ્યારે તમે મસ્તકમાં એકાગ્રતા કરો, તો પછી તમારે મસ્તક ઉપરથી હૃદયમાં જવું પડે જેથી તમે ચૈત્ય પુરુષની સાથે તદ્રૂપતા સાધી શકો. અને તમારી શક્તિઓનું સંવરણ કરીને એકાગ્રતા કરો, સ્વરૂપના આ કેન્દ્રમાં, તો તે અહીં વધારે સારું છે, કારણ કે આ કેન્દ્રમાં સ્વરૂપના આ પ્રદેશમાં, તમે પ્રગતિ કરવાની સંકલ્પશક્તિ શોધી શકશો, વિશુદ્ધિનું બલ અને સૌથી તીવ્ર અને અસરકારક અભીપ્સા. મસ્તકમાંથી જે અભીપ્સા આવે તેના કરતાં હૃદયમાંથી આવતી અભીપ્સા વધારે અસરકારક હોય છે.

> **"દિવ્ય શક્તિના બલને મદદ માટે નીચે ઉતારવા માટે એક સંકલ્પશક્તિ અને અભીપ્સાની જરૂર છે. અને પોતાના સ્વરૂપને તેના પક્ષમાં રાખવા માટે આ બન્ને વસ્તુઓ નિમ્ન બલો સાથે વ્યવહાર કરવામાં ખાસ જરૂરી છે." "પોતાના સ્વરૂપને તેના પક્ષમાં રહેવા માટે" તેનો અર્થ શો?**

"તેના પક્ષમાં રહેવા માટે" — તે છે, દા. ત. — તમે સમજો, કાંઈક એક બાજુએ છે — કઈ રીતે સમજાવું?.... એક લશ્કરનો દાખલો લો, દિવ્ય બળોનું એક લશ્કર, અને બીજી બાજુએ સામાન્ય પ્રકૃતિનાં બળોનું લશ્કર; એટલે આ પક્ષમાં રહેવું કે પેલા પક્ષમાં, તેનો અર્થ તે પ્રમાણે થાય.

તમે સમજતા નથી? એટલે કે, આ પક્ષમાં રહેવું, આની સાથે જોડાવું કે પેલા પક્ષમાં: જો હું દિવ્ય બળોના લશ્કર સાથે જોડાઉં તો હું તેમની સાથે જોડાઉં છું, જેઓ દિવ્ય બળોને માટે લશ્કરની માફક લડતા હોય; જો હું મારી જાતને

---

* આ યોગમાં બીજી કોઈ પણ પદ્ધતિ નથી, સિવાય કે એકાગ્રતા કરવી, અને હૃદયના કેન્દ્રમાં કરવી એ વધારે સારું છે અને ભગવતી મા ની હાજરી અને શક્તિને સાદ કરવો કે તે સ્વરૂપને હાથમાં લે અને તે તેની શક્તિ અને કાર્યથી ચેતનાનું રૂપાંતર કરે; વ્યક્તિ મસ્તકમાં અથવા ભ્રૂકુટિની વચ્ચે પણ એકાગ્રતા કરી શકે છે; પરંતુ ઘણાને માટે તે કેન્દ્રોને ખુલ્લા કરવાં અતિશય મુશ્કેલ હોય છે.

જીવનનાં સામાન્ય પ્રાણિક બળોના પક્ષની બાજુએ મારી જાતને મૂકું છું અને હું એ બાજુએ જોઉં છું અને બીજાઓને છોડી દઉં છું તો હું તે બાજુએ ચાલી જાઉં છું.

મધુર માતાજી, "અહંની ગ્રંથિનો અર્થ શો?"

ગ્રંથિ? અહો! એ એક પ્રતીક છે. તમે સમજો. પરંતુ તે કોઈક એવી વસ્તુ છે જે તમને વળગી રહી છે અને તમને એક મજબૂત દોરડાની ગાંઠની માફક સખત પકડી રાખે છે. એટલે એમ કાયમ કહેવાય છે કે, તમારી સાચી પ્રગતિ માટે પહેલી વસ્તુ એ છે કે તમારા અહંની ગ્રંથિને કાપી નાખવી. એ ઘણું સૂચક છે અને તેનું સુંદર પ્રતીક બનાવે છે. ખરું ને? – વ્યક્તિ બંધાયેલી હોય છે, વ્યક્તિ પોતાની જાતમાં પુરાયેલી હોય છે. જાણે કે કેદમાં પુરાયેલી હોય! તમારા સ્વરૂપના બધા ભાગોની સાથે બાંધેલી ગાંઠો વડે, તે બંધાયેલો હોય છે. આ તે વસ્તુ છે જે એકતા પેદા કરે છે, પરંતુ તે જ વખતે તે એક મર્યાદા હોય છે. એક બાંધતી રેખા. તમારે જે જે બળોને ગ્રહણ કરવાં હોય તેમને તમે ગ્રહણ કરી શકો નહીં, કારણ કે જે દોરડું તમને બાંધે છે તેમાં રહેલી ઢગલાબંધ ગાંઠોથી બનેલા કોચલામાં તમે પુરાયેલા હો છો.

મધુર માતાજી, આપણે અહંની ગ્રંથિ કઈ રીતે કાપી શકીએ?

તેને કઈ રીતે કાપવી! એક તલવાર લે અને ઘા માર. (હાસ્ય), જ્યારે વ્યક્તિ તેના વિશે સભાન બને છે ત્યારે કારણ કે ઘણે ભાગે વ્યક્તિ સભાન હોતી નથી; આપણને લાગે છે કે જે આપણી સાથે બને છે એ બધું સહજ રીતે બને છે. અને હકીકતમાં તે ઘણું સામાન્ય હોય છે. પરંતુ આપણે તેને ઘણું સાદું ગણીએ છીએ. એટલે શરૂઆત કરવા માટે વ્યક્તિને ખૂબ સ્પષ્ટ દૃષ્ટિ જોઈએ જેથી કરીને તે સભાન બની શકે કે આ જે બધી ગ્રંથિઓ જે બંધનમાં પકડી રાખે છે તેમાં પુરાયેલા છે, અને જ્યારે વ્યક્તિ સભાન બની શકે છે કે કોઈક વસ્તુ એવી છે જે ખૂબ બંધાયેલી અને પુરાયેલી છે – એટલી બધી સખત રીતે કે તેને ખસેડવા માટે વ્યક્તિએ નિષ્ફળ પ્રયત્ન કર્યો છે – ત્યાર પછી તે પોતાની સંકલ્પશક્તિને ખૂબ તીક્ષ્ણ તલવારની ધારની કલ્પના કરે છે અને પોતાની પૂરી તાકાતથી તે આ ગ્રંથિ ઉપર ઘા મારે છે. (કાલ્પનિક રીતે, ચોક્કસ, માણસને હકીકતમાં તલવાર લેવી પડતી નથી), અને આ વસ્તુ પરિણામ લાવે છે, હકીકતમાં તમે આ કાર્ય માનસશાસ્ત્રના દૃષ્ટિબિંદુથી પણ કરી શકો છો, આ ગ્રંથિની બધા તત્ત્વોની શોધ કરીને, બધાં જ વિરોધોનું જૂથ, ટેવો, રાગ અને દ્વેષો, બધી વસ્તુની, જે તમને બહુ સાંકડી રીતે બંધનમાં નાખીને પકડી રાખે છે, તેથી જ્યારે તમે આ વસ્તુ વિશે સભાન બનો છો ત્યારે તમે એકાગ્રતા કરી શકો છો. અને

દિવ્ય શક્તિનું અને પ્રભુકૃપાનું આહ્વાન કરી શકો છો અને આ બધી વસ્તુઓ એટલી બધી બંધાયેલી છે, કે કોઈ વસ્તુ તેમને છૂટા પાડી શકે નહીં. અને તે ક્ષણે તમારે નિશ્ચય કરવો જોઈએ કે તમે આ વસ્તુઓ પ્રત્યે હવેથી ધ્યાન નહિ આપો અને ફક્ત દિવ્ય ચેતના તરફ જ ધ્યાન આપશો, અને દિવ્ય પ્રભુના કાર્ય સિવાય બીજું કોઈ પણ કાર્ય નહીં કરો. અંગત પરિણામો વિશે ચિંતા કર્યા સિવાય બધી જ આસક્તિઓથી મુક્ત, બધા રાગદ્વેષોથી મુક્ત, બધી સફળતાઓની ઈચ્છાઓમાંથી મુક્ત, શક્તિ, સંતોષ, મિથ્યાભિમાની, આ બધું જ .... આ બધી જ વસ્તુઓ અદૃશ્ય થવી જોઈએ અને તમારી સંકલ્પશક્તિમાં પ્રભુની શક્તિ સાકાર પામેલી હોવી જોઈએ અને તમારી પાસે કાર્ય કરાવતી હોવી જોઈએ, પછીથી, આ રીતે તમે સાજા થઈ જશો.

માતાજી, માણસ કઈ રીતે પોતાની સંકલ્પશક્તિને મજબૂત બનાવી શકે?

ઓહ, જે રીતે માણસ પોતાના સ્નાયુઓને એક પદ્ધતિસરની કસરતથી મજબૂત બનાવે છે તે રીતે. તમે એક નાની વસ્તુ લો, તમારે જે વસ્તુ કરવી હોય તે અથવા ન કરવી હોય તે. નાની વસ્તુથી શરૂઆત કરો, તમારી જાત માટે બહુ અગત્યની નહીં એવી વસ્તુ, પણ નાની વિગત. અને પછી જો, દા.ત, તમને તે કરવાની ટેવ હશે તો તમે તેવી નિયમિતતાથી ચાલુ રાખો, તમે સમજ્યા, તેને નહીં કરવાની અથવા કરવાની — તમે તેના પર ખાસ ભાર મૂકો અને તમારી જાતને તે કરવા માટે ફરજ પાડો, જેવી રીતે તમારી જાતને વજન ઊંચકવાની ટેવ પાડો છો તે મુજબ – તે બન્ને વસ્તુ એક જ છે. તમે તે પ્રકારનો જ પ્રયત્ન કરો, પરંતુ તે વધારે પ્રકારનો આંતરિક પ્રયત્ન હોય છે. અને આવી રીતે નાની નાની વસ્તુઓ લીધા પછી – સાપેક્ષ રીતે સહેલી વસ્તુ, તને જાણો છો — આ વસ્તુઓ લઈને અને તેમની સાથે સફળતા પ્રાપ્ત કરીને, તમે મહાન શક્તિને એકત્રિત કરીને એક વધારે જટિલ પ્રયોગનો પ્રયત્ન કરો, અને ધીરે ધીરે, જો તમે આ વસ્તુને નિયમિત કરશો, તો તમે એક સ્વતંત્ર અને ખૂબ મજબૂત સંકલ્પશક્તિ, અંતે પ્રાપ્ત કરશો.

મધુર માતાજી, એક મનોમય અથવા પ્રાણમય એવી જુદી જુદી જાતની અભીપ્સાઓ હોય છે?

હા, તમારા સ્વરૂપના દરેક ભાગને તેની પોતાની અભીપ્સા હોય છે, જે અભીપ્સાવાળા ભાગની પ્રકૃતિ હોય છે તે પ્રમાણે. એક શારીરિક અભીપ્સા પણ હોય છે; શરીર કરી શકે છે.... શરીરના કોષો રૂપાંતર કયા પ્રકારનું થશે તે સમજી શકે છે અને તેમની પૂર્ણ તાકાતથી, તેમની પૂર્ણ તાકાતથી, તેમનામાં જેવી હોય છે તેનાથી, તેઓ આ રૂપાંતર માટે અભીપ્સા કરી શકે છે. શરીરના કોષો પણ – કેન્દ્ર-

વર્તી સંકલ્પશક્તિ નહીં, વિચાર કે લાગણી પણ નહીં – શરીરના કોષો શક્તિને ગ્રહણ કરવા માટે આ રીતે ખુલ્લા થાય છે.

ચૈત્ય પુરુષ હૃદયમાં હોય છે ?

શારીરિક હૃદયમાં નહીં, તે અવયવમાં નહીં. તે ચતુર્થ પરિમાણમાં હોય છે, એક આંતરિક પરિમાણ. પણ તે તે પ્રદેશમાં હોય છે, તે પ્રદેશ હૃત્-ચક્રની પાછળ હોય છે, માણસ તેને સહેલાઈથી શોધી શકે છે. ચૈત્ય પુરુષ આપણા શારીરિક પુરુષના સંબંધમાં ચતુર્થ પરિમાણમાં હોય છે.

એક 'અભાવાત્મક નિર્વાણ'નો શો અર્થ ?

નકારાત્મક નિર્વાણ ? તે આજના પાઠમાં નથી.

અભાવાત્મક નિર્વાણ એટલે સીધું સાદું નિર્વાણ જેમાં કાંઈ રચનાત્મક હોતું નથી. તેનો અર્થ એક શૂન્ય જેમાં નિશ્ચયાત્મક કાંઈ નથી. એક કેવળ શૂન્ય.

આપણે આ સ્થિતિમાં છીએ, મારાં બાળકો ! એટલું બસ છે. (માતાજી વિશ્વનાથ તરફ ફરે છે જે ટેપ રેકોર્ડર સાથે વ્યસ્ત છે અને તેને પૂછે છે) તારે કોઈ પ્રશ્ન છે ? (હાસ્ય) તારે કોઈ પ્રશ્ન પૂછવો છે ? પૂછ, પૂછ, તારો પ્રશ્ન પૂછ ! (હાસ્ય) એ કયો પ્રશ્ન છે ? એટલું બસ છે.

૧૦ નવેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૨, "શ્રદ્ધા-અભીપ્સા-સમર્પણ" ઉપર આધારિત છે.

આનો બરાબર અર્થ શું ? "યોગમાં આંતરિક વિજયમાંથી બાહ્ય વિજય આવે છે."

હા, પ્રથમ તો તમારે સાચી ચેતનાને પ્રાપ્ત કરવાની છે. પ્રભુની સાથે સંપર્ક સાધવાનો છે અને તમારાં કાર્યો ઉપર તેનું શાસન ચાલવા દેવાનું છે; અને પછીથી તમે બાહ્ય સંજોગો ઉપર કાર્ય કરી શકો છો, બાહ્ય કર્મો અને બાહ્ય બધી મુશ્કેલીઓ ઉપર વિજય મેળવી શકો છો. કાંઈક બાહ્ય વસ્તુ [ ]* શક્તિમાન બનવાની આશા રાખતાં પહેલાં તમને આંતર અનુભવ હોવો જ જોઈએ. હકીકતમાં દરેક વસ્તુનો પાયો દિવ્ય ચેતનાની સભાનતા ઉપર રચાયેલો હોય છે, અને જ્યાં સુધી આ પ્રમાણે કરવામાં નથી આવતું ત્યાં સુધી બાકીનું બધું અચોક્કસ હોય છે. કોઈ વસ્તુની કાયમી સ્થાપના થતી નથી. માણસ સચેતન બને પછીથી જ આ માર્ગ ઉપર ઝડપથી અને અભય રીતે જોઈ શકે છે, નહિ તો ખોટા માર્ગ ઉપર ચાલીને વ્યક્તિ કાયમ ભૂલો કરવાનું જોખમ લે છે.

મધુર માતાજી, "ચૈતસિક આરામ"નો અર્થ શો ?

ચૈતસિક આરામ એટલે તે ચૈતસિક પુરુષનો આરામ, જે આ હકીકતમાંથી આવે છે, તે ચૈતસિક પુરુષ. જે સ્વરૂપની ગતિઓનું શાસન કરે છે, તેનો ચૈતસિક પુરુષ કાયમ આરામમાં જ હોય છે તેથી તે જ્યારે સક્રિય બને છે અને સ્વરૂપનું શાસન કરે છે ત્યારે તે અનિવાર્ય રીતે સમતુલા લાવે છે.

માતાજી, છેલ્લી વખતે આપણે વાંચ્યું, "તમારી પ્રકૃતિમાં જે કોઈ દોષ હોય તેના માટે કાંઈ વાંધો નથી. જે વસ્તુ મહત્ત્વની છે તે એ છે કે તમારે તમારી જાતને દિવ્ય શક્તિની પ્રત્યે ખુલ્લી રાખવી જોઈએ." માતાજી, જો કોઈ વ્યકિતમાં ખામીઓ હોય તો તે દિવ્ય શક્તિઓ પ્રત્યે કઈ રીતે ખુલ્લો થઈ શકે ?

---

* મૂળ પ્રતમાં શબ્દ નથી.

હું માનું છું કે દરેક માણસમાં દોષો હોય છે જ તેથી ખુલ્લા થવા માટે કોઈ પણ દોષ વગરના હોવું એ જો જરૂરિયાત હોત તો કોઈ પણ વ્યક્તિ ખુલ્લી થઈ શકે નહીં. માણસમાં કાયમ દોષો હોય છે. શરૂઆતમાં કોઈ પણ વ્યક્તિ એક જ ટુકડાની બનેલી હોતી નથી. આ મુખ્ય કારણ છે. સ્વરૂપમાં ઘણા જુદા જુદા ભાગો હોય છે; જેઓ કેટલીક વખત એકબીજાથી સાવ સ્વતંત્ર હોય છે અને ચેતનાને લગભગ વારાફરતી ગ્રહણ કરે છે, અને કેટલીક વખત બિલકુલ નિયમિત ક્રમમાં, તેથી સ્વરૂપના કોઈ એક ભાગમાં શુભ સંકલ્પ હોય અને એક પ્રકારનું દર્શન હોય કે દિવ્ય શક્તિ શું છે, તમે સમજ્યા, તો આગ સ્વરૂપને ખુલ્લો કરે છે અને તેને આ શક્તિના સંપર્કમાં મૂકી આપે છે પરંતુ તે કાયમ ત્યાં જ હોતી નથી. બીજા ભાગો પણ હોય છે જે આગળ આવે છે, જેમનામાં દોષો હોય છે, ખરાબ ટેવો અને તેઓ ચેતનાને પૂરેપૂરી રીતે ઢાંકી દે છે પરંતુ જો કોઈ ખુલ્લા થયેલા ભાગને સ્મૃતિમાં રાખે તો તે વ્યકિત તેમ છતાં તે જ રીતે ખુલ્લાપણું રાખી શકે છે, જો કે બાહ્ય રીતે જે ભાગ સક્રિય હોય છે તેને ખાસ તેમાં રસ નથી હોતો. તેમજ તે સમજી પણ શકતો નથી, પરંતુ બીજો ભાગ ખુલ્લો થવાનું ચાલુ રાખી શકે છે અને શક્તિને ગ્રહણ કરે છે.

માણસને અભીપ્સા દ્વારા શ્રદ્ધા બેસી શકે?

શું અભીપ્સા દ્વારા શ્રદ્ધા? હું તે પ્રમાણે માનું છું. કારણ કે સાહજિક રીતે શ્રદ્ધા સહિત જન્મવું તે વિરલ વસ્તુ છે. ઘણા ઓછા માણસો સાહજિક શ્રદ્ધા હોવા માટે ભાગ્યશાળી હોય છે. પરંતુ જો કોઈ અભીપ્સામાં સાચ-દિલ હોય તો તે શ્રદ્ધા પ્રાપ્ત કરી શકે છે. જો અભીપ્સા સચ્ચાઈભરી અને સતત ચાલુ હોય તો તે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરી શકે છે. દરેકમાં શ્રદ્ધાનું એક નાનું તત્ત્વ હોય છે જ. પછી ભલે તે એનાં માતા-પિતાએ કહેલી વસ્તુ હોય, અથવા તેણે જે પુસ્તકોનો અભ્યાસ કર્યો હોય તેમાંથી હોય. છેવટે તો તમારું બધું જ શિક્ષણ આ પ્રકારની શ્રદ્ધાના પાયા ઉપર જ રચાયેલું છે. જેમણે તમને ભણાવ્યા તેમણે કેટલીક વસ્તુઓ કહી છે. ચકાસણી કરવાનાં તમારી પાસે સાધનો ન હોય કારણ કે તમે ઘણા નાના હતા અને તમને અનુભવ પણ ન હતો. પરંતુ તેમણે જે કહ્યું તેમાં તમને શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા ઉપર તમે ચાલ્યા જાઓ છો અને તેથી દરેકમાં શ્રદ્ધાનો એક નાનો એવો ટુકડો હોય છે જ, અને તેનો વિકાસ કરવા માટે વ્યકિત અભીપ્સા કરી શકે છે.

માતાજી, તમારા પ્રતીકમાં બાર પાંખડીઓ, બાર આંતર ભૂમિકાઓનું સૂચન કરે છે, ખરું ને?

તમારે જેની જરૂર હોય તે દરેક વસ્તુનું સૂચન કરે છે, સમજ્યા ? બાર – તે અદિતિની, મહાશક્તિની સંખ્યા છે તેથી તે દરેક વસ્તુને લાગુ પડે છે, તેનાં બધાં જ કાર્યોનાં બાર પાસાંઓ હોય છે. તેના બાર સદ્‌ગુણો પણ છે, તેની બાર શક્તિઓ, તેનાં બાર પાસાંઓ અને પછી તેની અભિવ્યક્તિની બાર ભૂમિકાઓ અને બીજી ઘણી બધી બાર વસ્તુઓ; અને પ્રતીક માટે તો બાર સંખ્યા પોતે જ પ્રતીક શક્તિઓ, તેના બાર પ્રાસાંઓ અને પછી તેની અભિવ્યક્તિની બારભૂમિકાઓ અને છે. તે આવિર્ભાવ, ટ્રિદલ પૂર્ણતા, તત્ત્વમાં અને આવિર્ભાવમાં, સર્જનમાં છે, તેનું પ્રતીક છે.

મહાશક્તિનાં બાર પાસાંઓ કયાં મધુર માતાજી ?

આહ, મારા દીકરા, આ વસ્તુનું મેં કોઈ જગાએ વર્ણન કર્યું છે પરંતુ મને અત્યારે તે યાદ નથી. કારણ કે તે એક પસંદગી છે, તું સમજ્યો, જે રીતે વ્યક્તિને કહેવું હોય તે રીતે, આ બાર પાસાંઓને તે પસંદ કરી શકે છે અથવા બીજાં બાર પાસાંઓને, અથવા તેમને બીજાં નામો આપે. એક જ પાસાનું ઘણી બીજી રીતે નામ આપી શકાય. અને તે કોઈ માનસિક પદ્ધતિ પ્રમાણેની નક્કી કરેલી વસ્તુ નથી. (મૌન)

જે દૃષ્ટિકોણથી માણસ સર્જનને જુએ છે, એક દિવસ હું તમને બાર પાસાંઓ વિશે વર્ણન કરી શકું અને પછી બીજે દિવસે, મેં મારા નિરીક્ષણનું કેન્દ્ર બદલ્યું હોય, તો હું બીજાં બારનું વર્ણન કરું, અને તે પણ તેટલાં જ સાચાં હોય.

(વિશ્વનાથને) એ પવન છે જે તોફાન ઉત્પન્ન કરે છે ? તે નાટકના તખ્તાની અસર માટે ઘણું સારું છે.... દગાખોર માણસ રાત્રે ધીમે ધીમે આવે છે.... ખરું ?.... અને આપણે કોઈ ભયંકર કાર્યની રાહ જોઈએ છીએ....

મધુર માતાજી, ચૈતસિક પુરુષ પોતાની સમતા કયારે ગુમાવે છે ?

શું ?.... કદી નહીં.

શા માટે એમ કહેવાય છે કે "ચૈતસિક આરામ જરૂરી છે ?"

હા, આનો અર્થ કે ચૈતસિક આરામ જરૂરી છે. તેનો અર્થ એવો નથી કે ચૈત્ય પુરુષને સમતુલિત થવાનું છે, તેનો અર્થ એ છે કે માણસ ચૈત્ય પુરુષના આરામની અસર નીચે આવવું જરૂરી છે. ચૈત્ય પુરુષ કાયમ સમતુલિત હોય છે. પરંતુ આપણું એ સ્વરૂપ હંમેશાં ચૈત્ય પુરુષની અસર નીચે નથી હોતું જે સમતુલા લાવે છે. ચૈતસિક અસર કાયમ સમતુલા આપે છે. (મૌન)

વ્યકિત કઈ રીતે જાણે કે ચૈત્ય પુરુષ અગ્રભાગે છે ?

મારા બાળક, તે જ્યારે તેમ બને છે ત્યારે માણસ સમજે છે. જ્યાં સુધી વ્યકિત સમજી શકતી નથી કે તે અગ્રભાગે છે તેટલો સમય સુધી તેનો અર્થ એ કે તે અગ્રભાગે આવેલ નથી. આ જાણે કે લોકો તમને પૂછતા હોય, "હું કઈ રીતે જાણું કે હું પ્રભુના સંપર્કમાં છું ?" તે પોતે જ એટલું સાબિત કરવા માટે પૂરતું છે કે તેઓ પ્રભુના સંપર્કમાં નથી કારણ કે જો તેઓ હોય તો તે પ્રશ્ન પૂછી શકે જ નહીં. તે એવી વસ્તુ છે જેને સમજી લેવાય છે. ચૈત્ય પુરુષ માટે પણ તેમ જ છે. જ્યારે ચૈત્ય પુરુષ અગ્રભાગે હોય છે ત્યારે વ્યકિત તે જાણે છે અને તેની શંકા માટે કોઈ શકયતા નથી. પરિણામે વ્યકિત તે પ્રશ્ન પૂછતી જ નથી.

આપણે મન અને પ્રાણને "સ્પષ્ટ ક્ષેત્ર" કયારે બનાવી શકીએ ?

શું બનાવવાનું ? .... હા. તે મુશ્કેલ છે. (હાસ્ય) તે એક મોટું કાર્ય છે. સારું, તે કાયમ તે જ વસ્તુ છે; પ્રથમ તો તમારે સમજી લેવાનું છે – સ્પષ્ટ થવું એટલે શું. પછીથી તમારે અભીપ્સા કરવાની છે અને ધ્યાનપૂર્વક; અને દરેક વખતે જ્યારે કોઈ વસ્તુ અવરોધ કરવા માટે આવે ત્યારે તમારે તેને બાજુએ ખસેડી લેવાની છે, તેને પાછી કાઢવાની અને સ્વીકારવાની નહીં.

મન અને પ્રાણને બહુ ખરાબ ટેવ છે; જ્યારે વ્યકિત અભીપ્સા દ્વારા અનુભૂતિ પ્રાપ્ત કરવામાં સફળ થાય છે, દિવ્ય શકિતના સંપર્કને લઈને, ત્યારે તેઓ તે વસ્તુને પોતાની માલિકીની બનાવવા માટે આગળ દોડી આવે છે, તમે સમજ્યા, પેલા પ્રમાણે (ક્રિયા), જેમ બિલાડી ઉંદર ઉપર કૂદે તેમ અને પછીથી તેઓ તેને પકડી લે છે અને કહે છે, "તે મારા માટે છે." અને પછી મન બધી જ જાતની કલ્પનાઓ અને ચોક્કસાઈઓ અને રચનાઓમાં ફેરવી નાખે છે અને તેમાં ખૂબ ગર્વ લે છે, અને પ્રાણ તેની ઇચ્છા પૂર્ણ કરવા માટે તે શકિતનો ઉપયોગ કરે છે.

એટલે આ વસ્તુના નિવારણ માટે એમ કહેવામાં આવ્યું છે કે તેઓ સ્પષ્ટ હોવાં જોઈએ, સ્થિર, શાંત અને જે શકિત આવિર્ભાવ પામવા માટે પ્રયત્ન કરે છે તેના તરફ ધસી ન જવાં જોઈએ અને તે શકિતને પોતાના અંગત ઉપયોગ માટે સાધન ન બનાવવી જોઈએ. મનને સ્પષ્ટ બનવા માટે નીરવ બનવું પડશે, ઓછામાં ઓછી થોડીક હદ સુધી અને પ્રાણને સ્વચ્છ બનવા માટે તેણે પોતાની ઇચ્છાઓનો ત્યાગ કરવો પડશે, કોઈ ઇચ્છાઓ, આવેગો કે લાંગણીઓ રહિત થવું પડશે. તે એક ખરેખર જરૂરી શરત છે. પાછળથી જો વ્યકિત વિગતોમાં જાય છે ત્યારે તે બેમાંથી કોઈ પણ એકે પોતાની પસંદગીમાં આસકિતઓ અને કોઈ પણ વિચારધારાઓની વિશિષ્ટ જાતની હાજરીઓને તેમાં પ્રવેશવા દેવી જોઈએ નહિ.

મધુર માતાજી, સચ્ચાઈનો બરાબર શો અર્થ ?

સચ્ચાઈની કેટલીક કક્ષાઓ હોય છે. સૌથી પ્રથમ કક્ષા છે, બોલવું કાંઈક અને વિચારવું કાંઈક એવું ન હોવું જોઈએ, માગવી કોઈ વસ્તુ અને ઇચ્છવી બીજી વસ્તુ, એમ ન હોવું જોઈએ. દા. ત. જે વારંવાર બને છે; એમ કહેવું "મારે પ્રગતિ કરવી છે અને મારે દોષોમાંથી મુક્ત થવું છે", અને તે જ વખતે પોતાની ચેતનામાં દોષોને ઉછેરવા અને તેમને સંતાડવાની કાળજી રાખવી, જેથી કરીને કોઈ અંદર વચ્ચે પડે નહિ અને તેમને વિદાય ન કરી દે. આ બહુ સામાન્ય ઘટના છે. આ એક બીજી કક્ષા છે. પ્રથમ કક્ષા એ છે કે જ્યારે કોઈ માગણી કરે છે, દા. ત.. એક મહાન અભીપ્સા હોવાની અને આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવાની અને તે જ સમયે, અને પૂરેપૂરી રીતે વસ્તુઓ કરે છે.... તમને કઈ રીતે સમજાવું – બેશરમ રીતે, આધ્યાત્મિક જીવનથી ઊલટી વસ્તુઓ. આ વસ્તુઓ પણ સચ્ચાઈની એક કક્ષા છે, અથવા ઘણું ખરું બિનસચ્ચાઈની, જે બિલકુલ સ્પષ્ટ છે.

પરંતુ એક બીજી પણ કક્ષા છે જેનું મેં તમારી પાસે હમણાં વર્ણન કર્યું. જે આ પ્રમાણે છે; સ્વરૂપનો એક ભાગ છે જે અભીપ્સા કરે છે અને તે કરે છે અને વિચારે પણ છે, લાગણી પણ અનુભવે છે કે તેને પોતાના દોષો અને અપૂર્ણતાઓમાંથી મુક્ત થવું ઘણું પસંદ છે: અને પછીથી તે જ વખતે બીજા ભાગો આ દોષો અને અપૂર્ણતાઓને સંભાળપૂર્વક સંતાડે છે જેથી કરીને તેઓને ખુલ્લા પડવાની ફરજ ન પડે અને તેમને કાબૂમાં લેવા ન પડે. આ ઘણું સામાન્ય છે.

અને છેવટે જો પૂરતા આગળ ચાલીએ અને વર્ણનમાં આગળ ધપીએ તો જ્યાં સુધી તમારા સ્વરૂપનો એક ભાગ પ્રભુ પ્રત્યેની કેન્દ્રિય અભીપ્સાની વિરુદ્ધમાં હોય, તો વ્યક્તિ પૂરેપૂરી સચ્ચાઈવાળી નથી, એટલે કે પૂરેપૂરી સચ્ચાઈ એ ઘણી વિરલ વસ્તુ છે. અને સામાન્યતયા, વારંવાર માણસની પ્રકૃતિમાં એવી વસ્તુઓ હોય છે જે તેને ગમતી ન હોય તો માણસ તેમને પોતાનાથી ગુપ્ત રાખવા માટે સૌથી વધારે ધ્યાન આપે છે, તે અનુકૂળ સમજૂતીઓ શોધી કાઢે છે અથવા થોડીક આવી ક્રિયા કરે છે (ક્રિયા). તમે ધ્યાન આપ્યું હશે કે જ્યારે વસ્તુઓ આ પ્રમાણે ચાલે ત્યારે તમે તેને બરાબર સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી. સારું, જ્યાં દોષ સ્થાન જમાવી રહેલો છે, ત્યાં એવા પ્રકારનું આંદોલન હોય છે જે આ પ્રમાણે કરે છે, અને તેથી દૃષ્ટિ સ્પષ્ટ હોતી નથી, તમારા દોષોને હવે તમે જોતા નથી. અને આ યાંત્રિક છે. વારુ આ બધી જ બિનસચ્ચાઈઓ છે.

અને પૂર્ણ સચ્ચાઈ ત્યારે આવે છે જ્યારે સ્વરૂપના કેન્દ્રમાં પ્રભુની હાજરીની સભાનતા, પ્રભુની સંકલ્પશક્તિની સચેતનતા હોય છે અને જ્યારે સમગ્ર સ્વરૂપ,

એક સમગ્ર તેજસ્વી અને પારદર્શક રીતે આ બધી વિગતોમાં તેની અભિવ્યકિત કરે છે. આ ખરેખર સાચી સચ્ચાઈ છે.

જ્યારે કોઈ પણ ક્ષણે, જે કાંઈ બને ત્યારે સ્વરૂપ પોતાની જાતનું પ્રભુને અર્પણ કરે છે અને ફક્ત પ્રભુની જ સંકલ્પશકિતની તેને જરૂર લાગે છે અને સ્વરૂપમાં ગમે તે વસ્તુ ચાલી રહી હોય, તે જ ક્ષણે, ગમે તે કાયમ આખું સ્વરૂપ પૂર્ણ ઐકયમાં પ્રભુને કહી શકે કે પ્રભુને અનુભવી શકે, "તારી સંકલ્પશકિત સિદ્ધ થાઓ", જ્યારે તે સાહજિક, સંપૂર્ણ અને પૂર્ણ રીતે કહી શકે, તો જ તમે સચ્ચાઈવાળા હોઈ શકો. પરંતુ જ્યાં સુધી આ વસ્તુનું સ્થાપન થયું નથી, ત્યાં સુધી એ મિશ્રાણવાળી સચ્ચાઈ છે, વધારે કે ઓછી મિશ્રાણવાળી, એટલી હદ સુધી જ્યાં માણસ બિલકુલ સચ્ચાઈવાળો હોતો નથી.

> મધુર માતાજી, અહીં લખ્યું છે, "અંગત પ્રયત્નનું ક્રમે ક્રમે રૂપાંતર કરીને ક્રમે ક્રમે દિવ્ય શકિતની ગતિમાં તેને ફેરવવાનો છે, જો તમે પ્રભુની શકિત વિશે સચેતન બનો, તો તમારા પ્રયત્ન ઉપર શાસન કરવા માટે તેનું વધારે ને વધારે આહ્વાન કરો કે તે તેને હાથમાં લઈ લે અને તેને તમારો પોતાનો નહિ પરંતુ ભગવતી માના પ્રયત્નમાં જ રૂપાંતર કરે એવો સાદ કરો." પરંતુ જો કોઈ દિવ્ય શકિત વિશે સચેતન ન હોય તો?

તમારે સચેતન બનવું જ જોઈએ. અભીપ્સા કરો, માગો, સાચા દિલથી અભીપ્સા કરો, તમે સમજો, સામાન્ય રીતે કહીએ તો, તમે અહીં છો, આપણો આ વર્ગ છે, આપણે હમણાં જ કાંઈક વાંચ્યું, તમારે પ્રશ્નો પૂછવાના છે; જ્યાં સુધી તમે અહીં છો ત્યાં સુધી તમે પ્રશ્નો પૂછો છો અને વિષય વિશે વિચાર કરો છો. પણ જેવા તમે અહીંથી બહાર જાઓ છો, અથવા ઘરે જાઓ છો, તમે બીજી હજાર વસ્તુઓ વિશે વિચાર કરો છો, કરો છો કે નહિ? તેથી કઈ રીતે તમે અપેક્ષા રાખી શકો કે તમે દિવ્ય શકિત વિશે સભાન બનશો? આપણે ભાગ્યે જ અહીં અર્ધો કલાક હોઈએ છીએ, તે કાંઈ દિવ્ય શકિત માટે સચેતન બનવા બહુ લાંબો સમય નથી.

પરંતુ જો તમારો સમગ્ર વ્યવસાય જ તે હોય, જો ખરેખર તમારા સમગ્ર સ્વરૂપ સહિત, તમારે દિવ્ય શકિત વિશે સભાન બનવું હોય તો તમે તે વસ્તુ કરી શકો. તમે તેમ કરી શકો નહિ, કારણ કે તમે વખતોવખત તેના વિશે વિચાર કરો છો; જ્યારે વિષય તમારી પાસે આવે છે ત્યારે તમે પૂછો છો, "કેમ, એ સાચું છે? હું તે કઈ રીતે કરી શકું", અને પછીથી બીજી જ મિનિટે તમે તેના વિશે વધારે વિચાર કરતા નથી. તેથી તમે આ વસ્તુ બને એમ કેમ ધારી શકો? તમારે ખૂબ

ધ્યાનમગ્ન રહેવું જોઈએ. તમારે ખૂબ નીરવ થવું જોઈએ. તમારે ખૂબ સ્પષ્ટ રીતે નિરીક્ષણ કરવું જોઈએ. તમારે ખૂબ નમ્ર બનવું જોઈએ એટલે કે આ બધી વાતમાં મહાન ભાગ ભજવવા માટે ઈચ્છુક ન રહેવું જોઈએ. કમનસીબ એ છે કે ઘણે ભાગે યા તો પ્રાણિક પુરુષ અથવા મનોમય પુરુષ અથવા તો શારીરિક પુરુષ ભાગ ભજવવા ખૂબ ઉત્સુક હોય છે, ખૂબ ઉત્સુક તેથી તે ફાલી-ફૂલી જાય છે, ખૂબ મોટી જગા રોકે છે અને બાકીનું બધું આવરી લે છે; અને તે એટલું સારી રીતે ઢાંકી દે છે કે વ્યકિત દિવ્ય હાજરીની વિશે સભાન પણ બની શકતી નથી કારણ કે અન્નમય શરીરની, પ્રાણની અને મનની અંગત ગતિઓ બધી વસ્તુઓ ઉપર તેમની પોતાની અગત્યથી છવાઈ જાય છે.

સાંભળો : દરરોજ સાંજે ઊંઘતાં પહેલાં તમે ફકત એક નાની મિનિટ લઈ લો, તે પ્રમાણે, અને આ નાની મિનિટમાં, તમારી પૂરી એકાગ્રતાથી દિવ્ય શકિત વિશે સભાન બનવા માટે તમારે માગવું. શકય હોય, ફકત તેની માફક, વધારે કાંઈ નહીં; જ્યારે સવારે તમે ઊઠો ત્યારે, તમારા દિવસની શરૂઆતમાં તમે આ જ વસ્તુ કરો, એક મિનિટ બને તેટલા એકાગ્ર બનો, દિવ્ય શકિત પ્રત્યે સભાન બનવા માટે તમારી જાત પાસે માગણી કરો, તો તમે થોડા સમય પછી જોશો કે તે બનશે. બીજું કાંઈ કરવાનું નહીં, પણ આ નાની વસ્તુઓ, જે કાંઈ પણ નથી અને કોઈ સમય પણ લેતી નથી.

એક દિવસે તે બનશે. ફકત તમારે તે એકાગ્રતાથી, તીવ્રતાથી અને સાચા હૃદયથી કરવું પડશે; એટલે કે એમ ન બનવું જોઈએ કે જ્યારે આ વસ્તુ વિશે માગણી કરો છો ત્યારે તમારા સ્વરૂપનો બીજો ભાગ પોતાની જાતને એમ કહે, "છેવટે તો આની કોઈ અગત્ય નથી." અથવા એમ બને કે તમે બીજી વસ્તુ વિશે વિચાર કરતા હો, તમે કયાં કપડાં પહેરવાના છો, અથવા કયા માણસને તમે મળવાના છો, બીજું ગમે તો, એક હજાર ઈચ્છાઓ. તમારે તો સ્થિતિમાં રહેવું જોઈએ, સંપૂર્ણ રીતે, એક મિનિટ માટે. ચોક્કસ જો તમે મિનિટો વધારો, તો તે વધારે ઝડપી બને પણ મેં જેમ વધારામાં કહ્યું તેમ, એક મિનિટ પહેલાં જે અભીપ્સા હતી તેનાથી બીજી જ મિનિટે તમે ઊલટી જ વસ્તુ કરવા શકય ન હો તો તે વધારે સહેલું બને છે; નહિ તો પછી તમારી સચ્ચાઈને તે ફેંકી દે છે.

૧૭ નવેમ્બર ૧૯૫૪

* આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૨, "શ્રદ્ધા–અભીપ્સા–સમર્પણ" ઉપર આધારિત છે.

મધુર માતાજી, અહીં લખ્યું છે: "તમારે માટે સત્ય એ છે કે તમને તમારી પોતાની અંદર પ્રભુનું ભાન થવું, ભગવતી માતાજી પ્રત્યે ખુલ્લા થવું, અને તમારી બધી પ્રવૃત્તિઓમાં તે દિવ્ય માતાજીનું ભાન થાય ત્યાં સુધી પ્રભુને માટે કાર્ય કરવું." શા માટે તેમણે (શ્રી અરવિંદે) એક વખત 'પ્રભુ' અને બીજી વખતે 'ભગવતી માતા' કહ્યું છે?

કદાચ તેઓ પ્રશ્નનાં આ બે પાસાંઓ વિશે વિચાર કરે છે. સત્ય એમ છે કે કેટલાક લોકો પ્રભુના સ્વરૂપ કરતાં અવૈયક્તિક પ્રભુના સંપર્કમાં વધારે સહેલાઈથી આવી શકે છે. તેમના માટે, કેટલાક વિચારકો માટે, કેટલીક બુદ્ધિશાળી વ્યક્તિઓ માટે તે વધારે સહેલું છે; તેઓ વધારે સારી રીતે સમજે છે અથવા વધારે સારી રીતે વિચારી શકે છે.

તમે સમજ્યા, કેટલાક એવા હોય છે.... જેને આપણે કેટલાક પ્રભુના ગુણો કહીએ છીએ, જે તેમને માટે વ્યક્તિગત તત્ત્વને આપવા અશક્ય છે અને તેથી તેઓ પ્રભુના અવૈયક્તિક ખ્યાલ સાથે સંબંધમાં આવવું વધારે પસંદ કરે છે. એટલે તેઓ (શ્રી અરવિંદ) તેમના માટે આ વસ્તુઓ કહે છે.

બીજા કેટલાક એવા હોય છે જેઓ બન્નેને એકીસાથે જ પ્રાપ્ત કરવા શક્તિમાન હોય છે, એકબીજાના પૂરક તરીકે. પરંતુ બીજાઓને તેમ છતાં તે વસ્તુ વિરોધી લાગે છે, એક વિરોધ. તેથી તેઓ એક અથવા બીજાને વધારે પસંદ કરે છે. મને લાગે છે કે આ કારણે જ તેમણે આ રીતે મૂકેલું છે. જેથી દરેક વ્યક્તિ જે અભિગમ તેને સૌથી સહેલો અને સૌથી ભાવવાહી લાગે તે પસંદ કરે. તત્ત્વતઃ તે એક જ વસ્તુ છે; માનવ મનમાં તે જુદો જુદો થઈ જાય છે અને બીજું, માનવનું મન માણસની ચેતનાને ઘડે છે; અને માનવ ચેતના માટે વારુ, તે તેના આંતરિક વલણ અને તેના પોતાના રસ ઉપર આધાર રાખે છે. મનને વિભાગો પાડવાની ખાસ જરૂર રહે છે નહિ તો ને એમ વિચારે છે કે તેને સમજ પડે નહીં, કદાચ

તેને તેના કાર્યમાં મદદ કરવા માટે પણ તે હોય, જેથી કરીને કોઈ એમ ન કહે, "આહ, ના, મારે વ્યક્તિગત પ્રભુની જરૂર નથી!" એટલા માટે તેઓ કહે છે, "તે બરાબર છે, તો તમે અવૈયક્તિક પ્રભુ તરફ વળો."

માતાજી, જ્યારે અમે પ્રયત્ન કરીએ છીએ ત્યારે અમારામાં એવું કાંઈક હોય છે, જે ખૂબ આત્મસંતોષી અને બડાઈખોર અને આ પ્રયત્નથી સંતોષ પામેલું રહે છે અને તેથી તે બધી વસ્તુઓ બગાડી નાખે છે. તો પછી અમે આ વસ્તુઓમાંથી કેવી રીતે મુકત થઈ શકીએ?

અહા, તે તો તે વસ્તુ છે જે પોતે શું કરે છે તેના કાર્ય ઉપર નજર રાખે છે? જ્યારે કોઈ માણસ કાંઈક કરતો હોય છે ત્યારે તેના ઉપર ધ્યાન રાખનાર કોઈક હોય છે. હવે કેટલીક વખત તે અભિમાની બને છે. સ્પષ્ટ રીતે તે અભિમાન તેના પ્રયત્નમાંથી ઘણી શકિત હરી લે છે. મને લાગે છે કે તે તે પ્રમાણે બને છે; તે એક પોતાની જાતને કાર્ય કરતા જોવાની ટેવ છે. પોતાની જાતને જીવંત રીતે જોવાની ટેવ. પોતાની જાતનું નિરીક્ષણ કરવું જરૂરી છે પરંતુ હું માનું છું કે વધારે જરૂરી એ છે કે વ્યકિત જે કરે છે તેમાં તેણે પૂરેપૂરા સચ્ચાઈવાળા અને સાહજિક, ખૂબ સાહજિક બનવા પ્રયત્ન કરવો; કાયમ પોતાની જાતનું નિરીક્ષણ જ ન કર્યા કરવું, પોતાની જાતને જોયા જ ન કરવી અને કેટલીક વખત ખૂબ કઠોર થઈને ન્યાય ન આપ્યા કરવો. હકીકતમાં સંતોષથી પોતાની જાતની પીઠ થાબડવી તેના જેટલું જ તે લગભગ ખરાબ છે. બન્ને સરખાં જ ખરાબ છે. વ્યકિતએ પોતાની અભીપ્સામાં એટલા બધા સચ્ચાઈભર્યા બનવું જોઈએ કે તેને ખબર પણ ન પડવી જોઈએ કે તે અભીપ્સા કરે છે, કે તે અભીપ્સા રૂપ જ બની જાય છે. જ્યારે આ વસ્તુ સિદ્ધ બને છે ત્યારે વ્યકિત ખરેખર એક અદ્ભુત શકિત મેળવે છે.

એક મિનિટ, આ વસ્તુની એક મિનિટ અને તમે સાક્ષાત્કારનાં વર્ષો માટે તૈયારી કરી શકો છો. જ્યારે વ્યકિત સ્વલક્ષી નથી હોતી, ત્યારે અહં પોતાની જાતને કાર્ય કરતો જુએ છે. જ્યારે વ્યકિત પોતે જ કાર્ય બની જાય છે, ખાસ કરીને અભીપ્સામાં, ત્યારે આ સાચેસાચ સારું બને છે. જ્યારે અભીપ્સા કરનાર વ્યકિત પોતે જ હોતી નથી, જ્યારે અભીપ્સા પોતે જ એક તીવ્ર ઉમંગથી એકાગ્ર બનીને ઠેક મારે છે, ત્યારે ખરેખર તે ઘણી આગળ જાય છે. નહિ તો પછી તે વસ્તુમાં થોડું મિથ્યા-ભિમાન, થોડું અભિમાન, થોડી આત્મ-દયા પણ, અને આવા પ્રકારની બધી નાની વસ્તુઓનું મિશ્રણ બની જાય છે, જે આવીને બધી વસ્તુઓને બગાડી નાખે છે. પરંતુ તે મુશ્કેલ હોય છે.

મધુર માતાજી, અહીં લખ્યું છે : "આ યોગમાં પ્રભુની શક્તિની અસર પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવી એ મુખ્ય સિદ્ધાંત છે." તેનો બરાબર અર્થ શો, "પ્રભુની અસરની પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવી ?"

મેં તમને આ વસ્તુ કેટલી બધી વખત સમજાવી છે ! ઓછામાં ઓછી ત્રીસ વખત. તો પછી સમજાવવાનો શો અર્થ છે ? તમારે પ્રયત્ન કરવો જ જોઈએ, તમારી જાતે જ પ્રયત્નં કરવો જોઈએ. સમજાવવું એટલે મનની આગળ એક સિદ્ધાંત આપવા માટે પ્રયત્ન કરવો, જે વસ્તુને કઈ રીતે કરવાની છે તે કોઈ પણ જાતના પ્રયત્ન વગર સમજાવી દે છે. માણસને મસ્તકમાં એક સુંદર સમજૂતી હોય છે અને તે માને છે કે વસ્તુના સાક્ષાત્કાર માટે તે પૂરતું છે. પરંતુ માણસ એક થોડુંક જ પ્રાપ્ત કરે – ભલે ખૂબ કઢંગી રીતે – તો તે ક્રમે ક્રમે વધારે પ્રગતિ કરે વધારે ને વધારે સારી રીતે. વ્યક્તિ ખરેખર જ્યારે સારી રીતે કરે છે ત્યારે તે સમજે છે કે પોતે શું કરે છે અને પોતે જાણે પણ છે કે એક એક ડગલું પ્રયત્ન કરીને કેવી રીતે તે શીખેલ છે.

શ્રદ્ધાનું જેમાં અવતરણ થાય તે માટે કઈ કઈ શરતો છે ?

સૌથી અગત્યની શરત તો લગભગ એક બાળક જેવો વિશ્વાસ હોવો જોઈએ. એક બાળકનો સાચો વિશ્વાસ, જે જાણે છે કે તે ચોક્કસ આવશે, જે પોતાની જાતને બિલકુલ પૂછતો પણ નથી. તેથી જ્યારે જરૂર હોય છે ત્યારે તેને ખાતરી હોય છે કે તે વસ્તુ આવવાની જ છે. વારુ, આ વસ્તુ તે છે. આ પ્રકારનો વિશ્વાસ – આ ખરેખર સૌથી અગત્યની શરત છે.

અભીપ્સા કરવી તે અનિવાર્ય છે. પરંતુ કેટલાક લોકો પોતાની અંદર રહેલી શ્રદ્ધા અને શ્રદ્ધાનો અભાવ, અને વિશ્વાસ અને અવિશ્વાસના સંઘર્ષ સાથે અભીપ્સા કરે છે, એક આશાવાદ જેને વિજયની ખાતરી હોય છે અને એક નિરાશા જે પોતાની જાતને પૂછે છે કે કયારે દુર્ઘટના આવશે. તે બન્ને વચ્ચે તેમની અંદર સંઘર્ષ હોય છે. જો તમારા સ્વરૂપમાં આ વસ્તુ હાજર હશે, તો તમે અભીપ્સા કરો છતાં તમે કાંઈ પણ મેળવશો નહીં અને તમે કહો છો, "મેં અભીપ્સા કરેલી પણ મને કાંઈ પ્રાપ્ત થયું નહિ." તે એટલા માટે બને છે કારણ કે તમારી અભીપ્સાને તમારા આત્મવિશ્વાસની ખામીને લઈને તમે બધો સમય ભૂંસી નાખો છો. પરંતુ જો તમને ખરેખર વિશ્વાસ હોય. . ., બાળકોને જ્યારે તેમની જાત ઉપર છોડી મૂકવામાં આવે છે, અને મોટા માણસો દ્વારા તેમની વિકૃતિ થયેલી હોતી નથી, ત્યારે તેમને એટલો બધો વિશ્વાસ હોય છે કે બધું સારું જ બનશે ! દા.ત. જ્યારે તેમને કોઈ નાનો અકસ્માત થાય છે ત્યારે તેઓ કદી એમ વિચારતા નથી કે આ કોઈ ગંભીર

વસ્તુ બનશે ! તેઓ સાહજિક રીતે જ માની લે છે તે તુર્ત પૂરું થઈ જશે અને આ વસ્તુ તેનો અંત લાવવામાં ખૂબ શક્તિશાળી રીતે મદદ કરે છે.

વારુ, જ્યારે કોઈ વ્યક્તિ શક્તિને માટે અભીપ્સા કરે છે અને જ્યારે પ્રભુની મદદ માગે છે ત્યારે અવિચલિત ખાતરીથી તેની માગણી કરે છે કે તે આવશે જ, તે ન આવે એ અશકય છે તો પછી તે ચોક્કસ આવશે. તે આ પ્રકારનું છે.... હા, આ ખરેખર આંતરિક ઉદ્ઘાટન છે. આ વિશ્વાસ, અને કેટલાક લોકો સતત આ અવસ્થામાં રહે છે. જ્યારે કોઈ વસ્તુને ગ્રહણ કરવાની હોય છે ત્યારે તેને ગ્રહણ કરવા તેઓ કાયમ તૈયાર હોય છે. બીજા કેટલાક એવા હોય છે જ્યારે તેમને કંઈક પ્રાપ્ત કરવાનું હોય, કોઈ શક્તિ નીચે ઊતરતી હોય ત્યારે તેઓ કાયમ ગેરહાજર હોય છે, તે ક્ષણે તેઓ ત્યાં બંધ હોય છે; જ્યારે બીજા જેમનામાં આવી બાળક જેવી શ્રદ્ધા હોય છે તેઓ ખરે સમયે ત્યાં કાયમ હાજર હોય છે.

અને એ વિચિત્ર છે, ખરુંને, કે બાહ્ય રીતે કોઈ જાતનો ભેદ નથી. તેમનામાં બરાબર તે પ્રકારની જ શુભેચ્છા હોય છે, તે જ પ્રકારની અભીપ્સા, તે જ પ્રકારની શુભ કરવાની ઇચ્છા. પરંતુ તેઓ જેમનામાં પોતાની અંદર સ્મિતયુકત વિશ્વાસ હોય છે, તેઓ પ્રશ્ન કરતા નથી, પોતાની જાતને પૂછતા નથી કે તેમને પ્રાપ્ત થશે કે નહીં, કે દિવ્ય પ્રભુ તેમને પ્રત્યુત્તર આપશે કે નહીં આપે — આ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, તે કાંઈક સમજી લેવાનું હોય છે .... "મારે જેની જરૂર હશે તે મને આપવામાં આવશે, જો હું પ્રાર્થના કરીશ તો મને ઉત્તર મળશે; જો હું મુશ્કેલીમાં હોઈશ અને મદદની માગણી કરીશ તો મને મદદ મળશે અને તે આવશે એટલું જ નહીં પરંતુ મારે માટે તે બધું ગોઠવી આપશે." જો સાહજિક, સચ્ચાઈભર્યો, પ્રશ્ન વગરનો વિશ્વાસ હશે તો બીજી કોઈ પણ વસ્તુ કરતાં તે વધારે સારું કામ આપશે, પરિણામ અદ્ભુત હોય છે. માણસ મનના વિરોધાભાસો અને શંકાઓને લઈને દરેક વસ્તુને બગાડી નાખે છે, આ પ્રકારના ખ્યાલથી જો, જ્યારે વ્યકિત મુશ્કેલીમાં હોય છે ત્યારે આવે છે, "ઓહ, તે અશકય છે ! હું તે કદી સાંભાળી શકીશ નહીં, અને જો તે વધારે ગંભીર બની જશે, જે પરિસ્થિતિમાં હું છું તેમાં, જે મારે જોઈતું નથી, તો વધારે ખરાબ બનવાનું છે, જો હું વધારે ને વધારે નીચે સરકવાનું ચાલુ રાખીશ, જો, જો, જો, જો...." આ પ્રમાણે અને જે શકિતને પોતાને ગ્રહણ કરવાની છે તેની અને પોતાની વચ્ચે એક દીવાલ બાંધે છે, ચૈત્ય પુરુષને આ શ્રદ્ધા હોય છે, તે અદ્ભુત રીતની હોય છે, છાયા વગરની, દલીલ વગરની, વિરોધ વગરની અને તે જ્યારે તે પ્રમાણે હોય છે ત્યારે એવી એક પણ પ્રાર્થના નથી જેને ઉત્તર ન મળે, એવી એક પણ અભીપ્સા નથી જે સાક્ષાત્કાર ન પામે.

અભિમાનમાંથી * આપણે કેવી રીતે મુકત થઈ શકીએ ?

ઓહ, ભલા ભગવાન ! સૌથી પ્રથમ તો તે જુઓ કે તે કેટલું કમનસીબીવાળું છે, તે ખૂબ તુચ્છ છે, તે વિનાશકારક છે; અને પછી એક પગલું આગળ ભરો, અને તમારી જાતને હાસ્યાસ્પદ બનાવો, અને તમે જુઓ કે તમે કેટલી હદે હાસ્યાજ્યાં સ્પદ છો. તેથી આ પ્રમાણે તમે તેમાંથી મુકત થાઓ છો, પણ જ્યાં સુધી તમે તેને ગંભીરતાથી લો છો, જ્યાં સુધી તમારી ક્રિયાને તમે ન્યાય આપો છો, જ્યાં સુધી તમારા મગજમાં કોઈક જગાએ એક એવો વિચાર છે, " છેવટે તો તે સાવ સ્વાભાવિક છે. મારી સાથે સાવ ખરાબ વર્તનને લઈને હું સહન કરું છું," જો પછી તે પૂરું થઈ ગયું. તે કદી જશે નહીં. પરંતુ જો તમે સમજવાની શરૂઆત કરો કે એક નબળાઈની, લઘુતાગ્રંથિની તે નિશાની છે – તો કુદરતી રીતે જ એક ઠીક ઠીક પ્રકારના અહંકારની, એક સંકુચિત માનસની અને સૌથી વધારે તમારી લાગણીઓની તુચ્છતાની, એક સંકુચિત હૃદયની – જો તે તમે સમજો તો તમે યુદ્ધ આપી શકો છો. પરંતુ તમારો વિચાર સહમત હોવો જોઈએ. જો તમારું એવું વલણ હોય, "મને દુઃખ આપવામાં આવ્યું છે, હું સહન કરું છું, હું બતાવી દઈશ કે હું અત્યારે સહન કરું છું," તો પછી તે તેવા જ પ્રકારનું છે. હું એવા પ્રકારના માણસોના ઉલ્લેખ નથી કરતી જેઓ ઠીક ઠીક પ્રમાણમાં ગુપ્તપણે વેરની ભાવના રાખે છે અને કહે છે, "મને દુઃખી કરવામાં આવ્યો છે માટે હું તેમને સહન કરાવીશ, " – આ ખરેખર જે લોકો એમ નોંધે છે કે આવી વસ્તુનું અસ્તિત્વ ન હોવું જોઈએ તેમને માટે પૂરતું મલિન છે – જો કે તેની સામે ટકી રહેવું એ કાયમ સહેલું નથી. એ વસ્તુ પ્રકૃતિની ઘણી ક્ષુદ્રતા સૂચવે છે. તે ઘણી સંવેદનશીલ હોઈ શકે. તે ઘણી લાગણીશીલ પણ હોઈ શકે, તેમાં એક પ્રકારની તીવ્રતા પણ હોઈ શકે, પરંતુ તે ઘણી ક્ષુદ્ર છે, તે પોતાની જાત ઉપર પાછી ફરે છે અને સાવ તુચ્છ છે.

ચોક્કસ, તમે તમારી પાસે કાર્યકારી તર્કશક્તિ હોય તો વાપરી શકો છો, તમારી તર્કશક્તિનો ઉપયોગ કરી શકો છો અને તમારી જાતને એવું કાંઈક કહી શકો છો જે ઘણું સાચું છે; આપણા સ્વરૂપમાં જે અહંકાર છે તે જ કાયમ સહન કરે છે અને જો અહંકાર ન હોત તો કોઈ પણ પ્રકારની વેદના ન હોત અને વળી જો કોઈને આધ્યાત્મિક જીવન જોઈતું હોય તો તેણે અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવો જ જોઈએ. તેથી પ્રથમ વસ્તુ આ કરવાની છે કે આ વેદનાની સામે સીધે સીધી નજર માંડો અને જુઓ, કે કટલી હદ સુધી ઘણા ક્ષુદ્ર અહંકારની તે અભિવ્યકિત

---

* ઘવાયેલું અભિમાન, આત્મદયા, કારણ કે વ્યકિતને એમ લાગે છે કે તેની સાથે અનિષ્ટ વર્તાવ થયેલો છે.

છે અને પછીથી તે જગાને વાળીઝૂડીને સાફ કરી નાખો, એક સ્વચ્છ મેદાન બનાવી નાખો અને કહો, "આ ધૂળની મારે જરૂર નથી, હું મારી અંતરની કોટડીને સ્વચ્છ કરવાનો છું."

જે શારીરિક વેદનાઓ થાય છે તેના માટે અહંકાર જવાબદાર છે.

શારીરિક વેદનાઓ ? ના, તે છોકરી * શારીરિક વેદનાની વાત કરતી નથી. શારીરિક વેદનાઓ ? એક વસ્તુ ચોક્કસ છે તમે જાણો છો; હું માનું છું કે આ પ્રકૃતિની પ્રક્રિયામાં હતું, એક સૂચક તરીકે શાધાયેલું, કારણ કે દા. ત. જો શરીરમાં એક અથવા બીજા પ્રકારે અવ્યવસ્થા થઈ હોય અને આ વસ્તુએ જો કોઈ વેદના ઉત્પન્ન કરી ન હોત તો આ વ્યવસ્થાને અટકાવવા માટે કોઈએ શોધ કરી ન હોત. માણસ માંદગીમાંથી સાજા થવાનું વિચારે છે કારણ કે તે સહન કરે છે. જો તમને તે કોઈ દુ:ખ ઉત્પન્ન કરતું ન હોત તો તમે તેને સાજા કરવાનો વિચાર પણ ન કરત. તેથી પ્રકૃતિની કરકસરમાં હું ધારું છું કે શારીરિક વેદનાનો હેતુ તમને ચેતવણી આપવાનો છે.

કમનસીબે પ્રાણિક વસ્તુ તેના કાર્યમાં પોતાનું માથું મારે છે અને વેદનાને વધારવામાં, વળ આપવામાં, તીક્ષ્ણ બનાવવામાં એક વિકૃત આનંદ લે છે. અને આ વસ્તુ આખી પ્રક્રિયાને વિકૃત બનાવે છે કારણ કે ચેતવણીના સૂચક બનવાને બદલે એ એક માંદગીના આનંદ માણવાના પ્રસંદરૂપ બની જાય છે. પોતાની જાતને રસિક બનાવવા માટે અને તે ઉપરાંત પોતાની જાતની દયા ખાવાની તક મેળવવા માટે – બધી પ્રકારની વસ્તુઓ જે પ્રાણમાંથી આવે છે, એક કરતાં બીજી વધારે પ્રમાણમાં, તે ધિક્કારવા લાયક હોય છે. પરંતુ મૂળમાં તો હું માનું છું કે તે વસ્તુ આવી હતી, "ધ્યાન રાખો ! " તમે સમજ્યા, એક ભયસૂચક નિશાન છે; "ધ્યાન રાખો ! કાંઈક વસ્તુ અવ્યવસ્થિત છે."

ફકત જ્યારે માણસ બહુ પોચો ન હોય, જ્યારે કોઈનામાં થોડી સહનશકિત હોય અને જ્યારે પોતાની અંદર બહુ ધ્યાન ન આપવાનો તે નિશ્ચય કરે, તો અદ્ભુત રીતે દુ:ખ ઓછું થઈ જાય છે. અને ઘણી જાતની માંદગીઓ હોય છે, અથવા શારીરિક સમતુલાની અવ્યવસ્થાઓ જેની અસરને દૂર કરવાથી સારી કરી શકાય છે. એટલે કે દર્દને અટકાવવાથી ઘણે ભાગે તે પાછી આવે છે, કારણ કે તેનું મૂળ હજુ ત્યાં હોય છે, કારણ કે માંદગીનું કારણ હજુ ત્યાં હોય છે. જો માંદગીનું કારણ શોધી શકાય, અને જો વ્યકિત તેના કારણ ઉપર સીધેસીધું કાર્ય કરે, તો વ્યકિત સંપૂર્ણ

---

* જે બાળકે આ પ્રશ્ન પૂછયો તે.

સાજી થઈ શકે. પરંતુ જો કોઈનાથી તેમ કરવાનું શકય ન હોય, તો તે આ દર્દ ઉપરના કાબૂનો – તે દર્દને કાપી નાખીને અથવા બાતલ કરીને અથવા તેના ઉપર પોતાનો અંકુશ મેળવીને આ અસલનો ઉપયોગ કરી શકે છે – પોતાની માંદગી ઉપર તે કામ કરી શકે છે. તો આ એક અસર છે, એમ કહી શકાય કે, બહારથી અંદર તરફની; જ્યારે બીજી અંદરથી બહાર તરફની છે, જે વધારે સમય સુધી ચાલે છે અને વધારે પૂર્ણ છે. પણ બીજી પણ ઉપયોગી છે.

દા. ત. કેટલાક લોકોને અસહ્ય દાંતનો દુઃખાવો થાય છે. સૌથી વધારે તે આધાર રાખે છે .... કેટલાક લોકો ઓછા કે વધારે, જેમને હું આળખંપાળવાળા કહું છું, એટલે કે તેઓ દર્દનો સામનો કરી શકતા નથી, સહન કરી શકતા નથી; તેઓ તાત્કાલિક કહે છે, "હું ન કરી શકું ! તે અસહનીય છે, હું હવે વધારે સમય સહન કરી શકું નહિ !" આહ, આ વસ્તુ ખરેખર સંજોગોમાં કાંઈ ફેર પાડતી નથી; તે દુઃખને બંધ કરતી નથી, કારણ કે તમે જ્યારે તે જોઈતું નથી તેમ કહીને તેને કાઢી શકો નહીં પરંતુ કોઈ જો બે વસ્તુ કરી શકે; કાં તો પોતાની અંદર ખેંચી લાવે – બધા જ નાડીતંત્રોના દર્દો માટે, દા. ત. પોતાની અંદર એક જાતની અવિચલતા લાવી શકે, જેટલી પૂર્ણતાથી શકય હોય તેટલી, જે જગાએ દર્દ થાય છે તે જગાએ, તો આ વસ્તુ દર્દશામક દવા જેવી અસર કરે. જો કોઈ આંતરિક અવિચલતા પ્રાપ્ત કરવામાં સફળ થાય, આંતર-આંદોલનોની અવિચલતા, જે જગાએ તેને દર્દ થાય છે ત્યાં, તો તેની પણ દર્દનાશક દવા જેટલી જ અસર થાય. તો તે દર્દ કરતી જગા અને મગજ વચ્ચેના સંપર્કને કાપી નાખે છે, અને એક વખત તમે સંપર્ક કાપી નાખ્યો હોય, જો તમે આ અવસ્થાને પૂરતા સમય સુધી ટકાવી રાખી શકો, તો દર્દ અદશ્ય થઈ જશે. તમારે આ કરવાની ટેવ પાડવી જોઈએ. પરંતુ તમને એક પ્રસંગ હોય છે, બધો જ સમય તે કરવાની તક હોય છે, તમને કોઈક કાપો પડે છે, ધક્કો વાગે છે, તમે સમજ્યા, કોઈ જગાએ જરા નાની ઈજા થાય છે, ખાસ કરીને જ્યારે તમે શારીરિક કસરતો કરતા હો, દાવ કરતા હો એવી બધી વખતે – વારુ, આ બધી આપણને તકો આપવામાં આવે છે. ત્યાં બેસીને દર્દનું નિરીક્ષણ કરવાને બદલે, તેનું પૃથક્કરણ કરવાને બદલે, તેના ઉપર એકાગ્ર થવાને બદલે, જે તેમાં અનહદ વધારો કરે છે .... કેટલાક લોકો એવા હોય છે જે બીજી વસ્તુઓનો વિચાર કરે છે, પણ એ કાંઈ લાંબું ચાલતું નથી; તેઓ બીજી કોઈ વસ્તુનો વિચાર કરે છે અને ઓચિંતા વળી પાછા જે જગાએ દર્દ થાય છે ત્યાં પાછા ખેંચાઈ આવે છે, પણ જો કોઈ આ પ્રમાણે કરી શકે .... તમે સમજ્યા, દર્દ ત્યાં હોવાથી તે સાબિત કરે છે કે તમે જે નાડીઓ તમારા દર્દનું વહન કરે છે તેના સંપર્કમાં છો, નહિ તો પછી તમને તે દર્દની અસર થતી

ન હોત — વારુ, તમે એક વખત જાણો કે તમે તેના સંપર્કમાં છો, તો તમે તે બિંદુ ઉપર તમારાથી બને તેટલી અવિચલતા લાવવા પ્રયત્ન કરો, જેથી દર્દનું આંદોલન બંધ થઈ જાય; તમે જોઈ શકશો કે તે એક અંગ એવું હશે જે જાણે ઊંઘમાં પડતું હોય, તમે જ્યારે ખરાબ સ્થિતિમાં હો ત્યારે અને એકદમ ઓચિંતા .... તમે જાણો છો, નથી જાણતા ? — અને જ્યારે તે બંધ થાય છે, ત્યારે તે ઘણી ભયંકર રીતે આંદોલનો ઉત્પન્ન કરવાનું શરૂ કરે છે. સારું, તમે જાણીબૂજીને દર્દ કરતી નાડીમાં આ પ્રકારની અવિચલતા અને એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરો; દર્દ કરતી જગાએ તમે કરી શકો એટલી સમગ્ર એકાગ્રતા લાવો, વારુ, તમે જોશો કે મેં કહ્યું તે પ્રમાણે એક દર્દશામક દવા માફક; તે તે જગાને ઊંઘમાં મૂકી આપે છે અને પછી તમે જો તે પ્રકારની આંતરિક શાંતિ વધારે લાવી શકો, અને એક એવી શ્રદ્ધા તો દર્દ ચાલ્યું જશે, વારુ, હું કહું છું કે દર્દ ચાલ્યું જશે.

બધી વસ્તુઓમાંથી, જે વસ્તુઓ યૌગિક દૃષ્ટિબિંદુથી સૌથી મુશ્કેલ ગણવામાં આવે છે તે દાંતનો દુઃખાવો છે, કારણ કે તે મગજની બહુ નજીક છે. સારું, હું જાણું છું કે તે વસ્તુમાં સાચેસાચ જરા પણ દર્દનો અનુભવ ન થાય એવું થઈ શકે છે; અને તે ખરાબ દાંતને મટાડી દેતું નથી પરંતુ એવા દાખલા છે જેમાં દર્દ આપતી નાડીનો, વ્યકિત નાશ કરવામાં સફળ થઈ શકે. ઘણે ભાગે દાંતમાં એક નાડી હોય છે જેના ઉપર જંતુઓનો હુમલો થાય છે, એક રોગ, અને તે પોતાના પૂરતા બળથી સામનો કરે છે. તેથી જો તમે આ અવિચલતાને સ્થાપન કરવામાં સફળ થાઓ, તો તમે તેને આંદોલિત થતી અટકાવી શકો, તેને વિરોધ કરતી અટકાવી શકો. અને અદ્ભુત વસ્તુ તો એ છે કે જો તમે સરસ રીતે આ પ્રમાણે સતત કરી શકો, પૂરતા ખંતથી, તો માંદી નાડી નાશ પામશે અને તમે હવે પછી બિલકુલ દર્દ નહીં અનુભવો. કારણ કે તે વસ્તુ જ સહન કરતી હતી અને જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પછી તે વધારે સહન કરતી નથી. પ્રયત્ન કરો, હું આશા રાખું છું કે તમારે કદી દાંતનો દુઃખાવો ન થાય. (હાસ્ય)

૨૪ નવેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના "યોગસાધનાના પાયા", પ્રકરણ ૨, "શ્રદ્ધા–અભીપ્સા–સમર્પણ" ઉપર આધારિત છે.

"ચૈત્ય પુરુષને જાગ્રત અને અગ્રભાગે રાખવો," 'અગ્રભાગે'નો શો અર્થ, મધુર માતાજી ?

એટલે કે ચેતનાના આગળના ભાગમાં, પાછળ ધકેલાઈ જવાને બદલે, તે પાછળના ભાગમાં ભાગ્યે જ દેખાય છે; તેને ચેતનાના અગ્રભાગે, સક્રિય ચેતનામાં રાખવો, જેથી કોઈ પણ રીતે, તમારે તેની જરૂર હોવી જોઈએ, અને તે કરવા પ્રયત્ન કરવો.

"કામના.... સાધકની ઊર્ધ્વ શક્તિને નીચે ખેંચી લાવે છે." આનો અર્થ શો ?

તમે સમજો, કોઈને પ્રકાશ માટેની અભીપ્સા હોય છે, જ્ઞાન માટેની, બધી જ વસ્તુઓની. હવે જો તમારી કોઈ કામના અભીપ્સા સાથે મિશ્રિત થઈ ગઈ હોય, અને ફક્ત અભીપ્સા કરવાને અને પ્રત્યુત્તર મેળવવાને બદલે તમે તેને ખેંચવાનું શરૂ કરો, જેવી રીતે માણસ વસ્તુની ઇચ્છા હોય ત્યારે તેમને જેમ ખેંચી લે છે – તેવી રીતે તમે તેમને તમારી જાતમાં ખેંચી લો છો અને તેથી કરીને શક્તિ અને પ્રકાશ અને ચેતના અને સત્યને તમારી અભીપ્સાને જવાબ આપે તેની રાહ જોવાને બદલે તેમને તમારી તરફ નીચે ખેંચો, તમારી ખૂબ અહંકારની ગતિ વડે, જાણે કે તમે કોઈ વસ્તુને દોરડાથી ખેંચતા હો તેવી રીતે તો પછી તમારા પ્રત્યુત્તર રૂપે ગમે તે વસ્તુ આવી શકે. દા. ત. એક સાચા પ્રકારની હસ્તીને બદલે એક ખોટો પ્રકાશ પણ હોઈ શકે જે તમને છેતરવા માટે પ્રકાશિત દેખાવો ધારણ કરે, સાચી શક્તિ હોવાને બદલે એક વિરોધી પ્રાણની શક્તિ પણ હોઈ શકે, જેને તમારો કબજો લેવો હોય. તેનો એ અર્થ કે જ્યારે વ્યક્તિની અભીપ્સા હોય છે ત્યારે વધારે સારું એ કે કોઈ વસ્તુને ઇચ્છાઓનું તેની સાથે મિશ્રણ ન થઈ જાય, કારણ કે કામનાઓ કાયમ દરેક વસ્તુને બગાડી નાખે છે.

"આંતરિક તપસ્યા"નો બરાબર અર્થ શો ?

આંતરિક તપસ્યા ! તેનો અર્થ ચારિત્ર્ય માટેની તપસ્યા અને સ્વરૂપની માનસ-શાસ્ત્રીય ગતિઓમાં ફેરફાર થવા માટેની તપસ્યા, ચોક્કસ રીતે કામનાઓ ઉપર વિજય મેળવવો, આવેગોને જીતવા, અહંકાર ઉપર વિજય મેળવવો અને ભયોમાંથી મુકત થવું છે. આ આંતરિક તપસ્યા છે. બાહ્ય તપસ્યા એ બધી ત્યાગીની અથવા હઠયોગીની બધી જ પદ્ધતિઓ છે. પોતાના યોગને માટે શારીરિક સાધનોનો ઉપયોગ કરવો એ બાહ્ય તપસ્યા છે. પરંતુ આંતરિક તપસ્યામાં વ્યકિતનાં ચારિત્ર્યની સંભાળ લેવી અને તેને ફેરવવા માટે પ્રયત્ન કરવો તે છે.

મધુર માતાજી, સંકલ્પ કરવો અને કામના કરવી એ બેમાં શો તફાવત છે ?

તે બન્ને બિલકુલ એક જ વસ્તુ નથી. જ્યારે તમે સમજો કે કંઈક વસ્તુ થવી જોઈએ દા.ત. તે વસ્તુ કરવી સારી છે – તમારી તર્કશકિતનો ઉપયોગ કરો; એમ કહો કે તમારી તર્કશકિત નક્કી કરે છે કે આ વસ્તુ થવી જોઈએ તો પછી તમારી સંકલ્પશકિત કામ કરવાનું શરૂ કરે છે, અને જે વસ્તુ કરવી જરૂરી હોય છે તે તમારી પાસે કરાવે છે, જેથી કરીને આ વસ્તુ બની શકે. તમારી સંકલ્પશકિત એક અમલ કરનારી શકિત છે જે તમારા કબજામાં હોવી જોઈએ અને જેની સેવા લેવાનો નિર્ણય તર્કશકિત અથવા ઉચ્ચતર શકિતએ લીધો હોય, એ એવી વસ્તુ છે જે સુબદ્ધ છે, વ્યવસ્થિત છે, જે એક યોજના પ્રમાણે ચોક્કસ રીતે અને એક પૂરેપૂરા કાબૂથી કાર્ય કરે છે.

કામના એક આવેગ છે. તે તમારો કબજો લઈ લે છે .... તે કોઈ સચેતન વિચારથી તમને કાયમ પકડી રાખતી નથી. એ એક આવેગ છે, જે કોઈ વસ્તુનો કબજો લેવા માટે તમને ધક્કો મારે છે. તમારી કામનાની સેવામાં તમે તમારી સંકલ્પ-શકિતને મૂકી શકો છો પરંતુ કામના એ સંકલ્પશકિત નથી. કામના એક આવેગ છે. કેટલાક લોકો એવા હોય છે જેઓ કામનાઓથી ભરેલા હોય છે અને તેમને સંકલ્પશકિત હોતી નથી તેથી કરીને તેઓનું તેમની કામના વડે ફકત ભક્ષણ થાય છે એમ આપણે કહીએ છીએ; પરંતુ આ વસ્તુ કોઈ જગાએ દોરી જતી નથી, કારણ કે તેમનામાં તો સમજવાનો સંકલ્પ પણ હોતો નથી. ઘણાખરા માણસો પોતાની પાસે હોય તેટલો સંકલ્પશકિતનો નાનકડો ભાગ તેમની કામનાઓની સેવામાં હાજર કરે છે, પરંતુ સંકલ્પશકિત એક બળ છે અને તેનામાં વ્યવસ્થાની શકિત હોય છે અને તેને કોઈ પણ હેતુ માટે વાપરી શકાય છે. એ કાંઈક એવી વસ્તુ છે, જ્યારે

માણસમાં સંકલ્પશક્તિ હોય છે ત્યારે તેને [ ] * હોય છે, ખાસ હેતુ માટે, આ સંકલ્પશક્તિ છે.

તમારે કામનાઓને સંકલ્પ તરીકે ગણવાની ભૂલ ન કરવી જોઈએ. કામના એક આવેગ છે; એ તમને પકડી લે છે, તમે જાણો છો. તે તમને પકડી લે છે અને પછી, જો તમે કામનાને જે પસંદ હોય તે કરવા દો, વારુ, તો તે વસ્તુ તમારી પાસે ગમે તે કરાવે છે. તે તમારી સંકલ્પશક્તિનો ઉપયોગ કરે છે. પરંતુ ઘણે ભાગે એક ઉગ્ર, ઉદ્દંડ વસ્તુ હોય છે, આવેગ યુકત અને અલ્પ સમય માટે ટકનારી. ભાગ્યે જ તે લાંબો સમય ટકી રહે છે; તેનામાં કાંઈ સાર હોતો નથી અને તેને ટકાવી રાખનાર પ્રયત્નની વ્યવસ્થા પણ નથી. જ્યારે કામના તમને પકડમાં લે છે ત્યારે તે તમારી પાસે ગમે તે વસ્તુ કરાવી શકે છે, આવેગથી કરાવી શકે છે પણ પદ્ધતિસર નહીં.

મધુર માતાજી, કેટલાંક બાળકોને કાયમ વસ્તુઓ માગવાની ટેવ કેમ હોય છે ?

કઈ વસ્તુઓ ?

ભૌતિક વસ્તુઓ – મીઠાઈ જેવી અને જે કોઈ વસ્તુ તેઓ જુએ તે....

ઓહ ! કારણ કે તેઓ ઇચ્છાઓથી ભરેલાં હોય છે. કદાચ તેઓનું ઘડતર કામનાઓનાં આંદોલનો વડે થયું હોય અને તેમને તેમના પોતાના ઉપર કાબૂ ન હોવાને લઈને તેઓ તે કામનાઓને મુકતપણે વ્યકત કરે છે; મોટા માણસો પણ કામનાઓથી ભરેલા હોય છે, – પરંતુ ઘણું ખરું તેમને એ પ્રકારની હોય છે .... તેને આપણે કઈ રીતે વર્ણવીએ ? .... તેઓ પોતાની કામનાને બહાર બતાવવા માટે થોડા શરમાય છે, અથવા તેમને થોડી શરમની લાગણી થાય છે, અથવા તો કદાચ તેમના ઉપર બીજાઓ હસશે તેવો ડર રહે છે; જેથી તેઓ શબ્દોમાં વ્યકત કરતા નથી, વારુ, તેઓ પણ કામનાઓથી ભરેલા હોય છે, ફકત બાળકો વધારે સરળ હોય છે. જ્યારે તેઓને કોઈ વસ્તુ જોઈએ ત્યારે તેઓ તે પ્રમાણે કહે છે. તેઓ તેમની જાતે કહેતાં નથી કે, આ વસ્તુ બહાર બતાવી એ વધારે ડહાપણભર્યું નથી, કારણ કે તેઓમાં હજુ સુધી આ પ્રકારની તર્કશકિત હોતી નથી. પરંતુ હું માનું છું, સામાન્ય રીતે કહીએ તો બહુ ઓછા અપવાદથી, કે માણસો સતત કામનાઓમાં જ જીવે છે. ફકત, તેઓ વ્યકત કરતા નથી અને કેટલીક વખત પોતાની જાત પાસે પણ કબુલ કરવા માટે તેમને શરમ લાગે છે. પણ તે ત્યાં હોય છે, કોઈક વસ્તુ મેળવવાની આ જરૂરિયાત .... તમે જાણો છો, કોઈ માણસ કોઈ સુંદર વસ્તુ જુએ કે તરત જ તેની માલિકીની કામનામાં તે પલટાઈ જાય છે, અને

---

* શબ્દો અસલ નકલમાં ખૂટે છે.

આ તેઓમાંની એક વસ્તુ છે.... તે બિલકુલ બાલિશ છે. તે બાલિશ છે અને ચોક્કસ તે હાસ્યાસ્પદ છે કારણ કે ઓછામાં ઓછી સોમાંથી નેવું વખત, જ્યારે કોઈ માણસ જેને કોઈ વસ્તુ માટે કામના તેનો કબજો લે છે ત્યારે તે વસ્તુની સામે જોતો પણ ન હોય. એ ભાગ્યે જ બને છે કે આ વસ્તુ તેને મળી ગયા પછી તેનો રસ જળવાઈ રહે છે, પછી વસ્તુનો ગમે તે પ્રકાર હોય.

મધુર માતાજી, આપણે બાળકોને તેની કાયમ પ્રશ્ન પૂછવાની આદતમાંથી બહાર આવવા માટે કેવી રીતે મદદ કરી શકીએ?

ઘણા રસ્તાઓ છે, સૌથી પ્રથમ તો તમારે જાણવું જોઈએ કે તમે તે જે વિચારે છે અને અનુભવે છે, તેની મુક્ત અભિવ્યક્તિમાંથી ફક્ત અટકાવી દેતા નથી ને? કારણ કે ઘણે ભાગે માણસો આ વસ્તુ જ કરે છે. તેઓ ઠપકો આપે છે અને કેટલીક વખત તો તેને શિક્ષા આપે છે, અને તેથી બાળક પોતાની ઇચ્છાઓને સંતાડવાની ટેવ પાડે છે. પરંતુ તેથી કરીને તેનો ઇલાજ થતો નથી. અને તમે જાણો છો કે જો તેને કાયમ એમ કહેવામાં આવે, "ના તને મળી શકશે નહીં" તો પછી સીધી રીતે મનની આ અવસ્થા તેની અંદર બંધાઈ જાય છે; "આહ, તમે જ્યારે નાના હો છો ત્યારે લોકો તમને કાંઈ આપતા નથી! તમે મોટા થાઓ ત્યાં સુધી તમારે રાહ જોવી પડે છે. જ્યારે હું મોટો થઈશ ત્યારે મારે જે જોઈતું હશે તે મને મળશે." વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે. પરંતુ આથી તેનો ઉપચાર થતો નથી. નાનાં બાળકને ઉછેરવું એ ઘણું મુશ્કેલ છે. એક બીજી રીત છે જેમાં તે જે માગે તે આપવું, અને સ્વાભાવિક રીતે જ, બીજી મિનિટે તેને બીજી કોઈ વસ્તુ જોઈશે; કારણ કે એ એક નિયમ છે, તે કામનાનો નિયમ છે; કદી સંતોષ પામવું નહીં, અને તેથી જો તે બુદ્ધિશાળી હોય, તો વ્યક્તિ તેને કહી શકે છે કે, "પણ તું સમજે છે, આ વસ્તુ લેવાનો તેં ઘણો આગ્રહ રાખેલો અને હવે પછી તને પરવા નથી. હવે તારે બીજી વસ્તુઓ જોઈએ છે." તેમ છતાં જો તે વધારે હોંશિયાર હશે તો તે જવાબ આપશે, "સારું, મારો સૌથી શ્રેષ્ઠ ઇલાજ એ છે કે હું જે માગું તે તમે મને આપો."

કેટલાક લોકો આખા જીવન દરમિયાન આ વિચાર સેવે છે. જ્યારે તેમને એમ કહેવામાં આવે કે તેમણે તેમની કામનાઓ ઉપર વિજય મેળવવો જોઈએ ત્યારે તેઓ કહે છે, "સૌથી શ્રેષ્ઠ રસ્તો છે તેમને સંતોષવાનો." આ પ્રકારનું તર્ક નિર્દોષ દેખાય છે. પરંતુ હકીકત એ છે કે જે વસ્તુની કામના હોય તે વસ્તુને ફેરવવાની જરૂર નથી. પરંતુ જે કામનાનો આવેગ છે, જે કામનાની ગતિ છે તેનું રૂપાંતર થવું જોઈએ અને આના માટે વિશાળ પ્રમાણમાં જ્ઞાનની જરૂર છે, અને આ વસ્તુ એક નાના બાળક માટે ઘણી મુશ્કેલ છે.

તે મુશ્કેલ છે. ખરેખર એમની પાસે તર્ક માટે શક્તિ જ નથી; માણસ બાળકોને તે વસ્તુઓ સમજાવી શકે જ નહીં, કારણ કે તેઓ તેનાં પરિણામો સમજતાં જ નથી, તેથી, તમે સમજ્યા, જ્યારે એ પ્રમાણે હોય ત્યારે મા-બાપ ઘણે ભાગે બાળકોને કહે છે, "શાંત રહે, તું આફત છે!" આ રીતે તેઓ મુશ્કેલીમાંથી બહાર નીકળી જાય છે. પરંતુ આ તેનો ઉકેલ નથી. તે ઘણું અઘરું છે. તે એક સતત પ્રયત્ન અને અવિચળ ધીરજ માગી લે છે. કેટલાક લોકો આખા જીવન દરમિયાન આ પ્રકારના જ હોય છે; તેમના આખાય અસ્તિત્વ દરમ્યાન તેઓ નાના બાળકો જેવા હોય છે. અને તેનું કારણ સમજાવવું અશકય છે. જેવી કોઈ વ્યકિત તેમને કહે છે કે તેઓ સમજદાર નથી, અને તેમને બધો જ સમય તેમની ઈચ્છાઓ સંતોષવા માટે માણસ આપી શકે નહીં ત્યારે તેઓ ફકત એટલું જ વિચારે છે, "આ માણસો દુઃખદાયક છે, આ માણસ સારો નથી," એટલું પૂરતું છે,

હકીકતમાં માણસે વસ્તુઓ માટે આ રીતભાતને ખસેડવાથી શરૂઆત કરવી જોઈએ, સાચા દષ્ટિબિંદુથી પ્રાપ્ત થાય તે વધારે સારું છે, અને તે મેળવવી વધારે અઘરી છે. જો કોઈ આ કામનાના આવેગને નીચે પ્રમાણે ફેરવી શકે, દા. ત. જ્યારે બાળક ઈચ્છાઓથી ભરેલું હોય, જો કોઈ માણસ તેને ઉચ્ચ પ્રકારની કામના આપી શકે – ફકત સ્થૂલ વસ્તુઓની કામનામય બનવાને બદલે, તમે સમજો, પૂરેપૂરા ક્ષણભંગુર સંતોષને બદલે – જો કોઈ તેનામાં જ્ઞાનની કામના જાગ્રત કરી શકે, શીખવાની કામના, અદ્ભુત વ્યકિત બનવાની કામના .... તો આ રીતે તમે શરૂઆત કરો, અને આ વસ્તુઓ કરવી અઘરી છે, તેથી ધીરે ધીરે તે આ વસ્તુઓ માટે પોતાની સંકલ્પશકિતનો વિકાસ કરશે અથવા ફકત ભૌતિક દષ્ટિબિંદુથી પણ કોઈ અઘરી વસ્તુ કરવાની કામના તેનામાં વિકસિત કરી શકાય. દા. ત. એક એવું રમકડું બનાવવું જે બનાવવું મુશ્કેલ હોય અથવા એવી રમત આપો જે ખૂબ ધીરજ માગતી હોય, જેમાં ખૂબ ખંતની જરૂર હોય.

જો કોઈ વ્યકિત તેમનામાં નવસંસ્કરણ કરી શકે – તેમાં ઘણા વિવેકની જરૂર છે, ઘણી ધીરજની પણ તે થઈ શકે તેમ છે – અને જો કોઈ આવી વસ્તુ પ્રત્યે તેમનું નવસંસ્કરણ કરી શકે, ઘણી અઘરી રમતોમાં સફળ થવાનું અથવા એવી વસ્તુઓ કરવાની જે ખૂબ કાળજી અને ધ્યાન માગી લે છે, અને તેમને આવી કોઈ દિશામાં ધક્કો મારી શકે જેથી કરીને તેમનામાં એક ધીરજયુકત સંકલ્પશકિત કેળવાઈ શકે, તો પછી આ વસ્તુ નોંધપાત્ર પરિણામો લાવી શકે છે, તેમના ધ્યાનને કેટલીક વસ્તુઓ તરફથી બીજી વસ્તુઓ તરફ વાળો. આ વસ્તુ એક સતત સંભાળ માગી લે છે અને તે એવો માર્ગ હોય છે જે સૌથી વધારે – હું એમ ન કહી શકું

– સૌથી સહેલો, કારણ કે તે ચોક્કસ સહેલો નથી, પરંતુ સૌથી વધારે અસરકારક રસ્તો છે. ના પાડવી તે તેનો ઈલાજ નથી અને હા પાડવી તે પણ તેનો ઈલાજ નથી અને કેટલીક વખત તે સ્વાભાવિક રીતે જ ખૂબ મુશ્કેલ બની જાય છે.

હું એવા માણસોને ઓળખતી હતી. દા. ત. જેમનાં બાળકોને તેઓ જે કાંઈ જુએ તે વસ્તુ ખાવાની ઈચ્છા થતી. તેઓને તે પ્રમાણે કરવા દેવામાં આવતાં તેથી તેઓ ખૂબ માંદાં પડતાં. પછીથી તેઓને ધિક્કાર આવતો. પરંતુ આ થોડું જોખમી છે, ખરુંને ? કેટલાંક બાળકો દરેક વસ્તુ જુએ ત્યારે તેઓ બેચેન બને છે. હવે એક બાળકને તેના હાથમાં દિવાસળીની પેટી આવી. પછી તેને એમ કહેવાને બદલે, "તેને અડકીશ નહિ," તેઓએ તેને તે પ્રમાણે કરવા દીધું. તે પોતે દાઝી ગયો. પછીથી તેણે કદી તેનો સ્પર્શ કર્યો નહિ.

પરંતુ તે થોડું ભયજનક છે, કારણ કે કેટલાંક બાળકો ઘણાં અચેતન હોય છે અને તેમની ઈચ્છાઓમાં ઘણાં હિમ્મતબાજ હોય છે, દા. ત. જેઓને દીવાલની ધાર ઉપર ચાલવું ગમતું હોય છે, અથવા છાપરાની ટોચ ઉપર અથવા તેઓ જેવું પાણી જુએ કે તેમાં પડવાની અથવા નદીમાં ડૂબકાં મારવાની ઈચ્છાવાળા હોય છે, તમે સમજ્યા.... આ કેટલીકવાર બહુ મુશ્કેલ બની જાય છે.... અથવા કેટલાંક જેઓ દરેક વખતે કોઈ કાર આવતી જુએ ત્યારે રસ્તાની સામી બાજુએ જવાની ધૂનવાળાં હોય છે...તેઓ રસ્તો પસાર કરવા માટે પ્રયત્ન કરે છે. તેથી જો તે પ્રમાણે તેમને કરવા દેવામાં આવે, તો આ અનુભવ કોઈક દિવસ પ્રાણઘાતક નીવડે.

વારુ, આવા પ્રકારના માણસોને પણ હું ઓળખતી હતી જેઓ આ પ્રમાણે કરતા, હું જાણતી નથી કે તેઓ તેમાં બહુ સફળ થયા કે કેમ. મેં કહ્યું તે પ્રમાણે બાળક દાઝી ગયું, પણ આ તો એક શાપરૂપ બન્યું, કારણ કે તેણે પાછળ ડાઘ મૂક્યા અને વળી બીજું જે બિલકુલ વિચાર વગર દાદરાના કઠોડો પર રમતું હતું અને પડી ગયું અને તેનું માથું ફૂટ્યું.... તમે સમજ્યા, આ વસ્તુઓને તેમનાં ફળ મળ્યાં પરંતુ તેમને પણ 'ના' કહેવાથી તેઓ સુધરતાં નથી પરંતુ તેનાથી ઊલટું બને છે. અને તેમને એમ કહેવું, "ખાસ આ વસ્તુ લઈશ નહિ, આ તને નુકસાન કરશે." – તો તેઓ તે માનતાં જ નથી; તેઓ એમ વિચારે છે કે આ તો તેમની ઈચ્છામાંથી છુટકારો મેળવવા માટે કહેવાયેલું છે.

આ ઘણી અઘરી સમસ્યા છે. કોઈ એવો માણસ હતો જેને આ પ્રકારના ખ્યાલો હતા, શિક્ષણમાં સ્વાતંત્ર્ય વિશે, અને તેણે મને કહેવા માટે સિદ્ધાંતો બનાવેલા કે વ્યક્તિગત સ્વતંત્રતાને એટલે સુધી માન આપવું જોઈએ કે નવા લોકોને માટે

ભૂતકાળના અનુભવોનો ઉપયોગ કદી ન કરે છતાં અને આપણે તેમને તેમના પ્રયોગો પોતાની જાતે જ કરવા દેવા જોઈએ.

આ ઘણે દૂર સુધી જાય છે અને હું અકસ્માતોને અટકાવવા પ્રયત્ન કરતી તેથી તેઓ મને કહેતા, "તમે તેમને અટકાવવામાં પૂરેપૂરા ખોટા છો." તેથી મેં કહ્યું "પરંતુ જો કોઈ મૃત્યુ પામે તો," – "સારું એનો અર્થ એ કે તેને મૃત્યુ પામવાનું હતું. તમને તેના ભાગ્યની અને તેમના વિકાસની સ્વતંત્રતા વચ્ચે પડવાનો હક નથી. તેઓને મૂર્ખાઈઓ કરવાં છે, તો તેમને મૂર્ખ વસ્તુઓ કરવા દો. જ્યારે તેઓને અનુભવ થશે કે આ બધી મૂર્ખાઈઓ છે, ત્યારે તેઓ તે પ્રમાણે નહીં કરે." અને આમાં ઓછા દાખલાઓ છે જેમાં વ્યકિત ફરી વાર કદી એવું કરવાની નથી કારણ કે તેણે મર્યાદા ઓળંગી લીધેલી હોય છે.

તે ઘણી જટિલ સમસ્યા છે, જો કોઈને તેના વિશે સિદ્ધાંત નક્કી કરવો હોય તો. પરંતુ દરેક દાખલો જુદો જ હોય છે અને જુદી જ પદ્ધતિ માગે છે. અને હકીકતમાં જો કોઈને બાળકને ઉત્તમ શિક્ષણ આપવાની ઈચ્છા હોય તો તેણે પોતાનો બધો જ સમય તે માટે કાઢવો જોઈએ. તે કાંઈ પણ બીજું કરી શકે નહીં કારણ કે એવી તે ભાવના રાખે છે કે દેખીતી રીતે તેણે તેના ઉપર નજર ન રાખવી જોઈએ જેથી કરીને સાથી વસ્તુ સાચા સમયે તે કરે, તેણે તેનું કાયમ નિરીક્ષણ કરવું પડે, તેને ખબર પણ ન પડે તેવી રીતે તેનું તેમણે નિરીક્ષણ કરવું જોઈએ અને વ્યકિત તેના સિવાય બીજું કાંઈ પણ કરી શકે નહીં.

એટલે કદાચ માણસે બે વચ્ચેનો મધ્યમ માર્ગ શોધવો જરૂરી છે, આ બન્ને છેડાઓ વચ્ચેનો; તેનું બધો જ સમય નિરિક્ષણ કરવું, અને તેને પૂરેપૂરો સ્વતંત્ર રીતે મુકત રાખવો, એટલે સુધી કે તેને અકસ્માતો બનવાની શકયતા વિશે ચેતવણી પણ ન આપવી; એક એવી વ્યવસ્થા જે દરેક મિનિટે ગોઠવવી જોઈએ ! તે મુશ્કેલ છે.

> અહીં લખ્યું છે, "અતિમાનસ ચેતનાની અપરિપકવ કાળે માગણી કરવી અથવા તો તેનો ફકત સ્વાદ પણ ચાખવો એ કોઈ પણ વ્યકિત માટે બિનડહાપણ ભરેલું છે." અતિમાનસ ચેતનાનો પ્રથમ સ્વાદ એટલે શું ?

તેનાથી વધારે બિનડહાપણભર્યું તો પોતાને તેની પ્રાપ્તિ થઈ છે એવી કલ્પના કરવી તે છે. તો વસ્તુસ્થિતિ તે પ્રમાણે છે. હા, કારણ કે કેટલાક લોકો જેવા તેઓ શિક્ષણમાં પુસ્તકમાંથી એક શબ્દસમૂહ મેળવે છે કે તરત જ તેઓ કલ્પના કરે છે કે તેમને તેનો સાક્ષાત્કાર થઈ ગયો છે. તેમ જ્યારે શ્રી અરવિંદે

અતિમનસ વિશે બોલવાનું શરૂ કર્યું ત્યારે – તેઓ જે લખતા હતા તેમાં – દરેકે તેમને લખ્યું: "મેં અતિમાનસનો પ્રકાશ જોયો છે, મને અતિમનસની અનુભૂતિ થઈ હતી." હવે "અતિમનસ" શબ્દને આગળ ઉપરના સમય માટે રાખીએ તો વધારે સારું છે. આ ક્ષણે આપણે તેના વિશે વાત ન કરીએ.

કોઈક જગાએ તેમણે માણસને પ્રાપ્ત થઈ શકે એવી બધી જ માનસિક શક્તિઓનું ખૂબ વિસ્તૃત વર્ણન કરેલું છે. વારુ જ્યારે આપણે આ વાંચીએ છીએ ત્યારે આપણે તે વિશે વાત કરીએ છીએ જે માનસિક મુસાફરીમાં તેની ઉચ્ચતમ મર્યાદા સુધી, તેમાં કેટલીયે અવસ્થાઓ છે જે હજુ સુધી ઓળંગાઈ નથી તે વિશે વાત કરીએ છીએ, તેથી કરીને હાલના સમય પૂરતું આપણે અતિમનસ વિશે વાત કરવાની જરૂર પણ નથી.

જ્યારે તેઓ મનના ઉચ્ચતર પ્રદેશો વિશે વાત કરે છે, ત્યારે માણસને ભાન થાય છે કે તે ભાગ્યે જ તે જગાઓમાં રહે છે. ચેતનાની તે અવસ્થામાં રહેવું કોઈ પણ વ્યક્તિ માટે ઘણું વિરલ છે. ઊલટું આપણે જેમાં જીવીએ છીએ તે જેને તેઓ બિલકુલ સામાન્ય મનસ્ કહે છે તે સામાન્ય માણસનું મન છે. અને સામાન્ય ચેતનાની વૃદ્ધિ માટે તે ઘણો ઉચ્ચ પ્રદેશ હોય તેમ લાગે છે; અને તેના માટે તર્ક તો એક માનવબુદ્ધિની બહુ સામાન્ય શક્તિમાંની એક છે. કેટલાક માનસિક પ્રદેશો એવા છે જે તેનાથી ઘણા ઉચ્ચતર છે અને તે પ્રદેશોનું તેમણે વિગતવાર વર્ણન કરેલું છે. અને તે ચોક્કસ છે કે તે પત્ર લખનારાઓ, જો તેમનામાં કાંઈક હોત .... ઓચિંતા તેઓ કહેવા લાગ્યા કે તેમને અદ્‌ભુત અતિમાનસની અનુભૂતિઓ થવા લાગી હતી કારણ કે વ્યક્તિ ભાગ્યે જ આ પ્રદેશોમાં હોય છે જે પ્રદેશો બુદ્ધિથી પર રહેલા છે જે તર્કથી પર છે, જે પ્રદેશો સીધા જ દર્શનના પ્રદેશો છે, પ્રેરણાના અને બીજી બધી એક જ પ્રકારની આંતઃપ્રેરણાની શક્તિના પ્રદેશો છે જે તર્કથી ઘણે દૂર છે, અને આ બધા તેમ છતાં મનના પ્રદેશો છે, તેઓમાં અતિમાનસનું કાંઈ પણ નથી.

> માતાજી, તમે કહ્યું છે કે મન અને અતિમનસ વચ્ચે ઘણી ભૂમિકાઓ છે. નથી કહ્યું? અને એમ લખાયું છે કે પ્રકૃતિની ઉત્ક્રાંતિમાં બીજું તરતનું તાર્કિક પગથિયું અતિમાનવ છે. શા માટે એવી જાતિ નહિ જે ....

આંતરાલ? આપણે તે વિશે આગળ ઉપર જોઈશું.

> આનો અર્થ એવો ખરો કે મનમાંથી આપણે આંતરાલ અવસ્થાઓમાંથી પસાર થયા વગર અતિમનસ પ્રત્યે જઈ શકીએ?

મેં એમ નથી કહ્યું કે તે અવસ્થાઓ મન અને અતિમનસ વચ્ચે રહેલી છે. મેં કહ્યું કે એ મનની પોતાની અંદર જ છે, મનમાંથી બહાર આવ્યા સિવાયના આ બધા કેટલાક એવા પ્રદેશો છે જેઓ ઘણાખરા મનુષ્યો માટે અગમ્ય હોય છે. મેં મન અને અતિમાનસ વચ્ચે – એમ કહ્યું નથી. આજની સાંજે હું બોલી હતી કે કોઈ બીજા સમયે ?

તમે કઈ વસ્તુઓ વિશે વાત કરો છો ? મેં આજે સાંજે જે કાંઈ કહ્યું તે અથવા મેં બીજા કોઈ દિવસે કહ્યું તે ?

આજની જ સાંજે, તમે કહેતા હતા....

ના, તમે સાંભળ્યું નહિ. મેં મનમાં તેના પોતાનામાં જ છે એમ કહ્યું. મનની છેક છેવટની મર્યાદાને પહોંચતાં પહેલાં એટલા બધા પ્રદેશો છે અને એટલી બધી માનસિક ક્રિયાઓ છે જે ઘણાખરા માણસો માટે પ્રાપ્ત કરવી બિલકુલ શકય નથી. અને તેઓના માટે પણ જેઓ તે પ્રદેશ સુધી પહોંચી શકે છે, તે એ પ્રદેશ નથી જેમાં તેઓ સતત જીવતા હોય. તેઓએ ત્યાં પહોંચવા માટે એકાગ્રતાથી પ્રયત્ન કરવો પડે છે અને તેમ છતાં તેઓ કાયમ જ પહોંચતા નથી. કેટલાક પ્રદેશો એવા છે જેમનું શ્રી અરવિંદે વર્ણન કરેલું છે, જેમાં ફકત વિરલ વ્યક્તિઓ જ પહોંચી શકે છે, અને તેમ છતાં તેઓ કહે છે કે આ બધા પ્રદેશો મનોમય છે; અને આ પ્રદેશો માટે તેઓ અતિમાનસ શબ્દ વાપરતા નથી.

એ બહુ સારી રીતે બની શકે તેમ છે – ઉપરાંત જયારે તેમણે અતિમનસ વિશે કહ્યું ત્યારે તેમણે કહેલું કે ત્યાં અતિમનસમાં ઘણા બધા પ્રદેશો છે, અને કુદરતી રીતે પહેલા જ પ્રદેશો, સૌથી નિમ્ન ભૂમિકાવાળા પ્રદેશો ફકત આવિર્ભાવ પામવાની શરૂઆત કરે – તેમાં એવું બની શકે કે સ્વરૂપની અંતરાલ અવસ્થાઓની ઘણી સંખ્યા છે. આ બધી જ અંતરાલ અવસ્થાઓ શકય છે.

ચોક્કસ એક પૂર્ણ માનવજાતિ સ્વયંસ્ફુરિત રીતે આવશે નહીં, ઘણે ભાગે આવશે નહીં, પરંતુ હાલમાં, સૌથી પ્રથમ પ્રયત્નોમાં પણ .... હાલના માનવીઓની સરખામણીમાં તે એક ઘણો મોટો ફેરફાર કરશે, એટલા પ્રમાણમાં મહાન કે વ્યકિત એવું અનુભવશે કે આ કોઈક ચમત્કારિક વસ્તુ છે.

એવું સારી રીતે બની શકે કે પ્રથમ અતિમાનસના આવિર્ભાવો બિલકુલ અપૂર્ણ હશે. પરંતુ આ વસ્તુઓને પણ હાલમાં માનવ જેવો છે તે એવી કોઈક વસ્તુ લાગશે જે બિલકુલ જડ હોય. વૈશ્વિક વિકાસમાં કોઈ રૂકાવટનો ગાળો નથી. અને જે વસ્તુ એક વખતે પૂરેપૂરી પૂર્ણ અને સંપૂર્ણ થયેલી લાગે તે ભવિષ્યના આવિર્ભાવો માટે

ફક્ત એક અવસ્થા જ હશે. પરંતુ માણસોને નીચે બેસીને એમ કહેવું છે, "મારે જે કામ કરવાનું હતું તે હવે મેં પૂર્ણ કર્યું છે".

પરંતુ વિશ્વ એ પ્રકારનું નથી; તે બેસી રહેતું નથી, તે આરામ કરતું નથી, એ આગળ ચાલ્યાં જ કરે છે. વ્યક્તિ કદી એમ ન કહી શકે, "હવે બધું પૂર્ણ થઈ ગયું, હવે હું મારું બારણું બંધ કરી દઉં છું, અને હવે એટલું પૂરતું છે." વ્યક્તિ બારણું બંધ કરી શકે પરંતુ તે જગતની ગતિમાંથી પોતાની જાતને કાપી નાખે છે. પ્રગટીકરણ કાયમ સાપેક્ષ હોય છે, અને પ્રથમ સ્વરૂપ જે હવે પછી માનવ-પ્રાણી નથી પરંતુ દિવ્ય માનવ બનવાની શરૂઆત કરે છે, એક દિવ્ય માનવ, તે સંપૂર્ણ અદ્‌ભુત લાગશે. તેમ છતાં એ ઘણો સંપૂર્ણ હશે. જેટલા પ્રમાણમાં નવી પૂર્ણ જાતિ થવાની છે તેની સરખામણીમાં આ સતત ગતિમાં રહેવા માટે વ્યક્તિએ અવશ્ય ટેવાવું જોઈએ. કોઈક વસ્તુ એવી છે જેને આ વસ્તુ ખૂબ પસંદ છે – તે કાર્યની સરળતા માટે કદાચ જરૂરી હોય, એક ધ્યેયને નક્કી કરવું અને પછી કહેવું, "ખરેખર આ છેવટની વસ્તુ છે." પણ તે બધું જ નથી. "આ પૂર્ણતા છે" – કેવળ પૂર્ણતા કદી હોતી નથી. બધી જ વસ્તુઓ કાયમ સાપેક્ષ હોય છે અને સતત રીતે તેમાં ફેરફાર થયા જ કરે છે.

તો પછી આપણે આ સ્થિતિમાં છીએ. મને લાગે છે કે આટલું પૂરતું છે, હવે કોઈ અગત્યના પ્રશ્નો નથી ને? ઘણું સારું.

૮ ડિસેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના "યોગસાધનાના પાયા", પ્રકરણ ૨, "શ્રદ્ધા-અભીપ્સા-સમર્પણ" ઉપર આધારિત છે.

મધુર માતાજી, "ચૈતસિકનું શારીરિકમાં સમર્પણ"નો શો અર્થ ?

આપણે આ વિશે ગયે વખતે વાત કરી છે. ખરુંને ? હું એમ માનું છું. ચૈતસિક સમર્પણ પોતાની જાતને શારીરિક ચેતનામાં અભિવ્યકત કરે છે; એટલે કે શારીરિક ચેતના, ચૈતસિક સમર્પણનું વલણ ધારણ કરે છે. શારીરિક ચેતના ચૈતસિક ચેતનાની અસરને ગ્રહણ કરે છે અને એવું વલણ ધારણ કરે છે જે ચૈતસિક સમર્પણ આપે છે. આપણે તે વિશે વાત કરેલી છે; મને ખાતરી છે મેં આ પ્રમાણે જ કાંઈક કહ્યું હતું.

(એક બાળક પ્રત્યે) અને તું, તેં કહ્યું કે તારે કાંઈક પૂછવાનું છે ?

અહીં એમ કહેવાયું છે, "વૈશ્વિક ચેતનાનો વિકાસ કરો". આપણે તે કઈ રીતે કરી શકીએ ?

વૈશ્વિક, કેમ ? આ તો મને પહેલાં પુછાયેલું છે. કોઈએ મને પૂછેલું, "આપણે કઈ રીતે બાળકોને વૈશ્વિક ચેતનાનો વિકાસ કરવાનું શીખવી શકીએ ?" અને મેં જવાબ આપેલો, "પહેલાં તમારી પોતાની અંદર જ વિકાસ સાધો."

તમે કઈ રીતે તે કરી શકશો ? તમે જાણો છો કે વૈશ્વિક ચેતના શું છે ? પ્રથમ તો તમારે તે જાણવાથી જ શરૂઆત કરવી જોઈએ. વૈશ્વિક ચેતનાનો અર્થ એ કે માણસ પોતે બિલકુલ બીજાથી સ્વતંત્ર એકલી વ્યકિત છે અને બધાથી ભિન્ન પ્રકારનો છે એમ માનવાને બદલે, તેણે એમ અનુભવવું જોઈએ કે તે એક વિશાળ સમગ્રતાનો, એક જ ભાગ છે, અને તે પૂર્ણ સમગ્રતાના સંબંધમાં બીજી વ્યકિતઓને, આંદોલનોને અને ગતિઓને પોતાનામાં ગ્રહણ કરે છે અને તેનાં પોતાનાં આંદોલનો બીજાઓમાં પસાર કરે છે અને ચેતનાની ગતિઓ અને માનસશાસ્ત્રીય આંદોલનો એક વ્યક્તિમાં પોતાનામાં પુરાઈને અટકી જતાં નથી. અને તે વ્યકિત જાણે કે એક કોચલામાં હોય અને બીજા બધા સાથે તેને સંપર્ક ન હોય એવું તેણે અનુભવવું

જોઈએ નહીં. શક્તિઓ પસાર થાય છે, એક વ્યક્તિ તરફથી બીજી વ્યક્તિ તરફ જાય છે, એકનો અહીં સ્પર્શ કરે છે, બીજાનો ત્યાં અને આ બધી શક્તિઓ એટલી બધી જટિલ હોય છે અને એટલી બધી બહુવિધ કે આપણે એમ કહી શકતા નથી કે કયાં એકની શરૂઆત થાય છે અને બીજી કયાં પૂરી થાય છે. માણસને એવી છાપ પડે છે કે જાણે સમગ્ર વિશ્વ પોતાની અંદર ફરતું હોય, તે એવા પ્રકારનું હોય છે – તે વૈશ્વિક ચેતના છે.

તેથી સૌથી પ્રથમ તો તમારે આ વિશે વિચાર કરવો જોઈએ; તમારે પ્રથમ સભાન બનવું જોઈએ કે વૈશ્વિક બૃહદમાં તમે એક બિંદુ જ છો અને તમે એકલા છૂટા પડેલા નથી પરંતુ તમે બીજા સાથે જોડાયેલા છો અને પછી તમારે તમારો પોતાનો અભ્યાસ કરવો જોઈએ અને તમારું પોતાનું નિરીક્ષણ કરવું જોઈએ. તમને તાત્કાલિક એવી તક મળશે જે તમને બહારથી આવતાં આંદોલનોને તમે જોઈ શકો તેમ જ તેઓ તમારામાં પસાર થાય છે પરંતુ તમારામાંથી ઉત્પન્ન થતાં નથી. તમે તેમને ગ્રહણ કરો છો અને તેમને અભિવ્યકત કરો છો. તેથી ધીરે ધીરે અભ્યાસ કરતાં કરતાં, જોતાં અને નિરીક્ષણ કરતાં તમે તે વસ્તુ વિશે સભાન થશો જે મર્યાદિત નથી. આ રીતે તમે વૈશ્વિક અથવા બ્રહ્માંડની ચેતનાને પ્રાપ્ત કરવાથી શરૂઆત કરશો. બ્રહ્માંડની અથવા વૈશ્વિક બન્ને એક જ વસ્તુ છે.

અહીં લખ્યું છે, "સાક્ષાત્કારની ખેંચતાણ કે પકડ રાખવી નહીં."
સાક્ષાત્કારની 'ખેંચતાણ અને પકડ'નો શો અર્થ, મધુર માતાજી ?

ખેંચતાણ નહિ — અને શું ?

પકડ....

તમે મૂઠીમાં પકડી રાખવું તેનો અર્થ સમજો છો ? (**બાળક ચેષ્ટાથી પોતાનો અર્થ અભિવ્યકત કરે છે, માતાજી હસે છે.**) ઘણું સારું, તેનો અર્થ છે, તેઓ શું કહે છે, પકડી રાખવું ન જોઈએ કે માણસ પકડી શકતો નથી – શું કહે છે ?

માણસે પકડી રાખવું જોઈએ નહિ, મધુર માતાજી.

એનો અર્થ કે માણસે તેમ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ. કારણ કે આવા પ્રકારની ક્રિયાને તે આજ્ઞાધીન થતું નથી. આવા માણસો ઉગ્ર રીતે પ્રગતિ કરવા પ્રયત્ન કરે છે. તેમનામાં ધીરજ હોતી નથી, ખાંત હોતો નથી, અને જયારે તેમનામાં કોઈ ઇચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે તેમને તેને તાત્કાલિક સંતોષવી હોય છે, હવે, તેમને કોઈક વસ્તુની ઇચ્છા હોય છે. આપણે એમ કહીએ કે તેમના ચારિત્ર્યમાં ફેરફાર કરવાની, અથવા તેમના સંજોગો બદલવાની, અથવા આવી

વસ્તુઓનો કોઈ સમૂહ – અને પછીથી તેમને તાત્કાલિક તે વસ્તુઓ મેળવવી હોય છે અને આ વસ્તુઓ કંઈ એકદમ બની જતી નથી. તેથી તેઓ ઊર્ધ્વમાંથી તેને નીચે ખેંચે છે. આ વસ્તુને શ્રી અરવિંદ 'પકડ' કહે છે. તેઓ તેને પકડે છે અને તેમના પોતાના તરફ ખેંચે છે, પરંતુ આ રીતે તો વ્યક્તિને સાચી વસ્તુ મળતી નથી, તેમ જ આ ક્રિયા પણ સાચી નથી; માણસ ઉગ્રતાનું પોતાની અભીપ્સા સાથે મિશ્રણ કરી દે છે, અને આ વસ્તુ કોઈક જગ્યાએ ગોટાળો ઉત્પન્ન કરે છે; અને સોદામાં તે સાચી વસ્તુને પ્રાપ્ત કરી શકતો નથી. વ્યક્તિને અસલ વસ્તુને બદલે ફક્ત નકલ જ મળી શકે છે, કારણ કે આ વસ્તુ એ પ્રમાણે આવતી નથી, જાણે કે કોઈક વસ્તુને તમે પૂંછડેથી ખેંચો એ રીતે તે વસ્તુ ખેંચાતી નથી; તે આવશે નહીં. પકડ ! માણસ જ્યારે ઊંચે ચડવું હોય ત્યારે દોરડાને ખેંચીને પકડી રાખે છે. તે જ પ્રમાણે બને છે જ્યારે માણસ ખેંચે છે, પરંતુ દોરડું એક વાર પકડી લીધું પછીથી તેણે તેને ખેંચવાનું હોતું નથી. એટલું પૂરતું છે.

માતાજી, સ્વરૂપની કેન્દ્રવર્તી સંકલ્પશક્તિ શેના ઉપર આધાર રાખે છે ?

ઈહ ! તે શેના ઉપર આધાર રાખે છે ? તેનો અર્થ ? તારે ચોક્કસ શું કહેવું છે ? તેનો આવિર્ભાવ શેના ઉપર આધાર રાખે છે અથવા તેના અસ્તિત્વ માટે તે પોતે કોના ઉપર આધાર રાખે છે એમ તારે પૂછવું છે ?

કેન્દ્રવર્તી સંકલ્પશક્તિ પોતે જ કોના ઉપર આધાર રાખે છે ? . . . .

કેન્દ્રવર્તી સંકલ્પશક્તિ દિવ્ય સંકલ્પશક્તિ ઉપર આધાર રાખે છે. તે દિવ્ય સંકલ્પશક્તિની વ્યક્તિગત અભિવ્યક્તિ છે અને દિવ્ય સંકલ્પશક્તિ એક દિવ્ય ચેતનાની અભિવ્યક્તિ છે, જે ચેતના પોતાની જાતનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર કરવા માટે તૈયાર છે.

માણસ કઈ રીતે કેન્દ્રવર્તી સંકલ્પશક્તિ વિશે સભાન બની શકે ?

આહ ! આ તો પ્રશ્નની બીજી બાજુ થઈ. સૌપ્રથમ માણસે જે વસ્તુ, સૌથી ઉચ્ચતમ, સૌથી સાચી, સૌથી વૈશ્વિક છે, તેના વિશે સભાન બનવું જોઈએ અને તેની પોતાની ચેતનામાં રહેલા શાશ્વત વિશે પણ.

આ વસ્તુ ધીરે ધીરે શીખાય છે. વ્યક્તિ તેની પોતાની સામાન્ય અને બાહ્ય ક્રિયાઓ વિશે અને તેની પોતાની આંતર ચેતનાની જાતિઓ વચ્ચે વિવેક કરવાનું શીખે છે, અને જો કોઈ વ્યક્તિ અમુક ખંતપૂર્વક આ વસ્તુ કરવાનું ચાલુ રાખે તો તેને અનુભવ થશે કે કઈ વસ્તુ તેના સ્વરૂપમાં રહેલા ઉચ્ચતમ ભાગને ગતિમાં મૂકે છે. જે વસ્તુ સ્વરૂપના આદર્શને રજૂ કરે છે. આ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

કેટલીક વખત આ વસ્તુ વાચન દ્વારા જાગ્રત થાય છે, કેટલીક વખત વાર્તાલાપ દ્વારા, કેટલીક વખત કોઈ ઓછાવત્તા પ્રમાણમાં નાટકીય વસ્તુ બને, એટલે કે, કોઈક અણધાર્યો બનાવ, જે તમને ધક્કો આપે છે, તમને હલબલાવી નાખે છે, તમારી રોજિંદી, સાંકડી, ધરેડમાંથી તમને બહાર લાવે છે. તે દ્વારા કેટલીક વખત તમે ઘણા મોટા જોખમમાં હો છો, ત્યારે તમને ઓચિંતા એવો અનુભવ થાય છે કે તમારી પોતાની જાત કરતાં તમે કયાંક ઊંચે ચડી ગયા છો અને તમે તમારી રોજિંદી નબળાઈઓમાંથી તમે ઊર્ધ્વમાં ગયા હો છો. તમારી અંદર જ કોઈક ઉચ્ચતર વસ્તુ છે જે તમને તમારા સંજોગો સામે ટકાવી રાખી શકે છે.

આવા સંજોગો તમને પહેલવહેલાં તે વસ્તુના સંપર્કમાં પ્રવેશ કરાવે છે પછીથી એક પદ્ધતિસર શિસ્તથી તે સંપર્કને તમે ચાલુ રાખી શકો છો; પરંતુ આ વસ્તુ ઘણો લાંબો સમય લે છે. પરંતુ પહેલાં તો તે તમને આવી ઓચિંતી રીતે એક યા બીજા કારણસર મળી આવે છે.

(લાંબું મૌન)

આ વસ્તુ કદાચ તીવ્ર લાગણીઓ સાથે પણ આવી શકે, તીવ્ર વિષાદમાંથી પણ, અથવા અતિશય ઉત્સાહમાંથી પણ આવી શકે. જ્યારે કોઈને ઠીક ઠીક પ્રમાણમાં અપવાદરૂપ કાર્ય કરવાની ફરજ પડે, એવા સંજોગોમાં જે અપવાદરૂપ હોય, ત્યારે ઓચિંતા વ્યક્તિને કોઈક એવી અનુભૂતિ થાય છે કે તેની અંદર કાંઈક તૂટતું હોય અથવા ખુલ્લું થતું હોય અને તેને એવો અનુભવ થાય છે કે જાણે તે પોતાની જાતનો શાસક ન હોય, જાણે કે સીડીનાં ઊંચાં પગથિયાં ઉપર ચડી ગયો હોય અને ત્યાંથી તેની રોજિંદી ઈન્દ્રિયો વડે પોતાના અસ્તિત્વની ઉપર ત્યાં રહ્યો રહ્યો નજર રાખતો હોય. એક વખત માણસને આ અનુભૂતિ થઈ કે પછી તે કદી તેને ભૂલતો નથી; ફક્ત એક જ વખત આ વસ્તુ બની આવે છે. અને માણસ તેને ભૂલતો નથી, અને પછી માણસ પોતાની એકાગ્રતાથી, પોતાની ઈચ્છા પ્રમાણે આ અવસ્થાનું નવસર્જન કરી શકે છે. આ પ્રદેશના ખેડાણ માટે આ પ્રથમ પગથિયું છે.

પાછળથી આ અવસ્થાને, જ્યારે તે નિર્ણય કરે ત્યારે દરેક વખતે સહેલાઈથી બોલાવી શકે છે, અને પછીથી જે વસ્તુઓ બનવાની છે, તેમાં રહેલી ગર્ભિત વસ્તુઓ અને ભવિષ્યદર્શનનું તેને પૂર્ણ ભાન હોય છે. મને લાગતું નથી કે આ જગત ઉપર એક પણ માણસ એવો નથી જેણે આ વસ્તુનો અનુભવ ન કર્યો હોય – કોઈ પણ સંજોગોમાં સંસ્કારી વ્યક્તિએ – પોતાના જીવનમાં ફક્ત એક વખત, કોઈક વસ્તુ જે ભાંગે છે અને ખુલ્લી થાય છે.... અને માણસ સમજી જાય છે. આ

વસ્તુ તમને બહુ આશ્ચર્ય પમાડે છે!.... (એક બાળક તરફ) તેં આ વસ્તુનો કદી અનુભવ કર્યો નથી? તે કર્યો છે ને?

હું જાણતો નથી.

તને તેની ખાતરી નથી! (લાંબું મૌન)

જ્યારે માણસને આ અનુભવ થાય છે ત્યારે તેને એવી લાગણી થાય છે કે હવે તેણે જીવવાની શરૂઆત કરી છે. આની પહેલાં તેને ખબર પણ નહોતી કે જીવન શું હતું. ઓચિંતા માણસ પૂર્ણપણે પ્રવેશ કરે છે. આ વસ્તુ કદી ભુલાતી નથી.

(એક બાળક પ્રત્યે) હવે તારે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, સહજ સ્ફુરણા કઈ ભૂમિકાની વસ્તુ છે?

આપણે ગયે વખતે જે પ્રદેશો વિશે વાતચીત કરતા હતા, તે ભૂમિકાઓમાંની એક છે, તે ઉચ્ચતર મન અને અધિમનસ વચ્ચેની અંતરાલ ભૂમિકા છે.

તે કઈ રીતે આવિર્ભાવ પામે છે, મધુર માતાજી?

ઉંમ! તે કઈ રીતે આવિર્ભાવ પામે છે? એ એવી વસ્તુ છે જે કોઈ પણ જાતના તર્ક, કોઈ પણ જાતનું પૃથક્કરણ કે કોઈ પણ જાતના તારણ સિવાય બની આવે છે, બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય, મગજનો ઉપયોગ કર્યા સિવાય, પ્રશ્નના મુદ્દાને એકઠા કર્યા સિવાય, અને તેના ઉકેલનો પ્રયત્ન કર્યા સિવાય – એ તમે ધારો એ રીતે ઉત્પન્ન થતી જ નથી. તે ઓચિંતાની ચેતનામાં પ્રકાશની માફક આવે છે; તે મગજમાં પણ આવી શકે છે તેનાથી નીચે પણ આવી શકે છે, બીજી કોઈ પણ જગાએ આવી શકે છે; તે ચેતનામાં આવેલો પ્રકાશ છે જે એક વિશિષ્ટ મુદ્દાના વિશે સ્પષ્ટ જ્ઞાન લઈને આવે છે અને તે પૃથક્કરણ અને તારણોનું પરિણામ હોતું નથી. હકીકતમાં તદ્રૂપતા દ્વારા તે જ્ઞાનનો પ્રથમ આવિર્ભાવ છે. એકતા દ્વારા જ્ઞાન – તેનો અર્થ શો તે સ્પષ્ટ રીતે સમજી શકે છે ને?

જો કોઈ વ્યક્તિ કોઈ વસ્તુની સાથે પોતાની જાતને તદ્રૂપ બનાવવામાં સફળ થાય, તો તે આ વસ્તુરૂપ થોડો સમય માટે બની જાય છે, અને તે વસ્તુમય બનવાથી તેમાં જે કાંઈ હોય તેને જાણે છે અને તેને માટે કોઈ અનુમાન કરવાની કે રચના કરવાની જરૂર રહેતી નથી (લાંબુ મૌન) એટલું બસ છે.

જરૂર એક પ્રકારની દીર્ઘદૃષ્ટિ પણ હોય છે. પરંતુ તેનું સ્વરૂપ આ પ્રકારનું હોતું નથી. દીર્ઘદૃષ્ટિ એકતા વડે જ્ઞાનની શક્તિમાંથી આવે છે. જો વ્યક્તિ પોતાની ચેતનાનો કોઈ વસ્તુમાં પ્રક્ષેપ કરે – કોઈ સંજોગ કે બનાવ કે વ્યક્તિમાં – જો તે પોતાની

ચેતનાનો પ્રક્ષાપ કરે, તો તેને પછીથી જે વસ્તુની સાથે ચેતના ભળી ગઈ હતી, તેનું સ્પષ્ટ સૂચન મળે. અને આ વસ્તુ એક સમગ્ર અને નિરપેક્ષ જ્ઞાન તરફ ધીરે ધીરે દોરી જાય છે. હકીકતમાં જ્ઞાન માટે આ એક જ રસ્તો છે અને જો કોઈ વ્યકિત પોતાની ચેતનાને પૂરતા અંતર સુધી આગળ ધપાવી શકે અને પ્રભુની સાથે પોતાની તદ્રૂપતા સાધી શકે તો તેને દિવ્યજ્ઞાન મળે અને આ અશકય નથી. આ વસ્તુ શકય છે. વિશ્વ તે પ્રકારનું બનેલું છે, અને તેને માટે બનેલું છે. ફકત તે સાચા માર્ગમાંથી આડે રસ્તે ગયેલું છે; કયા કારણસર, તે માણસ જાણતો નથી. આહ, કેવી વિચિત્ર વસ્તુઓ આપણે જોઈએ છીએ ! .... ખાતરીબંધ વ્યકિત જાણે છે અને પછી તે જ સમયે આશ્ચર્ય અનુભવે છે કે આ કઈ રીતે બને છે.

તમે કોઈ બીજા માણસની ચેતનામાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે કે ત્યાં શું ચાલે છે તે તમે જોઈ શકો ? આમાં તમારે તમારી ચેતનાનો તેમાં પ્રક્ષેપ કરવાનો નથી, કારણ કે તો પછી તમે તમારી જાતને તેની અંદર જોશો અને તેમાં રસ ન પડે – પરંતુ તેની અંદર રહેલી ચેતનાના સંપર્કમાં પ્રવેશ મેળવવાથી, દા.ત. એક યા બીજા કારણસર તમે વસ્તુઓને સગી આંખે ન જોઈ શકો, એક વ્યકિત તે વસ્તુઓને એક રીતે જુએ અને બીજો બીજી રીતે જુએ છે. જો લોકો કાંઈક સમજદાર હોય તો તકરાર ન કરે પરંતુ તેઓ સમજદાર ન હોય તો ઝઘડો કરવાની શરૂઆત કરે. તો પછી ઉત્તમ રીત છે કે ઝગડવાને બદલે બીજાની ચેતનામાં પ્રવેશ કરવો અને તમારી જાતને પૂછવું કે શા માટે તે માણસ વસ્તુઓને તે પ્રમાણે કહે છે; અને કઈ વસ્તુ તેને આમ કરવા અથવા બોલવા માટે ધક્કો મારે છે ? આંતરિક કારણ શું છે અને આ પ્રકારનું વલણ લેવા માટે તેનું વસ્તુઓ પ્રત્યેનું દષ્ટિબિંદુ કયું છે ? જો તમે આ કરો તો તમે તાત્કાલિક ગુસ્સો કરતા બંધ થઈ જશો. પ્રથમ વસ્તુ: તમે હવે બિલકુલ ગુસ્સો કરી શકશો નહીં. તેથી આ એક મોટો ફાયદો છે. પરંતુ તેમ છતાં બીજી વ્યકિત ગુસ્સે થવાનું ચાલું રાખે તો તમારા ઉપર તેની બિલકુલ અસર થશે નહીં.

અને પછીથી વ્યકિત પોતાની જાતને સંપૂર્ણ તદ્રૂપ બનવાનો પ્રયત્ન કરી શકે, અને વિભકતતા અને વિકૃતિઓની ગતિઓને અટકાવી શકે – તે ઘણું ઉપયોગી છે.

(એક બાળક પ્રત્યે) મને લાગે છે કે મેં તને આ પ્રક્રિયાની ભલામણ ઘણી વખત કરેલી છે. મને યાદ છે. તેં પ્રયત્ન કરી જોયો છે ? તું ત્યાં છે તેને હું કહું છું ! તેં પ્રયત્ન કર્યો છે ? નહીં ? આહ, તું જીદ્દી છો. નથી કર્યો ? (બાળક કાંઈ બોલતો નથી) તે કાંઈ પણ કહેશે નહીં .... સારું, આપણે તેના વિશે વધારે વાત ન કરીએ

તો પછી એટલું પૂરતું છે, મારાં બાળકો ? બીજું કાંઈ છે ? બીજા પ્રશ્નો નથી? ત્યાં પણ કાંઈ નથી, નથી ?

માતાજી, કેન્દ્રવર્તી પુરુષ એ જ ચૈત્ય પુરુષ ?

લોકોના અતિશય વિશાળ સમૂહ માટે ચૈત્ય પુરુષ એ જ કેન્દ્રવર્તી પુરુષ. પરંતુ કેન્દ્રવર્તી પુરુષની એક બીજી જ ચેતના અને અન્ય ભૂમિકા સાથે તાદાત્મ્ય થઈ શકે છે, જે વધુ કેન્દ્રવર્તી હોય છે અને કેવળ માનવીય હોતો નથી અને આ વસ્તુ – હું એમ ન કહી શકું કે ખૂબ વિરલ છે, પરંતુ તેમ છતાં ભાગ્યે જ બને છે.

એટલું બસ છે ને ?

હવે નવનો સમય થયો છે. એટલું પૂરતું છે ને ?

સારું. સમાપ્ત ....

૧૫ ડિસેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૩, 'મુશ્કેલીઓ' ઉપર આધારિત છે.

"મનોમય સાક્ષી"નો શો અર્થ ?

આપણે વારંવાર જે સાક્ષી વિશે વાત કરી છે તે – તે અહીં મનમાં હોય છે.

દરેક જગ્યાએ સાક્ષીઓ હોય છે. સ્વરૂપમાં એક શક્તિ હોય છે અને તે તટસ્થ બની જાય છે, પાછળ ઊભો રહે છે અને જે બને છે તે જોયા કરે છે, જેવી રીતે વ્યક્તિ શેરીમાં શું ચાલી રહ્યું છે તે જોયા કરે છે તેમ, અથવા જાણે તે પોતે રમત ન રમતો હોય અને બીજાઓને રમત રમતાં જોયા કરતો હોય અને પોતે બેસી રહે છે અને બીજાઓને હલનચલન કરતાં જુએ છે, પણ પોતે સ્થિર હોય છે. તે આ પ્રકારનું હોય છે.

સ્વરૂપના દરેક ભાગમાં એક પાસું હોય છે જે આ પ્રમાણે કરી શકે છે. પોતાની જાતને પૃષ્ઠભૂમિકા ઉપર મૂકીને કાર્યમાં ભાગ લીધા વગર સ્થિર રહીને જોયા કરે છે. આ સાક્ષી કહેવાય છે. વ્યક્તિમાં પોતાનામાં ઘણા સાક્ષીઓ હોય છે; અને ઘણી વખત તે સભાન પણ હોતી નથી અને જો તમે તેનો વિકાસ કરો તો તમને વસ્તુઓ અસર ન કરે અને તમે સ્થિર રહી શકો. તમે નાટકના દશ્યને, તેમાં ભાગ લીધા વગર જોતા હો તે રીતે તમે તટસ્થ રહી શકો છો. આથી વસ્તુઓમાં બહુ ફેરફાર થતો નથી.

> **મધુર માતાજી, અહીં અમને ઘણી વસ્તુઓ શીખવા માટે તક મળેલી છે; છતાં અમે આ તકનો ઉપયોગ કરતાં નથી.**

ના, કારણ કે આ બધું તમને વધારે સહેલાઈથી મળી ગયું છે. માણસે જ્યારે મહાન પ્રયત્ન કર્યો હોય છે ત્યારે જ તેને વસ્તુની કિંમત થાય છે. પરંતુ તમે સમજો કે આ તમને બહુ સહેલાઈથી મળી ગયું છે, કારણ કે તમારાં માતા–પિતા અહીં આવ્યાં, તેને લઈને તેમ બન્યું. અહીં આવવાની પસંદગી તમે પોતે કરી નથી. તમને અહીં લાવવામાં આવ્યા છે અને આ વાતાવરણમાં તમને મૂકવામાં આવ્યા .... આમાંના તમારામાંના કેટલાક તો તમે ઘણા નાના હતા ત્યારથી જ અહીં

મૂકવામાં આવ્યા છે, અને તમે આ વસ્તુથી ટેવાયેલા છો, અને સાપેક્ષ રીતે તે તમને કુદરતી લાગે છે, કારણ કે તમે કાયમથી જ અહીં છો, અને અહીં આપણે જે પરિસ્થિતિઓમાં રહીએ છીએ તે, અને બહારની પરિસ્થિતિઓ વચ્ચેના ભેદ વિશે, તમને ભાન પણ નથી. કદાચ તમારામાંના ઘણાખરાને જો ઓચિંતાના બાહ્ય જગતમાં મૂકી દેવામાં આવે, તો તમે પૂરેપૂરા ખોવાઈ જાઓ. જીવનની બધી રીતો બિલકુલ ભિન્ન હોય છે. હવે અહીં જે વસ્તુઓ તમને કુદરતી લાગે છે, તેમની સાથે તમે એવા ટેવાઈ ગયેલા છો કે તમને જે તકો અહીં મળેલી છે તેમાંથી શકય એટલો લાભ તમે ઉઠાવતા નથી; કારણ કે વસ્તુઓમાંથી ફાયદો ઉઠાવવો એટલે માણસે તેની પ્રશંસા કરવી જોઈએ, તમે સમજો. પરંતુ આ વસ્તુ તમને એટલી બધી સ્વાભાવિક લાગે છે કે તમે તેની પ્રશંસા કરતા નથી. વસ્તુ આ પ્રમાણે છે. અને માનવ સ્વભાવ કદી સંતોષ પામતો નથી જેથી તમને એવા પ્રસંગો પણ મળે છે જેનાથી તમે સંતોષ પામો નહિ, અને તમને ખબર પણ નથી કે જો તમે બીજા સંજોગોમાં હોત તો તે જ પ્રસંગો વધારે ગંભીર બન્યા હોત. તમારામાંના ઘણાખરાને તે વસ્તુની સરખામણી કરવા માટે પ્રસંગો પણ પ્રાપ્ત થયા નથી. તેનો અર્થ એમ નહિ કે હું એમ ઈચ્છું છું કે તમને તે પ્રાપ્ત થાય. કોઈ પણ વ્યકિત માટે હું આવું ઈચ્છતી નથી, તેમ છતાં આ એક કારણ છે, અને તમે તને પૂછો કે શા માટે આ તેને લઈને છે, આ તે કારણ છે; એ એટલા માટે છે કે તમે તેને વિશે વિચાર પણ નથી કર્યો અને તમને તે સ્વાભાવિક રીતે જ મળી ગયું છે . . .

આ મને સમજાતું નથી : "સમાધિનો ગેરલાભ એ છે કે સમાધ અનિવાર્ય બને છે. અને તેથી જાગ્રત ચેતનાનો પ્રશ્ન ઉકેલાતો નથી; તે અપૂર્ણ રહે છે." "જાગ્રત ચેતનાનો ઉકેલ આવતો નથી" ?

અને સ્વાભાવિક રીતે જ ! કારણ કે તમારે ધ્યાન કરવાને માટે અથવા આંતરિક જગત સાથે સંબંધ સ્થાપવા માટે, સમાધિમાં પ્રવેશ કરવાની જરૂર પડે છે અને તેથી તમારી જાગ્રત ચેતના જેવી હોય છે તેવી, ફેરફાર વગરની કાયમ રહે છે. બીજા શબ્દોમાં મેં એ પ્રમાણે જ કહ્યું છે, તમે સમજ્યા ! જ્યારે મેં કહ્યું કે લોકોને ખૂબ ઊંડા ધ્યાનમાં જ ઉચ્ચતર ચેતના પ્રાપ્ત થાય છે. જ્યારે તેઓ ધ્યાનમાંથી બહાર આવે છે ત્યારે તેઓ પહેલાં હતા તેનાથી કાંઈ વધારે સારા હોતા નથી. તેમના બધા જ દોષો તેમનામાં હોય છે અને જેવા તે જાગ્રત ચેતનામાં આવે છે કે તુર્ત જ તે બધા પાછા ફરે છે અને તેથી તેઓ કદી પ્રગતિ કરતા નથી, કારણ કે તેમની ઊંડાણમાં રહેલી ચેતના, જે તેમના સ્વરૂપનું સત્ય છે તેની, તથા તેમના બાહ્ય સ્વરૂપની વચ્ચે તેઓ સંબંધ સ્થાપિત કરતા નથી. તમે સમજ્યા, તેમના બાહ્ય સ્વરૂપને તેઓ ઉતારી

નાખે છે જેવી રીતે તેઓ એક ઝબ્બો ઉતારી નાખતા હોય છે તેવી રીતે અને તેને એક ખૂણામાં મૂકી દે છે : "ચાલ, હવે મને મુશ્કેલી કરીશ નહીં, શાંત પડયું રહેજે, તું મને આફત રૂપ છે." અને પછી તેઓ ચિંતનમાં, તેમના ધ્યાનમાં, તેમના ઊંડા અનુભવમાં પ્રવેશ કરે છે; અને પછીથી તેઓ પાછા આવીને તે ડગલો પહેરી લે છે, જેમાં બિલકુલ ફેરફાર થયેલો હોતો નથી – કદાચ તે પહેલાં હતો તેનાથી વધારે ગંદો થયેલો હોય છે–અને ધ્યાન વગર પહેલાં તેઓ જેવા હતા તેવા જ બરાબર રહે છે.

જો તમારે તમારા બાહ્ય સ્વરૂપમાં ફેરફાર કરવો હોય, તો તમારે તમારી અનુભૂતિઓ વિશે સચેતન બનવું જોઈએ; અને તમારા અનુભવમાંથી તમારે લાભ મેળવવો હોય, તો તમારી સામાન્ય બાહ્ય ચેતના સાથેનો સંપર્ક તમારે ખોવો જોઈએ નહીં. એવા ઘણા માણસો છે .... હું એવા માણસોને ઓળખતી હતી, જેઓ કલાકો સુધી, લગભગ બધો જ સમય ધ્યાન કરતા હતા .... તેઓ તેમનો સમય ધ્યાન કરવામાં ગાળતા અને જો પછી ઓચિંતા .... જો કોઈ તેમને ધ્યાનમાં ખલેલ પહોંચાડતા, જો તેમને કાંઈક કરવું પડતું તો તેઓ ગુસ્સામાં ઊછળતા, ભયંકર ગુસ્સાના આવેગમાં, તેઓ દરેકને ગાળો દેતા અને તેઓએ જાણે કે કદી ધ્યાન ન કર્યું હોય અને બીજા સામાન્ય માણસો કરતાં પણ તેઓ વધારે અસહિષ્ણુ બની જતા. આ બનતું કારણ કે તેમના ઊંડાણના જીવનમાં તેમના બાહ્ય સ્વરૂપને ભાગીદાર બનાવવા માટે તેઓ બેદરકાર રહેતા. તેઓ તેમની જાતના બે ટુકડા કરતા, અને તેથી તેમનો એક આંતરિક ભાગ પ્રગતિ કરતો અને એક બાહ્ય ભાગ વધારે ને વધારે ખરાબ થતો જતો, કારણ કે તેના પ્રત્યે પૂરેપૂરી ઉપેક્ષા સેવવામાં આવતી.

માતાજી, તપસ્વી પદ્ધતિઓ આત્મ-પ્રભુત્વ માટે કેટલીક વખત ઉપયોગી થતી નથી ?

ના ! તમે કોઈ વસ્તુમાં સુધારો લાવતા નથી. તમે પ્રગતિ કરી છે એવો તમારી જાતને ભ્રમ થાય છે, પરંતુ તમે કોઈ વસ્તુનો ઇલાજ કરતા નથી. તેની સાબિતી એ છે કે જો તમે તમારી તપસ્વીની રીતોને અટકાવી દો, તો વસ્તુઓ પહેલાં કરતાં વધારે તાકાતવાન બને છે; તે વેર સહિત પાછી ફરે છે. તેનો આધાર તમે કોને તપસ્વીની પદ્ધતઓ કહો છો તેના ઉપર છે. જો તમારી બધી જ કામનાઓને સંતોષવામાં રચ્યાપચ્યા ન રહેવું એ પદ્ધતિ હોય, તો તેને સંન્યાસીની પદ્ધતિની ન કહેવાય. તે સામાન્ય સૂઝ છે. તે કાંઈક બીજી જ વસ્તુ છે. તપસ્વીની પદ્ધતિઓ એટલે એવી વસ્તુઓ જેવી કે, વારંવાર ઉપવાસ કરવા, ઠંડી સહન કરવા માટે તમારી જાતને ફરજ પાડવી .... હકીકતમાં, તમારા શરીરને થોડી વેદના આપવી. તે કોઈ વસ્તુ ઉપર પ્રભુત્વ નથી. તે તો ઘણું બધું સહેલું છે. લોકો એમ કરે છે કારણ

કે તે ઘણું સહેલું છે, તે ઘણું સરળ છે, એટલા માટે કે તેમનું અભિમાન સંતોષાય અને તેમનું મિથ્યાભિમાન વધારે અને વધારે ફાલે અને ફૂલે, અને તે ઘણું સહેલું બને છે. માણસ પોતાના તપસ્વીના ગુણોનું મહાન પ્રદર્શન કરે છે અને પોતાની જાતને ઘણી અગત્યની ગણે છે, અને તેને લઈને ઘણી વસ્તુઓને સહન કરવા માટે આ તેમને મદદરૂપ થાય છે.

પોતાના આવેગો ઉપર શાંતિથી, સ્વસ્થતાથી સ્વામીત્વ મેળવવું ઘણું અઘરું છે અને તેમને બહાર દશ્યમાન થવામાંથી અટકાવવા તે તો તેનાથી પણ વધારે અઘરું છે, ખાસ કરીને ત્યાગીનાં પગલાં લીધા સિવાય તમારી માલિકીની જે વસ્તુઓ હોય તેના પર આસક્ત ન થવું તે વધારે મુશ્કેલ છે. તમારી પાસે કાંઈ પણ ન હોય અને તમે અનાસકત હો, તે તો સમજાય તેવું છે. આ વસ્તુ તો સૌકાઓથી જાણીતી છે. કોઈ પણ વસ્તુ ઉપર માલિકી ન હોવી, અથવા તો પોતાની જરૂરિયાતોને બને તેટલી કડક રીતે કાપીને સૌથી ઓછી કરી નાખવી, તેના કરતાં તમે જે વસ્તુઓના માલિક હો તેની પ્રત્યે અનાસક્ત રહો તેમાં વધારે ગુણવત્તા છે, તે વધારે મુશ્કેલ છે. તેની નૈતિક કિંમત વધારે ઊંચી છે. ફકત આ વલણ; જ્યારે વસ્તુઓ તમારી પાસે આવે ત્યારે તમે તેને સ્વીકારી લો, તેનો ઉપયોગ કરો; એક યા બીજા કારણસર જ્યારે તે તમારી પાસેથી ચાલી જાય ત્યારે તેને જવા દો અને તેના માટે અફસોસ ન કરો. જ્યારે તે આવે ત્યારે તેને નકારો નહિ, તમારી જાતને કેવી રીતે તેમાં ગોઠવી દેવી તે જાણવું અને જ્યારે તે ચાલી જાય ત્યારે અફસોસ ન કરવો.

જો દોષો પણ આપણી પાસે આવે તેમ છતાં પણ ?

તે દોષોનો પ્રશ્ન જ નથી, હું ભૌતિક વસ્તુઓની વાત કરું છું. દોષો એ આવતી વસ્તુઓ નથી, તેમને તો વ્યકિત પોતાની અંદર જ ધારણ કરે છે. હું સ્થૂલ વસ્તુઓની વાત કરું છું. હું તપસ્યા વિશે વાત કરું છું, તમે સમજો.

તપસ્યા એ બિલકુલ ભૌતિક નિયમન છે. દોષો – એવું ન માનશો કે દોષો બહારથી આવે છે; માણસનામાં પોતામાં જ તે પૂરતા પ્રમાણમાં હોય છે અને તેમને બીજી જગાએથી ઉછીના લેવાની જરૂર પડતી નથી અને હકીકતમાં જો માણસ પોતાનામાં જ તે ધારણ ન કરતો હોય તો તે બીજાઓમાં રહેલા છે તેને વિશે તેને ભાન પણ ન થાય. તેનું બીજ પોતાની અંદર રહેલું છે તેથી કરીને વ્યકિત તેના સંપર્કમાં આવે છે અને જ્યારે આપણે એમ કહીએ છીએ કે લોકો મારફતે આવેગોનાં મહાન મોજાંઓ પસાર થાય છે અને તેમનામાં પોતાનામાં ઉત્પન્ન થતાં નથી પરંતુ તેમની આરપાર પસાર થાય છે તે સંપૂર્ણ સાચું છે. પરંતુ જો કોઈ એવી

વ્યક્તિ હોય જે આવેગની શકયતામાં બિલકુલ અવિચલ હોય તો તે મોજાંઓ સદીઓ સુધી પાસેથી પસાર થયા કરે અને તે વ્યક્તિને અસર પણ કરે નહિ. વ્યક્તિ તેમને જોઈ શકે, જેવી રીતે વ્યક્તિ આકાશમાં પસાર થતા વાવાઝોડાને જુએ છે તેમ, પરંતુ તેને કાંઈ પણ અસર થાય નહિ. જ્યારે બહારથી આવતાં આંદોલનોને વ્યક્તિ પોતાની અંદર રહેલાં આંદોલનો દ્વારા પ્રત્યુત્તર આપે તો તેનો અર્થ એ કે ત્યાં તે હાજર રહેલાં છે; નહિ તો પછી કોઈ પણ આંદોલન પ્રવેશ પામી શકે નહીં.

આ પ્રકારનાં દૃષ્ટાંતો છે. દા. ત. એક ટોળું ભયગ્રસ્ત થયેલું છે. વારુ, એ શકય છે કે એક કે બે વ્યક્તિઓ એવી હશે, જે તેનો સામનો કરે, જેમને તેનો સ્પર્શ પણ થાય નહિ અને તેઓ તે ભયથી પર રહે; તેઓ પરિસ્થિતિને બચાવી શકે. આવું ઘણી વખત બનેલું છે. એક ગતિ, એક આંદોલન, અથવા એક શક્તિશાળી ક્રિયા, એટલા માટે ચેપી છે, કારણ કે ચેપ માટે ત્યાં સ્થાન રહેલું છે.

> **તમે કહ્યું કે અમે અહીં છીએ અને અમારી પાસે બધી વસ્તુઓ છે. તેથી અમને તે બધું સ્વાભાવિક લાગે છે. તો અમારી પાસે પ્રયત્ન પણ સ્વાભાવિક રીતે જ કેમ આવતો નથી ?**

તે એટલા માટે છે, કે સામાન્ય માનવીની સ્થૂલ પ્રકૃતિ શ્રી અરવિંદ લખે છે તે પ્રમાણે, ઘણુંખરું તામસિક હોય છે. સ્વાભાવિક રીતે જ તે કોઈ પ્રયત્ન કરતી જ નથી. પરંતુ પ્રાણ પ્રયત્ન કરે છે. ફકત તે તો ઘણે ભાગે પોતાનો સંતોષ મેળવવા માટે જ પ્રયત્ન કરે છે તેમ છતાં તે પ્રયત્ન કરવા માટે શક્તિશાળી છે, કારણ કે તે તેની પ્રકૃતિ છે. હકીકતમાં, હું એમ ન કહી શકું કે તમે કોઈ પ્રયત્ન કરતા નથી. તમે ઘણી વસ્તુઓ માટે પુષ્કળ પ્રયત્ન કરો છો. જ્યારે તમને તે પસંદ હોય ત્યારે, અથવા તમે એક યા બીજા કારણસર એમ સમજો કે તે જરૂરી છે ત્યારે. તું જે કહેવા માગે છે તે એ છે કે યોગ માટે એક સતત પ્રયત્ન કરવો જોઈએ. એવા લોકો છે, જેઓ યોગ માટે જ ખાસ અહીં આવેલા છે, અથવા જેઓ ફકત એમ વિચારે છે કે તેઓ યોગ માટે આવ્યા છે, અને તેઓ વધારે પ્રયત્ન કરતા નથી, તેઓ અહીં જે રીતે સહેલાઈથી આવી ગયા છે તેવી રીતે વસ્તુઓને સહેલી ગણી લે છે. હું માનતી નથી કે સ્થૂલ પ્રકૃતિને પોતાની જાત ઉપર જ છોડી દેવામાં આવે તો સાહજિક રીતે, તે પ્રયત્ન માટે પ્રેરાય. અમુક પ્રમાણમાં ક્રિયાઓની તેને જરૂર છે, પરંતુ તે ખૂબ થોડી હોય છે, તમે સમજ્યા, એક મોટી વસ્તુ એ છે કે શિક્ષણનો સિદ્ધાંત અહીં એક સ્વતંત્રતાનો સિદ્ધાંત છે, અને ટૂંકમાં કહીએ તો આખું જીવન સૌથી વધારે શકય એટલી ગતિઓની સ્વતંત્રતામાં ગોઠવાયેલું છે એટલે કે, નિયમો, નિયમનો, મર્યાદાઓને બિલકુલ ઓછામાં ઓછા કરી નાખવામાં

આવે છે. મા-બાપો બાળકોને જે રીતે ભણાવે છે, એક કાયમનું, "આ કરીશ નહીં," "તું આ કરી શકે નહીં," "આ કર," "જા અને તે કામ કર," – તેની સાથે તમે જો આને સરખાવો તો તમે જાણો છો કે કેવા હુકમો અને અહીંના નિયમો વચ્ચે ઠીક ઠીક પ્રમાણમાં તફાવત હોય છે.

આપણે અહીં જે નિયમો છે તેના કરતાં શાળાઓ અને મહાશાળાઓ બધે જ ઘણા કઠિન નિયમો હોય છે, તેથી જ્યારે કોઈની દ્વારા તમારા માટે પ્રગતિ કરવા માટેની પૂરેપૂરી શરત તમારી પાસે મૂકવામાં આવતી નથી ત્યારે તમને પસંદ પડે ત્યારે તમે શરત મૂકો છો અને તમને પસંદ ન હોય ત્યારે તમે મૂકતા નથી અને તમે બધી વસ્તુઓને એટલી બધી સહેલી બનાવી દો છો; કેટલાક એવા છે – હું આ પૂરેપૂરી રીતે કહેતી નથી – કેટલાક લોકો એવા છે જેઓ પ્રયત્ન કરે છે. પરંતુ તે સ્વયંસ્ફુરણાથી કરે છે, ચોક્કસ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી આની કિંમત અનંત ગણાય. જ્યારે તમને પ્રગતિ માટે જરૂરિયાત લાગે ત્યારે તમે જે પ્રગતિ કરો, તે તમને સાહજિક રીતે જ ધપાવવા માટેનો એક આવેગ છે. અને તે વસ્તુ તમારી ઉપર લાદી દીધેલો નિયમ નથી – આ પ્રગતિ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી ઘણી કિંમતી છે. વસ્તુઓને સારી રીતે કરવા માટે તમારી અંદર જે કાંઈ બધું હોય તે સાહજિક રીતે સચ્ચાઈથી કાંઈક કરવા કાંઈક પ્રયત્ન કરે છે; તે તમારી અંદરથી આવે છે. નહિ કે તમે સારું કરો માટે, તમને ઈનામ મળે અને ખરાબ કરો તેથી શિક્ષા મળે. તેટલા માટે આપણી પદ્ધતિ તેના ઉપર રચાઈ નથી.

એ શકય છે કે કોઈક ક્ષણે એવું બને કે તમારા પ્રયત્નની પ્રશંસા થઈ છે એવી છાપ તમારા ઉપર પડે, પરંતુ તમારો તે પ્રયત્ન તેના માટે કરવામાં આવતો નથી; એટલે કે આ વચનો પહેલેથી આપવામાં આવતાં નથી, તેમ જ તેની સમતુલા કરવા માટે તેના પ્રમાણમાં શિક્ષાઓ નથી. અહીં આવી પદ્ધતિ નથી. ઘણે ભાગે વસ્તુઓની એવી રીતે ગોઠવણી કરવામાં આવી હોય છે કે સારું કરવાનો સંતોષ એ જ તેની બક્ષિસ છે. અને પોતે ખરાબ રીતે કરે એટલે તેને પોતાને જ દુઃખ થાય અથવા અસ્વસ્થતાની લાગણી આવે તે જ વધારેમાં વધારે મૂર્તિમંત સજા છે. તેથી આ બધી ક્રિયાઓ આંતરિક આધ્યાત્મિક વિકાસના દૃષ્ટિબિંદુથી, બાહ્ય રીતે લાદેલા નિયમના પરિણામ કરતાં અનંતગણી વધારે કિંમતી હોય છે.

તમે આધ્યાત્મિક અનુભૂતિ વિશે કહો છો. અનુભૂતિ શું છે અને વ્યકિત કઈ રીતે તે મેળવી શકે ?

એ એવી વસ્તુ છે જે વ્યકિતમાં ઘણે ભાગે જે ચેતના હોય છે તેના કરતાં વધારે ઉચ્ચતર ચેતનાના સંપર્કમાં મૂકી આપે છે. તમને તમારી જાત વિશે અમુક

પ્રકારની લાગણી હોય છે, અને તમે તેના વિશે સભાન પણ હોતા નથી, તે તમારે માટે સામાન્ય સ્થિતિ હોય છે, તમે સમજ્યા. વારુ હવે જો તમે તમારી અંદર ઓચિંતા કોઈક વસ્તુ વિશે સચેતન બનો, જે ઘણું જુદા પ્રકારનું હોય, અને ઘણું ઊંચું, તો પછી તે ગમે તે હોય છતાં તે આધ્યાત્મિક અનુભવ હશે. તમે તેના વિશે માનસિક વિચારથી રચના કરો અથવા ન કરો; તમે તમારી જાતને તે વિશે સમજ આપો અથવા ન આપો, તે ટકી રહે અથવા ન ટકી રહે અને ક્ષણિક હોય, પરંતુ જ્યારે તમારી ચેતનામાં એક મૂળભૂત તફાવત દેખાય, અને જ્યારે તેની સ્વાભાવિકતયા આવતી ગુણવત્તા પહેલાં હતી તેના કરતાં ઘણી ઘણી ઊંચા પ્રકારની, સ્પષ્ટ અને વધારે વિશુદ્ધ હોય તો પછી વ્યક્તિ તેને આધ્યાત્મિક અનુભવ કહી શકે છે; આનો અર્થ એ કે હજારો વસ્તુ હોય છે જેને આધ્યાત્મિક અનુભૂતિઓ કહી શકાય.

અમારે આધ્યાત્મિક અનુભૂતિ મેળવવા અભીપ્સા કરવી જોઈએ ?

હું માનું છું કે આધ્યાત્મિક અનુભૂતિઓ મેળવવા કરતાં વધારે પ્રગતિ કરવા અથવા વધારે સચેતન બનવા અથવા વધારે સારા થવા અથવા વધારે સારું કરવા અભીપ્સા કરવી તે વધારે ડહાપણભર્યું છે; કારણ કે એ વસ્તુ વધારે કે ઓછા કાલ્પનિક અથવા જુદા અનુભવો માટેનું દ્વાર ખોલી નાખે, એવી પ્રાણમય ગતિઓનું કે જેઓ ઉચ્ચતર વસ્તુઓનો દેખાવ ધારણ કરે, અનુભૂતિ માટેની અભીપ્સામાં માણસ પોતાની જાતને કદાચ છેતરપિંડી કરે. હકીકતમાં અનુભૂતિ સાહજિક રીતે આવવી જોઈએ, આંતરિક પ્રગતિના પરિણામ રૂપે, પરંતુ નહિ કે પોતાના માટે અથવા પોતાની જાત માટે.

ઇતિહાસમાં એવા કેટલાક માણસો થઈ ગયા જેઓ ઉત્ક્રાંતિના મનુષ્યો નહોતા....

કોણ નહોતા...?

.....ઉત્ક્રાંતિના મનુષ્યો.....જેઓ આવ્યા...

તું તેમને ઓળખતો હતો, ખરું ને ?

ના, કોઈએ....

કોણે ? કોણે તને વાત કરેલી?

અમારા અંગ્રેજીના શિક્ષકે અમને આ કહેલું છે....

(ક્રિયાઓ) હું કાંઈ કહી શકું નહીં. હું અત્યારે કાંઈ પણ કહેતી નથી. જો તે શિક્ષક હોય તો, હવે પછી હું કાંઈ કહું નહીં. (હસ્ય)

તેમણે શ્રી અરવિંદ વિશે કહેલું.....શ્રી અરવિંદના અનુસંધાનમાં.

તમારા શિક્ષકો તમને જે કહે તેના વિશે મારી સાથે કદી વાત કરશો નહીં, કારણ કે હું તેમનાથી વિરુદ્ધનું કદી કહીશ નહીં, અને તેઓ જે કહે તેના વિશે હું ટીકા કરવાની ના પાડું છું. શિક્ષકો એવા માણસો છે જેમને માન આપવું જોઈએ અને વધારામાં તારી માહિતી માટે હું કહી શકું કે તે પ્રશ્નને ખરાબ રીતે મૂકેલો છે.

જો તારે મારી પાસેથી જવાબ જોઈતો હોય તો તેં તારા પ્રશ્નને બિલકુલ જુદી રીતે જ મૂકયો હોત. હવે હું જવાબ નહીં આપું (હસતાં) પરંતુ જો તેં એમ કહ્યું હોત," "એવા મનુષ્યો છે જેઓ..." તો મેં સ્વાભાવિક રીતે જ તને ઉત્તર આપ્યો હોત. કદાચ તારે શું કહેવું છે તે સાંભળવા માટે નહીં, પરંતુ મેં કાંઈક કહ્યું હોત. પરંતુ તેં પ્રશ્ન ખરાબ રીતે પૂછયો. તેં શરૂઆતમાં વિધાન કરીને પ્રશ્ન મૂકયો. તેથી....

સારુ, તો પછી એટલું પૂરતું છે.

૨૨ ડિસેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના "યોગસાધનાના પાયા , પ્રકરણ ૩, "મુશ્કેલીઓ" ઉપર આધારિત છે.

જ્યારે કોઈ વ્યકિત ઉપર વિરોધી શકિત કબજો જમાવે છે ત્યારે તેના ચૈત્ય પુરુષનું શું થાય છે ?

તે કેટલી કક્ષાએ તેનો કબજો લીધો છે તેના ઉપર આધાર રાખે છે. ઘણે ભાગે તે વસ્તુ વિસ્તરતી જાય છે. પહેલી વ્યકિત કોઈની અસર નીચે આવે છે અને અંશતઃ અસર નીચે આવે છે, તેના સમગ્ર સ્વરૂપમાં નહીં, પરંતુ થોડા સમય માટે થોડાક ભાગોમાં. આ પ્રથમ અવસ્થા છે, બીજીમાં અસર કાયમી બને છે અને સ્વરૂપનો એક ભાગ જે આની અસર તળે આવે છે અને અભિવ્યકત થાય છે તે નીચે પડતો જાય છે. ત્યારપછી જે તત્ત્વએ તેના પર અસર કરી હોય છે તે આ ભાગમાં પ્રવેશ કરવા માટે પ્રયત્ન કરે છે. પછી ઘણે ભાગે આ વસ્તુ એક સંઘર્ષ ઉત્પન્ન કરે છે, એક પ્રકારનું આંતર યુદ્ધ. લોકોને હુમલાઓ આવે છે, કેટલીક વખત નાડીતંત્રના માંદલા હુમલાઓ તેનો સામનો કરવાના પ્રયત્નમાં, સ્વરૂપના બન્ને ભાગો સતત સંઘર્ષમાં ઊતરે છે અને આ મહાન સમતુલા ઉત્પન્ન કરે છે, શારીરિક અસમતુલા પણ. પરંતુ જો કોઈને કેમ ટકી રહેવું તેની જાણ ન હોય અને તે પકડમાંથી કેમ છટકવું તેમાં સફળ ન થઈ શકે તો, જે તત્ત્વએ તે વ્યક્તિના જે ભાગની પકડ જમાવી હોય તેના ઉપર તે ઓક્ટોપસ માફક કાર્ય કરે છે અને તેની માફક તેના પગ તેના ઉપર લપેટી દે છે, ધીરે ધીરે અને દરેક જગાએ અને છેવટે તે તેનો પૂરેપૂરો કબજો લઈ લે છે. તેના સમગ્ર કબજાની ક્ષણે કાં તો કબજામાં આવેલો માણસ પૂરેપૂરો અસંતુલિત થઈ જાય છે, અથવા તો એક પ્રકારનો અસુર બની જાય છે અને તેનો ચૈત્ય પુરુષ તેને છોડી દે છે.

સદ્નસીબે આવા દાખલાઓ બહુ વિરલ હોય છે. ઘણે ભાગે માનવીમાં રહેલો ચૈત્ય પુરુષ તેની સામે ટક્કર લેવામાં પૂરતો શકિતશાળી હોય છે અને વારંવાર બનતો બનાવ તો બે ભાગ વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે તે છે. જ્યાં સુધી ચૈત્ય પુરુષ પૂરતો શકિતશાળી હોય અને પોતાનાથી વધારે શકિતશાળી તત્ત્વ ઉપર કેમ આધાર રાખવો તે જાણતો હોય તો આ અસરનો ઈન્કાર કરવા તે શકિતશાળી બને છે અને પોતાની જાતને

મુકત કરે છે. ચૈતસિક પુરુષ, સંપૂર્ણ માલિકીના આખરી દાખલામાં જ ચૈત્ય પુરુષ ચાલ્યા જાય છે, પરંતુ આ ભાગ્યે જ બનતા પ્રસંગો હોય છે, ખૂબ વિરલ. કેટલીક વખત એવું બને છે કે બાળકનો જન્મ થાય છે, એટલે કે તેની જન્મની જ તે ક્ષણે અથવા થોડી મિનિટો પછી અથવા કલાક કે બે કલાક પછી તમે જુઓ છો કે તે ક્ષણે તે મૃત્યુ પામે છે. આવા દાખલાઓમાં એમ બને છે કે ચૈત્ય પુરુષે તેના શરીરનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો નથી : પરંતુ જો, દા.ત. જે ડૉકટર આવા કેસની સંભાળ રાખે છે તે હોશિયાર હોય, અથવા કોઈ નર્સ જે આવડતવાળી હોય, અને તેઓ કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ દ્વારા અથવા એવાં કોઈ બીજાં સાધનો દ્વારા તે શરીરને પાછું જીવંત કરી શકે, તો ઘણે ભાગે આ વિરોધી સત્ત્વ તે શરીરનો કબજો લઈ લે છે. આવા કેટલાક દાખલાઓ બનેલા છે, એવા બાળકોના, જેઓ મૃત્યુ પામેલા દેખાતા હતા, એટલે કે ચૈત્ય પુરુષે તેમના શરીરને છોડી દીધેલું, અને તે બાળક મૃત્યુ પામ્યો તે અગાઉ, એક પ્રાણમય સત્ત્વએ તેની અંદર પ્રવેશ કર્યો અને તેનું સ્થાન લઈ લીધું, આવા દાખલાઓ જાણવામાં આવ્યા છે. અને આ સત્ત્વો રાક્ષસો હોય છે. જીવનમાં તેઓ ખરેખર સાક્ષાત્ રાક્ષસો બને છે. આવા બધા બહુ હોતા નથી.

કેટલાંક પ્રાણિક સત્ત્વો હોય છે, પરંતુ ઉચ્ચ પ્રકારના, અસુરોના પ્રાદુર્ભાવો, દા. ત. એક યા બીજા કારણસર તેમણે નિર્ણય કર્યો હોય છે કે તેઓ રૂપાંતર પામવા પ્રયત્ન કરશે અને દિવ્ય વસ્તુઓના વિરોધી નહિ બને અને પ્રભુની સાથેના સંબંધમાં પ્રવેશ કરવા માટે તેઓ પ્રયત્ન કરશે. તેઓ જાણે છે કે માનવ શરીરની સાથે તાદાત્મ્ય સાધવું તે ઉત્તમ રસ્તો છે, જેથી કરીને તેઓ ચૈતસિક પુરુષના કાબૂ નીચે આવી શકે અને તેઓ માનવશરીરોમાં અવતાર લે છે, પરંતુ તેઓનો આશય ચૈત્ય પુરુષને હાંકી કાઢવાનો હોતો નથી, પરંતુ ઊલટાનું ચૈત્ય પુરુષની અસરના કાબૂમાં આજ્ઞાધીન રહીને રૂપાંતર પામવાનો હોય છે. આવા દાખલાઓ પણ પુષ્કળ નથી, પણ તેમ છતાં આવા દાખલાઓ નોંધાયેલા છે અને આવા પ્રસંગોમાં આવા માનવીઓમાં અપવાદરૂપ શક્તિની બક્ષિસ હોય છે, પરંતુ ઘણે ભાગે તેમને અપવાદરૂપ મુશ્કેલીઓ પણ હોય છે, કારણ કે જે શક્તિએ તેમનામાં અવતાર લીધો હોય છે તે તેવા પ્રકારની ન હોવા છતાં એક વિરોધી શક્તિ હોય છે અને સમજો કે આ બધી બંડની ગતિઓમાંથી તાત્કાલિક મુકત થવું તે ઘણું મુશ્કેલ હોય છે; કેટલીક વખત તો તે પ્રમાણે કરીને સફળ થવામાં આખી જિંદગી પસાર થઈ જાય છે.

આવાં કેટલાંક આસુરિક સત્ત્વોએ પોતાની જાતનું પરિવર્તન કરવા પ્રયત્ન કરેલો, પરંતુ તેઓ સફળ થયા નહોતા. તેમણે પસંદ કરેલાં શરીરોને તેમણે છોડી દેવું પડેલું. તેઓ તેમની જાતનું પરિવર્તન કરી શકયા નહોતા. તેમના માટે એ કાર્ય

કરવું વધારે મુશ્કેલ હતું અને તેના માટે વધારે મહાન પ્રયત્નની જરૂર હતી. પરંતુ મેં જે હાલ બધાં દૃષ્ટાંતો આપ્યાં, તે બધાં વિરલ દૃષ્ટાંતો છે, તમે સમજ્યા ! આપણે એમ ન કહી શકીએ કે આ પ્રમાણે વસ્તુઓ બને છે, અને દરેક વખતે આ જ પ્રમાણે બને છે. કોઈ માણસ કોઈના કબજામાં હોય, તો તે એક યા બીજી વિરોધી શક્તિનો અવતાર હોય છે. આવા દાખલાઓ બહુ વિરલ હોય છે, પરંતુ અસરનો દાખલો – કોઈ અસર નીચે રહેલો માનવી અને તેને વ્યક્ત કરતો – એવા માણસો જેઓ પૂરતા પ્રમાણમાં પહેલેથી વિશુદ્ધ ન હોય, અથવા બીજી રીતે તેમનામાં અહંકારયુક્ત ઈરાદાઓ હોય અને છતાં યોગને સ્વીકારે, તેવા માણસોની સાથે, કમનસીબે ખાસ કરીને આવું વારંવાર બને છે; અથવા એવા લોકો જેઓમાં મહત્ત્વાકાંક્ષા અથવા મિથ્યાભિમાન હોય તેથી કરીને યોગની શરૂઆત કરે છે, તેમની સાથે એવું વારંવાર બને છે કે તેઓ પોતાની જાતને અમુક વિરોધી બળોની અસર નીચે મૂકે છે.

અને એવા પણ ઘણા માણસો હોય છે, જેઓ કેટલીક અસરો નીચે હોય છે.... તમને કઈ રીતે સમજાવું ?.... આપણે તેને આકસ્મિક ના કહી શકીએ, પરંતુ .... દા.ત. કેટલાક ચૈત્ય પુરુષો જેઓ કેટલાક ખાસ સંજોગોમાં અવતરવાનું પસંદ કરે છે કારણ કે તેઓ એમ વિચારે છે કે તેમને જે અનુભવોની જરૂર હશે, તેના માટે અને તે વાતાવરણમાં રહેલા સંજોગોને લઈને કોઈ વિરોધી અસર કાર્ય કરે છે; તેથી તેઓ જે શરીરને ધારણ કરે છે, તે અમુક હદ સુધી આ વિરોધી અસરની નીચે હોય છે અને તેઓને આખા જીવન દરમિયાન તેની સાથે ભયંકર યુદ્ધ કરવું પડે છે. કોઈક ક્ષણે તેઓ એમ કરી શકે છે, મેં કહ્યું તે પ્રમાણે – જો તેઓ જાણે કે તેમનાથી પણ વધારે શક્તિશાળી બળો ઉપર તેમણે કેવો રીતે આધાર રાખવો તો – તેઓ વિજય પ્રાપ્ત કરી શકે છે અને મહાન વિજય મેળવે છે. વિરોધી બળની અસરમાંથી મુક્તિ મેળવે એ ઘણો મહાન વિજય છે. તે વ્યક્તિના પોતાના વ્યક્તિત્વ ઉપર મેળવેલા વિજય કરતાં પણ ઘણો મહાન વિજય હોય છે અને આખી પૃથ્વીની અવસ્થા ઉપર તેનો પ્રત્યાઘાત પડે છે. માણસની ઉપર અસર કરતા દરેક વિરોધી બળ ઉપર મેળવેલો દરેક વ્યક્તિગત વિજય એક ભવિષ્યનું મહાન પગલું છે, જેમાં પૃથ્વી વિરોધી બળોની હાજરીમાંથી પૂર્ણ રીતે મુક્ત થશે, તે પૃથ્વી માટેની મહાન પ્રગતિનું એક પ્રતીક છે.

મધુર માતાજી, વિરોધી બળોનું કઈ રીતે પરિવર્તન થઈ શકે ?

વારુ, જો તેમને કરવું હોય તો શા માટે ન થઈ શકે ? આ વિશ્વમાં એવી કોઈ પણ વસ્તુ નથી જેનું મૂળ એક જ ન હોય – એટલે કે એક પરમ ઉદ્ભવ સ્થાન – અને બીજી બધી વસ્તુઓની માફક વિરોધી બળોનું પણ તેમ જ છે અને જો તેઓ તેમનો બળવો અને વિભક્તતાનો ત્યાગ કરે અને તેમના મૂળ તરફ પાછા

જવાની અભીપ્સા રાખે તો તેઓનું ઘણી સારી રીતે રૂપાંતર થઈ શકે. માણસોને પોતાની ક્ષતિઓ બદલવા જેટલો પ્રયત્ન કરવો પડે તેનાથી તેમને ઘણો મોટો પ્રયત્ન કરવાની જરૂર પડે એ સ્પષ્ટ છે. તેના માટે ઘણા મોટા અને વધારે ગહન પ્રયત્નની જરૂર છે કારણ કે તેમના બળવાનું મૂળ ઘણું ઊંડું છે. તે ઉપરની સપાટીનું નથી; પરંતુ તેમ છતાં તેઓ તે પ્રમાણે કરવાની વ્યવસ્થા કરી શકે છે; તેમનામાં શક્તિ પણ હોય છે, તેઓ એટલાં બધાં શક્તિશાળી તત્ત્વો હોય છે જેઓ, જો પરિવર્તન કરવાનો નિશ્ચય કરે તો કરી શકે છે; તેઓ જ જેઓ સૌથી મોટા વિરોધીઓ હતા તેઓ પછીથી પ્રભુના કાર્ય માટેના કેટલાક સૌથી વધુ અદ્ભુત કરણો બની શકે છે.

મને જેને પ્રશ્ન પૂછવાનો હતો તેને હું શોધું છું. તે સુજાતા છે. તે કયાં ભરાઈ બેઠી છે? પૃથ્વીના છેડા ઉપર! હું તેને સાંભળી શકીશ નહીં. તારે શું પૂછવું છે?

હું તમને બીજો પ્રશ્ન પૂછી શકું? મધુર માતાજી, માનસિક અસમતુલા તે જ કારણને લઈને આવે છે?

(પવિત્ર ફરીને બોલે છે) માનસિક અસમતુલા તે જ કારણને લઈને આવે છે?

ઘણી વખત, પરંતુ કાયમ નહીં. માનસિક અસમતુલા ઘણા જુદા જુદા કારણોને લઈને આવે છે, તેમાંનું એક તો ફક્ત શારીરિક બંધારણની ખામી, મગજની ખામીને લઈને હોય છે. હવે કોઈ એમ કહી શકે કે આ મગજની અપૂર્ણતા કદાચ આંતરપ્રાણની અસમતુલાની અભિવ્યક્તિને લઈને હોઈ શકે, પરંતુ મગજની અપૂર્ણતાના દાખલાં ઘણે ભાગે આનુવંશિક અથવા અવયવની, અને વળી .... એટલે કે ગર્ભ ધારણ કરવાના સમયે ઉત્પન્ન થાય છે, તેથી વ્યક્તિ એમ ન કહી શકે કે તે બહારથી ઉમેરાતી અસરને લઈને હોય છે: તે તો જન્મ પહેલાંની અસર હતી અને જે વ્યક્તિ માનસિક અસમતુલાને લઈને સહન કરે છે તે વિરોધી શક્તિની સીધી અસર નીચે અવશ્ય નથી. તે ખાતરીકારક બંધારણનું પરિણામ છે.

હવે, જ્યારે માણસો મનમાં વિભક્ત હોય છે, અને મનના એક ભાગમાં તેઓ સત્ય અને રૂપાંતર માટેની અભીપ્સા રાખે છે; અને બીજા ભાગમાં તેની તેઓને જરૂરિયાત હોતી નથી, અને તેઓ તેનો વિરોધ કરે છે, એટલું જ નહિ, પરંતુ બંડ ઉઠાવે છે – જે વારંવાર બને છે – આ વસ્તુ ખરેખર મગજમાં ભયંકર આંતર સંઘર્ષ ઉત્પન્ન કરે છે, પ્રથમ તો માનસિક અને પછીથી મગજમાં, અને આ વસ્તુ ભયંકર માનસિક અસમતુલા લાવે છે.

બીજા દાખલાઓમાં એ ચોક્કસ એક સૂચન, એક વિરોધી અસર પ્રત્યે ખુલ્લા

થાય છે, એક એવું ખુલ્લાપણું જે ખોટી ગતિના પરિણામરૂપ હોય છે – એવી બંડખોર ગતિ, ધિક્કારની અથવા ઉદ્દંડ કામનાની, ખોટી ગતિમાં વ્યક્તિ પોતાની જાતને ખુલ્લી કરી દઈ શકે છે – ક્રોધમાં દા. ત. વ્યક્તિ વિરોધી બળ પ્રત્યે ખુલ્લી થઈ શકે છે અને એવી અસરને લાવી શકે છે જે કબજો જમાવીને જ પૂર્ણ થાય. શરૂઆતમાં આ વસ્તુઓનો ઉપાય કરવો એ સાપેક્ષ રીતે ઘણું સરળ છે, જો સ્વરૂપનો કોઈ સચેતન ભાગ હોય અને આ ખોટી ગતિ અને તેની અસરમાંથી તેને મુક્ત થવાની ખૂબ જોરદાર સંકલ્પશક્તિ હોય તો. સાપેક્ષ રીતે કહીએ તો, વ્યક્તિમાં જો અભીપ્સાની સચ્ચાઈ હોય, તો તે સહેલાઈથી સફળ થાય છે; પરંતુ જો વ્યક્તિ તે વસ્તુ ઉપર આત્મ-સંતોષથી જુએ અને પોતાની જાતને કહે, "આહ, તે તો તે પ્રમાણે જ છે, બીજી રીતે કાંઈ બની શકે નહીં," તો પછી આ વધારે જોખમકારક બને છે. પોતાની જગ્યામાં દુશ્મનને સહન કરી લેવો જોઈએ નહીં. જેવી વ્યક્તિને તેની હાજરીની નોંધ થાય કે તુર્ત જ તેને દૂર દૂર ફેંકી દેવો જોઈએ, વગર દયાએ, અને જેટલો બની શકે તેટલો દૂર.

મધુર માતાજી, વિશુદ્ધ થવું એટલે શું ?

વિશુદ્ધ થવું એટલે ? વ્યક્તિ સાચેસાચ પૂરેપૂરી વિશુદ્ધ થાય છે જ્યારે તેનું આખું સ્વરૂપ, બધા જ તત્ત્વોમાં અને બધી જ ગતિઓમાં પ્રભુના સંકલ્પને પૂરેપૂરી સમગ્ર રીતે અનુસરે. આ ખરેખર સમગ્ર વિશુદ્ધિ છે. કોઈ નૈતિક કે સામાજિક નિયમ અથવા કોઈ મનોમય પ્રકારની રૂઢી ઉપર બિલકુલ આધાર રાખતું નથી. તે કેવળ આ વસ્તુ ઉપર જ આધાર રાખે છે : સ્વરૂપનાં બધાં જ તત્ત્વો અને ગતિઓ કેવળ સમગ્ર રીતે પ્રભુની સંકલ્પશક્તિ ઉપર આધાર રાખે.

હવે કેટલીક અવસ્થાઓ હોય છે, કેટલીક કક્ષાઓ. દા. ત., બિનસચ્ચાઈ, જે સૌથી વધારે અશુદ્ધિઓમાંની એક હોય છે, તે એટલા માટે ઉત્પન્ન થાય છે કે સ્વરૂપની એક ગતિ અથવા ગતિઓનો સમૂહ અથવા એક તત્ત્વ અથવા સંખ્યાબંધ તત્ત્વોને પોતાના સંકલ્પ અનુસાર જ કાર્ય કરવાનું હોય છે અને દિવ્ય પ્રભુના સંકલ્પ અનુસાર નહીં. એટલે તે વસ્તુ યા તો બળવો અથવા એક જૂઠાણું પોતાના સ્વરૂપમાં ઉત્પન્ન કરે છે. હું એમ નથી કહેતી કે વ્યક્તિ જૂઠું બોલે છે. પરંતુ મારો કહેવાનો અર્થ એ છે કે વ્યક્તિ જૂઠની, બિનસચ્ચાઈની અવસ્થામાં રહે છે અને પરિણામો ઓછા કે વધારે ભયંકર આવે છે અને તે ગતિની અને તેની અગત્યની ગંભીરતા અનુસાર ઓછાં કે વધારે વ્યાપક હોય છે. પરંતુ જો વિશુદ્ધિના દૃષ્ટિબિંદુથી જોવામાં આવે તો આ બધી વસ્તુઓ ખરેખર અશુદ્ધિઓ હોય છે.

દા. ત. જો તમે તમારું નૈતિક દૃષ્ટિબિંદુ સ્વીકારો, જે પોતે જ આધ્યાત્મિક

દૃષ્ટિબિંદુથી પૂરેપૂરું ખોટું છે – તો તમને એવા માણસો મળશે જેઓ પૂરેપૂરી નૈતિક જંદગી ગાળતો હોય, સામાજિક નિયમોને ધારાધોરણોને અને નૈતિક સિદ્ધાંતોને અનુસરતા હોય, તેમ છતાં તેઓ અશુદ્ધિઓનું જૂથ હોય, આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી તેઓ પૂરેપૂરા અશુદ્ધ હોય, જ્યારે કેટલાક એવા ગરીબ માણસો હોય છે જેઓ એવી વસ્તુઓ કરે છે જે નૈતિક અથવા સામાજિક દૃષ્ટિબિંદુથી બહુ આદરણીય ન હોય, અને તેમ છતાં તેઓમાં એક આંતરિક અભીપ્સા અને આંતરિક સચ્ચાઈ હોય જેને લઈને તેઓ બીજાઓ કરતાં અમર્યાદ રીતે વિશુદ્ધ હોય. આ મહાન મુશ્કેલીઓમાંની એક છે. જેવી વ્યકિત વસ્તુઓ વિશે બોલવાનું શરૂ કરે છે કે તુર્ત જ આ બધા સામાજિક અને નૈતિક સિદ્ધાંતો અનુસાર ચેતનામાં વિકૃતિ દાખલ થાય છે. જેવા તમે વિશુદ્ધિ વિશે વાત કરો કે તુર્ત જ તમારી નજર સમક્ષ એક નૈતિક નિયમનોનું એક સ્મારક ઉપસ્થિત થાય છે જે તમારા ખ્યાલને ખોટો ઠેરવે છે. અને એ ખાસ નોંધો કે સામાજિક દૃષ્ટિબિંદુથી નૈતિક રહેવું એ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી નૈતિક રહેવા કરતાં ઘણું સહેલું છે. સામાજિક દૃષ્ટિબિંદુથી નૈતિકતા રાખવી એટલે કે બીજાઓએ જેને અનુમતિ ન આપી હોય તેવું કાંઈ કરવું નહીં; આ થોડું અઘરું છે પણ તેમ છતાં એ અશકય નથી; અને તેમ છતાં આ પ્રમાણે કરતો હોવા છતાં માણસ બિન-સચ્ચાઈ અને અશુદ્ધિનું સ્મારક બની રહે છે; જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી શુદ્ધ રહેવા માટે માણસે ખૂબ સજાગ, સચેતન રહેવું જોઈએ અને એક એવી સચ્ચાઈવાળા જે બધી જ કસોટીઓમાંથી પાર ઊતરે.

હવે હું તમને કોઈક વસ્તુ વિશે ખાસ ચેતવણી આપું છું – મને લાગે છે કે ચોક્કસ આ પુસ્તકમાં જ શ્રી અરવિંદે ઉલ્લેખ કરેલો છે – એવા માણસો જેઓ પોતાની પ્રાણમય ચેતનામાં રહે છે અને કહે છે, "હું બધા નૈતિક નિયમોથી પર છું, હું ઉચ્ચતર નિયમને અનુસરું છું. હું બધા નૈતિક નિયમોથી મુકત છું." અને તેઓ એટલા માટે આ પ્રમાણે કહે છે કારણ કે તેમને બધી અનિયમિતતાઓમાં રાચવું છે. આવા માણસોમાં બેવડી અશુદ્ધિઓ હોય છે; તેઓમાં આધ્યાત્મિક અશુદ્ધિઓ હોય છે, તે ઉપરાંત વધારામાં સામાજિક અશુદ્ધિ હોય છે અને આ લોકોને ઘણે ભાગે પોતાના માટે ઉચ્ચ અભિપ્રાય હોય છે અને તેઓ અજોડ આછકલાઈભર્યાં જીવન જીવવામાં તેમની મહેચ્છા લાદે છે, પરંતુ આપણે આવા માણસોની જરૂર નથી.

તેમ છતાં જે માણસોનું રૂપાંતર કરવું મને સૌથી મુશ્કેલ લાગ્યું છે તેઓ માન-પાત્ર લોકો હોય છે. હું દિલગીર છું પરંતુ મારે મોભાદાર માણસો સાથે એટલી બધી વધારે મુશ્કેલી પડેલી જેટલી તેવા નહોતા તેવા માણસો સાથે નહિ પડેલી, કારણ કે તેમની પોતાની જાત માટે તેઓ એટલો બધો ઊંચો અભિપ્રાય ધરાવતા કે તેમને

ખુલ્લા કરવા અશકય હતું. પરંતુ સાચી વસ્તુ મુશ્કેલ હોય છે જ. એટલે કે વ્યકિતએ ખૂબ સજાગ, ખૂબ ધીરજવાળા અને કદી નિષ્ફળ ન બને તેવી શુભેચ્છાવાળા હોવું ખાસ જરૂરી છે. માણસે એક નમ્રતાની નાની માત્રા રાખવામાં બેદરકાર ન રહેવું જોઈએ. પૂરતા પ્રમાણમાં તે હોવી જોઈએ અને પોતાનામાં રહેલી સચ્ચાઈથી કદી પણ સંતોષ પામવો ન જોઈએ. માણસે તેની વધારે જરૂર અનુભવવી જોઈએ. (એક બાળક પ્રત્યે) તારે શું કહેવું છે, તારે? કાંઈ નહિ? કોઈને કાંઈ કહેવાનું નથી? પેલો બીજો છોકરો કયાં ગયો? તે તેની જગાએ નથી. તે તેની જગાએ નથી. નથી. તેને બીક હતી કે હું તેને પ્રશ્નો પૂછીશ. તો પછી, હવે કાંઈ વધારામાં નથી? કોઈને કાંઈ કહેવાનું નથી?

"પોતાની ભૂલોનું અને ખોટી ગતિઓનું કાયમ નિરીક્ષણ કરવાથી વિષાદ આવે છે અને શ્રદ્ધાને નિરુત્સાહી કરે છે," કઈ રીતે તે શ્રદ્ધામાં નિરુત્સાહ લાવે છે?

અહીં જે શ્રદ્ધાની વાત કરી છે તે પ્રભુની કૃપામાં રહેલી શ્રદ્ધા વિશે છે. અને પોતે લીધેલા કામની અંતિમ સફળતામાં. તમે યોગની શરૂઆત કરી છે અને તમને શ્રદ્ધા છે કે તમે યોગના અંત સુધી પહોંચી જશો. પરંતુ જે તમારી પ્રગતિમાં રૂકાવટ કરે તે બધાનું નિરીક્ષણ કરવામાં તમે તમારો સમય પસાર કરો તો પછી તમે છેવટે કહેશો, "આહ, હું કદી સફળ થઈશ નહિ! તે શકય નથી. જો આ રીતે ચાલ્યા કરશે તો હું ત્યાં કદી પહોંચી શકીશ નહીં." એટલે આમાં વ્યકિત પોતાની શ્રદ્ધા ગુમાવી બેસે છે. વ્યકિતએ એવી શ્રદ્ધા રાખવી જ જોઈએ, ચોક્કસ સફળ થઈશ.

ઘણા માણસો શરૂઆત કરે છે, અને થોડા સમય પછી આવીને તમને કહે છે, 'ઓહ, હું કદી આ પાર કરી શકીશ નહીં. મારે ઘણી બધી મુશ્કેલીઓ છે." આનો અર્થ કે શ્રદ્ધા નથી. જો કોઈએ શરૂઆત કરી હોય તો તે શ્રદ્ધા સાથે શરૂઆત કરે કે તે લક્ષ્યને પહોંચી જશે અને આ શ્રદ્ધા અંત સુધી ટકાવી રાખવી જોઈએ. શ્રદ્ધા રાખવાથી પોતે લક્ષ્ય પ્રાપ્ત કરે છે. પરંતુ અર્ધે રસ્તે તમે પાછા ફરી જાઓ અને કહો, "ના, હું કરી શકીશ નહીં," તો તમે કદી પૂરું કરશો નહીં. કેટલાક લોકો રસ્તા ઉપર ઊપડે છે અને થોડા સમય પછી તમને તે રસ્તો લાંબો થકવી નાખે તેવો અને મુશ્કેલ લાગે છે અને પછી તેઓ પોતે, તેમના પગ પણ સરખી રીતે ચાલતા નથી, તેમના પગ દુઃખવા લાગે છે વગેરે, તમે સમજ્યા, તેઓ કહે છે, "હવે આગળ જવું બહુ મુશ્કેલ છે." તેથી એમ કહેવાને બદલે, "મેં શરૂઆત કરી છે, હવે તો હું પૂરેપૂરો રસ્તો પૂરો કરીશ," જે એક જ વસ્તુ કરવાની છે, તેઓ ત્યાં ઊભા રહે છે, અટકી જાય છે અને દિલગીર થઈને કહે છે, "ઓહ, હું કદી સફળ થઈશ નહિ," અને તેઓ

રસ્તો છોડી દે છે. એટલે એ સ્પષ્ટ છે કે તેઓ રસ્તો છોડી દે છે, તેઓ કદી સફળ થશે નહીં, એનો અર્થ તેઓ શ્રદ્ધા ખોઈ બેસે છે.

પોતાની શ્રદ્ધા ટકાવી રાખવી એટલે એમ કહેવું, "સારું, મારે મુશ્કેલીઓ છે, છતાં હું આગળ ધપીશ." નિરાશા, એ તમારા પગ કાપી નાખે છે, તમને અટકાવે છે, નમને આ સ્થિતિમાં મૂકે છે, "તે પૂરું થઈ ગયું, હવે હું વધારે આગળ જઈ શકીશ નહીં." તો આ ખરેખર પૂરું થઈ ગયું અને આ વસ્તુ ચલાવી લેવાય નહીં.

જ્યારે તમે શરૂઆત કરી જ છે ત્યારે તમારે અંત સુધી પહોંચવું જ જોઈએ. કેટલીક વખત જ્યારે માણસો મારી પાસે ખૂબ ઉત્સાહથી આવે છે ત્યારે હું કહું છું, "જરા વિચાર કરો, તે સહેલો રસ્તો નથી, તમારે સમયની જરૂર પડશે, તમારે ધીરજની જરૂર પડશે, તમારે ખૂબ સહનશક્તિની જરૂર પડશે, ખૂબ ખંત અને હિંમત અને થાક વગરની શુભેચ્છા. તમે જુઓ કે આ બધું કરવા તમે શક્તિમાન છો કે કેમ અને પછી આરંભ કરો. પરંતુ એક વખત તમે આરંભ કર્યો એટલે પૂરું થયું, હવે પાછા ફરવાની વાત નહીં. તમારે અંત સુધી પહોંચવું પડશે."

કેટલીક વખત હું તેમને કહું છું, હું તેમને કહું છું કે હું તમને કેટલાક દિવસો અથવા મહિનાઓ આપું છું. કેટલાકને ચિંતન માટે મેં થોડાં વર્ષો આપેલાં છે. મેં તેમને કહ્યું છે, "બરાબર વિચાર કરી લો, પૂરેપૂરી ખાતરી." પરંતુ એક વખત તેઓ આવીને કહે, "હવે મેં નક્કી કર્યું છે, મારે શરૂ કરવું છે," તો તે સારું છે. હવે વ્યક્તિએ છેક અંત સુધી જવું જોઈએ, પછી કોઈ પણ કિંમત ચૂકવવી પડે. ભલે તે ઘણું મુશ્કેલ હોય, છેક અંત સુધી પહોંચવું જ જોઈએ.

જ્યારે માણસ રસ્તા ઉપરથી પાછો ખસી જાય છે ત્યારે તે આ હાલની જિંદગી માટે જ પાછો ફરી જાય છે કે....

આ વસ્તુમાં ઘણા જુદા જુદા પ્રસંગો હોય છે, અને તે કઈ રીતે પાછા ફર્યા છે તેના ઉપર આધાર રાખે છે. જો તે થોડા ઘણા સમય માટેનો વિરામ હોય તો તમે પછીથી શરૂઆત કરી શકો છો. પરંતુ પછીથી તે પહેલા કરતાં દસ ગણું વધારે મુશ્કેલ હોય છે.

શા માટે ?

શા માટે? કારણ કે તે તેવું છે. કારણ કે તમે તમારી પોતાની, કાયરતા અને નબળાઈને લઈને, અંદર વિઘ્નો એકત્રિત કરેલાં હોય છે. આ બધી મુશ્કેલીઓ તમારી આધ્યાત્મિક કસોટીઓ જેવું હોય છે. જેમાં તમારે સફળ થવાનું હોય છે અને તમે જો કસોટીમાં નિષ્ફળ જાવ, વારુ, તો બીજી મુશ્કેલી વધારે કઠિન આવશે. આ

એક સામાન્ય ગુહ્ય નિયમ છે. વ્યક્તિ તેમાંથી છટકી શકે નહીં. જો તમારે પ્રયત્નનો સામનો કરવો પડે અને પ્રગતિ કરતાં કરતાં તમે નિષ્ફળ જાઓ.... અને ખાસ નોંધ રાખશો કે આમાં તમને પહેલેથી ચેતવણી આપવામાં આવતી નથી તો તે કસોટીને વધારે મુશ્કેલ બનાવે છે. પહેલાંના દિવસોમાં, પ્રાચીન વખતમાં, સાધકોને કહેવામાં આવતું, "હવે તમે તૈયાર થઈ જાઓ. તમારે ભયંકર કસોટીઓમાંથી પસાર થવાનું છે. તમને શબ–પેટીમાં પૂરવામાં આવશે, તમારે ભયંકર જોખમોનો સામનો કરવો પડશે. પરંતુ આ કસોટીઓ તમારામાં તેના માટેની લાયકાત છે કે નહીં તે શોધવા માટે છે." માણસને પહેલેથી ચેતવણી આપવામાં આવે, ત્યારે તમે સમજો કે આપણે જેમ કહીએ છીએ તેમ તેનામાં દસ માણસની તાકાત આવે છે. એક વખત તમને ચેતવણી આપવામાં આવે કે તે કસોટી હતી ત્યારે તે ગંભીરતાથી લેતા નહિ અને તે વધારે સહેલું બનતું.

પરંતુ હવે તે પદ્ધતિ નથી. આવું હવે કરવામાં આવતું નથી. આ તો જીવન પોતે જ છે, દરરોજના સાંજોગો, જે બધી તમારે સફળ થવાની કસોટીઓ છે. કેટલાક લોકોને અંતઃપ્રેરણાથી ખબર પડી જાય છે કે તેમને નિર્ણય લેવાનો છે, એક ખાસ પ્રયત્ન કરવાનો છે અને તેઓ તેમની પોતાની અંદર પ્રયત્ન કરે છે અને પગથિયું ઓળંગી જાય છે. આ વસ્તુઓથી બીજું પછીનું પગથિયું ઓળંગવા માટે વધારે શક્તિ આવે છે. જ્યારે વ્યક્તિએ પોતાના નિમ્ન સ્વરૂપ ઉપર કાબૂ મેળવ્યો હોય છે ત્યાર પછી બીજે વખતે બીજું પગથિયું ઓળંગવા માટે તેણે ઘણી વધારે શક્તિ પ્રાપ્ત કરેલી હોય છે. ઊલટાનું જો કોઈ અંધ હોય, અજ્ઞાની, મૂર્ખ અથવા દુરિચ્છાવાળો અને આ સામે આવેલી કસોટીઓ માટે, "હા," કહેવાને બદલે તે બંડ કરે અને ઈન્કાર કરે તો પછી તમે સમજો કે તે આ રીતે અભિવ્યક્ત થાય, "વ્યક્તિ કસોટીમાંથી પાર ઊતરી નથી, તે કસોટીમાં નિષ્ફળ થઈ છે," પરંતુ બીજે સમયે વ્યક્તિને આ વસ્તુ ઊપર ફરજિયાત વિજય મેળવવો પડે છે અને પોતાની જાતનું નુકસાન કર્યું તે ભરપાઈ કરવા માટે વધારે સખત પ્રયત્ન કરવો પડે છે. તેથી તે ઘણું વધારે મુશ્કેલ બને છે.

પરંતુ આ રસ્તા ઉપર રહેલા બધાની સાથે બધો જ સમય આ પ્રમાણે બને છે, કદાચ દરરોજ. કેટલીક વખત નાની વસ્તુઓ હોય છે, કેટલીક વખત થોડી મોટી. નાની વસ્તુઓ તરફ વળવા માટે સાચી રીતની તક લેવાથી તે બની જાય છે. મોટી વસ્તુઓ માટે એક પ્રકારની અંતઃસ્ફુરણા જોઈએ. પરંતુ હજી બીજી વસ્તુઓ પણ છે. વ્યક્તિ જ્યારે વિકાસની કટોકટીની ક્ષણે હોય છે ત્યારે આગળ વધવા માટે એક પગથિયું પસાર કરવાની અચૂક જરૂર પડે છે. તે ક્ષણે બે શકયતાઓ હોય છે; પગલું પસાર કરવું અને વ્યક્તિ તાત્કાલિક મહાન પ્રગતિ કરે છે; અથવા પ્રમાદ કરવાથી

આ વસ્તુ વિરામને બદલે ખરેખર મોટી વસ્તુ બની જાય છે, એક પીછેહઠ કરતાં પણ મોટી, તે કદાચ ખાઈમાં ભયંકર પતન પણ હોય. કેટલીક એવી ખીણો હોય છે જેમાંથી વ્યક્તિ ફરીને ઊંચે આવતી નથી અને તેથી તેનો અર્થ કે જિંદગી ખોઈ બેસવું.

પરંતુ જો કોઈનામાં, જે ભાગ બચી ગયો હોય અને પતન પામેલો હોય, તેના ઉપરાંત અંદર કોઈ વસ્તુ હોય, એક જ્વલંત શિલા, અને જો તે વ્યક્તિ ગમે તે વસ્તુ માટે તૈયાર હોય, બધી જ શકય એટલી વેદનાઓ માટે, શકય પ્રયત્ન માટે, જે બની ગયું તેને સુધારવા માટે, શકય એટલાં બલિદાનો માટે જેથી કરીને તે ખાઈના તળિયેથી ઊંચે ચડી શકે અને રસ્તો ફરીથી શોધી શકે તો વ્યક્તિ તે વસ્તુ કહી શકે છે. આ જ્યોતમાં પ્રભુકૃપાને પુકાર કરવાની શકિત હોય છે, અને પ્રભુકૃપાની મદદ વડે કોઈ પણ વસ્તુ અશકય નથી. પરંતુ તે સાચી જ્વાળા હોવી જોઈએ, ખૂબ શકિતશાળી વસ્તુ, કારણ કે જ્યારે વ્યક્તિ બખોલના તળિયે હોય છે ત્યારે તેમાંથી બહાર આવવું સહેલું હોતું નથી. પ્રથમ પ્રકારમાં એક નાના પ્રકારનો માર્ગનો વિરામ હોય છે અને તેને લઈને બીજું પગલું થોડું મુશ્કેલ બને છે અને છેલ્લો પ્રકાર, જેના વિશે હું વાત કરું છું તેમાં ઘણી કક્ષાઓ હોય છે; અને તેથી વ્યક્તિ એમ ન કહી શકે કે જો તે માર્ગ ચૂકે તો આખા જીવન માટે ચૂકી જાય છે. તે તો સૌથી છેવટનો દાખલો છે.

પરંતુ જો વ્યક્તિ માર્ગ છોડી દે, તો તેને શોધવા વધારે મુશ્કેલ છે. એમાં વિચિત્ર વસ્તુ તો એ છે કે તેને છોડી દેવાથી તે ગુમ થઈ જાય છે. બધા દેશોમાં આ પ્રકારની દંતકથાઓ હોય છે; એવા માણસો વિશેની જેઓએ માર્ગ છોડી દીધો હોય અને પછીથી તેને શોધતા હોય અને પછીથી કદી પણ મળતો ન હોય. જાણે કે માર્ગ તદ્દન અદૃશ્ય થઈ ગયો હોય. તેઓએ તે ગુમાવ્યો હોય છે અને આ ખરેખર ઘણી દુઃખદાયક વસ્તુ હોય છે.

પરંતુ જ્યારે તમે માર્ગ ઉપર હો છો – હું તે વિશે જ હાલ વાત કરતી હતી – તમે જ્યારે માર્ગ ઉપર હો ત્યારે તમે કદી તે છોડશો નહીં. થોડી રાહ જુઓ, તેને સ્વીકારતાં પહેલાં જેટલો નિર્ણય કરવો હોય તેટલો સમય લો; પરંતુ તમે જેવો તેના ઉપર પગ મૂકો કે તે પૂરું થઈ ગયું, કદી છોડશો નહીં. કારણ કે આનાં પરિણામો કેટલીએ જિંદગી સુધી લંબાઈ શકે. તે ઘણી ગંભીર વસ્તુ છે. તેને લઈને જ હું કોઈને એ માર્ગ લેવા માટે દબાણ કરતી નથી. તમે અહીં ઘણાં બાળકો છો; મેં તમને કોઈને પણ કહ્યું નથી – ફકત તેઓને જ કહ્યું છે જેઓ મારી પાસે આવ્યાં અને મને કહ્યું, "મારે જોઈએ છીએ." અને તેવાંઓને પણ જ્યાં સુધી મને પૂરેપૂરી ખાતરી હોતી નથી, કારણ કે તે તેમના ભાગ્યમાં લખાયેલું હોય છે એટલા માટે તેઓ

આવેલાં હોય છે, તેમને હું કાયમ કહું છું, "તેના વિશે વિચાર કરો, વિચારો, તમે ખાતરી કરી લો કે તમારે આ જ વસ્તુ જોઈએ છીએ અને બીજું કાંઈ નહીં." અને જ્યારે તેઓએ ચિંતન કર્યું હોય છે અને નિર્ણય કર્યો હોય છે ત્યારે બધું પૂરું થઈ ગયું હોય છે. પછીથી વ્યક્તિએ ખસવાનું નથી, તેણે છેક છેવટ સુધી જવાનું છે. એટલે હું એમ કહેવા માગું છું કે હવે તમારે માર્ગ છોડવાનો નથી. ગમે તે ભોગે તમારે આગળ વધવાનું છે અને માર્ગ ઉપર વારંવાર અટકવાનું નથી, કારણ કે ગમે તેટલું મુશ્કેલ હોય છતાં ચાલુ રાખવું, એ એક વખત અટકયા પછી ફરીથી શરૂ કરવા કરતાં વધારે સહેલું છે. રસ્તા ઉપર ચાલ્યા કરવું એના કરતાં ફરીથી શરૂ કરવામાં વધારે મહાન પ્રયત્નની જરૂર પડે છે. અને તમે સમજ્યા, મારે તાર્કિક રીતે તેમ ન કહેવું જોઈએ, પરંતુ જેઓ અહીં છે તે બધાને મેં ચેતવણી આપેલી છે અને તેમને કહેલું છે, "દરરોજના સંજોગોને હળવાશથી ન લેશો, જીવનની નાનમાં નાની વિગતોને પણ, નાના પ્રસંગો પણ, તમે સમજ્યા; આ બધી જ વસ્તુઓને હળવાશથી ન લેશો." તમારા નિમ્ન સ્વરૂપથી તમે પ્રતિઘાત ન આપશો. દરેક વખતે, જ્યારે તમને કરવાનું કહેવામાં આવે અથવા ન કરવાનું કહેવામાં આવે ત્યારે – આવું વારંવાર કહેવામાં આવતું નથી, પરંતુ જ્યારે કહેવામાં આવે ત્યારે, પ્રત્યાઘાત આપતાં પહેલાં થોડો વિચાર કરજો, તમારી અંદર કયો ભાગ આ વસ્તુનો પ્રત્યાઘાત આપે છે તેને શોધવા માટે પ્રયત્ન કરજો. તમારામાં જે સામાન્ય વસ્તુ છે અને પ્રત્યાઘાત આપે છે તેની માફક પ્રત્યાઘાત ન આપશો. તમારી અંદર તમે પ્રવેશ કરજો અને તમારી અંદર જે ઉત્તમ વસ્તુ હોય તેને શોધવા માટે પ્રયત્ન કરજો અને તેની સાથે તમે પ્રત્યાઘાત આપજો. તે ઘણું અગત્યનું છે, ખૂબ અગત્યનું.

કેટલાક લોકો વર્ષો સુધી સમય નોંધ્યા કરે છે, કારણ કે તેઓએ આમ કર્યું હોતું નથી. જ્યારે બીજા કેટલાક લોકો ઊડતા હોય એમ લાગે છે. તેઓ એટલા ઝડપથી જતા હોય છે, કારણ કે તેઓ આના ઉપર ધ્યાન આપે છે અને જેઓ તેમ કરતા નથી તેઓ પ્રભુનો દોષ કાઢે છે, તેઓ દિવ્યકૃપા ઉપર દોષારોપણ કરે છે. તેઓ તેને કહે છે, "તેં મને છેતર્યો છે, તેં મને મુશ્કેલીમાં નાખ્યો છે. તેં મને ઠોકર ખવડાવી છે, તું જ રાક્ષસી છો." બરાબર આ શબ્દોમાં જ નહીં, પરંતુ વિચારમાં તો આવા પ્રકારનું જ. અને તેથી સ્વાભાવિકતયા તેમનો હિસ્સો વધારે ખરાબ બને છે. કારણ કે તેમની મુશ્કેલીઓમાં જે મદદ તેઓ મેળવી શકયા હોત તેને તેઓ ધકેલી દે છે. આપણે તે પરિસ્થિતિમાં છીએ.

હું તમને બીજી ઘણી વસ્તુઓ વિશે કહી શકું પણ તે ધીરે ધીરે આવશે. કોઈ પણ સંજોગોમાં, તમે તમારી પોતાની અંદર આત્મ–શ્રદ્ધા રાખી શકો, એક સ્પષ્ટ વિશ્વાસ,

જે કોઈ પણ દલીલ ન કરે, અને તે ભાવના .... હા, ખરેખર તમારી સાથે જે કાંઈ બને છે તેમાં વિશ્વાસ, ભલે બાહ્ય દેખાવ ગમે તે હોય, તો તે તમને તમારી બધી જ મુશ્કેલીઓમાંથી ઝડપથી બહાર કાઢવાનો સૌથી ઉત્તમ માર્ગ છે – અને જો તમે તેને મજબૂત રીતે રાખી શકો, તો વારુ, તમારો માર્ગ અતિશય સહેલો બની જશે.

તમે મને કહેશો કે તેને રાખવો ઘણો અઘરો છે, પરંતુ બાળકો તેને સારી રીતે રાખી શકે છે. તેઓને ધિક્કાર લાયક મા–બાપો મળ્યા હશે જેથી તેઓ તે ખોઈ બેસે; પરંતુ જો તેમનાં મા–બાપો પૂરતાં સારાં હોય તો તેને વધારે સારી રીતે રાખી શકે છે. સારુ, આ વલણ છે; જો તમે તમારી જાતને કહી શકો, " સારું કદાચ પ્રભુકૃપા આપણી આત્મશ્રદ્ધાને લાયક છે," ફક્ત આટલું જ, બીજું કાંઈ નહીં, તો તમે ઘણી મુશ્કેલીઓ ટાળી શકશો, હકીકતમાં સામાન્ય જીવનમાં પણ તમે મુશ્કેલીઓને ટાળી શકશો, ઘણી બધી ચિંતાઓને અને ખાસ કરીને અહીં, જો તે તમે કરી શકો, તો તમે જોશો કે જે વસ્તુઓ ભયંકર મુશ્કેલીભરી લાગતી હતી તે બધી વાદળોની માફક વિખેરાઈ જશે.

આપણે તે સ્થિતિમાં છીએ; એટલું પૂરતું છે.

આવજો, મારાં બાળકો.

૨૯ ડિસેમ્બર ૧૯૫૪

આ વાર્તાલાપ શ્રી અરવિંદના પુસ્તક "યોગસાધનાના પાયા", પ્રકરણ ૩, 'મુશ્કેલીઓ' ઉપર આધારિત છે.

તો હવે પછી? (એક બાળક પ્રત્યે) પ્રશ્નો નથી? (બીજા પ્રત્યે) તારે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, એમ કેમ કહેવાયું છે કે "જેઓમાં યોગ માટે સૌથી વધારે શક્તિ છે .... તેમનામાં પણ, ઘણી વખત સૌથી વધારે અપૂર્ણતાઓ હોય છે?"

તે પ્રમાણે કેમ હોય છે? (મૌન) કારણ કે વ્યક્તિની પ્રકૃતિ ઘણી મજબૂત અને શક્તિશાળી હોવી જોઈએ અને તેનામાં મહાન આંતરિક તાકાત હોવી જોઈએ જેથી કરીને તે ખૂબ શક્તિશાળી બને; અને ખૂબ મજબૂત પ્રકૃતિવાળી વ્યક્તિઓને ખૂબ મજબૂત મુશ્કેલીઓ હોય છે.

જે લોકો ઉદાસીન, કંટાળાજનક, અગત્ય વગરના હોય છે તેઓ પોતાના નાના માર્ગ ઉપર બહુ હરકત વગર ચાલ્યા કરે છે. પરંતુ તેઓ કાંઈ બહુ કરી શકતા નથી. તેમનો રસ્તો સાંકડો અને ઘણો ટૂંકો હોય છે; તેઓ તેના અંત સુધી ઘણી ઝડપથી પહોંચી જાય છે. તેઓ બહુ ફરી શકતા નથી. પરંતુ જેઓની પ્રકૃતિ મજબૂત હોય છે તેઓની મુશ્કેલીઓ પણ જોરદાર હોય છે, કારણ કે આ જગતમાં મુશ્કેલીઓ વગરના હોવું એ બિલકુલ અશક્ય હોય છે. જ્યાં સુધી આ જગત જેવું છે તેવું રહેશે, અને વ્યક્તિને તેમાં ભાગ લેવાનો છે ત્યાં સુધી તેને મુશ્કેલીઓમાં પણ ભાગ લેવાનો છે.

ફક્ત ખંતપૂર્વકના પ્રયત્નથી જ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવવામાં સફળ થઈ શકાય છે; અને આ જગતની સખ્તાઈમાંથી પૂરેપૂરા મુક્ત બનવું અશક્ય છે. જ્યાં સુધી તે જગત અમુક કક્ષા સુધીની પૂર્ણતા સુધી પહોંચેલું ન હોય ત્યાં સુધી એક સંપૂર્ણ વિશુદ્ધિ, એક પૂર્ણ પૂર્ણતા અશક્ય લાગે છે. એકલો અટૂલો સંન્યાસી પણ, જે ગુફામાં કે વૃક્ષ હેઠળ અથવા જંગલમાં જઈને બેસી જાય છે, તે પણ બાકીની દુનિયાની સખ્તાઈમાંથી પૂરેપૂરો મુક્ત બની શકતો નથી. જે હવા તે શ્વાસમાં લે છે તે પણ જગતનાં આંદોલનોથી ભરેલી હોય છે, જે કોઈ પ્રકારનો તે ખોરાક લે છે, પછી ભલે તેણે ગમે તેટલો ઘટાડીને સૌથી ઓછો કરી નાખેલો હોય તે પણ જગતનાં

આંદોલનો ધરાવે છે; અને તેથી આ જગતની મુશ્કેલીઓમાં અને સખ્તાઈમાં હસ્તી ધરાવવા માટે તે પૂરતું છે.

એટલા માટે જ, હકીકતમાં, માર્ગ ઘણો લાંબો છે. વ્યક્તિ જ્યારે શ્વાસ લે છે અથવા ખાય છે ત્યારે જે કોઈ વસ્તુમાં પોતાની જાતને સતત મગ્ન કરે છે તે બધી વસ્તુઓને આત્મસાત્ કરતાં કરતાં વ્યક્તિએ સતત તેમનું રૂપાંતર કરતાં રહેવું જોઈએ. એ એક સતત ચાલતી રસાયન ક્રિયા છે જેમાં વ્યક્તિને એક વિશિષ્ટ પ્રકારની બધી શક્ય અવ્યવસ્થિતતાઓ ધારણ કરતાં આંદોલનોને સ્વીકારીને તેમને એક એવી વસ્તુમાં ફેરવવાના છે જે ઊર્ધ્વમાંથી પ્રકાશ ગ્રહણ કરી શકે. અને આ કાર્ય સતત ચાલ્યા કરે છે અને તેનું સતત નવસર્જન થયા કરે છે. એટલે આ જગત જેવા પ્રકારનું છે તેમાં જીવવું અશક્ય છે, અને જગત પોતે જ મહાન પ્રગતિ ન સાધે તે સિવાય પૂર્ણ થવું અને જીવવું એ અશક્ય છે.

(લાંબું મૌન)

તો પછી હવે? આજે કોઈ પ્રશ્ન નથી?

માતાજી, વ્યક્તિનું જીવન, તેના ચૈત્ય પુરુષને જે અનુભવ લેવાના હોય તેના ઉપર આધાર રાખે છે?

ઘણું કરીને!

આજે જ હું કોઈની સાથે આ સંબંધમાં વાતચીત કરતી હતી, અને મેં આ વસ્તુ કહેલી કે જો કોઈ માણસ પોતાના ચૈત્ય પુરુષ વિશે પૂરેપૂરો સભાન બને, તે જ વખતે તે અચૂક સમજે છે કે તેના ચૈત્ય પુરુષને હાલના અસ્તિત્વની અને અનુભવની જરૂર છે; અને તે વસ્તુને અર્ધ-સચેતન રીતે અથવા થોડી વધારે અર્ધચેતનતાથી સમજવાને બદલે, વ્યક્તિ આ અનુભવને ટૂંકાવે તો તેના ચૈત્ય પુરુષને કેટલીક જિંદગીઓ પસાર કરીને જે અનુભવ લેવાનો હોય તેના માટે અમુક મર્યાદિત વર્ષોમાં પૂરું કરી લેવા માટે ટૂંકાવવામાં મદદ કરે. એટલે એમ કહેવાય કે મદદ અરસપરસ પ્રમાણમાં હોય છે. ચૈત્ય પુરુષ, જ્યારે તે બાહ્ય જીવન ઉપર અસર કરે છે ત્યારે તેમાં પ્રકાશ, વ્યવસ્થા અને સમતા તથા દિવ્ય સંપર્કનો આનંદ લાવે છે. પરંતુ શારીરિક પુરુષ, શરીર ચેતના, જે ચૈતસિક ચેતના સાથે ઐક્ય સાધે છે અને તેની મારફતે ચૈત્ય પુરુષને જે જાતના અનુભવની જરૂર હોય તેમના વિશે જાણ લે છે અને તે તેને આ અનુભવોને બહુ ઓછા સમયમાં પ્રાપ્ત કરવામાં સહાય કરે છે, અને ફક્ત સમય જ બચાવે છે એટલું નહિ પરંતુ ચૈત્ય પુરુષ માટે ઘણી જિંદગીઓ પણ બચાવી લે છે. તે એકબીજાને પરસ્પર મદદ કરે છે.

ટૂંકમાં યોગનો આ અર્થ છે. યોગ તમને તમારું ભાગ્ય નિર્માણ કરવા માટે પૂરેપૂરા સચેતન બનવામાં મદદ કરે છે એટલે કે તમારે વિશ્વમાં જે કાર્ય કરવાનું છે તેના માટે, અને હાલની ક્ષણે જ નહિ પરંતુ જે ભૂતકાળમાં હતું તેના વિશે પણ અને ભવિષ્યમાં શું બનશે તેને માટે પણ. અને આ જ્ઞાનને લઈને તમે તમારી ચેતનામાં બધા અનુભવોને ટૂંકાણમાં એકત્રિત કરી શકો છો અને જિંદગીઓ બચાવી શકો છો, અને જે પ્રાપ્ત કરવા માટે તમારે કેટલીએ જિંદગીઓ પસાર કરવી પડી હોત તેના બદલે થોડા સમયમાં પ્રાપ્ત કરી શકો છો. ચૈતસિક પુરુષ આ અનુભવોમાંથી ક્રમિક રીતે પસાર થાય છે અને પૂર્ણ પરિપકવ બને છે અને પોતે સ્વતંત્રતા અને મુક્તિ પામે છે – એ અર્થમાં કે તેને નવીન જિંદગીની જરૂર નથી. જો તેને સ્થૂલ જગતમાં પાછું આવવું હોય તો તે પાછો ફરે છે કારણ કે તેને ત્યાં કાંઈક કરવાનું હોય છે અને તે પાછા ફરવા માટે મુક્તપણે પસંદગી કરે છે. પરંતુ ત્યાં સુધી, આ મુક્તિ સુધી, તેને જે જે અનુભવની જરૂર હોય તે લેવાને માટે તેને પાછા ફરવાની જરૂર પડે છે. વારુ, જો એમ બને કે શારીરિક પુરુષે વિકાસ સાધેલો હોય અને તે પૂરતો સચેતન હોય અને ચૈત્ય પુરુષ વિશે સભાન બનવા માટે જરૂરી હોય એટલો તેનામાં શુભ-સંકલ્પ હોય, તો તે ત્યાં જ અને તે વખતે જ, આ હાલના જીવનમાં જ ચૈત્ય પુરુષની પરિપકવતા પ્રાપ્ત કરવા માટે જરૂરી બાહ્ય અનુભવો માટે બધા જ સંજોગો ઉત્પન્ન કરે છે.

(લાંબું મૌન)

જે લોકો નિમ્ન પ્રાણ જગતમાં રાત્રિ સમય દરમિયાન ભટકયા કરે છે તેઓ મૃત્યુ પછી બહુ સહન કરે છે?

જેઓ તે પ્રમાણે કરતા નથી હોતા તેમના કરતાં વધારે નહીં. તેઓ ત્યાં ભટકયા કરે છે તે હકીકતને લઈને તેઓ વધારે સાધન-સંપન્ન હોય છે. તેઓ આ જગત સાથે થોડા ટેવાયેલા હોય છે તેથી તેમને માટે આ પ્રદેશ બિલકુલ અજાણ્યો હોતો નથી; તેઓ ત્યાં ગયેલા હોય છે અને દા. ત. તેમને ઠીક ઠીક પ્રમાણમાં દુઃખ-દાયક અનુભવો થયેલા હોય છે અને પોતાની જાતનું કઈ રીતે રક્ષણ કરવું તે જાણી લીધું હોય છે. એ સાચું છે કે આવા બધા પ્રસંગોમાં તેના માટે એક જ બચાવ હોય છે કે તેના શરીરમાં પાછો ધસી જાય છે, અને આ વસ્તુ હવે પછી તે કરી શકતો નથી. પરંતુ તેમ છતાં તેઓને થોડો અનુભવ તો હોય છે, જ્યારે તેઓ, જેઓ તેના વિશે બિલકુલ જાણતા નથી અને કયારે પણ આવી ચેતના હોતી નથી તેઓ ત્યાં જાય છે એટલે કે તેમને આ જગતમાં ફેંકી દેવામાં આવે છે ત્યારે જાણે કે તેઓ એવા દુઃખદાયક અને અજાણ્યા પ્રદેશમાં જાય છે કે પોતાની જાતનું કેમ રક્ષણ કરવું તેનું

ભાન પણ હોતું નથી! હું માનું છું કે જેમને આવાં સ્વપ્નાંઓ આવે છે, જેમને તેઓ સ્વપ્નો કહે છે, અને જેઓ તેમના વિશે સભાન હોય છે, તેઓ વધારે સારી સ્થિતિમાં હોય છે; અને જો કે તેમનાં સ્વપ્નાંઓ બહુ સુંદર હોતાં નથી, તેમ છતાં જે લોકો બિલકુલ અચેતન હોય છે, તેમના કરતાં તેઓ વધારે સારી પરિસ્થિતિમાં હોય છે કારણ કે એક વખત વ્યક્તિએ પોતાનું શરીર છોડી દીધું, પછી તે સચેતન હોય અથવા અચેતન, તેણે વિકાસ સાધેલો હોય અથવા ન સાધેલો હોય, તો પણ શરૂઆતમાં વ્યક્તિ કાયમ તે જ પ્રદેશમાં જાય છે – સિવાય કે વ્યક્તિ યોગી હોય જે પોતાની જાત ઉપર ગમે તે કરી શકવા સમર્થ હોઈ શકે છે, પરંતુ તે સિવાય, તમે જાણો છો, તે એવા પ્રકારનો કિસ્સો છે કે વ્યક્તિ તેના વિશે વિચારણા પણ કરી શકે નહિ. બધા જ માણસો જ્યારે, તેઓ તેમના શરીરને છોડી દે છે ત્યારે નિમ્ન પ્રાણના પ્રદેશોમાં ધકેલાઈ જાય છે, જે પ્રદેશમાં કોઈ પણ વસ્તુ આનંદદાયક હોતી નથી. અને તેમ છતાં, થોડો વખત રાહ જુઓ, તે વિચિત્ર છે, તેમ છતાં કોઈ વસ્તુ એવી છે જેના વિશે આજે હું વાત કરતી હતી. આ કિસ્સામાં સૌથી અગત્યની વસ્તુ તે ચેતનાની અંતિમ અવસ્થા છે, જેમાં વ્યક્તિ બન્ને સાથે જોડાયેલી હતી, જ્યારે પ્રાણમય પુરુષ અને શરીર બન્ને જોડાયેલાં હતાં; તેથી કરીને ચેતનાની અંતિમ અવસ્થામાં વ્યક્તિ એમ કહી શકે કે છેલ્લી ઇચ્છા અથવા અંતિમ આશા અથવા અંતિમ અભીપ્સાને અદૃશ્ય જગતની સાથે, વ્યક્તિને જે પહેલો સંપર્ક થાય છે, તે તેના માટે ભવ્ય અગત્યનો હોય છે. અને અહીં મૃત્યુ પામનાર માણસોની આસપાસ જે વ્યક્તિઓ હોય છે તેમની જવાબદારી તેઓ વિચારે તેમના કરતાં ઘણી મોટી હોય છે. જો તેઓ તેની ઉત્તમ ચેતનામાં પ્રવેશ કરવા માટે તેને મદદ કરી શકે તો તેઓ શક્ય એટલી તેના પ્રત્યેની ઉત્તમ સેવા કરી શકશે. પણ ઘણે ભાગે તો તેઓ બની શકે તેટલા તેને વળગે છે અને પોતાના ભયંકર સ્વાર્થથી તેને તેમના તરફ નીચે ખેંચે છે; તેનું પરિણામ તમે જુઓ છો, એવું આવે છે કે થોડી વધારે ઉચ્ચતર ચેતનામાં જે તેને વિદાય વખતે રક્ષણ આપી શકે, તેમાં ખેંચાવાને બદલે તે ભૌતિક વસ્તુની પકડમાં આવે છે, અને તે પોતાની જાતને શરીર અને તેની આસક્તિઓમાંથી બન્નેમાંથી મુક્ત થવાનું આંતરિક યુદ્ધ બને છે.

હકીકતમાં, તમે સમજ્યા, હું એમ કહું છું કે ઘણા એવા માણસો માટે એટલા બધા ઓછા કે માણસ તેમના વિશે ભાગ્યે જ ઉલ્લેખ કરી શકે – બધા જ માણસો – પૂર્ણ અજ્ઞાનમાં જીવે છે, કઈ રીતે જીવવું તે માટેના અજ્ઞાનમાં, વિશ્વમાં રહેલી વસ્તુઓ માટે નહીં પરંતુ જીવન જીવવાની સામાન્ય રીતોની, પ્રાથમિક જ્ઞાનમાં પણ; તેઓએ કઈ રીતે જીવવું તેની પણ તેઓને જાણ નથી. તેમને જે વસ્તુઓ ન કરવી જોઈએ તે જ બધી વસ્તુઓ કર્યા કરે છે, અને હું તેમની કામનાઓના સંતોષ

માટે અને બીજી વસ્તુઓ માટે કહેતી નથી, હું દરેક ક્ષણના જીવન માટેની વાત કરું છું, દરેક ક્ષણની ગતિની : કારણ કે વ્યકિત પૂરેપૂરી અજ્ઞાનની અવસ્થામાં હોઈને તે પોતાને જોઈતાં પરિણામો મેળવવા માટે તેણે જે કરવું જોઈએ તેનાથી બરાબર ઊલટું જ કરે છે. વ્યકિત કોઈ ધ્યેયને અનુસરવા માટે પ્રયત્ન કરે છે, પછી તે ગમે તે હોય – તે કદાચ સ્વાર્થી હેતુ પણ હોય, તે કદાચ નિ:સ્વાર્થી હેતુ પણ હોય, તે કદાચ સ્થૂલ હેતુ પણ હોય, તે કદાચ આધ્યાત્મિક હેતુ પણ હોય, પણ વ્યકિતને કાંઈક મેળવવાની ઈચ્છા હોય છે અને તે ત્યાં જવા માટે જે જરૂરી હોય તેનાથી ઊંધું જ બધો સમય કરે છે અને જો તમે એક થોડું જ ધ્યાન રાખો, અને કોઈ પણ મિનિટે તમારી જાતનું નિરીક્ષણ કરી શકો, તમારે જે કોઈ વસ્તુ કરવી હોય તેના માટે એક અર્ધી સેકંડ રાહ જુઓ અને તમારી જાત ઉપર નજર નાખો અને પૂછો, "મારે શું કરવું છે તે હું જાણું છું?" જો તમે સાચદિલ હો, તો તમે જોશો કે તમને તેના વિશે કાંઈ પણ ખબર નથી. તમે તેને યાંત્રિક રીતે અથવા સહજ સ્ફુરણાથી કરો છો, તમારી ટેવ પ્રમાણે અથવા કોઈ પ્રકારના આવેગથી, તમે સમજો; પરંતુ એ જાણવા માટે, "આ કરવું જ જોઈએ? આ વસ્તુ આ રીતે જ થવી જોઈએ?" – અને તેના માટે મને લાગતું નથી કે એક હજાર વખતમાંથી એક વખત પણ તમે જવાબ આપી શકો.

અને હવે પછીથી જ્યારે કોઈને મદદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય . . . , જો તમારામાં શુભેચ્છા હોય, અને કોઈને મદદ કરવાની ઈચ્છા હોય . . . . તો તમે શરૂઆતમાં તમારી જાતને કઈ રીતે મદદ કરવી તે પણ જાણતા નથી, પરંતુ તેમ છતાં તમે સ્વાર્થી હોતા નથી; કોઈ ખાસ ક્ષણે તમારે કોઈને મદદ કરવી છે, તેના વિશે તમે કાંઈ પણ જાણતા નથી. "તમે તેને શેની જરૂર છે?" હું કેવળ સ્થૂલ, વસ્તુઓ વિશે વાત કરતી નથી, પરંતુ તમારામાં જે લાગણી હોવી જોઈએ, તમારામાં જે વિચાર હોવો જોઈએ, તમારે જે શબ્દો બોલવા જોઈએ, તેના વિશે વાત કરું છું, જો તમે ફકત એક ડગલું પાછળ હઠો, તમારી જાત ઉપર નજર નાખો, પરંતુ તમે તેના વિશે કાંઈ પણ જાણો નહીં; તમે તે પ્રમાણે આકસ્મિક રીતે તે પ્રમાણે કરો છો, એવી આશામાં કે તમે સફળ થશો, પરંતુ ત્યાં તમને જ્ઞાન હોતું નથી. બોલ્યા વગર, સ્વાભાવિકતાયા, તેના વિશે . . . . હું એવા લોકો વિશે વાત નથી કરતી, જેઓ કાંઈ પણ જાણતા ન હોય અને જેઓ જ્યારે તેમને કોઈ બાળક હોય છે, ત્યારે તેને કઈ રીતે બરાબર સાચી રીતે પકડવું તેના વિશે પણ જ્ઞાન હોતું નથી. તેમજ તેને કઈ રીતે તંદુરસ્ત રાખવું તેના વિશે પણ. હું આ વિશેના અજ્ઞાન વિશે પણ વાત નથી કરતી, તેને બધા લોકો જાણે છે. હું એવી અસંખ્ય માતાઓને

જાણતી હતી, જેમને સહેજ પણ ખ્યાલ નહોતો કે તેમનાં બાળકોને કેમ તંદુરસ્ત રાખવાં. હું આના વિશે પણ વાત કરતી નથી, કારણ કે આ વસ્તુ જો કોઈ પુસ્તક વાંચે, થોડું કાર્ય કરે કે અભ્યાસ કરે, તો તેને ઓછામાં ઓછું જ્ઞાન તો આવે જ છે.

હું તો ફક્ત થોડાંક ઊર્ધ્વતર પગલાંની વાત કરું છું. નૈતિક રીતે, તમારી નીતિ પ્રમાણે લોકો સાથેના તમારા માનસશાસ્ત્રીય સંબંધ વિશે, તમે કોઈ વ્યક્તિ મુશ્કેલી હોય તેની સાથે છો. તમે જાણો છો કે તમારે તેની સાથે કઈ રીતે વાતચીત કરવી ? તમે તેની મુશ્કેલીનું કારણ અથવા મૂળ વિશે પણ જાણો છો ? તેની અંદર શું ચાલી રહ્યું છે તેના વિશે ? તમે ધારણા કરી શકો છો, તમે તેને વિશે કલ્પના કરી શકો છો, તમે તારણ કાઢી શકો છો, તર્ક લડાવી શકો છો, છતાં તમે જાણતા નથી ! આ ખાતરીથી જાણવાનું જ્ઞાન; "તે આ વસ્તુ છે," તમારામાં નથી, "આ તે વસ્તુ છે, કે પેલી વસ્તુ જેવું ? જો હું આ કરું તો તે બનશે ? અને જો હું પેલું કરું, તો તેને લઈને શું બનશે ?" અને તમે ચલાવે રાખો છો, અને આગળ ને આગળ કલાકો સુધી ચાલ્યા જાઓ છો, અચકાતા અને ફાંફાં મારતા અને તમારી જાતને પૂછતા .... અને આ વસ્તુ વિશે જ શ્રી અરવિંદે બુલેટિનમાં આવેલા તેમના છેલ્લા લેખમાં સ્પષ્ટ રીતે લખેલું છે. તેઓ કહે છે કે જો તમારે અતિમનસના અવતરણ માટે તૈયાર થવું હોય તો સૌથી પ્રથમ તો તમારા અજ્ઞાની અને અશક્ત મનને બદલે એક પ્રકાશિત મને જગ્યા લેવી પડશે, જે જુએ છે. જે જુએ છે અને જાણે છે અને આ પ્રથમ પગલું છે !

આ પગલું ઓળંગ્યા પહેલાં વ્યક્તિ આગળ થઈ શકતી નથી. તમને નિરાશ કરવા માટે હું આ કહેતી નથી. પરંતુ આ તેઓ માટે કહું છું જેઓ એમ માને છે કે વ્યક્તિએ ફક્ત એટલું જ કહેવાનું છે કે, "ઓહ ! મારે અતિમાનસનો પ્રકાશ જોઈએ છીએ." અને તે, તે પ્રકારે આવી જશે, જેવી રીતે માણસ જ્યારે કહે છે, "મારે પાણીનો પ્યાલો પીવો છે," અને તે પી લે છે. એ એટલું બધું સહેલું નથી ! આપણે તે સ્થિતિમાં છીએ.

હવે પછી કોઈને કોઈ પ્રશ્ન છે ? નથી ?

સારુ, શુક્રવારે જે મારો વાચનનો દિવસ છે તે એકત્રીસમી તારીખ છે. એકત્રીસમી તારીખ તે નૂતન વર્ષની આગલી સાંજ છે. ઘણે ભાગે ઘણા લાંબા સમય પહેલાં તમે ઘણાં નાનાં હતાં. કદાચ તમે ત્યાં હતાં પણ નહીં – હું મધ્ય-રાત્રિએ જ્યારે આપણે એક વર્ષમાંથી બીજા વર્ષમાં પસાર થતા ત્યારે પ્રાર્થના વંચાતી. અત્યારે ઘણું મોડું થયું છે. આપણે આખો દિવસ કાર્ય કરીને થાકી જઈએ

છીએ અને આપણે શાંતિથી ઊંઘવું હોય છે. (બધાં જ બાળકો માતાજીને મધ્યરાત્રિએ વાંચવાનું કહે છે.) નહીં, હું તેમ નહીં કરું. (હાસ્ય) ફક્ત તે દિવસે આ સમયે કાંઈ પણ બીજું વાંચવાને બદલે હું ૧૯૫૫ માટેની પ્રાર્થના તમારી પાસે વાંચીશ અને તમે સાંભળશો, અને તમારે જો કોઈને પ્રશ્નો પૂછવાના હશે તો હું તમને જવાબ આપીશ, અને આપણે આપણું વર્ષ આ રીતે પૂરું કરીશું . . . . મધ્ય રાત્રિ સુધી નહીં ! (હાસ્ય) આપણે આપણું વર્ષ આ રીતે પૂરું કરીશું. આપણે અહીં છીએ. તો પછી મારાં બાળકો એટલું પૂરતું છે ને ? ચાલો આવજો.

૩૧ ડિસેમ્બર ૧૯૫૪

નૂતન વર્ષની આગળની સાંજ. ધ્યાન પછી
શ્રી માતાજી તેમનો નવા વર્ષનો સંદેશો દરેકને વહેંચે છે.

હું તમારી પાસે ફ્રેન્ચમાં પ્રાર્થના વાંચીશ – તે સંદેશો છે, પ્રાર્થના નહીં – ફ્રેન્ચમાં અને અંગ્રેજીમાં. અને બીજું હું શ્રી અરવિંદે આપેલા બે પ્રશ્નોના ઉત્તરો લાવી છું, જે કોઈ જગાએ છપાયેલા નથી, અને તમે જ તે સાંભળવામાં પ્રથમ હશો. અને પછી બે .... કાવ્યો નહિ, અમુક કડીઓ; એક નાનું કાવ્ય અને એક બીજા કાવ્યની કડી, જે આવતા નૂતન વર્ષના સંદેશા માટે ભવ્ય દૃષ્ટાંત છે.

આ સંદેશો એટલા માટે લખાયેલો છે કે તેનું અગાઉથી દર્શન થયેલું છે કે આવતું વર્ષ ઘણું કઠિન વર્ષ હશે અને તેમાં ઘણા આંતરિક રાંધર્યો અને કદાચ બાહ્ય સંઘર્ષો પણ હશે, એટલે આ બધા સંજોગોમાં તમારે કયું વલણ ધારણ કરવાનું છે તેના વિશે હું કહું છું. આ મુશ્કેલીઓ કદાચ બાર માસ જ ચાલશે નહીં, એટલે કે એક વર્ષ સુધી નહીં, પરંતુ કદાચ ચૌદ માસ સુધી: અને આ ચૌદ માસ દરમ્યાન; હું અત્યારે તમને જે વલણની વાત કરવાની છું, તે વલણ કદી ખોવા માટે તમારે પ્રયત્ન કરવો પડશે.

હકીકતમાં, હું આગ્રહ રાખું છું કે જેમ મુશ્કેલીઓ વધારે તેમ તમારે વધારે શાંત રહેવાનું છે: અને તેટલા વધારે પ્રમાણમાં અડગ શ્રદ્ધા રાખવી પડશે. બધી વસ્તુઓમાંથી આ વધારે અગત્યનું છે.

ઘણે ભાગે, જ્યારે વસ્તુઓ મુશ્કેલ બને છે ત્યારે માણસો ઉગ્ર બને છે, ગુસ્સે થઈ જાય છે, તેઓ ખૂબ ઉશ્કેરાઈ જાય છે અને મુશ્કેલીઓને દસગણી વધારે મુશ્કેલ બનાવે છે. તેથી હું તમને સાચી રીતે ચેતવણી આપું છું કે આવું કરવાનું નથી, તમારે આનાથી ઊલટું કરવાનું છે; અને જે હું તમારી પાસે વાંચવાની છું તે તમારે સ્પષ્ટ રીતે, જ્યારે તમને ચિંતા થાય અથવા તમારી અંદર અશાંતિ ઉત્પન્ન થાય, કે તુર્ત જ તે તમારે વારંવાર તમારી જાતને કહેવાનું છે; આજે હું જે તમને કહેવાની છું તે તમારે બરાબર યાદ રાખવાનું છે અને આખા વર્ષ દરમ્યાન યાદ રાખવાનું છે, તમારે સવારે અને સાંજે બન્ને વખત પુનરાવર્તન કરવાનું છે, જેથી તમને ફાયદો થાય. તો પછી તે આ રહ્યું.

પ્રથમ તો ફ્રેન્ચમાં :

અને હવે આ તેનું અંગ્રેજી રહ્યું :

કોઈ પણ માનવીય સંકલ્પ પ્રભુના સંકલ્પ ઉપર છેવટે વિજય મેળવી શકે નહીં. આપણે જાણીબૂઝીને અને સંપૂર્ણ રીતે પ્રભુના પક્ષમાં આપણી જાતને મૂકી દઈએ, અને છેવટે વિજય ચોક્કસ છે.

હવે હું તમારી સમક્ષ જે બે પ્રશ્નો શ્રી અરવિંદને પુછાયેલા અને તેમણે જે ઉત્તરો આપેલા તે વાંચીશ. એવું નથી કે પ્રશ્નો ઉચ્ચતર અવસ્થાના મનને અભિવ્યકત કરે છે, પરંતુ મને ડર છે કે ઘણા માણસો આ પ્રકારની માનસિક અવસ્થામાં પોતાની જાતને મૂકી દે છે. અને તેથી મને લાગે છે કે આ ઉત્તરો બીજા ઘણા માણસોને પણ ખૂબ ઉપયોગી નીવડશે.

આ રહ્યો પ્રથમ પ્રશ્ન :

મને એમ લાગે છે કે આપણા રૂપાંતરના યોગના સત્યને જગતમાંના સ્વીકારનાર લોકોની સંખ્યા, જેમણે બુદ્ધનો ધર્મ, વેદાંત અથવા ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા તેની સંખ્યા જેટલી વિશાળ નહીં થાય.

અહીં રહ્યો શ્રી અરવિંદનો ઉત્તર. તેની રમૂજ નોંધો. તેમણે કરેલી રમૂજ ઉપર હું તમારું ખાસ ધ્યાન દોરું છું.

"સંખ્યા ઉપર કોઈ વસ્તુનો આધાર નથી. બુદ્ધના અને ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓની સંખ્યાઓ એટલી બધી મોટી હતી, કારણ કે તેમાંનો મોટો સમુદાય તેમને સંપ્રદાયો તરીકે ગણતો અને તેમના બાહ્ય જીવનમાં સૌથી ઓછો તફાવત પડતો.

જો નવી ચેતનાને તેનાથી સંતોષ આપવામાં આવે તો તે પણ આખી પૃથ્વીનાં આદર અને સ્વીકૃતિ વધારે સહેલાઈથી ફરમાવી શકે. તે એટલા માટે છે, કારણ કે તે એટલા માટે છે, કારણ કે એ વધારે મોટી ચેતના છે, ઋત-ચેતના અને તે ચોક્કસ સાચા ફેરફારને માટે આગ્રહ રાખશે.*

બીજો પ્રશ્ન આ રહ્યો :

તમે કહ્યું છે કે આપણા યોગનું લક્ષ્ય નિર્વાણથી પણ ઊંચે ઊઠવાનું છે, પરંતુ આશ્રમમાં એટલા બધા ઓછા માણસો છે, જેઓ નિર્વાણને પણ પહોંચ્યા હોય, અથવા તેને પહોંચવા માટે પ્રયત્ન કર્યો હોય. નિર્વાણ સુધી પહોંચવા માટે પણ, વ્યકિતએ અહંકાર અને કામનાનો ત્યાગ કરવો પડે

---

* ૨૯મી એપ્રિલ, ૧૯૩૪નો પત્ર.

છે. આપણે એમ કહી શકીએ, કે આશ્રમમાં રહેલા થોડાક સાધકો પણ એ પ્રમાણે કરવામાં સફળ થયા છે? ચોક્કસ, દરેક આ કરવા માટે થોડોક પ્રયત્ન તો કરતો જ હશે. તો પછી, શા માટે તેઓ સફળ થતા નથી? શું એમાં એવું છે કે થોડા પ્રયત્ન પછી તેઓ તેમના લક્ષ્યને ભૂલી જાય છે અને અહીં સામાન્ય જીવન જીવે છે?

પ્રત્યુત્તર :

"હું ધારું છું કે તેઓની પાસે જો નિર્વાણનું લક્ષ્ય મૂકયું હોત, તો તેને યોગ્ય વધારે માણસો હોત, કારણ કે આપણી સમક્ષ મૂકેલા ધ્યેય કરતાં, નિર્વાણનું ધ્યેય ઘણું વધારે સહેલું છે – અને તેઓને તે કક્ષાએ પહોંચવા માટે એટલી બધી મુશ્કેલી લાગી ન હોત. અહીં રહેલા સાધકો ઘણા જુદા જુદા પ્રકારના છે અને ઘણી બધી અવસ્થાઓના છે. પરંતુ જેમણે ખરેખર પ્રગતિ કરી છે, તેમના માટે પણ, ખરેખરી મુશ્કેલી તો બાહ્ય પુરુષ સાથેની છે. જે લોકો પ્રાચીન આદર્શને અનુસરતા હતા, તેમને માટે પણ સાધકનો બાહ્ય પુરુષ તેમણે કાંઈક પ્રાપ્ત કર્યું હોય તે પછી પણ તેનો તે જ રહે છે. આંતરિક સ્વરૂપ મુકત બને છે, પરંતુ બાહ્ય સ્વરૂપ તો નિશ્ચિત થયેલી પ્રકૃતિને જ અનુસરે છે. આપણો યોગ ત્યારે જ સફળ થઈ શકે, જ્યારે બાહ્ય પુરુષ પણ ફેરફાર પામે, પરંતુ બધી વસ્તુઓમાં તે સૌથી વધુ મુશ્કેલ છે, ફકત શારીરિક પ્રકૃતિમાં ફેરફાર કરવાથી જ તે બની શકે તેમ છે, પ્રકૃતિના સૌથી નિમ્નતર ભાગમાં ઉચ્ચત્તમ પ્રકાશને નીચે ઉતારવાનો છે આ જગાએ સંઘર્ષ ચાલ્યા કરે છે. અહીં રહેલા ઘણાખરા સાધકોનું આંતરિક સ્વરૂપ ગમે તેટલું અપૂર્ણ હોય, તેમ છતાં સામાન્ય માનવીના સ્વરૂપ કરતાં જુદા જ પ્રકારનું છે, પરંતુ બાહ્ય સ્વરૂપ તેની જૂની રીતભાતોને અને ટેવોને હજી સુધી વળગી રહેલું છે. ઘણાખરા તો આ રૂપાંતરની જરૂર પ્રત્યે જાગ્રત થયા હોય, એવું પણ દેખાતું નથી. જ્યારે આ વસ્તુનો સાક્ષાત્કાર થશે અને પૂર્ણ થશે, ત્યારે આ યોગ આશ્રમમાં, તેનામાં જ પોતાના પૂર્ણ પરિણામો ઉત્પન્ન કરશે અને તે પહેલાં નહિ. *

આ કાર્યક્રમ ખરેખર આવતા વર્ષ માટે છે, મારાં બાળકો. મને આશા છે કે આવતે વર્ષે હું એમ કહી શકીશ કે ઘણી વ્યકિતઓએ તેમની ઊંડી અભીપ્સાને

* ૩૦ એપ્રિલ, ૧૯૩૪નો પત્ર.

બાહ્ય જીવનમાં અભિવ્યક્ત કરવા માટે પ્રયત્ન કર્યો હશે. આ ક્ષણે તો એવા ઘણા માણસો નથી.

હવે, આપણે મુશ્કેલીઓ વિશે વાત કરી છે, તો હું તમારી પાસે બે વસ્તુઓ વાંચવાનો છું, જે તમને સાચી ચેતના શું છે તેને વિશે થોડી ઝાંખી આપશે, એવી ચેતના, જે બધી મુશ્કેલીઓમાંથી મુક્ત હોય અને બધી ચેતનાઓથી પર રહેલી હોય.

પહેલી વસ્તુ આ પ્રમાણે ચાલે છે – કદાચ તમે તે વાંચ્યું હશે, પરંતુ મને લાગતુ નથી, કે તમે તેને પૂરેપૂરું સમજ્યા હો. તે આ પ્રમાણે કહેવાયું છે.

એક દિવસે
થોડુંક વધારે
એક દિવસ અને બધું અર્ધ–મૃત પૂર્ણ થશે,
એક દિવસ અને અજન્માનો જન્મ થશે;
નાનકડો રસ્તો અને મહાન ધ્યેય,
એક સ્પર્શ જે લાવશે પૂર્ણ પ્રભુને.
એક પછી એક ટેકરીનું ચડાણ થયું, અને
છેલ્લું ભવ્ય શિખર, દેખાય,
અને ભવ્ય ખડક, જેના પર ન કોઈએ ડગલું મૂકયું :
એક ડગ, અને સર્વ હશે આકાશ અને પ્રભુ, *

—શ્રી અરવિંદ

અને પછી આ છે :

ચીંથરામાં પણ હું છું પ્રભુ,
પતનમાં પણ હું છું દિવ્ય;
જ્યારે નિમ્ન–ગમન કરું ત્યારે ઉચ્ચ વિજય મેળવું છું,
કતલ થાઉં તો પણ હું છું દીર્ઘજીવી.

—શ્રી અરવિંદ

તો આપણે આ સ્થિતિમાં છીએ.

હવે, જો કોઈ સમજદારીપૂર્વકના પ્રશ્ન પૂછે, તો હું કદાચ જવાબ આપું.

કઈ માનવશક્તિ, ખાસ કરીને અત્યારે દિવ્ય પ્રભુની શક્તિની સામે પડેલી છે ?

---

* સંગૃહીત કાવ્યો, સેન્ટીનરી વૉલ્યુમ ૨, પાનું ૧૦૯.

તું કયા દૃષ્ટિબિંદુથી આ પૂછે છે? બધી જ માનવ સંકલ્પશક્તિ જે પ્રભુની સંકલ્પશક્તિની વિરુદ્ધમાં હોય, તે પ્રભુવિરોધી સંકલ્પશક્તિ હોય છે. એટલું પૂરતું છે. તે ગમે તે જગાએ આવિર્ભાવ પામે તેની કોઈ પરવા નહીં, ભલે પછી તે તારામાં હોય!

દિવ્ય જીવનમાં પક્ષાપક્ષીનું રાજકારણ હોતું નથી. તું જાણે છે, (હાસ્ય) તેમાં ફક્ત ચેતનાની અવસ્થાઓ જ હોય છે.

(એક બાળક પ્રત્યે) તારે પ્રશ્ન પૂછવો છે?

ના, માતાજી, તમે બન્ને કાવ્યો સમજાવશો?

સમજાવું? તેની સમજૂતી કોઈ નથી, તેઓ પોતે જ બહુ સ્પષ્ટ રીતે કહે છે. કાવ્ય સમજાવી શકાય નહીં – તારે તેને અનુભવવું જોઈએ. કાવ્યની પ્રેરણા તર્કબુદ્ધિથી પર રહેલી હોય છે. તમારે તેને તર્કના પ્રદેશમાં લાવવું જોઈએ નહીં, કારણ કે પછીથી તે બગડી જાય છે. તેના કરતાં વધારે તેનો અનુભવ થઈ શકે છે.... તેના આંતરિક સંપર્કથી સમજીએ તો તે શબ્દો કરતાં તે વધારે સારી રીતે સમજી શકાય છે.

માતાજી, ચૌદ માસને બદલે બાર મહિના કેમ નહિ?

આહ, મારા બાળક, તે તું પૂછી શકે છે.... વારુ, જે લોકો ગ્રહોમાં માને છે, તેઓ તને કહી શકશે, "ગ્રહોને પૂછો." તે તે પ્રમાણે છે! તું મોટો થવા માટે કેમ કેટલાંક વર્ષો લે છે? કારણ કે વસ્તુઓની પ્રકૃતિ તે પ્રમાણેની હોય છે. સારું, આ સંઘર્ષની પ્રકૃતિ તે પ્રમાણેની છે. એટલે એમ કહેવાય કે પરિણામ પ્રાપ્ત કરવા માટે બળોનો અમુક વિકાસ જરૂરી છે; અને બળોનો આ વિકાસ આશરે આપેલી સંખ્યા પ્રમાણેના મહિનાઓ સુધી લંબાય છે.

મધુર માતાજી, અહીં લખ્યું છે: અંતિમ વિજય ચોક્કસ છે.* જો તે પ્રભુનો સંકલ્પ હોય, તો શા માટે દરેક વિજય ચોક્કસ નથી હોતો?

(માતાજીએ પ્રશ્ન બરાબર સાંભળ્યો નહિ એટલે બાળકે ફરીથી પ્રશ્ન પૂછ્યો) જો તે પ્રભુની જ સંકલ્પશક્તિ હોય તો શા માટે દરેક વિજય નહીં, પરંતુ છેવટનો વિજય?

ના, તેનો અર્થ આ પ્રમાણે નથી. તેનો અર્થ એમ છે કે છેવટે વિજય તો

---

* ફ્રેન્ચ વાક્ય સમજવામાં બાળકની ભૂલ થયેલી. "વિજય તો છેવટે ચોક્કસ છે જ" ને બદલે તેણે આ પ્રમાણે અર્થ લીધો.

ચોક્કસ છે જ. બનાવો ગમે તે રીતે બને, ચડતી કે પડતી, મુશ્કેલીઓ અને સંઘર્ષના ગમે તે પરિણામો આવે, વળાંકના છેવટના ભાગમાં માણસને વિજયની ખાતરી છે, કારણ કે પ્રભુ ચોક્કસ વિજયી બનશે જ. તે લાંબો કે ટૂંકો સમયગાળો લે, મેં કહ્યું છે – અંગ્રેજીમાં મેં "છેવટે" શબ્દ વાપર્યો છે : કે છેવટે કોઈ પણ માનવસંકલ્પ પ્રભુના સંકલ્પ ઉપર વિજય પામી શકે નહીં. છેવટે એટલે ગમે તે બને છતાં પણ .... જેને આપણે પ્રભુનું ધૈર્ય કહીએ છીએ, એક એવી ક્ષણ હોય છે, જ્યારે માનવ સંકલ્પ પોતાની શક્તિ ગુમાવી બેસે છે અને દિવ્ય સંકલ્પ વિજયી બને છે.

આપણે સમયને આપણા માનવમાપ પ્રમાણે માપીએ છીએ; પરંતુ કુદરતી રીતે જ દિવ્ય બળોનું સમય-માપન આપણા જેવું હોતું નથી. અને આપણને જે લાંબું અને અનિશ્ચિત લાગે છે તે તેમના માટે સૌથી સીધું હોય છે અને ગમે તે વસ્તુ છતાં તેઓ ત્યાં પહોંચી જાય છે. આપેલા સંજોગોના સમુદાયમાં લક્ષ્યને પહોંચવાનો તે જ સીધો માર્ગ છે; આ લક્ષ્ય દિવ્ય પ્રભુનો સંકલ્પ હોય છે, તે ગમે તે હોય. એટલે આપણને જે રસ્તો લાંબો, મુશ્કેલ અને અનિશ્ચિત લાગે છે તે એટલા માટે કે આપણે સમગ્ર ચિત્ર જોઈ શકતા નથી, આપણે આપણા પ્રમાણથી ફક્ત બહુ નાનો ભાગ જોઈ શકીએ છીએ. આપણી દૃષ્ટિ બહુ ટૂંકી હોય છે, પાછળ પણ અને આગળ પણ. હું સામાન્ય માનવીની દૃષ્ટિ વિશે કહું છું. દા.ત. દસ લાખમાં એક પણ માણસ એવો હશે નહિ જે કહી શકે કે દસ વર્ષ પછી તેની સાથે શું બનશે, જો કે તે ઘણી યોજનાઓ અને રૂપરેખાઓ ઘડશે અને તેની પોતાની જિંદગીની વ્યવસ્થા કરશે; પરંતુ તે ચોકસાઈથી કહી શકશે નહિ કે શું બનશે, કારણ કે તેનું દૃષ્ટિબિંદુ સાંકડું છે. પ્રભુની દૃષ્ટિ એવી હોતી નથી.

માનવ દૃષ્ટિ ઘણી ટૂંકી હોય છે, અવકાશમાં બહુ મર્યાદિત, બહુ સીધી લીટીમાં જોનારી : એટલે કે વસ્તુઓ એક પછી જ એક એવી રીતે તેની નજરમાં આવે છે; જ્યારે પ્રભુની દૃષ્ટિ સમગ્ર પૃથ્વીને આવરી લેતી હોય છે અને પ્રશ્નને સમગ્ર રીતે જુએ છે, ફક્ત સપાટી ઉપર નહીં પરંતુ ઊંડાણમાં પણ અને પ્રશ્નના બધા તત્ત્વોને સમાવી લે છે અને એક પણ મુદ્દાને છોડયા સિવાય તેનો ઉકેલ લાવે છે. પરંતુ માનવ તો સીધી લીટીમાં ચાલ્યો જાય છે અને તેની સીધી લીટીની બહાર જે હોય તે દૃશ્યમાન હોતું નથી અને તેના માર્ગમાં જે વસ્તુ ન આવતી હોય તેની દરકાર પણ રાખશે નહિ; જ્યારે પ્રભુની કૂચ તો સમગ્ર ગોળાકાર હોય છે જે આખા વિશ્વને સમગ્ર રીતે આવરી લે છે અને વિશ્વના અને સંજોગોના જૂથના સંબંધમાં સીધે જ રસ્તે આગળ ધપે છે. અને સીધો રસ્તો કદાચ ગોળાકાર પણ હોય, તે સીધી જ લીટીમાં હોવો જોઈએ એમ નથી.

માતાજી, તમે કહ્યું કે આવતું વર્ષ મુશ્કેલીભર્યું હશે. તે એવું છે... આહ, હા ! આવતું વર્ષ . . . . થોડા કલાકમાં (હાસ્ય) તેથી ?

તે આશ્રમ માટે જ મુશ્કેલીનું વર્ષ હશે કે ભારત અને આખા જગત માટે પણ ?

સામાન્ય રીતે સમગ્ર જગત, ભારત, આશ્રમ અને વ્યક્તિઓ માટે. દરેકને પોતાના વલણની અનુસાર મુશ્કેલીભર્યું હશે. કુદરતી રીતે જ, બધા જ માટે એક જ રીતે નહીં, કેટલીક વસ્તુઓ બીજી વસ્તુઓ કરતાં સહેલી લાગશે, પણ સામાન્ય રીતે કહીએ તો તે – જો તમને હું કહું તે પસંદ પડે તો – હાલના સાક્ષાત્કાર વિરુદ્ધ વિજયી બનવા માટે વિરોધી બળોની છેવટની આશા છે. જો વ્યક્તિ આ મહિનાઓ દરમ્યાન દૃઢ રીતે ટકી રહે તો ત્યાર પછી તેઓ કાંઈ બહુ કરી શકશે નહીં. અને તેમનો વિરોધ તેમને ભાંગી પાડશે. એટલું જ બસ. ખાસ કરીને વિરોધી બળો, પ્રભુ વિરોધી બળોનો સંઘર્ષ દિવ્ય સાક્ષાત્કારને તેમનાથી બને તેટલો પાછો ધકેલવા પ્રયત્ન કરી રહ્યો છે . . . . તેઓને તેની આશા છે, હજારો વર્ષ સુધી- તમે સમજ્યા, અને આ સંઘર્ષ હવે કટોકટીએ પહોંચ્યો છે. તે તેમની છેલ્લી તક છે અને જેઓ તેમના બાહ્ય કર્મોની પાછળ રહેલા છે, તેઓ પૂરેપૂરા સચેતન સત્ત્વો છે અને તેઓ જાણે છે કે આ તેમને માટે છેલ્લી તક છે, અને તેમનાથી શકય એટલી બધી જ શક્તિ તેઓ અંદર મૂકશે અને તેઓ જે કરી શકશે તે ઘણું હશે. આ વસ્તુઓ સામાન્ય નાનકડી માનવ ચેતનાઓ નથી. તેઓ બિલકુલ માનવ-ચેતના નથી. તે એવી ચેતનાઓ છે, જેને માનવ શકયતાઓ સાથે સરખાવીએ તો તેમની શક્તિ, તેમનો તાકાત, અને તેમના જ્ઞાનમાં પણ તેઓ દિવ્ય લાગે. એટલા માટે તે ઘણો ભયંકર સંઘર્ષ છે અને તે પૃથ્વી ઉપર પૂરપૂરો એકાગ્ર થયેલો છે, કારણ કે તેઓ જાણે છે કે પ્રથમ વિજય પૃથ્વી ઉપર જ પ્રાપ્ત કરવો પડશે – નિર્ણયાત્મક વિજય, એવો વિજય જે પૃથ્વીના ભવિષ્યનો ક્રમ નિર્ણિત કરશે.

જેઓ ઉમદા હૃદયી છે અને વસ્તુઓ જ્યારે ભયંકર બને ત્યારે એમનાં મસ્તક ઊંચાં રાખી શકે તેમ છે; તેઓ સુખી થઈ શકશે. પોતાની જાતથી ઉપર ઊઠવાની એ એક તક છે. તો આપણે તે સ્થિતિમાં હોઈએ.

માણસ દિવ્ય સંકલ્પશક્તિમાં કઈ રીતે ફેરવાઈ શકે ?

માણસ કઈ રીતે પોતાના સંકલ્પને પ્રભુના સંકલ્પમાં ફેરવી શકે ? હું તારા પ્રશ્નને સમજી શકતી નથી.

(બીજું બાળક ફરીથી કહે છે.) વ્યકિત કઈ રીતે પ્રભુના સંકલ્પમાં ફેરવાઈ જઈ શકે ?

સારું, તે એટલા માટે છે કે તે બરાબર અભિવ્યક્ત થયેલ નથી. તેથી હું તેના પ્રશ્નને સમજતી નથી. ફેરફાર, એટલે કે પોતાના સંકલ્પમાં ને પ્રભુના સંકલ્પમાં કેવી રીતે રૂપાંતર કરવું ? તારે એ પ્રમાણે કહેવું છે ને ?

હા.

વારુ, પહેલાં તો તારે તેની જરૂર હોવી જોઈએ. પછીથી તારામાં મહાન અભીપ્સા હોવી જોઈએ. અને પછીથી તારે તેની જરૂરિયાત હોવાનું ચાલુ રાખવું જોઈએ અને અભીપ્સા કરવાનું ચાલુ રાખવું જોઈએ અને જ્યારે મુશ્કેલીઓ આવે, ત્યારે નિરાશ ન થવું જોઈએ અને તું સફળ થાય, ત્યાં સુધી તે ચાલુ રાખવું જોઈએ. એટલું બસ છે. અને પછી કેટલીક વસ્તુઓ જરૂરી છે, દા.ત. સ્વાર્થી ન બનવું, સંકુચિત મન ન હોવું, રાગદ્વેષોમાં ન રહેવું, કામના ન કરવી, માનસિક અભિપ્રાયો ન રાખવા – ઘણી વસ્તુઓ. તે ઘણી-લાંબી પ્રક્રિયા છે; કારણ કે તમારે તમારી સામાન્ય ચેતના બદલવાની છે, આ પ્રથમ શરત છે.

પોતાના મનની બધી મર્યાદાઓ તોડી પાડવી, પોતાની પ્રાણની કામનાઓને તોડી પાડવી અને પોતાની સ્થૂલ પ્રકૃતિના બધા રાગદ્વેષો ભાંગી નાખવા. તેના પછી વ્યક્તિ દિવ્ય સંકલ્પના સંપર્કમાં આવવાની આશા રાખી શકે અને ત્યાર પછી ફક્ત તેના સંપર્કમાં આવે એટલું જ નહીં, પરંતુ આ સંકલ્પ અનુસાર સમગ્ર જીવન જીવે, એટલે કે પોતાના સ્વરૂપમાં પૂરેપૂરો એકતાવાળો રહે: એક નાનો ટુકડો આ બાજુ રહે અને બીજો ટુકડો પેલી બાજુ રહે એવું પણ ન બનવું જોઈએ. તમારે કેવળ એક જ સંકલ્પમાં સમગ્ર રીતે રહેવું જોઈએ.

મધુર માતાજી, જ્યારે અમારે મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય, ત્યારે તેનો અર્થ એવો ખરો કે પ્રભુ અમારી પ્રકૃતિમાં રહેલા દોષો વિશે અમને સચેતન બનાવવા માટે પ્રયત્ન કરે છે ?

જો તમે તેનો સામનો કરો, તો હા. એટલે કે જ્યારે તમારે મુશ્કેલીનો સામનો કરવો પડે ત્યારે એક કાયરની માફક નાસી જવાને બદલે તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાને માટે તમે પ્રયત્ન કરવાની શરૂઆત કરો, તો તમે ખાતરી રાખજો કે પ્રભુ તમારી પાછળ છે. પરંતુ જો તમે કાયર હશો, તો પ્રભુ ત્યાં તમારી સાથે હશે નહીં. એટલે કે તમારી કાયરતા તમને પ્રભુમાંથી છૂટા પાડી દે છે. પરંતુ જો તમે સામનો કરો, અને તમારે વિજય મેળવવો હોય, તો ખાતરી રાખજો કે પ્રભુ તમને મદદ કરવા માટે ત્યાં હશે જ. આમાં તેના વિશે શંકાની એક છાયા પણ નથી.

પરંતુ મારે જાણવું છે – જો મુશ્કેલી આવે તો પ્રભુ આપણામાં રહેલા દોષો વિશે આપણને સચેતન બનાવવા પ્રયત્ન કરે છે ?

તારે એમ પૂછવું છે કે તે જાણીબૂઝીને તારા રસ્તામાં મુશ્કેલીઓ નાંખે છે? ના, તે તેની રીત નથી.

ના, હું એવું કહેવા માગતો નથી. જો મુશ્કેલીઓ આવે તો, તેનો અર્થ એવો ખરો કે આપણી પ્રકૃતિમાં રહેલા દોષો વિશે સચેતન બનાવવા માટે પ્રભુ પ્રયત્ન કરે છે; એમ બતાવવા માટે કે આપણામાં દોષો છે?

ના. તું જે કહે છે તેનો વિચાર કર. જો મુશ્કેલી હોવાથી તું સચેતન બને, તું સમજ્યો, તો તેનો અર્થ એવો નહીં કે તને સચેતન બનાવવા માટે પ્રભુએ મુશ્કેલી ઉત્પન્ન કરી છે; અને તારો પ્રશ્ન એવું કહેવા માગે છે.

હા.

પરંતુ તે સાચું નથી. વ્યક્તિ એક પૂરેપૂરા પરલક્ષી દૃષ્ટિબિંદુથી એમ કહી શકે કે વિરોધી બળો – જે આ બધી મુશ્કેલીઓ માટે જવાબદાર છે – તે બળો આ જગતમાં ત્યાં સુધી જ સહન કરવામાં આવે છે, જ્યાં સુધી તેઓની આ આખા વિશ્વને પૂરેપૂરું સચેતન બનાવવામાં જરૂર હોય. આ ખરેખર સાચું છે, પરંતુ મને તે રીતે મૂકવાનું બિલકુલ માનવીય રીત લાગે છે, કારણ કે એમ પણ કહી શકાય કે જ્યાં સુધી વિશ્વ પૂરેપૂરું સચેતન બન્યું નથી, ત્યાં સુધી આ વિરોધી બળોની હસ્તીને તે મંજૂરી આપે છે. એટલે કે તે તેમના માટે પરિસ્થિતિ પૂરી પાડે છે જગતની અચેતનતા આ બળોની હસ્તી માટે શરતો પૂરી પાડે છે, તેથી વ્યક્તિ આવી રીતે પણ કહી શકે કે જ્યાં સુધી જગત અચેતન છે, ત્યાં સુધી આ શક્તિઓને નિભાવી લેવામાં આવશે. મને ખબર નથી કે તું આ સમજે છે કે કેમ. આ એક જ વસ્તુને કહેવાની બન્ને વિરોધી રીતો છે અને તેમાંની એક પણ સાચી નથી, તેમ છતાં બન્નેમાં કંઈક સાચું છે. તેમ છતાં કંઈક એવું છે, જે સાવ જુદું છે, અને હકીકતમાં જો કોઈને આ વસ્તુ બરાબર રીતે કહેવી હોય, તો તે ફક્ત એટલું જ કહી શકે, "વસ્તુઓ એ પ્રમાણે છે, કારણ કે તેઓ તે પ્રમાણે છે."

ભૂલ ન કરવા માટેની આ એક જ રીત છે. જો તું એમ કહે, "જગત તે પ્રમાણેનું છે, કારણ કે તે તેવું છે," તો અહીં તને ખાતરી છે કે તું કંઈક આશરે સાચી વસ્તુ કહે છે – અડસટ્ટે. પરંતુ જો તું સમજાવવા પ્રયત્ન કરે, તો તું એક જગતના અણુને જોઈ શકે. અને આ અણુને સમજાવવા માટે પ્રયત્ન કરે તો તારે બધી જ રજૂઆતો છોડી દેવી પડશે, અને બીજી બધી પણ, જેથી કરીને તું વાસ્તવિકતા સુધી પહોંચી શકે.

મેં હમણાં તે પ્રમાણે જ કહ્યું, તમે જાણો છો; કે માનવમન સીધી લીટીમાં

જ કાર્ય કરે છે. તે ખ્યાલોને એક પછી એક એમ ક્રમિક રીતે જુએ છે. સ્વાભાવિક રીતે જ જ્યારે વ્યક્તિ બોલે છે ત્યારે તે દસગણું ખરાબ હોય છે. વ્યક્તિને એક પછી એક શબ્દ બોલવાની ફરજ પડે છે અને આ ભીતિજનક વસ્તુ બની જાય છે. પરંતુ ઘણાખરા મનુષ્યો, લગભગ બધા જ માનવીઓ સીધી લીટીમાં જ વિચારી શકે છે. તેઓ એક પછી એક વસ્તુનો જ વિચાર કરી શકે છે. ફક્ત બહુ જ ઓછી વ્યક્તિઓ એક સામટી વીસ વસ્તુઓનો એકીસાથે વિચાર કરી શકે છે. તમે પ્રયત્ન કરી જુઓ, તો તમે જોઈ શકશો. તમે વસ્તુને એક પછી બીજી, એક પછી બીજી એમ જ વિચારો છો .... કદાચ ક્રમ ખૂબ ઝડપી હોય, પરંતુ તેમ છતાં ક્રમ તો છે જ. એક જુદી જ જાતનું દર્શન, એક જુદી જ કાર્યપદ્ધતિ હોય છે અને તે મનની નહીં પરંતુ બૌદ્ધિક શક્તિઓની કાર્યપદ્ધતિ હોય છે. જે એક જ સમયે સમગ્ર રીતે વસ્તુઓને જોઈ શકે. પરંતુ તમે તેવી રીતે જુઓ છતાં, જો તમારે તેમનું વર્ણન કરવાનું હોય તો; લખાણમાં અથવા બોલવામાં, તો તમે બધી જ વસ્તુઓ એકસાથે લખી ન શકો તેમ જ દરેક વસ્તુ વિશે એકીવખતે બોલી શકો નહીં; તમારે એક પછી એક શબ્દ વાપરવો પડે અને તેથી તે આવશ્યક બની જાય .... તે વસ્તુઓના સત્યનો નાશ કરે છે, તે સીધી લીટીમાં આવી જાય છે, જેનો અર્થ એમ થયો કે વસ્તુઓનું સૌથી સાચું સ્વરૂપ કહી શકાય નહીં. જે કોઈ વસ્તુ દરેક કહે તે સત્યનું કાયમ નાનું સ્વરૂપ હોય છે.

મધુ માતાજી, જો આ વર્ષ આપણા માટે મુશ્કેલ હોય, તો આપણે શું કરવું જોઈએ ?

તમારે શું કરવું જોઈએ ? ખૂબ સારા થઈ જાઓ. (હાસ્ય), ઘણા સારા, ખૂબ શાંત, સારું કાર્ય કરો, ખૂબ આજ્ઞાંકિત બનો. તમને જે કહેવામાં આવે તે કરો, અને શાળામાં નિયમિત બનો (હાસ્ય). આ બધું ખૂબ અગત્યનું છે.

જો ચૌદ માસમાં આપણે સફળ થઈએ, માતાજી, તો પછી ત્યાર પછી તે વસ્તુઓ સહેલી બનશે કે હાલમાં જેવી છે તેવી રહેશે ? મુશ્કેલીઓ ઉપર વિજય મેળવવાનું વધારે સહેલું બનશે ?

મારા બાળક, તેનો આધાર તારા ઉપર છે. આ ચૌદ મહિના દરમ્યાન જો તું વધારે પ્રગતિ કરીશ, વધારે સારો અને વધારે સમજદાર બનીશ, વધારે ચોક્કસ અને વધારે નિયમિત, તો ત્યાર પછી તે વધારે સહેલું બનશે. પરંતુ જો તું પ્રગતિ કર્યા સિવાય સમય નકામો વેડફશે, તો તું હાલ જે સ્થિતિમાં છે, તે જ સ્થિતિમાં જ જ તારી જાતને જોઈશ, વધારે સારી નહીં.

આ ચોક્કસ દરેકને પ્રગતિ કરવા માટેની તક આપવામાં આવી છે. જો તે તેનો ઉપયોગ ન કરે તો દરેકના માટે તે વધારે ખરાબ બનશે અને તે જ્યાં છે, ત્યાં જ રહેશે. અને જગતમાં એક સચેતન તત્ત્વ બનવાને બદલે તે તે પાણી ઉપર રહેલા બૂચની માફક હશે અને સંજોગો દ્વારા આમથી તેમ ફેંકાશે. અને જે કાંઈ બને તેનાથી તે દોરાયા કરશે અને જે બને તેના ઉપર તેનો બિલકુલ કાબૂ રહેશે નહીં. કારણ કે જે બનાવો બને તેના ઉપર કાબૂ રાખવાને માટે સૌથી પ્રથમ જરૂરી વસ્તુ એ છે કે વ્યક્તિએ પૂરેપૂરા સચેતન બનવું અને પોતાની જાત ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવું; અને મને લાગે છે કે તમે આ સાક્ષાત્કારથી ઠીક ઠીક પ્રમાણમાં દૂર છો – એટલે કે આ આખો સમય દરમ્યાન તમારે મહાન પ્રયત્ન કરવો પડશે અને તમારે થોડા વધારે સચેતન અને આત્મ-સંયમી બનવાની વ્યવસ્થા કરવી પડશે. તમારે એમ ન માનવું જોઈએ કે ઓચિંતા એક આશીર્વાદ સમું સ્વર્ગ બની જશે જ્યાં જાદુઈ લાકડીથી તમારા બધા દોષો ઊડી જશે. તે એ પ્રમાણે નથી.

તમારા દોષો ત્યારે જ અદૃશ્ય થશે જ્યારે તેના માટે કરવાની બધી જ જરૂરી વસ્તુ તમે કરો નહીં તો નહીં.

નહિ તો, તમે વધારે સહેલાં વર્ષોમાં પણ તમારા દોષો સહિત કાર્ય ચાલુ રાખો છો, અને તમે તે જ નાનો મધુસૂદન બની રહેશો જેનામાં કોઈ ફેરફાર થશે જ નહીં.

તો મારાં બાળકો, આપણે આ સ્થિતિમાં છીએ. મને લાગે છે એટલું પૂરતું છે.

કોઈને કાંઈ કહેવાનું નથીને ?

તો ચાલો ત્રણ વાર* – લઈ લો

આવજો.

*

---

* હરાજીમાં 'વેચાઈ ગયું !' – માફક.

શબ્દસૂચિ

અ

અકસ્માત
અચિતના અસુરો
  જુઓ અસુરો, ચાર મહાન ૧
અચેતનતા
  –અભીપ્સા અને ગ્રહણશીલતા અને ૧૧૩
  –ભીતિ અને ૫૦–૫૧
  –બિનસચ્ચાઈ અને ૧૨૩-૧૨૪
  જુઓ ભૂલો–ચેતના
અતિમનસનું આવતરણ ૪૫૧
  –તૈયારી માટેનું પ્રથમ પગલું ૪૩૮
અતિમનસ આવિર્ભાવ
  –પ્રથમ અવસ્થાઓ ૪૦૩–૪૦૪
અતિમનસ બલો
  –શારીરિક ક્ષતિઓનું
    સમારકામ ૨૮૦–૨૮૧
અતિમનસ મનના ઉચ્ચતર સ્તરો ૪૦૨-૪૦૪
અતિમનસ નિયતિ અને ૪૯–૫૦
અતિમનસ હાજરી ૨૦૧
અદ્વૈત
  –દ્વારા જ્ઞાન, જુઓ જ્ઞાન ૧૦૨–૧૦૩
  અદ્વૈત દ્વારા પ્રેમ અને
અધિમનસ ૨૦૭
અનિષ્ટ ૧૬૭
  –કૃપા અને ૨૧૦–૨૧૨
અનુભૂતિ(ઓ)
  –અનંત સહાનુભૂતિમાં
    પ્રવેશની ૧૪૨–૧૪૩
  –આધ્યાત્મિક જીવનનો ભાગ ૩૪૧-૩૪૫
  –આંતરિક અને બાહ્ય કર્મ ૩૮૧
  –ઓચિંતાનું ઉદ્ઘાટન ૪૧૦–૪૧૧
  –ચૈતસિક સાથે અદ્વૈતની ૩૨૦–૩૨૨
  –ચૈતસિક પુરુષને જરૂરી ૪૩૫–૪૩૬
  –ને માટે માનસિક તૈયારી ૩૪૦–૩૪૧
  –નિયતિ અને સ્વતંત્રતાની ૨૭૮
  –પ્રભુની અસરની ૧૨૭–૧૨૯
  –બાહ્ય સ્વરૂપ સાથે સંપર્ક
    ટકાવી રાખવો ૪૧૪–૪૧૫
  –ભીતિ અને ૧૮૪
  –મન અને પ્રાણ વડે પકડાતી ૩૮૪
  –વાસ્તવિકતા સાથેના સંપર્કની ૨૬-૨૮
  –વિશાળતાની–જુઓ વિશાળતા ચેતના
  –સર્વની પ્રભુ તરીકેની ૩૫૨–૩૫૪
  –સાહજિક રીતે આવવી જોઈએ ૪૨૦
  –સ્વપ્નાંઓમાં અને મૃત્યુ પછી
    ૪૩૫–૪૩૬
  જુઓ મૃત્યુ પછી
  –સ્વપ્નાં દરમ્યાન ૧૭૯–૧૮૦
  –સ્વપ્નાંઓ અને ૧૪૪
  –શ્રદ્ધા અને ૧૨૦–૧૨૨
અનુભૂતિ માટે તૈયારી
અર્પણ
  –શબ્દનો ઉપયોગ ૨૨૧–૨૨૩
અભીપ્સા
  –કામનાયુક્ત ૩૨૬-૩૨૮–૩૯૭
  –ગ્રહણશીલતા અને ૧૧૩–૧૧૬
  –નકાર અને ૩૧૯–૩૨૦
  –પ્રતિકાર અને ૨૩૪–૨૩૬
  –પ્રગતિ માટે સંજોગોની
    વ્યવસ્થા ૧૭૦–૧૭૧
  સરખાવો : આંતર સ્વરૂપ

—માટે શ્રદ્ધા ૧૧૯–૩૯૦–૩૦૧
—સદીઓથી એકાગ્ર થયેલી ૨૬૪–૨૬૫
—સક્રિયતા અને નિષ્ક્રિયતા
અને ૧૦૯–૧૧૦
—સ્વરૂપનો જુદા જુદા ભાગોની ૩૭૯
— શબ્દોથી મુક્ત ૯૬–૯૭
—હિંસા મિશ્રા
જુઓ રાજસિક તીવ્રતા ૪૦૭–૪૦૮
—હૃદયથી યુક્ત ૩૭૭
અભિમાન ૩૯૨–૩૯૩–૪૧૫
અમરત્વ ૫૪
શ્રી અરવિંદ
—તેમની વસ્તુઓની સચેતન વ્યવસ્થા ૧૪
—ના ઘર પર પડતા પથ્થરો ૪૪–૪૫
૫૮–૬૩
—યોગસાધનાના પાયાને લગતા
પ્રશ્નો અને ઉત્તરો ૨૯૬
—યોગનાં મૂળ તત્વોને લગતા પ્રશ્નો અને
ઉત્તરો ૧૦૭–૧૯૬–૨૦૯
—વીંટીઓ-છબીઓ અને વહેમો વિશે
૨૨૬
—શારીરિક રૂપાંતર વિશે ૧૦૮–૧૦૯
અવચેતન ૩૬–૩૭
અસમતુલા ૩૬–૩૭
અસર (રો)
—આસુરિક ૧૨૫–૧૨૬
—પ્રભુની અને બીજાઓની ૧૬૪–૧૬૫
૨૦૬–૨૦૭
—ભેદ પાડવો–સરખાવો નિરીક્ષણ
૧૨૫–૧૨૬
—મૂર્તિઓની ૨૬૮
—વિરોધી બળોની ૨૯૬-૪૨૧–૪૨૩
—સામૂહિક કલ્પનાની ૧૦૫—૧૦૬
અસુરો (આસુરિક બળો)
– નું પરિવર્તન
જુઓ ચાર મહાન અસુરો
૧૬૮–૧૭૦
પૈસો અને ૨૪૪
અહં
- ની ગ્રંથિ કપાવી ૩૭૮–૩૭૯
— ગ્રહણશીલતા અને ૧૩૨
— પ્રયત્ન અને
જુઓ પ્રયત્ન તેના પોતાના
ઉપર નજર કરે છે
સરવાળો : આત્મવિવેચન ૩૯૦
– દુઃખ અને ૧૪૧–૧૪૨
– પ્રભુમાં મિલન ૨૪૬–૨૫૩
અહંકાર
– રમતો અને ૨૯–૩૦
– દર્દ અને ૩૯૩
અજ્ઞાન ૪૫૦–૪૫૧
– પ્રેમ અને ૧૦૦
– નું ત્રિવિધ જગત ૨૬૭
આ
આકાશ તત્ત્વ ૨૯૮
આંતરિક ટેકો ૧૪૯
આંતરિક દર્શન ૩૬૬
– દરમ્યાન આવતાં ચિત્રોથી ૩૬૮
આંતરિક યોદ્ધો ૧૯૭–૧૯૮
આંતરિક સ્વરૂપ
– સ્વરૂપને માર્ગદર્શન આપવા
વ્યવસ્થા કરે છે. ૩૭૪–૩૭૫
સરખાવો : અભીપ્સા
સંજોગોને ગોઠવતી

આત્મશ્રદ્ધા
– શ્રદ્ધા અને ૧૧૮–૧૨૨
આત્મપ્રેમ ૨૫૯
આત્મવિવેચન ૩૪૦
– સરખાવો અહંકાર, પોતાની જાતને નિરીક્ષણ કરતો
આત્મા
– મશીનનો ૨૧૨
– પ્રાણ ૩૪૫
આત્માર્પણ ૨૧૯–૨૨૧
– શબ્દનો ઉપયોગ
આધ્યાત્મિક અનુભવ
– જુઓ : અનુભવ
આધ્યાત્મિક ચેતનાઓ
– દુન્યવી સફળતા અને ૨૩૧
આધ્યાત્મિક જીવન
(૧) આધ્યાત્મિક વાતાવરણનું સર્જન ૩૪૬–૩૪૮
(૨) અનુભૂતિઓનો ફાળો ૩૪૦–૩૪૫
(૩) દરેકને માટે નથી ૩૫–૩૬
(૫) માં અસમતુલ પ્રગતિ ૯૩–૯૪
આનંદ (મોજશોખ)
– આનંદ અને ૨૮૪
– નો ત્યાગ ૨૯૨—૨૯૩
આનંદ
– માતાજીનું પાસું ૨૮૩–૨૮૬
– માતાજીનું અવતરણ ૨૯૬–૨૯૫
— મોજશોખ અને ૨૮૪
આરામ
– રૂપની મર્યાદાઓ ઉપર ૧૮૦–૧૮૧
આલ્કોહોલ ૭૪–૭૬
આવિર્ભાવ
– પ્રેમ અને ૯૮
— પ્રગતિશીલ ૩૨—૩૩
આવેગો
– નો કાબૂ ૩૦૭–૩૦૮
૩૩૨–૩૩૪
— વિચારો અને ૩૦૯
આશ્રમ
— અવતરણ ૨૮૩
— આશ્રમમાં હાજરીનું કારણ ૨૬૪–૨૬૫
— ખાવાની ટેવો અને ૧૫૪—૧૫૫
૧૫૮–૧૫૯
— તંદુરસ્તી માટે ખોરાક ૧૭૫–૧૭૬
— નાં બાળકો અને વાતાવરણની પ્રશંસા ૪૧૩–૪૧૪–૪૧૮
— માતાજીને બોલાવવા ૧૯૫–૧૯૬
— માતાજીથી લોકોની વસ્તુઓ ગુપ્ત રાખવી ૧૬૦–૧૬૩
— મૃત્યુની ભીતિ અને ૪૭–૪૮
— શિક્ષણ ૪૧૭-૪૧૮
— સાધનાની શરતોમાં ફેરફાર ૨૮૭ થી ૨૯૧
આંદોલનો
– અંદરથી પ્રત્યુત્તર અપાતા ૪૧૪–૪૧૫
– જગતની મુશ્કેલીઓ અને ૪૩૩–૪૩૪
– ની સભાનતા ૩૨૫–૩૨૬
— ભેદ પાડવો ૧૨૭
સરખાવો : બલ, રચનાઓ

ઈ

ઈંગ્રાસ જી. ઓગસ્ટી ડોમીનિક ૨૧
ઈચ્છાઓ.

ઈન્કાર
–અભીપ્સા અને ૩૧૯–૩૨૦
–વિચારોનો ૨૩–૨૪
–શરીરમાંથી ઉપયોગમાં લેવાતું બળ ૩૨૯
ઈન્દ્રિય (યો)
–નાં કાર્યો બદલવા ૩૪૪
–નો આત્મવિકાસ અને કાબૂ ૭૮–૭૯
–નું શિક્ષણ ૮૧–૮૯
–પરા ઈન્દ્રિયો ૧૦–૧૧
–સૂક્ષ્મ ૩૯–૪૧

ઉ

ઉચ્ચતર ચેતના
–અને સામાજિક સંબંધો ૩૫૮–૩૫૯
–અને વિચારો ૩૧૮
ઉચ્ચતર બલ
–શક્તિનું મૂળ ૮૦–૮૧
સરખાવો : બલો–દિવ્યબલ
ઉચ્ચતર મન
–ના નિવાસીઓ અને ચૈતસિક ૧૫૭
ઉદારતા ૨૪૯

એ

એકતા
–સક્રિય અને નિષ્ક્રિય ૨૫૯
એકાગ્રતા ૩૦૯–૩૧૦
ઐક્ય
–પ્રેમ અને ૧૦૨–૧૦૩
–વિરહ અને ૮૮–૯૯

ક

કલા
–માં નિષ્ણાતપણું ૧૯–૨૦
કલાકારો
–નૈતિક સૌંદર્યની ભાવના અને ૭૧–૭૨
કલ્પના
–ની અસર ૧૦૫–૧૦૭
કુરતા
–અચેતનતા અને ૭૦–૭૧
–પ્રાણીઓનું બલિદાન અને ૬૬–૬૭
–બાળકોમાં ૫
કૃપા
–જૂઠાણા દ્વારા તેના ઉપર લદાતી શરતો ૧૯૯–૨૦૦
–ધક્કો મારવો ૩૩૨–૩૩૩
–નિયતિ અને મુક્તિ અને ૨૭૮
–ને માટે લાગણીની જરૂર ૩૧૨–૩૧૩
–ની પ્રત્યે ગ્રહણશીલતા ૨૦૯–૨૧૨
–ને કાર્ય કરવા દેવા માટે ઈન્કાર કરવો ૨૬૦
–બુરખો ૨૨૯–૨૩૦
–મુશ્કેલીને તકમાં ફેરવી નાખે છે ૨૩૪–૨૩૬
–યોગમાં મુશ્કેલીઓ અને ૪૩૦–૪૩૨
કાલી
–સાચું સ્વરૂપ ૬૯
–માનવવિચારોએ ઘડેલી ૧૮૯–૧૯૦
–મહાકાલી અને ૭૦–૭૧
–વિરમપટ્ટમની (વાત) ૬૬–૬૮
કામના
–અભીપ્સા અને ૩૨૬–૩૨૮–૩૯૬
–પ્રભુ દ્વારા મંજૂર કરેલ ૨૩૦–૨૩૨
–બાળકો અને ૩૯૮–૩૯૯
–મન દ્વારા ન્યાયી ઠેરવાતી ૧૫૪
–લોકોની આજુબાજુ વાતાવરણનું સર્જન ૨૭૨
–વિરોધનો મુકાબલો ૩૬૦

—સંકલ્પ અને ૩૯૭
કામવાસના
—નું કેન્દ્ર ૭૭
કાર્ય
—ચેતના અને ૩૮૧
—અહંકારનું નિરીક્ષણ અને સહજ ૩૮૯
કાર્ય
—અભ્યાસ અને સાધના અને
૧૪૯–૧૫૦
કીંમતી પથ્થરો
—ની ગ્રહણશીલતા ૨૨૧–૨૨૨
કુટુંબ
—આશ્રમમાં સાધના અને ૨૮૭–૨૮૮
કચુરી મેરી અને પિયરી ૧૯–૨૦
કૂતરાઓ ૧૭૭–૧૭૮
કેન્દ્રો ૭૭–૭૮
કેન્દ્રવર્તી સ્વરૂપ (પુરુષ)
—ચૈત્યપુરુષ અને ૪૧૨
કેન્દ્રવર્તી સંકલ્પ ૪૦૮
કોષો
—ની અભીપ્સા ૩૭૯
—ની ખરાબી અટકાવવી ૨૮૦–૨૮૧
—ની સચેતનતા ૩૭–૩૮,–૧૧૧
—નું પ્રભુ પ્રત્યે ખુલ્લા થવું ૩૭૬–૩૭૭
ક્રોધ
—સાચું વલણ અને ૩૩૦

ખ

ખ્યાલો (વિચારો)
—અને શબ્દો ૯૭
—ની ગોઠવણી ૧૩
ખોરાક
—અને આશ્રમમાં ખાવાની ટેવો ૧૫૪–
૧૫૫–૧૫૮–૧૫૯
—અને કેવળ પ્રભુ પ્રત્યે
ગ્રહણશીલતા
૨૦૯
—પ્રાણિક શક્તિઓનો સ્રોત ૮૦
—અને શરીરની જરૂરિયાતોનું જ્ઞાન
૩૭–૩૮

ગ

ગ્રહણશીલતા ૧૩૨–૧૩૮–૨૦૬
—અભીપ્સા અને ૧૧૩–૧૧૫
—ફૂલો અને બીજી ચીજોની ૨૨૨
—વિશ્વાસ અને ૩૯૦–૩૯૧
—સક્રિયતા અને નિષ્ક્રિયતા
અને ૧૦૯–૧૧૧
ગુહ્યવાદ ૩૮–૪૩–૧૮૩–૧૮૬
—ભીતિ અને ૫૦–૫૧

ચ

ચારિત્ર્ય
—શરીર અને ૧-૨
ચીન ૭૧
ચેતના
—અનુભવ દ્વારા પચાવેલી ૩૫૧ થી ૩૫૫
—અવચેતના અને ૩૦૯
—ઉચ્ચતર
જુઓ : આશ્રમમાં ઉચ્ચતર
ચેતના ૨૬૨
—નો વ્યય ૧૫૧–૧૫૨
—ની વિશાળતા ૩૩૪–૩૩૬
સરખાવો : સાવધાની
નિરીક્ષણ, અચેતનતા
—પ્રેમ અને ૯૯–૧૦૬
—પરમોચ્ચ જુઓ : પરમ પ્રભુની ચેતના
—વૈશ્વિક—જુઓ વૈશ્વિક ચેતના બીજામાં

પ્રવેશ કરતી
સરખાવો : સંબંધો ૪૧૧–૪૧૨
–શબ્દ અને ૯૬–૯૭
–સચેતન ઊંધ ૧૭૮–૧૮૨
–સક્રિયતા અને ૩૮૧
–સ્મૃતિ અને ૨૧–૨૨
ચૈતસિક
–નો સંપર્ક અને અદશ્ય થવું ૨૫–૩૪
–બાળકો અને ૫૦
–મૃત્યુ પછી ૫૫–૫૬
વિષાદનું રક્ષણ ૩૩–૩૫
ચૈતસિક દર્દ ૧૪૦–૧૪૩
ચૈતસિક દૃષ્ટિ ૧૩૧–૧૩૨
ચૈતસિક સમતુલા ૩૮૧–૩૮૩–૩૮૪
ચૈતસિક સમર્પણ
શારીરિક ચેતના અને ૪૦૬–૪૦૭
સરખાવો : શારીરિક ચેતના,
પ્રભુ પ્રત્યે ખુલ્લા થવું
ચૈત્ય પુરુષ
– અસુરોનું પરિવર્તન (પ્રાણિક સત્ત્વોનું)
અને જુઓ પરિવર્તન
અસુરોનું ૪૨૧–૪૨૨
– અગ્રભાગે ૩૯૬
– કેન્દ્રવર્તી પુરુષ અને
– ચૈતસિક પ્રયત્ન ૧૩૫
– નું દર્શન જુઓ : ચૈતસિક દર્શન
– નું મૂળ ૨૮–૨૯
– નું સ્થાન ૩૮૦
– નું જ્ઞાન ૩૮૪
– ને માટેની જરૂરિયાત અનુભવવી,
અને આશ્રમ ૨૮૭
– ની સાથે સંપર્ક ૩૫૫–૩૫૬
– પૃથ્વીના નિવાસીઓ અને ૧૫૬–૧૫૭
– માતાજીનું કાર્ય અને ૧૬૧
– માતાજીને વસ્તુઓ વિશે કહેવાથી
બારણાનું ઉદ્‌ઘાટન ૧૯૨
– વ્યક્તિતા અને ૨૫૫
– શરીર ચેતના અને : એકબીજા
ને મદદ ૪૩૪–૪૩૫
ચૈત્યપુરુષની તદ્રુપતા
– અહંનું કોચલું તોડવું ૩૨૨–૩૨૩

છ

છબીઓ–ચિત્રો–મૂર્તિઓ ૨૬૭–૨૬૮
છાયા ૧૬–૧૭
છોડવાંઓ
– ની ચેતના જુઓ માતાજી,
વાર્તાઓ, શાકભાજીની પસંદગી

જ

જગત
– નવું રૂપાંતર પામેલું ૩૧૭
– પદાર્થ ૨૯૭–૨૯૮
– પ્રભુની એક વિકૃતિ ૧૦૩–૧૦૪
– પ્રાણ જુઓ : પ્રાણજગત
– મુક્તિ અને ૩૫–૩૬
– મુશ્કેલીઓ ઉપર વિજય ૨૦૧–૨૦૨
– મુશ્કેલીઓમાં ભાગ લે છે ૪૩૩–૪૩૪
જીવન
– આધ્યાત્મિક અને સામાન્ય
જીવનમાં અસ્થિર પ્રગતિ ૯૩–૯૪
– જીવન માટેનું શિક્ષણ ૧૪૮
– સંજોગોની ગોઠવણી ૧૭૦—૧૭૨
૩૭૪—૩૭૫
– સફળ જુઓ : સફળતા

જાગરુકતા
– જુઓ : ચેતના
જાદુ
– રચનાઓનો પ્રત્યાઘાત અને ૪૩–૪૪
સરખાવો : માતાજી વાર્તાઓ
અને શ્રી અરવિંદના મકાન
પર પડતા પથ્થરો
જૂઠાણું
– અસુરનું; જુઓ : અસુરો
ચાર મહાન અસુરો
– માતાજીનું લોકો વિશેનું
જ્ઞાન અને ૧૬૦—૧૬૨

ડ

ડેવિડ નીલ એલેકઝાન્ડ્રા ૨૭૦–૨૭૧

ત

તપસ્યા
–આંતરિક અને બાહ્ય ૩૯૭
તત્ત્વજ્ઞાન (દર્શનશાસ્ત્ર)
–વાસ્તવિકતાનો અનુભવ અને ૨૪–૨૭
તમાકુ ૭૫–૭૬
ત્યાગ (ત્યાગીઓ) ૬૩–૭૦
–અભિમાન વધારે છે. ૨૯૨
–આનંદનો ત્યાગ અને ૨૮૨,૨૯૨-૨૯૩

થ

થાક
–અને અસમતુલા ૩૬–૩૭
થિઓસૉફી
–કર્મ ઉપર ૧–૨

દ

દર્દ ૩૯૩–૩૯૬
–કલાત્મક સર્જન અને ૩૬૮–૩૭૨
–જ્ઞાન અને અજ્ઞાન અને ૨૭૯–૨૮૧
જુઓ વેદના (દર્દ)
દર્દ સહન કરવું
–અહંકાર અને ૧૪૧–૧૪૨–૩૯૬
–કલાત્મક સર્જન અને ૩૬૮–૩૭૩
–નો અસુર–જુઓ:અસુરો
–ચાર મહાન
–પ્રાણિક અને ૭૧–૭૨
–સચ્ચાઈ લાદવી ૧૪૩–૧૪૪
–જ્ઞાન અને અજ્ઞાન અને ૨૮૦–૨૮૧
દર્પ ૨૩૩
દર્શન
–ચૈતસિક અને શારીરિક ૧૩૧–૧૩૨
દર્શનો ૩૪૨–૩૪૪–૩૪૫
દૃષ્ટિ
–ની તાલીમ ૮૧–૮૨
સરખાવો : ઈન્દ્રિયો
–ના શિક્ષણ માટે જુઓ :
આંતરિક દર્શન, ચૈતચિક દર્શન
દૃષ્ટિ
–માનવ અને પ્રભુની ૪૪૫
દાંતનો દુઃખાવો ૩૯૪–૩૯૫
દિવ્ય કાળજી (સંભાળ) ૩૬૩–૩૬૪
દિવ્ય ચેતના
–થી વિભક્ત થવું ૯૮–૧૦૦
દિવ્ય પ્રભુ
–અને દુઃખ દર્દ ૨૭૯
–અસર ૧૨૬–૧૩૦–૧૬૪–૧૬૫
–અંગત પ્રયત્ન અને ૨૧૬
–ઉપર મુકાતી શરતો ૧૯૯–૨૦૦
–ખેંચવું અને આત્મસમર્પણ
અને ગ્રહણશીલતા ૧૩૪–૧૩૮
–નું સૈન્ય ૩૭૭–૩૭૮

—ના પ્રત્યે કેવળ ગ્રહણશીલતા ૨૦૭–૨૦૯
—નો ઈન્કાર કરવો ૨૦૫–૨૦૬
—નો પ્રેમ ૧૦૭
—નો પ્રેમ: પ્રેમ ઓળખવાનો એકમાત્ર માર્ગ ૧૦૦
—નો સાક્ષાત્કાર અને વિરોધી બળો ૧૬૫
—ની પ્રત્યે ખુલ્લાપણું અને રમતો ૨૯
—પ્રભુની ધૃણા ૨૭૮–૨૭૯
—પ્રથમ લક્ષ્ય-તેનો સંપર્ક સાધવો ૩૮૦
—પૈસો અને ૨૪૪–૨૪૬
—પૃથ્વી ઉપર આવિર્ભાવ પામશે ૧૫૫
—ફક્ત પ્રભુની જ જરૂરિયાત ૧૭૧–૧૭૨
– મનુષ્ય સાથેનો ચૈતસિક સંપર્ક ૧૫૬–૧૫૭
– વિરોધી બળો અને ૧૬૫–૧૬૬
— વૈયક્તિક અને અવૈયક્તિક ગુણો સાથેનો સંબંધ ૩૮૮
— વ્યક્તિ ઈચ્છે તે આપે છે ૨૩૧–૨૩૩
— વૈશ્વિક દૃષ્ટિ ૪૪૪–૪૪૫
— વ્યક્તિ તેની સાથે એકતા સાધી શકે ૨૪૬–૨૫૫
— શોધવા માટેની આવશ્યક શરતો ૩૩૨
— શિક્ષણનું લક્ષ્ય ૧૫૦
— શોધકની પ્રથમ પસંદગી ૩૩૧
— શ્રદ્ધા, વિશ્વાસ, આત્મશ્રદ્ધા અને ૧૨૮–૧૨૬
— સર્વનો પ્રભુ તરીકેનો અનુભવ ૩૫૩–૩૫૫
— સિવાય કાંઈ નહિ ૧૩૦
દિવ્યપ્રેમ
– ની ગ્રહણશીલતા ૧૩૩
દિવ્યબલ
– ના વિશે સચેતન બનવું. ૩૮૬–૩૮૭
— ની તરફ સ્વરૂપનો એક ભાગ ખૂલે છે ૩૮૧
— મન અને પ્રાણ દ્વારા ગ્રહણ કરવાનો અનુભવ ૩૯૬–૩૯૭
સરખાવો : દિવ્યબલ
દીક્ષા આપતી શાળાઓ (સંસ્થાઓ) ૪૦–૪૧
દુઃખ
— નું કારણ ૯૯
દુઃખ
— બિનસચ્ચાઈ અને ૨૦૯–૨૧૦
દુઃખ ૧૪૧–૧૪૩
દુષ્ટતા
— બિનસચ્ચાઈ અને ૧૨૩–૧૨૪
દૂરદર્શી વ્યક્તિઓ ૩૪૩
દેવળો (મંદિરો)
— માં પ્રાણિક સત્ત્વોનો નિવાસ ૧૮૭–૧૯૦
દેવો
— અને ચૈતસિક પુરુષ ૧૫૬–૧૫૭
પૂજા કરાવવી ગમતી નથી ૧૮૯-૧૯૦
— અને માનવ રચનાઓ ૬૮–૨૬૮
દોષ (ઠપકો)
— બીજા ઉપર કાયમ ઢોળવો ૯૫
સરખાવો : સંબંધો
ધ
ધન ૨૪૨–૨૪૬
— જુઓ પૈસો

ધર્મ (મેા)
— પ્રાણિક સત્ત્વેા અને ૧૮૭–૧૯૦
— ભીતિ અને ૫૨–૬૭
— વાસ્તવિકતાની સાથે સંપર્કનેા અનુભવ અને ૨૪–૨૭
— શંકાઓ અને ૧૮૬–૧૯૦
ધ્યાન
— આધ્યાત્મિક જીવન માટે જરૂરી જુઓ ચેતના : નિરીક્ષણ ૯૪–૯૫
ધ્યાન
— દરમ્યાન પ્રતિમાઓ જેવી૩૬૬–૩૬૮
— બ્રાહ્ય સ્વરૂપ સાથેનેા સંપર્ક ૪૧૪–૪૧૫
— શીખવું જ જોઈએ ૧૪૭–૧૪૮

ન

નમ્રતા
— આજ્ઞાંકિત અને કૃતજ્ઞ, ભેદ ૬૪–૬૫
— આનંદપૂર્ણ ૨૦૪, ૨૦૬–૨૦૭ સરખાવેા : સમર્પણ
નવલકથાઓ ૧૦૫–૧૦૬
નસીબ (ભાગ્ય) ૯૫
ન્યાય
— પ્રભુની રીત અને ૨૩૧
નામ અને રૂપ અને વાસ્તવિકતા ૨૬–૨૭
–નિમ્ન પ્રકૃતિ–પ્રયત્ન અને ૨૧૪–૨૧૫
નિમ્ન પ્રાણજગત
— સ્વપ્નાંઓમાં અને મૃત્યુ પછી પ્રવેશ ૪૩૫–૪૩૬
નિર્મિત સ્વરૂપ ૩૭૪–૩૭૫
નિમ્ન સ્વરૂપ
— ની મુશ્કેલીઓ ઉપર વિજય ૪૨૮-૪૩૨
નિયતિ
— ની ભૂમિકાઓ ૪૯–૫૦, ૫૨–૫૩
— સ્વતંત્રતા અને ૨૭૬–૨૭૭
નિરીક્ષણ
— અહં દ્વારા ૩૮૯
— આંતરિક દર્શનનેા વિકાસ અને ૩૬૬–૩૬૮
— ની શક્તિ ૯
— ની શક્તિનેા વિકાસ સાધવેા ૭૮–૭૯ ૮૧–૮૨
— ભિન્ન ભિન્ન અસરેા અને જુઓ : અસરેા, ભિન્નતા, આંતરિક ગતિઓની
— માતાજી અને ૧૬૨–૧૬૩
— વ્યક્તિઓનેા વિકાસ અને૩૨૪–૩૨૫
— વૈશ્વિક બળેાનું અને આંદેાલનેાનું ૨૫૬–૨૫૯–૪૦૮–૪૦૯
— શરીરનાં કાર્યોનું ૩૭–૩૯
નિષ્ણાત થવું ૧૮–૨૦
નિર્ણયેા
— ને માટે સાચું વલણ ૩૩૦–૩૩૧
નિવેદન
— પ્રથમ આવે ૩૩૧
— શબ્દનેા ઉપયેાગ ૨૧૯–૨૨૨
નિર્વાણ ૩૯૨
નૈતિકતા
—પવિત્રતા અને ૪૨૫–૪૨૬

પ

પદાર્થ ૨૯૭–૨૯૮
પથ્થરો (નંગેા)
— ને ગ્રહણશીલતા ૨૨૧–૨૨૨
પસંદગી
— આવેગેાનેા ઈન્કાર ૩૩૩

પરલક્ષિતા અને સ્વલક્ષિતા
— જુઓ : વાસ્તવિકતા, અનુભવ અને
પરમચેતના
— જગતમાં નિયતિ અને ૨૭૭–૨૭૮
પરમાત્મા
— ભૌતિકની બહાર અને અંદર ૨૦૩
પુનર્જન્મ
— જુઓ : ભૂતકાળની જિંદગીઓ
પુરુષ ૩૧૭
— ની સહમતિ ૧૨૫
— પ્રકૃતિ અને ૨૬૬
— પ્રકૃતિ અને; પુરુષ અને
સ્ત્રી નહિ ૧૧૬–૧૧૭
પુરુષત્વ
— સ્ત્રીત્વ અને ૧૧૬–૧૧૭
પૂજા ૧૯૦
પૂર્ણ જાતિ ૪૦૫
પૂર્ણતા
— સાપેક્ષ ૪૦૪–૪૦૫
પૈસો ૨૪૨–૨૪૬
— ખોટો વ્યય ૧૫૧–૧૫૨
પૈસાનું બલ ૨૪૨–૨૪૬
પૃથ્વી
— આસુરિકબળો દ્વારા શાસન ૧૬૬-૧૬૮
— ચૈત્ય પુરુષ અને ૧૫૬–૧૫૮
— પૃથ્વી ચેતનાની નોંધ ૨૨
— વિરોધી બળો પર વિજય અને ૪૨૩
પ્રકાશિત મન (દ્યુતિ માનસ) ૪૫૧
પ્રકૃતિ અને પુરુષ
— સ્ત્રી અને પુરુષ નહિ ૧૧૬–૧૧૭
પ્રગતિ
— અનુભૂતિઓ અને ૩૪૧-૩૪૫
જુઓ : અનુભૂતિઓનો ભાવ
— અસમતુલ, અને શારીરિક
અસમતુલા ૩૬–૩૭
— અસમતલ ૯૩–૯૪
— આંતરિક અનુભવ અને
બાહ્ય સ્વરૂપ અને ૪૧૫–૪૧૬
— આશ્રમમાં નિવાસ અને
જુઓ : આશ્રમ
— ને માટે દરેક વસ્તુ તક
બને છે ૧૫૦–૧૫૧
— માતાજીને વસ્તુઓ કહેવાથી ૧૯૨
— મુશ્કેલીઓ અને ૨૩૪–૨૩૫,-૩૧૩
૩૧૬–૩૪૬–૩૪૯–૪૫૦
— માટે અભીપ્સા અને
કામનાઓ ૩૨૬–૩૨૮
— રમતો પ્રત્યે વલણ અને ૨૯–૩૦
— સમતુલા જરૂરી ૧૭૫
પ્રગતિ કરતો આવિર્ભાવ ૩૨–૩૩
પ્રત્યક્ષ રચના (યથાર્થતા)
— નો જરૂરી ગાળો ૧૯૦
— આસક્તિ વગર ૪૧૫–૪૧૬
જુઓ : ભાગવૃત્તિ
પ્રયત્ન ૨૦૨–૨૦૩–૨૧૪–૨૧૮–૨૧૯
— અહંકાર અને ૩૨૦–૩૨૩
— આશ્રમમાં સાધનાની
પરિસ્થિતિમાં ફેરફાર અને ૨૮૭–૨૮૮
— આશ્રમનાં બાળકોનો ૪૧૭–૪૧૯
— કરવામાં નિષ્ફળતા ૨૫૯–૨૬૦
— ચૈતસિક અને મનોમય
રચનાઓ ૧૩૫
જુઓ : સમર્પણ, સક્રિય અને
નિષ્ક્રિય

— શાંતિ માટે ૩૦૪
— સક્રિયતા નિષ્ક્રિયતા અને ૧૦૯–૧૧૦
પ્રતિરોધ
— અભીપ્સા અને ૨૩૪–૨૩૬
— ભાંગી નાખતી મુશ્કેલીઓ ૩૧૩-૩૧૪
— શારીરિક જગતનો ૨૦૧
સરખાવો : મુશ્કેલીઓ
પ્રભુ
— ક્રિશ્ચિયન અને શાલ્ડિયન ૧૧૭
— ની સાથે સંપર્કથી અનુભૂતિ ૨૫–૨૮
પ્રભુ સંકલ્પશક્તિ
–કેન્દ્ર સંકલ્પશક્તિ અને ૪૦૮–૪૦૯
–ને વળગી રહેવું ૪૨૫–૪૨૬
–પૂર્ણ સચ્ચાઈ અને ૩૮૫
–માનવ સંકલ્પશક્તિ અને ૪૪૧–૪૪૨ ૪૪૩–૪૪૪–૪૪૫
–સામાજિક સંબંધો અને ૩૫૮–૩૬૨
પ્રલય ૧૬૭
પ્રશ્નો અને ઉત્તરો ૧૯૨–૧૯૫,૩૬૪-૩૬૫
પ્રાણ
–અનુભૂતિઓની પકડ ૩૮૪–૩૮૫
–આધાર માટેના ત્રણ સ્રોતો ૮૦–૮૧
જુઓ : નિમ્ન પ્રાણ, સ્થૂલ પ્રાણ
–આજ્ઞાંકિતતા અને સમર્પણ અને ૧૯૮
જુઓ : આજ્ઞાંકિતતા, શાંતિ અને કૃતજ્ઞતા
–ગ્લાનિ અને ૩૩–૩૪
–ચૈતસિક અસર નીચે રૂપાંતર પામે છે ૨૯૬
–નું મન સાથીદાર ૧૫૪–૧૫૯
–બાળકો અને ૧૧–૧૨
–મૃત્યુ પછી ૫૫
–વેદના અને ૭૦–૭૧
–શારીરિક દર્દને વધારે છે ૩૯૩
–શરીર ચેતનામાં પ્રક્ષેપ ૧૩૭–૧૩૮
–સાપ દ્વારા થતો શાંતિ અને કૃતજ્ઞ નાડીયંત્રનો પ્રક્ષેપ ૪૫-૪૬
પ્રાણમય આત્મા ૩૪૫–૩૪૬
–જુઓ : પ્રાણમય સ્વરૂપ
પ્રાણમય જગત
–ખાસ કરીને પ્રભુના વિરોધી ૨૯૬
–નિમ્નતર, મૃત્યુ અને ૪૩૫–૪૩૬
–પૈસો અને ૨૪૩
–રૂપાંતરિત પ્રાણમય બલ અને ૧૯૭–૧૯૮
—વ્યક્તિતા અને ૨૫૩
–સૌથી નિમ્ન મૂર્તિઓ અને ૨૬૭–૨૬૯
–સ્થૂલ, મૃત્યુ અને ૫૩–૫૪
પ્રાર્થના
—હવામાન અને ૧૯૪
પ્રાણિઓ
–ભય અને ૫૦–૫૧
–પ્રેમ અને ૧૦૦,૧૦૩–૧૦૬
–હિંસા અને ૩૬૧
પ્રાણીઓનાં બલિદાન ૬૫–૬૮
પ્રાણિક અનુભૂતિઓ
—માનસિક તૈયારી ૩૪૦–૩૪૧
પ્રાણિક તત્ત્વો (સત્ત્વો)
—શ્રી અરવિંદના ઘર પર પડતા પથ્થરો અને ૬૨
—વાતાવરણ અને ૧૯૪
પ્રાણિક બલો
—પૈસો અને ૨૪૨–૨૪૪
–વૈશ્વિક : પ્રાણિક શક્તિનું મૂળ ૮૦–૮૧

સરખાવો : વિરોધી બળો,–બલો
પ્રાણિક રચનાઓ
–માનવોની આસપાસ રહેલી
માનવ રચનાઓ અને ૨૬૯–૨૭૪
સરખાવો : રચનાઓ
પ્રાણિક સ્વરૂપ ૩૪૪–૩૪૫
–ચૈતસિક સ્વરૂપ અને ૧૬૧
સરખાવો : ચૈતસિક પુરુષ
અને પરિવર્તન
–ધર્મ અને ૧૮૭–૧૯૦
પ્રાદુર્ભાવ
–અસુરોનો ૧૬૮–૧૭૦, ૪૨૨–૪૨૩
–માતાજીનો ૨૬૭
–વિરોધી બલોનો ૨૩૯–૨૪૦
પ્રેમ ૯૮–૧૦૬
–માનવ અને દિવ્ય ૭૮–૧૭૦
–મૃત્યુ વખતે આશ્રય અને ૫૫
–શુદ્ધિ આસક્તિ અને ૧૩૧
પ્રેરણા ૪૧૦–૪૧૧

ફ

ફૂલો
–નો માતાજી વડે ઉપયોગ ૨૩૬–૨૩૭
–ની ગ્રહણશીલતા અને
માતાજીનો ઉપયોગ ૨૨૧–૨૨૬

બ

બરલોઈઝ હેકટર ૩૬૮–૩૭૦,૩૭૧–૩૭૨
બલ
–ગ્રહણશીલતા અને વિશ્વાસ ૩૯૦–૩૯૨
સરખાવો : પ્રભુનું બલ (દિવ્યબલ)
બલો
–એકમાત્ર મૂળ ૨૬૬
–ખેંચાણ ૩૯૮
–દિવ્ય, અને જીવનના, પ્રાણના
સામાન્ય બલ ૩૭૭–૩૭૮
સરખાવો : દિવ્ય બલ
–ધ્યાનમાં ચિત્રો દેખાવાં ૩૬૬–૩૬૭
–નવાં અને વિશ્વની વ્યવસ્થા ૨૭૭
–ની સભાનતા ૪૦૭–૪૦૮
–ની લીલા ૨૬૦–૨૬૬
–નો વ્યય કરવો ૧૫૧–૧૫૨
સરખાવો : રચનાઓ, આંદોલનો
–ફૂલો અને પથ્થરોમાં ગ્રહણ
કરાયેલા ૨૨૧–૨૨૨
–મદદગાર, સ્વપ્નમાં
અનુભૂતિ ૧૪૨–૧૪૩
–વિરોધી–જુઓ : વિરોધી બલો
–શરીરમાં રહેલા કોષોનું
સમારકામ ૨૮૦–૨૮૧
–શક્તિના સ્રોત ૮૦–૮૧
–શબ્દ અને ૯૬–૯૭
બલિદાન
જુઓ : શરીર આત્મપીડન
બાઈબલ
–યશુ અને જેકોલની વાત ૧૫૭-૧૫૮
બહિર્નિગમન
જુઓ : શરીર; બહિર્નિગમન
બાળકો
–ઈચ્છાઓ અને ૩૯૮ થી ૪૦૧
–ગુહ્યવિદ્યા અને ૪૦,૪૧–૪૨
–ચૈતસિક અને ૬–૯
–ચારિત્ર્ય અને તંદુરસ્તી ૨-૩
–ચારિત્ર્યનો આકાર બંધાવો ૧૨–૧૩
–ધ્યાનનું કેન્દ્ર ૨૪૮–૨૪૯

–માતૃપ્રેમ અને ૧૦૩–૧૦૬
–વ્યવસ્થા અને ૧૩–૧૪
–યુદ્ધ સમયે પ્રવેશ
આપવામાં આવેલા ૨૮૭
બાહ્યસ્વરૂપ
–ધ્યાન અને ૪૧૪–૪૧૫
બિનસચ્ચાઈ
–અચેતનતાઓ અને ૧૨૨–૧૨૪
બુદ્ધિ
–શરીર અને ૩–૪
બુદ્ધિવાદીઓ
–શ્રદ્ધા અને ૧૨૦

ભ

ભક્તિ ૧૭૦
ભક્તિ
–પ્રાણના સત્ત્વોનો ખોરાક ૧૮૭–૧૯૦
–માનવ અને દિવ્યપ્રેમ અને ૧૭૦
ભવિષ્યવાણીઓ
–નવી પૃથ્વી અને નવીન
માનવજાત ૧૫૫
ભાગ્ય (નસીબ)
–જીવનના સંજોગોની ગોઠવણી ૩૭૪-૩૭૫
સરખાવો : અભીપ્સા, સંજોગો
ગોઠવી આપે છે.
ભાવના
–"સાચું વલણ" ૩૩૦–૩૩૧
ભાષા
–વગર વ્યવહાર ૯૨–૯૩
–વાસ્તવિકતાની અભિવ્યકિત ૨૫–૨૮
–સીધી લીટીમાં
જુઓ : શબ્દો
ભીતિ ૫૦–૫૨
–અને ગુહ્યવાદ ૩૯, ૪૧–૪૨
–અને ધર્મ ૬૭–૧૯૦
–અને મૃત્યુ ૪૭,૪૮,૫૦–૫૨
–પ્રતિક્ષિપ્ત ક્રિયા ૪૪–૪૬
ભૂલ
જુઓ : મુશ્કેલીઓ
ભૂલો ૨૨૯–૨૩૦,૩૩૨–૩૩૪
જુઓ : અચેતનતા, બિનસચ્ચાઈ અને
ભૂતકાળના જીવન
–ની સ્મરણશકિત ૨૧–૨૩
ભૌતિક વિશ્વ
–નિયતિ અને સ્વતંત્ર
સંકલ્પ અને ૨૭૬–૨૭૭
જુઓ : જગત, વિશ્વ

મ

મગજ
–સ્મૃતિ અને ૨૧–૨૨
–વિચાર અને ૨૯૭–૩૮૦–૩૦૨,
૩૦૪–૩૦૫
મન
–આવેગોને કાબૂમાં રાખતું ૩૦૭–૩૦૮
–ઉચ્ચતર સ્તરો, અને
અતિમાનસ ૪૦૩–૪૦૫
–કાર્યમાં સીધી લીટીમાં જતું ૪૪૯
–ખુલ્લાપણાની અનુભૂતિ ૩૪૩
–જુદા મનો વચ્ચે સીધો સંબંધ ૯૨–૯૩
–પ્રાણનું સાથીદાર ૧૫૪–૧૫૯
–પ્રાણ અને, અને ઔતસિક
અને શારીરિક ૫–૬
–પ્રકાશિત ૪૩૮–૪૩૯
–મગજથી સ્વતંત્ર ૨૯૮, ૩૦૪–૩૦૫

–વિભાજન કરે છે ૩૮૮
–વિશાળતાની વૃદ્ધિ કરતું ૧૯–૨૦
–વિશિષ્ટ રીતે ઉદ્ધત ૨૩૩–૨૩૪
–શરીર ચેતનામાં ડખલ ૧૩૭–૧૩૮
–શારીરિક જુઓ શારીરિક મનની અનુભૂતિઓની પકડ ૩૮૪
–શરીરની બહાર જવું અને ૧૮૫
–શાંતિનું સ્થાપન કરતું જુઓ શાંતિ

મનની અસમતુલા
–અનુભૂતિ અને માનસિક તૈયારી ૩૪૦–૩૪૧
–વિરોધી બળોનો કબજો અને ૩૨૪–૪૨૫

મનોમય જગત ૨૯૭–૨૯૮

મનોમય પદાર્થ ૨૯૭–૨૯૮

મનોમય બળ
–શરીરના જુદા જુદા ભાગમાં એકાગ્ર થયેલું ૩૦૦–૩૦૩, ૩૦૪–૩૦૫

મનોમય રચનાઓ (ઘડતર)
–આવેગોને કાબૂમાં રાખતી ૩૦૭–૩૦૮
–અસર કરતી ૧૨૬–૧૨૭
–ગ્રહણશીલતા અને ૧૩૫–૧૩૭
–દેવો અને ૬૯–૨૬૯
–નું આક્રમણ ૪૩–૪૪
–માંદગીની સ્મૃતિ અને ૩૫૬–૩૫૮
–માનવીની આજુબાજુ વીંટળાયેલી ૨૭૦–૨૭૧
સરખાવો : રચનાઓ (ઘડતરો, આકારો)

મર્યાદા
–માનવ સમજ અને ૨૬૭

મશીન
–આત્મા જેવું કાંઈક હોય છે ૨૦૫–૨૦૬

મહત્ત્વાકાંક્ષા
–વિરોધી બળોની પકડ અને સાધના અને ૨૪૦ ૨૩૭

મહાકાલી ૨૮૨–૩૧૫
–કાલી અને ૬૭–૬૮

મહાસરસ્વતી ૨૭૬–૨૮૧

મહાશક્તિ ૨૭૬
–માતાજીનું પ્રતીક અને ૩૮૨–૩૮૩

મંત્ર ૯૬

માગ્રે, મોરિસ ૨૭૧–૨૭૨

માતાજી
–આશ્રમમાં સાધનાની શરતો સાધના માટે અને ૨૮૭–૨૮૯
–આશ્રમમાં શું ચાલી રહ્યું છે તેનું જ્ઞાન ૧૯૦–૧૯૨
–ઓરગન સંગીત ૩૭૧–૩૭૩
–ગુહ્યવાદની તાલીમ ૪૦–૪૨
–ચૈતસિક અને આધ્યાત્મિક શિક્ષણને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૨૫–૩૮
–"ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિઓ" ને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૬૪–૧૦૬
–દ્વારા અપાયેલી ચીજો વડે રક્ષણ ૨૨૬–૨૨૭
–નું શરીર ૨૯૩–૨૯૫
–નું આનંદનાં પાસાંનું અવતરણ ૨૯૩–૨૯૫
–ના ઉપર ચિત્ર
–નવા વર્ષના સંદેશાઓ ૯૬, ૪૪૦–૪૪૨, ૪૪૪
–ને પૂછાયેલા પ્રશ્નો ૧૯૨–૧૯૪, ૩૬૪–૩૬૫
–નાટકોમાં માતાજીને જોવા ૧૩૯, ૧૪૪–૧૪૫–૧૪૭

—નાં ચાર પાસાંઓ ૨૮૧–૨૮૨
જુઓ મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી–માહેશ્વરી
—પ્રાણની કેળવણીને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૧૦–૧૬
—પૂજાના દિવસોએ આશીર્વાદ ૧૮૭
— ફૂલોનો ઉપયોગ ૨૨૧, ૨૨૩–૨૨૬, ૨૩૬–૨૩૭
—"મનોમય શિક્ષણ"ને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૧૮–૨૪
—મળનાર માણસોની આજુબાજુનું વાતાવરણ અને ૨૭૨–૨૭૪
—મૃત્યુની ભીતિ અને તેના ઉપર વિજય મેળવવાની ચાર રીતો–ને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૩૯–૬૩
—માતાજીનું પ્રતીક
—લોકોની સભાનતા ૧૫૯–૧૬૩
—વિરોધી બળો દ્વારા શાસિત થતા માણસોનું પરિવર્તન ૨૩૮–૨૩૯
—વિભાગોના વડાઓની સાથે મુલાકાત ૧૯૦–૧૯૨
—શારીરિક મન સાથે અનુભવ ૨૨૪–૨૨૫
—"શારીરિક શિક્ષણ"ને લગતા પ્રશ્નો અને ઉત્તરો ૧–૯
—સાધના : પ્રાણમાં અને શારીરિકના અવતરણ ૨૯૪

માતાજી, અનુભૂતિઓ
—શરૂઆતના આધ્યાત્મિક અનુભવો ૨૮૯–૨૯૦
—સૂક્ષ્મ શારીરિક અને સ્થૂલ પ્રાણ વચ્ચે ચેતનાનો વિકાસ ૧૮૧–૧૮૨

માતાજીની વાર્તાઓ
—આનંદ પાસાનું અવતરણ ૨૮૩–૨૮૪, ૨૯૩–૨૯૪
—કાલી ૬૭–૬૮
—કાણાવાળો સિક્કો ૨૨૭–૨૨૮
—જર્ડિન ડી પ્લેટિસમાં ફ્રેન્ચ વિજ્ઞાની ૪૫–૪૬
—જાપાન, માણસ જે વિચારોની એકાગ્રતા પેટમાં કરે છે ૩૦૦–૩૦૨
—જોન્સ એલેનબર્ગ–ડેનીસ પેઈન્ટર– ગુહ્યવાદની તાલીમ ૪૨–૪૩
—તેમના બગીચામાંથી શાકભાજી પસંદ કરવી ૧૭૬–૧૭૭
—પૈસાદાર સ્ત્રીની ગરીબાઈ વિશેની સ્વભાવદત્ત સરળતા ૩૦–૩૧
—બલનો સંગ્રહ કરતાં ફૂલો ૨૨૩–૨૨૪
—મરઘીનાં બચ્ચાંઓ ખાવાં ૧૭૩–૧૭૪
—મેડમ નીલે પોતે ઉત્પન્ન કરેલ મહાત્મા ૨૭૦–૨૭૧
—રોડિન ૭૨–૭૩
—વિરમપટ્ટનમની કાલિ ૬૬–૬૮
—શ્રી અરવિંદના મકાન ઉપર પડતા પથ્થરો ૫૮–૬૩

માતાજીનો પૂકાર ૧૯૫–૧૯૬

માતૃપ્રેમ ૧૦૩–૧૦૬

માથાનો દુઃખાવો
—ઉપાય ૩૦૦–૩૦૩

માનસિક દર્પ ૨૩૩–૨૩૪

માનસિક વિકાસ
—વાતચીત અને ૨૧૬–૨૧૭
જુઓ: શબ્દો, વિચાર અને

માનસિક શાંતિ
–હૃદયમાં શાંતિ અને ૩૧૦–૩૧૧
માનવ ઉત્ક્રાંતિ
–અને વાણી ૨૧૫–૨૧૭
માનવતા, માનવી, માનવમન
–અતિમાનસ આવિર્ભાવ અને ૪૦૩–૪૦૪
–કામનાઓમાંથી ઉત્પન્ન થયેલું ૩૯૭
–કામનાઓનું વાતાવરણ ૨૭૨
–ચૈતસિક અને ૧૫૬–૧૫૮
–દેવોનું સર્જન કરે છે ૨૬૭–૨૬૯
–ની ટોચ ૧૦૬
–નું મૃત્યુ પછી ટકી રહેવું ૫૭–૫૮
–મન દ્વારા ઘડાયેલી ચેતના ૩૮૮
–માનવપ્રેમ જુઓ : પ્રેમ
–માં રહેલા વિરોધો સરખાવોઃછાયા ૩૦૫
–મુક્તિ અને ૩૫–૩૬
–વ્યક્તિતા અને ૧૦૫-૧૦૬, ૨૪૯, ૩૨૩
–શારીરિક પ્રકૃતિ અને પ્રયત્ન ૪૧૭
–સામાજિક સંબંધોઃ જુઓઃસંબંધો
–હજુ સુધી આનંદ માટે તૈયાર નથી ૨૮૪
માનસશાસ્ત્ર
–આંતર ૨૫૬
માહેશ્વરી ૨૭૫
માંદગી
–ચારિત્ર્ય અને ૧૦૦
–દુઃખ અને ૩૯૫–૩૯૭
–ની તરફ સાચું વલણ ૩૩૦
–શરીરમાં સ્મૃતિ અને ૩૫૬–૩૫૮
મુક્તિ
–પૃથ્વી અને ૩૫–૩૬
સરખાવો : જગત ભાગ લેવો
મુશ્કેલીઓ
– ચૈતસિક સંપર્ક અને ૩૪
–છાયા ૧૭
–તકોમાં ફેરવાઈ જવું ૨૩૪–૨૩૬
–ની સ્મૃતિનો નાશ ૩૫૮
–પ્રગતિ અને ૨૩૪–૨૩૬–૩૨૬–૩૨૮, ૩૪૭–૩૪૮, ૪૫૦
–પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લા થવું ૩૧૩–૩૧૪
–પ્રભુ અને ૩૪૭, ૪૪૭–૪૪૯
–(૧૯૫૫)માં આવતી ૪૪૦, ૪૪૪–૪૪૫, ૪૪૬-૪૪૭-૪૪૮-૪૪૯-૪૫૦
–વ્યક્તિગત અને જગતની ૪૩૪–૪૩૫
–સચ્ચાઈમાં અને અજ્ઞાનમાં ૩૧૫-૩૧૬
–સ્વરૂપને મદદ કરીને દોરે છે ૩૮૬, ૩૭૪–૩૭૫
–શ્રદ્ધા અને ૪૨૭–૪૩૨
મૂળભૂત તત્ત્વો
–મૃત્યુનું સામ્રાજ્ય અને ૫૫
મૃત્યુ ૪૭–૪૮
–નો અસુર જુઓ: અસુરો,
–ના સમયે ચાર મહાન ચેતનાઓ
વધારામાં જુઓ મૃત્યુ પછી ૪૩૫–૪૩૭
–નું જગત ૫૪, ૫૫–૫૭
–વિરોધી બળો દ્વારા આસિત લોકોનું ૨૩૯–૨૪૦
મૃત્યુ પછી ૫૨, ૫૫–૫૭
મૃત્યુનું સામ્રાજ્ય (જગત) ૫૨, ૫૫–૫૭
મોસે આલ્ફ્રેડ ડી ૪
મૌન આત્મા ૩૫૧

ય

યાંત્રિક મન
-શારીરિક મન અને ૩૦૮–૩૦૯
યોગ
-ગુહ્યવાદ અને ૧૮૩–૧૮૪
-દુન્યવી સફળતા અને ૨૩૨
-નોકર અને સેવક ૨૫૯
-પ્રત્યાઘાત જુઓ : પ્રતિકાર
-માર્ગ માંથી ખસી જવું ૪૨૯–૪૩૨
જુઓ : મુશ્કેલીઓ
-શારીરિક પુરુષ અને ચૈત્ય પુરુષ
ની એકબીજાને મદદ ૪૩૫
-સાક્ષાત્કાર, સદીઓ સુધીનું
અનુસરણ કરેલું
યોગમાયા ૨૧૩–૨૧૪

ર

રચના (ઓ)
-ગરણીમાંથી સ્વચ્છ થઈને આવતી ૨૦૭
-મનોમય : જુઓ : મનોમય રચનાઓ ૫૫
-નો ઉછાળો અને ફરવું ૪૩–૪૪
સરખાવો : બલો આંદોલનો
-મૃત્યુના સામ્રાજ્યમાં વિરોધી
રચનાઓ ૫૫
-શરીર બહાર થતી મુલાકાત ૪૨
રમતો (લીલા)
-પ્રભુ માટે ૨૯–૩૦,૨૬૦
રસ
-ની તાલીમ ૮૩
સરખાવો : ઇન્દ્રિયોનું શિક્ષણ
રહસ્યવાદ ૧૮૪
રાજસિક આતુરતા ૩૧૭–૩૧૮
સરખાવો : અભીપ્સા, હિંસાથી
મિશ્રિત થયેલી
રાષ્ટ્રોનો સ્વામી
જુઓ અસુરો : ચાર મહાન
રુડયાર્ડ કિપ્લિંગ ૯૦
રૂપાંતર
-અસુરોનું (વિરોધી બળોનું) ૧૫૬–૧૬૯,
૨૩૮,૪૨૩,૪૨૪,૪૨૫
-પ્રાણનું ૧૯૭–૧૯૮
રૂપ (ઓ) (આકાર)
-નામ અને રૂપો અને વાસ્તવિકતા ૨૬
-માનવ વિચારો દ્વારા સર્જાતા ૨૩૦-૨૬૯
-માતાજીના ૨૬૭
-માટેની ઇન્દ્રિયનો વિકાસ ૮૫–૮૬
-ની સીમાઓ અને આરામ ૧૮૧
-બીજા દેવોના ૨૬૭–૨૬૯
રૉડિન ઑગસ્ટિન ૭૨–૭૩
રંગો
-માટે ઇન્દ્રિયોનો નિકાસ ૮૩–૮૪
જુઓ : ઇન્દ્રિયોની કેળવણી

લ

લીલા (પ્રભુની) ૨૬૦–૨૬૧

વ

વફાદારી ૧૭૭–૧૭૮
વાણી
-વિચારો અને ૨૧૫–૨૧૭,૩૬૪–૩૬૫
જુઓ : શબ્દો
વલણ
-અભ્યાસ અને પ્રગતિ ૧૫૦–૧૫૧
-રમતોમાં પ્રગતિ અને વલણ ૨૯-૩૦
-સંજોગોમાં પરિવર્તન
લાવી શકે ૧૨૧–૧૨૪

—સાચી ભાવનાનું જ્ઞાન ૩૩૦–૩૩૧
વહેમો
—રક્ષણ માટે વીંટીઓ
પહેરવી અને ૨૨૬–૨૨૭
વ્યક્તિગત ચેતનાઓ
—જુદાઈ અને ૯૮–૯૯
વ્યક્તિગત પ્રયત્ન
—જુઓ : પ્રયત્ન
વ્યક્તિત્વ
—પ્રાણજગતમાં ૨૫૦–૨૫૧
વ્યક્તિતા
—અહંથી મુકત થવું
અને ૨૪૯-૨૫૫-૩૨૨-૩૨૬
—નું સત્ય, જુઓ સ્વરૂપ, નું સત્ય
—સાચાં વ્યક્તિ ભાગ્યે જ
હોય ૧૦૫–૧૦૬
વ્યવહાર
—મૌખિક અને આંતરિક ૯૨–૯૩
વ્યવસ્થિતતા
—આશ્રમની
—ચેતના અને ૩૧૦
—ની ઇન્દ્રિયનો વિકાસ કરવો ૮૪–૮૭
—વિશ્વની ૨૭૬–૨૭૭
સરખાવો : વ્યવસ્થા
—સંજોગો ૧૭૦–૧૭૨, ૩૭૪–૩૭૫
વ્યય ૧૫૧–૧૫૨
વાસ્તવિકતા
—અનુભૂતિ અને ૩૫૩–૩૫૪
—ની સાથેનો સંપર્ક ૨૪–૩૭
વાચન
—અભીપ્સા અને આસકિત
તરફ ૧૭૦–૧૭૧
વિચાર (રો)
—ધ્યાન દરમ્યાન પ્રક્ષેપ થતાં
ચિત્રો ૩૬૬–૩૬૭,
—નું બજાર ૩૦૬
—મન અને ૨૯૮,૩૦૦–૩૦૨,
૩૦૪–૩૦૫
—વાણી અને ૩૬૪–૩૬૫
—શબ્દો અને ૨૧૫–૨૧૭
—શબ્દો અને; અને માતાજીને
પ્રશ્નો ૧૯૨–૧૯૪
—સત્ય અને ૩૪૭–૩૪૯
વિચાર શકિત
—શરીરના જુદા જુદા ભાગોમાં
એકાગ્ર થયેલી ૩૦૦–૩૦૨
૩૦૪–૩૦૫
વિભકતતા ૧૦૦
વિભાજન
—સર્જન અને ૨૬૬
વિભૂતિ ૨૬૬
વિરહ
—પ્રેમ અને ૯૮
વિરોધી બળો અને સત્ત્વો
—અસ્તિત્વ જગત વડે નિયમન
—અને પ્રાદુર્ભાવ ૨૩૮–૨૪૧,૪૨૧–૪૨૪
—પ્રાણના જીવાણુઓ ૧૮૫
—ભય અને ૫૦–૫૧–૫૨
—મૃત્યુનું સામ્રાજ્ય અને
વિરોધી બળો ૫૫
—મહાન સિદ્ધિઓ પહેલા સૌથી
વધારે સક્રિય ૨૩૨
સરખાવો : અસુરો, બલો, રચનાઓ
પ્રાણિક સત્ત્વો, પ્રાણમય તત્ત્વો

—માનવીઓ અને : માલિકી, અસર
વિશુદ્ધિ
—ઉપરમાંથી શરૂ કરવું ૧૭૫
વિષાદ
સરખાવો : મુશ્કીઓ ૩૩–૩૪
વિશ્વ
—છ વખત સર્જન થયું અને પ્રલય૧૬૭
—પ્રભુની લીલા તરીકે ૨૬૦–૨૬૧
—સ્થૂલ નિયતિ અને સ્વતંત્રતા અને ૨૭૬
વિશાળતા
—ની સાથે તદ્રુપતા સાધવાના રસ્તા ૩૩૪–૩૩૬
વિજ્ઞાન
—ગુહ્યવાદ અને ૩૯,૧૮૪
વિજ્ઞાનમય ભૂમિકા ૯૧
ચીંટીઓ
—રક્ષણ માટે પહેરાતી ૨૨૬–૨૨૭
વેદના આપવી ૭૦–૭૧
વૈશ્વિક ચેતના
—વિશે સભાન બનવું ૪૦૭–૪૦૮
વૈશ્વિક બલો
—વિકાસ પામેલો પ્રાણ અને ૮૦

શ

શક્તિઓ
—ગુહ્યવાદ માટે ૧૮૩-૧૮૪
—ની વૃદ્ધિ ૧૯–૨૦
—નો વ્યય ૧૫૧–૧૫૨
શક્યતાઓ
—આપણે મર્યાદાઓ મૂકીએ છીએ ૧૨૨
શબ્દ (પરમ) શબ્દો
—જરૂરિયાતો અને ૯૫–૯૬
—આદર્શો અને મૂળ શબ્દ અને ૯૬
—નો અર્થ ૧૩૧
—વિના વ્યવહાર ૯૧-૯૨
—વિચાર અને ૨૧૬-૨૧૭
—વિચાર અને માતાજીને પ્રશ્નો પૂછવા ૧૮૪-૧૯૬
જુઓ : ભાષા
—સંમતિથી સ્પષ્ટ અર્થ ૩૧૧-૩૧૨
શબ્દભંડોળ
—સમજપૂર્વકનું ટૂંકાણ ૩૧૧
શરીર
—અસુરો અને ૧૬૮–૧૬૯
—આજુબાજુની ગતિઓ, નો ઈન્કાર ૩૨૮
—આત્મપીડન ૧૭૭
—ઈન્દ્રિયોનું શિક્ષણ અને ૮૭–૮૯
—ચારિત્ર્ય અને ૧–૨
—તપ અને ૭૦–૭૧
—દારૂ પીવો, ધૂમ્રપાન અને ૭૪–૭૬
—નું રૂપાંતર, શારીરિક જ્ઞાન અને ૧૦૭–૧૦૯
—પૂર્ણતા માટે સૌથી વધારે શક્તિમાન ૧૧૨
—પ્રાચીન આધ્યાત્મિક સિદ્ધાંતો અને ૬૪
—ફરી પ્રવેશ ૫૩-૫૪,૫૫
—બુદ્ધિ અને ૩—૪
મૃત્યુ અને ૫૪
—માંદગીને યાદ રાખે છે ૩૫૬–૩૫૮
—માંથી બહાર નીકળવું ૪૦-૫૦-૫૨-૧૮૫-૧૮૬
—માતાજીનું ૨૯૩–૨૯૫

–રૂપાંતર; અને માતાજીનું આનંદનું પાસું ૨૮૪–૨૯૩–૨૯૫
–વિરોધી બળોનો કબજો ૪૨૧–૪૨૩
–વ્યક્તિતા અને ૨૫૧-૨૫૨,૨૫૩-૨૫૪
–સહજ અભીપ્સા ૧૩૫–૧૩૭
–શ્રદ્ધા અને ૧૨૧—૧૨૨
–સૂક્ષ્મ ૪૦–૪૧

શરીર ચેતના
–ચૈતસિક પુરુષ અને ૪૩૪-૪૩૫
–નું રૂપાંતર ૧૦૮–૧૦૯
–પ્રભુ પ્રત્યે ખુલ્લા થવું ૩૭૬–૩૭૭
–મન અને પ્રાણનો પ્રક્ષેપ ૧૩૭–૧૩૮
–સમગ્ર બને છે ૧૧૧

શંકા
–ગ્રહણશીલતા અને ૩૯૧
–નું સેવન ૧૧૯
–શારીરિક મન અને ૨૧૭–૨૧૮

શ્રદ્ધા
–કે બધું ઉત્તમ બને છે ૩૩૯
–ને માટે અભીપ્સા ૩૮૨
–ની સાપેક્ષતા ૩૪૬–૩૪૭
–યોગનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ૪૨૭–૪૨૯
–વિશ્વાસ અને ૩૯૦–૩૯૧

શાંતિ ૩૦૩–૩૦૪
–હકારાત્મક અને નકારાત્મક ૩૫૧
જુઓ : માનસિક શાંતિ, મૌન

શાંતિ
—ઉપરથી આવતી ૩૧૮–૩૧૯
—સંગીત અને ૩૭૦

શારીરિક ચેતના
—ચૈતસિક અસર નીચે ૪૦
—નું પરિવર્તન ૧૦૭–૧૦૯
–પ્રભુ પ્રત્યે ખુલ્લાપણું ૩૭૬–૩૭૭
–પ્રાચીન આધ્યાત્મિક સિદ્ધાંતો અને ૬૪

શારીરિક જીવન
–ની વ્યવસ્થા ૧૩–૧૬

શારીરિક ટેવો ૧૫૪, ૧૫૮

શારીરિક મન
—પ્રેમ અને ૧૦૪–૧૦૬
—યાંત્રિક મન અને ૩૦૮–૩૦૯

સરખાવો : સ્વરૂપના ભાગો.
–વ્યક્તિતા અને ૨૫૦–૨૫૧
–શંકા અને ૨૧૭–૨૧૮

શારીરિક નિર્માણ(નિયતિ) ૪૯,૫૦,૫૧,૫૨

શારીરિક રૂપાંતર ૪૮, ૧૦૭, ૧૦૯

શારીરિક (સ્થૂલ)
—ચૈતસિક અને–અને પ્રાણિક અને મનોમય ૫–૬

શિથિલ નાડીતંત્ર
—નાં કારણો ૭૬

શિસ્ત (શિસ્તો)
–અભિમાન અને ૨૯૩

શિક્ષણ (બોધ)
—આશ્રમમાં ૪૧૯
—ઇન્દ્રિયો અને ૭૮-૭૯, ૮૧–૮૯
—કામનાઓ અને ૩૯૯-૪૦૧
–તરફ વલણ ૧૫૦-૧૫૧
–નાનપણમાં વધારે સરળ ૧૪૭-૧૪૮-૧૪૯
–મારફતે વ્યક્તિત્વનો વિકાસ ૨૫૪-૨૫૫
–વિશિષ્ટતા (નિષ્ણાતપણું) અને ૧૯–૨૧

શુદ્ધ આસક્તિ
–પ્રેમ અને ૧૩૧

સ

સક્રિયતા
–અને નિષ્ક્રિયતા ૧૦૯–૧૧૨
સચ્ચાઈ
–અભીપ્સા અને પ્રભુકૃપા દ્વારા ફરજ પડાતી ૧૭૨
–ની કક્ષાઓ ૩૮૫–૩૮૬
–પવિત્રતા અને ૪૨૫–૪૨૭
–પૂર્ણ ૧૨૯–૧૩૦
–પ્રતિરોધ અને ૧૧૫
–મહત્ત્વાકાંક્ષા અને સફળતા ૨૩૦
–મુશ્કેલીઓનો સામનો કરવો ૩૧૩–૩૧૬
–માતાજીને વસ્તુઓ વિશે જાણ કરવી અને ૧૯૨
–મુશ્કેલીઓને તકમાં ફેરવવી ૨૩૪–૨૩૬
જુઓ : બિનસચ્ચાઈ
–વેદના અને ૧૪૩
–સુખ અને ૨૦૮–૨૦૯
–સાહજિક ૩૮૯
–સમર્પણ અને ૨૦૪
સદ્‌ગુણો
–અહંકારથી પર એકત્રિત ૧૭૭–૧૭૮
સર્જન
–માટે ખાસ કારણ ૧૦૨–૧૦૩
–વિભાજન અને ૨૬૬
–સાત સર્જનો ૧૬૭
સમજૂતીની સાપેક્ષતા ૩૪૭–૩૪૯
સમતુલા
–ઉપર આ સર્જનનો પાયો ૧૬૭–૧૬૯
–પ્રગતિ અને ૧૭૫
સમય
–માનવમાપ અને દિવ્ય બલોનો
–માતાજીનો ફૂલોનો ઉપયોગ અને ૨૩૭
સમર્પણ
–પૂર્ણ ૧૨૬,૧૨૯–૧૩૦
–શબ્દપ્રયોગ ૨૨૦–૨૨૧
સરખાવો : અર્પણ
–સક્રિય અને નિષ્ક્રિય ૧૨૬,૨૦૩–૨૦૪
સલી, પ્રોછોમ રેન ક્રેન્કોઈઝ આરમન્ડ ૪
સહાનુભૂતિ ૧૪૧–૧૪૨
સાક્ષી ૩૫૦
–સ્વરૂપના બધા ભાગોમાં ૪૦૩
સંકલ્પ શક્તિ
–અહંની ગ્રંથિ કાપવા માટે ૩૭૮–૩૭૯
–અહંમાંથી બહાર નીકળવું ૧૩૪
–અંગત અને પ્રભુનો, અને સામાજિક સંબંધો ૩૫૭–૩૬૨
–કામના અને ૩૯૮–૩૯૯
–કેન્દ્રવર્તી ૪૦૮
–ને મજબૂત કરવી ૩૭૯
–પ્રભુની સાથે સંલગ્નતા ૪૨૫–૪૨૭
–પ્રભુ; પૂર્ણ સચ્ચાઈ અને ૩૮૬
–મક્કમ નિશ્ચય માટે ૩૩૬–૩૩૮
–મુક્ત સંકલ્પ જુઓ નિયતિ અને મુક્ત
–માનવ અને પ્રભુનો ૪૪૨–૪૪૪, ૪૪૫–૪૪૬, ૪૪૬–૪૪૮
–વ્યક્તિના અહંને ગુમાવવો ૪૯
–વાતાવરણની ગતિઓનો ઈન્કાર કરવો ૩૨૯
–શાંતિ માટે ૩૦૩–૩૦૪

સાંગીત ૩૬૮-૩૭૩
સંબંધો
–પ્રભુ પ્રત્યે ગ્રહણશીલતા
અને ૧૬૪-૧૬૫, ૨૦૭-૨૦૮
–માતાજીની ચેતનામાં પ્રવેશ ૪૧૧-૪૧૨
–વ્યક્તિગત સંકલ્પ અને પ્રભુનો
સંકલ્પ અને ૩૫૮-૩૬૨
સાંપ્રદાય
–છોડી દેવો ૩૪૮-૩૪૯
સંવાદ
–ની ભાવનાની વૃદ્ધિ કરવી ૮૫-૮૭
સંસ્કૃતિ
–માનસિક કાબૂ અને ૩૦૭-૩૦૮
સાંકેતિક સ્વપ્નાંઓ ૧૪૦-૧૪૧,૧૪૪
સાધના
–કુટુંબ અને ૨૮૭-૨૮૮
–નિવેદન જુઓ : સમર્પણ
–પ્રગતિ જુઓ : પ્રગતિ
–મુશ્કેલીઓ જુઓ : મુશ્કેલીઓ
–મહત્ત્વાકાંક્ષા અને ૨૩૦
–યોગના માર્ગને છોડી દેવો ૪૨૭-૪૩૦
–સામાજિક સંબંધો અને ૧૪૯-૧૫૦
સામાજિક રૂઢિઓ
–શુદ્ધિ અને ૪૨૭-૪૨૮
સામાજિક સંબંધો
–જુઓ : સંબંધો
સુખ
–સચ્ચાઈ અને ૨૦૮-૨૦૯
સુગંધ
–ની કેળવણી લેવી ૮૩
સરખાવો : ઈન્દ્રિયોનું શિક્ષણ
સૂક્ષ્મ ઈન્દ્રિય ૩૯-૪૦
સૂક્ષ્મ શરીર ૩૯-૪૦
સૂક્ષ્મ શારીરિક
–માતાજીનો અનુભવ ૧૮૧-૧૮૨
સૌંદર્ય
–ની ભાવના અને ક્રૂરતા ૭૧-૭૨
સ્થિરતા
–માટે પુકાર ૩૬૬
સ્મૃતિ ૨૧-૨૩
–શરીરની ૩૫૬-૩૫૮
સ્થૂલ તત્ત્વ (ભૌતિક)
–પ્રભુ સાથેનો ચૈતસિક સંપર્ક ૧૫૬-૧૫૭
–પ્રેમ અને ૧૦૦-૧૦૧
–મનનો પદાર્થ અને ૨૯૭-૨૯૮
–શબ્દ અને ૯૬-૯૭
–હાર્દમાં રહેલ ગુપ્ત શક્તિનો
ભંડાર ૨૦૩
સ્થૂલ પ્રાણ ૫૫-૫૬
–મૃત્યુ અને ૫૫-૫૬
જુઓ : નિમ્ન પ્રાણ-જગત, પ્રવેશ
–ની સાથે માતાજીનો અનુભવ ૧૮૧-૧૮૨
–વિરમપટ્ટનમની કાલી અને ૬૭-૬૮
સ્ત્રીત્વ
–અને પુરુષત્વ ૧૧૬-૧૧૭
સ્વરૂપ
–ના ભાગો : ઉર્ધ્વતર વિશે સભાન
બનવું ૪૦૮-૪૧૦
–ના ભાગો : કેટલાક ખુલ્લા,
કેટલાક ચેતનાને ઢાંકે ૩૮૨
–ના ભાગો : બધાના સાક્ષીઓ
હોય છે ૪૧૩
–ના ભાગો ૩૦૬-૩૦૭
–ના ભાગો : સહમતિ અને ૧૨૫-૧૩૦

—ના ભાગો : નું સમર્પણ ૨૧૩–૨૧૪
—ના ભાગો : જુઓ નિમ્નતર સ્વરૂપ
મન, ચૈત્યપુરુષ, પ્રાણમય પુરુષ
—નું સત્ય : ૨૮ ૨૯
—નું સત્ય: નું માતાજીનું જ્ઞાન ૧૬૦-૧૬૧
—નું સત્ય : વિકૃતિ ૧૬૨
—નું સત્ય : સરખાવો, સાચું સ્વરૂપ
સ્વરૂપનું સત્ય
—બાર (આંકડો) ૩૮૩
—માતાજીનું જ્ઞાન ૧૬૦–૧૬૧
—વિકૃતિ ૧૬૧–૧૬૩
શ્વેત ત્રુટિ
—અને શિક્ષણ ૪૦૨–૪૦૩
—અને આશ્રમમાં શિક્ષણ ૪૧૭–૪૧૮
—સાચા આંતર સ્વરૂપમાં અનુભવવી ૩૬૩
—અને સામાજિક રૂઢિઓ અને
પવિત્રતા ૪૨૬–૪૨૮
સ્વપ્નાંઓ ૧૩૯–૧૪૬
—ભીતિ અને ૧૮૬
—મૃત્યુ પછીનો અનુભવ અને
હોજરીની અવ્યવસ્થા અને ૭૪
સ્વયંસંચાલિત યંત્ર ૨૦૫
સ્વાર્થ
—અહંકાર અને ૨૪૬–૨૪૮

હ

હનુમાન
—પ્રાર્થના અને ૧૯૪
હૃદય
—માં એકાગ્રતા ૩૭૭
હિંસા
—કાયમની નબળાઈની નિશાની ૩૬૧–૩૬૨
હોજરી
—સ્વપ્નાંઓ અને ૭૪

જ્ઞ

જ્ઞાન
—અદશ્ય બળોનું જુઓ ગુહ્યવાદ
—અનુભૂતિ માટે માનસિક
તૈયારી ૩૪૦–૩૪૧
—આપણે અહીં શીખવવા માટે છીએ ૧૬
કુંડલિની ૭૭–૭૮
—તદ્રૂપતા દ્વારા ૪૧૧–૪૧૨
—દર્દ અને ૨૭૯–૨૮૧
—નાનપણમાં શિક્ષણ અને
૧૪૭–૧૪૮, ૧૪૯
—ની સાપેક્ષતા ૩૪૮–૩૪૯
—બીજાઓને અસર કરવા માટેની
જરૂર ૩૪૮–૩૪૯
—ભીતિ અને ૫૧–૫૨
—માતાજીનું ૧૬૦–૧૬૧,૧૯૧–૧૯૨
—વ્યક્તિગત પ્રયત્ન અને ૨૧૯
—શરીરની જરૂરિયાતનું ૩૭–૩૮
—શરીર માટેનું ૧૦૮–૧૦૯